॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી શિક્ષાપત્રી ભાષ્ય

## शतानंदविरचिताऽर्थदीपिकाख्या टीका

वाणी मङ्गलरुपिणी च हसितं यस्याखिलं मङ्गलम् नेत्रे मङ्गलदे च दोर्विलसितं नृणां परं मङ्गलम् ।
वक्त्रं मङ्गलकृच्च पादचलितं यस्याखिलं मङ्गलम् सोऽयं मङ्गलमूर्तिरासु जगतो नित्यात्र क्रियात्र मङ्गलम् ॥

અક્ષરધામાધિપતિ, પરબ્રહ્મ, પરમાત્મા, સર્વનિયંતા, સર્વાવતારી, પુરૂષોત્તમનારાયણનું દિવ્ય સ્વરૂપ સદા સર્વકાર્યોમાં મંગલ કરનારૂં છે. જેનું સ્મરણમાત્ર પણ સર્વેપ્રકારે અમંગળને નષ્ટ કરનારૂં છે. જેની વાણી મંગળરૂપ છે. જેનું હસવું, નેત્રનોકટાક્ષ, હાથનું લટકું, મુખકમળ, ચરણનું વિચરણ આદિ સર્વે મંગળરૂપ જ છે. એવા મહાપ્રભુ શ્રીહરિ આ પૃથ્વીને વિષે અતિ પૂન્ય પવિત્ર અક્ષરધામ તુલ્ય છપૈયાને વિષે પ્રગટ થયા ને આખા વિશ્વનું કલ્યાણ કરવા પાદુર્ભાવ પામીને, અનંત જીવાત્માઓને પોતાનું અવિનાશી પદ પમાડવા માટે અત્યંત કરૂણા કરેલી છે. મુમુક્ષુ મોક્ષભાગી જીવાત્માઓનાં આત્યંતિક કલ્યાણ માટે “યાવત્યન્દ્ર દિવાકરૌ” સુધીનો વિચાર કરીને પોતાના હૃદયગત અભિપ્રાયો સ્વમુખ વાણીરૂપે પ્રગટ કરેલ છે.

પૂર્વ અવતારમાં વાસુદેવ જે શ્રીકૃષ્ણરૂપે પ્રગટ થઈને જેમ ભગવદ્ગીતાનો ઉપદેશ અર્જુનને નિમિત્ત બનાવીને આપ્યો, તેમ આ ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વહસ્તે વાઙ્મય સ્વરૂપે પ્રગટ થઈને વેદો, પુરાણો, ઉપનિષદો, મહાભારત આદિ સર્વે શાસ્ત્રોમાંથી ઉધ્ધાર કરીને અમૃતમય ઘી સ્વરૂપે આ નાની એવી શિક્ષાપત્રી આપી છે. ફક્ત ૨૧૨ શ્લોકમાં રહેલું અમૃતને પચાવવા માટે શ્રીજીના જમણાહાથરૂપ લહીયા આર્ષદષ્ટા, મહામુનિ શતાનંદજી મહર્ષિએ તેના ઉપર અર્થદિપીકા ટિકા રચીને શ્રીજીમહારાજના આશ્રિત સત્સંગીઓને પીરસ્યું છે.

આ શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે રહેનારો વર્ગ આલોક અને પરલોકને વિષે મહાસુખને પામશે એવા પરબ્રહ્મ પુરૂષોત્તમનારાયણે આશીર્વાદ આપેલા છે. આજ્ઞાથી વિરૂધ્ધ વર્તનારાઓ બન્ને લોકને વિષે મહાકષ્ટને પામશે એવી ફળશ્રુતિ પણ બતાવેલી છે. જેથી માતા તુલ્ય આ શિક્ષાપત્રીની આજ્ઞા આશ્રિતજનો માટે સેવન કરવા યોગ્ય હોવાથી અને અક્ષરધામની પ્રાપ્તિરૂપ ફળ આપનારી હોવાથી આજ્ઞા પ્રમાણે વર્તવાની સાવધાની આશ્રિત ભક્તોએ અવશ્ય રાખવી જોઈએ.

મહામુનિ શતાનંદ મહર્ષિએ જે આ શિક્ષાપત્રી ઉપર વિસ્તાર કરેલો છે તેનું “અર્થદીપિકા ટીકા” એવું નામાભિધાન આપ્યું છે. આવા મહાન ગ્રંથને સમજવા માટે સત્સંગની જરૂર હોય છે. સત્પુરૂષોના પ્રસંગ વિના સમજવો કઠીન છે. વળી આજના યુગ પ્રમાણે અલ્પ બુધ્ધિવાળા (શાસ્ત્રદષ્ટિએ) જીવાત્માઓને સમજવા માટે અને વળી ઓછા સમયમાં વધું સમજવા માટે વિદ્વાન સંતોએ કથા પ્રસંગના માધ્યમથી સહેજે સમજી શકાય તેવી શિક્ષાપત્રીની આજ્ઞાઓ સમજાવવાના પ્રયત્નો કરેલા છે.

તેવી જ રીતે આપણા ભુજ મંદિરમાંથી અ.નિ. સ.ગુ. સ્વામી ધર્મકિશોર દાસજીના શિષ્ય અ.નિ. શાસ્ત્રી સ્વામી શ્રીરંગ દાસજી અને તેમના કૃપાપાત્ર શિષ્ય શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વર દાસજી ભુજ મંદિરના એક શ્રેષ્ઠ વિદ્વાન શાસ્ત્રી છે. જેઓની ઉંમર નાની છે છતાં પણ શ્રીજીમહારાજની અને ગુરૂ તથા સંતોની કૃપાથી તેમને વિષે સારી વિદ્વત્તા રહેલી છે. તેઓએ કર્ણાટક રાજ્યના મેલકોટા મુકામે ચાર વર્ષ અભ્યાસ કરીને આચાર્ય ની ડીગ્રી પ્રાપ્ત કરેલી છે. શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વર દાસજીએ શિક્ષાપત્રી ભાષ્યની સો થી પણ વધુ કથા પારાયણો કરીને સત્સંગી ભક્તોને અમૃતપાન કરાવેલું છે. જેઓએ તેમના મુખેથી કથા સાંભળેલી છે તેઓને વારંવાર સાંભળવાની ઈચ્છા થતી રહે છે. તેથી કેટલાક ભક્તો કેસેટ દ્વારા સાંભળતા રહે છે. આમ છતાં સત્સંગીઓની અતિશય માંગણી હોવાથી આ શિભાપત્રીની કથા પુસ્તકરૂપે પ્રગટ કરવા અમો આજ્ઞા આપી ત્યારે ભક્તો બહુ રાજી થયા. તેથી આ શિક્ષાપત્રીનું નામ **શિક્ષાપત્રી ભાષ્ય** રાખીને ભુજ મંદિરમાંથી પહેલી વહેલી જ અમો બહાર પાળીએ છીએ. આમાં આપણા ગુરૂવર્ય આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા મેળવેલ છે. તેઓ પણ આવા સત્સંગ સાહિત્ય છપાય અને જીવાત્માઓ સમજીને મોક્ષને માર્ગે ચાલે અને શ્રીજીમહારાજને રાજી કરે એવા આશયથી તેઓ પણ ખૂબ જ રાજી થયા છે.

ઘોર કળીકાળમાં ભટકતા લોકોને આ ગ્રંથ અતિશય સુખીયા કરે એવો છે. મુમુક્ષુ શ્રીહરિના આશ્રિત ભક્તજનો આનું વાંચન કરીને સારૂં એવું શ્રીહરિના વાંઙ્મય સ્વરૂપનું જ્ઞાન સંપાદન કરીને કૃતાર્થતા અનુભવશે. આ ગ્રંથ સહુ પોતાના ઘેર વસાવે એવી આજ્ઞા સ્વીકારશો.

બીજુ આ ગ્રંથ છપાવવામાં શાસ્ત્રી માવજી ભગત તથા બળદેવ સ્વામીએ કોમ્પ્યુટરમાં છાપીને ઉમંગથી સેવા આપી છે તથા પ્રુફ સંશોધનનું કાર્ય ખૂબ ખંતથી પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપ દાસજીએ કરેલું છે. છતાં પણ કોઈ ભૂલચૂક રહી ગઈ હોય તો તેનો નીર - ક્ષીર ન્યાયે જોઈને સુધારી વાંચવા પ્રયત્ન કરવો.

લી. મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપ દાસજી

## ॥ આ ગ્રંથનું ગૌરવ ॥

જેમ ભગવદ્‌ગીતા સર્વે વેદો તથા વેદાન્તોના એક સારરૂપ છે, તેમ આ શિક્ષાપત્રી ગ્રંથ, સર્વે ધર્મશાસ્ત્રોના એક સારરૂપ છે. જેમ મધમાખી અનેક પુષ્પોમાંથી સાર ગ્રહણ કરીને એકત્રિત કરે છે, તેમ શ્રીજીમહારાજે અનેક ધર્મશાસ્ત્રોરૂપી પુષ્પોમાંથી સાર ગ્રહણ કરીને આ શિક્ષાપત્રીમાં એકત્રિત કરેલો છે.

શ્રીજી મહારાજે વિચાર કર્યો કે- કળીયુગમાં મનુષ્યની આયુષ્ય બહુજ ટુંકી હોય છે. અને તેમાં પણ સંસાર સંબંધી વ્યવહારિક કાર્યોમાં અને નિદ્રામાંજ આયુષ્યનો મોટો ભાગ વ્યતીત થતો હોય છે. અને વળી કળીયુગમાં મનુષ્યોની સારગ્રાહી બુદ્ધિ પણ હોતી નથી, તેથી મનુષ્ય સર્વે ધર્મશાસ્ત્રોનું મંથન કરીને જાતે ધર્મ અને અધર્મનો નિર્ણય કરી શકશે નહિ. આ રીતે વિચારીને શ્રીજીમહારાજે પોતે જ સર્વ જીવોના કલ્યાણને માટે સર્વે ધર્મશાસ્ત્રોનો સાર ગ્રહણ કરીને પોતાના આશ્રિત ભક્તજનોને એ સાર, શિક્ષાપત્રી રૂપે સમર્પિત કરેલો છે.

શ્રુતિ જેમ જગત જનની કહેવાય છે, અર્થાત્ શ્રુતિ જેમ માતાની પેઠે હમેશાં જગતનું હિત જ કહે છે, અહિત તો ક્યારેય પણ કહેતી નથી. તેમ આ શિક્ષાપત્રી પણ સર્વ જીવપ્રાણીમાત્રની માતા છે. માતા જેમ પોતાના બાળકને નાની મોટી સર્વે ક્રિયાઓ શીખવાડે છે, તેમ આ શિક્ષાપત્રી સર્વે સત્સંગીઓને ક્યારે ઉઠવું, કેવી રીતે દાતણ કરવું, કેવી રીતે મળમૂત્રનો ત્યાગ કરવો, કેવી રીતે સ્નાન કરવું, ઈત્યાદિક તમામ નાની મોટી ક્રિયાઓ શીખવાડે છે. અને માતાની પેઠે હમેશાં જગતનું હિત જ કહેનારી છે. એજ કારણથી આ શિક્ષાપત્રીને (सर्वजीवहितावहः) સર્વ જીવોનું હિત કરનારી કહેલી છે.

અને વળી જેમ વેદોનો ભગવાનના મુખ થકી આવિર્ભાવ થયો છે, તેમ આ શિક્ષાપત્રીનો પણ ભગવાન દ્વારા જ આવિર્ભાવ થયો છે. અને વળી ભગવાને પોતે જ કહેલું છે કે- આ મારી વાણી એ મારૂં જ સ્વરૂપ છે. માટે વેદસ્વરૂપ આ શિક્ષાપત્રી ગ્રંથ ભગવાનનું સાક્ષાત્ મૂર્તિમાન સ્વરૂપ છે. અને આ શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકની અંદર સમગ્ર ધર્મશાસ્ત્રોના રહસ્યનો સમાવેશ કરેલો છે. માટે આ શિક્ષાપત્રી સર્વોપરી અને સર્વોત્તમ ગ્રંથ છે.

## ધર્મનું મહત્વ.

धरति इति धर्मः વિશ્વને ધારણ કરે તેને કહેવાય ધર્મ. કોઈ પણ રૂપે ધર્મ વિશ્વને ધારણ કરે છે. મનુષ્યોને સદાચારના રૂપમાં ધર્મ ધારણ કરે છે. જો મનુષ્યોની અંદર અહિંસાદિક સદાચાર ન હોય તો મનુષ્યો હિંસા, ચોરી, લુંટ, ફાટ ઈત્યાદિકે કરીને છિન્ન ભિન્ન થઈ જાય, માટે અહિંસાદિક સદાચાર રૂપે ધર્મ મનુષ્યોને હમેશાં ધારણ કરી રહ્યો છે.

કોઈપણ નાની મોટી સંસ્થાઓ હોય તેને ધર્મ સંસ્થાકીય બંધારણરૂપે ધારણ કરે છે. કોઈપણ સંસ્થાનાં જો સંસ્થાકીય બંધારણો ન હોય, તો એ સંસ્થાના સંચાલકો ઉચ્છૃંખલ બની જાય, અને સંસ્થા વ્યવસ્થિત ચાલી શકે નહિ. અને વળી આ રાષ્ટ્રો છે તેના પણ કાયદા હોય છે. અર્થાત્ રાજકીય બંધારણો હોય છે. તો ધર્મ એ કાયદારૂપે રાષ્ટ્રોને ધારણ કરે છે. જો રાષ્ટ્રોના કાયદા ન હોય તો પ્રજા અને પ્રધાનો ઉચ્છૃંખલ બની જાય, અને ચોરી, હિંસા, અનાચાર, બળાત્કાર ઈત્યાદિકે કરીને દેશની સર્વે પ્રજા છિન્ન ભિન્ન થઈ જાય. આ રીતે કોઈને કોઈ રૂપમાં ધર્મ સંપૂર્ણ વિશ્વને ધારણ કરે છે.

અને વળી ધર્મ મનુષ્યને સાચા અર્થમાં માનવ બનતાં શીખવાડે છે. ધર્મ મનુષ્યોમાં પરસ્પર વિશ્વાસ ઉત્પન્ન કરે છે. કારણ કે ધર્મનિષ્ઠ મનુષ્યનો બધા વિશ્વાસ કરે છે, પણ અધર્મીનો કોઈપણ વિશ્વાસ કરતું નથી. ધર્મ મનુષ્યને વિવેકી અને સંયમી બનાવે છે. ધર્મ વિના તો કોઈપણ સાધનોની કે મંત્રોની સિદ્ધિ થતી નથી. માટે જ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ચાર ભગવાનને પામવાનાં મુખ્ય સાધનો પ્રતિપાદન કરેલાં છે. તેમાં ધર્મને પ્રાથમિક સ્થાન પ્રાપ્ત થયેલું છે.

## અનુજ્ઞા અને આદેશ.

આજ્ઞાઓ બે પ્રકારની હોય છે- એક અનુજ્ઞા અને બીજો આદેશ. તેમાં અનુજ્ઞા વૈકલ્પિક હોય છે. જેમ કે- એકાદશીને દિવસે ઉપવાસ કરવો એ અનુજ્ઞા છે, એમાં વિકલ્પ રહ્યો છે કે જો ઉપવાસ ન થઈ શકે તો ફળાહાર કરી લેવું. અને ગમે તેમ હોય તો પણ એકાદશીનું વ્રત તો કોઈ પણ રીતે કરવું જ, એ આદેશ છે. આદેશમાં બાંધ છોડ હોતી નથી, પણ અનુજ્ઞામાં બાંધછોડ હોય છે.

આ શિક્ષાપત્રી ગ્રંથ એક આદેશ ગ્રંથ છે. આ શિક્ષાપત્રીમાં રહેલા તમામ આદેશો શિરોમાન્ય અને અવશ્ય સ્વીકાર્ય છે. કેટલાક લોકો સંકુચિત બુદ્ધિથી પ્રેરાઈને એવું કહેતા હોય છે કે, શ્રીજીમહારાજે રાધાકૃષ્ણાદિક દેવોની મૂર્તિઓ પધરાવેલી છે, એ તો પરોક્ષના જનોને આ સંપ્રદાયમાં ખેંચવા માટે પધરાવેલી છે. માટે એ આપણા માટે ઉપાસ્ય નથી. આ રીતે આ શિક્ષાપત્રીરૂપી આદેશ ગ્રંથની અંદર બાંધછોડ કરતા હોય છે. પણ આ આદેશ ગ્રંથની અંદર કોઈપણ જાતની બાંધછોડ થઈ શકે નહિ. અને વળી કેટલાક લોકો એવું કહેતા હોય છે કે, શ્રીમદ્ભાગવતાદિક આઠ સચ્છાસ્ત્રો શ્રીજીમહારાજને ઈષ્ટ છે, પણ શિરોમાન્ય નથી. આ રીતની બાંધ છોડ આ શિક્ષાપત્રી ગ્રંથની અંદર થતી હોય છે. પણ આપત્કાળ સિવાય આ ગ્રંથની અંદર કોઈપણ જાતની બાંધછોડ આપવામાં આવી નથી. અને જો કરે છે તો આ ગ્રંથનો અનાદર છે. જેમ ન્યાયાલયનો આદેશ શિરોમાન્ય અને અવશ્ય સ્વીકાર્ય હોય છે, છતાં જો કોઈ એ આદેશનો અનાદર કરે તો એમને રાજકીય દંડ આપવામાં

આવે છે. તેમ આ શિક્ષાપત્રીના આદેશનો કોઇ પણ પુરૂષ અનાદર કરે છે, તો તેને અવશ્ય પારમેશ્વરી દંડ મળે જ છે. કદાચ રાજકીય દંડથી પુરૂષ પોતાની બુદ્ધિના બળે છટકી શકે છે. પણ પારમેશ્વરી દંડથી કોઇ પણ પુરૂષો પોતાની બુદ્ધિના બળે ક્યારેય પણ છટકી શકતા નથી. કારણ કે પરમાત્મા તો હૃદયમાં બેસીને પ્રાણીમાત્રની બુદ્ધિને પકડી રાખે છે.

## મંગલાચરણ.

કોઈપણ ધાર્મિક કે સામાજીક કાર્યના પ્રારંભમાં અવશ્ય પોતાના ઈષ્ટદેવને સંભારવા જોઈએ, આવી પ્રાચીન પરંપરા છે, અને શિષ્ટ પુરૂષોનો આચાર છે. અને જે ગ્રંથની આદિમાં, મધ્યમાં અને અંતમાં જો પોતાના ઈષ્ટદેવને યાદ કરીને મંગલાચરણ કરવામાં આવે છે, તો એ ગ્રંથ મોટી પ્રસિદ્ધિને પામે છે, આવી પ્રાચીન પરંપરાને, અને શિષ્ટાચારને અનુસરીને શ્રીજીમહારાજે આ શિક્ષાપત્રીનો પ્રારંભ કરતાં સ્વસ્વરૂપનું સ્મરણ કરેલું છે.

**वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि । वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥१॥**

જેના ડાબા પડખામાં રાધિકાજી રહ્યાં છે, અને જેના વક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યાં છે, અને વૃન્દાવનમાં વિહાર કરનારા એવા શ્રીકૃષ્ણનું હું હૃદયમાં ધ્યાન કરૂં છું.

સામાન્યપણે મંગલાચરણ કરવાથી વિઘ્નોનો નાશ થાય છે, અને વિઘ્નોનો નાશ થવાથી ગ્રંથની નિર્વિઘ્નપણે સમાપ્તિ થાય છે. આ રીતે નિર્વિઘ્નપણે ગ્રંથની સમાપ્તિ થવી એ મંગલાચરણનું ફળ શાસ્ત્રોએ બતાવેલું છે. અર્થાત્ મંગલાચરણ કરવાથી કર્મજન્ય જે અંતરાયો હોય, એ નિર્બળ બને છે, તેથી વિઘ્ન કરવા સમર્થ થઈ શકતા નથી.

હવે અહીં એવી એક શંકા ઉપસ્થિત થાય છે કે, કર્મજન્ય અંતરાયો તો કર્માધીન જીવાત્માઓની અંદર હોય છે. પરમાત્મા તો કર્મને આધીન થઈને જન્મ ધારણ કરતા નથી, પરમાત્મા પોતે સ્વતંત્ર છે. માટે કર્મજન્ય અંતરાયો પરમાત્માનો સ્પર્શ કરી શકે જ નહિ. તો પછી પરમાત્માને મંગલાચરણ કરવાનું શું પ્રયોજન છે ? માટે શ્રીજીમહારાજે કરેલું આ મંગલાચરણ નિષ્ફળ હોય એમ જણાય છે, એવી શંકા છે.

આ શંકાનું સમાધાન કરતાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- प्रयोजनं विना तु मंदोऽपि न प्रवर्तते ॥इति॥ પ્રયોજન વિના તો મૂર્ખ પુરૂષની પણ કોઈ કાર્યમાં પ્રવૃત્તિ થતી નથી, તો સાક્ષાત્ ઈશ્વરની પ્રયોજન વિનાની પ્રવૃત્તિ ક્યાંથી હોય ? ન જ હોય. तस्मादिदं मङ्गलाचरणं मनुष्यलीलया लोकावबोधनायैव ॥इति॥ માટે આ શ્રીજીમહારાજે કરેલા મંગલાચરણમાં તો બીજા મનુષ્યોને શિક્ષણ આપવારૂપ પ્રયોજન છુપાયેલું છે. શ્રીજીમહારાજે પોતાના દૃષ્ટાંતથી બીજા મનુષ્યોને શિક્ષણ આપેલું છે કે, કોઈપણ કાર્યના પ્રારંભમાં અવશ્ય પોતાના ઈષ્ટદેવને યાદ કરવા જોઈએ. માટે શ્રીજીમહારાજે કરેલું મંગલાચરણ નિષ્ફળ નથી, સફળ જ છે.

હવે શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી પહેલા શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- જે શ્રીકૃષ્ણના ડાબા ભાગમાં રાધિકાજી ઉભેલાં છે. "ઉભેલાં છે" આમ કહ્યું તેથી રાધિકાજીનો સેવાધર્મ બતાવેલો છે, નહિ તો બેઠેલાં છે એમ કહેવું જોઈએ. ઉભેલાં છે આમ કહ્યું તેથી પૂજાને યોગ્ય હાર, ચંદનાદિક ઉપચારોનું પાત્ર હાથમાં લઈને રાધાજી શ્રીકૃષ્ણની સેવામાં ખબડદાર થઈને હાજર રહેલાં છે, આવો ભાવ સૂચવેલો છે.

અને વળી જે શ્રીકૃષ્ણના વક્ષઃસ્થલમાં લક્ષ્મીજી રહ્યાં છે. "श्रयति हरिम्" इति श्रीः ॥ હમેશાં જે ભગવાનનો જ આશ્રય કરીને રહે, તેને કહેવાય લક્ષ્મી, આવી લક્ષ્મી શબ્દની વ્યુત્પત્તિ છે. અર્થાત્ લક્ષ્મીજી, ભગવાન શ્રીકૃષ્ણ થકી એક ક્ષણવાર પણ દૂર થઈ શકતાં નથી. આ વિષયમાં ભાગવતનું વાક્ય પ્રમાણરૂપ છે.— "चलाऽपि यच्छ्री र्न जहाति कर्हिचित् ॥ इति ॥ આ વાક્યનો એ અર્થ છે કે લક્ષ્મીજી અતિ ચંચળ છે. એક

જગ્યાએ સ્થિર રહી શકતાં નથી. રાજા હોય તેને રંક કરી દે, અને રંક હોય તેને રાજા કરી દે. અને વળી મોટા મોટા રાજાઓ પણ લક્ષ્મીની પ્રાર્થના કરે છે, છતાં લક્ષ્મીજી બધાનો તિરસ્કાર કરી, એક જ ભગવાનના ચરણકમળનું સેવન કરે છે. ચંચળ હોવા છતાં ભગવાનનો ક્યારેય પણ ત્યાગ કરતાં નથી.

હવે લક્ષ્મીજી વક્ષઃસ્થલમાં રહ્યાં છે, તેનું પ્રમાણ શું ? તો કહે છે કે ભાગવતના અષ્ટમસ્કંધને વિષે સમુદ્રમંથનની કથા છે, તેમાં કહેલું છે કે— तस्याः श्रियस्त्रिजगतो जनको जनन्या वक्षोनिवासमकरोत् परमं विभूतेः ॥ इति ॥ સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલાં લક્ષ્મીજીએ ભગવાનને સર્વેગુણોથી સંપન્ન માનીને, નવા કમળની માળા ભગવાનના કંઠમાં પહેરાવી, અને પછી લજ્જાની સાથે ભગવાનની આગળ જ્યારે ઉભાં રહ્યાં ત્યારે ત્રણે લોકના પિતા ભગવાને ત્રણે લોકનાં માતા લક્ષ્મીજીને વક્ષઃસ્થળમાં અવિચળ વાસ આપ્યો. આ રીતે લક્ષ્મીજીના વક્ષઃસ્થળમાં નિવાસ વિષયમાં ભાગવતશાસ્ત્ર પ્રમાણરૂપ છે.

વળી જે શ્રીકૃષ્ણ રાધા અને લક્ષ્મીજીની સાથે વૃન્દાવનમાં વિહાર કરી રહ્યા છે. અહીં કદાચ કોઈને શંકા થાય કે વૃન્દાવનમાં તો ભગવાન શ્રીકૃષ્ણ કેવળ રાધિકાજીની સાથે જ વિહાર કરી રહ્યા હતા. અને લક્ષ્મીજીનો શ્રીકૃષ્ણની સાથે વિહાર તો દ્વારિકામાં જ પ્રસિદ્ધ છે. કારણ કે રૂક્મિણીરૂપ લક્ષ્મીજી શ્રીકૃષ્ણ ભગવાનને દ્વારિકામાં જ પરણ્યાં હતાં. અને ત્યાંજ વિહાર કરેલો હતો. છતાં અહીં રાધાલક્ષ્મીની સાથે વૃન્દાવનમાં શ્રીકૃષ્ણનો વિહાર શા કારણથી કહ્યો ?

આના સમાધાનમાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે, વાત બિલકુલ સાચી છે. જે મનુષ્યરૂપે રહેલાં રૂક્મિણીરૂપ લક્ષ્મીજીનો વિહાર દ્વારિકામાં જ પ્રસિદ્ધ છે, છતાં મનુષ્યો જોઈ ન શકે એવાં દિવ્યસ્વરૂપે લક્ષ્મીજી હમેશાં શ્રીકૃષ્ણના વક્ષઃસ્થલમાં રહે છે. માટે દિવ્ય સ્વરૂપે લક્ષ્મીજી હમેશાં વૃન્દાવનમાં પણ શ્રીકૃષ્ણની સાથે જ હતાં. આ વિષયમાં ભાગવતનો દશમસ્કંધ પ્રમાણરૂપ છે. जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि ॥ इति ॥ ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે કહે છે કે— હે પ્રભુ ! તમારા જન્મને લીધે આ વ્રજ અધિક શોભે છે. કારણ કે આ વ્રજમાં તમારી સાથે લક્ષ્મીજી નિરંતર રહેલાં છે. આ રીતે વૃન્દાવનમાં શ્રીકૃષ્ણ સાથે લક્ષ્મીજીના વિહાર વિષયે ભાગવતશાસ્ત્ર પ્રમાણરૂપ છે.

આવા જે શ્રીકૃષ્ણ તેનું હું હૃદયમાં ધ્યાન કરૂં છું. હૃદય એટલે હૃદયાકાશમાં જે કમળ છે, ત્યાં સાક્ષાત્ ભગવાનનો વાસ છે. માટે સર્વે શાસ્ત્રોમાં ધ્યાન કરવા યોગ્ય સ્થાન હૃદયને જ બતાવેલું છે. ભાગવતના આઠમા સ્કન્ધમાં ગજેન્દ્રની સ્તુતિ છે.— मुक्तात्मभिः स्वहृदये परिभाविताय ॥ इति ॥ ગજેન્દ્ર કહે છે કે— હે પ્રભુ ! જે મુક્તાત્માઓ પોતાના હૃદયમાં તમારો સાક્ષાત્કાર કરે છે, એવા તમોને નમસ્કાર કરૂં છું. આ રીતે ભાગવતમાં પરમાત્માનો સાક્ષાત્કાર હૃદયમાં જ બતાવેલો છે. માટે હૃદય જ ધ્યાન કરવા યોગ્ય સ્થાન કહેલું છે.

હવે અહીં કદાચ કોઈને શંકા થાય કે ભક્તો હોય તો તે પોતાના ઈષ્ટદેવનું ધ્યાન કરે, અહીં સહજાનંદ સ્વામીએ શ્રીકૃષ્ણને પોતાના ઈષ્ટદેવ સ્વીકારીને ધ્યાન કર્યું, માટે સહજાનંદ સ્વામી પણ એક શ્રીકૃષ્ણના ભક્ત છે. આ રીતે સહજાનંદ સ્વામીને ભક્ત તરીકે સ્વીકારવા એ તદ્દન યોગ્ય નથી. કારણ કે શિક્ષાપત્રી લખતી વખતે સહજાનંદ સ્વામીએ ઉપદેષ્ટાનો ધર્મ સ્વીકાર્યો છે. ઉપદેષ્ટા હોય તેની પ્રાથમિક્તા હોય છે જે, પ્રથમ પોતે આચરણ કરીને શિષ્યોને શિક્ષણ આપવું. અહીં સહજાનંદ સ્વામીએ શિષ્યોના શિક્ષણને માટે ઉપદેષ્ટાનો ધર્મ સ્વીકાર્યો તેથી એ કાંઈ ભક્ત બની જતા નથી. એતો સાક્ષાત્ ઈશ્વર છે. કેવળ ઉપદેષ્ટા તરીકે મનુષ્યનું પાત્રજ ભજવેલું છે. જેમ રૂપક કરતી વખતે કોઈ હિરણ્યાક્ષનું પાત્ર ભજવે, તેણે કરીને એ કાંઈ હિરણ્યાક્ષ બની જતો નથી, એ તો કેવળ તેનું અનુકરણ કરે છે. જેમ કોઈ શિક્ષક વિદ્યાર્થીઓને શીખડાવવા માટે પાટી ઉપર એકડો ગુંઠે, તેથી તે શિક્ષક કાંઈ વિદ્યાર્થી બની જતો નથી. શિક્ષક શિક્ષકના સ્થાને જ રહે છે, અને વિદ્યાર્થી વિદ્યાર્થીના સ્થાને રહે છે.

એજ રીતે ભક્તોને શીખડાવવા માટે સહજાનંદ સ્વામીએ શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું, તેણે કરીને સહજાનંદ સ્વામી કાંઈ ભક્ત બની જતા નથી. સહજાનંદ તો એક સાક્ષાત્ પૂર્ણાવતાર જ છે. અને અવતાર તથા અવતારીનું અભેદપણું હોવાથી સહજાનંદ સ્વામીને અવતારી પણ કહી શકાય છે. આવો અભિપ્રાય છે. ॥૧॥

लिखामि सहजानंदस्वामी सर्वान्निजाश्रितान् । नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ॥२॥

શ્રીજીમહારાજ બીજા શ્લોકમાં પોતાનો પરિચય આપતાં કહે છે કે, વૃત્તાલય પુરમાં રહ્યો એવો સહજાનંદ સ્વામી જે હું, તે જે તે જુદા જુદા દેશો પ્રત્યે રહેલા સર્વે મારા આશ્રિતો પ્રતિ આ શિક્ષાપત્રી લખું છું.

શ્રી ભાષ્યકાર શતાનંદસ્વામી આ શ્લોકનો અભિપ્રાય નિરૂપણ કરતાં કહે છે કે- શ્રીજીમહારાજ જનોના કલ્યાણને માટે જુદા જુદા દેશોમાં વિચરણ કરે છે. કોઈ એક જ સ્થળમાં લાંબો સમય રહેતા નથી, પણ આ શિક્ષાપત્રી લખી એ દરમ્યાન શ્રીજીમહારાજ વૃત્તાલયપુરમાં રહેલા હતા. તેથી અહીં વૃત્તાલયપુરનો ઉલ્લેખ કરેલો છે, એમ સમજવું.

અને વળી આ ગ્રંથ કોણે લખ્યો છે, એ ગ્રંથકર્તાનું પણ વિશેષ જ્ઞાન જો ન હોય તો એ ગ્રંથને વાંચવા સાંભળવામાં બુદ્ધિમાન પુરૂષોની પ્રવૃત્તિ થતી નથી. તેથી શ્રીજીમહારાજે ''सहजानन्दस्वामी'' આવું પ્રસિદ્ધ પોતાનું નામ લખેલું છે.

હવે શતાનંદ સ્વામી ''સહજાનંદ'' શબ્દનો અર્થ કરતાં સમજાવે છે કે- જેની અંદર સહજ આનંદ રહ્યો હોય, તેને કહેવાય સહજાનંદ. સંસારી મનુષ્યોમાં સહજ આનંદ હોતો નથી, પરંતુ હરવા ફરવાના સાધનોથી પ્રાપ્ત થતો કુત્રિમ (બનાવટી) આનંદ હોય છે. પણ પરમાત્માની અંદર તો સ્વસ્વરૂપનો સહજ આનંદ હોય છે. માટે આ શિક્ષાપત્રીની યથાર્થ આજ્ઞાઓનું પાલન કરનારા ભક્તોને સ્વસ્વરૂપનો સહજ આનંદ આપવા માટે શ્રીજીમહારાજે પોતાના અનેક નામોમાંથી અહીં ''सहजानन्दस्वामी'' આવા પોતાના નામનો ઉલ્લેખ કરેલો છે.

હવે અહીં શ્રીજીમહારાજે મારા આશ્રિતો પ્રત્યે શિક્ષાપત્રી લખું છું, આમ કહ્યું, તેથી પોતાના આશ્રિતો સિવાય બીજાને આ શિક્ષાપત્રીમાં અધિકાર નથી એમ નહિ. પરંતુ આ શિક્ષાપત્રીની અંદર માનવમાત્રનો અધિકાર છે. છતાં પણ આ શિક્ષાપત્રીની અંદર રહેલા ધર્મોનો તત્કાળ જ સ્વીકાર કરી લેવામાં પોતાના આશ્રિતોનો મુખ્ય અધિકાર છે, એ જણાવવા માટે ''निजाश्रितान्'' ''મારા આશ્રિતો પ્રત્યે'' આવો ઉલ્લેખ શ્રીજીમહારાજે કરેલો હોય એમ જણાય છે.

હવે અહીં ગઢપુર, વડતાલ, અમદાવાદ, કે ભુજના હરિભક્તો પ્રત્યે આ શિક્ષાપત્રી લખું છું, આવો કોઈ એક દેશનો ઉલ્લેખ નહિ કરીને, જુદા જુદા દેશો પ્રત્યે રહેલા મારા આશ્રિતો પ્રત્યે શિક્ષાપત્રી લખું છું. આમ કહ્યું તેથી એમ જણાય છે કે શ્રીહરિના શિષ્યો ઘણા છે. અને શ્રીહરિનો પ્રતાપ દેશ વિદેશમાં સમુદ્રપર્યન્ત વ્યાપીને રહેલો હોય એમ જણાય છે.

અને વળી આ શિક્ષાપત્રી શ્રીજીમહારાજે કોઈની પાસે લખાવી નથી, પોતે જ જાતે હાથમાં કલમ લીધી છે. એની સ્પષ્ટતા માટે ''लिखामि सहजानन्दस्वामी'' હું પોતે જ લખી રહ્યો છું. આવો અહીં ઉલ્લેખ કરેલો છે. આવો અભિપ્રાય છે. ॥૨॥

भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः । यावयोध्याप्रसादाख्यरघुवीराभिधौ सुतौ ॥३॥

मुकुन्दानन्दमुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः । गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ॥४॥

सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः । मुक्तानन्दादयो ये स्युः साधवश्चाखिला अपि ॥५॥

स्वधर्मरक्षिका मे तैः सर्वैर्वाच्याः सदाशिषः । श्रीमन्नारायणस्मृत्या सहिताः शास्त्रसम्मताः ॥६॥

ધર્મદેવ થકી જેમનો જન્મ છે, એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી, તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર આ બન્ને આચાર્યો તથા મુકુન્દાનંદાદિક નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, તથા મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગીઓ, તથા અમારા શિષ્યપણાને પામેલી સધવા અને વિધવા સર્વે બાઈઓ, તથા મુક્તાનંદાદિક જે સર્વે સાધુપુરૂષો. આ બધા સત્સંગીઓએ પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રોમાં પ્રમાણરૂપ તથા શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત અમારા રૂડા આશીર્વાદ વાંચવા ॥૩-૬॥

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ ચારે શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, શ્રીજીમહારાજ પોતાના સર્વે ભક્તોને આશીર્વાદ આપતાં સહુ પ્રથમ બન્ને આચાર્યોનો ઉલ્લેખ કરેલો છે. સામાન્યપણે આપણે કોઈના ઉપર પત્ર લખીએ ત્યારે ઘરમાં કે કુટુંબમાં જે કોઈ મોટો હોય તેનું નામ પહેલું લખીએ છીએ. તેમ બન્ને આચાર્યોનું સંપ્રદાયમાં પ્રથમ સ્થાન છે. અર્થાત્ સંપ્રદાયરૂપી કુટુંબમાં બન્ને આચાર્યો મોટા છે, ગુરૂ છે, તેથી બન્ને આચાર્યોનું પહેલું નામ શિક્ષાપત્રીમાં લખાયેલું છે એમ જાણવું ॥૩॥

બીજા નંબરમાં શ્રીજીમહારાજે નૈષ્ઠિકબ્રહ્મચારીઓનો ઉલ્લેખ કરેલો છે. બ્રહ્મચર્ય એટલે શું ? અને બ્રહ્મચારી એટલે કોણ ? તથા નૈષ્ઠિકબ્રહ્મચારી એટલે કોણ ? આ બાબત શતાનંદ સ્વામીએ સરસ રીતે સમજાવેલી છે– कर्मणा मनसा वाचा सर्वावस्थासु सर्वदा । सर्वत्र मैथुनत्यागं ब्रह्मचर्यं प्रचक्षते ॥ इति कौर्मे ॥ હમેશાં સર્વે અવસ્થાઓમાં અને સર્વ જગ્યાએ મન, કર્મ અને વચન વડે મૈથુનનો ત્યાગ કરી દેવો તેને બ્રહ્મચર્ય કહેલું છે. એ બ્રહ્મચર્યનું જે પાલન કરે તેને કહેવાય છે બ્રહ્મચારી. અને મરણ પર્યંત જો બ્રહ્મચર્યનું પાલન કરે તો તેને નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય છે.

હવે અહીં કોઈ પ્રતિવાદી એવી શંકા ઉપસ્થિત કરે છે કે ''दीर्घकालं ब्रह्मचर्यम्'' ॥ इति कलिवर्ज्येषूक्तेः ॥ લાંબા સમયનું નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત કલિયુગમાં પાલન કરવું નહિ. આ રીતે નૈષ્ઠિકબ્રહ્મચર્યનો જ કલિયુગમાં નિષેધ કરેલો છે. તો આ યુગમાં નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરનારા નૈષ્ઠિક બ્રહ્મચારીઓ ક્યાંથી હોય ? ન જ હોય. તો પછી અહીં "નૈષ્ઠિક" આવા શબ્દનો ઉલ્લેખ શા માટે કરવામાં આવ્યો છે ?

આના ઉત્તરમાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- કલિયુગમાં નૈષ્ઠિક બ્રહ્મચર્યનો જે નિષેધ કરેલો છે, એતો જેને ભગવાનનું બળ ન હોય, ભગવાનનો જેને આશ્રય ન હોય, અને એજ કારણથી બ્રહ્મચર્યનું પાલન કરવામાં અસમર્થ હોય, એવા પુરૂષોને માટે નિષેધ કર્યો છે. પણ જેને ભગવાનનો આશ્રય છે, ભગવાનનું બળ છે, એવા પુરૂષો તો કલિયુગમાં પણ નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરી શકે છે. ભાગવતના પ્રથમ સ્કંધમાં કહેલું છે- किन्नु बालेषु शूरेण कलिना धीरभीरुणा । अप्रमत्तः प्रमत्तेषु यो वृको नृषु वर्तते ॥ इति ॥ આ શ્લોકમાં પ્રતિપાદન કરેલું છે કે- જેમ સાવધાન એવો જે વરૂ છે. એતો, જે પશુ ટોળાંનો આશ્રય રાખે નહિ, એવા એકાકી પશુ ઉપર જ પ્રવર્તે છે. પણ જે પશુ ટોળાંનો આશ્રય રાખે છે, તેના ઉપર વરૂની પ્રવૃત્તિ થતી નથી. તેમ જેને ભગવાનનો આશ્રય ન હોય એવા પુરૂષ ઉપર જ કલિયુગની પ્રવૃત્તિ થાય છે. પણ જેને ભગવાનનો આશ્રય છે, એવા પુરૂષો ઉપર કલિયુગ કાંઈ પણ કરી શકતો નથી. માટે ભગવાનનો જેને આશ્રય છે એતો કલિયુગમાં પણ બ્રહ્મચર્યનું પાલન કરી શકે છે. અને વળી ભક્તોની કામવાસના તો ભક્તિ વડે જ નાશ પામી જાય છે. આ બાબત ભાગવતમાં પ્રતિપાદન કરેલી છે- प्रोक्तेन भक्तियोगेन भजतो माऽसकृन्मुनेः । कामा हृदय्या नश्यन्ति सर्वे मयि हृदि स्थिते ॥ इति ॥ શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવજીને કહે છે કે- હે ઉદ્ધવ ! મારૂં ભજન કરનારા ભક્તના હૃદયમાં હું જ્યારે નિવાસ કરૂં છું, ત્યારે ભક્તના હૃદયની સર્વે કામવાસના નાશ પામી જાય છે. માટે ભગવાનની ભક્તિનું જેને બળ છે, એવા પુરૂષોને કલિયુગમાં પણ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતની ક્ષતિ થતી નથી.

હવે શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી ગૃહસ્થ શબ્દની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- "ગૃહ" એટલે પત્ની, પત્નીની સાથે જે રહે તેને ગૃહસ્થાશ્રમી કહેવાય છે. પણ બંગલો બનાવીને તેની અંદર રહેનારો ગૃહસ્થ કહેવાતો નથી. ॥૪॥

હવે ગૃહસ્થોના ઉલ્લેખ પછી ચોથા નંબરે શ્રીજી મહારાજે સધવા અને વિધવા બહેનોનો ઉલ્લેખ કરેલો છે. પતિની સાથે જે સ્ત્રી રહેતી હોય તેને સધવા સ્ત્રી કહેવાય છે. અને જેનો પતિ મૃત્યુ પામી ગયો હોય તેને વિધવા સ્ત્રી કહેવાય છે.

આ શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે બ્રહ્મચારીઓમાં મુકુન્દ બ્રહ્મચારીના નામનો મુખ્યપણે નિર્દેશ કરેલો છે. ગૃહસ્થોમાં મયારામ ભટ્ટનો મુખ્યપણે ઉલ્લેખ થયો છે. અને સંતોમાં મુક્તાનંદ સ્વામીના નામનો મુખ્યપણે ઉલ્લેખ થયો, પણ સધવા અને વિધવા સ્ત્રીઓને મધ્યે કોઈ પણ એક સ્ત્રીના નામનો મુખ્યપણે ઉલ્લેખ કરેલો નથી. તેનું કારણ શતાનંદ સ્વામી સમજાવે છે કે સધવા અને વિધવા સ્ત્રીઓની શાસ્ત્રોમાં પરતંત્રતા બતાવેલી છે. એજ કારણથી અહીં સ્ત્રીઓને મધ્યે કોઈ એક સ્ત્રીના નામનો મુખ્યપણે ઉલ્લેખ કર્યો નથી. અને જે પરતન્ત્ર હોય તેનું નામ પાછળ મૂકવામાં આવે છે. જેમ પિતાની આગળ પુત્રની પરતંત્રતા કહેલી છે, તેથી કોઈપણ પ્રસંગમાં પિતાનું નામ મોખરે હોય છે, અને પાછળ પુત્રનો સમાવેશ હોય છે. એજ રીતે સ્ત્રીઓ પરતન્ત્ર છે. માટે જ અહીં શિક્ષાપત્રીમાં પુરૂષોના નિર્દેશ પછી સ્ત્રીઓના નામનો નિર્દેશ કરેલો છે એમ જાણવું. આવો શતાનંદ સ્વામીનો અભિપ્રાય છે.

હવે અહીં સર્વથી છેલ્લે શ્રીજીમહારાજે સાધુપુરૂષોનો નિર્દેશ કરેલો છે. साध्नुवन्ति साधयन्ति वा धर्मं परकार्यं वेति साधवः ॥ इति ॥ ધર્મકાર્ય અથવા પરોપકારનું કાર્ય પોતે સાધે અને બીજાને સધાવે તેને સાધુપુરૂષો કહેલા છે. અહીં સંતોને શ્રીજીમહારાજે સર્વથી પાછળ યાદ કર્યા છે, એનું કારણ શતાનંદ સ્વામી સમજાવતાં કહે છે કે, આ સત્સંગની સંપૂર્ણ જવાબદારી શ્રીજીમહારાજે આચાર્ય અને સંતો ઉપર મૂકેલી છે. આ બન્ને તમામ સત્સંગને સાચવનારા છે. તેથી આચાર્ય સૌથી આગળ અને સંતો સહુથી પાછળ રહીને સત્સંગીઓ ઉપર દેખરેખ રાખે છે. અને વળી સંતોને સ્વધર્મમાં વિક્ષેપ કરનાર વ્યાવહારિક કાર્યોમાં આસક્તિનો અભાવ હોય છે. તેથી મોટે ભાગે સંતો ધર્મનિષ્ઠ જ હોય છે. આ કારણે શ્રીજીમહારાજે ધર્મનું રક્ષણ કરનારા આશીર્વાદ આપવા માટે સંતોને છેલ્લે સંભારેલા હોય એમ જણાય છે. ॥૫॥

આ રીતે શ્રીજીમહારાજે તમામ ભક્તજનોને સંભારીને આશીર્વાદ આપેલા છે કે, શ્રીકૃષ્ણ ભગવાન સર્વે ભક્તોને એવી આત્મશક્તિ આપે કે જેથી આ શિક્ષાપત્રીમાં રહેલા ધર્મોનું સરળતાથી પાલન થઈ શકે. શતાનંદ સ્વામી સમજાવે છે કે, શ્રીજીમહારાજે શ્રીકૃષ્ણ ભગવાનને સંભારીને જે આશીર્વાદ આપેલા છે. તે ભક્તોને એવું સૂચવે છે કે, ભગવાનને સંભારીને જો આશીર્વાદ આપવામાં આવે તો પોતાની અંદર રહેલા અહંકારનો નાશ થાય છે. અને એ આશીર્વાદ ફળે છે. પણ જો અહંકારથી (હું કહું છું ને, જા તારૂં સારૂં થશે. આવા અહંકારથી) આપવામાં આવે તો એ આશીર્વાદો કદીપણ સફળદાઈ થતા નથી, આ રીતે શ્રીજીમહારાજે ભક્તોને શીખામણ આપેલી છે. અને જે શ્રીજીમહારાજે આશીર્વાદો આપ્યા છે. એ તમામ શાસ્ત્રોને માન્ય છે. કારણ કે શાસ્ત્રોમાં સ્વધર્મનું રક્ષણ કરવું એ જ સર્વસુખનું મૂળ કહેલું છે. सुखमेवेप्सितं लोके सर्वेषामपि देहिनाम् । तन्मूलं तु स्मृतो धर्मः तं रक्षेद्यत्नत स्ततः ॥ इति ॥ શાસ્ત્રોમાં પુત્રનું રક્ષણ થાય, કે ધનનું રક્ષણ થાય કે સ્ત્રીનું રક્ષણ થાય તેને સર્વે સુખનું મૂળ બતાવેલું નથી. સર્વે સુખનું મૂળ તો ધર્મના રક્ષણને જ બતાવેલું છે. સ્મૃતિમાં કહેલું છે કે- આ લોકમાં સર્વે પ્રાણીઓને સુખ જ ઈચ્છિત છે. દુઃખ કોઈને પણ જોઈતું નથી. સર્વે પ્રાણીઓ સુખને શોધે છે. પણ સુખનું મૂળ તો ધર્મ કહેલ છે. માટે પ્રયત્ન પૂર્વક ધર્મનું રક્ષણ કરવું જોઈએ.આ રીતે સ્મૃતિએ ધર્મના રક્ષણને સર્વે સુખોનું કારણ બતાવેલ છે. માટે જ શ્રીજીમહારાજે આપેલા સ્વધર્મનું રક્ષણ કરનારા આશીર્વાદ શાસ્ત્રમાન્ય છે. અને આ રીતે પત્ર લખતી વખતે જે આશીર્વાદ આપવા એ શિષ્ટાચારની રીતિ કહેલી છે. ॥૬॥

**एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः । अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ॥७॥**

અને હેતુએ સહિત આ શિક્ષાપત્રીનો લેખ સર્વે ભક્તોએ એકાગ્ર મન વડે ધારણ કરવો, અને આ શિક્ષાપત્રીનો જે લેખ છે, તે સર્વે

જીવોનું હિતને કરનારો છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, જે આ શિક્ષાપત્રી શ્રીજીમહારાજે લખી છે, એ સર્વે જીવોના હિતને માટે છે. માટે આ શિક્ષાપત્રીને એકાગ્ર મન વડે વાંચવી અને સાંભળવી. કોઈપણ કાર્યની અંદર મનની એકાગ્રતા અતિ આવશ્યક છે. મનની એકાગ્રતા વિના કોઈપણ કાર્ય સિધ્ધ થઈ શક્તું નથી. બીજાં વ્યાવહારિક કાર્યોમાં આસક્ત એવાં મન વડે જો આ શિક્ષાપત્રીનું શ્રવણ કરેલું હોય કે વાંચન કરેલું હોય, તો એ નહિ સાંભળ્યા સમાન અને નહિ વાંચ્યા સમાન છે. શ્રુતિમાં પ્રતિપાદન કર્યું છે કે- अन्यत्रमनाऽभूवंनाऽदर्शम्, अन्यत्रमनाऽभूवं नाश्रौषम् ॥ इति ॥ કોઈએ પ્રશ્ન કર્યો કે આ માણસને તમે જોયો ? ત્યારે તેના ઉત્તરમાં કહેલું છે કે, મારૂં મન બીજે હતું તેથી હું જોઈ શક્યો નહિ. અથવા મારૂં મન બીજે હતું તેથી હું સાંભળી શક્યો નહિ. આ ઉપરથી એ સાબિત થાય છે કે મનુષ્ય મન વડે જ જોઈ શકે છે, અને મન વડે જ સાંભળી શકે છે. કારણ કે જ્યાં સુધી મન ઈંદ્રિયોને અનુસરે નહિ, ત્યાં સુધી ઈન્દ્રિયો પોતપોતાના વિષયો ગ્રહણ કરી શક્તી નથી. અર્થાત્ મનની જ્યાં સુધી પ્રસન્નતા ન હોય, ત્યાં સુધી ઈન્દ્રિયોને વિષયોનું સ્પષ્ટ જ્ઞાન થતું નથી. માટે જ આ શિક્ષાપત્રીને એકાગ્ર મન વડે ધારણ કરવી, આવો શ્રીહરિનો અભિપ્રાય છે.

અને શ્રીજીમહારાજે આ શિક્ષાપત્રી લખી છે, એ સર્વે જીવોનું હિત કરનારી છે. વાસ્તવમાં તો જે શિક્ષાપત્રીની આજ્ઞા પાળે, તેનું કલ્યાણ તો થાય જ, પરંતુ આ શિક્ષાપત્રીની આજ્ઞા પાળનાર ભક્તના સંબન્ધમાં જો કોઈ આવે, તો તેનું પણ કલ્યાણ થાય. સ્વામિનારાયણ ભગવાન કહેતા કે, અમારા ભક્તના ગોળાનું જે કોઈ પાણી પીશે, તેનું પણ અમો કલ્યાણ કરીશું. આ રીતે એકાન્તિક ભક્તોના સંબંધથી બીજા જીવોનું પણ કલ્યાણ થાય છે. માટે આ શિક્ષાપત્રી આડકતરી રીતે (પરંપરાએ) સર્વ જીવોનું હિત કરનારી છે. અને સીધી રીતે જે આ શિક્ષાપત્રીની આજ્ઞા પાળતા હોય એવા ભક્તનું જ કલ્યાણ કરનારી છે. શતાનંદ સ્વામી સમજાવે છે કે, આ શ્લોકમાં ''હેતુએ સહિત શિક્ષાપત્રી ધારણ કરવી'' આમ શ્રીજીમહારાજે કહ્યું, તો એ હેતુ કયા ? તો એ હેતુ હવે પછીના બે શ્લોકમાં શ્રીજીમહારાજ બતાવે છે. ॥૭॥

**ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् । सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥८॥**

**तानुल्लङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः । त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥९॥**

શ્રીજીમહારાજે શિક્ષાપત્રી લખતાં બે હેતુઓ બતાવેલા છે. જે મનુષ્યો સચ્છાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલા સદાચારોનું પાલન કરે છે, તે મનુષ્યો આલોકમાં અને પરલોકમાં મહાસુખીઆ થાય છે. (આ એક હેતુ) અને કુબુદ્ધિવાળા જે મનુષ્યો સચ્છાસ્ત્રોમાં કહેલા અહિંસાદિક સદાચારોનું ઉલ્લંઘન કરીને ઈચ્છાનુંસાર વર્તન કરે છે તે મનુષ્યો તો આ લોકમાં અને પરલોકમાં મહાદુઃખિયા થાય છે. (આ બીજો હેતુ) ॥૮-૯॥

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ બે શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- સુખનું મૂળ ધર્મ કહેલો છે. તેથી ધર્મનું રક્ષણ કરનારા મનુષ્યો આલોકમાં અને પરલોકમાં બ્રહ્માદિકના સુખ કરતાં પણ અધિક મહાસુખીઆ થાય છે. એ હેતુથી આ શિક્ષાપત્રીની અંદર રહેલા ધર્મનું યથાર્થ પાલન કરવું. આ પહેલો હેતુ છે. ॥૮॥

અને વળી જે પુરૂષો સદાચારનું ઉલ્લંઘન કરીને ઈચ્છાનુસાર વર્તન કરે છે, તે પુરૂષો જેનું વર્ણન ન થઈ શકે એવા અનિર્વચનીય દુઃખને પામે છે. ભગવદ્ગીતામાં પણ કહેલું છે કે- यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः । न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥ इति ॥ જે પુરૂષો શાસ્ત્રની મર્યાદાનો તિરસ્કાર કરીને ઈચ્છાનુસાર આચરણ કરે છે, તે પુરૂષો આલોકને વિષે કોઈ પણ પ્રકારની સિદ્ધિ અને સુખને પામતા નથી, અને મહાદુઃખીયા થાય છે. તેમજ પરલોકમાં સારી ગતિને પામતા નથી. ભાગવતમાં પણ કહેલું છે કે यदसौ शास्त्रमुल्लङ्घ्य स्वैराचार्यार्यगर्हितः अवर्तत

चिरं कालमघायुरशुचिर्मलात् ॥ આ ભાગવતના શ્લોકમાં પ્રતિપાદન કરેલું છે કે, અજામેલનો જ્યારે મૃત્યુ સમય પ્રાપ્ત થયો છે, ત્યારે અજામેલને લેવા માટે યમના દૂતો આવેલા છે. એ યમના દૂતોને જોઈને ભય પામેલા અજામેલે પુત્રના યોગે નારાયણના નામનું ઉચ્ચારણ કરેલું છે. તેથી તત્કાળ જ વિષ્ણુના પાર્ષદો હાજર થયા છે. યમના દૂતો અને વિષ્ણુના પાર્ષદોનો સંવાદ થયો છે, તેમાં વિષ્ણુના પાર્ષદો કહે છે કે, આ અજામેલે નારાયણનું નામ લીધેલું છે, તેથી આ અજામેલ અમારો છે. અને યમના દૂતો કહે છે કે, આ અજામેલે શાસ્ત્રોનું ઉલ્લંઘન કરીને ઈચ્છાનુસાર આચરણ કરેલું છે, અને જીવનપર્યંત પાપમય આયુષ્ય વ્યતીત કરેલી છે, અને વળી વેશ્યાનું અન્ન ભક્ષણ કરેલું હોવાથી અતિ અપવિત્ર થયેલો છે, અને એ પાપોનું પ્રાયશ્ચિત પણ કરેલું નથી. માટે આ અજામેલને અમો ધર્મરાજા પાસે લઈ જઈશું. કારણ કે આલોકમાં જેને પાપોનું પ્રાયશ્ચિત કરેલું ન હોય તેને ધર્મરાજા દંડ વડે પ્રાયશ્ચિત કરાવીને શુધ્ધ કરે છે. આમ જ્યાં કહેલું છે ત્યાં પણ શાસ્ત્રોની મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને જે ઈચ્છા અનુસાર આચરણ કરે છે, એ મહાદુઃખી થાય છે. માટે શ્રીહરિનો અભિપ્રાય એવો છે કે- જો તમો આ બન્ને હેતુઓની સાથે શિક્ષાપત્રીને ધારણ કરશો તો “મર્યાદાનું પાલન કરનાર મહાસુખીયા થાય છે” આવા મહા સુખના સ્વાર્થથી અને “મર્યાદાનો ત્યાગ કરનારા મહા દુઃખી થાય છે” આવા મહાદુઃખના ભયથી આ શિક્ષાપત્રીની યથાર્થ આજ્ઞાઓનું પાલન થશે જ. માટે આ બન્ને હેતુઓની સાથે એકાગ્ર મન વડે શિક્ષાપત્રીને ધારણ કરવી આવું તાત્પર્ય છે. ॥૯॥

**अतो भवद्भिर्मच्छिष्यैः सावधानतयाखिलैः । प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरन्तरम् ॥१०॥**

એજ કારણથી સમગ્ર મારા શિષ્યો હોય તેમણે સાવધાન થઈને પ્રીતિવડે નિરંતર આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો અભિપ્રાય સમજાવતાં કહે છે કે- જો આપણે સાવધાન ન હોઈએ તો જરૂર ઈન્દ્રિયો કુમાર્ગે ચાલી જાય છે. અને આપણે ધર્મમાર્ગ થકી ભ્રષ્ટ થઈએ છીએ. માટે શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરવામાં સાવધાન રહેવું જોઈએ.

અને વળી આ શિક્ષાપત્રીની આજ્ઞાઓ પ્રેમથી પાલન કરવી જોઈએ. આજ્ઞાઓનું બે પ્રકારે પાલન થાય છે. એક તો પ્રેમથી અને બીજું ભયથી, અર્થાત્ બળાત્કારે પાલન કરવું પડે છે. જેમ કે ન્યાયાધિશની આજ્ઞા, કે પોલીસની આજ્ઞા કોઈ પ્રેમથી પાલન કરતું નથી. પણ બલાત્ ભયથી જ પાલન કરવી પડે છે. પણ આ શિક્ષાપત્રીની આજ્ઞાઓનું જો હું પાલન કરીશ, તો મને મહાસુખની પ્રાપ્તિ થશે. આવા ઉત્સાહથી શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પ્રેમથી પાલન કરવું. અને વળી એક દિવસ કે બે દિવસ નહીં, પરંતુ જ્યાં સુધી શરીરમાં પ્રાણ અને શરીરની સ્મૃતિ હોય ત્યાં સુધી નિરંતર સાવધાન થઈને પ્રેમથી શિક્ષાપત્રીને અનુસારે વર્તવું, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૧૦॥

**कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः । सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ॥११॥**

અને અમારા આશ્રિતો હોય તેમણે, કોઈપણ જીવપ્રાણીમાત્રની હિંસા ન કરવી; અને જાણી જોઈને તો ઝીણા એવા જૂ, માંકડ, ચાંચડ ઈત્યાદિક જીવની પણ હિંસા ક્યારેય કરવી નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- મન, કર્મ અને વચનથી કોઈનો અપકાર કરવો નહિ, કોઈને કષ્ટ આપવું નહિ. તેને શાસ્ત્રોએ અહિંસા કહેલી છે. અહિંસા વ્રતતો અતિ સૂક્ષ્મ અને ગહન છે. હિંસા કર્યા વિના તો આ સંસારમાં કોઈ ભોગજન્ય પદાર્થોની પ્રાપ્તિ પણ થતી નથી. શારીરિક કોઈપણ કર્મ કરતી વખતે હિંસા તો થતી જ હોય છે. હિંસાનો મુખ્ય સ્રોત બુદ્ધિ છે. બુદ્ધિ કોઈપણ વસ્તુનો નિર્ણય કરીને વચન તથા કર્મમાં મનને પ્રવૃત કરે છે. બુદ્ધિમાં જેવો નિશ્ચય થાય છે એ પ્રમાણે મન, શરીરને અને વાણીને પ્રવર્તાવે છે. તેથી જ્યારે સંપૂર્ણ સાત્વિક બુદ્ધિ થાય, ત્યારે જ સૂક્ષ્મ હિંસાથી બચી શકાય છે. શતાનંદ સ્વામી સમજાવે છે કે- જીવપ્રાણીમાત્રની

હિંસા કરવી નહિ. તેમાં કદાચ કોઇ એમ સમજી બેસે કે શ્રીજીમહારાજે હિંસાનો નિષેધ કરેલો છે, એતો બકરાં મૃગલાં આદિ મોટાં પ્રાણીઓની હિંસાનો નિષેધ કર્યો છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- આવી મોટી હિંસા કરતા હોય એતો આ શિક્ષાપત્રીને લાયક જ કહેવાય નહિ. માટે શ્રીહરિ કહે છે કે, મારા આશ્રિતોએ જાણી જોઇને મચ્છર, માંકડ આદિક સૂક્ષ્મ જીવની પણ ક્યારેય હિંસા કરવી નહિ. અજાણતાં જો થઇ જાય તો ભક્તના વ્રત અને તપાદિકના પુણ્યથી એ પાપનો નાશ થઇ જાય છે, પણ જાણી જોઇને કરેલાં પાપો ક્યારેય પણ નાશ પામતાં નથી.

શાસ્ત્રોમાં અજાણતાં થયેલાં પાપોનો જ પ્રાયશ્ચિત વિધિ બતાવેલો છે. જેમ કે- कृत्वा पापं पूर्वमबुद्धिपूर्वं पुण्यानि चेत् कुरुते बुद्धिपूर्वम् । स तत्पापं नूदते धर्मशीलो वासो यथा मलिनं क्षारयुक्त्या ॥ इति ॥ આ શ્લોકમાં વ્યાસ ભગવાન કહે છે કે- પુરૂષ પ્રથમ અજાણતાં કોઇ પાપ કરી નાખેલું હોય, અને પછી જ્યારે ખબર પડે, ત્યારે પશ્ચાતાપ પૂર્વક તે પાપના નિવારણને માટે જો કાંઇક પુણ્ય કરે, તો તે પુરૂષ એ પાપને દૂર કરી શકે છે. જેમ મલિન વસ્ત્ર પાવડર વડે કે સાબુન વડે શુદ્ધ થઇ શકે છે. તેમ અજાણતાં કરેલું પાપ જ પ્રાયશ્ચિત વડે દૂર થઇ શકે છે. પણ જાણીજોઇને કરેલું પાપ તો પ્રાયશ્ચિત વડે પણ દૂર થઇ શકતું નથી. આ વિષયમાં યાજ્ઞવલ્ક્ય ઋષિનું વચન પ્રમાણરૂપ છે.— प्रायश्चित्तैरपैत्येनो यदज्ञानकृतं भवेत् । कामतो व्यवहार्यस्तु वचनादिह जायते ॥ इति ॥ યાજ્ઞવલ્ક્ય કહે છે કે- અજાણતાં કરેલું પાપ જ પ્રાયશ્ચિત વડે દૂર થાય છે. જાણી જોઇને કરેલું પાપ તો પ્રાયશ્ચિત વડે પણ દૂર થતું નથી. પરંતુ જાણી જોઇને કરેલાં પાપમાં તો પ્રાયશ્ચિત આપનારા પુરૂષના વચનના બળથી એ પાપી પુરૂષ આલોકમાં વ્યવહારને યોગ્ય થાય છે. અર્થાત્ લોકમાં ભળી જાય છે પણ પાપ દૂર થતું નથી.

કદાચ અહીં કોઇને શંકા થાય કે- પાપને લીધે જ એ પાપી મનુષ્ય વ્યવહારને અયોગ્ય બનેલો હતો, અને જાણીને કરેલું પાપ તો નાશ પામતું નથી. તો પાપ નાશ પામ્યા વિના પાપી માણસ વ્યવહારમાં કેવી રીતે ભળી શકે ?

આના ઉત્તરમાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- પાપની બે શક્તિ છે. એક તો નરક ઉત્પન્ન કરનારી, અને બીજી વ્યવહારને રોકનારી. તેમાં જાણીને કરેલાં પાપમાં નરકને ઉત્પન્ન કરનારી શક્તિનો નાશ થતો નથી. છતાં પણ વ્યવહારને રોકનારી શક્તિનો તો નાશ થઇ જાય છે. અર્થાત્ આલોકમાં એ વ્યવહારમાં ભળી જાય છે. પણ જાણીને કરેલું પાપ પુણ્યથી ઠેલાતું નથી. અને પ્રાયશ્ચિત કરનારો પુરૂષ બન્નેનાં ફળને જુદાં જુદાં ભોગવે છે. આ વિષયમાં પરાશરગીતાનું વાક્ય પ્રમાણરૂપ છે. अज्ञानाद्धि कृतं पापं तपसैवाभिनिर्नुदेत् । बुद्धया कृत्वा तु यः पापं शुभमेवाऽनुतिष्ठति ॥ प्रायश्चितं नरः कृत्वा उभयं सोऽश्नुते पृथग् ॥ इति ॥ પરાશર ઋષિ કહે છે કે- અજાણતાં કરેલું પાપ તપ વડે દૂર થાય છે. પણ જે માણસ જાણીને પાપ કરે છે, અને પછી એ પાપને દૂર કરવા માટે પુણ્ય કરે છે. તો એ પાપી માણસ પાપ અને પુણ્ય આ બન્નેનાં ફળો જુદાં જુદાં ભોગવે છે. પ્રથમ જે પાપ કરેલું હોય, તેનું ફળ નરક ભોગવે છે અને નરકને ભોગવી લીધા પછી પાપને ઠેલવા માટે જે પુણ્ય કરેલું હોય, એ પુણ્યનું ફળ સુખ ભોગવે છે. પણ જાણીને કરેલાં પાપો પુણ્યથી ઠેલાતાં નથી. માટે બુદ્ધિપૂર્વક પાપાચરણ સર્વ પ્રકારે ક્યારેય પણ કરવું નહિ, આવું તાત્પર્ય છે. ॥૧૧॥

**देवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् । न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ॥१२॥**

મારા આશ્રિત હોય તેમણે દેવતા અને પિતૃઓના યજ્ઞને માટે પણ બકરા, મૃગલા, સસલા આદિક જીવની હિંસા કરવી નહિ. કારણ કે શાસ્ત્રોમાં અહિંસા છે એજ મોટામાં મોટો ધર્મ કહ્યો છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં કહે છે કે- કોઇ જગ્યાએ શાસ્ત્રોના નામે દેવોની આગળ હિંસા થતી હોય છે,

તો કોઈ જગ્યાએ દેવોના યજ્ઞમાં પણ હિંસા થતી હોય છે. તથા પિતૃઓના નામે શ્રાદ્ધમાં પણ હિંસા થતી હોય છે. શ્રીહરિ કહે છે, આવી હિંસા પણ ન કરવી. યજ્ઞમાં નહિ, કોઈ દેવ દેવી સમક્ષ નહિ, અને શ્રાદ્ધમાં પણ નહિ. કારણ કે અહિંસા છે એ જ મોટો ધર્મ છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- વેદોમાં કોઈક જગ્યાએ ‘‘યજ્ઞમાં હિંસા કરવી.’’ આવો હિંસાનો જે આભાસ છે, એતો કેવળ હિંસાના સંકોચને માટે છે. કોઈ વ્યક્તિ જ્યાં ને ત્યાં બહુ હિંસા કરતો હોય, તેને અટકાવવા માટે છે. પણ નાસ્તિકો અને માંસ ભક્ષણમાં આસક્ત એવા પુરૂષો વેદોનો શું સિદ્ધાન્ત છે, તેને સમજ્યા વિના તદ્દન ખોટી રીતે હિંસા પ્રવર્તાવેલી છે. બાકી વિધિરૂપે વેદ કે શાસ્ત્રોમાં કોઈપણ જગ્યાએ હિંસાનું પ્રતિપાદન નથી. કેવળ સંકોચરૂપે જ ક્યાંક જ હિંસાનું પ્રતિપાદન છે. આ વિષયમાં ભાગવતશાસ્ત્ર પ્રમાણરૂપ છે- लोके व्यवायामिषमद्यसेवा नित्यास्तु जन्तो र्न हि तत्र चोदना । व्यवस्थितिस्तेषु विवाहयज्ञसुराग्रहैरासु निवृत्तिरिष्टा ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- આ લોકમાં મૈથુન કરવું, માંસ ભક્ષણ કરવું અને દારૂનું પાન કરવું આ ત્રણ બાબતમાં કોઈને પણ આજ્ઞા કરવી પડતી નથી. એતો આસક્તિથી મનુષ્યોમાં નિત્ય પ્રવર્તેલ છે. આની જ્યાં ત્યાં અને જેમ તેમ બહુ પ્રવૃત્તિ થતાં વેદોએ મર્યાદા બાંધી છે કે સંતાનોત્પત્તિને માટે વિવાહ કરીને મૈથુન કરવું, પણ જ્યાં ત્યાં નહિ. અને માંસ ભક્ષણ કરવામાં બહુ આસક્તિ હોય, અને કોઈપણ પ્રકારે રહી શકાય નહિ, તો અશ્વમેધ યજ્ઞ કરીને માંસ ભક્ષણ કરવું. કારણ કે અશ્વમેધ યજ્ઞ તો રાજા તથા ધનવાન સિવાય સામાન્ય મનુષ્યોથી થઈ શકે નહિ. તેથી આવા નિયમો વડે સામાન્ય મનુષ્યોમાંથી માંસ ભક્ષણની પ્રવૃત્તિ અટકી જાય છે. અને દારૂનું પાન કરવામાં અતિ આસક્તિ હોય, કોઈપણ પ્રકારે રહી શકાય નહિ, તો સૂત્રામણી યજ્ઞ કરીને દારૂનું પાન કરવું. આ રીતે મર્યાદા બાંધીને વેદોએ વધી ગયેલી પ્રવૃત્તિમાં નિવૃત્તિ જ ઈચ્છેલી છે. અર્થાત્ સંકોચ કરાવેલો છે. પણ હિંસા કરવી જ, દારૂનું પાન કરવું જ, એવો કોઈ વેદનો સિદ્ધાન્ત નથી. આ રીતે ભાગવતમાં વર્ણવેલું છે.

પ્રતિવાદી અહીં શંકા કરે છે. કે હિંસા કરવાની મનાઈ કરો છો તો પછી યજ્ઞ કેવી રીતે કરી શકાય ? વેદમાં તો ‘‘अजेन यजेत’’ અજ વડે યજ્ઞો કરવા, આવો વિધિ બતાવેલો છે. શતાનંદ સ્વામી આનો ઉત્તર આપતાં કહે છે કે- અજ વડે યજ્ઞો કરવા એવો જે વિધિ બતાવેલો છે, એ વિધિમાં અજ શબ્દનો અર્થ ડાંગર થાય છે, પણ બકરો નહિ. આ વિષયમાં ધનંજયનું વાક્ય છે કે- ‘‘अजस्त्रैवार्षिको व्रीहिः ॥ इति ॥ ત્રણ વર્ષ જેમને વિતી ગયાં હોય, અને વાવીએ તો પણ ઉગે નહિ, આવી જે ડાંગર તેને શાસ્ત્રમાં અજ શબ્દથી કહેલ છે. માટે ડાંગર ઈત્યાદિક હોમદ્રવ્યો વડે યજ્ઞો કરવા, પરંતુ બકરાદિક પ્રાણીઓ વડે કદી પણ યજ્ઞો કરવા નહિ.

અને વળી વેદ તો કદી પણ હિંસા કરવાનું કહે જ નહિ. આ વિષયમાં નારદપંચરાત્રનું વાક્ય પ્રમાણરૂપ છે- श्रुतिर्वदति विश्वस्य जननीव हितं सदा । कस्यापि द्रोहजनकं न वक्ति प्रभुतत्परा ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, વેદો તો જગતની માતા છે. માતા જેમ પોતાના બાળકનું હમેશાં હિત જ કહે, તેમ વેદો પણ સારા વિશ્વનું હમેશાં હિત જ કહે છે. કોઈનો દ્રોહ થાય કે હિંસા થાય એવું વેદો કદી પણ કહે જ નહિ. કારણ કે વેદો પણ પ્રભુપરાયણ છે. અને પરમાત્માનો તો એ અભિપ્રાય છે કે સર્વે પ્રાણીઓને પોતાની માફક જોવાં. જેમ મને સન્માન સારૂં લાગે છે, એમ બીજાને પણ સારું લાગતું હશે. અને જેમ અપમાન મને ખરાબ લાગે છે, તેમ બીજાને પણ અપમાન ખરાબ લાગતું હશે. મને જેમ મરવું ગમતું નથી, તેમ બીજાને પણ મરવું ગમતું નહિ હોય. મને મારૂં જીવન વહાલું લાગે છે, તેમ બીજાને પણ વહાલું લાગતું હશે. આ રીતે સર્વે પ્રાણીઓને પોતાની પેઠે જોવાં, આ પ્રમાણે ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે કહેલું છે. માટે સર્વે પ્રાણીઓને પોતાની પેઠે જોવાં, આવો ભગવાનનો અભિપ્રાય છે. તો જે ઈશ્વરનો અભિપ્રાય હોય, એ જ વેદનો હોય છે. માટે વેદો કદી પણ પ્રાણીઓની હિંસા કરવાનું કહે જ નહિ. માટે કોઈપણ પ્રાણીઓની યજ્ઞને માટે પણ હિંસા કરવી નહિ.

અને વળી હિંસામય યજ્ઞનું ફળ તો શાસ્ત્રોમાં બહુ જ ખરાબ બતાવેલું છે. આ વિષયમાં ભાગવતનું વાક્ય પ્રમાણરૂપ છે.- भो भो प्रजापते राजन् पशून् पश्य त्वयाऽध्वरे । संज्ञापितान् जीवसंङ्घान् निर्घृणेन सहस्रशः ॥ एते त्वां संप्रतीक्षन्ते स्मरन्तो वैशसं तव । संपरेतमयःकुटैश्छिन्दन्त्युत्थितमन्यवः ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, પ્રાચીન બર્હિષ રાજાએ અનેક હિંસામય યજ્ઞો કરેલા હતા. યજ્ઞો કરી કરીને આ જગતની બધી પૃથ્વીને ચિતરી મૂકેલી હતી. એક વખત જ્યાં યજ્ઞકુંડ થયેલો હોય, ત્યાં ફરીવાર બીજો યજ્ઞકુંડ થઈ શકે નહિ. તેથી રાજા પાસે યજ્ઞ માટે જગ્યા રહી નહીં. તેથી વિચાર કરે છે કે, મારે યજ્ઞો કઈ જગ્યાએ કરવા ? આમ જ્યાં વિચારે છે, ત્યાં જ પ્રભુની પ્રેરણાથી નારદમુનિ પધાર્યા. રાજા નારદમુનિને કહે છે કે- હે મુને ! આપ મને જગ્યા બતાવો, મેં યજ્ઞો કરીને સારાયે વિશ્વની પૃથ્વીને ચિતરી મૂકી છે. હવે મારી પાસે જગ્યા નથી.

તે સમયે નારદજી કહે છે કે- તમો કેવા યજ્ઞો કરો છો ? રાજાએ ઉત્તર આપ્યો કે- “હિંસામય.” ત્યારે નારદજી કહે છે, “અરે !!! રાજન્ ! હિંસામય યજ્ઞો કદી થતા હશે ? હિંસામય યજ્ઞનું ફળ તો તમે જુઓ. !!! તમોએ યજ્ઞમાં નિર્દયપણે મારેલાં હજારે હજાર પશુઓ તમારી રાહ જોઈને આકાશમાં ઉભાં છે. જુઓ ! એ સર્વે પશુઓ તમને બોલાવે છે કે- “અહીં આવ, અહીં આવ” તારો બદલો લઈએ. નિર્દય એવો તું, તે નિર્દોષ એવાં અમને મારેલાં છે, માટે અહીં આવ, તને તારા કર્મનું ફળ આપીએ. આ રીતે સર્વે પશુઓ પોકારે છે. માટે હે રાજન્ ! મર્યા પછી તમો જ્યારે પરલોકમાં જશો ત્યારે તમને જોઈને ક્રોધિત થયેલાં બધાં પશુઓ તમારા તલ તલ જેટલા ટુકડા કરી નાખશે. આ રીતે જ્યારે નારદે કહ્યું, ત્યારે રાજાને પણ નારદજીની કૃપાથી આકાશમાં ક્રોધિત થયેલાં પશુઓ દેખાયાં છે. તેથી રાજા અતિ ભયભીત થઈને હિંસામય યજ્ઞો છોડી દીધા હતા. આ રીતે હિંસામય યજ્ઞનું ફળ અતિશે ખરાબ કહેલું છે.

હવે પ્રતિવાદી શંકા કરે છે કે- પ્રત્યક્ષ પશુને માર્યા વિના ખરીદેલા માંસ વડે યજ્ઞ કરીએ તો શું દોષ છે ? શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે, તેમાં પણ દોષ છે.– પ્રથમ તો માંસ વડે યજ્ઞો થાય જ નહિ. અને ખરીદેલા માંસ વડે યજ્ઞો કરનારો પણ ઘાતકી જ કહેલો છે. માર્કંડેયમુનિએ (૧) એક માંસ લાવનાર, (૨) પશુને મારવા માટે અનુમોદન આપનાર, (૩) માંસના કટકા કરનાર, (૪) ખરીદનાર, (૫) વહેંચનાર, (૬) રાંધનાર, અને (૭) માંસ ખાનાર. આ સાતેયને ઘાતકીની ગણનામાં આવરેલા છે. માટે ખરીદેલા માંસથી પણ યજ્ઞ થાય નહિ, આવું તાત્પર્ય છે.

હવે જેવી રીતે દેવતાઓના યજ્ઞમાં હિંસા કરવી નહિ. એવી જ રીતે પિતૃઓના યજ્ઞમાં કે શ્રાદ્ધમાં પણ હિંસા કરવી નહિ. પિતૃઓ માંસથી કદી પણ તૃપ્ત થતા નથી. આ વિષયમાં ભાગવતની અંદર નારદમુનિનું વચન છે. – न दद्यादामिषं श्राद्धे नाचाद्यात् धर्मतत्त्ववित् । मुन्यन्नैः स्यात् परा प्रीतिर्यथा न पशुहिंसया ॥इति॥ નારદજી કહે છે કે, શ્રાદ્ધમાં પિતૃઓને કદીપણ માંસ અર્પણ કરવું નહિ. અને પોતાને માંસનું ભક્ષણ કરવું નહિ. કારણ કે પિતૃઓ મુનિઓનું અન્ન જે સામો, નિવાર, દૂધ અને ઘીથી જેવા પ્રસન્ન અને તૃપ્ત થાય છે, તેવા માંસથી કદીપણ તૃપ્ત થતાં નથી. માટે સહજાનંદ સ્વામીનો અભિપ્રાય એવો છે કે, કોઈપણ ધાર્મિક ક્રિયાની અંદર કોઈપણ પ્રકારની હિંસા કરવી નહિ. સાત્વિકતાથી જ સર્વે ધાર્મિક ક્રિયાઓનું અનુષ્ઠાન કરવું. ॥૧૨॥

**स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्य च वा क्वचित् । मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा ॥१३॥**

અને અમારા આશ્રિતો હોય તેમણે સ્ત્રી, ધન અને રાજ્યની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યનો વધ સર્વપ્રકારે ક્યારેય પણ કરવો જ નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આ મનુષ્ય શરીરથી સર્વે પુરુષાર્થોની પ્રાપ્તિ થાય છે. માટે આ મનુષ્ય શરીરનો જો વધ કરી નાખવામાં આવે તો સર્વે પુરુષાર્થોનો વધ કર્યો કહેવાય છે.

શાસ્ત્રોમાં મનુષ્યોની હિંસાનાં ત્રણ નિમિત્તો મુખ્યપણે બતાવ્યાં છે. સ્ત્રી, ધન અને રાજ્ય. જોકે આપણે મનુષ્યનો વધ કરીએ અને તેના બદલામાં સ્ત્રીની પ્રાપ્તિ થઈ જતી હોય, અથવા ધન તથા ચક્રવર્તી રાજ્યની પ્રાપ્તિ થતી હોય, તો પણ મનુષ્યનો વધ તો સર્વ પ્રકારે ત્યાજ્ય છે. ક્યારેય પણ કરવો નહિ. કારણ કે- મનુષ્યનો વધ કરનારા મનુષ્યને ફરીવાર મનુષ્ય જન્મની પ્રાપ્તિ થતી નથી. नृत्वं नरकभोगान्ते नृहन्तुर्न पुनर्भवेत् ॥ इति ॥ આ પદ્યનો એ અર્થ છે કે- મનુષ્યનો વધ કરનાર પુરૂષને પ્રથમ નરકની પ્રાપ્તિ થાય છે. અને નરકને ભોગવ્યા પછી પણ ફરીવાર મનુષ્ય જન્મની પ્રાપ્તિ થતી નથી. પરંતુ પશુ-પક્ષીની યોનિને પામે છે. માટે કોઈપણ સ્વાર્થને માટે મનુષ્યનો વધ કરી નાખવો નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૩॥

**आत्मघातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा । अयोग्याचरणात् क्वापि न विषोद्‌बन्धनादिना ॥१४॥**

અને વળી મારા આશ્રિતો હોય તેમણે, તીર્થને વિષે પણ આત્મઘાત કરવો નહિ. અને ક્રોધના નિમિત્તે તથા અયોગ્ય આચરણના નિમિત્તે ઝેર ખાઈને કે ગળે ટુપો ખાઈને કે કૂવામાં પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- જેમ બીજા મનુષ્યના શરીરનો વધ કરવો નહિ, તેમ પોતાના શરીરનો પણ વધ કરવો નહિ. જગતમાં એમ કહેવત છે કે તીર્થમાં જઈને જો મરે તો એનો મોક્ષ થાય. એમ જો તીર્થમાં જઈને મરવાથી મોક્ષ થઈ જતો હોય, તો અંત વખતે સર્વે મનુષ્યો તીર્થમાં જઈને જ મરે, અને સર્વે મોક્ષભાગી થઈ જાય. શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- તીર્થમાં જઈને જે મરવું, એ મહા અધમ પાપ છે. તીર્થમાં જઈને મરવાથી ક્યારેય પણ મોક્ષ થતો નથી. પરંતુ ત્યાં જઈ ભગવત્સ્મરણ કરવાથી જ મોક્ષ થાય છે. પણ શરીર ત્યાગવાથી નહિ. તીર્થમાં જઈને શરીર ત્યાગવા વિષે કોઈ શાસ્ત્રોમાં વાક્યો જો આવતાં હોય તો એ સત્યયુગ પરત્વે છે, એમ સમજવું. પણ કળીયુગમાં નહિ. માટે અતિ તુચ્છ સ્વર્ગાદિકનાં સુખની પ્રાપ્તિને માટે કે મોક્ષની ઈચ્છાથી સમગ્ર પુરૂષાર્થોને સાધી આપનાર એવા મનુષ્ય શરીરનો વધ કરવો જ નહિ. આ મનુષ્ય શરીરથી ભગવાનની ભક્તિ થઈ શકે છે. અને ભક્તિવડે તો સર્વે પુરૂષાર્થોની પ્રાપ્તિ થાય છે. ભક્તિવડે સ્વર્ગની પ્રાપ્તિ થાય છે અને મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે. અને જો આ શરીરનો નાશ કરી નાખે તો ભક્તિ પ્રાપ્ત થઈ શકે નહિ. અને ભક્તિ વિના તો કોઈ પુરૂષાર્થોની પ્રાપ્તિ થાય નહિ. અને સ્વર્ગ કે મોક્ષની પણ પ્રાપ્તિ થાય નહિ. અને નરકની પ્રાપ્તિ થાય છે. માટે શાસ્ત્રોમાં કદાચ કહેલો હોય છતાં કળીયુગમાં તો એ આત્મઘાત કોઈપણ પ્રકારે ક્યારેય કરવો નહિ.

આ પ્રમાણે શાસ્ત્રીય આત્મઘાતનો નિષેધ કરીને, હવે કેટલીક વાર સ્વભાવને વશ થઈને આત્મઘાત થતો હોય છે, તેનો પણ નિષેધ કરે છે– આત્મઘાત ક્રોધથી પણ થાય છે. માણસમાં જ્યારે ક્રોધ વ્યાપે છે, ત્યારે એ માણસ એટલો બધો વિકળ બની જાય છે કે, એ વખતે વિચાર વિવેકનું ભાન રહેતું નથી. એ ક્ષણ અતિ ભયંકર અંધકારમય હોય છે. આત્મઘાત કરનારો કાંઈ પણ વિચારી શક્તો નથી. એને વિચારમાં અને દૃષ્ટિમાં અંધકાર દેખાય છે. અંધકારમાં ને અંધકારમાં માણસ આત્મઘાત કરી બેસે છે. માટે શ્રીહરિનો અભિપ્રાય એ છે કે- જ્યારે ક્રોધ આવે ત્યારે ધીરજ અને વિવેકે કરીને ક્રોધને દૂર કરવો. પણ ગળે ટુપો ખાઈને કે ઝેર ખાઈને અથવા કૂવામાં પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત કરવો નહિ.

અને વળી લોક લજ્જાથી પણ આત્મઘાત થતો હોય છે. પોતાથી બહુ ભયંકર એવું અયોગ્ય આચરણ થઈ ગયું હોય, અને સર્વે મનુષ્યો એમને ફિટકારતાં હોય, તિરસ્કાર પૂર્વક કરડી નજરે જોતાં હોય, સમાજમાં ક્યાંય મોઢું બતાવાય એવી સ્થિતિ ન હોય ત્યારે દૂર દેશમાં ચાલ્યા જવું અને ત્યાં પ્રાયશ્ચિત કરીને ભગવાનનું ભજન કરવું પણ આત્મઘાત કરવો નહિ. આત્મઘાત કરનારને ઘોર નરકની પ્રાપ્તિ થાય છે. આ વિષયમાં શ્રુતિનું વાક્ય છે. आसुर्या नाम ते लोका अन्धेन तमसा वृत्ताः । तांस्ते प्रेत्याऽभिगच्छन्ति ये के चात्महनो जनाः ॥ इति ॥ અર્થઃ- આત્મઘાત કરનારા મનુષ્યો ઘોર નરકને પામે છે. અને પોતે મનુષ્ય શરીરને વ્યર્થ ગુમાવેલું હોવાથી, અને મનુષ્ય શરીરની કિંમત સમજી ન હોવાને કારણે ફરીવાર, આત્મહત્યા કરનારા જનો મનુષ્ય જન્મને પામતા નથી. પરંતુ પશુ-પક્ષીના જન્મને પામે છે, આવો ભાવ છે. ॥૧૪॥

**न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् । न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥१५॥**

અને વળી મારા આશ્રિતોએ યજ્ઞ કરતાં બાકી રહેલા માંસનું પણ ભક્ષણ કરવું નહિ, અને દેવને નિવેદન કરેલું એવું સુરા હોય કે મદ્ય હોય તેનું પણ પાન કરવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- જેમ બીજાના વધથી અને પોતાના વધથી દૂર રહેવું, એ જ રીતે માંસ ભક્ષણથી પણ સર્વ પ્રકારે દૂર રહેવું. ભક્તોએ યજ્ઞ કરતાં બાકી રહેલા માંસનું પણ ભક્ષણ કરવું નહિ, એટલે ભક્તો તો મોક્ષ માર્ગે રહેલા હોવાથી ક્યારેય પણ હિંસામય યજ્ઞ કરે જ નહિ. પરંતુ બીજા સ્થાનકને વિષે કોઈએ હિંસામય યજ્ઞ કરેલો હોય, અને પોતાને આમંત્રિત કર્યા હોય, અને એ યજ્ઞમાં દેવતાઓને કે પિતૃઓને માંસ અર્પણ કરેલું હોય અને દેવ તથા પિતૃઓને અર્પણ કરતાં બાકી રહેલું પ્રસાદીનું માંસ હોય છતાં પણ મારા આશ્રિતોએ ભક્ષણ કરવું નહિ. માંસ તો સર્વ અપવિત્ર વસ્તુઓમાં સર્વથી અધિક અપવિત્ર છે. તેના સ્પર્શનો પણ ત્યાગ કરવો ઘટે, તો પછી માંસનું ભક્ષણ તો થાય જ ક્યાંથી ? ન જ થાય.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- જેનો આહાર શુદ્ધ હશે, તેનું અંતઃકરણ શુદ્ધ થશે. અને આહાર જેનો અશુદ્ધ હશે તેનું અંતઃકરણ પણ અશુદ્ધ થશે. તેનું પ્રમાણ દાનધર્મમાં ભીષ્મપિતાએ કહ્યું છે કે- પુરૂષ ગમે તેવા મોટા મોટા યજ્ઞો કરે, પણ જો તેનો આહાર શુદ્ધ ન હોય તો તેનું અંતઃકરણ શુદ્ધ થતું નથી. કદાચ કોઈ યજ્ઞો ન કરી શકે, પણ જો તેનો આહાર પવિત્ર હશે તો એનું અંતઃકરણ પવિત્ર થશે જ. અને અંતઃકરણ શુદ્ધ થવાથી સારા વિચારો પ્રાપ્ત કરી શકશે.

અને માંસ કાંઈ વનવેલી કે વૃક્ષ થકી ઉત્પન્ન થતું નથી. માટે સર્વ પ્રકારે માંસ ભક્ષણ કરવામાં દોષ જ છે. મનુસ્મૃતિમાં કહેલું છે કે- ‘‘नाऽकृत्वा प्राणिनां हिंसां मांसमुत्पद्यते क्वचित् । न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं न भक्षयेत् ॥ इति ॥ માંસની ઉત્પત્તિને માટે પ્રાણીનો વધ આવશ્યક છે. અને પ્રાણીઓનો વધ કાંઈ સ્વર્ગ સુખને આપનારો નથી. માટે માંસ ભક્ષણમાં સર્વપ્રકારે દોષ કહ્યો છે.

અને વળી મહાભારતમાં એક કથા છે કે- ઈન્દ્રે હિંસામય યજ્ઞનો આરંભ કર્યો. તે સમયે ત્યાં વસિષ્ઠાદિક ઋષિઓ જઈ પહોંચ્યા છે. ત્યાં ઋષિઓ અને ઈન્દ્રનો સંવાદ છે. ઈન્દ્ર કહે છે કે વેદોમાં હિંસામય યજ્ઞો લખાયેલા છે. માટે વેદો હિંસા પરાયણ છે. ઋષિઓ કહે છે કે નહિ, વેદમાં હિંસામય યજ્ઞો વિધિરૂપે લખાયેલા નથી. માટે વેદો હિંસા પરાયણ નથી, પરંતુ અહિંસા પરાયણ છે. આમ બન્નેનો જ્યારે સંવાદ ચાલી રહ્યો હતો. તે સમયે ઉપરિચરવસુ નામના રાજા ત્યાં પધાર્યા છે. ઋષિઓએ ઉપરિચરવસુ રાજાને સંશય પૂછ્યો કે, હે રાજન્ ! હિંસામય યજ્ઞો થાય કે નહિ ? અર્થાત્ માંસનું ભક્ષણ થાય કે નહિ ? તે સમયે વસુ રાજાએ વિચાર કર્યો કે કોનો કયો પક્ષ છે, એ હું જરા પુછી લઉં.

રાજા પુછે છે, હે ઋષિઓ ! તમારો પક્ષ કયો છે ? અને દેવતાઓનો પક્ષ કયો છે ? ત્યારે ઋષિઓએ કહ્યું કે- હિંસામય યજ્ઞો દ્વારા પણ માંસ ભક્ષણ ન થાય એ અમારો પક્ષ છે. અને હિંસામય યજ્ઞો વેદ માન્ય છે, માટે હિંસામય યજ્ઞો દ્વારા માંસનું ભક્ષણ થાય, એ દેવતાઓનો પક્ષ છે.

તે સમયે ઈન્દ્ર વસુ રાજાનો મિત્ર થતો હતો. તેથી ઈન્દ્રનો ખોટો પક્ષ રાખીને રાજાએ કહ્યું કે- હિંસામય યજ્ઞો થાય છે અને નથી પણ થતા. અર્થાત્ વેદો હિંસા પરાયણ છે અને અહિંસા પરાયણ પણ છે. આમ જ્યાં રાજાએ વેદોને હિંસા પરાયણ કહ્યા તે જ સમયે આકાશ ઉપરથી પૃથ્વી ઉપર પડી ગયા. તે વસુ રાજા યજ્ઞોના પુણ્યથી આકાશમાં વિચરણ કરતા હતા.

ફરીવાર ઋષિઓએ રાજાને સમજાવ્યા કે તમોએ વેદને હિંસાપરાયણ કહ્યા તેથી તમો આકાશ ઉપરથી પૃથ્વી પર પડી ગયા છો. માટે હજુ પણ તમે કહો કે વેદો હિંસાપરાયણ નથી. ત્યારે ફરીવાર પણ રાજાએ કહ્યું કે ના, મેં કહ્યું એ બરાબર છે. આમ જ્યાં કહ્યું ત્યાં પૃથ્વી ફાટી અને

રાજા પૃથ્વીમાં પ્રવેશી મહાન કષ્ટને પામ્યા. આ રીતે હિંસામય યજ્ઞો દ્વારા પણ માંસ ભક્ષણમાં મોટો દોષ છે. માટે સર્વ પ્રકારે માંસ ભક્ષણ કરવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામીએ તો સત્સંગીજીવનમાં છાલ સહિત અગ્નિમાં શેકાયેલી લીલી સીંગોને પણ ખાવાની મનાઈ કરી છે. आर्द्रा बल्लास्तथाढक्यो भृष्टाः स्युर्यद्यनिस्तुषाः । पुम्भिर्न भक्ष्यास्ते सूक्ष्मजीवान्तसम्भवात् ॥ इति ॥ વાલ, તુવેર, વટાણા, ચોરા ઈત્યાદિક સીંગ ધાન્યો જો છાલ ઉતાર્યા વિના અગ્નિમાં શેકેલ હોય કે પાણીમાં બાફેલ હોય તો મારા આશ્રિત એવા સ્ત્રી-પુરૂષોએ ક્યારે પણ એ સીંગો ખાવી નહિ. કારણ કે સીંગોને શેકતી વખતે કે બાફતી વખતે બહારથી દેખાતા ન હોય એવા સૂક્ષ્મ કીડાઓ સીંગોની અંદર જ ઉત્પન્ન થયેલા હોય છે, તેનો નાશ થાય છે. માટે એક તો હિંસારૂપ દોષ લાગે છે, અને બીજો આપણે એ સીંગોનું ભક્ષણ કરીએ એટલે માંસ ભક્ષણનો દોષ લાગે છે. આ પ્રકારે બે દોષ લાગતા હોવાને કારણે મારા આશ્રિતોએ એ વસ્તુનું ભક્ષણ કરવું નહિ.

અને વળી ઈષ્ટદેવપણે માન્ય એવા કાલીભૈરવાદિકને નિવેદન કરેલ સુરા અને મદ્ય તેનું પણ પાન કરવું નહિ. શાસ્ત્રોમાં ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય બતાવેલું છે. મનુસ્મૃતિમાં ત્રણ પ્રકારની સુરાનું વર્ણન કરેલું છે, જેમ કે- ''गौडी माध्वी तथा पैष्टी विज्ञेया त्रिविधा सुरा ॥ इति ॥'' એક તો ગોળમાંથી બનાવેલી, બીજી મહુડામાંથી બનાવેલી, ત્રીજી લોટમાંથી બનાવેલી. આમ ત્રણ પ્રકારની સુરા શાસ્ત્રમાં બતાવેલી છે. અને અગિયાર પ્રકારનું મદ્ય પણ શાસ્ત્રમાં વર્ણવેલું છે. पानसं द्राक्षमाधूकं खार्जूरं तालमैक्षवम् । माधूत्थं सैरमारिष्टं मैरेयं नालिकेरजम् ॥ इति ॥ એક તો ફાનસ નામના ફળમાંથી બનાવેલું, બીજું દ્રાક્ષમાંથી, ત્રીજું મહુડામાંથી, ચોથું ખજુરમાંથી, પાંચમું તાળમાંથી, છઠ્ઠું શેરડીમાંથી, સાતમું મધમાંથી, આઠમું સિંધડીમાંથી, નવમું અરિઠામાંથી, દશમું ધાત્રી, ધાવળી અને ગોળના પાણીમાંથી, અને અગિયારમું નાળીયેરમાંથી બનાવેલું. આ રીતે અગિયાર પ્રકારનાં મદ્યો શાસ્ત્રમાં બતાવ્યાં છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે, આ રીતે એ સમયમાં સુરા અને મદ્યના નક્કી કરેલા પ્રકારો હતા. જેમ કે ત્રણ પ્રકારની સુરા, અને અગિયાર પ્રકારનું મદ્ય. સુરા એટલે પીતાંની સાથે જ બુદ્ધિમાં મોહ ઉપજાવે, સાન ભાન ભુલાવી દે, જેને તીવ્ર નશો કહે છે. અને મદ્ય એટલે હળવો નશો. આવાં અગિયાર પ્રકારનાં મદ્યો તે વખતે વર્ણવ્યાં છે. અત્યારે તો અનેક પ્રકારનાં બને છે. પણ જે પીવામાં કેફ ચડે, જે પીવાથી વિચારતંત્ર જ બદલાઈ જાય, એવી કેફી વસ્તુ મારા આશ્રિતોએ ક્યારેય પણ પીવી નહિ. આવો ભાવ છે.

હવે અહીં પ્રતિવાદી એવી શંકા કરે છે કે, જેને દારૂનું પાન કરવામાં અતિ આસક્તિ હોય, જે અતિ રાગથી દારૂનું પાન કરતા હોય, તેને માટે ભલે તમો મનાઈ કરો, પણ દેવતાઓને નિવેદન કરેલા દારૂને પ્રસાદરૂપ સમજીને પીવામાં શું દોષ છે ? શતાનંદ સ્વામી એનો ઉત્તર આપતાં કહે છે કે- સાંભળો :- દેવતાઓ સાત્વિક છે. મનુષ્યો રાજસી છે. અને અસુરો તામસી છે. આ મોટો પ્રસિદ્ધ રાજમાર્ગ છે. તેમાં દેવતાઓને સુરાનું નિવેદન કરવું, એજ પ્રથમ ઘટીત નથી. દેવોને સુરાનું નિવેદન થાય જ નહિ. કારણ કે સુરા એ અસુરોનું અન્ન કહેલું છે. પરંતુ દેવતાઓનું અન્ન નથી. દેવતાઓનું પૂજન તો દૂધપાક, પુષ્પો આદિક સાત્વિક ઉપચારોથી કહેલું છે. માટે દેવોને નિવેદન કરેલું પ્રસાદરૂપ એવું પણ સુરા કે મદ્ય તેનું ક્યારેય પણ પાન કરવું નહિ. આવો અભિપ્રાય છે. ॥૧૫॥

**अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा । अङ्गच्छेदो न कर्तव्यः शस्त्राद्यैश्च क्रुधापि वा ॥१६॥**

અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્યાચરણ થઈ ગયું હોય અથવા બીજાવતે અયોગ્યાચરણ થઈ ગયું હોય, તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન કરવું નહિ, અથવા ક્રોધે કરીને પણ પોતાના કે બીજાના અંગનું છેદન કરવું નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, જેમ કોઈ પણ પ્રાણીઓની હિંસા કરવી નહિ. તેજ રીતે કોઈ પણ પ્રાણીઓના

અંગનું છેદન પણ કરવું નહિ. ક્યારેક લોક અને શાસ્ત્રમાં નિષેધ કરેલા પાપકર્મનું આચરણ પોતાથી અથવા બીજાથી થઇ ગયું હોય, તો તલવાર, છરી, સજાયો આદિક શસ્ત્રોવડે કરીને પોતાના અથવા પોતાનો અપરાધ કરનાર સ્ત્રી, પુરૂષ, પશુ, પક્ષી આદિક બીજાના કર્ણ, નાસિકા, શિશ્ન આદિક અંગનું છેદન કરવું નહિ. ભગવાને આપેલા અખંડિત શરીરને જો પોતે ખંડિત કરી નાખે છે, તો એ ભગવાનનો દ્રોહ કર્યો કહેવાય છે. અને એના ઉપર ભગવાનનો કુરાજીપો થાય છે. તેથી વારંવાર જન્મમરણરૂપી સંસૃતિમાં ભ્રમણ પ્રાપ્ત થાય છે.

શતાનંદ સ્વામી સમજાવે છે કે, પોતાના હાથવડે ચોરી ઈત્યાદિક અયોગ્ય કર્મ થઇ ગયું હોય, અથવા નેત્રો વડે પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિ ઈત્યાદિક પાપ કર્મ થઇ ગયું હોય, અને પછી વિચારે કે મારા હાથથી અથવા નેત્રોથી આવું અયોગ્ય કર્મ થયું. માટે મારે હવે હસ્ત તથા નેત્રો જોઈએ જ નહિ. આમ આવેશમાં આવીને હસ્તને કાપી નાખે, નેત્રોને ફોડી નાખે, તેણે કરીને હૃદયમાં રહેલા વેગો કાંઇ દૂર થઇ જતા નથી, અને એ પુરૂષ કાંઇ જીતેન્દ્રિય પણ કહેવાતો નથી. કારણ કે સર્વે ઈન્દ્રિયોનો નાયક મન છે, અર્થાત્ ઈન્દ્રિયોને પ્રેરણા આપનાર મન છે. અને મનને પ્રેરણા આપનારી બુદ્ધિ છે. બુદ્ધિ જેવો નિશ્ચય કરે છે. એ પ્રમાણે મન, ઈન્દ્રિયોને પ્રવર્તાવે છે. માટે ઈન્દ્રિયોને છેદી નાખવાથી કોઈ અર્થ સિદ્ધ થતો નથી. સાત્વિક વાતાવરણમાં રહીને, અને સાત્વિક કર્મથી જ્યારે બુદ્ધિને સાત્વિક બનાવવામાં આવે, ત્યારે જ મન અને ઈન્દ્રિયો ઉપર કાબુ આવી શકે છે. ત્યારે જ પુરુષ જીતેન્દ્રિય બની શકે છે. એમ છતાં પણ જો ક્યારેક પ્રકૃતિને પરવશ બનીને પોતાથી તથા બીજાથી કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય, તો શાસ્ત્રને અનુસારે યથાશક્તિ પ્રાયશ્ચિત વ્રત કરવું, અથવા બીજા પાસે કરાવવું એ યોગ્ય છે. પણ અંગોનું છેદન કરી નાખવું એ યોગ્ય નથી, આવું તાત્પર્ય છે.

અને વળી સ્કંદપુરાણમાં કહેલું છે કે- परस्य त्रासजननी नोच्चार्या वागपि क्वचित् ॥ इति ॥ બીજાને ત્રાસ ઉત્પન્ન કરનારી વાણી પણ ક્યારેય બોલવી નહિ. ''આજે હું મારા અંગને કાપી નાખીશ, કે તમે આ દેવદત્તનું અંગ કાપી નાખો'' આવું પોતાના તથા બીજાના અંગને છેદવાનું વચન પણ બોલવું નહિ. બોલવામાં પણ પાપ છે, આવો ભાવ છે.

તેવી જ રીતે કોઈ દુર્જન પુરૂષોએ, અથવા પોતાના સંબન્ધીઓએ મર્મસ્થળને ભેદી નાખે એવું કઠોર વચન કહેલું હોય, અને તેણે કરીને પોતાને ક્રોધ ઉત્પન્ન થાય, અરે ! મને આમ કહ્યું, આમ આવેશમાં આવીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન કરવું નહીં. કારણ કે ક્રોધ છે એ પોતે કરેલા સમગ્ર પુણ્યમાત્રને બાળી નાખનાર છે. માટે ક્રોધને નિયમમાં કરી લેવો, પણ અંગોનું છેદન કરવું નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૬॥

**स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् । सस्वामिकाष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ॥१७॥**

અને વળી મારા આશ્રિતો હોય તેમણે, ધર્મકાર્ય કરવાને અર્થે પણ ચોરીનું કર્મ ન કરવું, અને ધણીયાતી જે કાષ્ટ પુષ્પાદિક વસ્તુ, તે તેના ધણીની આજ્ઞા વિના લેવી નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- ધર્મને અર્થે પણ ચોરી ન થાય, તો પોતાના કુટુંબના પોષણાદિકને માટે કે પોતા માટે તો ચોરી ક્યાંથી થાય ? ન જ થાય.

ચોરીનું કર્મ એટલે ધણીની હાજરીમાં બળાત્કારે, અથવા તો ધણીની ગેરહાજરીમાં પારકા દ્રવ્યમાત્રનું હરણ કરી લેવું, પારકું દ્રવ્ય લુંટી લેવું તેને કહેવાય ચોરીનું કર્મ, આવું ચોરીનું કર્મ કોઈ ધર્મ સંબંધી કાર્યને માટે પણ કરવું નહિ. કારણ કે ચોરીનું દ્રવ્ય બીજાના અંતઃકરણને ક્લેશ આપીને મેળવેલું હોય છે. અને એ અન્યાયનું કહેવાય છે. માટે એ ચોરીનું દ્રવ્ય ધર્મકાર્ય માટે યોગ્ય જ નથી. નીતિ અને ન્યાયથી પ્રાપ્ત કરેલું દ્રવ્ય હોય એ જ ધર્મકાર્ય માટે યોગ્ય છે.

શતાનંદ સ્વામી સમજાવે છે કે- આપણા મનમાં ક્યારેક એમ થાય જે હું ભગવાનનાં દર્શન માટે મંદિરમાં જાઉં છું, અને આ વસ્તુ પણ ભગવાનને અર્પણ કરવી છે, આમાં આપણને ક્યાં સ્વાર્થ છે, કેવળ ભગવાનને માટે લેવી છે ને ? એમ માનીને કોઈની વાડીમાંથી પુષ્પાદિક વસ્તુ ચોરીને ભગવાનને અર્પણ કરવામાં આવે, તો એ અર્પણ ક્રિયામાં કાંઇ પાપ નથી, એમાં તો પુણ્ય જ છે. પણ એ પુણ્ય તો જેમની વસ્તુ હોય તેમને જ મળે છે. પોતાના ભાગમાં તો પોતે ચોરી કરી, તેનું પાપ જ મળે છે. આ વિષયમાં દાનખંડને વિષે યમસ્મૃતિનું વાક્ય છે. अपहृत्य परस्यार्थं दानं यस्तु प्रयच्छति । स दाता नरकं याति यस्यार्थास्तस्य तत्फलम् ॥ इति ॥ આ વાક્યનો એ અર્થ છે કે- પારકા દ્રવ્યનું હરણ કરીને દાન આપવું કે કોઈપણ ધર્મસંબન્ધી કાર્ય કરવું, તેમાં બે ક્રિયાઓ થાય છે. એક ક્રિયા પાપરૂપ છે, અને બીજી ક્રિયા પુણ્યરૂપ છે. પારકું દ્રવ્ય ચોરી લેવું એ ક્રિયા પાપરૂપ છે. અને પારકા દ્રવ્ય વડે જે ધર્મસંબન્ધી કાર્ય કરવું, એ ક્રિયા પુણ્યરૂપ છે. પણ એ પુણ્ય જેની વસ્તુ હોય તેના ખાતામાં જમા થાય છે. અને ચોરી કરીને ધર્મકાર્ય કરનાર પુરૂષના ખાતામાં તો પાપ જ જમા થાય છે. પણ પુણ્ય નહિ. માટે મારા આશ્રિતોએ ન્યાયથી મેળવેલા દ્રવ્યથી જ ધર્મસંબન્ધી કાર્ય કરવું, આવો અભિપ્રાય છે.

અને વળી કોઈપણ વસ્તુ ધણીયાતી હોય, એ વસ્તુ તેના ધણીની આજ્ઞા વિના લેવી નહિ. કોઈપણ વસ્તુ પોતાને જોઈતી હોય, તો તેના ધણીની આજ્ઞા લઈને જ લેવી. અને જે વસ્તુનો કોઈ ધણી ન હોય, એવી વસ્તુ લેવામાં કોઇ દોષ નથી. મોટે ભાગે ધણી વિનાની કોઈ વસ્તુ હોતી નથી. વસ્તુનો કોઈ ને કોઈ ધણી હોય છે. કોઈ જંગલ કે પહાડો હોય એ પણ સરકારની હસ્તક હોય છે. તેથી માલિકીની વસ્તુ તેના માલિકની આજ્ઞા વિના લેવી નહિ.

અને વળી શાસ્ત્રોમાં કોઈક જગ્યાએ ચોરી કરવાની છુટ પણ આપેલી છે. જેમ કે- द्विजस्तृणैंधपुष्पाणि सर्वतः स्ववदाहरेत् ॥ इति ॥ આ વાક્યનો એ અર્થ છે કે- ગાયને માટે ઘાસ જોઈતું હોય, યજ્ઞને માટે કાષ્ટ જોઈતાં હોય, અથવા દેવને માટે પુષ્પ જોઈતાં હોય, તો બધી જગ્યાએથી પોતાનું જાણીને લઈ લેવું. આમાં શતાનંદ સ્વામીનો અભિપ્રાય એવો છે કે- પહેલાના સત્યયુગના સમયમાં, કોઈ ગાય માટે ઘાસ લે, કે હોમને માટે કાષ્ટ લે, અથવા દેવને માટે પુષ્પ લે, તેમાં કદાચ કોઈ એમના માલિક બોલતા નહિ હોય. કારણ કે- પહેલાના સમયમાં મોટે ભાગે મનુષ્યો સાત્વિક હતાં, અને ગાય તથા દેવને વિષે ભાવનાવાળાં હતાં. પણ અત્યારના સમયમાં જો કોઈ આ સ્મૃતિને સંભારીને કોઈની વાડીમાં ગાયને માટે ઘાસ કે દેવને માટે પુષ્પ લેવા માટે પ્રવેશ કરે, તો એની શું દશા થાય ? કારણ કે વાડીના માલિકને યજ્ઞનો, દેવનો કે ગાયનો મહિમા ન પણ હોય, તેથી ઝઘડા સિવાય ઘાસ કે પુષ્પાદિક કાંઇ પણ પ્રાપ્ત થાય નહિ. કેવળ કલહ જ પ્રાપ્ત થાય છે. માટે શતાનંદ સ્વામીનો તો અભિપ્રાય એવો છે કે, આ કળીયુગમાં જે કોઈપણ વસ્તુ જોઈતી હોય, તો ધણીને પૂછીને જ લેવી.

અને વળી મનુઋષિએ ક્યારેક આપત્કાળમાં ચોરીની છૂટ પણ આપેલી છે. द्विजोऽध्वगः क्षीणवृत्तिः द्वाविक्षू द्वे च मूलके । आददानः परक्षेत्रात् न दण्डं दातुमर्हति ॥ इति ॥ આ વાક્યનો એ અર્થ છે કે- કોઈ સમયે કોઈ પુરૂષ માર્ગમાં ભટકતો હોય, બહુ ભૂખ લાગેલી હોય તો એ પુરૂષ જો બીજાની વાડીમાંથી બે શેરડીના સાંઠા કે બે મૂળા લઈ લે તો એ રાજાના દંડને યોગ્ય નથી. તેવી જ રીતે કોઈ પુરૂષને ત્રણ ઉપવાસ થઈ ગયા હોય, એવો પુરૂષ ચોથે દિવસે કોઈકની વાડીમાંથી એક ટક ચાલે તેટલું જો અન્ન ગ્રહણ કરી લે, તો પણ એને દોષ લાગતો નથી.

આમાં શતાનંદ સ્વામીનો અભિપ્રાય એ છે કે, માલિક જો હાજર હોય, તો માલિકને પુછીને જ લેવું. પણ માલિક જો હાજર ન હોય, અને પોતાને ત્રણ ઉપવાસ થઈ ગયા હોય, એવો પુરૂષ જો ચોથે દિવસે એક ટક જેટલું અન્ન લઈ લે, અથવા બે શેરડીના સાંઠા કે બે મૂળા લઈ લે, તો એ દોષનો ભાગીદાર બનતો નથી. કારણ કે એ આપત્કાળનો વિષય છે. આપત્કાળમાં તો આપત્કાળના ધર્મ પ્રમાણે રહેવું, આવું શ્રીહરિનું તાત્પર્ય છે. ॥૧૭॥

**व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः । द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम् ॥१८॥**

અને અમારા આશ્રિત પુરૂષો તથા સ્ત્રીઓ હોય, તેમણે વ્યભિચાર ક્યારેય પણ કરવો નહિ. અને જુગાર આદિક વ્યસનોનો ત્યાગ કરી દેવો; અને ભાંગ, ગાંજો, અફીણ આદિક કેફ કરનારી વસ્તુનું ક્યારેય પણ ભક્ષણ કરવું નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજે સદાચારને અતિ મહત્વ આપેલું છે. ગૃહસ્થો માટે સદાચારમાં સારામાં સારૂં પાસું એકપત્ની વ્રત છે. પોતાની પત્ની સિવાય બીજી તમામ સ્ત્રીઓ પ્રત્યે માતૃભાવ, બહેનભાવ, કે દીકરીભાવ રહે, આવા ગૃહસ્થને બ્રહ્મચારીની સમાન ઉત્તમ કહેલો છે. અને જો ગૃહસ્થ પુરૂષો કે સ્ત્રીઓના હૃદયમાં પાપમય વાસનાનો પ્રવેશ થાય, અને એ પ્રવેશને પોતે અટકાવી શકે નહિ, અને જો અનિષ્ઠ આચરણ કરે, તો એ ગૃહસ્થ મહાપાપી બને છે. અને આ લોકમાં પણ મહાન નિંદાને પામે છે. આ વિષયમાં અહીં મનુસ્મૃતિનું વાક્ય પ્રમાણરૂપ છે. व्यभिचारात्तु भर्तुः स्त्री लोके निन्द्यतां प्राप्नोति । शृगालयोनिमाप्नोति पापरोगैश्च पीडयते ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે સ્ત્રી જો વ્યભિચાર કર્મ કરે, અર્થાત્ જો પરપુરૂષનો સંગ કરે તો એ સ્ત્રી આ લોકમાં નિંદાને પાત્ર બને છે. અને પરલોકમાં શિયાળીની યોનિને પામે છે. અને એ યોનિમાં પાપ તથા રોગ વડે પીડા પામે છે. એ જ પ્રમાણે પુરૂષ જો પરસ્ત્રીનો સંગ કરે, તો પુરૂષ પણ આ લોકમાં નિંદાને પાત્ર બને છે. અને પરલોકમાં શિયાળની યોનિને પામે છે. અને એ યોનિમાં પાપ અને રોગ વડે પીડા પામે છે. આ રીતે બન્નેને સમાન દોષ કહ્યો છે.

તેવી જ રીતે મહાભારતના આનુશાસનિક પર્વમાં પણ મહાન દોષ બતાવ્યો છે- परदारेषु ये मूढाश्चक्षुर्दुष्टं प्रयुञ्जते । तेन दुष्टस्वभावेन जात्यन्धास्ते भवन्ति हि ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- જે પુરૂષો સ્ત્રીઓ ઉપર ખોટી દૃષ્ટિ કરે છે, એ પુરૂષો પોતાના જ દુષ્ટ સ્વભાવે કરીને જન્મથી જ આંધળા થાય છે. અને વળી વાસુદેવમાહાત્મ્યમાં પણ બતાવેલું છે કે- ગૃહસ્થાશ્રમી પુરૂષોએ કામભાવે કરીને પરસ્ત્રીઓને ક્યારેય પણ જોવી નહિ. અને શ્રાદ્ધ, પર્વ અને વ્રત આદિક દિવસોમાં પોતાની સ્ત્રીનો પણ સંગ કરવો નહિ. અને વળી દેવળસ્મૃતિની અંદર પણ વ્યભિચારના વિષયમાં મહાન દોષ બતાવેલો છે- या कामेनाऽन्यपुरुषं योषाऽभिसरति क्वचित् । सा खरी सप्तजन्मनि निरयान्तेऽतिरुग् भवेत् ॥ इति ॥ આ શ્લોકનો અભિપ્રાય એ છે કે- જે સ્ત્રી કામાસક્ત થઈને પરપુરૂષનો સંગ કરે છે. એ સ્ત્રી પ્રથમ નરકને પામે છે. અને નરકનું દુઃખ ભોગવી લીધા પછી સાત જન્મ પર્યંત ગધેડીના જન્મને પામે છે, અને અતિ રોગી થાય છે. એજ રીતે ભાગવત શાસ્ત્રમાં પણ પ્રતિપાદન કરેલું છે કે- જે સ્ત્રી અને પુરૂષ બન્ને પરસ્પર જો વ્યભિચાર કર્મ કરે છે, તો યમદૂતો નરકમાં ચાબુકવડે પ્રહાર કરતા થકા અગ્નિથી તપાવેલી લાલચોળ લોઢાની સ્ત્રીની પૂતળી સાથે પુરૂષને આલિંગન કરાવે છે. અને પુરૂષના પૂતળાંની સાથે સ્ત્રીને આલિંગન કરાવે છે. આ રીતે વ્યભિચાર કર્મનું મહાન દુઃખ તમામ શાસ્ત્રોમાં વર્ણવ્યું છે. માટે મન વડે કરીને પણ વ્યભિચાર કરવો નહિ, આવું તાત્પર્ય છે.

શતાનંદ સ્વામી વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- કામ વડે વિહ્વળ બનેલા કેટલાક પુરૂષો એવો બકવાદ કરે છે કે, સ્ત્રી અને પુરૂષને પરસ્પર જો પ્રેમ ઉત્પન્ન થાય અને પરસ્પર સંમતિથી જો કામક્રીડા કરવામાં આવે તો દોષ લાગતો નથી, પરંતુ બળાત્કારમાં જ દોષ છે.

શતાનંદ સ્વામી આનું ખંડન કરતાં કહે છે કે- આ વાત બિલકુલ અયોગ્ય છે. પાપ અને પુણ્યની વ્યાખ્યા એ જ છે કે, જે મહારાજની આજ્ઞાનું પાલન કરવું, એ પુણ્ય છે. અને મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું એ જ પાપ છે. બીજી કોઈ પાપ પુણ્યની વ્યાખ્યા જ નથી. માટે પરસ્પર સંમતિથી જે કામક્રીડા કરવામાં આવે, એ પણ આજ્ઞાનું ઉલ્લંઘન જ છે. અને આજ્ઞાનું ઉલ્લંઘન એજ પાપ છે. શ્રીજીમહારાજની આજ્ઞા એવી છે કે, અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ ગૃહસ્થ જે સ્ત્રી પરણેલી હોય, એ સિવાયની તમામ સ્ત્રીઓમાં મા, બહેન અને દીકરીની ભાવના

રાખવી. અને એ ભાવના જો ન રહી શકે, તો આજ્ઞાનું ઉલ્લંઘન છે. અને આજ્ઞાનું ઉલ્લંઘન એજ પાપ છે. બીજી કોઈ પાપની વ્યાખ્યા નથી. માટે પરસ્પર પ્રેમથી કે સંમતિથી પણ અનિષ્ઠ કર્મ કરવું નહિ. આવું તાત્પર્ય છે.

અને વળી કેટલાક એવો બકવાદ કરે છે કે, જે વસ્તુ આપણે બજારમાંથી ખરીદેલી હોય, એ વસ્તુના માલિક આપણે કહેવાઈએ છીએ, તેમ બજારમાંથી પૈસા આપીને ખરીદેલી સ્ત્રી છે, એ પરસ્ત્રી કહેવાતી નથી. એતો પોતાની જ સ્ત્રી કહેવાય છે. માટે તેનો સંગ કરવામાં દોષ નથી.

ભાષ્યકાર શતાનંદ સ્વામી આ વાતનું ખંડન કરતાં કહે છે કે- જે સ્ત્રીઓ ધનથી પોતાના શરીરને વહેંચતી હોય, એવી સ્ત્રીઓને તો શાસ્ત્રમાં વેશ્યા કહેલી છે. અને વેશ્યા સ્ત્રીનો સંગ કરવામાં અધિક દોષ શાસ્ત્રમાં બતાવ્યો છે. માટે સહજાનંદ સ્વામીનો અભિપ્રાય એવો છે કે- અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ પોતે જે સ્ત્રીને પરણ્યો હોય, એ સિવાયની તમામ સ્ત્રીઓને વિષે કામભાવથી થતી અનિષ્ઠ ક્રિયાનો ત્યાગ કરી દેવો.

અને વળી જુગાર આદિક વ્યસનોનો ત્યાગ કરી દેવો. જે પોતાને કલ્યાણના માર્ગથકી પાડે, કલ્યાણનો માર્ગ ત્યાગ કરાવે તેને કહેવાય વ્યસન. માટે નિર્વ્યસની એવા પુરૂષો જ મોક્ષના અધિકારી છે. વ્યસની કોઈ દિવસ સંયમી અને સાત્વિક બની શકતો નથી. વ્યસનનો ત્યાગ કરે એજ ભક્ત બની શકે છે. વ્યસન માણસને લાચાર બનાવી દે છે. જે વસ્તુનું વ્યસન હોય, એ વસ્તુ જો એક દિવસ પ્રાપ્ત ન થાય તો વ્યસનીને માટે આકાશ પાતાળ એક થઈ જતાં હોય છે. આખો દિવસ એ બેચેની અનુભવતો હોય છે. આ મનુષ્ય દેહ ઈશ્વરે આપ્યો છે. એ અન્ન અને પાણી વિના ચાલે નહિ. પણ એ સિવાયનું જેટલું જેટલું શરીરમાં પેઠું એ બધાં વ્યસનો છે. વ્યસનો કેવળ ધનનો જ નાશ કરે છે એવું નથી, પરંતુ શરીરનો પણ નાશ કરે છે. શરીરનો નાશ એટલે આરોગ્યનો નાશ. વ્યસનો બુદ્ધિનો નાશ કરે છે. બુદ્ધિનો નાશ એટલે સાર અસારનો વિચાર કરવાની શક્તિનો નાશ.

દક્ષે મનુષ્યનાં દશ પ્રકારનાં વ્યસનો બતાવ્યાં છે. स्त्री द्यूतं मृगया मद्यं नृत्यं गीतं वृथाटनम् । वाद्यं निन्दा दिवा स्वापो व्यसनानि नृणां दश ॥ इति ॥ આ શ્લોકનો એવો અર્થ છે કે- સ્ત્રી એક વ્યસન છે કારણ કે સ્ત્રીમાં આસક્તિ થતાં પુરૂષને કલ્યાણના માર્ગથકી પાડે છે. જે કલ્યાણના માર્ગથકી પાડે એનું નામ વ્યસન. જુગાર એ પણ એક ભયંકર વ્યસન છે. તેજ રીતે મૃગયા કરવી, મદ્યનું પાન કરવું, નૃત્ય કરવું, ગ્રામ્ય ગીતો ગાવાં, ખોટી રીતે ફરવું, વ્યર્થ વાજીંત્રો વગાડવાં, એ પણ એક વ્યસન છે. કારણ કે જેને વાજીંત્રનું વ્યસન પડી ગયું હોય એ રાત્રી દિવસ કાંઈ જુએ જ નહિ. પરની નિંદા કરવી એ પણ એક વ્યસન છે. કારણ કે બીજાની નિંદા કરવાનું જેને વ્યસન પડી ગયું હોય, તેને થોડી ઘણી નિંદા કર્યા સિવાય શાંતિ જ આવે નહિ. તેથી એ નિંદા મોક્ષમાર્ગ થકી પાડનારી છે, માટે નિંદા એ વ્યસન છે. દિવસની નિદ્રા એ પણ એક વ્યસન છે, કારણ કે જેને દિવસની નિદ્રા કરવાની ટેવ હોય, તેને જો દિવસની નિદ્રા મળે નહિ, તો એ બેચેની અનુભવે છે. આ રીતે દક્ષે મનુષ્યોનાં દશ પ્રકારનાં વ્યસનો બતાવ્યાં છે.

શ્રીજીમહારાજનો અભિપ્રાય એવો છે કે- જેવી રીતે સોનાની થાળીમાં લોખંડનો દાગ જરા પણ શોભે નહિ. તે જ રીતે ભગવાનના ભક્તને વ્યસનો પણ જરા શોભે નહિ. માટે ભક્તોએ વ્યસનોનો સર્વપ્રકારે ત્યાગ કરી દેવો જોઈએ.

અને વળી ભાંગ, ગાંજો, અફીણ, માજમ એ આદિક કેફ કરનારી વસ્તુનું પણ ભક્ષણ કરવું નહિ. જેમ મદ્ય (દારૂ) મદ ઉત્પન્ન કરે છે, અને વિચારતંત્રમાં ફેરફાર કરી નાખે છે. તેવી જ રીતે ભાંગ, ગાંજો, અફીણાદિક કેફ કરનારી વસ્તુનું ભક્ષણ પણ શરીરમાં મદ ઉત્પન્ન કરે છે. અને વિચારતંત્રને બદલાવી નાખે છે. માટે જ નારદીય પુરાણમાં કહેલું છે કે- न भक्ष्यं मादकं किञ्चिच्चित्तविभ्रमकृद्धि तद् ॥ इति ॥ ચિત્તની વિભ્રાંતિને કરનારી, કોઈપણ વસ્તુનું ભક્ષણ કરવું નહિ. અર્થાત્ હમેશાં સાત્વિક વસ્તુને શરીરમાં પ્રવેશ આપવો, જેથી હમેશાં સાત્વિક વિચારો રહે, અને

હમેશાં સદ્માર્ગે ચાલવાના સારા વિચારો ચિત્તમાં પ્રકટે. માટે ચિત્તની વિભ્રાંતિને કરનાર કોઈપણ માદક વસ્તુનું ભક્ષણ કરવું નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૮॥

**अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न । जगन्नाथपुरोऽन्यत्र ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥१९॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ પોતાને ગ્રહણ કરવા યોગ્ય ન હોય, તો તે ભગવાનની પ્રસાદીના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના બીજા સ્થાનકને વિષે ગ્રહણ કરવું નહિ; પણ જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેમાં દોષ નથી.

શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે, શ્રીજીમહારાજે આ શ્લોકમાં પવિત્ર આહારને મહત્વ આપેલું છે. જો આહાર પવિત્ર અને સાત્વિક હશે તો જ જીવન સાત્વિક બનીને આધ્યાત્મિક માર્ગના પંથે સ્થિર થઈ શકશે. માટે જેમનું અન્ન તથા જેમના પાત્રનું જળ કોઈપણ અપવિત્રતાના કારણે પોતાથી સ્વીકારી શકાય એમ ન હોય તો એ સ્વીકારવું નહિ, પણ જગન્નાથપુરીને વિષે જગન્નાથ ભગવાનનો પ્રસાદ લેવામાં દોષ નથી. એ સિવાય પ્રસાદીના માહાત્મ્યથી પણ લેવું નહિ.

જગન્નાથ ભગવાનનું શાસ્ત્રોમાં બહુ મોટું માહાત્મ્ય બતાવેલું છે. પુરાણ પ્રસિદ્ધ એક કથા છે કે- જગન્નાથ ભગવાનની જ્યારે સ્થાપના થઈ ત્યારે સર્વે દેવતાઓ જગન્નાથ ભગવાનનાં દર્શન કરવા પધાર્યા હતા. લાખો માણસોની જન મેદની ભેળી થઈ હતી. તે વખતે પણ ભાતનો પ્રસાદ વહેંચાતો હતો. સર્વે જનો નીચે પડી ગયેલો ભાત પણ પ્રસાદીના માહાત્મ્યથી લેતા હતા. એ સમયે મહાદેવજી પણ એક ભાતનો દાણો મુખની અંદર મુક્યો. તેને જોઈને બ્રહ્માજી પણ વાંકા વળ્યા, પ્રસાદીનો ભાતનો દાણો હાથમાં લીધો પણ બ્રહ્માજીને શંકા થતાં એ ભાતનો દાણો મુખમાં મુક્યો નહિ. તેથી બ્રહ્માજીને મંદિરમાં જગન્નાથ ભગવાનનાં દર્શન થયાં નહિ. તે સમયે બ્રહ્માજી શંકરને કહેવા લાગ્યા કે, આ મંદિરમાં જગન્નાથ ભગવાન બિરાજ્યા છે એ કઈ જગ્યાએ છે ? મંદિર તો ખાલી છે. ત્યારે શંકરે કહ્યું કે, અમને તો બધાને દર્શન થાય છે. તમને કેમ થતાં નથી ? વિચાર વિમર્શ કર્યા પછી જ્યાં બ્રહ્માજીએ નીચે પડેલો ભાતનો દાણો ઉપાડીને મુખમાં મુક્યો, ત્યાં જ બ્રહ્માજીને જગન્નાથજીનાં દર્શન થયાં. તેથી જગન્નાથજીના પ્રસાદનું માહાત્મ્ય એવું છે કે, એમાં વર્ણાશ્રમનો બાધ આવતો નથી. આ તો એક જગન્નાથપુરીની વાત શ્રીજી મહારાજે લખી, પણ શતાનંદ સ્વામી કહે છે કે, આ સત્સંગમાં મોટા મોટા ઉત્સવો થાય છે, તેમાં લાખો ભક્તજનો ભેળા થતા હોય છે. કેટલાક ઉંચ જાતિના હોય છે, કેટલાક નીચ જાતિના હોય છે. બધા વર્ણના મનુષ્યો હોય છે, તો ત્યાં પણ જગન્નાથપુરી સમજીને પ્રસાદ લઈ લેવામાં દોષ નથી. એ સિવાય બીજે આપણે ગયા હોઈએ અને કોઈ પ્રસાદી આપતું હોય તો ત્યાં પોતાને ગ્રહણ કરવા યોગ્ય ન હોય, તો તે પ્રસાદી પણ ગ્રહણ કરવી નહિ. કારણ કે આહાર શુદ્ધિ એ અગત્યની બાબત છે. ગમે તેનું ખાનારો માણસ ક્યારેય પણ સુવિચારી બની શકતો નથી. એની બુદ્ધિમાં સારા વિચારો આવતા નથી. અને સાંભળેલા સારા વિચારો સ્થિર થતા નથી. કારણ કે આહાર તેવો ઓડકાર, જેવો આહાર હોય તેવું અંતઃકરણ થાય છે. અનાજથી માણસનું અંતઃકરણ બદલાઈ જાય છે. રસોઈ જો અતિ પવિત્ર રીતે થતી હોય, અને ભગવાનને અપર્ણ થતી હોય તો માણસના વિચારો જરૂર બદલાઈ જાય છે. માટે ભક્તજનો હોય તેમણે આહાર શુદ્ધ રાખવો, આવું તાત્પર્ય છે. ॥૧૯॥

**मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य सिद्धये । नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कदाचन ॥२०॥**

અને વળી મારા આશ્રિતોએ પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈના ઉપર મિથ્યા અપવાદ આરોપણ કરવો નહિ. અને અપશબ્દો ક્યારેય પણ બોલવા નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકનો અભિપ્રાય વર્ણવતાં કહે છે કે, શરીરથી જ પાપ થાય એવું નથી. મન, કર્મ અને વચનથી પાપકર્મ થાય છે. કોઈનું ખરાબ ચિંતવીએ એ જેમ મનનું પાપ છે, ચોરી ઈત્યાદિક કર્મ કરીએ એ જેમ શરીરસંબંધી કર્મનું પાપ છે. એજ રીતે ખરાબ અને ખોટી વાણી વાપરીએ એ વચનનું પાપ છે. મિથ્યાપવાદ એ એક વાણીનો ભયંકર દોષ છે. અર્થાત્ વાણીનું બહુ જ મોટું પાપ છે. કોઈના ઉપર ખોટી રીતે આરોપ મુકવાથી પંચમહાપાપ કરતાં પણ ભયંકર પાપ લાગે છે. આ વિષયમાં આદિત્યપુરાણનું વચન પ્રમાણરૂપ છે- यानि मिथ्याऽभिशस्तानां पतन्त्यश्रूणि रोदनात् । तानि पुत्रान् पशून् घ्नन्ति तेषां मिथ्याऽभिशंसिनाम् ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, જેમના ઉપર મિથ્યાપવાદ આરોપણ કરવામાં આવેલો હોય, તેના મનમાં બહુ જ દુઃખ થાય છે કે મેં કાંઈ કર્યું નથી, છતાં આ ખોટી રીતે મને બદનામ કરે છે. આમ ઘણું દુઃખ થવાથી તેનું હેયું ભરાઈ આવે છે. અને આંખોમાંથી અશ્રુઓ સરી પડે છે. એ આંસુઓનાં જેટલાં બિંદુઓ આ પૃથ્વી ઉપર પડે છે, તેટલા મિથ્યા અપવાદ કરનારના પુત્રો અને પશુઓ નાશ પામી જાય છે. અર્થાત્ આંખમાંથી સરી પડેલાં અશ્રુઓ જ પુત્રો અને પશુઓનો નાશ કરી નાખે છે. અને શાસ્ત્રોમાં બ્રહ્મહત્યા આદિક પંચ મહાપાપો કહ્યાં છે. તો એ પંચમહાપાપોનું પ્રાયશ્ચિત શાસ્ત્રમાં બતાવ્યું છે, પણ મિથ્યા અપવાદનું તો પ્રાયશ્ચિત પણ શાસ્ત્રમાં બતાવ્યું નથી. નરકમાં નિવાસ એજ એનું પ્રાયશ્ચિત છે. યાજ્ઞવલ્ક્યઋષિએ પણ મિથ્યાપવાદ આરોપણનો મહાન દોષ કહ્યો છે. मिथ्याऽभिशंसिनो दोषो द्विः समो भूतवादिनः । मिथ्याऽभिशस्तदोषं च समादत्ते मृषा वदन् ॥ इति ॥ મિતાક્ષરા નામની ટીકામાં વિજ્ઞાનેશ્વર પંડિતે આ શ્લોકનો અર્થ કરેલો છે કે, બીજા કોઈની ચડતી થતી હોય, બીજો કોઈ પોતાથી આગળ નીકળી જતો હોય, તેને જોઈને પ્રથમ ઈર્ષ્યા ઉત્પન્ન થાય છે. અને ત્યાર પછી ઈર્ષ્યાને કારણે એને પાછો પાડી નાખવા માટે ઘણો ઘણો ક્રોધ ઉત્પન્ન થાય છે. અને ક્રોધે કરીને તો તેનું અંતઃકરણ કલુષિત બની જાય છે. અર્થાત્ અંતઃકરણ અંધકારમય બની જાય છે. એ સારૂં નરસું વિચારી શકતો નથી. અને પછી વિચાર્યા વિના બીજાની આગળ ખોટી ખોટી વાતો કરે છે કે- આને તો પરસ્ત્રીનો સંગ કર્યો છે, બ્રહ્મહત્યા કરેલી છે, એ સિવાય પણ આને ઘણાં ઘણાં દુષ્કર્મો કરેલાં છે. તમને ખબર નહિ હોય, પણ મને બધી ખબર છે. આ રીતે કર્યું કાંઈ ન હોય, છતાં ઈર્ષ્યાને કારણે મિથ્યા અપવાદ આરોપણ કરે છે. યાજ્ઞવલ્ક્ય કહે છે કે, આ રીતે મિથ્યાપવાદ આરોપણ કરનાર પુરૂષનેજ પાપ બે ઘણું લાગે છે. પોતે કાંઈ પાપ કર્યું ન હોય, છતાં બીજા ઉપર જે પાપોનો કેવળ આરોપ મૂકે છે, એજ પાપો પોતાને બમણાં લાગે છે.

અને હવે મિથ્યા અપવાદ તો નહિ, પરંતુ મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે. તેથી કોઈ મનુષ્યથી કાંઈ ભુલ થઈ ગઈ હોય, એ આપણે જાણતા હોઈએ કે, આ કર્મ અમૂક વ્યક્તિએ કરેલું છે. છતાં જાહેરમાં પ્રકાશ કરવું નહિ. જેણે પાપકર્મ કર્યું છે, તેને એકાંતમાં બોલાવીને સમજાવવો કે આ કર્મ તને શોભતું નથી. આ પાપકર્મ જ છે. અને આ તારા માટે હિતકારી નથી. આમ સમજાવીને સારે રસ્તે વાળવો, જીવનું હિત કરવું એ સજ્જનોનું કર્તવ્ય છે. અને જો પાપ કરનારી વ્યક્તિને સમજાવ્યા વિના અને ચેતવણી આપ્યા વિના એ પાપને જન સમક્ષ જાહેરમાં પ્રકાશ કરી દે તો ‘‘भूतवादिनः समः’’ ॥ इति ॥ બન્નેને સમાન દોષ લાગે છે. પોતે એ દોષથી રહિત હોય છતાં એ દોષનો ભાગીદારી બને છે.

કેવળ એટલું જ નહિ, જેના ઉપર મિથ્યા અપવાદ આરોપણ કરેલો હોય, તેણે જન્મથી આરંભીને બીજાં પણ જે જે પાપો કર્યાં હોય, એ સર્વે પાપો મિથ્યા અપવાદ આરોપણ કરનારને વળગે છે. આ રીતે વિજ્ઞાનેશ્વર પંડિતે યાજ્ઞવલ્ક્ય ઋષિના શ્લોકની વ્યાખ્યા કરી છે.

અને વળી જેવી રીતે મિથ્યા અપવાદ એ વાણીનું પાપ છે, તેવી જ રીતે અપશબ્દો બોલવા એ પણ વાણીનું જ પાપ છે. વાણી એવી વસ્તુ છે કે અમૃત વાણીમાંથી ઝરે છે, અને ઝેર પણ વાણીમાંથી જ ઝરે છે. કહેવાય છે કે તલવારનો ઘા રુઝાઈ શકે છે, પણ વાણીનો ઘા કોઈ દિવસ રુઝાઈ શકતો નથી. અપશબ્દો એટલે જે વાણી બોલવાથી સામી વ્યક્તિને દુઃખ થઈ જતું હોય, સામી વ્યક્તિનું મર્મ સ્થળ ભેદાઈ જતું હોય,

આવી નીચની વાણી જે બોલવી તેને અપશબ્દો કહેવાય છે. ગ્રામ્યવાર્તાને પણ અપશબ્દો કહેવાય છે. ગાળો દેવી તેને પણ અપશબ્દો કહેવાય છે. માટે સહજાનંદ સ્વામીનો એ અભિપ્રાય છે કે મારા આશ્રિતોએ વાણી વગર વિચારે બોલવી નહિ, પાણી અને વાણી આ બન્નેનો ગાળીને ઉપયોગ કરવો. પાણીને વસ્ત્રથી ગાળવું, અને વાણીને વિવેક તથા વિચારથી ગાળવી. ॥૨૦॥

**देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि । वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ॥२१॥**

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ તેમની નિંદા ક્યારેય કરવી નહિ, અને સાંભળવી પણ નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, અપશબ્દો બોલવા, ગાળો દેવી, મિથ્યાપવાદ આરોપણ કરવો, એ જેમ વાણીનું પાપ છે. તેમ કોઈની પણ નિન્દા કરવી એ પણ વાણીનું પાપ છે. શ્રીજીમહારાજે આ શ્લોકમાં પણ વાણીને કાબુમાં રાખવાની ભલામણ કરેલી છે, દેવતા, તીર્થ, બ્રાહ્મણ, સાધુપુરૂષો, પતિવ્રતા સ્ત્રી, અને વેદો, આ છ જણાની નિંદા તો મશ્કરીમાં પણ કરવી નહિ. અને વિનયથી રહિત એવા કોઈ પુરૂષો જો નિંદા કરતા હોય, તો સાંભળવી પણ નહિ. ખરાબ બોલવામાં જેમ પાપ છે, તેમ ખરાબ સાંભળવામાં પણ પાપ છે. માટે વાણીથી કોઈના ગુણોને હલકા કરવા નહિ. વાણીને બરાબર વિવેકથી બોલવી. જે પુરૂષો વાણીના દોષને જીતી શકતા નથી, એ પુરૂષો કોઈના પણ આદરપાત્ર બની શકતા નથી. અને જે પુરૂષો વાણીનો સંયમ રાખે છે, જેટલું જોઈએ તેટલું જ બોલે છે, પ્રયોજન વિનાનું ક્યારેય બોલતા નથી, અને તેમાં પણ મધુર વાણીથી બીજાના હૈયાને આનંદિત અને સત્કૃત કરે છે, તે પુરૂષો તો સર્વે દેવતાઓના પણ આદર પાત્ર બની જાય છે. માટે કોઈ વ્યક્તિની સાથે આપણને ન ગમે તો એ એને રસ્તે, આપણે આપણા રસ્તે, પણ નિંદા ક્યારેય કરવી નહિ. કારણ કે બીજાની નિંદા કરવાથી તેનાં પાપ ધોવાય છે અને આપણાં તો પુણ્ય ધોવાય છે. આ બાબતમાં વ્યાસમુનિનું વચન પ્રમાણરૂપ છે- निन्दाऽन्यस्यात्मनः श्लाघा द्वयं सुकृतनाशकृत ॥ इति ॥ આ વાક્યનો એ અર્થ છે કે બીજાની નિન્દા, અને પોતાની પ્રશંસા, આ બન્ને પોતાના પુણ્યને જ નાશ કરનાર છે. માટે બીજા કોઈની પણ નિંદા કરવી નહિ. તેમાં પણ દેવતાઓની નિંદા તો આત્માને અધોગતિમાં જ નાખનારી છે. માટે ગમે તે દેવ હોય, આપણને ઠીક લાગે તો માથું નમાવવું અને જો ઠીક ન લાગે તો માથું ન નમાવવું. પણ કોઈ દેવની નિંદા તો ક્યારેય પણ કરવી નહિ. કારણ કે દેવોની નિંદા કરવામાં લાભ તો એક પૈસા ભાર પણ નથી, જે છે એ તો નુકશાન જ છે.

અને વળી તીર્થની પણ નિંદા કરવી નહિ, કારણ કે તીર્થની નિંદા કરવાથી તીર્થની અંદર મહતા છે, તેમાં તો કોઈ પણ ઉણપ આવતી નથી. જે ઉણપ આવે છે, એ તો નિંદા કરનારની અંદર જ આવે છે, તો નિંદા કરવાથી લાભ શું ? બધી રીતે ખોટ જ છે. માટે બુદ્ધિમાન પુરૂષો હોય તેમણે ખોટનો વ્યાપાર તો ક્યારેય કરવો ન જોઈએ.

અને વળી બ્રાહ્મણોની પણ નિંદા કરવી નહિ. મનુષ્યોમાં બ્રાહ્મણોનું પ્રાથમિક પૂજ્ય સ્થાન છે. બ્રાહ્મણો ગુરૂની સમાન કહેવાય છે. માટે બ્રાહ્મણોની નિંદા એ ગુરૂની નિંદા સમાન છે. અને ગુરૂની નિંદા તો પોતાની આયુષ્યને બાળી નાખનાર છે. આ વિષયમાં મહાભારતનું વચન પ્રમાણરૂપ છે. गुरुनिन्दा दहत्यायुर्मनुष्याणां न संशयः ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, ગુરૂની નિંદા મનુષ્યોની આયુષ્યને બાળી નાખે છે. એમાં કોઈ જાતનો સંશય નથી.

અને વળી પતિવ્રતા સ્ત્રીની પણ નિંદા કરવી નહિ. કારણ કે પતિવ્રતા સ્ત્રીનો મોટો મહિમા છે. સત્સંગીજીવન બતાવે છે કે, વાયુ પણ પતિવ્રતા સ્ત્રીનો સ્પર્શ કરતાં ડરે છે. અને પતિવ્રતા સ્ત્રીનાં દર્શન પણ પાપનો નાશ કરે છે. માટે પતિવ્રતા સ્ત્રીની નિંદાથી દૂર રહેવું.

અને વળી વેદની પણ નિંદા કરવી નહિ. વેદ તો સાક્ષાત્ ભગવાનના મુખમાંથી આવિર્ભાવને પામેલા છે. માટે વેદની નિંદાને તો

બ્રહ્મહત્યાની સમાન કહેલી છે. આ વિષયમાં યાજ્ઞવલ્ક્ય મુનિનું વચન પ્રમાણરૂપ છે. वेदनिन्दा ब्रह्महत्या समं ज्ञेयम् ॥ इति ॥

હવે અહીં શતાનંદ સ્વામીનો અભિપ્રાય એવો છે કે, જેમ મહાપુરૂષોની નિંદા કરવી નહિ. તેમ કોઈ સામાન્ય જનની પણ નિંદા કરવી નહિ. કેમ કે આપણે જેમની નિંદા કરીએ, એમનાં તો પાપો જ ધોવાય છે, અને આપણી અંદર પ્રવેશે છે. માટે નિંદા કરવાથી આપણને પાપ સિવાય બીજું કશું જ મળતું નથી, આવું તાત્પર્ય છે. ॥૨૧॥

**देवतायै भवेद्यस्यै सुरामांसनिवेदनम् । यत्पुरोजादिहिंसा च न भक्ष्यं तन्निवेदितम् ॥२२॥**

અને અમારા આશ્રિતો હોય તેમણે, જે દેવતાને સુરા અને માંસનું નિવેદન થતું હોય, અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય; તે દેવતાને નિવેદન કરેલું નૈવેદ્ય ભલે અન્ન જળ હોય તો પણ ભક્ષણ કરવું નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- આ પ્રકૃતિ મંડળની અંદર જેમ મનુષ્ય રાજસી અને તામસી હોય છે. તેમ દેવતાઓ પણ રાજસી અને તામસી હોય છે. જ્યાં સુરા, માંસનું નિવેદન થતું હોય, બકરાં આદિક જીવની હિંસા થતી હોય, ત્યાં સાત્વિક દેવતાઓનો વાસ હોય જ નહિ. અને સાત્વિક દેવતાઓ સુરા અને માંસનો કદી પણ સ્વીકાર કરે જ નહિ. રાજસિક અને તામસિક જે દેવતાઓ હોય, એ જ સુરામાંસનો સ્વીકાર કરે છે. માટે રાજસ, તામસ એવા કોઈપણ દેવતાઓને નિવેદન કરેલું ભલે અન્ન હોય, તો પણ ભક્ષણ કરવું નહિ. કારણ કે એ અન્ન ઉપર રાજસિક અને તામસિક દેવતાઓની દૃષ્ટિ પડેલી હોય છે. તેથી ખાનારની સાત્વિકતાનો નાશ કરે છે. ખાનારનું અંતઃકરણ પણ રાજસિક તામસિક ભાવથી વ્યાપ્ત બને છે. આ વિષયમાં વિષ્ણુધર્મનું વચન પ્રમાણરૂપ છે. मद्यमांसाशिनो नाद्यमन्नं हिंसारुचेरपि । वैष्णवेन विशेषेण सत्वनाशकरं हि तत् ॥ इति ॥ આ શ્લોકનો એ અભિપ્રાય છે કે- મદ્ય માંસ ભક્ષણ કરનારા કે હિંસામાં રૂચીવાળા દેવો હોય કે મનુષ્યો હોય, તેમનું અન્ન કોઈએ ભક્ષણ કરવું નહિ. વૈષ્ણવો હોય તેમણે તો વિશેષે કરીને ભક્ષણ કરવું નહિ. કારણ કે આવું અન્ન સત્વનો નાશ કરે છે. સત્વનો નાશ થવાથી સારા વિચારોનો નાશ થાય છે. અને સારા વિચારોનો નાશ થવાથી મનુષ્યનું અધઃપતન થાય છે. માટે શ્રીજીમહારાજનો અભિપ્રાય એવો છે કે, રાજસિક તામસિક મનુષ્યોનો સંગ જેમ સર્વ પ્રકારે છોડી દેવો જોઈએ. એ જ રીતે એવા દેવોનો સંગ પણ સર્વ પ્રકારે છોડી દેવો જોઈએ. છતાં પણ કોઈ દેવોની અવજ્ઞા કરવી નહિ. નમસ્કાર માત્ર કરી લેવા, આ બાબત હવે પછીના શ્લોકમાં શ્રીજીમહારાજ કહે છે. ॥૨૨॥

**दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि । प्रणम्य तानि तद्देवदर्शनं कार्यमादरात् ॥२३॥**

અને વળી મારા આશ્રિત હોય તેમણે, માર્ગને વિષે ચાલતાં શિવાલયાદિક જે દેવમંદિર આવે, તેને જોઈને નમસ્કાર કરવો. અને મંદિરમાં પધરાવેલા જે દેવ હોય તેનું આદર થકી દર્શન કરવું.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આપણે ઘેરથી બહાર ગમે ત્યાં જતા હોઈએ, ત્યાં માર્ગમાં શિવ, ગણેશ, સૂર્યનારાયણ, પાર્વતીજી આદિક કોઈપણ દેવ મંદિરો આવે તો એ દેવ મંદિરોને જ પ્રથમ પ્રણામ કરી લેવા, આ પહેલો વિધિ છે. અને બીજો વિધિ એ છે કે, એ મંદિરોની અંદર જે દેવો પધરાવેલા હોય, એ દેવોનાં આદર થકી દર્શન કરવાં. અને જો એમ ન કરે તો એ દેવના અપરાધની પ્રાપ્તિ થાય છે. આ વિષયમાં વસિષ્ઠસ્મૃતિનું વચન પ્રમાણરૂપ છે. देवताप्रतिमां दृष्ट्वा यतिं च दृष्ट्वा च योगिनम् । नमस्कारं न यः कुर्यात् प्रायश्चित्तीयते हि सः ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, દેવતાઓની પ્રતિમાને કે કોઈ સાધુમહાત્માઓને જોઈને જે પુરૂષ નમસ્કાર કરતો નથી, અને આગળ વધે છે. એ પુરૂષ પ્રાયશ્ચિતને યોગ્ય થાય છે. અર્થાત્ એ અપરાધી બને છે. વાલ્મિકિરામાયણમાં એક કથા આવે છે કે, ગાયને નમસ્કાર નહિ કરવાથી દિલીપરાજાને અપરાધ થયો, અને તેથી રાજાને સંતાનો થયાં નહિ. પછી ગુરૂ વસિષ્ઠ પાસે જઈને પ્રાયશ્ચિત માગ્યું, અને વસિષ્ઠના કહેવા

પ્રમાણે ગાયની સેવા દિલીપ રાજાએ કરી, અને ત્યારબાદ સંતાન થયું. આ રીતે ગાયને નમસ્કાર કર્યા વગર આગળ વધવાથી જો આટલો દોષ લાગતો હોય, તો પછી દેવ કે ભગવાનના મહાન ભક્તોને નમસ્કાર કર્યા વગર આગળ વધીએ તો જરૂર દોષ લાગે છે. શતાનંદ સ્વામી કહે છે કે, આપણે જેને આપણા ઈષ્ટદેવ માનતા હોઈએ, એ સિવાયના કોઈપણ દેવને નમસ્કાર કરવાથી પતિવ્રતા ભક્તિનો ક્યારેય પણ ભંગ થતો નથી. નિષ્કુળાનંદ સ્વામીએ પણ પોતાના કાવ્યમાં કહ્યું છે કે, જેમ આકાશમાં બાણ છોડવાથી, એ બાણ ગમે ત્યાં પૃથ્વી ઉપર જ પડે છે. એ જ રીતે સર્વ નમસ્કાર કેશવ ભગવાનને જ પ્રાપ્ત થાય છે. આવો અભિપ્રાય છે. ॥૨૩॥

**स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् । परधर्मो न चाचर्यो न च पाखण्डकल्पितः ॥२४॥**

અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ, તે કોઈપણ સત્સંગીએ ત્યાગ કરવો નહિ, અને પરધર્મનું આચરણ કરવું નહિ, તથા પાખંડ ધર્મનું આચરણ કરવું નહિ, અને કલ્પિત ધર્મનું પણ આચરણ કરવું નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, સૃષ્ટિના આરંભકાળથી વેદોએ વર્ણાશ્રમની મર્યાદા બાંધી છે. એ વર્ણાશ્રમની મર્યાદા અનાદિ કાળની છે, આજ કાલની નથી. માટે એ વર્ણાશ્રમની મર્યાદામાં રહીને પ્રભુનું ભજન કરવું, પણ મર્યાદાનું ક્યારેય પણ ઉલ્લંઘન કરવું નહિ.

શ્રીજીમહારાજે આ શ્લોકમાં ‘‘મારા આશ્રિતોએ વર્ણાશ્રમના ધર્મનું પાલન કરવું’’ આમ નહિ કહેતાં ‘‘કોઈ પણ મારા આશ્રિતોએ વર્ણાશ્રમના ધર્મનો ત્યાગ કરવો નહિ’’ આ રીતે ત્યાગ શબ્દનો પ્રયોગ કર્યો છે, એનું કારણ એ છે કે, જીવનમાં કોઈવાર ભક્તો પણ ભક્તિ અને જ્ઞાનના બળથી વર્ણાશ્રમધર્મનો ત્યાગ કરી દેતા હોય છે. આવા પ્રસંગો ક્યારેક બનતા હોય છે. તેના નિવારણને માટે જેને ભક્તિ અને જ્ઞાનનું બળ હોય, એવા પુરૂષે પણ જ્યાં સુધી દેહની સ્મૃતિ હોય, ત્યાં સુધી વર્ણાશ્રમધર્મનો ત્યાગ કરવો જોઈએ નહિ, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. અને જો એ ધર્મનો ત્યાગ કરી દેવામાં આવે તો આલોકમાં તેમ જ પરલોકમાં અનર્થની પ્રાપ્તિ થાય છે. ધર્મ છે એ ભુક્તિ અને મુક્તિના સાધનરૂપ છે. સકામભાવથી જો ધર્મનું પાલન કરેલું હોય, તો સ્વર્ગાદિક ભુક્તિ આપે છે. અને નિષ્કામભાવથી કેવળ ભગવાનની પ્રસન્નતાને માટે ધર્મનું જો સેવન કરેલું હોય, તો એ ધર્મ મુક્તિ આપે છે. આ વિષયમાં ભાગવતનું વચન પ્રમાણરૂપ છે- धर्म आचरितः पुंसां वाङ्मनःकायबुद्धिभिः । लोकान् विशोकान् वितरतियथानन्त्यमसङ्गिनाम् ॥ इति ॥ આ શ્લોકનો એજ અર્થ છે કે, સકામી પુરૂષોને ધર્મ સ્વર્ગાદિક લોક આપે છે. અને નિષ્કામી પુરૂષોને મોક્ષરૂપી ફળ આપે છે. માટે નિષ્કામભાવથી કેવળ ભગવાનની પ્રસન્નતાને માટે ધર્મનું પાલન કરવું જોઈએ.

અને વળી ધર્મ સર્વે સાધનોનું મૂળ છે. ભગવાનની પ્રાપ્તિનાં સર્વે સાધનોમાં ધર્મની જ પ્રધાનતા છે. ધર્મ વિના નથી જ્ઞાનની પ્રાપ્તિ થતી, અને નથી ભક્તિની પ્રાપ્તિ થતી. તેથી સર્વે સાધનોના મૂળ રૂપ જે ધર્મ, તેનો જો ત્યાગ કરી દેવામાં આવે તો, સર્વે સાધનનું મૂળ છેદાયું કહેવાય છે. ‘‘मूलं नाशे कुतः शाखा’’ જેમ કોઈ વૃક્ષનું મૂળ છેદાઈ જાય, તો એ વૃક્ષની ડાળખીઓ છેદાઈ જાય એમાં કહેવું જ શું ? એતો છેદાઈ જ જાય. તેમ ધર્મનો ત્યાગ કરવાથી સર્વે સાધનો છેદાણાં કહેવાય છે. માટે કોઈપણ મારા આશ્રિતો હોય તેમણે ધર્મનો ત્યાગ કરવો નહિ. આવો અભિપ્રાય છે.

અને વળી પરધર્મનું આચરણ કરવું નહિ. પરધર્મ એટલે બીજાઓનો ધર્મ. ગૃહસ્થના ધર્મો ત્યાગીઓ માટે પરધર્મ કહેવાય, અને ત્યાગીઓના ધર્મો ગૃહસ્થ માટે પરધર્મ કહેવાય. આમ પરસ્પર એકબીજાના જે ધર્મ તેને પરધર્મ કહેવાય છે. વચનામૃતમાં ભગવાન સહજાનંદ સ્વામીએ કહેલું છે કે- ગૃહસ્થના ધર્મો ત્યાગીને માટે દૂષણરૂપ છે, અને ત્યાગીના ધર્મો ગૃહસ્થ માટે દૂષણરૂપ છે. ગૃહસ્થોને અલંકારો ધારણ કરવાં એ શોભારૂપ છે. તો ત્યાગીને એ દૂષણરૂપછે. ત્યાગીને સ્ત્રીનો ત્યાગ રાખવો એ શોભારૂપ છે. તો ગૃહસ્થને એ દૂષણરૂપ છે. આ રીતે

પરસ્પર અકબીજાના ધર્મો દૂષણરૂપ છે, અને તેને પરધર્મ કહેવાય છે. ગીતામાં પણ કહ્યું છે કે- ''स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ इति ॥ પોતાના ધર્મમાં રહીને જ જીવન વ્યતીત કરવું, એ કલ્યાણકારી છે. પણ પરનો જે ધર્મ છે, એતો ભયને આપનારો છે. માટે પરધર્મનું કદી પણ આચરણ કરવું નહિ.

અને વળી પાખંડ ધર્મનું આચરણ પણ કરવું નહિ. જેમાં વેદની ધર્મમર્યાદાનું ખંડન થઈ જતું હોય, એ પાખંડ ધર્મ કહેવાય છે. અર્થાત્ વેદ વિરૂદ્ધ ધર્મ. જેમ કે અહિંસા છે એજ વેદ માન્ય ધર્મ છે, માટે વેદ અહિંસા પરાયણ છે. છતાં કોઈ માંસભક્ષણની આસક્તિએ કરીને વેદ વિરૂદ્ધ એવા હિંસામય યજ્ઞને પણ ધર્મ માની લે છે. એ વેદ વિરૂદ્ધ પાખંડ ધર્મ કહેવાય છે. કારણ કે હિંસામય યજ્ઞમાં ધર્મમર્યાદાનું ખંડન થઈ જાય છે. માટે હિંસામય યજ્ઞો કરવારૂપ જે ધર્મ છે, એ પાખંડ ધર્મ છે. અર્થાત્ વેદ વિરૂદ્ધ ધર્મ છે.

અને વળી કલ્પિત ધર્મનું આચરણ કરવું નહિ. કલ્પિત એટલે શાસ્ત્રના આધાર વિના પોતાની ઈચ્છાએ કલ્પેલો ધર્મ, તેને કલ્પિત ધર્મ કહેવાય છે. જેમ કે શ્રીજીમહારાજે કહ્યું કે, વેદાદિક આઠ સચ્છાસ્ત્રો અમોને ઈષ્ટ છે. માટે એ ભણવાં અને સાંભળવાં, આ શાસ્ત્રીય ધર્મ છે. પણ આમાં કેટલાકની એવી કલ્પના હોય છે કે, શ્રીજીમહારાજને એ વેદાદિક આઠ સચ્છાસ્ત્રો ઈષ્ટ છે, પણ માન્ય નથી. આવી રીતે પોતાની ઈચ્છાથી કલ્પના કરીને એ શાસ્ત્રોને ભણવા સાંભળવામાં અરૂચિ બતાવવી, એ કલ્પિત ધર્મ કહેવાય છે. કારણ કે આમાં કોઈ શાસ્ત્રોનો આધાર નથી. કેવળ પોતાની જ કલ્પના છે. માટે કલ્પિત ધર્મનું આચરણ કરવું નહિ. પાખંડ ધર્મ અને કલ્પિત ધર્મ આ બન્ને અધર્મની જ શાખાઓ છે. માટે ધર્મજ્ઞ એવા પુરૂષોએ અધર્મની પેઠે જ તેનો ત્યાગ કરી દેવો આવો અભિપ્રાય છે. ॥૨૪॥

**कृष्णभक्तेः स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः । स्यात्तन्मुखान्न वै श्रव्याः कथावार्ताश्च वा प्रभोः ॥२५॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, જેના વચનને સાંભળવે કરીને ભગવાનની ભક્તિ અને પોતાનો ધર્મ, એ બે થકી પડી જવાય, તેના મુખ થકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, જે વક્તાના મુખની વાણી સાંભળવાથી આપણે જો ભગવાનની ભક્તિ અને પોતાના ધર્મ થકી પડી જતા હોઈએ, તો એ વક્તાની અંદર ભક્તિ અને ધર્મ હોય જ ક્યાંથી ? ન જ હોય. વક્તાની અંદર જો ભક્તિ અને ધર્મ હોય તો શ્રોતાને કોઈ દિવસ ભક્તિ અને ધર્મ થકી ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવે જ નહિ. કારણ કે લોકમાં પણ કહેવત છે કે, હૈયે હોય તે હોઠે આવે, અને કૂવામાં હોય તો હવાડામાં આવે. વક્તાના હૃદયમાં જો ધર્મ અને ભક્તિ હોય, તો મુખમાં પણ ધર્મપ્રધાન અને ભક્તિપ્રધાન શબ્દો જ પ્રગટ થતા હોય. અને જો વક્તાના હૃદયમાં ધર્મ અને ભક્તિ ન હોય, તો તેના મુખે પણ ધર્મ અને ભક્તિના આભાસરૂપ જ શબ્દો વહેતા હોય છે. માટે જે વક્તા ધર્મ સહિત ભગવાનની ભક્તિમાં નિષ્ઠાવાળો હોય એવા વક્તાના મુખ થકી જ ભગવાનની કથા વાર્તા સાંભળવી. પણ જેના હૃદયમાં ભક્તિ ન હોય, અને ધર્મ પણ ન હોય એવા વક્તાના મુખ થકી નીકળતા શબ્દોની અંદર ધર્મ અને ભક્તિનો અંશ હોતો નથી. તેથી તેને ગ્રામ્યવાર્તા કહેવાય છે. અને શાસ્ત્રમાં ગ્રામ્યવાર્તા શ્રવણ કરવાનો નિષેધ કરેલો છે. માટે મારા આશ્રિતો હોય તેમણે ધર્મપ્રધાન અને ભક્તિપ્રધાન એવા શબ્દો સાંભળવા, પણ ધર્મના આભાસરૂપ અને ભક્તિના આભાસરૂપ એવી ગ્રામ્ય વાર્તા ક્યારેય પણ સાંભળવી નહિ, આવો અભિપ્રાય છે. ॥૨૫॥

**स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् । कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित् ॥२६॥**

અને વળી મારા આશ્રિતો હોય તેમણે, જે સત્ય વચન બોલવે કરીને પોતાનો તથા પારકો દ્રોહ થઈ જતો હોય, એવું જે સત્ય વચન તે

ક્યારેય બોલવું નહિ; અને જે કૃતઘ્ની હોય, તેના સંગનો ત્યાગ કરી દેવો; અને વ્યવહાર કાર્યમાં કોઈની લાંચ લેવી નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ નિરૂપણ કરતાં કહે છે કે, આપણા મનમાં એમ થાય કે મારે હમેશાં સાચું જ બોલવું છે, ખોટું ક્યારેય બોલવું નથી. છતાં પણ સાચું બોલવાથી જો પોતાને અથવા બીજાને પીડા થઈ જતી હોય, તો એવું સાચું ક્યારેય બોલવું નહિ. એ સિવાય હમેશાં સાચું બોલવું.

હવે અહીં પ્રતિવાદી શંકા કરે છે કે, ખોટું બોલવામાં તો શાસ્ત્રોને વિષે મહાન દોષ કહ્યો છે. આ વિષયમાં ભાગવતશાસ્ત્ર પ્રમાણરૂપ છે. न ह्यसत्यात् परोऽधर्म इति होवाच भूरियम् । सर्वं वोढुमलं मन्ये ऋतेऽलीकपरं नरम् ॥ इति ॥ આ શ્લોકનો એવો અર્થ છે કે ખોટું બોલવું, એ મોટો અધર્મ છે. અસત્ય સિવાય બીજો કોઇ મોટો અધર્મ નથી. આ પ્રમાણે પૃથ્વીએ કહ્યું છે. અને વળી પૃથ્વી કહે છે કે હું મારા ઉપર ઝાડ, પહાડ ઈત્યાદિક સર્વે ધારણ કરવા સમર્થ છું, પણ ખોટું બોલનાર પુરૂષને હું ધારણ કરવા સમર્થ નથી. આ રીતે ખોટું બોલવામાં મહાન દોષ કહ્યો છે. તો પછી શા માટે સાચું ન બોલવું ? સાચું જ બોલવું જોઈએ. તો પછી તમો ખોટું બોલવાનું શા માટે કહો છો ?

શતાનંદ સ્વામી આ શંકાનું સમાધાન કરતાં કહે છે કે, અમો હમેશાં કાંઈ ખોટું બોલવાનું કહેતા નથી, જેણે કરીને ઉપર કહેલા દોષનો પ્રસંગ આવે. અમારો અભિપ્રાય તો એવો છે કે, કોઇ સમયે પ્રાણીઓનું મૃત્યું થાય એવો આપત્કાળ આવી પડેલો હોય, એ સમયે ખોટું બોલવાથી જો પ્રાણી મૃત્યુ થકી બચી જતું હોય તો ખોટું બોલીને પણ પ્રાણીઓનું રક્ષણ કરવું, આવો અમારો અભિપ્રાય છે, નહિ કે હમેશાં ખોટું બોલવાનો. હમેશાં જે ખોટું બોલે છે, તેની તો આલોકમાં મહાન અપકીર્તિ થાય છે. આ બાબતમાં ભગવાનનું વચન પ્રમાણરૂપ છે. सर्वं नेति अनृतं ब्रूयात् स दुष्कीर्तिः श्वसन् मृतः । स्त्रीषु नर्म विवाहे नानृतं स्याज्जुगुप्सितम् ॥ इति ॥ આ શ્લોકમાં એમ કહ્યું છે કે, હમેશને માટે જે ખોટું બોલે છે, તેની આલોકમાં દુષ્ટ કીર્તિ થાય છે. અને એ પુરૂષ જીવતો મરેલો છે. માટે હમેશાં ખોટું બોલવું નહિ. પણ પોતાના કે બીજાના પ્રાણનું રક્ષણ કરવામાં ખોટું બોલાય, સ્ત્રીઓની આગળ ખોટું બોલાય, હાંસી મશ્કરીમાં ખોટું બોલાય, વિવાહ કરતી વખતે ખોટું બોલાય, પોતાના ગુરૂને માટે ખોટું બોલાય, તો તેમાં દોષ નથી, માટે શ્રીહરિનો અભિપ્રાય એવો છે કે અહિંસા ધર્મ પ્રધાન છે. તેથી પોતાની કે બીજાની હિંસા થતી હોય તો ખોટું બોલીને પણ એ હિંસાને અટકાવવી.

અને વળી કૃતઘ્નીનો સંગ કરવો નહિ. આપણે કરેલા ઉપકારોને જે વાણીના પ્રલાપોથી વ્યર્થ કરી નાખે, તેને કહેવાય કૃતઘ્ની. અર્થાત્ આપણે ઘણા ઉપકારો કર્યા હોય, છતાં એ અનેક જગ્યાએ બોલતો ફરે કે એમણે મારા માટે શું સારૂં કર્યું છે ? મારો શું ઉપકાર કર્યો છે ? મને તો મારા નસીબમાં હતું તે મળ્યું. આ રીતે આપણા ઉપકારોને વાણીના પ્રલાપથી જે હણી નાખે, તેને કૃતઘ્ની કહેલો છે. આવા કૃતઘ્નીનો સંગ કરવામાં મહાન દોષ છે. આ વિષયમાં દેવળમુનિનું વાક્ય પ્રમાણરૂપ છે. ब्रह्मघ्ने च सुरापे च स्तेने च गुरुतल्पगे । मुनिभिर्निष्कृतिः प्रोक्ता कृतघ्ने नास्ति निष्कृतिः ॥ इति ॥ આ શ્લોકનો એવો અર્થ છે કે- બ્રહ્મહત્યાદિક પાંચ પાપોનું પ્રાયશ્ચિત શાસ્ત્રમાં બતાવ્યું છે, પણ કૃતઘ્નીનું તો પ્રાયશ્ચિત જ શાસ્ત્રમાં બતાવ્યું નથી. અર્થાત્ કૃતઘ્ની બ્રહ્મહત્યાદિક પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપી છે. શ્રીહરિનો અભિપ્રાય છે કે, આવા કૃતઘ્નીથી જરા દૂર રહેવું, જેથી એવા કૃતઘ્નીના પાપોનો આપણી અંદર પ્રવેશ થાય નહિ.

અને વળી કોઈની લાંચ ક્યારેય પણ ગ્રહણ કરવી નહિ. ‘‘प्रच्छन्नं गृह्यते’’ ॥ इति ॥ ખાનગીમાં જે લેવાય, તેને કહેવાય લાંચ. ન્યાયની અને હકની વસ્તુ ખાનગીમાં લેવાની કોઇ જરૂર પડતી નથી. અન્યાયનું જે ધન હોય, એજ ખાનગીમાં લેવું પડે છે. લાંચનું દ્રવ્ય કોઈપણ વ્યક્તિ પ્રેમથી આપતી નથી. કોઈ મનુષ્યને અવશ્યનું કાંઇ કામ પડેલું હોય, ત્યારે એ મનુષ્ય કોઈ અધિકારી પાસે જઈને કામ પાર પાડવાનો પ્રયત્ન કરે

છે, ત્યારે એ અધિકારી ભય બતાવે છે કે, તમારો ગુનો બહુ મોટો છે, અથવા તમારૂં કાર્ય બહુ અટપટું છે. તમે જો આટલું મને આપશો તો જ તમારૂં કાર્ય પાર પડી શકશે, નહિ તો તમો મરી જવાના છો. આમ ભય બતાવીને કાર્યને પાર પાડવા તત્પર થયેલા પુરૂષ પાસેથી છાની રીતે લાંચનું ધન ગ્રહણ કરવામાં આવે છે. માટે લાંચનું દ્રવ્ય વ્યક્તિના નિઃશાસા સાથેનું હોય છે, આપવું પડતું હોય છે, પણ પ્રેમથી અપાતું નથી. જો પ્રેમથી અપાતું હોય તો એ ભેટ કહેવાય, પણ લાંચ કહેવાય નહિ. લાંચ અને ભેટમાં ઘણો તફાવત છે. લાંચ આપવી પડે છે, જ્યારે ભેટ અપાતી હોય છે. લાંચનું દ્રવ્ય જો આપણી પાસે આવે તો એ ક્લેશ અને ત્રાસ ઉપજાવે છે. લાંચનું દ્રવ્ય મનુષ્યને ક્યારેય પણ સુખી થવા દેજ નહિ. લેતી વખતે જરા સુખ કે આનંદ જેવું જણાય, પણ પરિણામે લાંચનું દ્રવ્ય દુઃખરૂપ છે. માટે લાંચનું દ્રવ્ય ગ્રહણ કરવું નહિ. આ વિષયમાં સ્કંદપુરાણનું વચન પ્રમાણરૂપ છે. ''उत्कोचद्यूतदौत्यार्तद्रव्यं दूरात् परित्यजेत् ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- લાંચનું દ્રવ્ય, જુગારનું દ્રવ્ય, કોઈ દાસીનું દ્રવ્ય અને દુઃખી માણસનું દ્રવ્ય આ ચાર પ્રકારના દ્રવ્યનો દૂરથી જ ત્યાગ કરી દેવો. અને વળી યાજ્ઞવલ્ક્યે કહેલું છે કે, જે લાંચ વડે જીવતો હોય, તેને રાજા હોય તેમણે સંપત્તિ લઈને દેશવટો આપી દેવો. માટે શ્રીહરિનો એ અભિપ્રાય છે કે, સાત્વિક અને ન્યાયિક વૃત્તિથી પ્રાપ્ત થયેલું દ્રવ્ય ગ્રહણ કરવું. પણ લાંચના દ્રવ્યનો તો સ્પર્શ પણ કરવો નહિ. ॥૨૬॥

**चोरपापिव्यसनिनां सङ्गः पाखण्डिनां तथा । कामिनां च न कर्तव्यो जनवञ्चनकर्मणाम् ॥२७॥**

અને મારા આશ્રિતો હોય તેમણે ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા છેતરપીંડીનું કર્મ કરનારા, આ છ પ્રકારના મનુષ્યનો સંગ કરવો નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજે આ શ્લોકમાં બતાવેલા છ પ્રકારના મનુષ્યોનો સંગ કરવો નહિ, એટલે તેઓની સાથે મિત્રતા કરવી નહિ, તેઓની સાથે બેસવું, ઉઠવું પણ નહિ. કારણ કે એવા પુરૂષોની સાથે બેસવા, ઉઠવાથી તેની અસર જરૂર પોતાને લાગે છે. આ વિષયમાં મહાભારતનું વચન પ્રમાણરૂપ છે. ''यदि सन्तं सेवते यद्यसन्तं तपस्विनं यदि वा स्तेनमेव । वासो यथा रङ्गवशं प्रयाति तथा स तेषां वशमभ्युपैति ॥ इति ॥ આ શ્લોકનો એવો અભિપ્રાય છે કે, જો સંતને સેવે તો સંત સરખો થાય છે. જો અસંતને સેવે તો અસંત થઈ જાય છે. જો ચોરનું સેવન કરવામાં આવે તો પોતે ચોર થઈ જાય છે. ઉત્તમ પુરૂષોનું સેવન કરવાથી શ્રેષ્ઠ બુદ્ધિ થાય છે. મધ્યમ પુરૂષોને સેવવાથી તેની બુદ્ધિ મધ્યમ થાય છે. અને નીચ પુરૂષોની સાથે સહવાસ રાખવાથી તેની બુદ્ધિ નીચ થઈ જાય છે. જેમ સફેદ વસ્ત્રને જેવા રંગમાં પલાળીએ, તેવા રંગના વશપણાને જરૂર પામે છે. તેમ પુરુષ જેમનું સેવન કરે, તેમની અસર જરૂર પોતાને લાગી જાય છે. અને વળી પુરૂષોને જેવાં શાસ્ત્રોનો સંગ હોય, તે પુરૂષની બુદ્ધિ તેવા પ્રકારની જ થાય છે. સચ્છાસ્ત્રોનું જો સેવન હોય, તો તેની બુદ્ધિ સત્ થાય છે. અને અસચ્છાસ્ત્રોનું સેવન હોય, તો તેની બુદ્ધિ અસત્ થાય છે. માટે સજ્જન પુરૂષોનું સેવન કરવું, સચ્છાસ્ત્રોનું સેવન કરવું. પણ અસત્પુરૂષોનું કે અસચ્છાસ્ત્રોનું સેવન ક્યારેય પણ કરવું નહિ. આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૨૭॥

**भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः । पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न सङ्गमः ॥२८॥**

અને વળી મારા આશ્રિતો હોય તેમણે, જે પુરૂષો ભક્તિ અને જ્ઞાનનો ઓથ લઈને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય, તે મનુષ્યનો સમાગમ કરવો નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, જે પુરૂષો ભગવાનની ભક્તિ અને આત્મજ્ઞાનનો ઓથ લઈને સ્ત્રી, દ્રવ્ય અને નાનાપ્રકારના રસાસ્વાદો તેમને વિષે તૃષ્ણાથી યુક્ત થઈને પરસ્ત્રીનો સંગ કરવો આદિક પાપકર્મમાં પ્રવર્તતા હોય, તેવા પુરૂષોનો સંગ કરવો

નહિ. કેટલાક પુરૂષો તો શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલું ભક્તિના માહાત્મ્યનું બળ લઈને પાપકર્મમાં પ્રવર્તતા હોય છે. જેમ કે આદિત્યપુરાણમાં ભગવાનના નામોચ્ચારણરૂપ ભક્તિનું માહાત્મ્ય બતાવેલું છે. नाम्नोऽस्ति यावती शक्तिः पापनिर्दहने हरेः । तावत कर्तुं न शक्नोति पातकं पातकी जनः ॥ इति ॥ આ શ્લોકનો એવો અર્થ છે કે, ભગવાનના નામમાં તો અપાર શક્તિ રહેલી છે. પાપોને બાળવામાં ભગવાનના નામની અંદર જેટલી શક્તિ રહેલી છે, તેટલાં તો પાપી પુરૂષ પાપ કરવાને પણ સમર્થ થઈ શક્તો નથી. મનુષ્ય જેટલાં પાપો કરે એ સર્વે પાપો ભગવાનના નામોચ્ચારણથી નાશ પામી જાય છે. આ રીતે શાસ્ત્રોમાં જે મહાત્મ્ય બતાવેલું હોય, તેણે કરીને તો ભગવાનના નામોચ્ચારણમાં અધિક ને અધિક પ્રવૃત્તિ થવી જોઈએ, નહિ કે પાપકર્મમાં પ્રવૃત્તિ. કેટલાક જનો તો ભગવાનના નામોચ્ચારણ રૂપ આ ભક્તિના મહાત્મ્યનો ઓથ લઈને એમ વિચારતા હોય છે કે, નામોચ્ચારણરૂપ ભક્તિથી તો બધાં પાપો નાશ પામી જાય છે, તો પછી પરસ્ત્રીનો સંગ કરવો, ચોરી કરવી, આદિક બે ત્રણ પ્રકારનાં પાપો કરવામાં શું વાંધો છે. જ્યાં સર્વે પાપો નાશ થઈ જતાં હોય, તો ત્યાં બે ત્રણ પાપો નાશ પામી જાય, એમાં કહેવું જ શું ? એ તો પામી જ જાય. આવી બુદ્ધિથી જે પાપી પુરૂષો પરસ્ત્રીનો સંગ કરવો આદિક પાપકર્મમાં પ્રવર્તતા હોય, તેનો સંગ કરવો નહિ, આવો ભાવ છે.

અને જે પુરૂષો આ રીતે ભક્તિનો ઓથ લઈને પાપકર્મમાં પ્રવર્તે છે, તે પુરૂષો ભગવાનના અપરાધી છે. આ વિષયમાં પંચરાત્રશાસ્ત્રનું વાક્ય પ્રમાણરૂપ છે- नाम्नो बलाच्च पापानि ये कुर्युस्तेऽपराधिनः ॥ इति ॥ આ વાક્યનો એ અર્થ છે કે, નામના બળથી જે પુરૂષો પાપકર્મ કરે છે, તે પુરૂષો ભગવાનના અપરાધી છે અને વળી પદ્મપુરાણમાં પણ કહેલું છે કે- नाम्नो बलात् यस्य पापबुद्धिर्न विद्यते, तस्य यमैर्विशुद्धिः ॥ इति ॥ ભગવાનના નામના બળથી જે પુરૂષોની પાપકર્મમાં પાપ બુદ્ધિ થતી નથી, અર્થાત્ પોતે પાપ કર્મો કર્યા કરે, છતાં “આ કર્મો પાપરૂપ છે.” આ રીતે પાપકર્મમાં પાપબુદ્ધિ જેને થતી નથી, તે પુરૂષોની તો યમરાજા જ શુદ્ધિ કરે છે, પણ આ લોકમાં તેની પ્રાયશ્ચિતાદિકે કરીને શુદ્ધિ થતી નથી. માટે શ્રીજીમહારાજનો એવો અભિપ્રાય છે કે, ભક્તિનો ઓથ લઈને કોઈએ પાપકર્મમાં પ્રવર્તવું નહિ. અને કોઈ પ્રવર્તતા હોય, તો તેનો સંગ કરવો નહિ.

અને વળી જેમ ભક્તિનો ઓથ લઈને પાપકર્મમાં પ્રવર્તવું નહિ. એ જ રીતે જ્ઞાનનો ઓથ લઈને પણ પાપકર્મમાં પ્રવર્તવું નહિ. ગીતામાં કહ્યું છે કે- ज्ञानाग्निः सर्व कर्माणि भस्मसात् कुरुते तथा ॥ इति ॥ ઉપાસના કરવાથી ઉપાસકની અંદર બ્રહ્મના ગુણોનો આવિર્ભાવ થાય છે. અને જ્યારે બ્રહ્મના ગુણોનો આવિર્ભાવ થાય છે. ત્યારે એ જીવ બ્રહ્મની સમાન થાય છે. તેથી તે સમયે જીવને પણ બ્રહ્મ કહેવામાં આવે છે. અને બ્રહ્મના ગુણોનો જ્યારે જીવાત્મામાં આવિર્ભાવ થાય છે, ત્યારે જ જીવાત્માને પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, અને જીવાત્મા માયાના તમામ રાગથી રહિત થઈ જાય છે. આ રીતે પરમાત્માના સ્વરૂપનો જે સાક્ષાત્કાર છે, તેને જ જ્ઞાનરૂપી અગ્નિ કહ્યો છે. અને એ જ્ઞાનરૂપી અગ્નિ જ્યારે પ્રગટ થાય છે, ત્યારે અનાદિકાળનાં સર્વે પુણ્ય અને પાપરૂપ કર્મો બળીને ભસ્મ થઈ જાય છે. આ રીતે ગીતામાં જ્ઞાનનું માહાત્મ્ય બતાવેલું છે. આ જ્ઞાનના માહાત્મ્યનો ઓથ લઈને अहं ब्रह्मास्मि, न मे कर्मबाधः ॥ इति ॥ “હું બ્રહ્મ છું” હું તો ગમે તેવાં કર્મ કરૂં, મને કોઈ કર્મનો બાધ નથી; આવી બુદ્ધિથી પાપકર્મમાં પ્રવર્તવું નહિ.

શતાનંદ સ્વામી વિશેષ સમજાવતાં કહે છે કે, જ્યારે જ્ઞાનરૂપી અગ્નિ પ્રગટ થાય છે, ત્યારે જ માયાના તમામ રાગો નિવૃત્તિ પામી જાય છે. તેથી જેના હૃદયમાં જ્ઞાનરૂપી અગ્નિ પ્રગટ થયો હોય, એ પુરૂષ ક્યારેય પણ જાણીને પાપકર્મમાં પ્રવર્તી શકે નહિ. છતાં જે પુરૂષો જ્ઞાનનો ઓથ લઈને પાપકર્મમાં પ્રવર્તે છે, તેને જ્ઞાની કહેવાય જ નહિ. એ કેવળ જ્ઞાનનો આડંબર જ કરે છે. અને જો ઈચ્છાનુસાર આચરણ કરવામાં પ્રવૃત્તિ થઈ જાય છે, તો એ પ્રવૃત્તિનું મૂળ હૃદયમાં રહેલા પંચવિષયના રાગો છે. અને પંચવિષયમાં જે રાગ છે, એ જ અજ્ઞાનનું મૂળ છે. તો જેના હૃદયમાં અજ્ઞાનનું મૂળ જ ઉભું હોય, તેને બ્રહ્મજ્ઞાની કહેવાય જ કેમ ? ન જ કહેવાય. આ વિષયમાં નૈષ્કર્મ્ય સિદ્ધિનું વાક્ય પ્રમાણરૂપ છે. रागो

मूलमबोधस्य चित्तव्यायामभूमिषु । कुतः शाद्वलता तस्य यस्याग्निः कोटरेतरोः ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, જે વૃક્ષના બખોલમાં ધગધગતો અગ્નિ રહ્યો હોય, એ વૃક્ષમાં નીલાશ ક્યાંથી હોય ? ન જ હોય. એજ રીતે જેના હૃદયમાં ધગધગતા પંચવિષયના રાગો રહ્યા હોય, એવા પુરૂષોને જ્ઞાની કહેવાય જ કેમ ? ન જ કહેવાય. છતાં પણ "अहं ब्रह्मास्मि" હું બ્રહ્મછું મને કોઈ કર્મનો બાધ નથી, આવા ભાવથી જો ઈચ્છાનુસાર આચરણ કરવામાં પ્રવૃત્તિ થઈ જાય છે, તો એ અજ્ઞાની જ છે. કારણ કે જે બ્રહ્મજ્ઞાની હોય, તેની તો જાણી જોઈને ક્યારેય પણ પાપકર્મમાં પ્રવૃત્તિ થાય જ નહિ. અને જો પાપકર્મમાં પ્રવૃત્તિ થઈ જાય છે, તો તેના હૃદયમાં પંચવિષયના રાગ છે. અને તેજ અજ્ઞાનનું મૂળ છે. જો અજ્ઞાનનું મૂળ હૃદયમાં હોય, તો એ બ્રહ્મજ્ઞાની કહેવાય નહિ. માટે કેવળ જ્ઞાનનો આંચડો ઓઢીને જે પુરૂષો પાપકર્મ કરતા હોય, એવા પુરૂષોનો ક્યારેય પણ સંગ કરવો નહિ, આવો ભાવ છે.

અને વળી સાચી રીતે જેના હૃદયમાં જ્ઞાનરૂપી અગ્નિ પ્રજ્જ્વલિત થયો હોય, તેને બીજા કોઈ ફળની અપેક્ષા હોતી નથી, અને કર્મની સાથે પણ સંબન્ધ રહેતો નથી, છતાંપણ જ્યાં સુધી દેહનું સ્મરણ હોય ત્યાં સુધી તો બીજાઓના સંગ્રહને માટે પણ સદ્ધર્મનું આચરણ કરવું, એજ બ્રહ્મજ્ઞાનીને યોગ્ય છે. પણ દુરાચાર કરવો એ યોગ્ય નથી. કારણ કે મહાપુરૂષોના આચરણને બીજા અજ્ઞાની લોકો અનુસરે છે. यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनाः ॥ इति ॥ મહાપુરૂષો જે જે આચરણ કરે છે, તે તે આચરણને બીજા અજ્ઞાની જનો અનુસરે છે કે, મોટા કરી ગયા, તો આપણે પણ કરવું. માટે જ્ઞાની પુરૂષોએ પણ જ્યાં સુધી દેહનું સ્મરણ હોય, ત્યાં સુધી સદાચાર છોડવો નહિ, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૨૮॥

**कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः । कृतं स्यात्तानि शास्त्राणि न मान्यानि कदाचन ॥२९॥**

અને જે શાસ્ત્રોમાં ભગવાન અને ભગવાનના વરાહાદિક અવતારોનું યુક્તિ વડે ખંડન કરેલું હોય, એવાં શાસ્ત્રોને મારા આશ્રિતોએ ક્યારેય પણ માનવાં નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે, કેટલાક માયાવાદી પુરૂષો યુક્તિઓ વડે ભગવાનના સ્વરૂપનું ખંડન કરતા હોય છે કે, શાસ્ત્રોમાં સર્વત્ર ભગવાનની વ્યાપક્તા પ્રતિપાદન કરેલી છે. અર્થાત્ પરમાત્મા અણુ અણુમાં વ્યાપીને રહ્યા છે, એજ પરમાત્માનું પ્રધાન લક્ષણ છે. માટે પરમાત્મા નિરાકાર છે. જો પરમાત્મા સાકાર હોય તો એ આકારની સાથે વ્યાપક બની શકે નહિ. આકારવાળી વસ્તુ હમેશાં એક જ દેશમાં રહે છે. જેમ કે આકૃતિવિશિષ્ટ પુરૂષો જે સમયે મૃત્યુલોકમાં હોય, એ પુરુષો એજ સમયમાં સ્વર્ગ લોકને વિષે ન હોઈ શકે. અને જે સમયે સ્વર્ગ લોકમાં હોય એ પુરુષો એજ સમયે મૃત્યુલોકમાં ન હોઈ શકે. ઘરમાં હોય એ વસ્તુ એજ સમયે બહાર ન હોઈ શકે, અને બહાર હોય, એ વસ્તુ એજ સમયે ઘરમાં ન હોઈ શકે. આ રીતે આકારવાળી વસ્તુ એક દેશસ્થ કહેલી છે. માટે જો પરમાત્મા સાકાર હોય તો સાકાર પરમાત્માની વ્યાપકતા ઘટી શકે નહિ. પણ શાસ્ત્રોમાં તો પરમાત્માને વ્યાપક કહેલા છે. તેથી શાસ્ત્રમાન્ય એ પરમાત્માની વ્યાપકતાનો તિરસ્કાર થઈ શકે તેમ નથી. માટે જો પરમાત્માની વ્યાપકતાનો સ્વીકાર કરવો હોય, તો પરમાત્માને નિરાકાર જ કહેવા પડશે, તેથી નિરાકાર એક જ સત્ય છે. અને રામકૃષ્ણાદિક અવતારોના જે આકારો જોયામાં આવે છે, એ તો માયામય છે, માટે મિથ્યા છે. આ રીતે જે શાસ્ત્રોમાં યુક્તિઓ વડે ભગવાનના આકારનું મૂળમાંથી નિકંદન કરી નાખેલું હોય, એવાં શાસ્ત્રો મારા આશ્રિતોએ વાંચવાં સાંભળવાં નહિ. અને એ શાસ્ત્રો નાસ્તિકનાં શાસ્ત્રોની પેઠે જ અસત્ય જાણવાં.

વેદોમાં ભગવાનનું સાકારપણું જ પ્રતિપાદન કરેલું છે- "सर्वे वेदा यत्पदम् आमनन्ति" ॥ इति श्रुतेः ॥ આ શ્રુતિનો એવો અર્થ છે કે, સર્વે વેદો ભગવાનના ચરણનું પ્રતિપાદન કરે છે. ભગવાનનાં જો ચરણ હોય, તો બીજાં અંગો પણ હોય. માટે વેદો ભગવાનને દિવ્ય મૂર્તિમાન

પ્રતિપાદન કરે છે, માટે પરમાત્મા સાકાર છે.

નનુ ''निर्गुणं तन्निराकारं परंब्रह्म निरिन्द्रियम्'' ''तदपाणिपादम्'' ॥ इति ॥ હવે અહીં પ્રતિવાદી એવી શંકા કરે છે કે, તમો કહો છો કે- શ્રુતિમાં પરમાત્માને સાકાર કહ્યા છે, પણ આ શ્રુતિમાં તો પરમાત્મા નિર્ગુણ અને નિરાકાર જ સાબિત થાય છે. આ શ્રુતિમાં તો પ્રતિપાદન કરવામાં આવેલું છે કે, પરમાત્મા નિર્ગુણ છે, નિરાકાર છે, ઇન્દ્રિયોથી રહિત છે, પરમાત્માના હાથ નથી, પરમાત્માનાં ચરણ નથી. આ રીતે શ્રુતિઓ પરમાત્માને નિર્ગુણ નિરાકાર જ કહે છે. તો તમો કેવી રીતે પરમાત્માને સગુણ અને સાકાર કહો છો ?

આ શંકાનો જવાબ આપતાં શતાનંદ સ્વામી કહે છે કે શ્રુતિઓ જે કાંઇ પણ કહે છે, એ સત્ય કહે છે. શ્રુતિઓમાં કોઇપણ જાતનો દોષ નથી. ભગવાનની અંદર માયામય સત્વાદિક ગુણો નથી. માટે શ્રુતિઓ પરમાત્માને નિર્ગુણ કહે છે. અને દિવ્ય જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વીર્ય, તેજ ઇત્યાદિક અનંત કલ્યાણકારી ગુણો ભગવાનમાં રહ્યા છે, તેથી શ્રુતિઓ પરમાત્માને સગુણ કહે છે. ભગવાનને આપણા જેવા માયિક હસ્તચરણાદિક નથી, માટે શ્રુતિઓ પરમાત્માને નિરાકાર કહે છે. અને પરમાત્માને માયાના કાર્યથી રહિત, દિવ્ય હસ્તચરણાદિક છે. અર્થાત્ પરમાત્માનો દિવ્ય આકાર છે, માટે શ્રુતિઓ પરમાત્માને સાકાર કહે છે.

અને વળી પરમાત્માની ઇન્દ્રિયો નથી, આમ જ્યાં કહ્યું છે, ત્યાં પણ પરમાત્માને આપણા જેવી માયિક ઇન્દ્રિયો નથી. દિવ્ય ઇન્દ્રિયો તો છે જ એમ સમજવું. માટે શ્રુતિઓથી જ એ સિધ્ધ થાય છે કે, પરમાત્મા સગુણ અને સાકાર છે. એટલા જ માટે શ્રીભાષ્યમાં રામાનુજાચાર્યે પણ દિવ્ય કલ્યાણકારી ગુણોના યોગે ભગવાનનું સગુણપણું પ્રતિપાદન કર્યું છે. અને પ્રાકૃત માયિક ગુણોના અભાવે ભગવાનનું નિર્ગુણપણું મોટા વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે.

અને વળી ''स ऐक्षत लोकान्नु सृजा'' ॥ इति ॥ પરમાત્માએ જ્યારે સૃષ્ટિ કરવાનો સંકલ્પ કર્યો, ત્યારે મહામાયા સામી દૃષ્ટિ કરી. આ શ્રુતિથી સિધ્ધ થાય છે કે, હજુ આ માયાનું કાર્ય ઉત્પન્ન થયું ન હતું, તેથી પહેલાં પણ પરમાત્માને નેત્રો હતાં, માટે એ નેત્રો માયિક ન સંભવી શકે, કારણ કે હજુ માયાનું કાર્ય ઉત્પન્ન થયું જ ન હતું. માટે સિધ્ધ થાય છે કે, પરમાત્માને દિવ્ય નેત્ર છે. અને જો નેત્રો હોય તો બીજી ઇન્દ્રિયો પણ હોય. માટે પરમાત્માની દિવ્ય અમાયિક ઇન્દ્રિયો પણ છે, આવું સિધ્ધ થાય છે. તમામ શ્રુતિઓથી એ જ સિધ્ધ કરી શકાય છે કે, પરમાત્મા માયિક ઇન્દ્રિયો, માયિક શરીર અને માયિક ગુણોથી રહિત છે. માટે નિરાકાર નિર્ગુણ કહેવામાં આવે છે. અને દિવ્ય ઇન્દ્રિયો, દિવ્ય શરીર અને દિવ્ય કલ્યાણકારી ગુણોથી પરમાત્મા યુક્ત છે, તેથી પરમાત્માને સગુણ અને સાકાર કહેવામાં આવે છે.

અને વળી પરમાત્માને આપણાં આ માયિક નેત્રોથી જોઇ શકાતા નથી, તેથી પરમાત્માને શ્રુતિઓમાં અરૂપ કહ્યા છે. એ પરમાત્મા દિવ્ય દૃષ્ટિથી જ જોઇ શકાય છે. માટે પરમાત્માનું દિવ્યરૂપ અને દિવ્ય આકૃતિ કહેવામાં કોઇ બાધ નથી. યોગીઓ દિવ્ય દૃષ્ટિથી પોતાના હૃદયમાં પરમાત્માને દેખે છે. માટે પરમાત્મા સાકાર છે. અને પરમાત્મા રૂપવાન છે. અને વળી યોગીઓ પોતાના હૃદયમાં પરમાત્માને દેખે છે. માટે દૃષ્ટા અને દૃશ્યની અંદર ભેદ પણ સિધ્ધ થાય છે. અર્થાત્ દેખનારો જે આત્મા એ પરમાત્મા થકી ભિન્ન છે. પરમાત્મા તત્ત્વ પૃથક્ છે. અને આત્મા તત્ત્વ પણ પૃથક્ છે. પરમાત્મા એક છે, અને આત્માઓ અનેક છે. પરમાત્મા શેષી છે, અને આત્માઓ શેષ છે. પરમાત્મા સ્વામી છે, અને આત્માઓ દાસ છે. પરમાત્મા ઉપાસ્ય છે, અને આત્માઓ ઉપાસક છે. પરમાત્મા નિયામક છે, અને આત્માઓ નિયમ્ય છે. પરમાત્મા કર્મફલના પ્રદાતા છે, અને આત્માઓ એ કર્મફળના ભોક્તા છે. આ રીતે પરમાત્મા અને જીવાત્માઓ પરસ્પર વિપરીત ધર્મોથી વિશિષ્ટ હોવાથી બન્નેની અંદર મહાન ભેદ શ્રીભાષ્યમાં વિસ્તારેલો છે. માટે જીવાત્માઓ પરમાત્માને આધીન હોવા છતાં, તત્ત્વે કરીને પરમાત્મા થકી

જુદા છે. આ રીતે સર્વે શ્રુતિઓથી અને પુરાણોથી એ નિશ્ચય થાય છે કે, પરમાત્મા સાકાર છે, માયા થકી પર છે, અને જીવાત્માઓ થકી પણ પર છે.

હવે અહીં પ્રતિવાદી શંકા કરે છે કે- ''मायापरं साकारं ब्रह्म चेत्तर्हि तत्स्थानमपि वक्तव्यम्'' ''इति चेत् सत्यम्'' ॥ પરમાત્મા જો માયાથી પર અને સાકાર હોય, તો એ સાકાર બ્રહ્મનું સ્થાન પણ તમારે કહેવું જોઇશે. કારણ કે નિરાકાર વસ્તુને આધાર જોઇતો નથી, અર્થાત્ નિરાકાર વસ્તુને રહેવાનું કોઇ એક સ્થાન હોતું નથી, નિરાકાર સર્વત્ર વ્યાપક હોય છે. સાકાર વસ્તુને તો આધાર જોઇએ, અર્થાત્ રહેવાનું સ્થાન જોઇએ. માટે તમો જો બ્રહ્મને સાકાર કહેતા હો, તો તમારે સાકાર બ્રહ્મનું સ્થાન પણ કહેવું પડશે.

આના જવાબમાં ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે, તમારી વાત બિલકુલ સાચી છે. બ્રહ્મ જો સાકાર હોય તો તેને રહેવાનું સ્થાન પણ હોવું જ જોઇએ. અને એ સ્થાન શ્રુતિ, સ્મૃતિ, ઈતિહાસ અને પુરાણોમાં પ્રસિધ્ધ છે. જેને અક્ષરધામ કહે છે, જેને અક્ષરબ્રહ્મ કહે છે, જેને બ્રહ્મલોક કહે છે, અને જેને વૈકુંઠ શબ્દથી પણ કહે છે. આ વિષયમાં શ્રુતિનું પ્રમાણ ભાષ્યકાર રજુ કરે છે- ''एतत् सत्यं ब्रह्मपुरं'' ॥ इति ॥ ''अपहतपाप्मा ह्येष ब्रह्मलोकः'' ॥ इति ॥ આ શ્રુતિઓમાં પરમાત્માના સ્થાનને બ્રહ્મપુર અને બ્રહ્મલોક શબ્દથી કહેલું છે. અને વળી સ્મૃતિમાં પણ પ્રતિપાદન કરેલું છે- ''तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः'' ॥ इति ॥ આ ભગવદ્‌ગીતાનું વાક્ય છે. આ વાક્યમાં કહેલું છે કે અર્ચિમાર્ગે જનારા બ્રહ્મજ્ઞાનીઓ પરમાત્માના બ્રહ્મપુર નામના સ્થાનને પામે છે. આ રીતે તમામ શાસ્ત્રો, ઈતિહાસો અને પુરાણોમાં ભગવાનનું અક્ષરધામ નામનું સ્થાન પ્રતિપાદન કરેલું છે. અને વળી અક્ષરબ્રહ્મ, બ્રહ્મપુર કે બ્રહ્મલોક નામના પરમાત્માના સ્થાનની આગળ બીજાં સર્વે દેવોનાં સ્થાનો પણ નરકની સમાન કહ્યાં છે. માટે સર્વે સ્થાનોથી ઉત્કૃષ્ટ પરમાત્માનું બ્રહ્મપુર, અક્ષરબ્રહ્મ કે બ્રહ્મલોક નામનું સ્થાન છે, એ સિધ્ધ થાય છે.

અને વળી કેટલાક માયાવાદીઓ કહે છે કે- સાકાર વસ્તુ હમેશાં એક જ સ્થાનમાં રહેલી હોય છે. સાકાર હોય તેનું વ્યાપકપણું ઘટી શકે નહિ. અહીં તો ભગવાનનું ધામ છે એ સિદ્ધ થયું. ભગવાન સાકાર છે, એ પણ સિદ્ધ થયું. સાકાર ભગવાન પોતાના ધામમાં એક જ જગ્યાએ બિરાજેલા છે. તેથી કદાચ કોઇ એવી શંકા કરે કે પરમાત્મા જો ધામમાં એક જ જગ્યાએ બિરાજેલા હોય, તો પરમાત્માનું પરિચ્છિન્નપણું ઠરે, અને તેથી પરમાત્માની જે વ્યાપકતા છે એ ઘટી શકે નહિ.

આના ઉત્તરમાં ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે, જેમ આકાશમાં રહેલો સૂર્ય સાકાર છે, છતાં પણ પોતાના સ્વરૂપમાંથી નીકળતા તેજ વડે કરીને આખા બ્રહ્માંડમાં વ્યાપીને રહ્યો છે. તેવી જ રીતે પરમાત્મા પણ બ્રહ્મલોક નામના પોતાના સ્થાનમાં રહ્યા છે. અને પોતાના સ્વરૂપભૂત સચ્ચિદાનંદાદિક શક્તિઓ વડે કરીને માયા અને માયાનાં કાર્યભૂત જે જીવો અને ઈશ્વરોને વિષે અંતર્યામીરૂપે, અર્થાત્ સાક્ષીરૂપે વ્યાપીને રહ્યા છે. માટે પરમાત્મા પરિચ્છિન્ન નથી. અર્થાત્ કેવળ ધામમાં જ રહ્યા છે, એવું નથી. ધામમાં રહ્યા થકા જ પોતાની શક્તિ વડે સાક્ષીરૂપે સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપક છે. આ રીતે પરમાત્મા સાકાર હોવા છતાં પણ પરમાત્માની વ્યાપકતાનું ખંડન થતું નથી.

પ્રતિવાદી શંકા કરે છે કે- પૂર્વે કહેલ તમામ શ્રુતિઓના પ્રમાણોની અંદર કોઇપણ સ્થળે કૃષ્ણ શબ્દ તો જોયામાં આવતો નથી. કેવળ પરમાત્મા, પરબ્રહ્મ આદિ શબ્દો જોયામાં આવે છે. તેથી કૃષ્ણ કરતાં, પરમાત્મા, પરબ્રહ્મ આદિ શબ્દોથી કહેવા યોગ્ય ભગવાન પૃથક્ હોય એમ જણાય છે.

આના ઉત્તરમાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે, શ્રીકૃષ્ણ છે એજ પરમાત્મા, પરબ્રહ્મ છે. પરમાત્મા તત્ત્વ એક જ છે, માટે પરમાત્મા, પરબ્રહ્મ આદિ શબ્દોથી કહેવા યોગ્ય તત્ત્વ શ્રીકૃષ્ણ થકી જુદું નથી. આ વિષયમાં વ્યાસનું વચન પ્રમાણરૂપ છે. शपतोऽसकृद् विष्णुं यद् ब्रह्म परमव्ययम् । श्वित्रो न जातो जिह्वायां नान्धं विविशतुस्तमः ॥ इति ॥ આ ભાગવતના વાક્યમાં રાજા યુધિષ્ઠિરે નારદ પ્રત્યે કહેલું છે કે- પરબ્રહ્મ

પરમાત્મા એવા શ્રીકૃષ્ણને વારંવાર ગાળો આપતા દંતવક્ર અને શિશુપાલની જીભમાં કોઢ કેમ થયો નહિ ? અને એ બન્ને અંધતમ નામના નરકમાં કેમ પ્રવેશ કર્યો નહિ ? અર્થાત્ એ બન્નેને ભગવાને મુક્તિ શા માટે આપી ? અહીં આ ભાગવતના વચનમાં શ્રીકૃષ્ણને પરબ્રહ્મ તરીકે વર્ણવેલા છે. એ સિવાય ઠેકઠેકાણે શ્રીકૃષ્ણ છે એ જ પરબ્રહ્મ છે. આ પ્રમાણે પ્રતિપાદન કરેલું છે. તેથી એ સિદ્ધ થાય છે કે, પરમાત્મા પરબ્રહ્મ શબ્દથી કહેલું તત્ત્વ, શ્રીકૃષ્ણ થકી જુદું નથી, શ્રીકૃષ્ણ છે એજ પરબ્રહ્મ છે.

અને વળી પ્રતિવાદી શંકા કરતાં કહે છે કે- શ્રીકૃષ્ણ ભલે પરબ્રહ્મ હોય, પણ જે બ્રહ્મપુર ધામને વિષે રહેલ મૂળ પુરૂષ ભગવાન છે, જેને પરતત્ત્વ કહે છે, સર્વે અવતારોના અવતારી કહે છે, આવા મૂળપુરૂષ પરતત્ત્વ પરમાત્માને કૃષ્ણ શબ્દથી કહેવા ઘટી શકે નહિ. કારણ કે એ મૂળપુરૂષ ભગવાને જ્યારે દ્વાપરને અંતે વસુદેવ અને દેવકી થકી અવતાર ધારણ કર્યો ત્યાર પછી જ કૃષ્ણ નામની પ્રવૃત્તિ થયેલી છે. તેથી પહેલાં કૃષ્ણ નામની પ્રસિદ્ધિ હતી જ નહિ. અર્થાત્ વસુદેવ દેવકીએ જ ભગવાનનું "કૃષ્ણ" આવું નામ પાડેલું છે, માટે ધામમાં રહેલા ભગવાનને "કૃષ્ણ" શબ્દથી કહી શકાય નહિ.

આના ઉત્તરમાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- વસુદેવ દેવકીને ઘેર ભગવાન પ્રગટ થયા તેથી પહેલાં પણ ભગવાનની "કૃષ્ણ" આવા નામની પ્રસિદ્ધિ હતી જ. આ વિષયમાં સંપૂર્ણ ભાગવત પુરાણ પ્રમાણરૂપ છે. જેમ કે- सा मां स्मृतिर्मृगदेहेऽपि वीर ! कृष्णार्चनप्रभवा नो जहाति ॥ इति ॥ ભાગવતમાં ભરતજીએ રહુગણ રાજા પ્રત્યે કહેલું છે કે- કૃષ્ણનું પૂજન કરવાથી ઉત્પન્ન થયેલી સ્મૃતિ મૃગના જન્મને વિષે પણ મારો ત્યાગ કર્યો ન હતો. અર્થાત્ મૃગના જન્મને વિષે પણ મને પૂર્વના જન્મની સ્મૃતિ રહેલી હતી. અહીં "કૃષ્ણનું પૂજન" આ પ્રમાણે કૃષ્ણ શબ્દનો પ્રયોગ કરેલો હોવાથી એ સિદ્ધ થાય છે કે- આદિ સત્યયુગમાં પણ ભગવાનની "કૃષ્ણ" આવા નામની પ્રસિદ્ધિ હતી.

અને વળી - कृष्णावतारोत्सवसंभ्रमोऽस्पृशद् ॥ इति ॥ આ ભાગવતના વાક્યમાં શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે- રાજન્ ! ભગવાન કૃષ્ણનો જન્મ થયો તેને સાંભળીને આનંદમાં આવી ગયેલા વસુદેવે સંકલ્પ કર્યો કે- મારે ઘેર કૃષ્ણનો જન્મ થયો ! ! ! માટે હું (૧૦૦૦૦) દશહજાર ગાયોનું દાન આપીશ. અહીં હજુ શ્રીકૃષ્ણનો જન્મ જ થયો હતો, પણ નામકરણ થયું ન હતું, નામકરણ થયાથી પહેલાં જ વસુદેવે કૃષ્ણ શબ્દનો પ્રયોગ કરેલો હોવાથી એ સિદ્ધ થાય છે કે- ભગવાનનું અનાદિ કૃષ્ણ નામ છે, પણ ગોકુળ મથુરામાં પધાર્યા પછી જ "કૃષ્ણ" આવું નામ પડેલું હોય એમ નથી.

અને વળી અવતાર સ્વરૂપ વસુદેવ અને દેવકીના જે પુત્ર છે, તેની પણ કૃષ્ણ નામથી જ પ્રસિદ્ધિ છે. જેમ ધામમાં રહેલા શ્રીકૃષ્ણ એ પરબ્રહ્મ છે. તેમ વસુદેવ દેવકીના પુત્ર જે શ્રીકૃષ્ણ છે, એ પણ પરબ્રહ્મ છે. છતાં જે પુરૂષો એ શ્રીકૃષ્ણને પરબ્રહ્મ જાણતા નથી તે પુરૂષોને અસુરો કહેલા છે. આ વિષયમાં ભગવદ્ગીતા પ્રમાણરૂપ છે. अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् । परंभावमजानन्तो मम भूतमहेश्वरम् ॥ मोघाशा मोघकर्मणो मोघज्ञाना विचेतसः । राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ॥ इति ॥ આ ભગવદ્ગીતાના વાક્યમાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે કહ્યું છે કે- હું સાક્ષાત્ પરબ્રહ્મ છું, ઈશ્વરોનો પણ ઈશ્વર છું, છતાં મારા પરમ ભાવને નહિ જાણનારા જે પુરૂષો મને સામાન્ય મનુષ્યની સમાન જાણે છે, તે પુરૂષો મોહને ઉત્પન્ન કરનારી રાક્ષસી એવી આસુરી પ્રકૃતિને આશ્રીને રહેલા છે. અને તે પુરૂષોની સર્વે આશાઓ, કર્મો અને જ્ઞાન નિષ્ફળ છે, એ બધા ચિત્ત વગરના છે, કે જેથી મને સામાન્ય મનુષ્યની સમાન જાણે છે. અને વળી જે પુરૂષો મનુષ્યરૂપે રહેલો એવો જે હું, તે મને સાક્ષાત્ પરબ્રહ્મ જાણીને મારા જન્મ અને કર્મને તત્ત્વપૂર્વક દિવ્ય જાણે છે, તે પુરૂષો દેહનો ત્યાગ કરીને ફરીવાર જન્મ ધારણ કરતા નથી, પરંતુ મને જ પામી જાય છે. આ ભગવદ્ગીતાના વાક્યથી એ સિદ્ધ થાય છે કે, મનુષ્યરૂપે રહેલા દિવ્યમૂર્તિમાન એવા જે શ્રીકૃષ્ણ છે, એજ પરબ્રહ્મ છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ ૨૯ મા શ્લોકનો ઉપસંહાર કરતાં કહે છે કે- વેદોમાં, ઉપનિષદોમાં, સ્મૃતિઓમાં અને પુરાણોમાં ભગવાન અને ભગવાનના વરાહાદિક અવતારોનું દિવ્યમૂર્તિમાનપણું, માયાના ગુણોથી રહિતપણું અને સમગ્ર કલ્યાણકારી ગુણોથી યુકતપણું પ્રતિપાદન કર્યું છે. અને તે જ રીતે પરમાત્માના ધામમાં રહ્યા જે મુક્તો છે, તેમનું પણ દિવ્યમૂર્તિમાનપણું, માયાનાગુણોથી રહિતપણું અને કલ્યાણકારી દિવ્યગુણોથી યુક્તપણું, શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યું છે. જેમ પરમાત્માની અંદર માયાનો લેશ પણ નથી, એ જ રીતે પરમાત્માના ધામમાં અને મુક્તોમાં પણ માયાનો લેશ નથી. માટે કોઈક શાસ્ત્રોમાં ભગવાન અને ભગવાનના વરાહાદિક અવતારોનું કેવળ નિર્ગુણપણું અને નિરાકારપણું પ્રતિપાદન કર્યું હોય, એવાં શાસ્ત્રોને મારા આશ્રિતોએ ક્યારેય પણ વાંચવાં, સાંભળવાં નહિ. એટલું જ નહિ જે શાસ્ત્રમાં વરાહાદિક અવતારોનું અપકૃષ્ટપણું પ્રતિપાદન કર્યું હોય, અર્થાત્ અવતારોને પણ જીવની પંક્તિમાં બેસાડી દીધા હોય, એવાં શાસ્ત્રોને પણ ક્યારેય વાંચવાં, સાંભળવાં નહિ. આવો શ્રીસહજાનંદ સ્વામીનો અભિપ્રાય છે. ॥૨૯॥

**अगालितं न पातव्यं पानीयं च पयस्तथा । स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजन्तुमयाम्भसा ॥३०॥**

અને વળી અમારા આશ્રિતો હોય તેમણે, ગાળ્યા વિનાનું જળ તથા દૂધ પીવું નહિ; અને જે જળને વિષે સૂક્ષ્મ જીવો ઘણાક હોય, એવા જળે કરીને સ્નાનાદિક ક્રિયા કરવી નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- જળ હમેશાં ગાળી, શુદ્ધ કરીને પીવું. ગાળ્યા વિનાનું જળ પીવું નહિ. જળમાં કોઈ ને કોઈ અયોગ્ય વસ્તુ રહેલી હોય છે, જે શરીરના આરોગ્યને હાનિ પહોંચાડે છે. માટે મનુસ્મૃતિમાં કહેલું છે કે ''दृष्टिपूतं न्यसेत् पादं वस्त्रपूतं जलं पिबेत्'' ॥ इति ॥ દષ્ટિથી પવિત્ર કરેલા પ્રદેશમાં પગ મૂકવો, અર્થાત્ રસ્તો ખરાબ તો નથી ને ? પગ મુકવાથી કોઈ જીવની હિંસા તો નથી થતી ને ? આમ જોઈને ત્યાર પછી પગ મુકવો. અને વસ્ત્રથી જળને શુદ્ધ કરીને પીવું, ગાળ્યા વિનાનું જળ પીવામાં તો પુરાણોમાં મહાન દોષ કહેલો છે- ''मत्स्यग्राहस्य यत्पापं षण्मासाभ्यान्तरे भवेत् । एकाहे तत्समं ज्ञेयमपूतं यो जलं पिबत्'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- છ માસ પર્યંત માછીમાર માછલાં મારે, અને જેટલું પાપ લાગે છે, તેટલું પાપ એક જ દિવસ ગાળ્યા વિનાનું જળ પીનારને લાગે છે. કારણ કે ગાળ્યા વિનાના જળમાં ક્યારેક દશ્ય એવાં જંતુઓ પણ ઉદરમાં ચાલ્યાં જાય છે. ક્યારેક રેતી, કચરો આદિક અયોગ્ય વસ્તુ પણ ગાળ્યા વિનાના જળ દ્વારા ઉદરમાં ચાલી જાય છે. જેથી શરીરના સ્વાસ્થ્યને અસર પહોંચે છે. ગાળ્યા વિનાના જળમાં કે ગાળેલા જળમાં નેત્રોથી જોઈ ન શકાય, એવાં અદશ્ય બેક્ટરીયાં તો રહેલાં જ હોય છે. એમનું તો ગાળવાથી પણ નિવારણ થઈ શકે નહિ. છતાં પણ ક્યારેક દશ્ય એવાં સૂક્ષ્મ જંતુઓ પણ જળની અંદર જોયામાં આવતાં હોય છે, એ ઉદરની અંદર ચાલ્યાં ન જાય, તેથી હમેશાં સાવધાની રાખીને જળ ગાળ્યા વિના ક્યારેય પણ પીવું નહિ. અને જો ગાળ્યા વિનાનું જળ પીવે, તો માંસભક્ષણની સમાન દોષ લાગે છે. આ વિષયમાં એક સ્મૃતિનું વચન પ્રમાણરૂપ છે.- ''चर्मवारि भवेन्मांसं मांसं तोयमगालितम्'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, ચામડાંના કોષનું જળ માંસની સમાન કહ્યું છે. અને ગાળ્યા વિનાનું જળ પણ માંસની સમાન કહેલું છે, માટે ભક્તજનો હોય તેમણે ગાળ્યા વિનાનું જળ પીવું નહિ, આવો શ્રીહરિનો અભિપ્રાય છે.

હવે એક વખત ગાળેલું પાણી ક્યાં સુધી ચાલે, આ બાબતમાં શતાનંદ સ્વામી કહે છે કે ''द्विपरावधि'' એક વખત ગાળેલું પાણી (૬) કલાક સુધી ગાળેલું ગણાય, છ કલાક પછી ફરીવાર ગાળવું જોઈએ, સવારે ગાળેલું બપોરે ગાળવું જોઈએ, અને બપોરે ગાળેલું સાંજે ગાળવું જોઈએ.

અને વળી દૂધ પણ ગાળ્યા વિનાનું પીવું નહિ. કારણ કે દૂધમાં ક્યારેક ગાય આદિક પશુઓના શરીરમાંથી રુંવાડાં ખરી પડવાનો સંભવ

હોય છે. અને પશુઓને દોહતી વખતે મચ્છર, કચરો આદિક અયોગ્ય વસ્તુનો પણ પડવાનો સંભવ હોય છે. માટે ગાળી નાખવાથી દૂધની શુદ્ધિ થાય છે. અને વળી બજારમાંથી ખરીદેલ ઘી, તેલ આદિક આહારના ઉપયોગમાં લેવાતી પ્રવાહી વસ્તુ પણ ગાળીને જ વાપરવી. કારણ કે ઘી, તેલ આદિક રસોને જ્યારે ગાળીએ છીએ, ત્યારે કોઈક સમયે તેમાંથી કેશ, કીડી, મચ્છર, ત્યાગ કરવા યોગ્ય છાશનો ભાગ, અને એ સિવાય બીજો કચરો પણ જોયામાં આવે છે. અત્યારના સમયમાં તો બધું ફિલ્ટર થઈને આવે છે, તેથી કોઈ કેશ, કીડી, મચ્છર આદિક જંતુઓનો કે કચરાનો સંભવ હોતો નથી, છતાં પણ મહારાજની આજ્ઞા છે, અને ગાળવામાં કોઈ મોટું કષ્ટ પણ નથી. માટે કોઈપણ રસો હોય, તેને ગાળીને જ વાપરવા જોઈએ. અને શાસ્ત્રોમાં પણ ઘી, તેલ આદિક રસોને અગ્નિમાં ગરમ કરી ગાળી નાખવાથી શુદ્ધિ બતાવેલી છે. ''रसानां वह्निगालनात्'' ॥ इति ॥

અને વળી જે જળમાં સૂક્ષ્મ જંતુઓ ઘણાં હોય, એ જળમાં સ્નાન કરવાથી, હસ્ત ચરણ ધોવાથી, વસ્ત્રો ધોવાથી, તેમ જ પાત્રો માંજવાથી સૂક્ષ્મ જંતુઓનો નાશ થાય છે, અને સૂક્ષ્મ જંતુઓનો નાશ થવાથી અહિંસા નામના પરમ ધર્મને વિષે દૂષણની પ્રાપ્તિ થાય છે. તેથી પુરૂષનો અહિંસામય ધર્મ રહેતો નથી, હિંસામય બની જાય છે. માટે સર્વે વર્ણવાળા પુરૂષો હોય કે સ્ત્રીઓ હોય, તેમણે સૂક્ષ્મ જંતુવાળાં જળ વડે સ્નાનાદિક ક્રિયા ક્યારેય પણ કરવી નહિ, આવો સહજાનંદ સ્વામીનો અભિપ્રાય છે. ॥૩૦॥

**यदौषधं च सुरया सम्पृक्तं पललेन वा । अज्ञातवृत्तवैद्येन दत्तं चाद्यं न तत् क्वचित् ॥३१॥**

અને વળી મારા આશ્રિતો હોય તેમણે, જે ઔષધ દારૂ તથા માંસથી યુક્ત હોય, તે ઔષધ ક્યારેય ખાવું નહિ; અને જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ, એવા અજાણ્યા વૈદ્યે આપેલું ઔષધ પણ ભક્ષણ કરવું નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પોતાના શરીરને સ્વસ્થ અને નિરોગી રાખવું જરૂરી છે. શરીર જો સ્વસ્થ અને નિરોગી હોય, તો ''शरीरमाद्यं खलु धर्मसाधनम्'' ॥ इति ॥ શરીરથી જ ધર્મ આચરણ થઈ શકે છે. અને આ શરીરથી જ પરમાત્માની ભક્તિ થઈ શકે છે. આ શરીર અનેક પુરૂષાર્થોના સાધનભૂત છે. માટે શરીરને સ્વસ્થ રાખવું, એ તો યોગ્ય જ છે. પણ શરીર સ્વસ્થ રાખવા સારૂં અંદર માંસ મદિરાનો જે પ્રવેશ કરાવવો, એ યોગ્ય નથી. માટે જેમ બને તેમ શરીરની અંદર ઔષધના યોગે પણ દારૂ માંસનો પ્રવેશ ન થાય, એવી કાળજી રાખવી જોઈએ.

શતાનંદ સ્વામી સમજાવે છે કે- આ બધા ધર્મો સામાન્યપણે સ્વસ્થ દશાના બતાવ્યા છે. કોઈ સમયે પ્રાણ પણ રહે નહિ, આવી મોટી બિમારી આવી પડે, ત્યારે કોઈ વૈદ્ય કહે કે તમને આ ઔષધ લેવું પડશે, અને એ ઔષધ પણ માંસ મદિરાથી મિશ્રિત છે. અને જો આ ઔષધ લેશો તો જ શરીર બચશે, નહિ તો શરીર બચશે નહિ. આવા સમયમાં તો શરીરને બચાવવું એજ પ્રાથમિક્તા છે, એમ સમજીને જાણે માંસ મદિરાથી યુક્ત ઔષધનું ભક્ષણ થાય, અથવા અજાણે થાય, તો તેનું યથાશક્તિ પ્રાયશ્ચિત કરી નાખવું. મરીચિ સ્મૃતિમાં પ્રતિપાદન કરેલું છે કે- ''मांसमिश्रागदप्राशे तप्तकृच्छ्रं विशोधनम्'' ॥ इति ॥ આ વાક્યનો એ અર્થ છે કે, કોઈ ભયંકર બિમારી આવી પડે, અને માંસથી મિશ્રિત એવા ઔષધનું જો ભક્ષણ કરવું પડે, તો તેના પ્રાયશ્ચિત રૂપે તપ્તકૃચ્છ્ર નામનું વ્રત કરી નાખવું. અર્થાત્ આપત્કાળ આવે ત્યારે આપત્કાળનો ધર્મ સ્વીકારી લેવો. અને જ્યારે આપત્કાળની નિવૃત્તિ થાય, ત્યારે યથાશક્તિ પ્રાયશ્ચિત કરીને પોતાના મુખ્ય ધર્મમાં આવી જવું.

અને વળી અજાણ્યા વૈદ્યે આપેલા ઔષધમાં ક્યારેક નહિ ભક્ષણ કરવા યોગ્ય અપવિત્ર વસ્તુ આવી જતી હોય છે. માટે સારી રીતે પરિચિત એવા વૈદ્યે આપેલું ઔષધ ગ્રહણ કરવું, પણ અપરિચિત વૈદ્યનું ઔષધ ગ્રહણ કરવું નહિ, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૩૧॥

**स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदाचन । मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं तथा ॥३२॥**

અને વળી મારા આશ્રિતો હોય તેમણે મળ-મૂત્ર કરવાને અર્થે લોક અને શાસ્ત્રમાં નિષેધ કરાયેલાં સ્થાનકોમાં ક્યારેય મળ-મૂત્રનો ત્યાગ કરવો નહિ, તથા થુંકવું પણ નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- કેટલાંક સ્થાનો એવાં હોય છે કે, જે મળ-મૂત્ર કરવાને અર્થે લોકદષ્ટિએ નિષેધ કરાયેલાં હોય છે. જેમ કે બીજાના ઘરનું આંગણું, કોઇ રાજકીય સ્થાન જે ઓફીસ કે પોલીસની કચેરી, અને તલવાર, બંદૂક આદિક શસ્ત્રોને ધારણ કરનાર વ્યક્તિનું સ્થાન, ઇત્યાદિક સ્થાનો મળમૂત્ર કરવાને અર્થે લોકમાં નિષેધ કરેલાં છે. માટે આવાં સ્થાનોમાં મળ-મૂત્ર કરવા જવું નહિ.

અને વળી કેટલાંક સ્થાનો એવાં હોય છે, જે મળ-મૂત્ર કરવાને અર્થે શાસ્ત્રદષ્ટિએ નિષેધ કરાયેલાં હોય છે. જેમ કે- ‘‘न गोव्रजे न वल्मीके नोदके न च भस्मनि । न गर्तेषु ससत्त्वेषु न तिष्ठन्न च वर्तमनि'' ॥ इति ॥ ‘‘न फालकृष्टभू भागे नदीतीरे च सैकते । न जीर्णदेवतागारे न रथ्यायां न संस्कृते ॥ नाप्रावृत्तशिराः कुर्यान्मलमूत्र विसर्जनम्'' ॥ इति ॥ આ સ્કંદપુરાણનું વચન છે. આમાં મળ-મૂત્રને અર્થે કેટલાંક સ્થાનો વર્જ્ય કહેલાં છે- કોઇ ગૌશાળા હોય, રાફડો હોય, ત્યાં મળ-મૂત્રનો ત્યાગ ન કરવો. કારણ કે ગૌશાળા તો અતિ પવિત્ર કહેવાય છે, અને રાફડામાં સૂક્ષ્મ જંતુઓ હોય છે. જળમાં મળ-મૂત્રનો ત્યાગ કરવો નહિ, કારણ કે વરૂણદેવનો અપરાધ થાય છે. કોઈ રાખનો ઢગલો પડેલો હોય, તેના ઉપર પણ મળ-મૂત્રનો ત્યાગ કરવો નહિ, જેમાં જંતુઓ ઘણાં રહેતાં હોય, એવો કોઇ ખાડો હોય તેમાં પણ મળ-મૂત્ર કરવાં નહિ. ઉભા ઉભા મળ-મૂત્રનો ત્યાગ કરવો નહિ. જે માર્ગમાંથી મનુષ્યોની અવરજવર થતી હોય, એવા માર્ગમાં પણ મળ-મૂત્રનો ત્યાગ કરવો નહિ. સારો પ્રદેશ હોય, વાળી ચોળીને શુદ્ધ કરેલો હોય, ત્યાં પણ મળ-મૂત્રનો ત્યાગ કરવો નહિ. તે જ રીતે રેતાળ નદીનો કિનારો હોય, જ્યાં મનુષ્યો બેસતાં હોય, ત્યાં પણ મળ-મૂત્રનો ત્યાગ કરવો નહિ. અને જૂનાં થઇ ગયેલાં દેવમંદિરો હોય કે જેમાં કોઇ માણસ પણ ફરકતું ન હોય, આવા મંદિરોમાં ભૂતનો વાસ હોય છે, માટે ત્યાં પણ મળ-મૂત્રનો ત્યાગ કરવો નહિ. બજારમાં મળ-મૂત્ર કરવાં નહિ. વૃક્ષની છાયા હોય કે જે વૃક્ષની છાયાનો મનુષ્યો ઉપયોગ કરતાં હોય, રસ્તે ચાલતાં મનુષ્યો વિસામો ખાતાં હોય, પશુઓ પણ નીચે બેસીને વિશ્રાંતિ લેતાં હોય, આવાં વૃક્ષની છાયામાં કોઇ દિવસ મળ-મૂત્ર કરવાં નહિ. અને ગાય, બ્રાહ્મણ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, ગુરૂ, સ્ત્રી અને દેવ તેઓની સામે મળ-મૂત્રનો ત્યાગ કરવો નહિ. અને મસ્તકને ઢાંક્યા વિના પણ મળ-મૂત્રનો ત્યાગ કરવો નહિ. આ રીતે આ બધાં સ્થાનકો શાસ્ત્રમાં નિષેધ કર્યાં છે. આ સિવાયનાં બીજાં જે સ્થાનકો હોય, ત્યાં મળ-મૂત્રનો ત્યાગ કરવો. અને વળી ઉપર નિષેધ કરાયેલાં સ્થાનકોમાં થુકવું પણ નહિ. આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૩૨॥

**अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च । स्थाने सस्वामिके वासः कार्योऽपृष्ट्वा न तत्पतिम् ॥३३॥**

અને વળી મારા આશ્રિતો હોય તેમણે દ્વાર વિના પ્રવેશવું નહિ, અને નીકળવું પણ નહિ. અર્થાત્ ચોર માર્ગે કરીને પેસવું નહિ, અને નીસરવું નહિ, તેવી જ રીતે ધણીયાતા સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો કરવો નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે ક્યારેક આપત્કાળમાં ગુપ્ત રીતે જવા આવવા માટે ઘરમાં રાખેલું જે દ્વાર તેને અદ્વાર કહેવામાં આવે છે. અર્થાત્ અયોગ્ય દ્વાર કહેવામાં આવે છે. અથવા એનું નામ ચોર દ્વાર પણ કહેવાય છે. અથવા તો દ્વારજ ન હોય, તેને પણ અદ્વાર કહેવાય છે. કોઇ વાળ કરેલી હોય, કિલ્લો હોય કે ભીંત હોય, તેમને ઉલ્લંઘીને ક્યારેય પણ પેસવું નહિ, અને બહાર નીકળવું નહિ. આ વિષયમાં મનુસ્મૃતિ પ્રમાણરૂપ છે. ‘‘अद्वारेण न चातीयात् ग्रामं वा वेश्म वाऽवृतम्'' ॥ इति ॥ આ શ્લોકનો એવો અર્થ છે કે- કોઇ ગામ હોય, ઘર હોય કે વંડી હોય, તેમાં દ્વાર વિના ક્યારેય પણ પ્રવેશ કરવો નહિ. કારણ કે કોઇને શંકા થાય કે આ ચોર તો નહિ હોય ને ? તેના કરતાં પ્રસિદ્ધ

માર્ગે જ પ્રવેશ કરવો, એ હિતાવહ છે. અને પ્રસિદ્ધ માર્ગે જ નીકળવું જેથી કોઇને કોઇ જાતનો સંદેહ થાય નહિ, આવો શ્રીહરિનો અભિપ્રાય છે.

અને વળી ધણીયાતું કોઇ ઘર હોય, ધર્મશાળા હોય, તેને વિષે તે સ્થાનના માલિકને પૂછ્યા વિના ઉતરવું નહિ. અને જો ધણીયાતા સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો કરેલો હોય, અને જ્યારે ધણીને ખબર પડે કે આ મારી રજા વિના અહીં ઉતર્યો છે. ત્યારે એ ધણી જો રાજસિક, તામસિક સ્વભાવનો હોય, તો અતિ ક્રોધાયમાન થાય, અને તિરસ્કાર કરીને જ્યારે આપણને કાઢી મૂકે, ત્યારે આપણને પણ ક્રોધ ઉત્પન્ન થાય. આમ પરસ્પર ક્રોધ ઉત્પન્ન થવાથી ઝઘડો થાય છે, અને વ્યર્થ મહાન કલેશ ઉત્પન્ન થાય છે. માટે ધણીયાતા સ્થાનકને વિષે, તેના ધણીને પૂછ્યા વિના એક રાત્રી પણ ઉતારો કરવો નહિ.

શતાનંદ સ્વામી કહે છે કે અહીં ધણીયાતા સ્થાનમાં ઉતરવાની મનાઇ કરી છે. તેથી જે સ્થાનનો કોઇ માલિક જ ન હોય, તેવાં સ્થાનકોમાં ઉતરવામાં દોષ નથી. જે સ્થાનોનો કોઇ માલિક ન હોય, તેવાં સ્થાનો વસિષ્ઠ મુનિએ વર્ણવેલાં છે- ''वनानि नद्यो गिरयस्तीर्थान्यायतनानि च । देवखाताश्च गर्ता ये तेषु स्वामी न विद्यते'' ॥ इति ॥ વનનો કોઇ માલિક નથી, નદીઓનો કોઇ માલિક નથી, પર્વતોનો કોઇ માલિક નથી, સાર્વજનિક તીર્થો, દેવાલયો, અને ગુફાઓ તેમનો પણ કોઇ માલિક હોતો નથી. આ બધાં સાર્વજનિક સ્થાનો કહેવાય છે. માટે આવાં માલિક વિનાનાં જે સ્થાનો હોય, ત્યાં એમને એમ ઉતરવામાં કોઇ જાતનો બાધ નથી, આવો સહજાનંદ સ્વામીનો અભિપ્રાય છે. ॥૩૩॥

**ज्ञानवार्ताश्रुतिर्नार्या मुखात् कार्या न पूरुषैः । न विवादः स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः॥३४॥**

અને મારા આશ્રિત પુરૂષો હોય તેમણે, સ્ત્રીઓના મુખ થકી જ્ઞાન વાર્તા સાંભળવી નહિ. અને સ્ત્રીઓ સાથે વિવાદ કરવો નહિ. તથા રાજા સંગાથે અને રાજાના માણસો સંગાથે વિવાદ કરવો નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- કોઇ સ્ત્રી શાસ્ત્રોને ભણેલી હોય, અને સભા કરીને પ્રવચનો આપતી હોય, પારાયણો કરતી હોય, તો એ સભામાં મારા આશ્રિત પુરૂષોએ સાંભળવા જવું નહિ, સ્ત્રીઓ હોય તેમણે જવું. અર્થાત્ પુરૂષોએ સ્ત્રીના મુખ થકી જ્ઞાનવાર્તા સાંભળવી નહિ. ઘરમાં કદાચ માતા પુત્રને શાસ્ત્રનો ઉપદેશ આપે, તો પુત્રે પ્રેમથી સાંભળવો. અને પત્ની હોય તે પોતાના પતિને ઉપદેશ આપે, તો પતિએ પણ પ્રેમથી સાંભળવો. કારણ કે પતિ જો કુમાર્ગે જાય તો તેનો અર્ધો ભાગ પત્નીને પ્રાપ્ત થાય છે. માટે પત્નીની ફરજ પણ ખરી કે પોતાના પતિને ઉપદેશ આપવો. માટે પતિને પત્નીના મુખ થકી ઉપદેશ સાંભળવામાં કોઇ દોષ નથી. પણ કોઇ સ્ત્રી પાટ કે બાજોઠ રાખીને કથા વાર્તા કરવા બેસે તો પુરૂષોએ સાંભળવા જવું નહિ.

શતાનંદ સ્વામી સમજાવે છે કે- સામાન્ય રીતે સ્ત્રીઓની વાણીમાં પુરૂષોનું મન આકર્ષાતું હોય છે. તેથી પુરૂષો જો સ્ત્રીઓના મુખ થકી કથા વાર્તાનું શ્રવણ કરવા માંડે, તો ધીરે ધીરે સ્ત્રીઓની વાણી સાંભળવામાં આસક્તિ ઉત્પન્ન થાય છે. અને આસક્તિ છે, એજ વિકૃતિ છે. સ્ત્રીની વાણી સાંભળવામાં આસક્તિ થવાથી સ્ત્રીનો મનોમન પ્રસંગ થાય છે. અને પછી ધીરે ધીરે સ્ત્રીના પ્રસંગે કરીને એવા દઢ બંધનની પ્રાપ્તિ થાય છે કે, જે બંધનને પછી ભેદી શકાતું નથી. આ વિષયમાં ભાગવત શાસ્ત્રનું વાક્ય પ્રમાણરૂપ છે. ''न तथाऽस्य भवेन्मोहो बन्धश्चाऽन्यप्रसङ्गतः । योषित्सङ्गाद्यथा पुंसो यथा तत्सङ्गिसङ्गतः'' ॥ इति ॥ આ શ્લોકનો અર્થ એવો છે કે, કપિલ ભગવાન માતાને કહે છે, હે માતાજી ! પુરૂષોને સ્ત્રીઓના પ્રસંગે કરીને જેવો મોહ અને બંધન થાય છે, એવો મોહ અને બંધન તો બીજા કોઇના પ્રસંગે કરીને થતાં નથી. અને વળી હે માતા ! મારી સ્ત્રીરૂપી માયાનું બળ તો તમે જુઓ, એના બળની હું શું વાત કરૂં. દશે દિશાઓને ગજાવનારા એવા પુરૂષોને પણ જે સ્ત્રી એક ભ્રકુટિના વિલાસમાત્રથી પગની પેની નીચે દબાવી દે છે. અર્થાત્ પુરૂષને એવો પરાધીન કરી દેછે કે બેસી જા, તો બેસી જાય. અને ઉઠી જા તો ઉઠી જાય. આ રીતે સ્ત્રીઓનો

પ્રસંગ મોટા મોટા જ્ઞાનીઓને પણ બંધન કરનારો છે. માટે મારા આશ્રિત પુરૂષો હોય તેમણે સ્ત્રીઓના મુખ થકી જ્ઞાનવાર્તાનું શ્રવણ કરવામાં આગ્રહ રાખવો નહિ.

અને વળી મારા આશ્રિત પુરૂષો હોય, તેમણે સ્ત્રીઓની સાથે વિવાદ કરવો નહિ. અર્થાત્ સ્ત્રીઓની સાથે વિરૂદ્ધ વાદ કરવો નહિ. અને જો વિરૂદ્ધ વાદ કરે તો, જુઠું બોલવું, વગર વિચારે કાર્ય કરી નાખવું, કપટ કરવું, ઈત્યાદિક સ્ત્રીઓના સ્વાભાવિક દુર્ગુણો કહેલા છે. એ સ્વાભાવિક દુર્ગુણોને સ્ત્રી જલદી વશ થતી હોય છે. તેથી વિરૂદ્ધ વાદ કરનારા પુરૂષને અનર્થની પ્રાપ્તિ થાય છે, આવો શ્રીહરિનો અભિપ્રાય છે.

અને વળી રાજા કે રાજપુરૂષો સાથે પણ વિવાદ કરવો નહિ. કારણ કે રાજા તથા રાજપુરૂષોને રાજનું કે સત્તાનું બળ હોય છે. તેથી રાજા કે રાજપુરૂષો સાથે જો વિવાદ થાય તો પછી એ કોઈના સમજાવ્યા સમજે નહિ. અને વિવાદ કરનારને મહાન અનર્થની પ્રાપ્તિ થાય છે. માટે જેમ બને તેમ રાજા અને રાજપુરૂષોથી દૂર રહેવું. આવો ભાવ છે. ॥૩૪॥

**अपमानो न कर्तव्यो गुरूणां च वरीयसाम् । लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारीणाम् ॥३५॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, ગુરૂઓનું અપમાન કરવું નહિ, તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય, તથા લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્યો હોય, તથા જે વિદ્વાન મનુષ્યો હોય, અને જે શસ્ત્રધારી મનુષ્યો હોય, તે સર્વેનું અપમાન કરવું નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પુરૂષોના નવ ગુરૂઓ કહેવાય છે- ''आचार्यश्च पिता ज्येष्ठो भ्राता चैव महीपतिः । मातुलः श्वशुरस्त्राता मातामहपितामहौ ॥ वर्णश्रेष्ठः पितृव्यश्च पुंस्येते गुरवो मताः'' ॥ इति ॥ આ શ્લોકમાં પુરૂષના નવ ગુરૂઓ વર્ણવેલા છે. તેમાં પ્રથમ આચાર્ય જે હોય તે ગુરૂ કહેવાય છે, માટે આચાર્યનું અપમાન કરવું નહિ. એ જ રીતે પિતા, મોટાભાઈ, રાજા, મામા, સસરો, રક્ષક, નાનો, દાદો અને કાકો આ નવ ગુરૂઓ શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યા છે. માટે શાસ્ત્રમાં બતાવેલા આ નવ ગુરૂઓનું અપમાન કરવું નહિ, હમેશાં તેઓનું બહુમાન કરવું.

એજ રીતે પ્રખ્યાતગુણોવાળા જે મહાપુરૂષો હોય, સાધુ સંતો હોય, તેઓનું પણ અપમાન કરવું નહિ. તથા આ લોકમાં પ્રતિષ્ઠાને પામેલા કોઈ રાજા હોય કે રાજકીય પુરૂષો હોય, તથા શ્રેષ્ઠ જાતિ, શ્રેષ્ઠ આચરણ, તે વડે આ લોકમાં પ્રતિષ્ઠાને પામેલા હોય, અને જાતિએ કરીને ભલે ઉતરતા હોય, પણ ધનાદિકે કરીને આ લોકમાં પ્રતિષ્ઠાને પામેલા હોય, આવા કોઈપણ પુરૂષોનું અપમાન કરવું નહિ. અને વળી વેદ અને શાસ્ત્રોના પારને પામેલા વિદ્વાનો હોય, તેઓનું પણ અપમાન કરવું નહિ. મનુસ્મૃતિમાં મનુએ કહેલું છે કે- ''क्षत्रियं चैव सर्पं च ब्राह्मणं च बहुश्रुतं । नावमन्येत वै भूष्णु कृशानपि कदाचन'' ॥ इति ॥ ક્ષત્રિય, સર્પ અને વેદ વેદાંતના પારને પામેલો વિદ્વાન બ્રાહ્મણ, આ ત્રણે ભલે શરીરે અતિ દુબળા હોય, છતાં આ ત્રણેયનું અપમાન કરવું નહિ, છેડતી કરવી નહિ. કારણ કે આ ત્રણે દાઢમાં ઝેર રાખનારા છે. માટે વેદ શાસ્ત્રોના પારને પામેલા વિદ્વાનોનું અપમાન કરવું નહિ. અને વળી તલવાર, બંદૂક આદિક શસ્ત્રોને ધારણ કરનારા શસ્ત્રધારી પુરૂષોનું પણ અપમાન કરવું નહિ.

શતાનંદ સ્વામી કહે છે કે, સત્કાર ન થાય તો કાંઈ નહિ, પણ આટલા પુરૂષોનું અપમાન તો કરવું નહિ. અને સત્કારમાં તેઓ આવે એટલે ઉભા થવું, આવો આવો બેસો. એમ કહીને આસન ઉપર બેસાડવા, પાણીનું પૂછવું, મીઠી વાણીથી બોલાવવા, ઈત્યાદિક રીતે બહુમાન કરવું, પણ અવજ્ઞા ક્યારેય કરવી નહિ, આવો અભિપ્રાય છે.

અને જો કોઈ પુરૂષોનું અપમાન કરવામાં આવે, તો મોટા અનર્થની પણ પ્રાપ્તિ થાય છે. ભાગવતમાં પ્રતિપાદન કરેલું છે કે, મહાપુરૂષોનો જે અપરાધ છે, એતો કલ્યાણોનો નાશ કરી નાખે છે. આયુષ્ય, લક્ષ્મી અને યશનો પણ નાશ કરી નાખે છે. સ્કંદપુરાણમાં પણ કહેલું છે કે-

''सतामतिक्रमादेव पुण्यानां महतामपि । सद्यः क्षयः स्यात् सर्वेषामपि आयुषः संपदाम्'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- પવિત્ર મહાન એવા સાધુપુરૂષોની અવજ્ઞા કરવાથી તત્કાળ જ આયુષ્ય અને સંપત્તિનો નાશ થઈ જાય છે. જેમ કે ભક્ત પ્રહ્લાદનો અપરાધ કરવાથી હિરણ્યકશિપુની દેવતાના વરદાનથી પ્રાપ્ત થયેલી લાંબી આયુષ્યનો અને લક્ષ્મીનો તત્કાળ જ નાશ થયો હતો. માટે કોઈપણ મહાપુરૂષો હોય, આ લોકમાં પ્રતિષ્ઠિત કોઈ વ્યક્તિ હોય, વિદ્વાન કોઈ વ્યક્તિ હોય, શસ્ત્રધારી હોય, અને ગુરૂઓ હોય તેઓનું અપમાન કરવું નહિ, પણ હમેશાં તેઓનું બહુમાન જ કરવું, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૩૫॥

**कार्यं न सहसा किञ्चित्कार्यो धर्मस्तु सत्वरम् । पाठनीयाऽधीतविद्या कार्यः सङ्गोऽन्वहं सताम् ॥३६॥**

અને મારા આશ્રિતો હોય, તેમણે વિચાર્યા વિના કોઈપણ કાર્ય તત્કાળ કરવું નહિ. અને ધર્મ સંબંધી જે કાર્ય, તે તો તત્કાળ કરવું. પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો.

શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- કોઈપણ વ્યવહાર સંબન્ધી કાર્ય હોય, તેને પોતાની બુદ્ધિથી સારી રીતે વિચાર કરીને અથવા સત્પુરૂષોને પૂછીને કરવું, પણ અકસ્માત કરી નાખવું નહિ. વિચાર્યા વિના કાર્ય કરી નાખનાર પુરૂષને મહાન દુઃખની પ્રાપ્તિ થાય છે. ભારવિ નામના કવિએ કહેલું છે કે- વિચાર્યા વિના તત્કાળ કોઈપણ કાર્ય કરવું નહિ. અને વિચાર્યા વિના તત્કાળ જે કાર્ય કરી નાખવું એ અવિવેક છે. અને તે પરમ આપત્તિનું સ્થાન છે. ભર્તુહરિએ પણ કહેલું છે- ''गुणवद्गुणवद्वा कुर्वता कार्यमादौ परिणतिरवधार्या यत्नतः पण्डितेन । अतिरभसकृतानां कर्मणामाविपत्तेर्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, ગુણવાળું અથવા તો ગુણ વિનાનું કોઈપણ કાર્યને કરતા વિદ્વાન પુરૂષોએ પ્રયત્ન પૂર્વક એ કાર્યનું પરિણામ વિચારવું જોઈએ કે, હું આ કાર્યનો પ્રારંભ તો કરૂં છું, પણ આ કાર્યનું પરિણામ ખરાબ તો નહિ આવે ને ? આ રીતે ખૂબ ખૂબ વિચાર કરીને જ કાર્યનો આદર કરવો જોઈએ. અને જે પુરૂષ વિચાર્યા વિના અતિ વેગથી કાર્યનો પ્રારંભ કરી દે છે, તે પુરૂષના મનમાં સતત ચિંતા રહે છે કે, કાર્યનો પ્રારંભ તો થઈ ચુક્યો છે, પણ એનું પરિણામ શું આવશે ? આ રીતે જ્યાં સુધી એ કર્મની સિદ્ધિ ન થાય, ત્યાં સુધી એ કાર્ય હૃદયમાં સંતાપને કરનારૂં થાય છે. અને શલ્યની પેઠે હૃદયને બાળનારૂં થાય છે. માટે હમેશાં વિચારીને જ કાર્ય કરવું. વિચારીને કાર્ય કરનાર હમેશાં સુખી જ થાય છે, દુઃખી ક્યારેય પણ થતા નથી. મહાભારતમાં એક ચિરકારી બ્રાહ્મણની કથા છે- ઈન્દ્રે ગૌતમમુનિનું રૂપ ધારણ કરીને ગૌતમની પત્નિ અહલ્યાની સાથે દુર્વ્યવહાર કરેલો હતો. આ બાબતની ગૌતમ મુનિને ખબર પડતાં, ગૌતમ ઋષિએ ક્રોધાયમાન થઈને પોતાની પત્ની અહલ્યાને મારી નાખવા માટે પુત્રને આજ્ઞા કરી, પણ પુત્ર તો માતાનું માહાત્મ્ય સમજી કરીને, માતાને મારવામાં ઘણો ઘણો વિચાર કર્યો કે- માતાને મારવામાં તો મહાન પાપ છે, માતાને મારી નાખવાથી પુત્રનો ક્યારેય પણ છુટકારો થતો નથી, આમ ઘણો ઘણો વિચાર કરીને બેસી રહ્યો, પણ માતાને મારી નહિ. તેથી ગૌતમમુનિ પોતાના પુત્ર ઉપર અતિ પ્રસન્ન થઈ ગયા, અને પોતાના પુત્રે માતાને મારવામાં લાંબો સમય વિચાર કર્યો, તેથી પોતાના પુત્રનું નામ પણ ચિરકારી ધારણ કર્યું. ચિરકારી એટલે ''લાંબો સમય વિચાર કરનાર'' આ રીતે વિચારીને કાર્ય કરનારા પુરૂષો હમેશાં સુખી જ થાય છે, દુઃખી ક્યારેય પણ થતા નથી. આવો શ્રીહરિનો અભિપ્રાય છે.

અને વળી ધર્મ સંબન્ધી જો કોઈ કાર્ય હોય, તો તત્કાળ જ કરી નાખવું, એમાં કોઈની રાહ જોવી નહિ, અને લાંબો વિચાર પણ કરવો નહિ. જ્યારે ધર્મસંબન્ધી કાર્ય કરવાનો મનમાં વિચાર ઉત્પન્ન થાય, તેજ સમયે એ કાર્ય કરી નાખવું. નહિ તો પછી એ વિચાર બદલાઈ જાય છે, અને ધર્મસંબન્ધી કાર્ય અટકી જાય છે. કારણ કે ધર્મની ગતિ ઉતાવળી કહેલી છે. આજે આપણા મનમાં સંકલ્પ થયો કે મારે આ ધર્મકાર્ય કરવું છે, પણ થોડીવાર પછી મનમાં એવો સંકલ્પ થશે કે હશે, કાંઈ નહિ. આવતે વર્ષે કરીશું. આ રીતે ધર્મ સંબન્ધી કાર્યમાં ઝટ ઝટ મન બદલાઈ જતું

હોય છે, તેથી ધર્મની ગતિ ઉતાવળી શાસ્ત્રમાં બતાવેલી છે.

અને વળી જો ધર્મસંબન્ધી કાર્ય તત્કાળ કરી નાખેલું હોય, તોપણ કાંઇ હાનિકારક થતું નથી. કારણ કે ધર્મ સંબન્ધી કાર્ય પરલોકમાં સહાય કરનારૂં છે- ''धर्म एव सहायी स्यात् परलोके न चेतरः'' ॥ इति ॥ આ સ્મૃતિ વાક્યનો એ અર્થ છે કે- પરલોકમાં તો કેવળ ધર્મ જ મદદ કરનારો છે. એ સિવાય બીજી કોઇપણ વસ્તુ, કે કોઇપણ વ્યક્તિ પરલોકમાં મદદ કરનાર નથી. માટે ધર્મસંબન્ધી કાર્ય તત્કાળ કરી નાખવામાં પોતાને કોઇપણ પ્રકારની હાનિ થતી નથી.

મહાભારતમાં એક કથા છે. યુધિષ્ઠિર રાજા પોતાના ભાઇઓ સાથે રાજ્યની કચેરીમાં બેઠા હતા, કાંઇક રાજકીય મંત્રણા ચાલતી હતી. તે સમયે કોઇક ભિક્ષુક બ્રાહ્મણ ત્યાં આવીને દાન દક્ષિણાની યાચના કરી. તે સમયે યુધિષ્ઠિર રાજાએ કહ્યું કે ભૂદેવ ! અત્યારે રાજ્યના અતિથિગૃહમાં ઉતારો કરો, અને આવતી કાલે મળજો. તમારી ઇચ્છા પૂર્ણ થશે. તે સમયે ભિક્ષુક બ્રાહ્મણે જવાબ આપ્યો કે- ''चलं वित्तं चलं चित्तं चलं जीवितमावयोः । यमस्य करुणा नास्ति धर्मस्य त्वरिता गतिः'' ॥ इति ॥ હે રાજન્ ! કાલનો શો ભરોસો ? ''चलं वित्तम्'' ॥ इति ॥ પૈસો ચંચળ છે, લક્ષ્મી અતિ ચંચળ છે. આજે આપણા હાથમાં હોય, ને કાલે ન પણ હોય. માટે પૈસો હાથમાં હોય ત્યારે જ ધર્મ કાર્ય કરી લેવું જોઇએ. માનો કે કદાચ પૈસો સ્થિર રહે, તો મનુષ્યનું મન ચંચળ છે-''चलं चित्तम्'' આજે મનમાં એમ થાય કે આટલું દાન કરવું છે, તો આવતી કાલે મન બદલાઇ જાય છે. કારણ કે મન બહુ ચંચળ છે. માનો કે કદાચ પૈસો અને મન આ બન્ને સ્થિર રહી જાય, તો પણ ''चलं जीवितमावयोः'' આપણા બન્નેનાં જીવન ચંચળ છે. આવતી કાલ સુધીમાં આપણા બન્નેમાંથી એકનું મૃત્યુ ન થઇ જાય તેની શું ખાત્રી ? કદાચ માનો કે આવતી કાલ સુધી આપણે બન્ને જીવિત રહીએ, તો પણ ''धर्मस्य त्वरिता गतिः'' ॥ इति ॥ ધર્મની ઉતાવળી ગતિ શાસ્ત્રોમાં બતાવેલી છે. અર્થાત્ ધર્મસંબન્ધી કાર્યોમાં મનુષ્ય જો ઢીલાશ રાખે તો, કોઇ દિવસ ધર્મકાર્ય કરી શકતો નથી. કારણ કે ધર્મસંબન્ધી કાર્યમાં જલદી વિપરીત બુદ્ધિ થવાનો સંભવ છે. આજે કરવામાં આવેલો ધર્મસંબન્ધી કાર્યનો સંકલ્પ, આવતી કાલ સુધીમાં તો વિપરીતપણાને પામી જાય છે. માટે તક મળે એટલે તરત જ ધર્મકાર્ય કરી લેવું. ધર્મકાર્ય કરવામાં કોઇની રાહ જોવી નહિ. મોક્ષધર્મમાં કહેલું છે કે- ''श्वः कार्यमद्य कुर्वीत पूर्वाह्णे चापराह्णिकम् । न हि प्रतीक्षते मृत्युः कृतं वाऽस्य न वा कृतम्'' ॥ इति ॥ ધર્મ સંબન્ધી કાર્ય આવતી કાલે કરવાનું નક્કી કર્યું હોય, તો આજે જ કરી લેવું. આવતી કાલની રાહ જોવી નહિ. બપોર પછી કરવાનું નક્કી કર્યું હોય, તો બપોર પહેલાં જ કરી લેવું, કારણ કે મૃત્યુ કોઇની રાહ જોતું નથી. આપણું કાર્ય અધુરૂં હશે તોપણ મૃત્યુ આપણને લઇને ચાલ્યું જશે. માટે ધર્મકાર્યમાં ક્યારેય પણ પ્રતીક્ષા કરવી નહિ. ધર્મકાર્ય તો તત્કાળ જ કરી લેવું. આવો શ્રીહરિનો અભિપ્રાય છે.

અને વળી પોતે ગુરૂની સેવા કરીને અને અભ્યાસ કરીને જે વિદ્યા પ્રાપ્ત કરેલી હોય, એ વિદ્યા કોઇ સુશીલ શિષ્ય હોય, તેને અર્પણ કરવી. કારણ કે વિદ્યાદાનને અતિદાન કહેલું છે. ''त्रिण्याहुरतिदानानि गावः पृथ्वी सरस्वती'' ॥ इति ॥ ગાયનું દાન, પૃથ્વીનું દાન અને વિદ્યાદાન આ ત્રણ અતિદાનો કહેલાં છે. અને વળી વિદ્યા ભણાવનારને બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. ''पराध्यापनसक्तो हि पुरुषस्तु यदश्नुते । तपस्तत्परमं तस्य ब्रह्मलोकगमं स्मृतम्'' ॥ इति ॥ આ શ્લોકનો એ ભાવ છે કે, નિઃસ્વાર્થભાવે બીજાને ભણાવવામાં તત્પર એવો પુરૂષ બીજાને ભણાવવાથી જે દુઃખને પામે છે, એ તેનું પરમ તપ કહેલું છે, અને આ તપ બ્રહ્મલોકને પમાડનારૂં છે. માટે પોતે ભણેલી વિદ્યા બીજાને ભણાવવી.

અને વળી નન્દિપુરાણમાં ચૌદ પ્રકારની વિદ્યાઓ મુખ્ય કહેલી છે. તેમાં વેદનાં છ અંગો, અને ચાર વેદો, ધર્મશાસ્ત્રો, પુરાણો, મીમાંસાશાસ્ત્ર, અને તર્કશાસ્ત્ર, આ ચૌદ વિદ્યાઓ પ્રધાન છે, આ ચૌદ વિદ્યાઓમાં અવાન્તર ઉત્પન્ન થયેલી બીજી હજારો વિદ્યાઓ છે. અને આ ચૌદ વિદ્યાઓને મધ્યે મીમાંસા સંબન્ધી જે બ્રહ્મવિદ્યા, પુરાણ સંબન્ધી વિદ્યા, અને ધર્મશાસ્ત્ર સંબન્ધી વિદ્યા, આ ત્રણ વિદ્યાઓ મુખ્ય કહેલી છે.

અને તેમાં પણ બ્રહ્મવિદ્યા છે, એ બધી વિદ્યાઓમાં પર વિદ્યા કહેલી છે. માટે બ્રહ્મવિદ્યાનું દાન આપનારા પુરૂષોને સર્વે દાનોનું ફળ પ્રાપ્ત થાય છે. માટે પોતે જે વિદ્યા પ્રાપ્ત કરેલી હોય, એ વિદ્યા જીજ્ઞાસુ અને સારા સ્વભાવવાળા શિષ્યને ભણાવવી, આવો શ્રીહરિનો ભાવ છે.

અને વળી હમેશાં સ્વધર્મનિષ્ઠ એવા ભગવાનના જે અનન્ય ભક્તો હોય, તેનો સમાગમ કરવો, અર્થાત્ એવા ભક્તનાં દર્શન કરવાં, વંદન કરવાં, પૂજા કરવી, વચનો હૃદયમાં ધારણ કરવાં, ઈત્યાદિક રૂપ જે સમાગમ તે હમેશાં કરવો. કારણ કે સત્સંગ છે એ જ ભગવાનની ભક્તિને ઉત્પન્ન કરનારો છે. ''भवापवर्गो भ्रमतो यदा भवेज्जनस्य तर्ह्यच्युत सत्समागमः । सत्सङ्गमो यर्हि तदैव सद्‌गतौ परावरेशे त्वयि जायते मतिः'' ॥ इति ॥ મુચુકુન્દ રાજા શ્રીકૃષ્ણને કહે છે કે, હે પ્રભુ ! આ સંસારમાં ભ્રમણ કરતા મનુષ્યને તમારી કૃપાથી જ્યારે મોક્ષકાળ નજીક આવે છે, ત્યારે પ્રથમ તો તેને એકાંતિક સંતનો સમાગમ પ્રાપ્ત થાય છે. અને જ્યારે સંતનો સમાગમ પ્રાપ્ત થાય છે, ત્યારે જ તમારે વિષે ભક્તિ ઉત્પન્ન થાય છે. અને જ્યારે ભક્તિનો ઉદય થાય છે, ત્યારે જ જીવાત્માનો મોક્ષ થાય છે. આ રીતે સંતનો સમાગમ ભક્તિને ઉત્પન્ન કરનારો કહ્યો છે. માટે હમેશાં એકાન્તિક સંતનો સમાગમ કરવો.

અને વળી જેમ સમુદ્રના જળમાં ડુબતા એવા પુરૂષોને નૌકા છે, એજ દૃઢ આશ્રયરૂપ છે, તેમ આ સંસારરૂપી સાગરમાં ઉંચ અને નીચ યોનિમાં ડૂબકીઓ ખાતા એવા પુરૂષોને એકાંતિક સંતો છે, એજ પરમ આશ્રયરૂપ કહેલા છે. અને વળી બહાર ઉદયને પામતો સૂર્ય કેવળ બહારના અંધકારને દૂર કરી શકે છે, પણ હૃદયના અંધકારને દૂર કરી શકતો નથી. પણ એકાન્તિક સંતો તો જ્ઞાનદૃષ્ટિ આપીને હૃદયના અંધકારને પણ દૂર કરી નાખે છે. અને વળી ગંગાદિક જળમય જે તીર્થો છે, અને ધાતુ અથવા પથ્થરની જે દેવતાઓની પ્રતિમાઓ છે, તે લાંબા સમયે મનુષ્યોને પવિત્ર કરે છે. પણ ભગવાનના એકાંતિક સંતો તો દર્શનમાત્રથી જ મનુષ્યોને પવિત્ર કરે છે. અને વળી એકાન્તિક સંતોનો સમાગમ બુદ્ધિની જડતાને હરે છે, વાણીને વિષે સત્યનું સિંચન કરે છે, લાંબા સમયનાં હૃદયનાં પાપોને પણ બાળીને ભસ્મ કરી નાખે છે. માટે આવા એકાંતિક સંતોનો સમાગમ પણ મન, કર્મ, અને વચનથી કરવો. પણ જળમાં કમળનું પત્ર રહેલું હોવા છતાં પણ એ પત્રને જે રીતે જળનો સ્પર્શ લાગતો નથી, એ રીતે ઉપરછલો સમાગમ કરવો નહિ. પરંતુ એવા એકાંતિક સંતોની સેવા કરવી, સંતોનું વચન હૃદયમાં ધારણ કરવું, સંતોની આગળ પોતાના દોષ કહેવા, આ રીતે પ્રધાન વિધિથી સંતોનો સમાગમ કરવો. કારણ કે સંતોના સમાગમથી સર્વે સાંસારિક સંતાપો નાશ પામી જાય છે. માટે જ સંતોના સમાગમને અને ધર્મને પ્રાણ થકી પણ અધિક રક્ષણ કરવા યોગ્ય કહેલાં છે. માટે ભક્તજનો હોય તેમણે નિષ્કામભાવથી કોઈપણ જાતના સ્વાર્થ વિના કેવળ પોતાના કલ્યાણને માટે અવશ્ય હમેશાં સાધુનો સમાગમ કરવો, આવો અભિપ્રાય છે. ॥૩૬॥

**गुरुदेवनृपेक्षार्थं न गम्यं रिक्तपाणिभिः । विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन च ॥३७॥**

અને અમારા આશ્રિતો હોય તેમણે, ગુરૂ, દેવ અને રાજાનાં દર્શનાર્થે ખાલી હાથે જવું નહિ, અને કોઈનો વિશ્વાસઘાત કરવો નહિ; તથા પોતાને મુખે કરીને પોતાની પ્રશંસા કરવી નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે, ગુરૂની પાસે ખાલી હાથે જવું, એ ગુરૂ પ્રત્યેની અશ્રદ્ધા ગણાય છે. ગુરૂ પ્રત્યે જો શ્રદ્ધા હોય, તો ગુરૂના દર્શનાર્થે ક્યારેય પણ ખાલી હાથે જવું નહિ. કાંઈક ભેટ લઈને જ ગુરૂની પાસે જવું.

અને દેવની પાસે ખાલી હાથે જવું, એ અધાર્મિકતા ગણાય છે. માટે ધર્મનિષ્ઠ પુરૂષો હોય, તેમણે દેવની પાસે પણ ખાલી હાથે જવું નહિ. અર્થાત્ દેવનાં દર્શને જતી વખતે દેવને અર્પણ કરવા માટે કોઈપણ ફળાદિક વસ્તુ લઈને જ જવું.

અને વળી રાજા પાસે ખાલી હાથે જવું, એ અવિવેક ગણાય છે, અને તે પુરૂષની કાર્યકુશળતામાં ગણના થતી નથી. માટે જો આપણને

રાજા દ્વારા કાંઈ કાર્ય કરાવવું હોય, અને કાર્યકુશળ તથા વિવેકી બનવું હોય, તો રાજા પાસે પણ ખાલી હાથે જવું નહિ.

અને વળી કોઈનો વિશ્વાસઘાત કરવો નહિ. હું તમારૂં આ કાર્ય અવશ્ય કરી આપીશ, તમે જરા પણ ચિંતા કરશો નહિ. અથવા હું તમારૂં અવશ્ય રક્ષણ કરીશ, તમો કોઈ જાતનો ભય રાખશો નહિ. આ રીતે વિશ્વાસ આપીને, પછી એ કાર્ય કરી ન આપવું તેને વિશ્વાસઘાત કહેવાય છે. માટે આપણામાં શક્તિ હોય, બળ હોય, તોજ પરોપકારનાં કાર્યમાં જોડાવવું, પણ કોઈને ખોટી રીતે વિશ્વાસ આપવો નહિ. કારણ કે વિશ્વાસઘાત છે, એ મહાપાપ છે. ‘‘स महापातकी भूमौ यो विश्वस्याऽन्यमर्दयेत्’’ ॥ इति ॥ જે પુરૂષ બીજાને વિશ્વાસ આપીને પીડા આપે છે, અર્થાત્ વિશ્વાસ આપીને કાર્ય કરી નથી આપતો, વિશ્વાસભંગ કરે છે, એ પુરૂષ આ પૃથ્વી ઉપર મહાપાપી કહેલો છે. વિશ્વાસભંગી એ મહાપાપી છે. માટે કોઈનો વિશ્વાસઘાત કરવો નહિ.

અને વળી પોતાને મુખે કરીને પોતાની પ્રશંસા કરવી નહિ. પોતાને મુખે પોતાની પ્રશંસા કરવી, એજ પુણ્યને બાળી નાખે છે. આ વિષયમાં વ્યાસનું વચન પ્રમાણરૂપ છે. ‘‘निन्दाऽन्यस्यात्मनः श्लाघा द्वयं सुकृतनाशकृत्’’ ॥ इति ॥ આ વાક્યનો એ અર્થ છે કે, બીજાની નિંદા, અને પોતાની પ્રશંસા આ બન્ને પોતાના જ પુણ્યને નાશ કરનાર છે. માટે બીજાની નિંદા કરવી નહિ, અને પોતાની પ્રશંસા કરવી નહિ. તેમ જ બીજાની પ્રશંસા પણ યથાયોગ્ય જ કરવી જોઈએ. આ વિષયમાં એક નીતિવાક્ય છે. ‘‘प्रत्यक्षे गुरवस्तुत्याः परोक्षे मित्रबान्धवाः । कर्मान्ते दासभृत्याश्च न च पुत्राः न च स्त्रियः’’ ॥ इति ॥ આ નીતિવાક્યનો એ અર્થ છે કે, ગુરૂજનોની, અર્થાત્ સત્પુરૂષોની પ્રશંસા કરવી હોય, તો પ્રત્યક્ષ કરવી. અર્થાત્ તેની હાજરીમાં જ કરવી. મિત્ર કે બંધુઓની પ્રશંસા કરવી હોય, તો એમની ગેરહાજરીમાં બીજા પાસે કરવી. બીજે પ્રશંસા કરવાથી ધીમે ધીમે એમની પાસે પહોંચી જાય છે. નોકરવર્ગની પ્રશંસા કરવી હોય, તો કર્માન્તે કરવી. અર્થાત્ આપણે બતાવેલું કામ કરી આપે, પછી જ પ્રશંસા કરવી કે, તમોએ આ બહુ સરસ રીતે કર્યું છે. પણ કામ પુરું થયાથી પહેલાં નોકરવર્ગની પ્રશંસા કરવી નહિ. અને પોતાના પુત્ર કે પત્નીની પ્રશંસા કરતાં જરા વિચાર કરવો. કારણ કે પત્ની અને પુત્ર એ કાંઈ નોકર નથી, એ મિત્ર પણ નથી. એતો પોતાનું જ અંગ છે. માટે પત્ની પુત્રનાં જે વખાણ, તે પોતાનાં જ વખાણ કર્યાં કહેવાય છે. માટે કહેવાનો એ અભિપ્રાય છે કે, પોતાની પ્રશંસા તો ન જ કરવી. અને બીજાની પ્રશંસા પણ વિચારીને યથાયોગ્ય જ કરવી. ॥૩૭॥

**यस्मिन् परिहितेऽपि स्युर्दृश्यान्यङ्गानि चात्मनः । तद्दूष्यं वसनं नैव परिधार्यं मदाश्रितैः ॥३८॥**

અને અમારા આશ્રિતો હોય તેમણે, જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાનાં અંગો દેખાય તેવું જે ભુંડું વસ્ત્ર, તે પહેરવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ગુપ્ત રાખવા યોગ્ય જે અંગો, તેમને ઢાંકવા માટે વસ્ત્રો ધારણ કર્યાનું વિધાન છે. તો જે વસ્ત્રો ધારણ કર્યા પછી પણ ગુપ્ત રાખવા યોગ્ય અંગો ઢંકાય નહિ, તો વસ્ત્ર ધારણ કરેલું હોય તોપણ નહિ ધારણ કર્યા સમાન છે. સદાચારદીપમાં કેવું વસ્ત્ર ધારણ ન કરવું જોઈએ, તેનું વિધાન કરેલું છે- ‘‘अति सूक्ष्मं च दृश्याङ्गं स्फाटितं जालसन्निभं । न धार्यं मलिनं वासो धार्यं शुचि घनं च तद्’’ ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, અતિ સૂક્ષ્મ વસ્ત્ર ધારણ કરવું નહિ, ફાટેલું વસ્ત્ર ધારણ કરવું નહિ, મચ્છરદાની સમાન જારીવાળું વસ્ત્ર ધારણ કરવું નહિ. એજ રીતે મેલું વસ્ત્ર ધારણ કરવું નહિ. પરંતુ ઘાટું પવિત્ર અને ધોયેલું વસ્ત્ર ધારણ કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- આ સદાચારદીપમાં કહ્યું કે- ફાટેલાં તથા જાળીવાળાં કપડાં પહેરવાં નહિ. એ વિષયમાં એમ સમજવું કે અતિ ગરીબ હોય, અને અતિ ત્યાગી હોય, તેમના માટે આ નિયમ લાગુ પડતો નથી. તેમને જે વસ્ત્ર મળે તે પહેરી લેવું. કારણ કે અતિ ગરીબ હોય, અને તીવ્ર વૈરાગ્યે કરીને જેમણે પોતાના દેહનો અતિશે અનાદર કરી દીધો હોય, એવા અતિ ત્યાગી હોય, તેમને તો

બીજાની ઈચ્છાથી વસ્ત્રો પ્રાપ્ત થતાં હોય છે. માટે આ બન્નેને ઈશ્વર ઈચ્છાથી જે વસ્ત્રો પ્રાપ્ત થાય, એ વસ્ત્રો પહેરી લેવાં. પણ તે સિવાય જે ધનવાન ગૃહસ્થો હોય તેમણે કદીપણ ફાટેલાં કે મલિન વસ્ત્રો ધારણ કરવાં નહિ. ધનવાન ગૃહસ્થો હોય તેમણે તો ઘાટાં, પવિત્ર અને મૂલ્યવાન સારાં વસ્ત્રો ધારણ કરવાં. એવો અહીં વિવેક સમજવો, આવો શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામીનો અભિપ્રાય છે. ॥૩૮॥

**धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा । अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकृष्णसेवनम् ॥३९॥**

મારા આશ્રિતો હોય તેમણે, ભગવાનની ભક્તિ, ધર્મથી રહિત સર્વ પ્રકારે કરવી નહિ, ધર્મ સહિત જ ભગવાનની ભક્તિ કરવી. અને અજ્ઞાની એવા મનુષ્યોની નિંદાના ભય થકી ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ધર્મ વિનાની ભક્તિ પાંગળી કહેલી છે. પાંગળો મનુષ્ય ક્યારેય પણ પર્વતારોહણ જેમ કરી શકે નહિ, તેમ ધર્મ વિનાની પાંગળી ભક્તિ મનુષ્યને મોક્ષપદે પહોંચાડી શકતી નથી. ધર્મ વિનાની ભક્તિ શરૂઆતમાં તો પ્રબળ જણાતી હોય છે, પણ ધીમે ધીમે નિર્બળ બનીને, અંતે નાશ પામી જતી હોય છે. અને ધર્મે સહિત જે ભક્તિ છે, એતો ધીમે ધીમે પુષ્ટિને પામતી જાય છે, અને અંતે પરાકાષ્ટાને પામીને અખંડ સ્મૃતિના રૂપમાં પરિણામને પામી જાય છે, કે જેનાથી કોઈ મોટું અને કઠીન સાધન શાસ્ત્રોમાં કહ્યું નથી, માટે ધર્મે સહિત જ ભગવાનની ભક્તિ કરવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- ''यथा एकादश्यां न भुञ्जीत वैष्णवः पक्षयोर्द्वयोः'' ॥ इति ॥ આ સ્મૃતિમાં મનુષ્યોને એકાદશીનો ઉપવાસ કરવો એ સ્વધર્મ કહેલો છે. અને બીજી સ્મૃતિમાં ભગવાનને નૈવેદ્ય ધરીને ભગવાનની પ્રસાદીનો એક જ કોળીયો જમનારા પુરૂષને આ કળીયુગમાં છ માસ ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે. તો આ રીતે ભગવાનની પ્રસાદીના માહાત્મ્યરૂપ ભક્તિ વડે ઉપવાસ રૂપ સ્વધર્મનો વૈષ્ણવોએ ત્યાગ કરવો નહિ. કારણ કે વૈષ્ણવોને તો હમેશાં બારે માસ ભગવાનની પ્રસાદીનું અન્ન જ જમવાનું હોય છે. માટે એકાદશીને દિવસે ભોજનનો જે નિષેધ છે, એતો નિત્ય પ્રાપ્ત ભગવાનની પ્રસાદીના અન્નનો પણ નિષેધ જ છે, એમ સમજવું. માટે ભગવાનની પ્રસાદીના અન્નનો એક જ કોળીયો જમવાથી છ માસ ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે, આવી લાલચથી એકાદશીને દિવસે એક ઉપવાસરૂપ સ્વધર્મનો ત્યાગ કરવો નહિ. અર્થાત્ છ માસના ઉપવાસનું ફળ જતું કરી દેવું, પણ એકાદશીના ઉપવાસરૂપ સ્વધર્મને જતો કરવો નહિ.

અને વળી ''तेपुस्तपस्ते जहुवुः सस्नुरार्या ब्रह्मानूचुर्नाम गृह्णन्ति ये ते'' ॥ इति ॥ આ સ્મૃતિ એમ કહે છે કે, ભગવાનના નામની અંદર બધું આવી જાય છે. ભગવાનના નામનું માહાત્મ્ય મોટું છે. તેથી શિયાળાની ઠંડી ઋતુમાં કદાચ સ્નાન ન થઈ શકે, તો પણ કોઈ જાતનો વાંધો નહિ, ભગવાનનું નામ લઈ લેવું. ભગવાનના નામની અંદર સ્નાન આવી જાય છે. સંધ્યાવંદન પણ આવી જાય છે. સ્નાન સંધ્યાદિકની કળાકુટ કરવાની કોઈ જરૂર નથી. આ રીતે કેટલાક પ્રમાદી જનો કહેતા હોય છે. પણ શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- આ સ્મૃતિમાં ભગવાનના નામનું જે માહાત્મ્ય બતાવેલું છે, એ નામના માહાત્મ્યનો ઓથ લઈને પ્રાતઃકાળમાં સ્નાન-સંધ્યાદિક સ્વધર્મનો ક્યારેય પણ ત્યાગ કરવો નહિ. સ્વધર્મને સાથે રાખીને જ ભગવાનના નામનું ઉચ્ચારણ કરવું, એ યોગ્ય છે, પણ ભગવાનના નામોચ્ચારણના બળથી સ્વધર્મને છોડી દેવો, એ યોગ્ય નથી.

અને વળી ''सर्वं विष्णुमयं जगत्'' ॥ इति ॥ આ સ્મૃતિવાક્યની અંદર જ્ઞાનનું માહાત્મ્ય બતાવેલું છે કે, આ સારૂં જગત વિષ્ણુમય છે. સ્ત્રી પણ વિષ્ણુ છે, અને પુરૂષ પણ વિષ્ણુ છે. આવા જ્ઞાનના માહાત્મ્યનો ઓથ લઈને ભગવાનના મંદિરમાં અથવા ભગવાનની સમીપે રહીને, વારંવાર સ્ત્રીઓના મુખને ન જોવા રૂપ પોતાનો સ્વધર્મ, અને સ્ત્રીઓની હાંસી મશ્કરી ન કરવા રૂપ જે પોતાનો સ્વધર્મ તેનો ત્યાગ કરવો નહિ.

અને જો ત્યાગ કરે, તો મહાન દોષ પ્રાપ્ત થાય છે. ‘‘श्री विष्णोर्मन्दिरे स्थित्वा सेवायां तस्य वा क्वचित् । मुदा ये स्त्रीर्निरीक्षन्ते योनिकीटा भवन्ति ते’’ ॥ इति ॥ આ શ્લોકમાં હારીતમુનિ કહે છે કે- ભગવાનના મંદિરમાં રહીને, અથવા ભગવાનની સેવામાં રહીને જે પુરૂષો હર્ષ વડે વારંવાર સ્ત્રીઓને જ જોયા કરે છે, તે પુરૂષો સ્ત્રીઓની યોનિમાં કીડારૂપે ઉત્પન્ન થાય છે. માટે જ્ઞાનના બળે કરીને પણ ભગવાનના મંદિરમાં દૃષ્ટિને નિયમમાં રાખવારૂપ સ્વધર્મનો ત્યાગ કરવો નહિ.

અને વળી ‘‘दर्शनात् दुरितक्षयः’’ ॥ इति ॥ આ સ્મૃતિ વાક્યનો અર્થ એવો છે કે, ભગવાનનાં દર્શનથી પાપમાત્રનો નાશ થઈ જાય છે. આ પ્રમાણે સ્મૃતિમાં કહેલાં ભગવાનનાં દર્શનનાં માહાત્મ્યનો ઓથ લઈને જન્માષ્ટમ્યાદિ ઉત્સવોમાં સ્ત્રીઓની ઘણી ભીડ હોય છે, તો એ સ્ત્રીઓની ભીડમાં પ્રવેશ ન કરવો, પ્રવેશ ન કરવા રૂપ જે સ્વધર્મ તેનો ત્યાગ ન કરવો. અર્થાત્ ચાલોને હમણાં સ્ત્રીઓની ભીડમાંથી પ્રવેશ કરીને ચાલ્યા જઈએ, જો કાંઈક પાપ લાગશે તો હમણાં જ મંદિરમાં જઈને ભગવાનનાં દર્શન કરીશું, તેથી પાપમાત્રનો નાશ થઈ જશે. આ રીતે દર્શનના માહાત્મ્યના બળે કરીને પણ સ્વધર્મનો ત્યાગ કરવો નહિ. કારણ કે સ્વધર્મનો ત્યાગ કરીને કોઈ પુરૂષ ભલે ભગવાનનાં દર્શન કરે, ભગવાનના નામનું ઉચ્ચારણ કરે, છતાંપણ એ ભગવાનનો અપરાધી કહેલો છે. આ વિષયમાં લઘુહારીતસ્મૃતિનું વાક્ય પ્રમાણરૂપ છે.- ‘‘अपहाय निजं धर्मं कृष्ण कृष्णेति वादिनः । ते हरेर्द्वेषिणो ज्ञेया धर्मार्थं जन्म यद्धरेः’’ ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- જે પુરૂષો પોતાના ધર્મનો ત્યાગ કરીને ભલે કૃષ્ણ, કૃષ્ણ, આ રીતે ભગવાનના નામનું ઉચ્ચારણ કરે છે, છતાંપણ તે પુરૂષો ભગવાનના દ્વેષી અને શત્રુ જાણવા, કારણ કે ભગવાનનો જન્મ ધર્મના રક્ષણને માટે જ થાય છે. માટે ધર્મની સાથે જ ભગવાનની ભક્તિ કરવી. અને વળી વરાહપુરાણમાં પ્રતિપાદન કરેલું છે કે- ‘‘श्रुतिस्मृतिर्ममैव आज्ञा यस्तामुल्लङ्घ्य वर्तते । आज्ञाभङ्गी मम द्वेषी स मद्भक्तो न वै धरे’’ ॥ इति ॥ વરાહ ભગવાન પૃથ્વી પ્રત્યે કહે છે કે- હે પૃથ્વી ! શ્રુતિઓમાં અને સ્મૃતિઓમાં પ્રતિપાદન કરાયેલી જે આજ્ઞાઓ છે, તે મારી જ આજ્ઞાઓ છે. માટે જે પુરૂષો શ્રુતિ અને સ્મૃતિ સંબન્ધી આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને વર્તે છે, તે આજ્ઞાભંગી છે, મારો દ્વેષી છે, અને મારો ભક્ત પણ નથી. આ રીતે વરાહ ભગવાને કહ્યું છે, માટે ભક્તજનો હોય તેમણે ધર્મને સાથે રાખીને જ ભગવાનની ભક્તિ કરવી, પણ ધર્મનો ત્યાગ કરીને ભક્તિ કરવી નહિ. કારણ કે ધર્મ વિના ભક્તિની ક્યારેય પણ સિદ્ધિ થતી નથી, આવો ભાવ છે.

અને વળી આપણે ભગવાનની સેવા કે ભક્તિ કરતા હોઈએ, ત્યારે ભગવાન કે ભગવાનના ભક્તનું માહાત્મ્ય નહિ જાણનારા કોઈક અજ્ઞાની પુરૂષો જો આપણી નિંદા કરે, તાડન કરે તોપણ એ નિંદા અને તાડનના ભય થકી ભગવાનની સેવા અને ભક્તિનો ત્યાગ કરવો નહિ. કારણ કે ભગવાન અને ભગવાનના ભક્તોની જે નિંદા કરવી એતો દુર્જનોનો સ્વભાવ હોય છે. તો દુર્જનો જેમ પોતાના સ્વભાવનો ત્યાગ કરતા નથી. તેમ ભક્તજનો હોય તેમણે સેવા અને ભક્તિ કરવારૂપ પોતાના સ્વભાવનો ત્યાગ કરવો નહિ. નિંદા કરવી એ દુર્જનોની શોભા છે, તો એ નિંદાના ભય થકી સેવા અને ભક્તિનો ત્યાગ ન કરવો એ ભક્તની શોભા છે.

પરાશરસ્મૃતિમાં બતાવેલું છે કે- ‘‘यो यस्य तत्त्वं पुरुषो न जानाति स तस्य निन्दां कुरुते न विद्वान्’’ ॥ इति ॥ જે પુરૂષો જેમનું માહાત્મ્ય જાણતા નથી, તે પુરૂષો એમની નિંદા કરે છે. પણ માહાત્મ્ય જાણનારા પુરૂષો કદી પણ એમની નિંદા કરતા નથી. તેમ અજ્ઞાની પુરૂષો ભગવાન અને ભગવાનના ભક્તોનું માહાત્મ્ય જાણતા નથી, તેથી અજ્ઞાની પુરૂષો ભગવાન અને ભગવાનના ભક્તની નિંદા કરે છે. માટે ભક્તોએ આવી નિંદાને ગણકારવી નહિ. ‘‘यस्य त्राता चक्रपाणिर्दुर्जनस्तं करोति किम् । ततो न तद्भयात् भक्तिं जह्याद्विष्णोर्नरः सुधीः’’ ॥ इति ॥ આ શ્લોકમાં કહેલું છે કે- જેમનું રક્ષણ કરનારા ચક્રપાણિ ભગવાન છે, તેમને દુર્જન પુરૂષો શું કરી શકવાના હતા. માટે બુદ્ધિમાન પુરૂષો હોય. તેમણે દુર્જનોના ભય

થકી ભગવાનની ભક્તિનો ત્યાગ કરવો નહિ. જેમ વનમાં સિંહ ફરતો હોય, અને પાછળથી શિયાળીયાં બુમો પાડે તેણે કરીને સિંહ શું એ વનનો ત્યાગ કરી દે છે ? નહિ, સિંહ તો એ શિયાળીયાંને ઘાસના તણખલાની સમાન માને છે. તે જ રીતે ભગવાનના ભક્તો તો સિંહની સમાન છે. તેને શિયાળીયાંની સમાન એ દુર્જનો શું કરી શકવાના હતા ? માટે ભક્તોએ દુર્જનોના ભય થકી ભગવાનની ભક્તિનો ક્યારેય પણ ત્યાગ કરવો નહિ. જેમ પૂર્વે ભગવાનના એકાંતિક ભક્ત પ્રહ્લાદ, પિતા હિરણ્યકશિપુના ભય થકી ભક્તિનો જરાપણ ત્યાગ કરેલો ન હતો. અને વિષ્ણુને જ કર્તા સમજીને પ્રહ્લાદજી નિર્ભય રહ્યા હતા, તેથી વિષ્ણુએ પ્રહ્લાદજીની રક્ષા કરી હતી. તે જ રીતે ભક્તજનો હોય તેમણે ભગવાનને જ કર્તા અને રક્ષણ કરનારા જાણીને નિર્ભય રહેવું, પણ દુષ્ટોના ભય હેઠળ દબાઈને મોક્ષમાર્ગરૂપ ભક્તિનો ત્યાગ કરી દેવો નહિ, આવો અભિપ્રાય છે. ॥૩૯॥

**उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः । पुम्भिः स्पृश्या न वनितास्तत्र ताभिश्च पुरुषाः ॥४०॥**

અને ઉત્સવોના દિવસે તથા નિત્ય પ્રત્યે ભગવાનના મંદિરમાં આવેલા પુરૂષો હોય તેમણે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ. તથા સ્ત્રીઓ હોય તેમણે પુરૂષનો સ્પર્શ કરવો નહિ, અને મંદિરમાંથી નીસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- સામાન્યપણે સ્ત્રી પુરૂષોનો પરસ્પર સ્પર્શ મનને ક્ષોભ ઉત્પન્ન કરનારો છે. તેથી શ્રીજીમહારાજે ભગવાનના મંદિરમાં વિશેષપણે સ્પર્શનો નિષેધ કર્યો છે, એ યોગ્ય જ કરેલો છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- આ શ્લોકની અંદર નિત્ય પ્રતિદિન ભગવાનના મંદિરમાં આવેલા પુરૂષો અને સ્ત્રીઓએ મંદિરમાં પરસ્પર બુદ્ધિ પૂર્વક સ્પર્શ કરવો નહિ. અહીં "નિત્ય પ્રતિદિન" આ એક શબ્દના ગ્રહણથી, તેની અંદર ઉત્સવોનો પણ સમાવેશ થઈ જાય છે. નિત્ય પ્રતિદિન એટલે, "૩૬૦ દિવસ" તે દિવસોની અંદર તમામ ઉત્સવોનો સમાવેશ થઈ જાય છે. છતાં પણ આશ્લોકમાં "ઉત્સવ" એ શબ્દનો પૃથક્ ઉલ્લેખ કરેલો છે. તેનું કારણ એ જણાય છે કે, ઉત્સવોમાં જનમેદની ઘણી હોય છે. તેથી અસાવધાન પુરૂષો અને સ્ત્રીઓને પરસ્પર સ્પર્શ થવાનો સંભવ રહે છે. અને તેથી જ પોતાના ભક્તોને ઉત્સવોમાં વિશેષ સાવધાની રખાવવા માટે ઉત્સવોનો પૃથક્ નિર્દેશ કરેલો હોય, એમ સહજાનંદ સ્વામીનો અભિપ્રાય જણાય છે. માટે ભક્તજનો હોય તેમણે પોતાના હૃદયમાં રહેલી કામવાસનાના અંકુરો ભગવાનના મંદિરમાં પ્રસ્ફુરિત ન થાય, તે માટે ભગવાનના મંદિરમાં વિશેષ સાવધાની રાખી કરી, જેમ બને તેમ સ્ત્રી પુરૂષોના પરસ્પર સ્પર્શથી દૂર રહેવું ॥૪૦॥

**कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले । धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ॥४१॥**

ગુરૂ થકી કૃષ્ણની દીક્ષાને (વૈષ્ણવી દીક્ષાને) પામેલા મારા આશ્રિત બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણેય વર્ણના (મારા આશ્રિત) સત્સંગીઓએ કંઠને વિષે તુલસીની બેવડી કંઠી નિત્ય ધારણ કરવી, તથા લલાટ, હૃદય અને બે હાથ આમ ચાર જગ્યાએ ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- જેમ ઉપનયન સંસ્કાર વિના ગાયત્રી મંત્ર અને વેદાધ્યયનમાં અધિકાર પ્રાપ્ત થતો નથી, સ્નાન વિના પૂજામાં જેમ અધિકાર પ્રાપ્ત થતો નથી. તેમ દીક્ષા ગ્રહણ કર્યા વિના, વૈષ્ણવપણું સ્વીકાર્યા વિના, ભગવાનની અર્ચનાદિ ભક્તિમાં અધિકાર પ્રાપ્ત થતો નથી. "दीक्षा तु व्रतसंग्रहः" ॥ इति ॥ અભિધાન ચિંતામણીમાં દીક્ષાનો તાત્પર્યાર્થ વર્ણવેલો છે કે- દીક્ષા એટલે, 'વ્રતનો સ્વીકાર' કરવો. "હું ઈશ્વરનો છું" આ રીતે ઈશ્વરને સમર્પિત થવું. અર્થાત્ વૈષ્ણવ પણાનો સ્વીકાર કરવો, વિષ્ણુના શરણાગત બનવું, અને ત્યારપછી જો જાણી જોઈને કોઈપણ પાપકર્મો કરવામાં ન આવે તો પ્રારબ્ધકર્મ સિવાય પૂર્વનાં સંચિત પુણ્ય અને પાપરૂપ કર્મનો શ્લેશ શરણાગતને લાગતો નથી. અર્થાત્ પૂર્વનાં પુણ્ય અને પાપરૂપ કર્મો શરણાગતને વળગતાં નથી. તો કોને વળગે છે ? કારણ કે શાસ્ત્રોનો અટલ

સિદ્ધાન્ત છે કે, કર્મો ભોગવ્યા વિના શાંત થતાં નથી. તેના ઉત્તરમાં શાસ્ત્રની અંદર કહેલું છે કે- શરણાગત ભક્તની જ્યારે મુક્તિ થાય છે, ત્યારે તેનાં સંચિત પુણ્ય અને પાપ બન્ને વહેંચાઇ જાય છે. તેમાં શરણાગત ભક્તની સાથે જે દ્વેષ રાખનારા હોય, તેને એ પૂર્વનાં પાપો વળગે છે. અને શરણાગત ભક્તની સાથે જે પુરૂષો સ્નેહ ધરાવતા હોય, તેને પૂર્વનાં પુણ્યો વળગે છે. આ રીતે પુણ્ય અને પાપ ભોગવ્યા વિના શાંત થતાં નથી, તેથી શરણાગત ભક્તની જ્યારે મુક્તિ થાય, ત્યારે એ ભક્તના શત્રુઓ પાપને ભોગવે અને સ્નેહીઓ પુણ્યને ભોગવે. અને શરણાગત ભક્ત પુણ્ય તથા પાપથી રહિત થાય છે. માટે જ શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે કે- ભગવાનના મહાન ભક્તોની સાથે દ્વેષ રાખવો નહિ. દ્વેષ રાખવાનું ફળ પાપમાં ભાગીદારી કરવી એજ છે. અને સ્નેહ રાખવાનું ફળ પુણ્યમાં ભાગીદારી કરવી એજ છે.

અને વળી આવી શરણાગતિ બે પ્રકારની કહેલી છે- એક સદ્વારક અને બીજી અદ્વારક, તેમાં જે શરણાગતિ ગુરૂદ્વારા સ્વીકારવામાં આવે, તેને સદ્વારક શરણાગતિ કહેવામાં આવે છે. ગુરૂદ્વારા એ જીવ, ઈશ્વરના ચરણમાં સમર્પિત થાય છે, અને પછી ગુરૂદ્વારા નિયમ અને મંત્રરૂપ અનુગ્રહને પામી કરી, ગુરૂએ બતાવેલા માર્ગને અનુસારે કેવળ ઈશ્વરની પ્રસન્નતાને માટે સેવા ભક્તિ કરવામાં આવે, તેને સદ્વારક શરણાગતિ કહેલી છે. આવા સદ્વારક શરણાગતની જવાબદારી ગુરૂ ઉપર હોય છે.

અને જે પુરૂષો સંપૂર્ણ શાસ્ત્રના જ્ઞાનને ધરાવનારા હોય, તેવા પુરૂષો ગુરૂ વિના પણ સાક્ષાત્ ઈશ્વરને સમર્પિત થઇ શકે છે. આ રીતે સાક્ષાત્ સીધે સીધા ઈશ્વરને જે સમર્પિત થવું, એ અદ્વારક શરણાગતિ કહેલી છે. આ અદ્વારક શરણાગતિ કરતાં સદ્વારક શરણાગતિ ઉત્તમ મનાયેલી છે. કારણ કે- સદ્વારક શરણાગતિમાં ગુરૂ જ રખેવાડ કરીકે રહે છે. ગુરૂ હમેશાં શરણાગતની દેખભાળ, માર્ગદર્શન આપતા રહે છે. આ રીતે ગુરૂદ્વારા પરમાત્માને જે સમર્પિત થવું, તેને દીક્ષા કહેવામાં આવે છે. અને આ દીક્ષા બે પ્રકારની છે. એક સામાન્ય દીક્ષા અને બીજી મહાદીક્ષા.

હવે એ દીક્ષા કોની પાસેથી લેવી ? દીક્ષા આપનારા ગુરૂ કેવા હોવા જોઇએ ? આ બધી બાબતોનું વર્ણન અહીં શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામીએ સ્પષ્ટપણે કરેલું છે. સામાન્યપણે જ્યારે બાળક જન્મે છે, ત્યારે સૌ પ્રથમ એ બાળકને સંતો પાસે લાવે છે. સંતો એક સામાન્ય મંત્ર બોલીને પરમાત્માના ચરણમાં સમર્પિત કરે છે. કંઠી ધારણ કરાવે છે, વર્તમાન આપે છે. આ પણ એક દીક્ષા છે. આ દીક્ષામાં મંત્ર દીક્ષા હોતી નથી, જે સંપ્રદાયની પરંપરાએ ચાલ્યો આવતો શરણાગત મંત્ર છે, એ શરણાગત મંત્ર આપવાની વ્યવસ્થા શ્રીજીમહારાજે ગુરૂપદે સ્થાપેલા બન્ને આચાર્યોને આપી છે. માટે દ્વિજાતિ એવા ત્રણે વર્ણવાળા પુરૂષોએ ગુરૂપદે રહેલા આચાર્ય થકી અવશ્ય શરણાગત મંત્ર સ્વીકારવો જોઇએ. જો કે આ શરણાગત મંત્ર સ્વીકારવાનો ચારે વર્ણના પુરૂષોને અધિકાર છે. પણ તુલસીની કંઠી ધારણ કરવામાં માત્ર ત્રણે વર્ણને જ અને સચ્છૂદ્રને અધિકાર છે, આવો ભાવ છે.

અને આ સામાન્ય મંત્રનો જપ કરતાં કરતાં જ્યારે દૃઢ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અને ગૃહસ્થાશ્રમને છોડીને બ્રહ્મચર્ય આશ્રમમાં પ્રવેશવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે, ત્યારે જ મહાદીક્ષાનો એ પુરૂષ અધિકારી થાય છે. આ રીતે સામાન્યદીક્ષા અને મહાદીક્ષા, આ બન્ને દીક્ષાના જે મંત્રો છે, એ મંત્રો આપવાનો અધિકાર શ્રીજીમહારાજે ગુરૂપદે સ્થાપેલા બન્ને આચાર્યોને આપેલો છે. માટે આ બન્ને દીક્ષા આચાર્ય થકી જ ગ્રહણ કરવી.

હવે દીક્ષા આપનારા ગુરૂ કેવા હોવા જોઇએ. ગુરુના મુખ થકી પ્રાપ્ત થતો જે મંત્ર છે, એ એક મોક્ષનું બીજ છે. જેમ બિયારણ શ્રેષ્ઠ હોય, અને જમીન પણ ફળદ્રુપ હોય, તો એ ઉગીને પાંગરે છે. તેમ મંત્રની અંદર જો દૈવત હોય, અને શિષ્યરૂપી જમીનનું અંતઃકરણ પવિત્ર હોય, તો

એ મંત્ર અંતઃકરણમાં ઉગીને પાંગરે છે. અને મોક્ષપદ અપાવે છે. પણ એ મંત્રની અંદર દૈવત ગુરૂને લઈને આવે છે. મંત્ર આપનાર ગુરૂની અંદર જો દૈવત હોય, તો એ ગુરૂમુખ થકી પ્રાપ્ત થયેલો મંત્ર શિષ્યના અંતઃકરણમાં પ્રકાશ કરે છે. પણ ગુરૂમાં જો દૈવત ન હોય, તો એ મંત્ર શિષ્યના હૃદયમાં ઉગીને પાંગરતો નથી, અને મોક્ષપદ અપાવતો નથી. માટે ગુરૂલક્ષણોથી યુક્ત એવા ગુરૂ પાસેથી દીક્ષા મંત્ર ગ્રહણ કરવો.

હવે મંત્રને આપનારા ગુરૂનાં લક્ષણો પણ વિજ્ઞાનોપનિષત્સંહિતાને વિષે કહેલાં છે કે- જેમણે પોતાની ઈન્દ્રિયોને જીતીને વશ કરેલી હોય, ઈન્દ્રિયો અને અંતઃકરણની ક્રિયાને દાબીને વર્તતા હોય, ઈન્દ્રિયો અંતઃકરણના દાબ્યા પોતે દબાતા ન હોય, શાસ્ત્રોમાં પ્રવિણ હોય, સ્વધર્મમાં નિત્ય રહેનારા હોય, આપત્કાળની અંદર પણ પોતાના ધર્મનો ત્યાગ કરતા ન હોય, આવા જે હોય, એજ ગુરૂપદને લાયક છે. અને વળી બધાં લક્ષણો હોય, અને ધર્મવંશી પણ હોય, છતાં જો એને વિષે ભગવાનની ભક્તિ ન હોય, તો એ ગુરૂપદને લાયક નથી. માટે જે ધર્મનિષ્ઠ હોય, અને ભગવાનની ભક્તિમાં નિષ્ઠાવાળા હોય, આવા ધર્મવંશી જે આચાર્ય, તે થકી કૃષ્ણની દીક્ષા, (એટલે વૈષ્ણવી દીક્ષા) ગ્રહણ કરીને સૌ પ્રથમ વૈષ્ણવપણું પ્રાપ્ત કરવું. અને ત્યાર પછી વૈષ્ણવપણાને સૂચવનારી એવી તુલસીની બે સરવાળી કંઠી કંઠમાં નિત્ય ધારણ કરવી. કારણ કે વૈષ્ણવી દીક્ષા એ એક સાત્વિકી દીક્ષા છે. અને તુલસી છે, એ પણ સાત્વિકતાને સૂચવનારી છે. તુલસી એક સાત્વિક કાષ્ઠ છે. માટે મોક્ષસંબન્ધી કોઈપણ સાત્વિક કાર્યને કરનારા પુરૂષોને કંઠમાં તુલસીની કંઠી ધારણ કરવી જોઈએ.

અને વળી કંઠી કંઠમાં નિત્ય ધારણ કરી રાખવી. આ વિષયમાં પંચરાત્ર શાસ્ત્રનું વાક્ય પ્રમાણરૂપ છે- ''यज्ञोपवीतवत् धार्या तुलसीकाष्ठमालिका'' ॥ इति ॥ જેમ યજ્ઞોપવીત નિત્ય ધારણ કરવી જોઈએ, યજ્ઞોપવીત વિના એક પગલું પણ ભરાય નહિ. એ જ રીતે કંઠી પણ કંઠમાં નિત્ય ધારણ કરી રાખવી. કંઠી ધારણ કર્યા વિના એક પગલું પણ ભરવું જોઈએ નહિ, આવો સહજાનંદ સ્વામીનો અભિપ્રાય છે.

અને વળી જે પુરૂષો તર્ક કરનારા છે કે- લાકડાંને કંઠમાં નાખવાથી શું થાય ? આવા જે તર્કવાદી પુરૂષો, કંઠમાં તુલસીની કંઠી ધારણ કરતા નથી. તે પુરૂષો ભગવાનના કોપરૂપી અગ્નિથી બળતા થકા નરકમાં પડે છે. અને વળી પશુની સમાન એવા જે પુરૂષોના કંઠમાં તુલસીની કંઠી નથી, તે પુરૂષનું અન્ન માંસની સમાન કહેલું છે. અને જળ મદિરાની સમાન કહેલું છે. માટે ભક્તોએ તર્ક કર્યા વિના કેવળ શ્રદ્ધાથી જ તુલસીની કંઠી અવશ્ય ધારણ કરવી. શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- ઘણા લોકો એવું માનતા હોય છે કે- તુલસીની કંઠી પૂજા સમયને વિષે જ ધારણ કરવી જોઈએ, હમેશાં ધારણ કરવી જોઈએ નહિ. અર્થાત્ ભોજન, શયન, મળમૂત્રનો ત્યાગ કરવો, એ આદિક ક્રિયાઓમાં તુલસીની કંઠી ધારણ કરવી ન જોઈએ. આવું ઘણાનું મંતવ્ય હોય છે. પણ શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામીનું મંતવ્ય એ છે કે- ભગવાનના ચરણમાં સમર્પિત કરેલી પ્રસાદીની કંઠી હમેશાં ધારણ કરી શકાય છે. અપવિત્ર ક્રિયાઓની અંદર પણ ધારણ કરી શકાય છે. કારણ કે ભગવાનના ચરણમાં સમર્પિત થયા પછી કંઠી બ્રહ્મરૂપ થઈ જાય છે. કોઈ અપવિત્રતાનો દોષ પણ લાગતો નથી, માટે હમેશાં ધારણ કરી રાખવી.

અને વળી પ્રતિવાદી શંકા કરતાં કહે છે કે- બે સરવાળી કંઠી ધારણ કરવાનો શો હેતુ છે ? આના જવાબમાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- બે સરવાળી કંઠી રાધા અને કૃષ્ણ, લક્ષ્મી અને નારાયણ, નર અને નારાયણ આ રીતે યુગલસ્વરૂપની ઉપાસનાને સૂચવનારી છે, એમ જાણવું. કોઈક વખત અતિ પ્રેમે કરીને રાધાદિ ભક્તો ભગવાનના સ્વરૂપમાં લીન રહે છે. ત્યારે ભગવાન એકલા હોય છે. તેથી ક્યારેક એક સરવાળી કંઠી ધારણ કરવામાં પણ દોષ નથી.

હવે કંઠી ધારણ કરવાનો મંત્ર વિષ્ણુધર્મમાં પ્રતિપાદન કરેલો છે. ''तुलसीकाष्ठसंभूते माले विष्णुजनप्रिये । बिभर्मि त्वामहं कण्ठे कुरु मां कृष्णवल्लभम्'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, તુલસીના કાષ્ટમાંથી બનાવેલી, અને ભગવાનના ભક્તોને પ્રિય એવી, હે કંઠી ! હું તમોને

કંઠમાં ધારણ કરૂં છું. માટે મને ભગવાનનો પ્રિય ભક્ત બનાવ. આ રીતે મંત્ર બોલીને તુલસીની કંઠી કંઠમાં ધારણ કરવી.

અને વળી તુલસી એ સમર્પણનાં દેવી છે. વૃંદાએ તપ કરીને ભગવાનના ચરણમાં સમર્પણ કર્યું છે. તેથી શાલિગ્રામ અને તુલસીને નિત્ય સાહચર્ય પ્રાપ્ત થયું છે. અને વૃન્દા જે તુલસી, તેને ભગવાને હમેશાં પોતાના ચરણમાં રાખ્યાં છે. વનમાળા રૂપે ભગવાન હમેશાં કંઠમાં પણ ધારણ કરે છે. તો આવાં વૃન્દાદેવીને આપણે કંઠમાં ધારણ કરીએ છીએ, એ સમર્પણને સૂચવે છે કે હવે હું ભગવાનનો થયો, અને ભગવાન મારા થયા. આ રીતે તુલસીનું ધારણ એ સમર્પણનું પ્રતિક છે. માટે ભક્તજનોએ અવશ્ય કંઠમાં તુલસીની કંઠી ધારણ કરીને ભગવાનને સમર્પિત થવું, આવો અભિપ્રાય છે.

અને વળી લલાટ, હૃદય અને બન્ને બાહુના મૂળ, આમ ચાર સ્થાનકોને વિષે ઉર્ધ્વપુંડ્ર તિલકો ધારણ કરવાં. ઉર્ધ્વપુંડ્ર તિલકને ધારણ કર્યા વિના સમગ્ર સત્કર્મો કરવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. માટે અવશ્ય ઉર્ધ્વપુંડ્ર તિલક પણ ધારણ કરવું જોઇએ. બૃહન્નારદીયપુરાણમાં કહેલું છે કે- यागो दानं तपो होमः स्वाध्यायो देवतार्चनं । भष्मी भवति तत्सर्वं उर्ध्वपुंड्र विना कृतम् ॥ ઉર્ધ્વપુંડ્ર તિલકને ધારણ કર્યા વિના યજ્ઞ, દાનાદિક જે કાંઇપણ સત્કર્મ કરેલું હોય, એ વ્યર્થ થઇ જાય છે. અને વળી ઉર્ધ્વપુંડ્ર તિલક વૈષ્ણવોનું અસાધારણ ચિહ્ન છે, અને ઉર્ધ્વપુંડ્ર તિલક સદાયને માટે ઉર્ધ્વગતિને સૂચવનારૂં છે. અર્થાત્ જે વિષ્ણુનો શરણાગત થયો, તેની હમેશાં ઉર્ધ્વગતિ જ થાય છે, અધોગતિ ક્યારેય પણ થતી નથી, આવું સૂચવનાર છે. માટે ત્રણે વર્ણવાળા પુરૂષો હોય, તેમણે દીક્ષા ગ્રહણ કરીને કંઠમાં તુલસીની કંઠી અને લલાટ, હૃદય અને બન્ને બાહુને વિષે ઉર્ધ્વપુંડ્ર તિલકો ધારણ કરવાં, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૪૧॥

**तत्तु गोपीचन्दनेन चन्दनेनाथवा हरेः । कार्यं पूजावशिष्टेन केशरादियुतेन च ॥४२॥**

અને તે ઉર્ધ્વપુંડ્ર તિલક જે તે, ગોપીચંદન વડે કરવું, અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહેલા પ્રસાદીના ચંદન વડે કરવું; અથવા તો કેશર, કુંકુમ આદિકથી મિશ્રિત એવાં પ્રસાદીનાં ચંદન વડે કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પૂર્વના શ્લોકમાં જે ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવાનું વિધાન કરવામાં આવ્યું છે, એ ઉર્ધ્વપુંડ્ર તિલક કયા દ્રવ્યવડે ધારણ કરવું, તેનું વિધાન આ શ્લોકની અંદર કરવામાં આવ્યું છે. પહેલો પક્ષ એ છે કે જ્યાં ગોપીઓ પ્રેમે કરીને લીન થયેલી છે, એવી ગોમતીસરોવરની જે દ્વારિકામાહાત્મ્યમાં પ્રસિદ્ધ ગોપીચંદન નામની મૃત્તિકા વડે, અથવા કોઇપણ પવિત્ર તીર્થની મૃત્તિકા વડે ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું.

બીજો પક્ષ એ છે કે- ભગવાનની પૂજા કરતાં બાકી રહેલા પ્રસાદીના ચંદન વડે ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. અથવા તો કેસર, કુંકુમાદિકથી મિશ્રિત કરેલાં પ્રસાદીનાં ચંદનવડે ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. આ બધા પક્ષોમાં પવિત્ર તીર્થની જે મૃત્તિકા છે, એ ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવા માટે ઉત્તમ કહેલી છે. ''जाह्नवीतीरसंभूतां मृदं मूर्ध्ना बिभर्तियः । बिभर्ति रुपं सोऽर्कस्य तमोनाशाय केवलम्'' ॥ इति ॥ આ શ્લોકનું તાત્પર્ય એ છે કે- ગંગા કિનારે રહેલી મૃતિકાને લાવી કરી જે પુરૂષ મસ્તકમાં ધારણ કરે છે, અર્થાત્ એ મૃતિકા વડે મસ્તકમાં ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરે છે. એ પુરૂષ માનો કે કેવળ અંધકારને દૂર કરવા માટે સૂર્યના સ્વરૂપને મસ્તકમાં ધારણ કરે છે. અને વળી પદ્મપુરાણમાં કહેલું છે કે જ્યાં દિવ્ય ભગવાનનાં ક્ષેત્રો હોય, અર્થાત્ બદ્રિનારાયણાદિક દિવ્ય ભગવાનનાં મંદિરો હોય, ત્યાંથી મૃતિકા લાવી કરી, તે મૃતિકા વડે સર્વે મનોરથોની પ્રાપ્તિને માટે ઉર્ધ્વપુંડ્ર તિલકો ધારણ કરવાં.

અને વળી બ્રહ્માંડ પુરાણમાં તો મૃતિકા, ચંદન, ભસ્મ અને જળ આ ચાર દ્રવ્યો બતાવેલાં છે. તેમાં પ્રાતઃ સ્નાન કરીને મૃતિકા વડે

ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. અને ચંદન વડે કોઈ દેવની અર્ચા કરેલી હોય, તો એ પ્રસાદીના ચંદન વડે ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું; અને જો હવન કરેલો હોય તો હવનની જે ભસ્મ તે વડે ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. અને જળમાં રહીને પિતૃસંબન્ધી કોઈ કર્મ કરતા હોઈએ, તો એ જળ સંબન્ધી કર્મની સિદ્ધિને માટે જળ વડે ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરી લેવું. કારણ કે ઉર્ધ્વપુંડ્ર તિલકને ધારણ કર્યા વિના તે તે કર્મ વ્યર્થ થઈ જાય છે. માટે સમય સમયને અનુસારે આ ચાર દ્રવ્યો વડે ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવાનું વિધાન કરવામાં આવ્યું છે, આવો અભિપ્રાય છે. ॥૪૨॥

**तन्मध्य एव कर्तव्यः पुण्ड्रद्रव्येण चन्द्रकः । कुङ्कुमेनाथवा वृत्तो राधालक्ष्मीप्रसादिना ॥४३॥**

અને ધારણ કરેલા તે ઉર્ધ્વપુંડ્ર તિલકને મધ્યે ગોપીચંદન અથવા ચંદન વડે ગોળાકાર ચાંદલો કરવો, અથવા તો રાધા,લક્ષ્મીજીની પ્રસાદીનું એવું જે કુંકુમ તે વડે ગોળાકાર ચાંદલો કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- જે દ્રવ્ય વડે ઉર્ધ્વપુંડ્ર તિલકનું વિધાન કર્યું, એજ ગોપીચંદનાદિક દ્રવ્ય વડે ઉર્ધ્વપુંડ્ર તિલકના બરાબર મધ્ય ભાગમાં ગોળાકાર ચાંદલો કરવો. અથવા તો રાધા અને લક્ષ્મીની પૂજા કરતાં બાકી રહેલા પ્રસાદીના કુંકુમ વડે ગોળાકાર ચાંદલો કરવો. આ રીતે બે પક્ષ છે- એક ગોપીચંદન વડે ચાંદલો થઈ શકે છે, અને કુંકુમ વડે પણ ચાંદલો થઈ શકે છે. તેમાં કુંકુમ એ મંગલ દ્રવ્ય છે, તેથી કુંકુમનો જે ચાંદલો છે, એ મંગળની નિશાની છે; માટે પ્રસાદીના કુંકુમ વડે ગોળાકાર ચાંદલો કરવો, એ ઉત્તમ પક્ષ છે. ચાંદલાએ સહિત જે ઉર્ધ્વપુંડ્ર તિલક છે, એ વૈષ્ણવ સંપ્રદાયને જણાવનાર છે. ''उर्ध्वपुण्ड्रं सचन्द्रकम्'' ॥ इति ॥ દીક્ષા વિધિમાં બતાવેલું છે કે વૈષ્ણવો હોય તેમણે કુંકુમના ગોળાકાર ચાંદલાએ સહિત ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. અને વળી વિષ્ણુધર્મોત્તરમાં પણ કહેલું છે કે- ''उर्ध्वपुण्ड्रस्य मध्ये तु हरिद्राचूर्णकुङ्कुमम् । धारयेत् वैष्णवो नित्यं कमलाप्रीतये नृप'' ॥ इति ॥ વૈષ્ણવો હોય તેમણે લક્ષ્મીજીની પ્રસન્નતાને અર્થે ઉર્ધ્વપુંડ્ર તિલકની મધ્યે કુંકુમ ધારણ કરવું. તેથી જ મોટા ભાગે વૈષ્ણવો ઉર્ધ્વપુંડ્ર તિલકની મધ્યે કુંકુમનું ધારણ કરે છે. અર્થાત્ વૈષ્ણવો ગોળાકાર ચાંદલારૂપે કુંકુમ ધારણ કરે છે, તો કોઈ લાંબી સળીના રૂપમાં મધ્યે કુંકુમ ધારણ કરે છે. અર્થાત્ ઉર્ધ્વપુંડ્ર તિલકની મધ્યે જે કુંકુમનું ચિહ્ન છે, એ વૈષ્ણવત્વને સુચવનારૂં છે, આવો અભિપ્રાય છે. ॥૪૩॥

**सच्छूद्राः कृष्णभक्ता ये तैस्तु मालोर्ध्वपुण्ड्रके । द्विजातिवद्धारणीये निजधर्मेषु संस्थितैः ॥४४॥**

અને પોતાના ધર્મને વિષે રહેલા અને ભગવાનના ભક્ત એવા જે સચ્છૂદ્રો હોય તેમણે તો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની પેઠે જ તુલસીની કંઠી અને ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શુદ્રો બે પ્રકારના છે, એક સચ્છૂદ્રો અને બીજા અસચ્છૂદ્રો. જે પોતાના ધર્મમાં નિષ્ઠાવાળા હોય એ સચ્છૂદ્રો અને પોતાના ધર્મથી ભ્રષ્ટ થયા હોય, એ અસચ્છૂદ્રો.

ગમે તેવી પછાત જ્ઞાતિનો ગણાતો હોય, પરંતુ જો મદ્યમાંસથી દૂર રહેતો હોય, શુદ્ધવંશમાં જન્મેલો હોય, હિંસા ન કરતો હોય, બ્રાહ્મણાદિક ત્રણે વર્ણવાળા પુરૂષોની સેવા કરતો હોય, અને તેણે કરીને પોતાની આજીવિકા ચલાવતો હોય, અથવા તો કોઈપણ મજૂરી કે ખેતી દ્વારા પોતાની આજીવિકા ચલાવતો હોય, એ ગમે તે વર્ગનો હોય, શુદ્રમાં અતિ શૂદ્ર હોય, છતાં બ્રાહ્મણાદિક ત્રણે વર્ણની પેઠે જ એ તિલક ચાંદલાનો અને તુલસીની કંઠીનો અધિકારી છે.

સચ્છૂદ્રોનું દ્વિજાતિઓ કરતાં માત્ર થોડું જ વિલક્ષણપણું છે. સચ્છૂદ્રો વેદના મંત્રોનું ઉચ્ચારણ કરી શકે નહિ. જ્યારે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણવાળા પુરૂષો વેદના મંત્રનું ઉચ્ચારણ કરી શકે છે. શૂદ્ર પણ એક ચોથો વર્ણ છે. વર્ણ હોવાથી એ ધર્મને યોગ્ય છે પણ વેદના મંત્રો સિવાય એ

ધર્મને યોગ્ય છે. આ રીતે વ્યાસે મહાભારતમાં પ્રતિપાદન કરેલું છે. અને વળી વરાહપુરાણની અંદર શૂદ્રોની દીક્ષા પણ પ્રતિપાદન કરેલી છે- ''चातुर्वर्णस्य वक्ष्यामि दीक्षामद्य यशस्विनी'' ॥ इति ॥ વરાહ ભગવાન પૃથ્વીને કહે છે કે- હે પૃથ્વી ! હવે હું ચારે વર્ણવાળા પુરૂષોની દીક્ષા કહું છું. આ રીતે દીક્ષા કહેવાનો પ્રારંભ કરીને, પ્રથમ ત્રણે વર્ણની દીક્ષા કહી અને ત્યાર પછી- ''शुद्रस्याऽपि प्रवक्ष्यामि मद्भक्तस्य वराङ्गने'' ॥ इति ॥ વરાહ ભગવાન કહે છે કે- હે પૃથ્વી ! હવે હું મારા ભક્ત શૂદ્રોની પણ દીક્ષા કહું છું. આમ કહીને શૂદ્રોની પણ દીક્ષા કહેલી છે. આ પ્રમાણે ચારે વર્ણવાળા પુરૂષોને સામાન્ય દીક્ષા ગ્રહણ કરવાનો અધિકાર છે. માટે પોતાના ધર્મમાં રહેલા ભગવાનના ભક્ત જે સચ્છૂદ્રો હોય, તેમણે પણ દીક્ષા ગ્રહણ કરીને કંઠમાં તુલસીની કંઠી, અને ઉર્ધ્વપુંડ્ર તિલક તથા ચાંદલો દ્વિજાતિની પેઠે જ ધારણ કરવો, આવો અભિપ્રાય છે. ॥૪૪॥

**भक्तैस्तदितरैर्माले चन्दनादीन्धनोद्भवे । धार्ये कण्ठे ललाटेऽथ कार्यः केवलचन्द्रकः ॥४५॥**

અને સચ્છૂદ્ર સિવાયના જે જાતિએ કરીને ઉતરતા એવા મારા ભક્ત અસચ્છૂદ્રો હોય, તેમણે તો ચંદનાદિક કાષ્ઠની બેવડી કંઠી ભગવાનની પ્રસાદીની કરાવીને કંઠને વિષે ધારણ કરવી, અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો, પણ તિલક કરવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- મનુષ્ય માત્રને નામકીર્તનાદિક ભગવાનની ભક્તિ કરવામાં અધિકાર છે કે- આ મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે. તેને પામીને જે કોઈ મનુષ્ય ભગવાનનું નામ કીર્તન કરતો નથી, અર્થાત્ ભગવાનની ભક્તિ કરતો નથી, એ પુરૂષ ખરેખર સંસારરૂપી અંધારા કૂવામાં પડેલો છે. એ કાંઈ દેખતો જ નથી, એને કાંઈ ભાન નથી. જો ભાન હોય તો ભગવાનની ભક્તિ કરે, અને જો ભગવાનની ભક્તિ નથી કરતો, તો એ ભાન વિનાનો જ છે. અને સંસારરૂપી ઘોર અંધકારમય કૂવામાં પડેલો જ છે. આ રીતે ભાગવતમાં મનુષ્ય માત્રને ભગવાનની ભક્તિ કરવાનો અધિકાર કહેલો છે. માટે અસચ્છૂદ્રો હોય તેમણે પણ દુર્લભ મનુષ્ય જન્મને સાર્થક કરવા માટે કંઠમાં ચંદનાદિકની બેવડી કંઠી અને લલાટમાં કેવળ ચાંદલો કરીને ભગવાનનું નામકીર્તન કરવું.

અને વળી આચારમાધવને વિષે સત્યવ્રતનું વચન છે કે- ''उर्ध्वपुण्ड्रमृजु सौम्यं ललाटे यस्य दृश्यते । चाण्डालोऽपि सः शुध्धात्मा पूज्य एव न संशयः'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- જેના લલાટમાં સરળ અને સૌમ્ય ઉર્ધ્વપુંડ્ર તિલક જોયામાં આવે છે, એ પુરૂષ ભલે ચંડાળ હોય છતાં શુદ્ધાત્મા બનીને પૂજ્ય બની જાય છે, એમાં કોઈ જાતનો સંશય નથી. આવું સત્યવ્રતનું વચન હોવાથી જો કે ચાંડાળપર્યન્તના કોઈપણ મનુષ્યને ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવામાં દોષ તો નથી, છતાંપણ અસચ્છૂદ્રાદિકોને પ્રત્યક્ષ ભગવાનની પ્રતિમાનું પૂજન કરવું, એ આદિકમાં અધિકાર નથી. અસચ્છૂદ્રાદિકોને તો કેવળ ભગવાનની પ્રતિમાનાં દર્શન કરવાં, નામકીર્તન કરવું એ આદિકમાં જ અધિકાર છે. તેથી તેઓને ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવાનું કોઈ પ્રયોજન નથી. કારણ કે ઉર્ધ્વપુંડ્ર તિલક પૂજાદિકનું અંગ છે. તેથી ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યા વિના જો પૂજાદિક કરવામાં આવે તો એ વ્યર્થ બની જાય છે. અને અસચ્છૂદ્રોને તો પૂજાદિકનું વિધાન કરેલું નથી. માટે અસચ્છૂદ્રોને ઉર્ધ્વપુંડ્ર તિલકથી રહિત કેવળ ચાંદલો કરવો, એ જ યોગ્ય છે. અને એ જ રીતે તુલસીની કંઠી ધારણ કરવામાં પણ સમજવું, આવો ભાવ છે. ॥૪૫॥

**त्रिपुण्ड्ररुद्राक्षधृतिर्येषां स्यात्स्वकुलागता । तैस्तु विप्रादिभिः क्वापि न त्याज्या सा मदाश्रितैः ॥४६॥**

અને બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર તથા રૂદ્રાક્ષનું ધારણ પોતાની કુળ પરંપરાએ ચાલ્યું આવ્યું હોય, અને એ બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય, તોપણ તેમણે ત્રિપુંડ્ર અને રૂદ્રાક્ષનો ક્યારેય ત્યાગ કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આ લોકમાં બે સંપ્રદાયો અનાદિકાળથી પ્રસિદ્ધ છે. તેમાં એક તો શિવ સંપ્રદાય, અને બીજો વૈષ્ણવ સંપ્રદાય. તેમાં શિવસંપ્રદાયના પુરૂષોને વૈષ્ણવોના સમાગમે કરીને વિષ્ણુની ભક્તિ કરવામાં રૂચિ ઉત્પન્ન થયેલી હોય, અને વૈષ્ણવના ઉર્ધ્વપુંડ્રાદિક ચિહ્નો ધારણ કરવાની ઈચ્છા થયેલી હોય, છતાંપણ શિવનાં ચિહ્નોને ત્યાગ કરવામાં અને ઉર્ધ્વપુંડ્રાદિક

વિષ્ણુનાં ચિહ્નોને ધારણ કરવામાં તકલીફ પડતી હોય. મનુષ્યો હાંસી કરે કે અરે ! શિવનો ભક્ત હતો ને વળી વિષ્ણુમાં જઈને ક્યાં ભળ્યો ? અને એનાં સંબન્ધીજનો પણ ક્લેશ કરતાં હોય કે, જો તારે અમારી ભેળું રહેવું હોય, અને અમારી નાતમાં ભળવું હોય, તો આ કામ નહિ આવે. આમ સંબન્ધીઓ તરફથી ક્લેશ થતો હોય, તેથી જો તે બહારથી વિષ્ણુનો આશ્રય ન કરી શકે, તો પણ તેમણે અંદરનો ભાવ શુદ્ધ રાખવો કે- હું વિષ્ણુનાં ચિહ્નો ભલે ધારણ કરી શકતો નથી. પણ હું છું તો વિષ્ણુનો જ. આ રીતે હૃદયના ભાવની શુદ્ધિ છે. એજ ભગવાનની પ્રસન્નતામાં હેતુરૂપ છે. ભાવ શુદ્ધ ન હોય, અને ઉર્ધ્વપુંડ્રાદિક વિષ્ણુનાં ચિહ્નો ધારણ કરે, તેણે કરીને કાંઈ વિષ્ણુ પ્રસન્ન થતા નથી. આ વિષયમાં વિષ્ણુધર્મોત્તરનું વાક્ય પ્રમાણરૂપ છે. ‘‘उर्ध्वपुण्ड्रशतेनापि वृन्दमालाशतेन च । न विष्णुः प्रीयते भूप विशुद्धं भावमन्तरा’’ ॥ इति ॥ આ શ્લોકનો એ ભાવ છે કે- ૧૦૦ એ ૧૦૦ ઉર્ધ્વપુંડ્ર તિલકો ધારણ કર્યાં હોય, અને સો એ સો તુલસીની કંઠીઓ ધારણ કરી હોય, છતાં જો ભાવ શુદ્ધ ન હોય તો વિષ્ણુ પ્રસન્ન થતા નથી. માછલાં ગંગાની અંદર રહેતાં હોય, પણ એનો ભાવ શુદ્ધ હોતો નથી, તેથી એ ગંગામાં પ્રતિદિન સ્નાન કરવા છતાં શુદ્ધ થતાં નથી. આ રીતે ભાવશુદ્ધિ છે, એજ ભગવાનની પ્રસન્નતામાં કારણરૂપ છે. આમ સમજીને બ્રાહ્મણાદિક મારા આશ્રિતો હોય તેમણે પોતાની કુળપરંપરાથી ચાલ્યાં આવેલાં ત્રિપુંડ્રાદિક શિવનાં ચિહ્નો ત્યાગ કરવાં નહિ. કારણ કે વૈષ્ણવોને પણ એ શિવનાં ચિહ્નો ધારણ કરવામાં ક્યાંઈ નિષેધ સંભળાતો નથી. ત્રિપુંડ્રાદિક તો વૈષ્ણવોના રાજા એવા શંકરનું ચિહ્ન છે. અને શંકર તો સર્વે વૈષ્ણવોમાં શ્રેષ્ઠ વૈષ્ણવ છે. આ વિષયમાં ભાગવત શાસ્ત્ર પ્રમાણરૂપ છે- ‘‘वैष्णवानां यथा शंभुः’’ ॥ इति ॥ જેમ સર્વે નદીઓમાં ગંગા નદી ઉત્તમ છે. જેમ સર્વે પુરાણોમાં ભાગવત પુરાણ ઉત્તમ છે. તેમ સર્વે વૈષ્ણવોમાં શિવજી, એ ઉત્તમ વૈષ્ણવ છે. માટે બ્રાહ્મણાદિક મારા આશ્રિતો હોય, તેમણે શિવનું ચિહ્ન પણ કદાચ ધારણ કરવું પડે તો એમાં કોઈ જાતનો દોષ નથી, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૪૬॥

**ऐकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः । उभयोर्ब्रह्मरूपेण वेदेषु प्रतिपादनात् ॥४७॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, નારાયણ અને શિવજી આ બન્નેનું એકાત્મપણું જ જાણવું, કારણ કે વેદને વિષે બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- જીવાત્માની જે રીતે ત્રણ અવસ્થા છે, જાગ્રત, સ્વપ્ર, સુષુપ્તિ. એજ રીતે વૈરાટનારાયણની પણ ત્રણ અવસ્થા છે. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય.

અવસ્થાના યોગે જીવાત્માઓના ત્રણ વિભાગ પડે છે. જાગ્રત અવસ્થાના અભિમાની જીવ, તેને વિશ્વાભિમાની કહેવાય છે. સ્વપ્રાવસ્થાના અભિમાની જીવ તેને તૈજસાભિમાની કહેવાય છે, અને સુષુપ્તિ અવસ્થાના અભિમાની જીવ તેને પ્રાજ્ઞાભિમાની કહેવાય છે. આ રીતે અવસ્થાના યોગે એક જ જીવના વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ આ ત્રણ ભેદો પડે છે. તેમ અવસ્થાના યોગે વૈરાટનારાયણના પણ ત્રણ વિભાગ પડે છે. તેમાં સ્થિતિ અવસ્થાના અભિમાની વિષ્ણુ કહેવાય છે. ઉત્પત્તિ અવસ્થાના અભિમાની બ્રહ્મા કહેવાય છે. અને પ્રલયાવસ્થાના અભિમાની શિવ કહેવાય છે. જેમ જીવાત્માની ત્રણે અવસ્થાઓમાં આત્મતત્ત્વ તો એક જ છે. કેવળ અવસ્થાના યોગે આત્મતત્ત્વની અંદર વિભાગ પડ્યો છે. એજ રીતે વૈરાટનારાયણની ત્રણે અવસ્થામાં આત્મત્ત્વ તો એક જ છે. કેવળ અવસ્થાના યોગે વૈરાટનારાયણની અંદર વિષ્ણુ, બ્રહ્મા અને શિવ, આ ત્રણ વિભાગો પડ્યા છે. તેથી જો કે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આ ત્રણેયનું એકાત્મપણું છે. છતાં શ્રીજીમહારાજે આ વિષ્ણુ, અને શિવનું જે અહીં એકાત્મપણું પ્રતિપાદન કર્યું છે, તેનું રહસ્ય એ જણાય છે કે, આ ભારતદેશની અંદર, તેમાં પણ દક્ષિણમાં વિષ્ણુભક્તો અને શિવભક્તોના મહાભયંકર ઝઘડા ચાલતા હતા. દક્ષિણની અંદર વિષ્ણુકાંચી અને શિવકાંચી છે. ત્યાં એક બાજુ શિવનું મંદિર છે, અને એક બાજુ વિષ્ણુનું મંદિર છે. ત્યાં વિષ્ણુકાંચી અને શિવકાંચીની અંદર રાજધર્મના આશ્રયથી ભયંકર હત્યાકાંડો સર્જાયાં છે. શિવભક્તોએ વિષ્ણુભક્તોની હત્યાઓ કરી

અને વિષ્ણુભક્તોએ શિવભક્તોની હત્યાઓ કરી. આ રીતે મહાભયંકર સાંપ્રદાયિક ઝઘડા થયા હતા. તેમાં એક બીજાનાં મંદિરો પણ તોડી પાડતા હતા. અને શિવના ભક્તો વિષ્ણુને માથું નમાવે નહિ, તેમજ વિષ્ણુના ભક્તો શિવને માથું નમાવે નહિ. એટલું જ નહિ, શિવના ભક્તો વિષ્ણુનું નામ લે નહિ, અને વિષ્ણુના ભક્તો શિવનું નામ લે નહિ. અને વળી ઈતિહાસમાં એવું પણ સાંભળવા મળે છે કે- શિવના ઉપાસક રાજાએ રામાનુજાચાર્યના શિષ્યની આંખો પણ ખેંચી કાઢેલી હતી. આ રીતે શિવભક્તો અને વિષ્ણુભક્તોમાં પૂર્વે દ્વેષભાવ ખૂબ જ વૃદ્ધિ પામેલો હતો. એ દ્વેષભાવને દૂર કરવા શ્રીજીમહારાજે વિષ્ણુ અને શિવનું એકાત્મપણું પ્રતિપાદન કર્યું હોય, એમ જણાય છે. શાસ્ત્રમાં તો બ્રહ્મા વિષ્ણુ અને શિવ આ ત્રણેયનું એકપણું પ્રતિપાદન કર્યું છે- ''न ते मय्यच्युतेऽजे च भिदामण्वपि चक्षते'' ॥ इति ॥ શંકર ભગવાન માર્કંડેયમુનિ પ્રત્યે કહે છે કે- હે મુને ! જે મહાપુરૂષો છે, એ શંકર એવો જે હું તે મારે વિષે, વિષ્ણુને વિષે અને બ્રહ્માને વિષે અણુમાત્ર પણ ભેદ જોતા નથી. અને વળી નારદપંચરાત્રમાં પણ પ્રતિપાદન કર્યું છે કે- શિવ છે એ સાક્ષાત્ હરિ છે, અને હરિ છે એ સાક્ષાત્ શિવ છે. માટે શિવનો જે દ્વેષી હોય, એ ભલેને વિષ્ણુનું ભજન કરતો હોય, છતાં એ વિષ્ણુ દ્રોહી છે. આ પ્રમાણે અહીં વિષ્ણુ અને શિવનું એકાત્મપણું પ્રતિપાદન કર્યું છે. આ રીતે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આ ત્રણેયનું એકાત્મપણું હોવા છતાંપણ ત્રણેયને મધ્યે વિષ્ણુ સત્ત્વગુણ પ્રધાન છે. એ જ કારણથી મોક્ષને માટે વેદોએ વિષ્ણુને જ ઉપાસ્ય તરીકે વર્ણવ્યા છે. બ્રહ્મા અને શંકર વૈરાટનારાયણની રજોગુણ પ્રધાન અને તમોગુણપ્રધાન અવસ્થા છે, માટે એ બન્ને મોક્ષ માટે શુભાશ્રય નથી. તેથી જ વેદોએ મોક્ષદાતા તરીકે બ્રહ્મા અને શિવની ઉપાસના વર્ણવેલી નથી. પણ મોક્ષદાતા તરીકે તો વિષ્ણુને જ ઉપાસ્ય તરીકે વેદોએ વર્ણવેલા છે. આ વિષયમાં ભાગવતશાસ્ત્ર પ્રમાણરૂપ છે. ''वरं वृणीश्व भद्रं ते ऋते कैवल्यमद्य नः । एक एवेश्वरस्तस्य भगवान् विष्णुरव्ययः'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- દેવતાઓ મુચુકુન્દ રાજાને કહે છે કે- રાજન્ ! તમો અમારી પાસેથી વરદાન માગો. ત્યારે રાજા કહે છે કે, તમો જો પ્રસન્ન થયા હો, અને આપવા ઈચ્છતા હો તો મને મોક્ષ આપો. તે સમયે દેવતાઓ કહે છે કે- રાજન્ ! મોક્ષ તો અમો ન આપી શકીએ, મોક્ષના સ્વામી તો અવિનાશી એવા એક જ વિષ્ણુ છે. માટે મોક્ષ સિવાય બીજું અમારી પાસેથી માગો, ત્યારે રાજાએ નિદ્રા માગેલી છે. આ રીતે ભાગવતશાસ્ત્રમાં મોક્ષદાતા તરીકે વિષ્ણુને જ વર્ણવેલા છે. અને ધામમાં રહેલું જે પરતત્ત્વ છે, જેને મહાવિષ્ણુ કહે છે. એતો ઈન્દ્રિયો અંતઃકરણને અગોચર છે. એજ પરતત્ત્વ વિષ્ણુરૂપે આ જગતનું પાલન કરે છે. અર્થાત્ સ્થિતિ કરે છે. અને જ્યારે આ પૃથ્વી ઉપર અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે એજ પરતત્ત્વ રામ, કૃષ્ણ, સહજાનંદ આદિક રૂપે અવતારોને ધારણ કરે છે. અને ધર્મરક્ષણદ્વારા જગતનું પાલન કરે છે. અર્થાત્ ધર્મરક્ષણદ્વારા જગતની સ્થિતિ કરે છે. માટે પુરાણોમાં જેમ રામ, કૃષ્ણ, સહજાનંદ આદિક અવતારોની ઉપાસનાએ કરીને મોક્ષપ્રાપ્તિ બતાવેલી છે. એજ રીતે વેદોએ વિષ્ણુની ઉપાસનાએ કરીને મોક્ષપ્રાપ્તિ બતાવેલી છે. એ સિવાય બ્રહ્માશિવાદિકની ઉપાસના કરવાથી આ લોક તથા પરલોકનાં તે તે ફળની પ્રાપ્તિ થાય છે. અને તે તે લોકની પ્રાપ્તિ થાય છે. લૌકિક સુખને ભોગવ્યા પછી પણ જ્યારે વિષ્ણુની તથા રામકૃષ્ણાદિક અવતારોની શુદ્ધ ઉપાસના પ્રાપ્ત થાય છે, ત્યારે જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. આ રીતે ત્રણે અવસ્થાઓના ભેદે કરીને મોક્ષમાં ભેદ બતાવ્યો છે. પણ એ ત્રણે અવસ્થાઓમાં સ્વરૂપ ભેદ નથી. સ્વરૂપે કરીને બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ આ ત્રણેનું એકાત્મપણું છે, છતાં વિષ્ણુ શુદ્ધ સત્વગુણ પ્રધાન છે, માટે શુભાશ્રય છે. અને શુભાશ્રય હોવાથી જ ઉપાસનીય છે. આ રીતે સ્વરૂપે કરીને ત્રણેની એકતા હોવાને કારણે શિવના જે ભક્તો હોય, તેમણે વિષ્ણુના ભક્તોની સાથે દ્વેષ કરવો નહિ. અને વિષ્ણુના ભક્તો હોય, તેમણે શિવના ભક્તોની સાથે દ્વેષ કરવો નહિ. આ રીતે પરસ્પર દ્વેષભાવને છોડી કરી પોતપોતાના ઈષ્ટદેવનું ભજન કરવું, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૪૭॥

**शास्त्रोक्त आपद्धर्मो यः स त्वल्पापदि कर्हिचित् । मदाश्रितैर्मुख्यतया ग्रहीतव्यो न मानवैः ॥४८॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, શાસ્ત્રમાં કહેલો મોટા આપત્કાળનો જે ધર્મ, તેને નાના આપત્કાળમાં મુખ્યપણે ક્યારેય પણ ગ્રહણ

કરી લેવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- સ્વસ્થકાળના ધર્મો શાસ્ત્રમાં પૃથક્ વર્ણવેલા છે. અને આપત્કાળના ધર્મો પણ પૃથક્ વર્ણવેલા છે. અર્થાત્ મનુષ્ય જ્યારે સ્વસ્થ હોય, તે સમયના ધર્મ જુદા છે. અને જ્યારે સંકટમાં આવી પડેલો હોય, તે સમયના ધર્મો જુદા છે. જેમ કે આપત્કાળનો ધર્મ આ સ્મૃતિમાં બતાવ્યો છે- ''आर्तो व्रताहेप्यश्नीयादन्नं विष्णुनिवेदितम्'' ॥ इति ॥ આ શ્લોકનો અર્થ એ છે કે, મરણપથારીમાં પડેલો એવો રોગી હોય, તેમણે એકાદશી આદિક વ્રતના દિવસે પણ વિષ્ણુને નિવેદન કરેલું અન્ન જમી લેવું. આ રીતે મોટા આપત્કાળમાં ભોજનનું વિધાન કરનાર શાસ્ત્રને જ મુખ્યપણે ગ્રહણ કરીને થોડો તાવ આવે કે થોડું માથું દુઃખે, આવા નાના આપત્કાળમાં મારા આશ્રિતોએ અન્ન જમી લેવું નહિ. શાસ્ત્રમાં તો પોતાનું શરીર જેવી રીતે ગ્લાનિને ન પામે, અને મૃત્યુને વશ ન થાય, એ રીતે આપત્કાળમાં વર્તવાનું વિધાન કરેલું છે. મહાન આપત્કાળ આવી પડેલો હોય, તો કોઈપણ પ્રકારે શરીરનું રક્ષણ કરવું જોઈએ, આવો શાસ્ત્રોનો અભિપ્રાય છે. વેદાન્તમાં એક કથા છે. ચાક્રાયણ નામના એક ઋષિ હતા. એ ઋષિના આઠ ઉપવાસ થયા, કાંઈ ખાવા અન્ન મળ્યું નહિ. પછી નવમે દિવસે કોઈ ચાંડાલ અડદ રાંધતો હતો. ત્યાં આ ઋષિ જઈ પહોંચ્યા. ચાક્રાયણ ઋષિએ ચાંડાળના હાથના રાંધેલા અડદ માગ્યા. તેથી ચાંડાળે અડદ ઋષિને આપ્યા. શુદ્ધ બ્રાહ્મણવંશમાં જન્મેલા ચાક્રાયણ ઋષિ ચાંડાળના રાંધેલા અડદ જમી ગયા. પછી ચાંડાળને વિચાર થયો કે આ ઋષિ ભૂખ્યા છે, તેથી તરસ્યા પણ હશે. એટલે ચાંડાળે મહર્ષિને જળ આપ્યું. તે સમયે ચાક્રાયણ ઋષિ બોલ્યા કે મારાથી તારા હાથનું પાણી પીવાય નહિ. હું શુદ્ધ બ્રાહ્મણ વંશમાં જન્મેલો ઋષિ છું.

ત્યારે ચાંડાળે કહ્યું કે- મારા હાથના રાંધેલા અડદ તમે જમી શકો, અને પાણી કેમ પી ન શકો ? તે સમયે ચાક્રાયણ ઋષિએ જવાબ આપ્યો કે, મને જો અત્યારે કાંઈ અન્ન મળ્યું ન હોત તો હું મરી જવાનો હતો. તેથી મારા પ્રાણના રક્ષણને માટે એક આપત્તિનો ધર્મ સ્વીકારીને તારા હાથના અડદ મેં સ્વીકાર્યા હતા. અને હવે તો મારા શરીરમાં ચેતન આવી ગયું છે. તેથી હજુ પણ જો હું આપત્કાળના ધર્મને અનુસરીને તારા હાથનું જળ સ્વીકારૂં, તો હું ઈશ્વરનો ગુનેગાર કહેવાઉં. માટે હવે મને તારૂં પાણી ન જોઈએ. આ રીતે ઋષિમુનિઓએ પોતાના જીવન દ્વારા આપણને શીખવાડ્યું છે કે, શાસ્ત્રમાં જો થોડી છૂટ આપી હોય, તો તેનો કાયમ ઉપયોગ કરવો નહિ. જ્યારે આપત્કાળ હોય ત્યારે આપત્કાળના ધર્મનું પાલન કરી લેવું. અને જ્યારે સ્વસ્થકાળ આવે ત્યારે પ્રાયશ્ચિત કરીને ફરીવાર પોતાના મુખ્ય ધર્મમાં આવી જવું. આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૪૮॥

**प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः । विधाय कृष्णस्मरणं कार्यः शौचविधिस्ततः ॥४९॥**

**उपविश्यैव चैकत्र कर्तव्यं दन्तधावनम् । स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी ॥५०॥**

**उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले । असङ्कीर्ण उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम् ॥५१॥**

**कर्तव्यमूर्ध्वपुण्ड्रं च पुम्भिरेव सचन्द्रकम् । कार्यः सधवानारीभिर्भाले कुङ्कुमचन्द्रकः ॥५२॥**

**पुण्ड्रं वा चन्द्रको भाले न कार्यो मृतनाथया । मनसा पूजनं कार्यं ततः कृष्णस्य चारिवलैः ॥५३॥**

**प्रणम्य राधाकृष्णस्य लेख्यार्चां तत आदरात् । शक्त्या जपित्वा तन्मन्त्रं कर्तव्यं व्यावहारिकम् ॥५४॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, પ્રતિદિન સૂર્યોદય પહેલાં જ જાગવું, અને જાગ્યા પછી ભગવાનનું સ્મરણ કરવું; અને ત્યાર પછી શૌચવિધિ કરવા જવું ॥ અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું; અને પછી પવિત્ર જળ વડે સ્નાન કરવું; અને સ્નાન કર્યાબાદ ધોએલું એક વસ્ત્ર પહેરવું અને એક ઓઢવું ॥ અને ત્યારબાદ પવિત્ર પૃથ્વી ઉપર પાથરેલું, શુદ્ધ અને કોઈ બીજી વસ્તુના સ્પર્શથી રહિત, એવા આસન

ઉપર પૂર્વમુખે તથા ઉત્તરમુખે બેસીને આચમન કરવું ॥ અને પછી મારા આશ્રિત એવા માત્ર પુરૂષોએ ચાંદલાએ સહિત ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું, અને સુવાસિની જે સ્ત્રીઓ હોય, તેમણે તો પોતાના ભાલને વિષે કેવળ કુંકુમનો ચાંદલો કરવો. ॥ અને મારી આશ્રિત વિધવા સ્ત્રીઓ હોય, તેમણે પોતાના ભાલમાં તિલક ન કરવું અને ચાંદલો પણ ન કરવો. અને ત્યારબાદ બાઈ ભાઈ સર્વે સત્સંગીએ મનથી કલ્પેલા ચંદનાદિક ઉપચારોથી ભગવાનની માનસી પૂજા કરવી. ॥ અને ત્યાર પછી રાધાકૃષ્ણની જે ચિત્રપ્રતિમા તેનું આદર થકી દર્શન કરી, નમસ્કાર કરીને, પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો જે અષ્ટાક્ષર મંત્ર, તેનો જપ કરવો; અને ત્યારપછી પોતાનું વ્યાવહારિક કામકાજ કરવું. ॥૪૯ - ૫૪॥

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ છ શ્લોકની અનુક્રમે વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ભક્તોએ પ્રાતઃકાળમાં પ્રતિદિન સૂર્યોદય થયાથી પહેલાં જાગવું. સૂર્યોદય એટલે સૂર્ય દેખાય એ નહિ, પરંતુ સૂર્યોદય એટલે બ્રાહ્મમુહૂર્તમાં જાગી જવું જોઈએ. રાત્રીનું જે છેલ્લું મુહૂર્ત તેને બ્રાહ્મમુહૂર્ત કહેવાય છે. અને રાત્રીની છેલ્લી બે ઘડીનો જે સમય તેને સૂર્યોદય કહેવાય છે. અર્થાત્ પાંચ અને બાર મિનિટ પછીનો જે સમય, તેને સૂર્યોદય કહેવાય છે. માટે સૂર્યોદય થયાથી પહેલાં જાગી જવું જોઈએ. અને સાડા ચાર વાગ્યાથી બ્રાહ્મમુહૂર્તની શરૂઆત થાય છે, તેથી સૂર્યોદય પહેલાંનો જે સમય છે, તેને જ બ્રાહ્મમુહૂર્ત કહેવામાં આવે છે. આ બ્રાહ્મમુહૂર્ત મનુષ્યના શારીરિક સ્વાસ્થ્ય માટે અને માનસિક સ્વાસ્થ્ય માટે પરમ શ્રેષ્ઠ છે. આ બ્રાહ્મમુહૂર્તમાં મન અને બુદ્ધિની નિર્મળતા હોય છે. અને વાયુની એક બુંદ શારીરિક સ્વાસ્થ્ય માટે ઔષધની સમાન હોય છે. માટે બ્રાહ્મમુહૂર્તમાં જે મનુષ્ય નિદ્રાનો ત્યાગ કરીને બ્રાહ્મમુહૂર્તના વાયુનું સેવન કરે છે, તે મનુષ્યનું મન પ્રફુલ્લિત રહે છે. અને આત્માની અંદર નવીન ચેતનાનો અનુભવ થાય છે. એ જ કારણથી મનુષ્યને દૈનિક જીવનમાં નિદ્રાના ત્યાગ માટે આ બ્રાહ્મમુહૂર્તનો સમય સર્વશ્રેષ્ઠ સમય છે. જીવનમાં પ્રતિદિન મનુષ્ય જાગતાંની સાથે જ દિવસ દરમ્યાન વિશાળ સૃષ્ટિની ઝાંખી કરતો રહે છે. અને સૂઈ ગયા પછી રાત્રી દરમ્યાન પ્રલયકાળની ઝાંખી કરે છે. જેમ પ્રલયકાળમાં સમગ્ર સૃષ્ટિ ચેતનાથી રહિત થઈને પ્રલયકાળરૂપી રાત્રીની શય્યામાં સુવે છે. અને કાળે કરીને ઈશ્વરની પ્રેરણાથી ફરીવાર ચેતનાથી યુક્ત થઈને સમગ્ર સૃષ્ટિ જાગૃત થાય છે. એ જ રીતે દૈનિક જીવનની અંદર મનુષ્ય દિવસ દરમ્યાન સમગ્ર સૃષ્ટિની ઝાંખી કરતો થકો દેહના પોષણને માટે અતિ પરિશ્રમ કરીને થાકી જાય છે. ત્યારે થાકેલો પ્રાણી થાક દૂર કરવા માટે ચેતનાથી રહિત થઈને રાત્રી રૂપી શય્યામાં વિશ્રાન્તિ લે છે. અને પ્રાતઃકાળ થતાં ફરીવાર ઈશ્વરની પ્રેરણાથી જાગે છે. જાગેલો એ પ્રાણી રાત્રી દરમ્યાન ચેતનાથી રહિત હોય છે. કાંઈપણ શુદ્ધ બુદ્ધ હોતી નથી. તે સમયે પણ ઈશ્વર આપણી રક્ષા કરે છે. અને સુરક્ષિત રીતે પ્રાતઃકાળમાં આપણને જગાડે છે. આ ઈશ્વરનો જે ઉપકાર, તેને નહિ ભુલીને પ્રાતઃકાળમાં જાગતાંની સાથે જ ઈશ્વરનું સ્મરણ કરવું જોઈએ. સમયસર જાગી ગયા હોઈએ, તો બે ઘડી (પોણીકલાક) ભગવાનનું સ્મરણ કરવું, અને નામ કીર્તન કરવું, અને જાગવામાં જો થોડો વિલંબ થયો હોય, તો અવશ્ય એક ઘડી (૨૪ મિનિટ) ભગવાનનું સ્મરણ તથા નામકીર્તન કરવું જોઈએ.

અને નામસ્મરણ કર્યા પછી શૌચ જવું. અર્થાત્ દિશાએ જવું. શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- મળમૂત્રનો ત્યાગ કરતી વખતે મૌન ધારણ કરવું, આ એક સનાતન માર્ગ છે. અને જો મૌન ધારણ ન કરે, અને વાતો કરે કે બીજી કોઈ ક્રિયા કરેતો શારીરિક સ્વાસ્થ્ય ઉપર ખરાબ અસર પડે છે. કારણ કે આ શરીરની અંદર પાંચ પ્રાણો છે. અર્થાત્ પાંચ વાયુઓ છે- પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન. તેમાં અપાન વાયુ દ્વારા મળમૂત્રની ક્રિયા થાય છે. અપાન વાયુ જ્યારે પોતાની ક્રિયામાં લાગેલો હોય છે ત્યારે, બીજા ચાર વાયુઓનો વ્યાપાર મંદ પડી જતો હોય છે. તેથી જ અપાન વાયુ પોતાનું પૂર્ણ કાર્ય કરી શકે છે. એટલા માટે મળમૂત્રના ત્યાગ સમયે મૌન અને શાંત રહીને અપાન વાયુને પોતાની ક્રિયા પૂર્ણ કરવામાં મદદરૂપ થવું જોઈએ. અને મળમૂત્રનો ત્યાગ કરતી વખતે બોલવાનું ચાલુ રાખીએ અથવા કોઈ બીજી ક્રિયામાં લાગી જઈએ તો પ્રાણવાયુની શક્તિઓ વહેંચાઈ જાય છે. અને અપાન વાયુનું કાર્ય મંદ પડી જાય છે. તેથી મલાશયની કે મૂત્રાશયની સંપૂર્ણ શુદ્ધિ થઈ

શકતી નથી. તેના કારણે જ શરીરના સ્વાસ્થ્ય ઉપર મોટી અસર પડે છે. માટે શાંત રહીને મળમૂત્રનો ત્યાગ કરવો જોઈએ. આ વિષયમાં ધર્મશાસ્ત્રનું વાક્ય પ્રમાણરૂપ છે.- ''उच्चारे मैथुने चैव प्रस्रावे दन्तधावने । श्राद्धे भोजनकाले च षट्सु मौनं समाचरेत्'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- મળ-મૂત્રનો ત્યાગ કરતી વખતે, મૈથુન કરતી સમયે, શરીરમાંથી જ્યારે રૂધિર નીકળી રહ્યું હોય ત્યારે, દાતણ કરતી વખતે, શ્રાદ્ધને વિષે અને ભોજન કરતી વખતે, આમ આ છ ક્રિયામાં હમેશાં મૌન ધારણ કરવું જોઈએ. અને તેમાં પણ મળ-મૂત્રના ત્યાગ સમયે અવશ્ય મૌન ધારણ કરવું જોઈએ, અને સ્થિર રહેવું જોઈએ. .

હવે શૌચવિધિ કેવી રીતે કરવો. અર્થાત્ દિશાએ જઈ આવ્યા પછી હસ્તાદિકની શુદ્ધિ કેવી રીતે કરવી, એ વિષયમાં મનુએ બતાવેલું છે- ''एका लिङ्गे गुदे तिस्रो दश वामकरे मृदः । उभयोः सप्तदातव्यास्तिस्रस्तिस्रस्तु पादयोः'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- દિશાએ જઈ આવ્યા પછી શુદ્ધ માટી અને જળથી એકવાર લિંગને ધોવું. ત્રણવાર ગુદાને, ડાબાહસ્તને ૧૦ વાર, બન્ને હસ્તને ભેળા કરીને સાતવાર અને ચરણને ત્રણવાર ધોવા જોઈએ. અત્યારના સમયમાં તો કોઈ કાર્યમાં ઉતાવળને લીધે, અથવા તો શાસ્ત્રોના વચનમાં શ્રદ્ધા ન હોવાને કારણે આપણે લિંગને માટીથી શુદ્ધ કરી શકતા નથી. છતાં પણ હસ્ત, ચરણને તો બરાબર શુદ્ધ કરવા જોઈએ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- દિશાએ જઈ આવ્યા પછી હસ્ત અને ચરણની શુદ્ધિ માટે માટીનો ઉપયોગ કરવો, એ અત્યંત ગુણકારી અને સર્વોત્તમ છે. માટીની અંદર ખારાશનો ભાગ હોય છે. અને માટીની અંદર ચિકાશનો ભાગ બિલ્કુલ હોતો નથી. અર્થાત્ માટી કોરી હોય છે. તેથી સર્વપ્રકારના મળને દૂર કરવામાં માટી સમર્થ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ મળના ભાગને પણ દૂર કરવામાં સમર્થ હોવાને કારણે માટીને જે મહત્વ આપી શકાય, એવું મહત્વ બીજા કોઈપણ દ્રવ્યને આપી શકાય નહિ. પિત્તની પ્રધાનતાને કારણે મળમાં જે ચિકાશનો ભાગ રહેલો હોય છે. એ ચિકાશના ભાગને સાબુન જલદી દૂર કરી શકે નહિ. કારણ કે ખુદ સાબુનમાં પણ એક જાતનો ચિકાશ રહેલો હોય છે. તેથી ચિકાશ ચિકાશને દૂર કરી શકે નહિ. જ્યારે માટીમાં ચિકાશનો ભાગ હોતો નથી, માટી બિલકુલ કોરી હોય છે. તેથી મળના ચિકાશના ભાગને માટી જલ્દી શુદ્ધ કરી શકે છે. માટે શાસ્ત્રોમાં હસ્તાદિકની શુદ્ધિ માટે શુદ્ધ માટીને જ સર્વોત્તમ ગણાવી છે. તેથી માટીથી જ હસ્તાદિકની શુદ્ધિ કરવી એ શાસ્ત્રોનો અભિપ્રાય છે. અને પાવડર કે સાબુનથી હસ્તાદિકની અત્યારે જે શુદ્ધિ કરવામાં આવે છે, એ દેશકાળ છે. શાસ્ત્રોનો અભિપ્રાય નથી. છતાંપણ ધર્મનો નિર્ણય દેશકાળને અનુસારે જ કરવામાં આવે છે. માટે દેશકાળને અનુસારે જો માટી મળે નહિ, અથવા તો માટી મળતી હોય છતાંપણ માટીથી હાથ ધોઈ શકાય એવા બાથરૂમ ન હોય, અને નિકાસની વ્યવસ્થા પણ માટીને અનુકુળ ન હોય, તેથી માટીથી જો હાથ ધોવા બેસીએ, તો તરત જ ગટર ભરાઈ જાય. આ બધા સંજોગોને કારણે માટીથી હસ્ત ધોઈ શકાય એવી પરિસ્થિતિ ન હોય, તો શુદ્ધ પાવડર કે શુદ્ધ સાબુનથી પણ બરાબર સાવચેતી રાખીને હસ્તાદિકની શુદ્ધિ કરી લેવી. કારણ કે શુદ્ધિ એ અગત્યની બાબત છે. કયા દ્રવ્યથી શુદ્ધિ કરવી એ અગત્યની બાબત નથી. કોઈ પણ દ્રવ્યથી હસ્તાદિકની શુદ્ધિ થવી જોઈએ, આવો શાસ્ત્રોનો અભિપ્રાય છે. ॥૪૯॥

અને વળી શૌચ કરી લીધા પછી એક જ સ્થાનકમાં બેસીને દાતણ કરવું. અર્થાત્ દાંતોને અને જીભને સાફ કરવી. દાતણ કરવું એ પણ આપણી દૈનિક ક્રિયાનું એક અંગ છે. પોતાના શરીરનું આરોગ્ય ઈચ્છતા એવાં કોઈ પણ મનુષ્ય હોય, તેમણે પ્રતિદિન અવશ્ય દાંત અને જીભને સાફ કરવી જોઈએ. આ શરીરની અંદર દાંતોનું વિશેષ મહત્વ છે. જે આહારથી શરીરનું પોષણ થાય છે, એવા આહારને ચાવીને સૂક્ષ્મ બનાવવો, એ દાંતનું કર્તવ્ય છે. અને મનુષ્યોને માટે આહારની આવશ્યક્તા જીવનના અંતિમ ક્ષણ સુધી રહે છે. તેથી દાંતોની આવશ્યક્તા પણ જીવનના અંતિમ ક્ષણ સુધી રહે છે. તેથી દાંતોને જો સાફ કરવામાં ન આવે, તો દાંતોની અંદર રોગ ઉત્પન્ન થાય છે. અને જલ્દી દાંતો પાડી નાખવા પડે છે. માટે પ્રતિદિન સાવધાની પૂર્વક દાંતોને સાફ કરવા જોઈએ.

હવે દાંતોને સાફ કેવી રીતે કરવા, કયા દ્રવ્યથી દાંતોને સાફ કરવા. એ બાબત સમજાવતાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે. એક જ જગ્યાએ બેસીને દાતણ કરવું. ''न तिष्ठन्न व्रजन् कुर्यान् न स्वपन् दन्तधावनम्'' ॥ इति ॥ ઉભા ઉભા દાતણ કરવું નહિ. ચાલતાં ચાલતાં દાતણ કરવું નહિ, અને સૂતાં સૂતાં પણ દાતણ કરવું નહિ. અર્થાત્ એક જ જગ્યાએ બેસીને દાતણ કરવું અને દાતણ કરતી વખતે જળનો લોટો સાથે રાખવો, કે જેથી મધ્યે મધ્યે દાતણ ધોઈ શકાય કે કોગળા પણ કરી શકાય.

અને વળી બોલતાં બોલતાં દાતણ કરવું નહિ. કારણ કે દાતણ કરતી વખતે દાંતોમાંથી ઉતરતો જે મેલ બોલવાથી પેટમાં ઉતરી જાય છે. અને શરીરનું સ્વાસ્થ્ય બગાડે છે. તેથી દાંતોને ઘસ્યા બાદ પણ તરત જ જળ વડે કોગળા કરી લેવા જોઈએ. અને ત્યાર પછી જીભ ઉપર રહેલી અશુદ્ધિ, તેને દૂર કરવી જોઈએ. અને જીભ ઉપર રહેલી અશુદ્ધિ દૂર કર્યા પછી પણ તરત જ કોગળા કરી લેવા જોઈએ. જેથી જીભની અશુદ્ધિ પણ ઉદરમાં પ્રવેશ કરે નહિ.

હવે દાંત સાફ કરવા માટે કાષ્ટ કયા વૃક્ષનું લેવું. અર્થાત્ દાતણ કયા વૃક્ષનું લેવું એ વિષયમાં સમજાવતાં શતાનંદ સ્વામી કહે છે કે- જે વૃક્ષમાં કાંટા રહેલા હોય, અને જે વૃક્ષમાંથી ધોળો દૂધનો ભાગ નીકળતો હોય, અર્થાત્ છીર નીકળતું હોય, એવા વૃક્ષનું દાતણ દાંત સાફ કરવા માટે શ્રેષ્ઠ અને આરોગ્યકારક છે. તેમાં પણ લીંબડાના વૃક્ષનું દાતણ દાંતોને સાફ કરે છે અને મુખની દુર્ગંધી પણ દૂર કરે છે. અને બીજા પણ રોગોને દૂર કરે છે. આ રીતે પૂર્વના ઋષિમુનિઓએ વૃક્ષના કાષ્ઠથી દાંત સાફ કરવાનું વિધાન દાંતોની સફાઈની સાથે અનેક રોગોને દૂર કરવા માટે કરેલું છે. જેમ કે આયુર્વૈદિકશાસ્ત્રમાં બતાવેલું છે કે- ''बदर्यां मधुरः स्वरः'' ॥ इति ॥ બોરડીના વૃક્ષનું દાતણ કરવાથી દાંતોની સફાઈ થાય છે. અને સાથો સાથ કંઠનો સ્વર પણ મધુર બને છે. આ રીતે વૃક્ષોની અંદર અનેક પ્રકારના ગુણો રહેલા છે. તેથી ઋષિમુનિઓએ વૃક્ષના કાષ્ઠથી દાંત સાફ કરવાનું વિધાન કર્યું છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- વૃક્ષના કાષ્ઠથી દાંત સાફ કરવા એજ શાસ્ત્રોનો અભિપ્રાય છે. એજ ઋષિમુનિઓનો અભિપ્રાય છે. અને કોલગેટ આદિક ટૂથપેસ્ટથી જે દાંત સાફ કરવા એ દેશકાળ છે. પણ શાસ્ત્રોનો અભિપ્રાય નથી. અને ધર્મનો નિર્ણય પણ દેશકાળને અનુસારે કરવામાં આવે છે. તેથી દેશકાળને અનુસારે જો કાષ્ઠનું દાતણ પ્રાપ્ત ન થઈ શકે, તો કોઈપણ શુદ્ધ દ્રવ્યથી દાંત સાફ કરવા જોઈએ. દાંત સાફ થવા એજ અગત્યની બાબત છે. પણ કયા દ્રવ્યથી દાંત સાફ કરવા એ અગત્યની બાબત નથી. માટે કોઈપણ પવિત્ર અને શુદ્ધ દ્રવ્યથી દાંત સાફ કરવા જોઈએ. પણ અપવિત્ર દ્રવ્યથી દાંત સાફ કરવા, એ યોગ્ય નથી, આવો અભિપ્રાય છે.

હવે દાતણ કર્યા પછી શું કરવું ? તો કહે છે કે- દાતણ કર્યા પછી પવિત્ર જળ વડે સ્નાન કરવું. સનાતન ધર્મની અંદર સર્વે કર્તવ્યોમાં સ્નાન એક અનિવાર્ય અને આવશ્યક કર્તવ્ય છે. સંધ્યાવન્દનાદિક સામાન્ય કર્મોથી માંડીને મહાન અશ્વમેધ યજ્ઞ પર્યંતનાં સર્વે કર્મોનો પ્રારંભ સ્નાનથી જ થાય છે. આ દૈનિક કર્મની અંદર સ્નાન એ સંધ્યાવંદન પૂજાદિકનું અંગ છે. સ્નાન કર્યા વિના સંધ્યાવંદન-પૂજા આદિકમાં અધિકાર પ્રાપ્ત થતો નથી.

અને વળી આરોગ્યતાની દષ્ટિએ પણ સ્નાનનું ઘણું બધું મહત્વ છે. આપણા શરીરની ચાંમડીમાં અસંખ્ય નાનાં છિદ્રો રહેલાં છે. એ છિદ્રોમાંથી શરીરની અંદરનો મળ પરસેવા દ્વારા બહાર નીકળ્યા જ કરે છે. અને પરસેવાનો જે ભાગ હોય છે, એતો વાયુદ્વારા સુકાઈ જાય છે. અર્થાત્ બાષ્પ બનીને ઉડી જાય છે. જ્યારે બીજો શરીરનો મળ છિદ્રોમાં જામી જાય છે. જો એ મળને સ્નાન દ્વારા દરરોજ સાફ કરવામાં ન આવે, તો અમુક સમય બાદ છિદ્રો બિલકુલ બંધ થઈ જાય છે. જેથી શરીરની અંદરનો મળ અને દુષિત વાયુ બહાર નીકળી શકતો નથી. જેના પરિણામે અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે. માટે પ્રતિદિન સ્નાન કરીને ચામડીને બિલકુલ સ્વચ્છ કરી લેવી જોઈએ. આ રીતે આરોગ્યતાની દષ્ટિએ

ચામડીના મળની સફાઈ એ સ્નાનનો પ્રાથમિક ઉદેશ્ય છે.

અને વળી ''आपो वै प्राणः'' ॥ इति ॥ આ શ્રુતિમાં કહ્યું છે કે, જળના કણોમાં પ્રાણશક્તિ છુપાયેલી છે. માટે સ્નાન કરવાથી પ્રાણોને તૃપ્તિ મળે છે. તેથી શરીરમાં સ્ફુર્તિ તથા ચૈતન્યનો ઉદય થાય છે. આળસ દૂર થાય છે. અને મન પ્રફુલ્લિત થાય છે. અને મન પ્રફુલ્લિત થવાથી સંધ્યાવંદન, પૂજા આદિક ધાર્મિક કાર્યોમાં પ્રસન્ન અને એકાગ્ર બને છે. આ રીતે ધાર્મિકતાની દૃષ્ટિએ સ્નાનનું ઘણું બધું મહત્વ કહેલું છે.

હવે સ્નાન કેવા જળથી કરવું ? આ વિષયમાં શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી પદ્મપુરાણનું વાક્ય ઉદ્ધૃત કરે છે. ''नद्यां नदे वा सरसि तडागे वापीकूपयोः । स्नानं प्रशस्तमुदितमद्भिः शीताभिरन्वहम्'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- નદી, સરોવર, વાવ, કુવો, અથવા કોઈપણ વહેતાં પાણીમાં સ્નાન કરવું, એ સર્વોત્તમ ગણાય છે. કારણ કે શરીરના મળથી અને વાયુથી દૂષિત થયેલું પાણી, વહેતાં પાણીમાં જલ્દીથી વહી નીકળે છે. જેથી શુદ્ધ અને તાજું જળ શરીરને મળતું રહે છે. માટે જ્યાં સુધી સંભવ હોય, ત્યાં સુધી વહેતાં જળમાં સ્નાન કરવું જોઈએ. નદી, સરોવર આદિકનો સંભવ ન હોય, તો વાવ કે કુવામાંથી ઉદ્ધારેલા જળ વડે સ્નાન કરવું શ્રેષ્ઠ છે. એ પણ જો અનુકૂળ ન હોય તો ઘરમાં ભરી રાખેલું જે શુદ્ધ પાણી હોય, તેનાથી સ્નાન કરવું જોઈએ. તેમાં પણ જેનું શરીર સમર્થ હોય, તેમણે તો ઠંડા જળથી સ્નાન કરવું જોઈએ. સમર્થ હોય અને જો ગરમ જળથી સ્નાન કરે, તો એ સ્નાન વ્યર્થ કહેલું છે.- આ વિષયમાં પરાશરમુનિનું વાક્ય પ્રમાણરૂપ છે. ''वृथा ह्युष्णोदकस्नानं वृथा जाप्यमवैदिकम्'' ॥ इति ॥ આ શ્લોકનો એ ભાવ છે કે- અવૈદિક મંત્રોનો જપ કરવો, એ વૃથા છે. તેમ ગરમ જળથી સ્નાન કરવું એ પણ વ્યર્થ છે. માટે શરીર બરોબર હોય તો ગરમ જળથી સ્નાન કરવું નહિ. જેનું શરીર દુર્બળ હોય, તેને માટે ગરમ જળથી સ્નાન કરવું એ યોગ્ય છે. પણ સશક્તને માટે નહિ. માટે સશક્ત એવા પુરૂષોએ ઠંડા જળથી સ્નાન કરવું જોઈએ.

હવે એ સ્નાન નદી કે સરોવરમાં કરવામાં આવે, અથવા ઘરમાં નળ ઉપર કરવામાં આવે, જ્યાં કરવામાં આવે ત્યાં સ્નાન કરતી વખતે શરીર ઉપર સાધારણ વસ્ત્ર હોવું જોઈએ. વસ્ત્ર વિના સ્નાન કરવું એ વરૂણદેવનો અપરાધ ગણાય છે. અને સ્નાન કરતી વખતે મૌન રહેવું. અથવા તો ભગવાનનું નામ કે તીર્થોનું સ્મરણ કરતાં કરતાં સ્નાન કરવું. પણ વાતો કરતાં કરતાં ક્યારેય પણ સ્નાન કરવું નહિ. અને વળી પ્રાતઃકાળમાં સંક્ષેપથી સ્નાન કરી લેવું, પણ બહુ વિલંબ કરવો નહિ. જો વિસ્તારથી સ્નાન કરવું હોય તો મધ્યાહ્ને કરવું. પ્રાતઃકાળમાં જો વિલંબ કરે તો પૂજાનો સમય વ્યતીત થઈ જાય છે. અને પછી પૂજા ઉતાવળથી કરવી પડે છે. માટે પ્રાતઃકાળમાં જલ્દી જલ્દી સ્નાન કરી લેવું જોઈએ, આવો ભાવ છે.

હવે સ્નાન કરી લીધા પછી શું કરવું ? તો કહે છે કે- ધોયેલું અને પછી સૂકાવેલું પવિત્ર એક વસ્ત્ર પહેરવું અને બીજું એક વસ્ત્ર ઉપર ઓઢવું. આમ બે વસ્ત્રો અવશ્ય ધારણ કરવાં. એક વસ્ત્ર ધારણ કરનારને ધર્મશાસ્ત્રમાં નગ્ન કહ્યો છે. માટે બે વસ્ત્રો અવશ્ય ધારણ કરવાં. બીજા વસ્ત્રનો જો અભાવ હોય, તો બીજા વસ્ત્રના સ્થાને એક અધિક યજ્ઞોપવિત ધારણ કરી લેવી, પણ એક વસ્ત્ર ધારણ કરીને જપાદિક ધાર્મિક કૃત્ય કરવું નહિ. કારણ કે એક વસ્ત્ર ધારણ કરીને ધાર્મિક કૃત્ય જો કરેલું હોય, તો તેનું ફળ અસુરો લઈ જાય છે. આ વિષયમાં સ્મૃતિ વાક્ય પ્રમાણરૂપ છે. ''एकवासा जपेद्यस्तु यद् ददाति जुहोति च । तत्सर्वमसुरेन्द्राणां ब्रह्मा भागमकल्पयत्'' ॥ इति ॥ આ શ્લોકનું એ તાત્પર્ય છે કે- એક વસ્ત્ર ધારણ કરીને જે પુરૂષ જપ, દાન અથવા હોમ વિગેરે ધાર્મિક કૃત્ય કરે છે, તો તેનું બધું ફળ બ્રહ્માએ અસુરોને કલ્પી આપેલું છે. તેથી તેનું ફળ પોતાને કાંઈપણ પ્રાપ્ત થતું નથી. માટે એક વસ્ત્ર ધારણ કરીને ધાર્મિક કૃત્ય કરવું નહિ. અને વળી એક વસ્ત્ર ધારણ કરીને ભોજન કરવાની પણ મનાઈ કરી છે. ''एकवस्त्रो न भुञ्जित'' ॥ इति ॥ માટે ભોજન કરતી વખતે પણ બે વસ્ત્રો ધારણ કરવાં આવો ભાવ છે. ॥૫૦॥

હવે એક વસ્ત્ર પહેરવું અને એક ઓઢવું. ત્યાર પછી શું કરવું ? તો કહે છે કે- પવિત્ર પૃથ્વી ઉપર પાથરેલું અને શુદ્ધ એવા આસન ઉપર પૂર્વમુખે તથા ઉત્તરમુખે બેસીને પૂજાની શરૂઆત કરવી. તેમાં પ્રથમ અંતઃકરણની શુદ્ધિને અર્થે પૂજાનું પ્રાથમિક અંગ જે આચમન તે કરવું.

આચમન કરવું એ એક પૂજાનું જ અંગ છે. જેમ સ્નાન કરવાથી બાહ્ય શરીરની શુદ્ધિ થાય છે. તેમ ભગવાનના નામ મંત્રની સાથે ત્રણ વાર આચમન કરવાથી અંદરના સૂક્ષ્મ શરીરની શુદ્ધિ થાય છે. અર્થાત્ અંતઃકરણની શુદ્ધિ થાય છે. આ રીતે સ્થૂળ અને સૂક્ષ્મ શરીરની શુદ્ધિ થયા પછી જ પૂજાદિક ધાર્મિક કાર્ય કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. માટે મોટે ભાગે દરેક ધર્મકાર્યના પ્રારંભમાં ત્રણ વાર આચમન કરવું જોઈએ, આવું શાસ્ત્રીય વિધાન છે.

હવે અમુક આસનો ઉપર બેસીને જ દરેક ધાર્મિક કાર્યના અનુષ્ઠાનનું વિધાન શાસ્ત્રોની અંદર કરવામાં આવ્યું છે. જેમ કે- ''सर्वान् कामानवाप्नोति मनुष्यः कम्बलासने । कृष्णाजिने भवेन्मुक्तिस्तपः व्याघ्रचर्मणि'' ॥ इति ॥ આ પદ્મપુરાણનો શ્લોક છે. આની અંદર જુદાં જુદાં આસનોનું વિધાન કરવામાં આવેલું છે. કામ્ય કર્મના અનુષ્ઠાનમાં કમ્બલના (ઉનના) આસનનું વિધાન કરવામાં આવ્યું છે. મોક્ષ સમ્બન્ધી કાર્યમાં કાળા મૃગચર્મના આસનનું વિધાન કરવામાં આવ્યું છે. તપની સિદ્ધિમાં વ્યાઘ્રચર્મનું આસન, જ્ઞાનની પ્રાપ્તિમાં દર્ભનું આસન, અને આરોગ્યની પ્રાપ્તિમાં પાંદડાંનું આસન. આ રીતે શાસ્ત્રોએ ધાર્મિક અનુષ્ઠાનમાં આસનને એક અનિવાર્ય અંગ માનેલું છે. અર્થાત્ આસન વિના ધાર્મિક અનુષ્ઠાન થઈ શકે નહિ. આસન વિના કેવળ ભુમિ ઉપર કોઈ પણ ધાર્મિક કાર્યની કે મંત્રની સિદ્ધિ થતી નથી. શાસ્ત્રોમાં આ રીતનું જે વિધાન છે, એ આસનની ધાર્મિકતાને સિદ્ધ કરે છે.

હવે ધાર્મિક કાર્યના અનુષ્ઠાનમાં કદાચ આસન રાખવામાં આવેલું ન હોય, તો શું દોષ છે ? અને આસનનું શું પ્રયોજન છે. તેને સમજાવતાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- ધાર્મિક કાર્યને કરનાર મનુષ્ય અને પૃથ્વી, આ બન્નેને મધ્યે કોઈપણ આસનનું આવરણ હોવું જોઈએ. કે જેથી ધાર્મિક કાર્ય કરતી વખતે પૃથ્વીની અંદર રહેલું જે ગુરુત્વાકર્ષણ મનુષ્યને પ્રભાવિત કરી શકે નહિ. પૃથ્વીની અંદર રહેલી ઉર્જા શક્તિ, માનવ શરીરની અંદર રહેલી ઉર્જાશક્તિને આકર્ષણ કરે છે. જેમ કે પૃથ્વી અને મનુષ્યની મધ્યે કાષ્ઠ, ચીની, રબર, આદિક વિદ્યુત શક્તિના અવરોધક રૂપ કોઈપણ વસ્તુનું વ્યવધાન જો હોય, તો તારની અંદર રહેલા વિદ્યુતને પૃથ્વી આકર્ષણ કરી શક્તી નથી. અને એજ કારણથી મનુષ્યને વિદ્યુતનો કરંટ લાગતો નથી. પણ જો પૃથ્વી અને મનુષ્યની મધ્યે કાષ્ઠાદિકનું વ્યવધાન ન હોય, તો તારની અંદર રહેલા વિદ્યુતને પૃથ્વી આકર્ષણ કરી લે છે. તેથી એ વિદ્યુત મનુષ્યના શરીરદ્વારા પૃથ્વીમાં પ્રવેશે છે. જેથી મનુષ્યને વિદ્યુતનો કરંટ લાગે છે. અને એજ કારણથી જો હાથમાં રબરના મોજા ધારણ કરીને વિદ્યુતના તારને અડકવામાં આવે, તો શરીર અને તારની મધ્યે રબરનું વ્યવધાન હોવાથી, પૃથ્વી વિદ્યુતને આકર્ષણ કરી શક્તી નથી. જેથી મનુષ્યને વિદ્યુતનો કરંટ લાગતો નથી.

એજ રીતે પૃથ્વીની અંદર રહેલી ઉર્જાશક્તિ માનવ શરીરની અંદર રહેલી ઉર્જાશક્તિને ખેંચે છે. તેથી શાસ્ત્રમાં એવાં આસનોનું વિધાન કરવામાં આવ્યું છે કે, પૃથ્વીમાં રહેલી આકર્ષણ શક્તિનો પ્રતીકાર કરી શકે. આ હેતુથી શાસ્ત્રોમાં આસનોનું વિધાન કરવામાં આવ્યું છે. કે- જેથી પૃથ્વીમાં રહેલી આકર્ષણ શક્તિનો મનુષ્ય શરીરમાં પ્રભાવ પડવા દે નહિ. માટે ભક્તજનો હોય તેમણે પોતાને યોગ્ય એવા કોઈપણ પવિત્ર વસ્ત્રના આસન ઉપર પૂર્વમુખે તથા ઉત્તરમુખે બેસીને જ પૂજાનો વિધિ પ્રારંભ કરવો.

હવે ધાર્મિક કાર્યમાં પૂર્વદિશા અને ઉત્તરદિશાને જ વિશેષ મહત્વ આપેલું છે, એનું કારણ એ છે કે પૂર્વદિશાને દેવતાઓની દિશા કહેલી છે- ''देवानामेषा दिग् या प्राची पितृणामेषा दिग् या दक्षिणा'' ॥ इति ॥ આ અથર્વવેદની શ્રુતિ છે. આ શ્રુતિમાં પ્રતિપાદન કરેલું છે કે, પૂર્વની દિશા દેવતાઓની દિશા છે. અને દક્ષિણ દિશા પિતૃઓની દિશા છે. આ રીતે અથર્વવેદમાં પૂર્વની દિશાને દેવતાઓની દિશા માનેલી છે. માટે કોઈ પણ દેવસંબન્ધી કાર્ય પૂર્વદિશા તરફ મુખ રાખીને કરવું, એ શ્રેષ્ઠ છે. અને વળી પૂર્વ દિશા પ્રગતિની દિશા છે. અર્થાત્ ઉર્ધ્વગતિની દિશા છે. કારણ કે પૂર્વદિશામાં ઉદય પામેલો સૂર્ય મધ્યાહ્ન પર્યંત ઉર્ધ્વગતિને પામે છે. અને પશ્ચિમમાં જતાંની સાથે જ અધોગતિની શરૂઆત થાય છે. આ રીતે પૂર્વ

દિશાને ઉર્ધ્વગતિની અને વિકાસની દિશા કહેલી છે. માટે પૂર્વદિશા તરફ મુખ રાખીને કરવામાં આવેલું દેવસંબન્ધી કાર્ય વિકાસ અને પ્રગતિને પામે છે, તથા પ્રભાવશાળી બને છે. આવો ભાવ છે.

અને ઉત્તરદિશા આધ્યાત્મિક પ્રગતિનું સ્થાન છે. અને કર્મપ્રધાન એવા આ ભારતખંડમાં આધ્યાત્મિક પ્રગતિના સ્થાનરૂપ જે હિમાલય, પણ ઉત્તર દિશામાં બિરાજમાન છે. અને એ હિમાલયમાં મનુષ્યને આધ્યાત્મિક પ્રગતિમાં મદદરૂપ થવા માટે સિદ્ધ યોગીઓ રહે છે. તથા હિમાલયમાં ઋષિરૂપે સાક્ષાત્ શ્રીનરનારાયણ ભગવાન બિરાજે છે. જે નર અને નારાયણ ઋષિ મનુષ્યોને આધ્યાત્મિક પ્રગતિમાં બળ આપવા માટે તપશ્ચર્યા કરે છે. માટે જ ઉત્તરમુખે બેસીને આધ્યાત્મિક કાર્ય કરવાથી આત્મામાં બળ પ્રાપ્ત થાય છે. જેથી એ કાર્ય પ્રગતિને પામે છે.

હવે શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આચમનનો વિધિ સમજાવતાં કહે છે કે, જમણા હસ્તના અંગુઠાના અગ્રભાગને વાંકો વાળીને, મધ્યમા આંગળીના મધ્યના પર્વમાં સ્થાપન કરીને, માત્ર અડદનો દાણો ડુબે એટલું જ જળ હથેળીમાં ગ્રહણ કરીને, બન્ને હસ્તને બન્ને ગોઠણની મધ્યે રાખીને, અને જમણા હસ્તને ડાબા હસ્તનો સ્પર્શ કરાવવા પૂર્વક, અને કોઈપણ ભગવાનનાં ત્રણ નામો ઉચ્ચારણ પૂર્વક ત્રણ વાર જળને હથેળીના કાંડાના ભાગથી પી જવું. આ રીતે આચમન કરવાનો વિધિ કહેલો છે. આ રીતે આચમન કર્યા પછી જ પૂજાદિક ધાર્મિક કાર્યનો પ્રારંભ કરવો. ॥૫૧॥

હવે આચમન કરી લીધા પછી શું કરવું ? તો કહે છે કે- આચમન કરી લીધા પછી પુરૂષો હોય તેમણે જ ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું. અને ત્યારપછી ફરીવાર આચમન કરવું.

અને વળી ઉર્ધ્વપુંડ્ર તિલકનો વિધિ દીક્ષાવિધિમાં પ્રતિપાદન કરેલો છે કે- ‘‘उर्ध्वपुण्ड्राणि च गृहस्थैः साधुभिश्च ललाटे हृदि बाहोश्चेति वासुदेव संकर्षणप्रद्युम्नानिरुद्धनाममन्त्रै र्धार्याणि’’ ॥ इति ॥ ગૃહસ્થો હોય કે સાધુપુરૂષો હોય તેમણે લલાટમાં ‘‘ॐ वासुदेवाय नमः’’ આ મંત્ર બોલીને ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું. અને ‘‘ॐ संकर्षणाय नमः’’ આ મંત્ર બોલીને હૃદયમાં ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું. અને ‘‘ॐ प्रद्युम्नाय नमः’’ આ મંત્ર બોલીને જમણા હાથમાં ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. અને ‘‘ॐ अनिरुद्धाय नमः’’ આ મંત્ર બોલીને ડાબા હાથમાં ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. આ રીતે દીક્ષાવિધિમાં નિરૂપણ કર્યું છે.

નૈષ્ઠિકબ્રહ્મચારી અને વાનપ્રસ્થ હોય તેમણે કંઠમાં એક તિલક અધિક કરવું. વિષ્ણુ ગાયત્રીના પાંચ મંત્રો બોલીને, અથવા કોઈપણ ભગવાનનાં પાંચ નામો બોલીને લલાટ, કંઠ, હૃદય, અને બન્ને બાહુનાં મૂળ, આ રીતે પાંચ સ્થાનકોમાં ઉર્ધ્વપુંડ્ર તિલકો ધારણ કરવાં.

‘‘श्यामं शान्तिकरं प्रोक्तं रक्तं वश्यकरं भवेत् । श्रीकरं पीतम् इत्याहु वैष्णवं श्वेतमुच्यते’’ ॥ इति ॥ આ બ્રહ્માંડપુરાણનો શ્લોક છે. આ શ્લોકમાં કલરના ભેદથી ઉર્ધ્વપુંડ્ર તિલકના ફળમાં પણ ભેદ બતાવ્યો છે. શ્યામ તિલક શાંતિને આપનારૂં કહેલું છે. લાલ તિલક વશ કરનારૂં કહેલું છે. પીળું તિલક લક્ષ્મી આપનારૂં કહેલું છે. અને શ્વેત તિલક વૈષ્ણપણાને સૂચવનારૂં કહ્યું છે. આ રીતે ફળભેદ બતાવ્યા છે. માટે પોતાને જે યોગ્ય પક્ષ હોય, અને સંપ્રદાયમાં જે પ્રચલિત પક્ષ હોય, તેનો સ્વીકાર કરવો.

અને વળી એ ઉર્ધ્વપુંડ્ર તિલક સરળ અને સૌમ્ય હોવું જોઈએ. અને નાસિકાના મૂળથી અર્થાત્ ભ્રકુટીથી આરંભીને કેશપર્યન્ત ધારણ કરવું જોઈએ, અને વચમાં ચાંદલો સમાય એટલો સોંસરો અવકાશ છોડી દેવો જોઈએ. અને તિલક અરીસામાં જોઈને જ, જે રીતે શોભાયમાન બને એ રીતે કરવું જોઈએ.

અને વળી પદ્મોત્તરખંડને વિષે તિલકના વિષયમાં બે પક્ષ કહ્યા છે- ‘‘महाभागवतः शुद्धः पुण्ड्रं हरिपदाकृति । दण्डाकारं तु वा देवि धारयेदुर्ध्वपुण्ड्रकम्’’ ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, ભગવાનના જે ભક્તો હોય, તેમણે હરિપદાકૃતિ નામનું ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું.

ઉપરના ભાગમાં જરાક પહોળું હોય તેને હરિપદાકૃતિ કહેવાય છે. આ હરિપદાકૃતિ નામનું તિલક ધારણ કરી શકાય છે. અથવા તો દંડાકાર ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. અર્થાત્ ઉપર અને નીચે સમાન હોય, તેને દંડાકાર કહેવાય છે. આ રીતે તિલકમાં બે પક્ષો કહ્યા છે. જો કે બન્ને યોગ્ય જ છે, છતાં સંપ્રદાયને વિષે પરંપરામાં જે પક્ષ ચાલ્યો આવતો હોય, એ પક્ષ ઉત્તમ ગણાય છે, આવો ભાવ છે.

दण्डाकारं ललाटे स्यात् पद्माकारं तु वक्षसि । वेणुपत्रनिभं बाह्वोरन्यद् दीपाकृतिस्मृतम् ॥ इति ॥ અને વળી લલાટમાં દંડાકાર, વક્ષઃસ્થળમાં કમળની સમાન આકારવાળું, અને બન્ને બાહુમાં વેણુપત્રની સમાન આકારવાળું અથવા દીવાના જ્યોતની સમાન આકારવાળું તિલક કરવું. આ રીતે પદ્મોત્તરખંડમાં વિધાન કર્યું છે. આ પ્રમાણે શાસ્ત્રોના જુદા જુદા મતો બતાવ્યા છે. પણ શતાનંદ સ્વામીનો એવો અભિપ્રાય છે કે- સંપ્રદાયમાં જે તિલક પ્રચલિત હોય, એજ કરવું. પણ ભિન્ન ભિન્ન તિલકો કરવાં નહિ.

અને વળી આચમન કરી લીધા પછી જેમ પુરૂષોએ ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું. તેમ સુવાસિની બાઈઓએ ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું નહિ. પણ સુવાસિની બાઈઓએ લલાટમાં કેવળ કુંકુમનો ચાંદલો કરવો. ''ललाटे कुङ्कुमं नासाभूषणं करकङ्कणम् । कण्ठसूत्रं च सधवा दूरयेन्न कदाचन'' ॥ इति ॥ ભૃગુઋષિએ કહેલું છે કે- સુવાસિની બાઈઓએ લલાટમાં કુંકુમ, નાસિકાનું આભૂષણ, હસ્તનું કંકણ અને કંઠસૂત્ર આ ચાર વાનાંનો ક્યારેય પણ ત્યાગ કરવો નહિ. અર્થાત્ આ ચાર વાનાં અખંડ ધારણ કરી રાખવાં, આ રીતે વિધાન કર્યું છે. માટે સુવાસિની બાઈઓએ લલાટમાં કેવળ કુંકુમનો ચાંદલો જ કરવો, પણ ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું નહિ, આવો ભાવ છે. ॥૫૨॥

અને વળી આચમન કરી લીધા પછી સુવાસિની બાઈઓએ લલાટમાં જેમ ચાંદલો કરવો, તેમ વિધવા બાઈઓએ તો લલાટમાં ચાંદલો પણ કરવો નહિ. કારણ કે ઉર્ધ્વપુંડ્ર તિલક અને ચાંદલો જો કે સાંપ્રદાયિક ચિહ્ન છે, છતાં એ બન્નેની આભૂષણમાં ગણના થાય છે. તેથી વિધવા સ્ત્રીઓએ લલાટમાં એ બન્નેનું ધારણ કરવું નહિ. કારણ કે વિધવા સ્ત્રીઓને આભૂષણો ધારણ કરવાની મનાઈ છે- ''विधवा धारयेन्नैव सूक्ष्मवस्त्रमलङ्कृतिम्'' ॥ इति ॥ આ ભૃગુઋષિનું વચન છે. આ વચનમાં કહેલું છે કે- વિધવા સ્ત્રીઓએ સૂક્ષ્મ વસ્ત્ર અને અલંકારો ધારણ કરવાં નહિ. આ રીતે વિધવા સ્ત્રીઓને અલંકારો ધારણ કરવાનો નિષેધ હોવાથી, તેમણે ચાંદલો પણ લલાટમાં કરવો નહિ.

અને ત્યાર બાદ સર્વે પુરુષ ભક્તજનો હોય કે સર્વે સ્ત્રી ભક્તજનો હોય, તેમણે માનસી પૂજા કરવી. માનસીપૂજાનો વિધિ બધાયને માટે સાધારણ કહેલો છે. પુરૂષો હોય તેમણે ઉર્ધ્વપુંડ્ર તિલક કર્યા પછી માનસી પૂજા કરવી. અને સુવાસિની બાઈઓ હોય તેમણે કુંકુમનો ચાંદલો કર્યા પછી ભગવાનની માનસી પૂજા કરવી. અને વિધવા બહેનો હોય તેમણે ચાંદલાનો અને ઉર્ધ્વપુંડ્ર તિલકનો નિષેધ હોવાથી આચમન કર્યા પછી તરત જ ભગવાનની માનસી પૂજા કરવી. આ રીતનો અહીં વિવેક સમજવો.

માનસીપૂજા એટલે જેવા પોતે ભગવાનને પ્રત્યક્ષ જોયેલા હોય, અથવા જેવા શાસ્ત્રથકી ભગવાનને સાંભળેલા હોય, એવા ભગવાનનું ધ્યાન કરી (મનમાં સ્મરણ કરી) મનથી કલ્પેલા માનસ ઉપચારોથી ભગવાનનું પૂજન કરવું. માનસી પૂજા દિવસ દરમ્યાન પાંચ વખત કરવામાં આવે છે. પહેલી પ્રાતઃકાળની માનસીપૂજા. બીજી મધ્યાહ્નકાળની માનસીપૂજા. ત્રીજી ચાર વાગ્યાની એટલે ઉત્થાપનકાળની માનસીપૂજા. ચોથી સંધ્યાકાળની માનસીપૂજા. પાંચમી શયનકાળની માનસીપૂજા. આ રીતે પાંચ વખત માનસી પૂજા કરવી જોઈએ. જે પાંચ વખત માનસીપૂજા કરતા હોય, એ ઉત્તમ ભક્ત કહેવાય છે. અને જે ત્રણ વખત માનસીપૂજા કરતા હોય, એ મધ્યમ ભક્ત કહેવાય છે. અને જે એક વખત માનસીપૂજા કરતા હોય તે કનિષ્ઠ ભક્ત કહેવાય છે. અને જેને માનસીપૂજા સાથે લાગતું વળગતું જ ન હોય, એ ગુણભાવવાળો ભક્ત કહેવાય છે. અને જેમણે ભગવાનને ઓળખ્યા જ નથી, કેવળ સંસારમાં જ રચ્યો પચ્યો રહે છે, તેને અભક્ત કહેવાય. માટે ઉત્તમ ભક્તપણાની પદવી પ્રાપ્ત કરીને હમેશાં પાંચ વખત ભગવાનની માનસીપૂજા કરવી જોઈએ.

હવે માનસીપૂજા કેવી રીતે કરવી, એનો કોઇ નિશ્ચિત વિધિ નથી. સામાન્ય રીતે પોતાના શરીરની સાથે જેવો વ્યવહાર આપણે કરીએ, એવો વ્યવહાર ભગવાનની સાથે કરવો. અર્થાત્ શિયાળામાં આપણે આપણા શરીરને ગરમ જળથી સ્નાન કરાવતા હોઇએ, તો ભગવાનને પણ ગરમ જળથી સ્નાન કરાવવું. ઉનાળામાં આપણા શરીરને ઠંડુ જળ જો ગમતું હોય, તો ભગવાનને પણ ઠંડા જળથી સ્નાન કરાવવું. આ રીતે ઋતુને અનુસારે પોતાને જે વસ્તુ ગમતી હોય, એવી મનમાં કલ્પીને ભગવાનને અર્પણ કરવી.

હવે અહીં એવો વિવેક સમજવો કે- બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણે વર્ણને દ્વિજાતિ કહેવામાં આવે છે. અને આ ત્રણે વર્ણને દ્વિજાતિપણાને પમાડનાર યજ્ઞોપવિત સંસ્કારનું પણ શાસ્ત્રોમાં વિધાન કરેલું હોવાથી, ત્રણે વર્ણવાળા પુરૂષો હોય, તેમણે સંધ્યાવંદન કરવું જોઇએ. પણ મોટે ભાગે સંધ્યાવંદન બ્રાહ્મણ સિવાય, ક્ષત્રિય અને વૈશ્યને વિષે દેશકાળને અનુસારે લુપ્ત છે. છતાં શાસ્ત્રનો વિધિ છે, માટે અહીં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- ત્રણે વર્ણવાળા પુરૂષો હોય તેમણે ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યા પછી સંધ્યાવંદન કરવું. અને ત્યાર પછી માનસી પૂજા કરવી. આવો શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામીનો અભિપ્રાય છે. ।।૫૩।।

હવે માનસી પૂજા કરી લીધા પછી શું કરવું ? તો કહે છે કે- બાહ્યપૂજા કરવી. બાહ્યપૂજામાં ગુરૂએ પોતાને જે રાધાકૃષ્ણ ભગવાનની કે નરનારાયણ દેવની અથવા તો સાક્ષાત્ સહજાનંદ સ્વામીની પ્રતિમા આપેલી હોય, એ પ્રતિમાને સાષ્ટાંગ પ્રણામ કરવા. પ્રતિમા એ સાક્ષાત્ ઈશ્વરનું પ્રતીક છે. તેથી પ્રતિમાની ઉપાસના પ્રતીક ઉપાસના કહેવાય છે. પ્રતિમાની અંદર ધાતુભાવ કે પથ્થરભાવનો ત્યાગ કરીને જો પ્રણામ કરવામાં આવે, તો જ પ્રણામને ઈશ્વર સ્વીકારે છે. કાષ્ટમાં અગ્નિ રહ્યો છે, છતાં એ અગ્નિને જ્યાં સુધી દીવાસળી કે ઘર્ષણ કરીને પ્રગટ કરવામાં ન આવે, ત્યાં સુધી કાષ્ટમાં રહેલો અગ્નિ બીજાને બાળી શક્તો નથી. તેમ પ્રતિમામાં ધાતુભાવ કે પથ્થરભાવ ત્યાગ કરીને, હૃદયમાં જ્યાં સુધી આ મૂર્તિ તો પ્રત્યક્ષ પરમાત્મા જ છે. આ પ્રતિમામાં અને ધામમાં રહેલા ભગવાનમાં એક રોમનો પણ ભેદ નથી, આવો પ્રત્યક્ષભાવ પ્રગટ કરવામાં ન આવે, ત્યાં સુધી એ પ્રતિમા કોઇનો પણ મોક્ષ કરી શકતી નથી. જેમ એકલવ્ય નામના ભીલે દ્રોણાચાર્યની માટીની પ્રતિમા બનાવીને તેની અંદર પ્રત્યક્ષ ગુરૂભાવ પ્રગટ કરેલો હતો, જે ગુરૂભાવનાના પ્રતાપથી એકલવ્ય બાણવિદ્યામાં અર્જુનથી પણ અધિક નિપુણ થયો હતો. અર્થાત્ દ્રોણાચાર્યની અંદર રહેલી વિદ્યા માટીની પ્રતિમા દ્વારા એકલવ્યની અંદર પ્રવેશી હતી. એજ રીતે જો ધાતુની કે પથ્થરની પ્રતિમાની અંદર સાક્ષાત્ ઈશ્વરની ભાવના પ્રગટ કરવામાં આવે, તો જ ઈશ્વરની અંદર રહેલા ગુણો પ્રતિમાની ઉપાસના દ્વારા ઉપાસકની અંદર પ્રવેશે છે. માટે પ્રતિમાની અંદર દિવ્ય ભાવ લાવીને ભક્તોએ સાષ્ટાંગ પ્રણામ કરવા. સ્ત્રીઓ હોય તેમણે પંચાઙ્ગ પ્રણામ કરવા. દંડની પેઠે પૃથ્વી ઉપર પડીને અર્થાત્ સૂઈને જે પ્રણામ કરવા તેને સાષ્ટાઙ્ગ પ્રણામ કહેવાય છે. અને પૃથ્વી ઉપર બેસીને જે પ્રણામ કરવા તેને પંચાઙ્ગ પ્રણામ કહેવાય છે.

અને વળી ચિત્ર પ્રતિમાને સ્નાન કરાવવું, કે ચંદનની અર્ચા કરવી, એ અયોગ્ય છે. તેથી પૂજાના સમગ્ર ષોડશોપચારના સ્થાને કેવળ પ્રણામનું જ વિધાન કરેલું છે. ધાતુ આદિકની પ્રતિમા હોય, તો સ્નાન, ચંદનનું લેપન આદિક ષોડશોપચારોથી મંત્રપૂર્વક પૂજન કરી શકાય, પણ ચિત્રપ્રતિમાને સ્નાન કે ચંદનનું લેપન આદિક કરી શકાય નહિ. તેથી ચિત્રપ્રતિમાને કેવળ નમસ્કાર કરી લેવા, આવો ભાવ છે.

હવે ચિત્રપ્રતિમાને પ્રણામ કર્યા પછી શું કરવું ? તો કહે છે કે- પોતાની શક્તિ પ્રમાણે અને અવકાશને અનુસારે શ્રીકૃષ્ણનો આઠ અક્ષરવાળો શરણમંત્ર તેનો જપ કરવો. અને યથાશક્તિ સ્તોત્રનો પાઠ કરવો. આટલું કર્યા પછી પોતાના અધિકારને અનુસારે ઉદ્યમ કરવો, અને પોતાના નિર્વાહને ઉપયોગી દ્રવ્યનું સંપાદન કરવું. અર્થાત્ ખેતી, વ્યાપાર આદિક આજીવિકાથી પોતાના નિર્વાહને માટે ઉદ્યમ કરવો. આવો ભાવ છે. ।।૫૪।।

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી શિક્ષાપત્રી ભાષ્ય

## शतानंदविरचिताऽर्थदीपिकाख्या टीका

ये त्वम्बरीषवद्भक्ताः स्युरिहात्मनिवेदिनः । तैश्च मानसपूजान्तं कार्यमुक्तक्रमेण वै ॥५५॥

મારા આશ્રિત અંબરીષરાજાની સમાન આત્મનિવેદી જે ભક્તો હોય તેમણે, પણ ઉપર બતાવેલા ક્રમ વડે માનસીપૂજા પર્યન્તનો બધો વિધિ કરવો. (હવે પછીના શ્લોકથી આત્મનિવેદી ભક્તોનો વિશેષ વિધિ કહેવાશે.)

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવે છે કે- સત્સંગીઓ બે પ્રકારના કહેલા છે. એક સામાન્ય વૈષ્ણવ (સત્સંગી) અને બીજા ઉત્તમ વૈષ્ણવ (આત્મનિવેદી) તેમાં સામાન્ય વૈષ્ણવ સત્સંગીઓનો સામાન્યપણે જે નિત્યવિધિ કહ્યો, તેમાં માનસીપૂજા પર્યંતનો જે નિત્યવિધિ આત્મનિવેદી ભક્તોને પણ સમાન છે.

હવે આત્મનિવેદી કોને કહેવાય ? તો કહે છે કે- જેમણે પોતાના શરીરની સાથે પોતાનો આત્મા ભગવાનને અર્થે નિવેદન કરી દીધો હોય, પોતાનું મન ભગવાનને આધીન કરી દીધું હોય, તેથી પોતાના મનની ઈચ્છાએ કોઈપણ કાર્ય કરતા ન હોય, કેવળ ભગવાનની ઈચ્છાને અનુકુળ જ અને તેમાં પણ ભગવાન સંબન્ધી જ સર્વે ક્રિયાઓને કરનારા હોય, તેને આત્મનિવેદી ભક્તો કહેવાય છે.

શ્રીજીમહારાજે ગૃહસ્થોમાં અંબરીષ રાજાને એક આદર્શ આત્મનિવેદી ભક્ત માનેલા છે. જે અંબરીષ રાજા પોતે સાતદ્વીપવાળી પૃથ્વીને ભોગવતા હતા. અખૂટ લક્ષ્મી અને પુષ્કળ વૈભવને પ્રાપ્ત કરેલો હતો. છતાં એ બધા વૈભવોને નાશવંત માની કરી, કેવળ ભગવાન અને ભગવાનના ભક્તોમાં જ સ્નેહ બાંધેલો હતો. જેણે કરીને આ વિશ્વને લોષ્ટની સમાન (કચરાની સમાન) માનેલું હતું. અને ઈન્દ્રિયોની સર્વે ક્રિયાઓને ભગવાનનાં દર્શનાદિકને વિષે જ રાખેલી હતી. પોતાનું શરીર ભગવાન સંબન્ધી સર્વે ક્રિયાઓને વિષે જ રાખેલું હતું. અને પોતાના મનને કેવળ ભગવાનના સ્મરણમાં જ રાખેલું હતું. પોતાના બન્ને હાથને ભગવાનના મંદિરમાં વાળવું, વગેરે સેવામાં રાખેલા હતા, અને બન્ને કર્ણને ભગવાનની કથા સાંભળવામાં રાખેલા હતા, બન્ને નેત્રને ભગવાનનાં દર્શનને વિષે જ રાખેલાં હતાં, અને બન્ને ચરણને ભગવાનનાં તીર્થસ્થાનોમાં પગે ચાલીને જવામાં રાખેલાં હતાં, અને પોતાનું મસ્તક ભગવાનને વંદન કરવામાં જ રાખેલું હતું, જીહ્વા ઈન્દ્રિયને કેવળ ભગવાનનો પ્રસાદ લેવામાં જ રાખેલી હતી, અને વાણીને ભગવાનના ગુણોનું વર્ણન કરવામાં જ રાખેલી હતી. આ પ્રમાણે સમગ્ર પોતાનો કર્મ કલાપ એક યજ્ઞનારાયણ ભગવાનને વિષે જ રાખેલો હતો. અને પોતાના અનેક સેવકો હતા, છતાં ભગવાનની સેવા પોતે જાતે જ કરતા હતા. આવા અંબરીષ રાજાની સમાન જે આત્મનિવેદી ભક્તજનો હોય, તેમણે સૂર્યોદયથી પહેલાં જાગવું, ત્યાંથી આરંભીને માનસીપૂજા પર્યંતનો સર્વે વિધિ અનુક્રમે કરવો, અને હવે પછીના શ્લોકથી આત્મનિવેદી ભક્તજનોનો વિશેષ નિત્યવિધિ કહે છે. ॥૫૫॥

**शैली वा धातुजा मूर्तिः शालग्रामोऽर्च्य एव तैः । द्रव्यैर्यथाप्तैः कृष्णस्य जप्योऽथाष्टाक्षरो मनुः ॥५६॥**

અને મારા આશ્રિત આત્મનિવેદી ભક્તજનો હોય, તેમણે માનસી પૂજા કરી લીધા પછી પથ્થરમાંથી બનાવેલી ભગવાનની મૂર્તિ હોય, કે ધાતુની મૂર્તિ હોય, અથવા તો કેવળ શાલિગ્રામ હોય, તેમની મંત્રપૂર્વક ચંદનાદિક ષોડશોપચારો વડે પૂજા કરવી. અને ત્યાર પછી શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આત્મનિવેદી ભક્તજનો હોય તેમણે માનસી પૂજા કરી લીધા પછી ભગવાનની પથ્થરમાંથી બનાવેલી મૂર્તિ હોય, કે ધાતુમાંથી બનાવેલી મૂર્તિ હોય, અથવા શાલિગ્રામ હોય, તેમની મંત્રપૂર્વક ષોડશોપચારોથી પૂજા કરવી, પણ ચિત્રપ્રતિમાની પેઠે કેવળ દર્શન કરી લેવાં નહિ. અને ભગવાનની પ્રતિમામાં તથા શાલિગ્રામમાં ધાતુ કે પથ્થરનો ભાવ આવવા દેવો નહિ. આ મૂર્તિ અને ધામમાં રહેલી મૂર્તિમાં એક રોમ માત્રનો પણ ફરક નથી, આવા ભાવથી પૂજા કરવી.

હવે પૂજવા યોગ્ય મૂર્તિના વિષયમાં એવો વિવેક સમજવો કે ગૃહસ્થોએ પોતાના ઘરમાં પૂજવા યોગ્ય મૂર્તિ ધાતુની બનાવેલી હોય, તો એક વેંતથી મોટી રાખવી નહિ. અર્થાત્ મોટા મંદિરોમાં, જેવી મોટી ધાતુ આદિકની પ્રતિમા હોય છે, એવી મોટી પ્રતિમા ઘરમાં રાખવાનો મોહ રાખવો નહિ, એક જ વેંતની રાખવી. અને પથ્થરમાંથી બનાવેલી હોય, તો ચાર આંગળથી મોટી મૂર્તિ ઘરમાં રાખવી નહિ. કારણ કે મોટી મૂર્તિ જો રાખે, તો ખંડિત થવાનો સંભવ રહે છે.

હવે શાલગ્રામની પૂજામાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી વિવેક બતાવે છે કે- પૂજવા યોગ્ય જો શાલિગ્રામ હોય તો બેકી સંખ્યામાં બે શાલિગ્રામની પૂજા કરવી નહિ. એ સિવાય ચાર, છ, આઠ, એમ બેકી સંખ્યામાં શાલિગ્રામ પૂજી શકાય. અને એકી સંખ્યામાં એક જ શાલિગ્રામ પૂજવા પણ ત્રણ, પાંચ કે સાત એમ એકી સંખ્યામાં શાલિગ્રામની પૂજા કરવી નહિ. અને ચક્રાંકિત શાલિગ્રામ હોય તો ખંડિત પણ પૂજી શકાય છે. એ સિવાય ખંડિત મૂર્તિ કે ખંડિત શાલિગ્રામ પૂજવા નહિ. આ રીતે પુરાણો અને સ્મૃતિઓમાં વર્ણવેલું છે.

હવે ષોડશોપચાર વડે ભગવાનની પૂજાનો અનુક્રમ વર્ણવતાં કહે છે કે- પ્રથમ ભગવાનનું ધ્યાન કરીને આહ્વાન કરવું. ત્યારપછી ભગવાનને બેસવા માટે આસન આપવું. જળવડે ભગવાનનાં ચરણ ધોવડાવવાં, ભગવાનને હસ્ત ધોવડાવવા, અને ભગવાનને કોગળા કરવા માટે જળ અર્પણ કરવું, ભગવાનને સ્નાન કરાવવું, અને ભગવાનને વસ્ત્ર, યજ્ઞોપવીત, અલંકાર, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, પાનબીડું, ફળ અને દક્ષિણા અર્પણ કરવી. ત્યારપછી ભગવાનની આરતી કરવી. પછી ભગવાનને પુષ્પાંજલી અર્પણ કરવી. અને પછી પ્રદક્ષિણા તથા સાષ્ટાઙ્ગ પ્રણામ કરીને ભગવાનની સ્તુતિ કરવી. અને અંતે વિસર્જન કરવું. આ રીતે પૂજાનો ક્રમ કહ્યો છે. માટે આત્મનિવેદી ભક્તજનોએ આ અનુક્રમથી અને ષોડશોપચારોથી ભગવાનની પૂજા કરવી. તેમાં સ્થિર પ્રતિમા હોય, કે શાલિગ્રામ હોય, તેમનું આહ્વાન તથા વિસર્જન કરવું નહિ.

અને વળી પ્રતિમાનું પૂજન કરનારા પૂજારી હોય તેમણે ભગવાનની પૂજા કરતાં ભગવાનનો અપરાધ થઈ ન જાય, તેની સાવધાની રાખવી. આ પ્રતિમામાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે, આવો ભાવ રાખવો, અનંત કોટી બ્રહ્માંડનો માલિક આ પ્રતિમામાં બિરાજે છે. આવી ભાવના રાખીને પ્રતિમાની આગળ મર્યાદા રાખવી. જેમ એક સામાન્ય મોટો માણસ આવ્યો હોય, તેની આગળ આપણે બિલકુલ અસભ્ય વર્તન દાખવતા નથી. તેમ ભગવાનની પ્રતિમાની પાસે પણ અસભ્ય વર્તન દાખવવું નહિ. ભગવાનની પ્રતિમાની આગળ મર્યાદા પૂર્વક રહેવું, આ રીતે સાવધાની રાખીને જેમ ભગવાનનો કોઈપણ અપરાધ ન થાય એમ ભગવાનની પૂજા કરવી. એમ છતાં જાણે અજાણે ભગવાનના કોઈ અપરાધો થઈ ગયા હોય, તો પૂજાને અંતે આગળ કહેવાશે, એવો મંત્ર બોલીને ભગવાનની પાસે ક્ષમાની યાચના કરવી. ‘‘अपराध सहस्राणि क्रियन्तेऽहर्निशं

मया । दासोऽयममिति मां मत्वा क्षमस्व पुरुषोत्तम'' ॥ इति ॥ હે પ્રભુ ! હું તમારા રાત્રી દિવસ હજારો હજાર અપરાધો કરૂં છું. પણ હે પ્રભુ ! આ એક તમારો દાસ છે, એમ માનીને મને ક્ષમા કરજો. આ રીતે વિનયથી નમ્ર બનીને ભગવાનની પ્રાર્થના કરવી.

અને ભગવાનની પૂજા કર્યા પછી આત્મનિવેદી ભક્તો હોય, તેમણે ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો યથાશક્તિ જપ કરવો. હવે જપ કેવી રીતે કરવો ? તો કહે છે કે- પ્રથમ સ્નાન આચમનાદિક વડે પવિત્ર થઈને, વસ્ત્રના આસન ઉપર બ્રહ્મરંધ્ર અને મૂલાધાર ચક્રની રેખા સીધી રહે, એ રીતે સીધા અને સ્થિર બેસવું અને જપ કરતી વખતે પોતાના હસ્તને જરાપણ ચલાવવો નહિ. માળાને કોઈપણ વસ્ત્ર વડે અથવા ગૌમુખી વડે ઢાંકી દેવી. મૌન રહીને જપ કરવો. મનમાં મંત્રના અર્થનું સ્મરણ કરવું. અર્થાત્ નામીના અનુસંધાનની સાથે મંત્રનો જપ કરવો. બીજાં કાર્યોમાં મન રાખીને જપ કરવો નહિ. કારણ કે બીજા કાર્યોમાં મન રાખીને કરવામાં આવેલો જપ નકામો બની જાય છે. કરવા છતાં કાંઈ ફળ પ્રાપ્ત થતું નથી. આજુ બાજુ પણ જોવું નહિ. આ રીતે સ્થિર રહીને ઉપાંશુ જપ કરવો, અથવા તો માનસિક જપ કરવો. થોડા થોડા હોઠ ચલાવીને જે જપ કરવો. એ ઉપાંશુ જપ કહેવાય છે. અને હોઠ ચલાવ્યા વિના મનમાં ને મનમાં જે જપ કરવો, તેને માનસિક જપ કહેવાય છે. ઉપાંસુ જપ કરતાં માનસિક જપની શ્રેષ્ઠતા કહેલી છે. માટે આત્મનિવેદી ભક્તો હોય, તેમણે અષ્ટાક્ષર મંત્રનો માનસિક જપ વિધિપૂર્વક અને યથાશક્તિ કરવો.

અને વિષ્ણુના કોઈપણ મંત્રના જપમાં વૈષ્ણવો માટે તુલસીની માળા શ્રેષ્ઠ કહેલી છે. સાત્વિક, રાજસિક અને તામસિક મંત્રોને આધારે, તથા સાત્વિક, રાજસિક, અને તામસિક ફળના આધારે જુદી જુદી માળાઓની શાસ્ત્રમાં વ્યવસ્થા કરવામાં આવેલી છે. જો મંત્ર સાત્વિક હોય, અને કેવળ ભગવાનની પ્રસન્નતાને માટે જપ કરવો હોય, તો તુલસીની માળા હોવી જોઈએ, કારણ કે તુલસીનું કાષ્ઠ સાત્વિક કહેલું છે.

અને કોઈ મંત્ર રાજસિક હોય અને સ્ત્રી ધનાદિકની પ્રાપ્તિરૂપ રાજસિક ફળને માટે મંત્રનો જપ કરવો હોય, તો રૂદ્રાક્ષની માળા હોવી જોઈએ.

અને વળી શાસ્ત્રોમાં જે મારણ મંત્રો કહેલા છે. એ બધા તામસિક મંત્રો કહેવાય છે. માટે તામસિક મંત્રોના જાપમાં હાડકાં આદિક અપવિત્ર પદાર્થોમાંથી બનાવેલી માળા હોવી જોઈએ. આ રીતે સાત્વિક, રાજસિક અને તામસિક મંત્ર, તથા સાત્વિક, રાજસિક, અને તામસિક ફળને અનુસારે માળાની વ્યવસ્થા કરવામાં આવી છે. પણ કેવળ મંત્રની ગણના કરવા પુરતી જ માળાની વ્યવસ્થા નથી. અર્થાત્ કેવળ મંત્રની સંખ્યા જાણવા પુરતું જ માળાનું પ્રયોજન નથી. જો કેવળ મંત્રની સંખ્યા ગણવા પુરતું જ માળાનું પ્રયોજન હોય, તો કોઈપણ માળાથી કે કોઈપણ પદાર્થથી મંત્રની ગણના થઈ શકે છે. પણ શાસ્ત્રમાં જુદા જુદા કાષ્ટની માળાઓનું વિધાન કરેલું છે, તેથી એ સિદ્ધ થાય છે કે, માળાનું પ્રયોજન કેવળ મંત્રની ગણના પુરતું જ નથી. પણ સાત્વિક, રાજસિક અને તામસિક ફળના પ્રયોજનને માટે છે, એમ સમજવું. અહીં શ્રીકૃષ્ણનો જે અષ્ટાક્ષર મંત્ર છે, એ સાક્ષાત્ વિષ્ણુનો છે. વિષ્ણુ સાત્વિક દેવ છે. અને મોક્ષપ્રદાતા દેવ છે. માટે વિષ્ણુ સંબન્ધી કોઈપણ મંત્રના જાપમાં તુલસીની માળાનું જ પ્રધાનપણું કહેલું છે. માટે આત્મનિવેદી એવા જે વૈષ્ણવો હોય, તેમણે તુલસીની માળાથી અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો. અને તુલસીની માળા જો ન મળે, તો ચંદનની માળા, અને જો ચંદનની પણ માળા ન મળે તો પછી કોઈપણ કાષ્ઠમાંથી બનાવેલી માળા ભગવાનના ચરણમાં સમર્પણ કરીને તેનાથી મંત્રનો જપ કરવો. અને ૧૦૮ મણકાવાળી માળા ઉત્તમ કહેલી છે. માટે માળાની અંદર ૧૦૮ મણકા હોવા જરૂરી છે. આ રીતે મંત્રના જપનો વિધિ શાસ્ત્રમાં બતાવેલો છે.

હવે અહીં પ્રતિવાદી શંકા કરતાં કહે છે કે- આઠ અક્ષરવાળો શ્રીકૃષ્ણ મંત્ર તો પંચરાત્ર શાસ્ત્રને વિષે અને પુરાણોને વિષે પ્રતિપાદન કરેલો છે. વેદમાં તો એ મંત્રનું પ્રતિપાદન નથી. માટે જો મંત્ર વેદમાં પ્રસિદ્ધ ન હોય, તો એ મંત્ર અવૈદિક કહેવાય છે. અને ''वृथा जाप्यम् अवैदिकम्'' ॥ इति ॥ અવૈદિક મંત્રનો જપ કરવો એ વ્યર્થ છે, અર્થાત્ નિષ્ફળ છે. આવું સ્મૃતિવાક્ય હોવાથી શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રના જપનું નિષ્ફળપણું જણાય છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શંકાનું સમાધાન કરતાં કહે છે કે- આ શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રનું અવૈદિકપણું તથા જપનું નિષ્ફળપણું ક્યારેય સમજવું નહિ. કારણ કે- બીજા કોઈ પ્રાકૃત દેવ દેવીના મંત્રો હોય, તેમાં સ્વભાવ સિદ્ધ શક્તિ હોતી નથી. પણ જ્યારે વૈદિક સંસ્કારો કરવામાં આવે, ત્યારે એ મંત્રોમાં શક્તિ આવે છે. તેથી પ્રાકૃત દેવ દેવીના મંત્રોને વૈદિકપણાની અપેક્ષા છે, પણ સાક્ષાત્ પરમાત્માનો કોઈપણ મંત્ર હોય, તેને વેદના સંસ્કારોની અપેક્ષા નથી. એતો સ્વભાવસિદ્ધ જ બળવાન છે. બીજા પ્રાકૃત દેવદેવીના મંત્રો સ્વભાવસિદ્ધ નિર્બળ હોય છે. અને પ્રાકૃત દેવ દેવીના મંત્રોની અંદર વેદના સંસ્કારોથી જ સામર્થ્ય આવતું હોય છે. તેથી પ્રાકૃત દેવતાના મંત્રોને વેદના સંસ્કારોની અપેક્ષા છે. પણ સાક્ષાત્ પરમાત્માના મંત્રને વેદના કોઈપણ સંસ્કારની અપેક્ષા નથી. તેથી પરમાત્માનો મંત્ર વેદમાં હોય કે પછી પુરાણોમાં હોય, અથવા ગમે તે શાસ્ત્રમાં રહેલો હોય, એતો સ્વભાવસિદ્ધ જ બળવાન છે. માટે શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રના જપનું નિષ્ફળપણું ક્યારેય પણ સમજવું નહિ.

અને વળી સાક્ષાત્ પરમાત્મા સંબન્ધી કોઈપણ નામ મંત્ર હોય, એ વૈદિકમંત્ર કરતાં પણ અધિક ફળને આપનારો છે, એમાં કોઈ શંકાનું સ્થાન નથી. ''विष्णोरेकैकनामापि सर्ववेदाधिकं मतम्'' ॥ इति ॥ આ પદ્મપુરાણના વાક્યમાં પ્રતિપાદન કરેલું છે કે, વિષ્ણુનું એક એક નામ પણ સર્વે વેદો કરતાં અધિક મનાયેલું છે. માટે ભગવાનનો જે નામમંત્ર, એ વૈદિક મંત્ર કરતાં પણ અધિક ફળને આપનારો કહ્યો છે. અને વળી પદ્મપુરાણમાં યમરાજા અને બ્રાહ્મણના સંવાદમાં યમરાજાએ કહેલું છે કે- ભગવાનના નામ મંત્રનો જપ કરવામાં આસક્ત થયેલો પુરૂષ, કદાચને કાંઈક પાપ કરી નાખે, તો પણ તેને પાપ પરાભવ પમાડી શકતું નથી. યમરાજા કહે છે કે- મારા ભયંકર દૂતો પણ તેને પરાભવ પમાડી શક્તા નથી, આવું ભગવાનના નામમંત્રનું માહાત્મ્ય કહેલું છે.

અને વળી વિષ્ણુધર્મોત્તરમાં કહેલું છે કે- ''कृष्णेति मङ्गलं नाम यस्य वाचि प्रवर्तते । भस्मीभवन्ति तस्याशु महापातककोटयः'' ॥ इति ॥ જેની વાણીમાં ''કૃષ્ણ'' સ્વામિનારાયણ, હરિ, આવાં મંગળ નામો પ્રવર્તે છે, એ પુરૂષની મહાપાપોની કોટીઓ પણ તત્કાળ બળીને ભસ્મ થઈ જાય છે. અને વળી નૃસિંહપુરાણમાં નૃસિંહ ભગવાન કહે છે કે- જે પુરૂષ ''કૃષ્ણ કૃષ્ણ'' આ રીતે નિત્ય મારા નામનો જપ કરે છે, તે પુરૂષને તો હું નરકમાંથી તત્કાળ જ એ રીતે બહાર કાઢું છું કે, જે રીતે જળને ભેદીને કમળ તત્કાળ જ બહાર આવી જાય છે. અને વળી જે પુરૂષ સંસારરૂપી કાળા નાગથી ડંસાયેલો હોય, અને એજ કારણથી બે ભાન થઈને પડેલો હોય કે, જેને ભગવાનની ભક્તિ કે કાંઈપણ સુજતું ન હોય. આવા પુરૂષને સંસારરૂપી સર્પના ઝેરને નાશ કરવામાં ઔષધની સમાન એવા ભગવાનના નામ મંત્રને જપીને પુરૂષ સંસારરૂપી સર્પના ઝેરથી મુક્ત થઈ જાય છે. અને વળી ભગવાન કહે છે કે- જેમ કોઈ મરણ પામી ગયેલો હોય, અને તેને મૃત્યુસંજીવની ઔષધી પાવામાં આવે, તો એ જીવતો થઈ જાય છે. તેમ મારૂં નામ મૃત્યુસંજીવની ઔષધિની સમાન છે. અર્થાત્ મારૂં નામ મરી ગયેલાને પણ જીવાડનાર છે. આ રીતે ભગવાનના નામમંત્રનું માહાત્મ્ય પ્રતિપાદન કરેલું છે. આ ભગવાનના નામનું જે માહાત્મ્ય બતાવેલું છે તેમાં આતો કેવળ કહેવા માત્ર છે. આવું કાંઈ ભગવાનના નામનું માહાત્મ્ય હોતું હશે. ? આતો શાસ્ત્રમાં કેવળ ગપ્પાં લખેલાં છે. આ રીતે ભગવાનના નામમાં કેવળ અર્થવાદની કલ્પના કરે છે. તે પુરૂષનો તો ક્યારેય પણ નરકમાંથી ઉદ્ધાર થતો નથી. માટે ભગવાનના નામમાં અર્થવાદની કલ્પના કરવી નહિ.

આ પ્રમાણે ભગવાનનો નામ મંત્ર વેદમાં હોય કે પુરાણમાં હોય, અથવા તો કોઈ પ્રાકૃત ગ્રંથમાં હોય, તો પણ સ્વભાવસિદ્ધ બળવાન છે. તેથી ભગવાનના કોઈપણ નામમંત્રને જેમ વૈદિકપણાની અપેક્ષા નથી, તેમ શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર મંત્રને પણ વૈદિકપણાની અપેક્ષા નથી. શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર ભલે પંચરાત્ર શાસ્ત્રમાં હોય કે પછી પુરાણમાં હોય છતાંપણ વૈદિક મંત્ર કરતાં પણ અધિક ફળને આપનારો છે. માટે મારા આશ્રિત આત્મનિવેદી ભક્તજનો હોય, તેમણે ષોડશોપચારોથી ભગવાનની પ્રતિમાનું પૂજન કરી લીધા પછી અષ્ટાક્ષર મંત્રનો યથાશક્તિ જપ કરવો, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૫૬॥

**स्तोत्रादेरथ कृष्णस्य पाठः कार्यः स्वशक्तितः । तथाऽनधीतगीर्वाणैः कार्यं तन्नामकीर्तनम् ॥५७॥**

મારા આશ્રિત આત્મનિવેદી ભક્તજનો હોય, તેમણે અષ્ટાક્ષર મંત્રનો જપ કર્યા પછી પોતાની શક્તિ પ્રમાણે ''વિષ્ણુસહસ્રનામ'' આદિક સ્તોત્રનો પાઠ કરવો. અને સંસ્કૃતભાષાને જે ભણેલા ન હોય, તેમણે યથાશક્તિ ભગવાનનું નામકીર્તન કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- વિષ્ણુસહસ્રનામ, નારાયણકવચ, જનમંગલ તથા સર્વમંગલ ઇત્યાદિક સ્તોત્રનો જે પાઠ કરવો, તેને બ્રહ્મયજ્ઞ કહેવાય છે. માટે આત્મનિવેદી ભક્તજનો તેમણે બ્રહ્મયજ્ઞની સિદ્ધિને માટે યથાશક્તિ વિષ્ણુસહસ્રનામ આદિક સ્તોત્રનો નિયમ વડે પાઠ કરવો. અને સંસ્કૃત ભાષાને જે ભણેલા ન હોય, અર્થાત્ સંસ્કૃત ભાષામાં લખાયેલાં સ્તોત્રને જે વાંચી શકે એમ ન હોય, તેમણે તો સ્તોત્રાદિકના પાઠની પેઠે નિયમપૂર્વક ભગવાનનાં નામોનું કીર્તન કરવું, કે નંદ સંતોનાં રચાયેલાં કીર્તનો બોલવાં, અને શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવો. આ બધું અર્થના અનુસંધાન પૂર્વક કરવું, અને પ્રેમપૂર્વક કરવું, પ્રેમ વિનાનું અને માહાત્મ્ય વિનાનું કરેલું બધું વ્યર્થ થઇ જાય છે. માટે અષ્ટાક્ષર મંત્રનો જપ હોય, કે સ્તોત્રાદિકનો પાઠ હોય, એ બધું અર્થના અનુસંધાન પૂર્વક અને માહાત્મ્ય પૂર્વક કરવું.

અને વળી નારદપંચરાત્રને વિષે પણ પ્રતિપાદન કર્યું છે કે- ''नामकीर्तनतो वापि ब्रह्मयज्ञं समाचरेत्'' ॥ इति ॥ ભગવાનની પ્રસન્નતાને માટે જે સ્તોત્રાદિકનો પાઠ કરવો, તેને બ્રહ્મયજ્ઞ કહેવામાં આવે છે. તેમાં સ્તોત્રાદિકના પાઠનો જો સંભવ ન હોય, તો હરિ, કૃષ્ણ, સ્વામિનારાયણ, આવાં ભગવાનના નામોનું કીર્તન કરીને બ્રહ્મયજ્ઞ કરવો. આવો ભાવ છે. ॥૫૭॥

**हरेर्विधाय नैवेद्यं भोज्यं प्रासादिकं ततः । कृष्णसेवापरैः प्रीत्या भवितव्यं च तैः सदा ॥५८॥**

ત્યારપછી આત્મનિવેદી ભક્તજનો હોય તેમણે, ભગવાનને નૈવેદ્ય કરીને ભગવાનની પ્રસાદીનું અન્ન જમવું. અને હમેશાં પ્રીતિ વડે આત્મનિવેદી ભક્તોએ ભગવાનની સેવા પરાયણ થવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- સ્તોત્રાદિકનો પાઠ કર્યા પછી આત્મનિવેદી ભક્તો હોય, તેમણે સ્વયં થાળ બનાવી, અથવા જેનું અન્ન પોતાને ગ્રહણ કરવા યોગ્ય હોય, એવા બ્રાહ્મણાદિક દ્વારા થાળ બનાવડાવીને ભગવાનને નિવેદન કરવો. અને ત્યાર પછી આરતી આદિક મહાનૈવેદ્યનો વિધિ સમાપ્ત કરીને ભગવાનની દૃષ્ટિરૂપ અનુગ્રહ જેને વિષે રહેલો છે, એવું પ્રસાદીનું અન્ન જમવું.

ભગવાનને નૈવેદ્ય કર્યા વિનાનું અન્ન જમવામાં ગૌતમ મુનિએ પદ્મપુરાણમાં મહાન દોષ કહેલો છે- ''अम्बरीष गृहे पक्वं सदाऽभीष्टं यदात्मनः । अनिवेद्य हरेर्भुञ्जन् सप्तजन्मानि नारकी'' ॥ इति ॥ આ શ્લોકનો એવો ભાવ છે કે- પોતાના ઘરની અંદર તૈયાર કરાયેલું, અને પોતાને પ્રિય એવું જે અન્ન ભગવાનને નિવેદન કરીને જ હમેશાં જમવું જોઇએ. જે પુરૂષો ભગવાનને અર્પણ કર્યા વિના જમી લે છે, તે પુરૂષો સાત જન્મ પર્યંત નારકી થાય છે.

અને ભગવાનને નિવેદન કરીને ભગવાનની પ્રસાદીનું અન્ન જે જમે છે, તેને તો મહાન પૂણ્ય થાય છે. એ પણ ત્યાં જ પદ્મપુરાણમાં પ્રતિપાદન કર્યું છે- ''नैवेद्यशेषं योऽश्नाति च नित्यं प्राप्नोति यज्ञायुक्तकोटिपुण्यम्'' ॥ इति ॥ આ પદ્યનો એ ભાવ છે કે, ભગવાનને નિવેદન કરીને ભગવાનની પ્રસાદીના અન્નને જે પુરૂષ કોળીયે કોળીયે ભગવાનનું નામ લઇને જમે છે, તે પુરૂષ દશહજાર કરોડ યજ્ઞના પુણ્યને પામે છે. માટે આત્મનિવેદી ભક્તો હોય તેમણે હમેશાં ભગવાનને નૈવેદ્ય ધરીને પ્રસાદીનું અન્ન જમવું.

અને વળી આત્મનિવેદી ભક્તોએ હમેશાં અર્થાત્ રાત્રી દિવસ મોટા હર્ષથી ક્લેશ અને દંભનો ત્યાગ કરીને અનન્ય ભાવથી ભગવાનની સેવા પરાયણ થવું. ભાવથી રહિત એવી સેવાને ભગવાન અઙ્ગીકાર કરતા નથી, માટે પ્રેમથી અને અનન્યભાવથી ભગવાનની સેવામાં તત્પર થવું. ભાવથી થોડું પણ ભગવાનને અર્પણ કર્યું હોય તોપણ ભગવાનને અતિ પ્રિય લાગે છે- ''श्रद्धयोपहृतं प्रेष्ठं भक्तेन मम वार्यपि । गन्धो धूपः सुमनसो दीपोऽन्नाद्यञ्च किं पुनः'' ॥ इति ॥ આ શ્લોકનો એ ભાવ છે કે, ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે કે- હે ઉદ્ધવ ! ભક્તોએ ભાવથી કેવળ મને જળ અર્પણ કરેલું હોય તોપણ મને એ અતિશે પ્રિય લાગે છે. તો પછી જે ભક્તો ભાવથી મને અન્નાદિક અર્પણ કરે, અને એ પ્રિય લાગે, એમાં તો કહેવું જ શું ?

અને વળી ભાવ વિના તો ઘણું બધું ભગવાનને અર્પણ કરી દીધેલું હોય, છતાં પણ ભગવાન રાજી થતા નથી. આ વિષયમાં ભાગવતનું વાક્ય પ્રમાણરૂપ છે. ''भूर्यप्यभक्तोपहृतं न मे तोषाय कल्पते'' ॥ इति ॥ ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે- હે ઉદ્ધવ ! ભાવ વિના કેવળ પોતાની કીર્તિને માટે સારાં સારાં પક્વાન્નો મને અર્પણ કરેલાં હોય, અનેક પ્રકારના સુવર્ણના દાગીના (ઘરેણાં) મને અર્પણ કરેલા હોય, છતાં હું તેવો પ્રસન્ન થતો નથી, કે જેવો ભાવથી પ્રસન્ન થાઉં છું. આ રીતે ભગવાન કેવળ ભાવના જ ભૂખ્યા છે. કોઈ પદાર્થના ભગવાન ભૂખ્યા નથી. માટે આત્મનિવેદી ભક્તોએ ભાવથી ભગવાનની સેવા પરાયણ થવું.

અને વળી ''હમેશાં'' આમ કહ્યું, તેથી આત્મનિવેદી ભક્તોએ ભગવાનના નામસ્મરણનો તો એક ક્ષણવાર પણ ત્યાગ કરવો નહિ. ભાગવતમાં કહેલું છે કે- ગમે તેવી પરિસ્થિતિ ઉભી થાય, છતાં એક ક્ષણ વાર પણ જે ભગવાનના નામ સ્મરણનો ત્યાગ કરે નહિ, તેને ઉત્તમ આત્મનિવેદી ભક્ત કહેલો છે.

અને ભગવાનના નામ સ્મરણ વિનાનો જેનો એક ક્ષણ પણ ચાલ્યો જાય છે. તેની આયુષ્યને ઉદય અને અસ્તપણાને પામતો સૂર્ય હરી લે છે. અર્થાત્ દરરોજસૂર્ય ઉદય પામીને અસ્ત પામે છે. અને મનુષ્યની આયુષ્યનો એક દિવસ ઘટાડી નાખે છે. તેમાં ભગવાનના નામ સ્મરણ વિનાનો જેટલો સમય જાય છે, તે સમયને સૂર્યે હરી લીધેલો કહેવાય છે.

અને નારદીયપુરાણમાં કહેલું છે કે- ''एकस्मिन्नप्यतिक्रान्ते मुहूर्ते हरिवर्जिते । दस्युभिर्मुषितेनेव युक्तमाक्रन्दितुं भृशम्'' ॥ इति ॥ કોઈક પુરૂષનું ધન ચોરોએ લુંટી લીધેલું હોય, એ જેમ અતિ આક્રન્દ કરવાને માટે યોગ્ય થાય છે, તેમ ભગવાનના નામ સ્મરણ વિનાનો એક મુહૂર્ત જેટલો સમય પણ સૂર્યદેવે જો લુંટી લીધેલો હોય, તો તે પુરૂષને તો અતિ આક્રન્દ કરવું જોઈએ, અતિ રૂદન કરવું જોઈએ. આ પ્રમાણે નારદીયપુરાણમાં કહેલું છે.

અને વળી ભગવાનનું નામ સ્મરણ કરવામાં કોઈ દેશનો નિયમ નથી કે આ દેશમાં ભગવાનનું નામ સ્મરણ થઈ શકે. અને આ દેશમાં ન થઈ શકે. અને પ્રાતઃકાળમાં ભગવાનના નામનું સ્મરણ થઈ શકે, અને સાયંકાળે કે મધ્યાહ્ન કાળે ન થઈ શકે. એવો કોઈ કાળનો પણ નિયમ નથી. અને ભગવાનના નામ સ્મરણમાં કોઈ અપવિત્રતાનો પણ દોષ નથી. અપવિત્ર ક્રિયા કરતા હોઈએ, તે સમયને વિષે પણ ભગવાનનું નામ સ્મરણ થઈ શકે છે. અને ભગવાનના નામ સ્મરણમાં ઉચ્છિષ્ટાદિકનો પણ નિષેધ નથી. અર્થાત્ એંઠે મોઢે પણ ભગવાનનું નામ લઈ શકાય છે. આ રીતે સર્વે દેશને વિષે, સર્વે કાળને વિષે, અને સર્વ અવસ્થાને વિષે પણ ભગવાનનું નામ સ્મરણ થઈ શકે છે. માટે આત્મનિવેદી ભક્તજનોએ અખંડ ભગવાનનું નામ સ્મરણ કરવું જોઈએ. નામ સ્મરણ વિનાનો એક ક્ષણ પણ જવા દેવો જોઈએ નહિ, આવો અભિપ્રાય છે. ॥૫૮॥

**प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः । सम्बन्धात्तत्क्रियाः सर्वा भवन्त्येव हि निर्गुणाः ॥५९॥**

જે કારણથી નિર્ગુણ એવા ભગવાનના સંબન્ધે કરીને આત્મનિવેદી ભક્તોની સર્વે ક્રિયાઓ નિર્ગુણ થાય છે. એ જ કારણથી આત્મનિવેદી ભક્તોને પણ નિર્ગુણ કહ્યા છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આત્મનિવેદી ભક્તોનું જોવું, સાંભળવું, બોલવું ઈત્યાદિક એક એક ઈન્દ્રિયોની ક્રિયાઓ, માયિક ગુણોથી રહિત, દિવ્ય મૂર્તિ, એવા ભગવાનની સાથે જોડાયેલી હોય છે. અર્થાત્ સર્વે ક્રિયાઓ ભગવાનની પ્રસન્નતાને માટે જ હોય છે. તેથી એ ક્રિયાઓ ભલે બીજાની સમાન જ ગુણમય જણાતી હોય, છતાં ભગવાનના સંબંધને કારણે ગુણાતીત જ થઈ જાય છે. આ વિષયમાં વિષ્ણુધર્મોત્તરનું વાક્ય પ્રમાણરૂપ છે- ''यथा गङ्गाम्बुनो योगात् रथ्यावार्यपि गाङ्गताम् । याति निर्गुणतामेवं क्रिया गुणमयी हरेः'' ॥ इति ॥ આ વાક્યનો એ ભાવ છે કે- જેવી રીતે બજારનું કે ગટરનું જળ જો ગંગામાં જઈને ભળે તો ગંગાના યોગે કરીને ગટરનું પાણી પણ ગંગાપણાને પામી જાય છે. તેવી જ રીતે આત્મનિવેદી ભક્તોની ગુણમય એવી ક્રિયાઓ કેવળ ભગવાનની પ્રસન્નતાને માટે જ હોવાથી, ભગવાનના સંબન્ધને લઈને નિર્ગુણપણાને પામી જાય છે.

અને આત્મનિવેદી ભક્તોની સર્વે ક્રિયાઓ ભગવાનની પ્રસન્નતાને માટે જ હોય છે. તેથી તે સર્વે ક્રિયાઓને નિષ્કામ ક્રિયાઓ કહેવામાં આવે છે. નિષ્કામ ક્રિયાઓને શાસ્ત્રોમાં સર્વ શ્રેષ્ઠ ક્રિયાઓ કહેલી છે, કે જે નિષ્કામ કર્મોનો ક્યારેય પણ નાશ થતો નથી. અર્થાત્ ભગવાનની પ્રસન્નતાને માટે કરેલાં કર્મનું ફળ કદીપણ નિષ્ફળ જતું નથી. રઝડતાં રઝડતાં અંતે ભગવાનને પ્રાપ્ત કરાવીને જ નિષ્કામ કર્મ શાન્ત થાય છે. આ રીતે ભગવાનના સંબન્ધથી ભક્તોની સર્વે ક્રિયાઓ જેમ નિર્ગુણ કહેલી છે. તેમ આત્મનિવેદી ભક્તો પણ નિર્ગુણ કહ્યા છે. કારણ કે- આત્મનિવેદી ભક્તોએ પોતાનું તન, મન, ધન અને આત્મા પણ ભગવાનને જ અર્પણ કરી દીધો હોય છે. ભાગવતના એકાદશસ્કંધમાં આત્મનિવેદી ભક્તોના જ્ઞાનાદિકનું પણ નિર્ગુણપણું કહેલું છે. - कैवल्यं सात्विकं ज्ञानं रजो वैकल्पिकं तु यत् । प्राकृतं तामसं ज्ञानं मन्निष्ठं निर्गुणं स्मृतम् ॥ આ ભાગવતના શ્લોકનું તાત્પર્ય એ છે કે શુદ્ધ જીવાત્મા સંબંધી જે જ્ઞાન તેને સાત્વિક જ્ઞાન કહેલું છે. દેવ મનુષ્યાદિકના માયિક લોકભોગાદિક સંબંધી જે જ્ઞાન તેને રાજસ જ્ઞાન કહેલું છે. મૂઢપણાથી યુક્ત એવા બાલક કે મુંગાદિકના જ્ઞાનની સમાન જે જ્ઞાન તેને તામસ જ્ઞાન કહેલું છે. અને શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે મનુષ્યાકૃતિ એવો જે હું તે મારે વિષે ''આ જ સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાન છે'' આવી જે નિષ્ઠા તેને નિર્ગુણ જ્ઞાન કહેલું છે. એજ રીતે નિવાસ પણ ચાર પ્રકારનો છે - વનમાં રહેવું એ સાત્વિક નિવાસ કહેલો છે, ગામમાં રહેવું એ રાજસિક નિવાસ કહેલો છે, જુગારનું સ્થળ હોય અથવા કસાઈખાનું હોય ત્યાં રહેવું એ તામસિક નિવાસ કહેલો છે, અને શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે મારા મંદિરમાં રહેવું એ નિર્ગુણ નિવાસ કહેલો છે. એજ રીતે કર્મને કરનારો પણ ચાર પ્રકારનો કહેલો છે. - ફળમાં આસક્તિથી રહિત થઈને વર્ણાશ્રમ સંબંધી કર્મને કરનારો સાત્વિક કર્તા કહેલો છે. કર્મફળમાં આસક્ત થઈને કર્મ કરનારો રાજસ કર્તા કહેલો છે. અને માયિક વિષયો અનર્થને આપનારા છે, દુઃખરૂપ છે એ પોતે જાણતો હોવા છતાં તેના સ્મરણથી ભ્રષ્ટ થઈને (ભાન ભૂલીને) કર્મ કરનારો તામસ કર્તા કહેલો છે. અને શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, મારી એકાંતિક ભક્તિને કરનારો નિર્ગુણ કર્તા કહેલો છે. એજ રીતે શ્રધ્ધા પણ ચાર પ્રકારની કહેલી છે - કેવળ આત્મજ્ઞાનને વિષે શ્રધ્ધા સાત્વિક શ્રધ્ધા કહેલી છે, કેવળ વર્ણાશ્રમ સંબંધી કર્મ કરવામાં શ્રધ્ધા રાજસિક શ્રધ્ધા કહેલી છે, અધર્મમાં શ્રધ્ધા તામસિક શ્રધ્ધા કહેલી છે, શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે મારી સેવામાં શ્રધ્ધા નિર્ગુણ શ્રધ્ધા કહેલી છે. એજ રીતે આહાર પણ ચાર પ્રકારનો કહેલો છે - હિતકારી, પવિત્ર અને અતિ પરિશ્રમ વિના સહજે પ્રાપ્ત થયેલો આહાર તેને સાત્વિક આહાર કહેલો છે. ઈન્દ્રિયોને સુખ આપવા માટે અતિ પરિશ્રમથી પ્રાપ્ત કરેલો આહાર તેને રાજસિક આહાર કહેલો છે, અને શરીરને પીડા આપનારો તથા અપવિત્ર એવો જે આહાર તેને તામસ આહાર કહેલો છે, શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, મને અર્પણ કરેલો આહાર (પ્રસાદીનું અન્ન) તેને નિર્ગુણ આહાર કહેલો છે. એજ રીતે સુખ પણ ચાર પ્રકારનું કહેલું છે - આત્મવિચારથી ઉત્પન્ન થયેલું જે સુખ તેને સાત્વિક સુખ કહેલું છે, પંચ વિષયોથી ઉત્પન્ન થયેલું જે સુખ તેને રાજસિક સુખ કહેલું છે અને મોહ તથા દીનપણાથી

ઉત્પન્ન થયેલું જે સુખ તેને તામસિક સુખ કહેલું છે અને શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે મારા ચરિત્રોનાં શ્રવણ કીર્તનાદિકે કરીને તથા મારા સ્વરૂપના ધ્યાન દર્શનાદિકે કરીને ઉત્પન્ન થયેલું જે સુખ તેને નિર્ગુણ સુખ કહેલું છે. અને વળી પંચરાત્ર શાસ્ત્રને વિષે તો આત્મનિવેદી ભક્તો હોય તેને એકાન્તિક ભક્તો કહેલા છે. પતિવ્રતા સ્ત્રીની પેઠે ભગવાનને વિષે સ્વધર્મ, જ્ઞાન, અને વૈરાગ્યથી યુક્ત અનન્યભક્તિ કરે છે, તેને એકાન્તિક ભક્ત કહેવામાં આવે છે. આવા એકાન્તિક ભક્તની જે અનન્ય ભક્તિ છે, એ તો મહા આપત્કાળમાં મોટા વિઘ્નો વડે, પરાભવને પામતી નથી. જેવી રીતે વરસાદની ધારાઓ વડે મોટા મોટા પર્વતો પરાભવને પામતા નથી. તેવી રીતે આવા અચળ જે એકાંતિક ભક્તો દેહ છતે નિર્ગુણ અને મુક્ત કહ્યા છે. આવા એકાંતિક ભક્તના સંબન્ધે કરીને અનંત જીવોનો પણ મોક્ષ થાય છે. આવો અભિપ્રાય છે. ॥૫૯॥

**भक्तैरेतैस्तु कृष्णायानर्पितं वार्यपि क्वचित् । न पेयं नैव भक्ष्यं च पत्रकन्दफलाद्यपि ॥६०॥**

આત્મનિવેદી ભક્તોએ ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય પીવું નહિ. તેવી જ રીતે ભગવાનને અર્પણ કર્યા વિનાનું પત્ર, કન્દ, ફળાદિકનું પણ ભક્ષણ કરવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ભગવાનને અર્પણ કર્યા વિના જો જળ પણ પીવાય નહિ, તો પછી દૂધાદિક તો ક્યાંથી પીવાય ? ન જ પીવાય. એજ રીતે ભગવાનને અર્પણ કર્યા વિના પત્ર, કન્દ, ફળાદિકનું પણ જો ભક્ષણ થાય નહિ, તો પછી અન્નાદિકનું તો ભક્ષણ ક્યાંથી થાય ? ન જ થાય. માટે પોતાને પ્રિય એવી કોઈપણ વસ્તુ, પ્રથમ ભગવાનને અર્પણ કરીને પછી જ પોતાના ઉપયોગમાં લેવી.

શ્રીજીમહારાજને કહેવાનો એ જ અભિપ્રાય છે કે- નવું વસ્ત્ર હોય, નવું વાહન હોય, નવા અલંકારો હોય, નવું પાત્ર હોય, ઈત્યાદિક કોઈપણ નવી વસ્તુ પ્રાપ્ત થયેલી હોય, એ પ્રથમ ભગવાનને સમર્પણ કરવી, અને ત્યારપછી જ પોતાના ઉપયોગમાં લેવી. તમામ વસ્તુઓના સ્વામી, શેષી ભગવાન છે. અર્થાત્ સર્વે વસ્તુઓના માલિક ભગવાન છે. તેથી કોઈપણ વસ્તુ ભગવાનને બતાવ્યા વિના જો પોતે ભોગવે છે, સ્વીકારે છે, તો તેને શાસ્ત્રમાં ચોર કહેલો છે. જેમ આ લોકમાં કોઈ માલિકીની વસ્તુ હોય, એ વસ્તુ તેના માલિકને બતાવ્યા વિના, માલિકની પરવાનગી વિના જો આપણે ભોગવીએ, તો આપણે ચોર કહેવાઈએ છીએ. એ જ રીતે ભગવાનને અર્પણ કર્યા વિનાની કોઈપણ વસ્તુનો જો સ્વીકાર કરવામાં આવે, તો તેને શાસ્ત્ર દૃષ્ટિએ ચોર કહેવામાં આવે છે. એટલું જ નહિ, આ શરીર પણ પોતાનું નથી, છતાં જો આ શરીરને પોતાનું માનીને ભોગવે, તો એ પણ શાસ્ત્ર દૃષ્ટિએ ચોર કહેવાય છે. જે વસ્તુ પોતાની ન હોય, છતાં તેને પોતાની માની લેવી, તેને ચોર કહેવાય છે, માટે તમામ વસ્તુ ભગવાનની છે, અર્થાત્ તમામ વસ્તુના માલિક ઈશ્વર છે. તેથી માલિકની પરવાનગી મેળવવા માટે પ્રથમ કોઈપણ નવી વસ્તુ ભગવાનને અર્પણ કરવી. ભગવાનને અર્પણ કરાયેલી વસ્તુ પ્રસાદીની કહેવામાં આવે છે. માટે આત્મનિવેદી ભક્તોએ પોતાનું તન, મન અને ધન ભગવાનને અર્પણ કરી દેવું. ભગવાનને અર્પણ કર્યા વિનાની કોઈ પણ વસ્તુ પોતાને માટે સ્વીકારવી નહિ, આવો અભિપ્રાય છે. ॥૬૦॥

**सर्वैरशक्तौ वार्धक्याद्गरीयस्यापदाऽथवा । भक्ताय कृष्णमन्यस्मै दत्त्वा वृत्त्यं यथाबलम् ॥६१॥**

સર્વે મારા આશ્રિતો હોય તેમણે, વૃદ્ધપણાને કારણે જો પોતાથી પૂજાદિક થઈ શકે નહિ. અથવા કોઈ મોટી આપત્તિને કારણે પોતાથી પૂજાદિક થઈ શકે નહિ, તો પોતાને પૂજવા યોગ્ય જે ભગવાનનું સ્વરૂપ તે બીજા ભક્તને અર્પણ કરીને, પછી પોતાને પોતાના સામર્થ્યને અનુસારે વર્તવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આત્મનિવેદી ભક્તો હોય કે પછી સામાન્ય ભક્તો હોય,

બધા ભક્તજનોએ કોઈપણ સંજોગોને કારણે પોતાથી જો બાહ્ય પૂજા થઈ શકે નહિ, તો પોતાને પૂજવા યોગ્ય જે ભગવાનનું પ્રતિમાસ્વરૂપ હોય કે પછી શાલગ્રામ હોય, એ બીજા યોગ્ય ભક્તને પ્રાર્થના પૂર્વક અર્પણ કરીને પોતાને તો દેશ, કાળ અને શક્તિને અનુસારે વર્તવું. અને કેવળ માનસીપૂજા કરીને પોતાના વૈષ્ણવપણાનું રક્ષણ કરવું. આ વિષયમાં લઘુહારીત સ્મૃતિનું વાક્ય પ્રમાણરૂપ છે. ''आपत्काले वैष्णवानां विहितं मनसार्चनम् । एकमेव न बाह्यं तु द्वितीयं शक्त्यभावतः'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- કોઈપણ આપત્તિને કારણે જો પોતાથી બાહ્યપૂજા થઈ શકે નહિ, તો વૈષ્ણવોએ કેવળ મન વડે પૂજન કરવું. અર્થાત્ મનથી કલ્પેલા ઉપચારો વડે વિષ્ણુની માનસી પૂજા કરીને પોતાના વૈષ્ણવપણાનું રક્ષણ કરવું, આવો અભિપ્રાય છે. ॥૬૧॥

**आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् । कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥६२॥**

સર્વે મારા આશ્રિતો હોય તેમણે, આચાર્યે જે સ્વરૂપ પોતાને આપેલું હોય, તેવી જ રીતે આચાર્યે જે સ્વરૂપને પ્રતિષ્ઠાવિધિથી સ્થાપન કરેલું હોય, એજ ભગવાનનું સ્વરૂપ પ્રતિદિન સેવવું, એ સિવાયનાં બીજાં ભગવાનનાં સ્વરૂપો હમેશાં વંદન કરવા યોગ્ય છે, પણ પ્રતિદિન સેવવા યોગ્ય નથી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આચાર્યે ભગવાનનું જે સ્વરૂપ પોતાને પ્રતિદિન પૂજવા માટે આપેલું હોય, તેવી જ રીતે આચાર્યે જે ભગવાનના સ્વરૂપને પ્રતિષ્ઠાવિધિથી સ્થાપન કરેલું હોય, તે જ સ્વરૂપને સેવવાથી વૈષ્ણવ સંપ્રદાયની જે મર્યાદા છે, એ જળવાઈ રહે છે.

અને જો ભિન્ન માર્ગના આચાર્ય, અર્થાત્ વૈષ્ણવસંપ્રદાય સિવાયના કોઇ શિવ સંપ્રદાયના કે શાક્ત સંપ્રદાયના આચાર્યે આપેલું કે પ્રતિષ્ઠાવિધિથી સ્થાપન કરેલું ભગવાનનું સ્વરૂપ પ્રતિદિન સેવવા માંડે, તો વૈષ્ણવ સંપ્રદાયની જે મર્યાદા છે તે છિન્ન ભિન્ન થઈ જાય છે. આપણો આ ઉદ્ધવ સંપ્રદાય છે, એ ઉદ્ધવના અવતાર રામાનંદ સ્વામીએ પ્રવર્તાવેલો હોવાથી ઉદ્ધવસંપ્રદાય કહેવાય છે. અને ઉપાસનાની રીતે તો વૈષ્ણવસંપ્રદાય કહેવાય છે. કારણ કે આપણા ઉદ્ધવસંપ્રદાયમાં વિષ્ણુની જ ઉપાસના પ્રવર્તેલી છે, પણ શિવની કે કોઇ બીજા દેવોની ઉપાસના પ્રવર્તેલી નથી. કોઈપણ અવતારોની ઉપાસના કરવી, એ વિષ્ણુની જ ઉપાસના કહેવામાં આવે છે. કારણ કે સર્વે અવતારો વિષ્ણુના જ અવતારો કહેલા છે. આ રીતે આપણો સંપ્રદાય વૈષ્ણવસંપ્રદાય પણ કહેવામાં આવે છે. અને આ સંપ્રદાયના પ્રવર્તક ઉદ્ધવજી છે માટે ઉદ્ધવસંપ્રદાયના નામથી પ્રસિદ્ધિને પામ્યો છે. આપણા ઉદ્ધવસંપ્રદાયમાં તો વ્યવસ્થા કરાયેલી જ છે કે, શ્રીજીમહારાજે પ્રસ્થાપિત કરેલ ધર્મવંશી આચાર્યે જે સ્વરૂપ પૂજ્યપણે પોતાને અર્પણ કર્યું હોય, કે પછી પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠાપિત કરેલું હોય, એજ સ્વરૂપને પ્રતિદિન સેવવું. અને એ સિવાયનાં સ્વરૂપો ભગવાનનો ભાવ રાખીને પ્રેમથી વંદન કરવા યોગ્ય છે.

''अनादि सिद्धिपीठ पुण्यक्षेत्रस्थ भगवत्स्वरूपाणि तु सेव्यान्येव'' ॥ इति ॥ શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- જગન્નાથપુરી, રામેશ્વર, બદ્રીનારાયણ, તિરૂપતિ ઈત્યાદિક પ્રાચીન પૂણ્ય તીર્થોને વિષે રહેલાં ભગવાનનાં સ્વરૂપો ભલે કોઈ ભિન્ન માર્ગના આચાર્યે પધરાવેલાં હોય, છતાં પણ એ સ્વરૂપો તો અવશ્ય સેવવા યોગ્ય જ છે. આમ કહ્યું તેથી જો કે વૈષ્ણવસંપ્રદાયના કોઈપણ આચાર્યે પ્રતિષ્ઠાવિધિથી સ્થાપન કરેલાં ભગવાનનાં સ્વરૂપોને સેવવામાં કોઈ મોટી હાનિ નથી, કે કોઈ મોટું પાપ પણ નથી. ભગવાનનાં સ્વરૂપોની અંદર પ્રકટ ભાવ લાવીને ઉપાસના કરવાથી મોક્ષ પણ થાય, એમાં કોઈ જાતનો સંદેહ નથી. છતાં આપણા માટે તો ભગવાનની આજ્ઞા એજ સર્વોપરિ છે. માટે ભગવાનની આજ્ઞાનું પાલન કરવું, એજ પુણ્ય છે; અને આજ્ઞાનું ઉલ્લંઘન કરવું એજ હાનિ છે. માટે આપણા સંપ્રદાયમાં શ્રીજીમહારાજે પ્રસ્થાપિત કરેલા

બન્ને ગાદીના આચાર્યે પ્રતિષ્ઠાવિધિથી સ્થાપિત કરેલાં ભગવાનનાં સ્વરૂપોને સેવવાં, આવી જે મર્યાદા છે. એ મર્યાદાનો જે રીતે ભંગ ન થાય, એ રીતે સાવધાન રહીને પ્રભુ ભજન કરવું, અને ભગવાનની પ્રતિમાઓમાં ધાતુની કે પથ્થરની બુદ્ધિ ક્યારેય આવવા દેવી નહિ. પથ્થરની પ્રતિમા હોય કે પછી ધાતુની પ્રતિમા હોય, તેમની અંદર પ્રકટ ઈશ્વરની ભાવના લાવીને સેવવાથી જ મોક્ષ થાય છે. જેમ કાષ્ટમાં અગ્નિ રહ્યો છે. પણ જ્યાં સુધી અગ્નિને પ્રગટ કરવામાં ન આવે, ત્યાં સુધી અગ્નિ કોઈ વસ્તુને બાળી શક્તો નથી. તેમ ધાતુ આદિકની પ્રતિમાની અંદર જ્યાં સુધી પ્રકટપણાની ભાવના ઉત્પન્ન ન થાય, ત્યાં સુધી પ્રતિમાઓ મનુષ્યનો મોક્ષ કરી શક્તી નથી. માટે પ્રતિમાઓની અંદર પથ્થર કે ધાતુની બુદ્ધિનો ત્યાગ કરીને પ્રત્યક્ષપણાની ભાવના પ્રગટ કરવી. આવો અભિપ્રાય છે. ॥૬૨॥

**भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् । नामसङ्गीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ॥६३॥**

સર્વે મારા આશ્રિતો હોય તેમણે, પ્રતિદિન સાયંકાળે ભગવાનના મંદિરમાં જવું, અને મંદિરમાં જઈને રાધિકાના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ઉંચે સ્વરે નામ કીર્તન કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પ્રતિદિન સાયંકાળે ભગવાનના મંદિરમાં જઈને નામ કીર્તન કરવું. આમ શ્રીજીમહારાજે જે કહ્યું, એનો અર્થ એમ સમજવો નહિ કે પ્રાતઃકાળમાં ભગવાનના મંદિરમાં જવું જ નહિ. પ્રાતઃકાળમાં પણ જો સમય મળે તો અવશ્ય ભગવાનનાં દર્શન કરવા માટે મંદિરમાં જવું. પણ અહીં સાયંકાળે ભગવાનનાં દર્શનાર્થે મંદિરમાં જવાનો જે શ્રીજીમહારાજે ઉલ્લેખ કરેલો છે, તેનું તાત્પર્ય એ છે કે, આખો દિવસ આપણું મન સાંસારિક કાર્યોમાં ઓતપ્રોત રહેલું હોય છે. તેથી સાંસારિક અને ગ્રામ્ય વિષયોરૂપી પવનથી હિલોડે ચડી ગયેલા મનને શાંત કરવાનું સ્થાન ભગવાનનું મંદિર કહેલું છે. તથા સાયંકાળે ભગવાનના મંદિરમાં જઈને ભગવાનનાં દર્શન કરવાથી, ભગવાનનું નામ કીર્તન કરવાથી મનને લાગેલો જે સાંસારિક થાક દૂર થઈ જાય છે. અને મન નિર્વિષયી બની જાય છે. અર્થાત્ વિષયોરૂપી પવનથી હિલોડે ચડેલું મન શાંત થઈ જાય છે, આવો ભાવ છે.

ભગવાનના મંદિરમાં જઈને ઉચ્ચસ્વરે ભગવાનનું નામ કીર્તન કરવું, આમ શ્રીજીમહારાજે જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, કળીયુગમાં ભગવાનના નામ કીર્તનને જ મોક્ષનું સાધન કહેલું છે. આ વિષયમાં ભાગવતનું વચન પ્રમાણરૂપ છે- ‘‘कलेर्दोषनिधे राजन् अस्ति ह्येको महागुणः । कीर्तनादेव कृष्णस्य मुक्तबन्धः परं व्रजेत्’’ ॥ इति ॥ આ વાક્યમાં શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે હે- રાજન્ ! કળીયુગ તો દોષના ખાણરૂપ છે, છતાં કળીયુગમાં એક મોટો ગુણ રહેલો છે કે, જે કળીયુગમાં કેવળ ભગવાનનું નામ કીર્તન કરવાથી મનુષ્ય મોક્ષ ગતિને પામી જાય છે. વિષ્ણુપુરાણમાં પણ કહેલું છે કે- ‘‘ध्यायन् कृते यजन् यज्ञैस्त्रेतायां द्वापरेऽर्चयन् । यदाप्नोति तदाप्नोति कलौ संकीर्त्य केशवम्’’ ॥ इति ॥ સત્યયુગમાં ધ્યાન કરવાથી મનુષ્ય જે ગતિને પામે છે. ત્રેતાયુગમાં યજ્ઞો કરવાથી મનુષ્ય જે ગતિને પામે છે. દ્વાપરયુગમાં ભગવાનની પૂજા કરવાથી મનુષ્ય જે ગતિને પામે છે. એ ને એ ગતિ કળીયુગમાં કેવળ નામ કીર્તન કરવાથી મનુષ્યને પ્રાપ્ત થાય છે. અર્થાત્ કળીયુગમાં ભગવાનનું નામ કીર્તન છે એજ ઉત્તમ સાધન છે. બીજા સાધનોથી પણ મોક્ષ તો થાય છે. છતાં નામ કીર્તન એ સર્વે સાધનોથી ઉત્કૃષ્ટ સાધન છે. વિષ્ણુધર્મોત્તરમાં પણ કહેલું છે કે- જે પુરૂષ પ્રતિદિન હરિ, કૃષ્ણ, સ્વામિનારાયણ, કેશવ, ગોવિન્દ, આવાં નામોનું નામિના સ્મરણની સાથે ઉચ્ચારણ કરે છે, એ પુરૂષને કળીયુગ ક્યારેય પણ બાધ પમાડી શકતો નથી. અને વળી ગરૂડ પુરાણમાં કહેલું છે કે, જે પુરૂષ સાવધાન થઈને એક જ મુહૂર્ત પર્યંત ભગવાનના નામોનું નામિના સ્મરણ સાથે ઉચ્ચારણ કરે છે, તે પુરૂષ પણ મોક્ષસિદ્ધિને પામી જાય છે. તો પછી હમેશાં જે ભગવાનના નામોનું ઉચ્ચારણ કરતો હોય, એ મોક્ષસિદ્ધિને પામે એમાં તો કહેવું જ શું ? એ તો પામે જ. આ રીતે કળીયુગમાં ભગવાનના નામ કીર્તનને એક ઉત્કૃષ્ટ મોક્ષના સાધન તરીકે

શાસ્ત્રોમાં વર્ણવેલું છે. માટે પ્રતિદિન ભક્તોએ ભગવાનના મંદિરમાં જઈને ઉંચેસ્વરે ભગવાનનું નામ કીર્તન કરવું, આવો ભાવ છે. ॥૬૩॥

**कार्यास्तस्य कथावार्ताः श्रव्याश्च परमादरात् । वादित्रसहितं कार्यं कृष्णकीर्तनमुत्सवे ॥६४॥**

સર્વે મારા આશ્રિતો હોય તેમણે, પ્રતિદિન નામકીર્તન કર્યા પછી ભગવાનની કથા અને વાર્તા પરમ આદર થકી કરવી અને સાંભળવી. તેવી જ રીતે ઉત્સવને દિવસે વાજિંત્રે સહિત ભગવાનનાં કીર્તનો કરવાં.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પ્રતિદિન સાયંકાળે ભગવાનનાં નામકીર્તન અને ત્યાર પછી ભગવાનની કથાવાર્તાએ કરીને નિત્ય કર્મની સમાપ્તિ થાય છે. પ્રાતઃકાળમાં સૂર્યોદય થયાથી પહેલાં જાગવું ત્યાંથી આરંભીને નિત્ય કર્મની શરૂઆત થાય છે. અને સાયંકાળે ભગવાનની કથાવાર્તા કરી અને સાંભળીને નિત્ય કર્મની સમાપ્તિ થાય છે.

જેમ અન્ન તથા જળ શરીરનું પોષણ છે. તેમ કથા અને વાર્તા એ આત્માનું પોષણ છે. જો અન્ન અને જળ વ્યવસ્થિત રીતે લેવાતાં હોય, અને શરીરમાં બરાબર પચીને રગેરગમાં પહોંચતાં હોય, તો શરીર શક્તિમાન અને પુષ્ટ બને છે. એજ રીતે ભગવાનની કથા અને વાર્તા નિયમિત રીતે દરરોજ કરવામાં આવે અને સાંભળવામાં આવે, તો એ રગેરગમાં ઉતરીને આત્માને શક્તિમાન અને પુષ્ટ બનાવે છે. અને આત્મા શક્તિમાન અને પુષ્ટ બનવાથી કામ-ક્રોધાદિક અંતઃશત્રુઓનો દાબ્યો દબાતો નથી, અને નિર્વિઘ્નપણે ભક્તિયોગને સિદ્ધ કરી મોક્ષગતિને પામે છે.

કળીયુગમાં જેમ ભગવાનનાં નામકીર્તનને એક ઉત્કૃષ્ટ મોક્ષના સાધન તરીકે વર્ણવેલું છે, એ જ રીતે કથાવાર્તાના શ્રવણ અને કીર્તનને પણ કળીયુગમાં ઉત્કૃષ્ટ મોક્ષના સાધન તરીકે શાસ્ત્રોમાં વર્ણવેલ છે. ભાગવતના ચતુર્થ સ્કંધમાં ભગવાને પ્રચેતાઓ પ્રત્યે કહેલું છે કે- ''गृहेश्वाविशतां चापि पुंसां कुशलकर्मणाम् । मद्वार्तायातयामानां न बन्धाय गृहा मताः'' ॥ इति ॥ હે પ્રચેતાઓ ! મનુષ્યો સંસારમાં રહ્યા હોય, અને ગૃહસ્થને યોગ્ય સર્વે કર્મો કરતા હોય, છતાં જો એમનો સમય ભગવાનની કથાવાર્તાએ કરીને વ્યતીત થતો હોય, તો એ ગૃહસ્થને સંસાર બંધનને માટે મનાયેલો નથી. અર્થાત્ એ ગૃહસ્થને સંસાર લેપી શક્તો નથી. અને નિર્વિઘ્નપણે ભક્તિયોગને પ્રાપ્ત કરીને મોક્ષગતિને પામે છે. આ રીતે ભાગવતમાં કથાવાર્તાને શ્રેષ્ઠ મોક્ષના સાધન તરીકે વર્ણવેલ છે. માટે ભક્તજનો હોય તેમણે પ્રતિદિન ભગવાનના મંદિરમાં જઈને આત્માના પોષણરૂપ કથા વાર્તા પરમ આદર થકી કરવી અને સાંભળવી. અને જ્યારે ઉત્સવના દિવસો આવે ત્યારે વાજિંત્રોની સાથે ધામધૂમથી ભગવાનનાં નામ કીર્તન કરવાં, અર્થાત્ પ્રતિદિન કરતા હોઈએ, તેના કરતાં ઉત્સવમાં કાંઈ વિશેષ કરવું, આવો અભિપ્રાય છે. ॥૬૪॥

**प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः । संस्कृतप्राकृतग्रन्थाभ्यासश्चापि यथामति ॥६५॥**

અને સર્વે મારા આશ્રિતો હોય તેમણે, પૂર્વે કહ્યું એ પ્રમાણે જ પ્રતિદિન કરવું અને સંસ્કૃત તથા પ્રાકૃત ગ્રન્થોનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિને અનુસારે કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પ્રાતઃકાળે સૂર્યોદય થયાથી પહેલાં જાગવું અને સાયંકાળે ભગવાનની કથાવાર્તાને અંતે સૂઈ જવું. આ રીતે સવારથી સાયંકાળ પર્યંતનો જે વિધિ પૂર્વના શ્લોકમાં બતાવ્યો, તેને નિત્યકર્મ કહેવાય છે. તો આ નિત્યકર્મને પ્રતિદિન મારા આશ્રિતોએ સાવધાન થઈને અનુસરવું, અને દિવસ દરમ્યાન જ્યારે સમય મળે ત્યારે સંસ્કૃત ભાષામાં રચાયેલા કે પ્રાકૃત ભાષામાં રચાયેલા ગ્રંથોનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિને અનુસારે કરવો. ગ્રન્થોનો અભ્યાસ કરવાથી જ ધર્મ અને અધર્મનું સ્વરૂપ જણ્યામાં આવે છે. અને ગ્રંથોનો અભ્યાસ કરવાથી જ ભગવાન અને ભગવાનના ભક્તોનું માહાત્મ્ય જાણ્યામાં આવે છે. અને માહાત્મ્ય

જાણવાથી જ ભક્તિ ઉત્પન્ન થાય છે. અને ભક્તિથી જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. આ વિષયમાં મહાભારતનું વાક્ય અહીં પ્રમાણ તરીકે ટાંકેલું છે- ''यथा यथा हि पुरुषो नित्यं शास्त्रं निषेवते । तथा तथा विजानाति विज्ञानमथ रोचते'' ॥ इति ॥ આ શ્લોકનો એ ભાવ છે કે- પ્રતિદિન પુરૂષ જેમ જેમ શાસ્ત્રોનું સેવન કરતો જાય છે, તેમ તેમ પ્રથમ તો આત્મા અને પરમાત્માનું સામાન્ય જ્ઞાન થાય છે. અને પછી જેમ જેમ શાસ્ત્રોનું મનન કરતો જાય છે. તેમ તેમ આત્મા અને પરમાત્માના સ્વરૂપનું વિશેષ જ્ઞાન થતું જાય છે. આ રીતે આત્મા અને પરમાત્માનું વિશેષ જ્ઞાન થયા પછી જ ઉપાસનાનો પ્રારંભ થાય છે. અર્થાત્ આત્મા અને પરમાત્માના સ્વરૂપનું જે શાસ્ત્રજન્ય યથાર્થ જ્ઞાન છે, એજ ઉપાસનાની (ભક્તિની) આધાર શિલા કહેલી છે. અને ઉપાસના પ્રાપ્ત થયા પછી, વર્ણાશ્રમોના ધર્મનું જે યથાર્થ આચરણ છે, એ ઉપાસનાનું પોષક છે. અર્થાત્ આત્મા પરમાત્માના શાસ્ત્રજન્ય યથાર્થ જ્ઞાનથી ઉપાસનાનો ઉદય થાય છે. અને વર્ણાશ્રમના આચરણથી ઉપાસના પુષ્ટિને પામી અખંડ પરમાત્માના સ્મરણના રૂપમાં પરિણામને પામે છે. અને પોષક એવા વર્ણાશ્રમ ધર્મના સ્વરૂપનું જ્ઞાન પણ શાસ્ત્રોના અભ્યાસ થકી જ પ્રાપ્ત થાય છે. માટે ભક્તજનો હોય તેમણે અવશ્ય શાસ્ત્રોનો અભ્યાસ કરવો, આવો અભિપ્રાય છે. ॥૬૫॥

**यादृशैर्यो गुणैर्युक्तस्तादृशे स तु कर्मणि । योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन ॥६६॥**

મારા આશ્રિતો હોય તેમણે, જે પુરૂષ જેવા ગુણથી યુક્ત હોય, તે પુરૂષને તેવા કાર્યમાં વિચારીને જ જોડવો, પણ જે પુરૂષ જે કાર્યમાં યોગ્ય ન હોય, તેવા પુરૂષને એ કાર્યમાં ક્યારેય પણ જોડવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- જે માણસ જેવા પ્રકારના ધાર્મિક ગુણોથી યુક્ત હોય, અથવા જેવા પ્રકારના વ્યાવહારિક ગુણોથી યુક્ત હોય, તે માણસને તેના ગુણનો નિશ્ચય કરી, તેના ગુણને યોગ્ય એવા કાર્યમાં જ જોડવો, પણ લાયકાતથી વિપરીતપણે ક્યારેય જોડવો નહિ. આ વિષયમાં યાજ્ઞવલ્ક્ય ઋષિએ કહેલું છે કે- ''धर्मकृत्येषु धर्मज्ञान् अर्थकृत्येषु पण्डितान् । स्त्रीषु क्लीबान् नियुञ्जित नीचान् नीचेषु कर्मसु'' ॥ इति ॥ ધર્મ સંબન્ધી કાર્ય હોય, એમાં ધર્મને જાણનારા પુરૂષની નિમણુંક કરવી. અને જે પુરૂષ અર્થ કાર્યમાં યોગ્ય હોય, અર્થાત્ વહીવટ બરાબર ચલાવી શકે એમ હોય, તે પુરૂષની અર્થકાર્યમાં નિમણુંક કરવી. અને વળી સ્ત્રી સંબન્ધી કોઇ કાર્ય હોય, તેમાં નપુંસકની નિયુક્તિ કરવી, અને કોઇ નીચનું કાર્ય હોય, તેમાં નીચ પુરૂષોની નિમણુંક કરવી. આ રીતે જેની જેવી લાયકાત હોય, એ રીતે પુરૂષની કાર્યમાં નિયુક્તિ કરવી. પણ લાયકાતને જોયા વિના ક્યારેય પણ કાર્યમાં નિયુક્તિ કરવી નહિ. અને જો કરવામાં આવે તો એ કાર્ય છિન્ન ભિન્ન થઇ જાય છે. આવો ભાવ છે. ॥૬૬॥

**अन्नवस्त्रादिभिः सर्वे स्वकीयाः परिचारकाः । सम्भावनीयाः सततं यथायोग्यं यथाधनम् ॥६७॥**

અને અમારા આશ્રિતો હોય તેમણે, પોતાના જે સેવકો હોય, કે પોષ્યવર્ગ હોય તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નવસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના કરવી. અર્થાત્ સંભાળ રાખવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- કોઇપણ પ્રાણી પોતાને આશરે રહેલું હોય, તેની અન્નવસ્ત્રાદિકે કરીને કે ઔષધાદિકે કરીને હમેશાં સંભાળ રાખવી. તેમને સંતુષ્ટ કરવા, પણ કલેશ ક્યારેય પણ આપવો નહિ. સ્કન્દપુરાણમાં કાશીખંડને વિષે નવ પોષ્યવર્ગ બતાવેલા છે- ''माता पिता गुरू पत्नि चापत्यानि समाश्रिताः । अभ्यागतः प्रपन्नोऽग्निः पोष्यवर्गा अमी नव'' ॥ इति ॥ માતા, પિતા, ગુરુ, પત્ની, નાના બાળકો, અતિથિ, શરણે આવેલો કોઇપણ પુરૂષ, પોતાને આશરે રહેલો કોઇપણ મજુર, અને અગ્નિ આ નવ પોષ્યવર્ગ કહેલા છે. તો આ સર્વેની અન્ન વસ્ત્રાદિકે કરીને સંભાળ રાખવી. ઘરમાં કોઇ પોપટ પાળેલો હોય, કે કૂતરો પાળેલો હોય તથા આંગણામાં પશુઓ બાંધેલાં

હોય, આ બધાની અન્ન અને જળ વડે સંભાળ રાખવી. પણ તેમને ક્લેશ થાય એવું વર્તન રાખવું નહિ.

આ લોકમાં જે પુરૂષ બીજાનું રક્ષણ કરીને જીવે છે. અર્થાત્ અન્નવસ્ત્રાદિકે કરીને બીજાને સંતુષ્ટ રાખીને પોતે જીવે છે, એજ સાર્થક જીવે છે. અને જે પુરૂષ પોષ્ય વર્ગનું પોષણ કર્યા સિવાય કેવળ પોતાનું જ પેટ ભરનાર છે, તેને શાસ્ત્રમાં જીવતો થકો મરેલો કહેલો છે. અને વળી સારાં સારાં ભોજન, કે સારાં સારાં વસ્ત્રોને પોતે એકલો જ ભોગવે છે. પોષ્યવર્ગનો ભાગ પાડતો નથી, આવા સ્વાર્થી મનુષ્યને તો શાસ્ત્રમાં નિર્દયમાં અતિ નિર્દય કહેલો છે. અને પોતાની પાસે આપવા યોગ્ય વસ્તુ હોવા છતાં પણ પોતાને આશરે રહેનારી કોઈપણ વ્યક્તિ હોય, કે પોતાનો સેવક હોય અથવા કોઈપણ પોષ્યવર્ગ હોય, તેમને જે પુરૂષ સંતુષ્ટ કરી શકતો નથી, તે પુરૂષ ધમણની પેઠે ભલે શ્વાસ લે છે, છતાં તેને મૃત્પ્રાય જ જાણવો. આ રીતે યાજ્ઞવલ્ક્ય ઋષિએ પ્રતિપાદન કર્યું છે. માટે શ્રીહરિનો એવો ભાવ છે કે કોઈપણ પોતાને આશરે રહેનાર પોષ્યવર્ગ હોય, તેમને ક્લેશ આપવો નહિ. ॥૬૭॥

**यादृग्गुणो यः पुरुषस्तादृशा वचनेन सः । देशकालानुसारेण भाषणीयो न चान्यथा ॥६८॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, જે પુરૂષ જેવા ગુણવાળો હોય, તે પુરૂષને તેવા વચને કરીને દેશ કાળને અનુસારે યથાયોગ્ય બોલાવવો, પણ એથી બીજી રીતે ન બોલાવવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- જે પુરૂષ જ્ઞાતિ, કુળ, વિદ્યા, તપ, યોગ, ઐશ્વર્ય, પ્રતાપ એ આદિક જેવા પ્રકારના ગુણોથી યુક્ત હોય, તે પુરૂષને તે તે ગુણોથી યુક્ત, અને તે તે દેશકાળને અનુસારે ઉચ્ચારેલું જે વચન, તે વડે જ બોલાવવો. અર્થાત્ તેના તે ગુણોને સામે રાખીને જ બોલાવવો, પણ તેથી વિપરીતપણે ક્યારેય પણ બોલાવવો નહિ.

હવે શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી દેશને અનુસારે પુરૂષને કઈ રીતે બોલાવવો એનો વિવેક સમજાવતાં કહે છે કે પોતાનો જ પુત્ર હોય, ગુણોથી સંપન્ન હોય, વિદ્વાન હોય, અને એ પુત્રને તુંકારે બોલાવીને જ મોટો કર્યો હોય, સમય જતાં એ પુત્ર પોતાના ગુણને અનુસારે કોઈ સત્તા ઉપર વિરાજમાન થયો હોય, આવા પુત્રને પિતા ભલે ઘરમાં તુંકારે બોલાવતા હોય, પણ એજ પુત્ર જ્યારે પોતાની સત્તા ઉપર હોય, અથવા જાહેર સભામાં બેઠો હોય, ત્યારે તો પિતાએ પુત્રને બહુમાનપૂર્વક અને બહુ વચનથી બોલાવવો. આ રીતે દેશનો વિવેક ચુકવો નહિ. પોતાનું ઘર એ પૃથક્ દેશ છે, અને સભા એ પણ પૃથક્ દેશ છે.

હવે કાળને અનુસારે પુરૂષને કઈ રીતે બોલાવવો જોઈએ, એ વિવેક સમજાવતાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- કાળ એટલે સમય અથવા અવસ્થા, પોતાનો જ શિષ્ય હોય, છતાં અવસ્થાએ કરીને જો વૃદ્ધ હોય તો તેને ગુરૂએ માનપૂર્વક બહુવચનથી બોલાવવો, પણ તુંકારે બોલાવવો નહિ. અથવા પોતાનો જ પુત્ર હોય, તો પિતાએ પુત્રને તુંકારે (એકવચને) ક્યારેય પણ બોલાવવો નહિ. પોતાના પાંચ વર્ષના બાળકને પિતા જે રીતે બોલાવતા હોય, એ રીતે પચાસ વર્ષના પોતાના પુત્રને બોલાવાય નહિ. આ કાળનો વિવેક છે. અર્થાત્ અવસ્થાનો વિવેક છે. માટે ભક્તજનો હોય તેમણે કોઈ પણ પુરૂષને દેશ અને કાળનું અનુસંધાન રાખીને તેના ગુણોને અનુસારે જ બોલાવવો.

હવે અહીં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સ્પષ્ટતા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજે અહીં ગુણ શબ્દ જ ગ્રહણ કરેલો છે. તેથી કોઈ પુરૂષ દોષથી યુક્ત હોય, તેને તેના દોષને અનુસારે બોલાવવો નહિ. અર્થાત્ કોઈ નેત્રોથી રહિત હોય તો " હે અંધ ! " આ રીતે બોલાવવો નહિ. અને કોઈ ધનથી રહિત હોય તો " હે નિર્ધન ! " આ રીતે દોષને આગળ ધરીને ક્યારેય પણ બોલાવવો નહિ. આ રીતનો અહીં વિવેક સમજવો, આવો અભિપ્રાય છે. ॥૬૮॥

गुरुभूपालवर्षिष्ठ-त्यागिविद्वत्तपस्विनाम् । अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ॥६९॥

વિનયથી યુક્ત મારા આશ્રિતો હોય તેમણે, ગુરૂ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી સાધુ, વિદ્વાન અને તપસ્વી આ છ જણા આવે ત્યારે સન્મુખ ઉઠવું, આસન આપવું તથા મધુર વચને બોલાવવા ઈત્યાદિકે કરીને એમનું સન્માન કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- કોઈ સજ્જન પુરૂષો અથવા કોઈ મહાન પુરૂષો આપણે ઘેર આવે તો ઉભા થઈને તત્કાળ તેમની સન્મુખ જવું, અને આદર થકી તેમનું સન્માન કરવું, અને આપણે જો ઉભા થઈને તેમનું સન્માન ન કરીએ તો ક્યારેક મહાન અનર્થની પ્રાપ્તિ થાય છે. ભાગવતના છઠ્ઠા સ્કન્ધમાં એવી કથા છે કે- એક વખત ઈન્દ્ર ઐશ્વર્યના મદથી આંધળો બની ગયો હતો, ભરી સભામાં પત્ની શચીની સાથે ઉંચા સિંહાસન પર બેઠો હતો. આગળ અપ્સરાઓ નૃત્ય કરી રહી હતી. એજ સમયે ત્યાં દેવતાઓના ગુરૂ બૃહસ્પતિ પધાર્યા.

ઈન્દ્રે જોયું કે બૃહસ્પતિ સભામાં આવે છે, છતાં ઈન્દ્ર ઉભો થયો નહિ, અને આસન આપીને સત્કાર પણ કર્યો નહિ. પોતાના સિંહાસનથી ડગ્યો પણ નહિ. તે સમયે બૃહસ્પતિ સમજી ગયા કે આ ઐશ્વર્યના મદનો દોષ છે. બસ ત્યાંથી ચુપચાપ બૃહસ્પતિ નીકળીને પોતાને ઘેર ચાલ્યા ગયા, અને પોતાના યોગ બળથી ત્યાં અંતર્ધાન થઈ ગયા. પછી ઈન્દ્રને ભાન થયું, દોડીને બૃહસ્પતિને ત્યાં ગયો, પણ ત્યાં બૃહસ્પતિ હતા નહિ.

આ બાજુ અસુરોને ખબર પડી કે ઈન્દ્રની સાથે ગુરૂ બૃહસ્પતિનો અણબનાવ થયેલો છે. આ તકનો લાભ લઈને શુક્રાચાર્યના આદેશથી અસુરોએ સ્વર્ગ ઉપર ચડાઈ કરી અને ઈન્દ્રના સ્વર્ગને અસુરોએ છિનવી લીધું. આ રીતે બૃહસ્પતિના સામે ઉભા ન થવાથી ઈન્દ્ર પોતાના રાજ્ય થકી ભ્રષ્ટ થયો હતો. અને મોટા અનર્થને પામેલો હતો.

અને વળી ભાગવતના આઠમા સ્કન્ધમાં બીજી પણ એક કથા છે કે- દ્રવિડ દેશના એક ઈન્દ્રદ્યુમ્ન રાજા હતા. એક સમયે ઈન્દ્રદ્યુમ્ન રાજા પોતાના રાજ્યનો ત્યાગ કરીને મલયાચલ પર્વત ઉપર જઈને ભગવાનની આરાધના કરતા હતા. તે સમયે દૈવ ઈચ્છાથી અગસ્ત્યમુનિ ત્યાં પધાર્યા. ઈન્દ્રદ્યુમ્ન રાજાએ જોયું કે અગસ્ત્ય ઋષિ પધાર્યા છે, છતાં ઉભા થયા નહિ. અને અગસ્ત્ય ઋષિનો સત્કાર કર્યો નહિ. તે સમયે અગસ્ત્ય ઋષિ ક્રોધાયમાન થઈને કહ્યું કે હું અહીં આવ્યો, હું ઋષિ છું, તું જરા ઉભો પણ થતો નથી, હાથીની જેમ મદમસ્ત થઈને બેઠો છે. જા હાથી બની જા. આ રીતે અગસ્ત્ય ઋષિના શાપથી ઈન્દ્રદ્યુમ્ન રાજા ઘોર અજ્ઞાનમય હાથીની યોનિને પામી ગયા. આ પ્રમાણે અગસ્ત્ય ઋષિનો અનાદર કરવાથી ઈન્દ્રદ્યુમ્ન રાજા મહાન અનર્થને પામેલા હતા. માટે શ્રીહરિનો અભિપ્રાય એવો છે કે, કોઈપણ મહાપુરૂષ પોતાને ઘેર આવે તો ઉભા થઈને આસન આપવું, પાણી પાવું મધુર વચને બોલાવવા, ઈત્યાદિકે કરીને સત્કાર કરવો, પણ અનાદર તો ક્યારેય કરવો નહિ. ॥૬૯॥

नोरौ कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके । उपवेश्यं सभायां च जानू बद्ध्वा न वाससा ॥७०॥

મારા આશ્રિતો હોય તેમણે, ગુરૂ, દેવ અને રાજાની સમીપે તથા સભામાં પગ ઉપર પગ ચઢાવીને બેસવું નહિ, તથા વસ્ત્ર વડે ઢીંચણ બાંધીને પણ બેસવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજ આ શ્લોકમાં પોતાના ભક્તોને બેસવાનો વિવેક શીખવાડે છે. ગુરૂ, દેવ કે રાજાની સમીપે જો પગ ઉપર પગ ચઢાવીને બેસીએ તો એ અહંકાર સૂચક એક અવિવેક ગણાય છે. માટે ગુરૂ, દેવ તથા રાજાની સમીપે તો નમ્ર અને વિવેક ભાવથી બેસવું. એજ રીતે સભામાં પણ નમ્ર ભાવથી તથા વિવેકથી સ્વસ્તિક આસન વાળીને બેસવું. અથવા તો પદ્માસન વાળીને બેસવું, પણ પગ ઉપર પગ ચઢાવીને બેસવું નહિ. અને વળી ગુરૂ, દેવ તથા રાજાની સમીપે કે સભામાં વસ્ત્રો વડે

ઢીંચણને બાંધીને બેસવું નહિ, તથા પગ પહોળા કરીને પણ બેસવું નહિ. આ વિષયમાં સ્મૃતિવાક્ય પ્રમાણરૂપ છે. ''आचार्यस्य वृद्धादेरन्तिके च सदस्यपि । वीरासनेन पुरुषो नासीत प्रौढपान्नच'' ॥ इति ॥ આ સ્મૃતિવાક્યનો એ અર્થ છે કે, આચાર્યની સમીપે કે વૃદ્ધાદિકની સમીપે અથવા તો સભામાં વીરાસન વાળીને બેસવું નહિ. તથા પગ પહોળા કરીને બેસવું નહિ. અર્થાત્ વિવેકપૂર્વક બેસવું આવો અભિપ્રાય છે. ॥૭૦॥

**विवादो नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित् । पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाखिलैः ॥७१॥**

સર્વે મારા આશ્રિતો હોય તેમણે, પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ કરવો નહિ, અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન અને વસ્ત્રાદિકે કરીને પોતાના આચાર્યને પૂજવા.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પોતાના આચાર્ય એટલે ગુરૂની સાથે વિવાદ કરવો નહિ. અર્થાત્ આચાર્યનાં ધર્મસંબન્ધી યોગ્ય વચન હોય તો પાછાં ઠેલવાં નહિ. અને આચાર્યની વાણી વડે અવજ્ઞા કરવી નહિ, તથા આચાર્યની સાથે વાણી વડે કજીયો પણ કરવો નહિ. ''पालनीयं गुरो र्वाक्यं सर्वथा परमादरात्'' ॥ इति ॥ આ સ્મૃતિવાક્યની અંદર પ્રતિપાદન કરેલું છે કે, ગુરૂનું વચન સર્વ પ્રકારે પરમ આદર થકી પાલન કરવું અને ગુરૂની અનુવૃત્તિ હમેશાં જાળવવી.

અને વળી પોતાના આચાર્યની પોતાની શક્તિ પ્રમાણે અન્ન, ધન, વસ્ત્ર આદિક ઉપહારો વડે પૂજા કરવી. વિષ્ણુરહસ્યની અંદર કહેલું છે કે- ''उपाहारैर्यथाशक्ति काले काले निजं गुरुम् । अर्चयेद्देववत् प्राज्ञः सर्वदेवमयोगुरुः'' ॥ इति ॥ શિષ્યો હોય તેમણે સમય સમયને અનુસારે અને પોતાની શક્તિને અનુસારે ગુરૂને ઉપહારો અર્પણ કરીને પૂજવા. કારણ કે ગુરૂ સર્વે દેવમય કહેલા છે. ગુરૂની પૂજા કરવાથી સર્વે દેવોની પણ પૂજા કરાયેલી થાય છે. માટે ભાવથી પોતાના આચાર્યની સેવા કરવી આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૭૧॥

**तमायान्तं निशम्याशु प्रत्युद्गन्तव्यमादरात् । तस्मिन् यात्यनुगम्यं च ग्रामान्तावधि मच्छ्रितैः ॥७२॥**

સર્વે મારા આશ્રિતો હોય તેમણે, પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ આચાર્યની સન્મુખ જવું. અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આચાર્ય જ્યારે પોતાને આંગણે પધારતા હોય ત્યારે ભાવપૂર્વક ગુરૂની સન્મુખ જઈને તેનું સન્માન કરવું, પોતાના ગુરૂને આવકાર આપવો, એ તો શિષ્યનો પરમ ધર્મ અને પરમ કર્તવ્ય છે.

અને વળી જ્યારે ગુરૂ પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. અને ગુરૂ જ્યારે પોતાના ગામથી વિદાય લેતા હોય ત્યારે પોતાની શક્તિ પ્રમાણે ગુરૂને ભેટો પણ અર્પણ કરવી. માધવીયપરાશરસ્મૃતિમાં કહેલું છે કે- ''प्रत्युद्गच्छेत् समायान्तं यान्तं चानुव्रजेद्गुरुम् । ग्रामान्तावधि सीमान्तावधि वाऽम्ब्वाशयावधि'' ॥ इति ॥ ગુરૂ જ્યારે પધારે ત્યારે સામા જવું, અને જ્યારે વિદાય લે ત્યારે ગામની ભાગોળ સુધી અથવા ગામના સીમાડા પર્યંત, અથવા તો ગામની બહાર કોઈ જળાશય હોય ત્યાં સુધી વળાવવા જવું. આવો અભિપ્રાય છે. ॥૭૨॥

**अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि । आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोस्ति हि ॥७३॥**

મારા આશ્રિતો હોય તેમણે, ઘણુંક છે ફળ જેમનું એવું કર્મ જો ધર્મથી રહિત હોય તો તે કર્મનું આચરણ કરવું જ નહિ. કારણ કે ધર્મ છે એજ સર્વે પુરૂષાર્થને આપનારો છે. માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- કોઈ મોટા ફળના પ્રલોભનથી પોતાના ધર્મનો ત્યાગ કરી દેવો નહિ. આ લોકમાં અને પરલોકમાં ધર્મ છે, એજ પ્રાણીઓનો સાચો મિત્ર છે. ધર્મ વિના તો ઉપાસના માર્ગની પુષ્ટિ પણ થતી નથી. અને તેના

વિના મોક્ષની સિદ્ધિ થતી નથી. કારણ કે મોક્ષની સિદ્ધિમાં ધર્મ પહેલું પગથીયું છે. તેથી મોક્ષનાં સર્વે સાધનોમાં ધર્મની પ્રાથમિક્તા કહેલી છે. અને વળી આ લોક તથા પરલોક સંબન્ધી જે સુખ છે, એ પણ ધર્મનું પાલન કરવાથી જ પ્રાપ્ત થાય છે. અને ધર્મ છે એજ પોતાના સર્વે ઈચ્છિત મનોરથોને આપનાર છે. સ્મૃતિની અંદર કહેલું છે કે- ''ऐहिकं तु सुखं यत्तद्यच्चाप्यामुष्मिकं सुखम् । धर्मेणैव तदाप्नोति धर्मभ्रष्टो विनश्यति'' ॥ इति ॥ આલોક સંબન્ધી તથા પરલોક સંબન્ધી કોઈપણ સુખ મનુષ્ય ધર્મ વડે જ પ્રાપ્ત કરી શકે છે. અને ધર્મથી ભ્રષ્ટ થયેલો માનવ આલોકના તથા પરલોકના સુખ થકી ભ્રષ્ટ જ થાય છે. અર્થાત્ મોટે ભાગે દુઃખનો જ ભાગીદારી બને છે. સકામ ભાવથી જો ધર્મનું આચરણ કરવામાં આવે, તો એ ધર્મ સ્વર્ગાદિકના સુખને આપનાર થાય છે. અને નિષ્કામ ભાવથી જો ધર્મનું આચરણ કરવામાં આવે, તો એ ધર્મ મોક્ષને આપનાર થાય છે. આ રીતે ધર્મ સર્વે પુરૂષાર્થને આપનારો કહ્યો છે. માટે કોઈ મહાન પ્રલોભનમાં વશ થઈને ધર્મનો ત્યાગ કરવો નહિ. અર્થાત્ કોઈ પોતાને પ્રલોભન આપે કે તું આ માણસનો વધ કરી નાખ, હું તને એક કરોડ રૂપિયા આપીશ. તો મનુષ્યનો વધ કરવા રૂપ કર્મ ધર્મથી વિરૂદ્ધ છે. તેથી એક કરોડ રૂપિયાના પ્રલોભનથી પણ અહિંસારૂપ પોતાના ધર્મનો ત્યાગ કરવો નહિ. અર્થાત્ કોઈપણ કર્મ અલ્પ ધર્મથી વિરૂદ્ધ હોય, એવા કર્મનું કોઈ પ્રલોભનને લીધે પણ આચરણ કરવું નહિ, આવો અભિપ્રાય છે. ॥૭૩॥

**पूर्वैर्महद्भिरपि यदधर्माचरणं क्वचित् । कृतं स्यात्तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ॥७४॥**

સર્વે મારા આશ્રિતો હોય તેમણે, પૂર્વે થઈ ગયેલા મહાપુરૂષોએ પણ જો ક્યારેક કાંઈ અધર્માચરણ કર્યું હોય, તો તેનું ગ્રહણ કરવું નહિ, અને એ મહાપુરૂષોએ જે ધર્માચરણ કર્યું હોય, તેનું ગ્રહણ કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પૂર્વ કાળે થઈ ગયેલા અને તપ, યોગ, ઐશ્વર્ય ઈત્યાદિક ગુણે કરીને પ્રસિદ્ધ એવા બ્રહ્માદિક શિષ્ટપુરૂષોએ પણ કામાતુર થઈને પોતાની જ પુત્રીની પાછળ દોડવું, એ આદિક અધર્માચરણ ક્યારેક કર્યું હોય; તો તેનું અનુસરણ કરવું નહિ. પણ એમના વચનને અનુસરવું, વચનને અનુસરવાથી કલ્યાણ થાય છે. મહાપુરૂષોનાં વચનો કલ્યાણકારી હોય છે, પણ આચરણો તો કોઈક જ કલ્યાણકારી હોય, માટે મહાપુરૂષોનાં જે પવિત્ર આચરણો હોય, એ કલ્યાણકારી હોય છે, તેનું અનુસરણ કરવું, અને અપવિત્ર આચરણો હોય તેનું અનુસરણ કરવું નહિ. અને જો મૂઢપણાથી મહાપુરૂષોના અપવિત્ર અથવા નિંદિત આચરણનું અનુસરણ કરે, તો તેની અધોગતિ જ થાય છે. સ્મૃતિવાક્યની અંદર કહેલું છે કે- नैतत् समाचरेत्जातु मनसापि ह्यनीश्वरः । विनश्यत्याचरन् मौढयाद्यथा रुद्रोऽब्धिजं विषम् ॥ इति ॥ જેવી રીતે સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા ઝેરને શંકર પી ગયા. શંકર પોતે સમર્થ હોવાથી એ ઝેરને પોતાની યોગશક્તિથી કંઠમાં જ સુકાવી દીધું, પણ જો શંકરનો વાદ લઈને કોઈ ઝેરનું પાન કરે તો, પોતે અસમર્થ હોવાથી મૃત્યુ જ પામે. માટે અસમર્થ હોય તેમણે મન વડે પણ નિંદિત કર્મનું આચરણ કરવું જોઈએ નહિ.

એક વખત શંકરાચાર્યજી પોતાના શિષ્યોની સાથે ભિક્ષા માગવા નીકળેલા હતા. તે સમયે શિષ્યોની પરીક્ષા સારૂં એક દારૂની ભટ્ટી પાસે ''भिक्षां देहि'' આમ કહીને ઉભા રહ્યા. દારૂની ભટ્ટીવાળા પાસે તો આપવા યોગ્ય બીજું કાંઈ હતું નહિ. તેથી તેમણે અતિ ભાવથી શંકરાચાર્યજીના પાત્રમાં દારૂ અર્પણ કર્યો. અને એજ વખતે શંકરાચાર્યજી શિષ્યોના દેખતાં જ અતિ ભાવથી દારૂ પી ગયા.

તે સમયે કેટલાક શિષ્યોને આનંદ થયો, અને ગુરૂ એવા શંકરાચાર્યજીના આચરણને અનુસરીને દારૂ પીવા તત્પર થયા. તે સમયે તો શંકરાચાર્યજીએ શિષ્યોને દારૂ પીતાં અટકાવ્યા. પછી થોડે આગળ જતાં એક ભટ્ટીમાં શિશુનો રસ ઉકળતો હતો, ત્યાં જઈને શંકરાચાર્યજી ઉકળતા શિશુનું પાન કરવા લાગ્યા, અને પોતાની યોગશક્તિથી ઉકળતા શિશુને પણ પચાવી ગયા. તે જોઈને શિષ્યો તો પાછા હઠવા લાગ્યા. તે

સમયે શંકરાચાર્યજીએ કહ્યું કે આવો, ત્યાં દારૂ પીવા માટે તૈયાર થયા હતા, તો આ ઉકળતો શિશુ પણ પીઓ. તે સમયે શિષ્યો સમજી ગયા કે ગુરૂ તો સમર્થ છે. સમર્થ ગુરૂના આચરણને અનુસરાય નહિ. પણ તેમના ઉપદેશને અનુસરાય. આ રીતે મહાપુરૂષોનો વાદ લઈને તેમના આચરણને ક્યારેય પણ અનુસરવું નહિ.

મહાપુરૂષોના અયોગ્ય આચરણમાં પણ કાંઈ ને કાંઈ રહસ્ય છુપાયેલું હોય છે. જેમ કે પરાશર ઋષિએ મત્સ્યગન્ધાની સાથે વિહાર કર્યો, તો પરાશર ઋષિના એ કર્મથી મત્સ્યગન્ધા થકી ભગવાન વ્યાસની ઉત્પત્તિ થઈ. આ રીતે મહાપુરૂષોનાં નિંદિત કર્મમાં પણ ગૂઢ રહસ્ય હોય છે. એ આપણે જાણી શકતા નથી.

અને વળી આપણા સંપ્રદાયના ઈતિહાસમાં એવું સાંભળવા મળે છે કે, ચૈતન્યાનંદ સ્વામી માનના કારણે સત્સંગમાંથી નીકળીને ચાલ્યા ગયા. આ વાત સાંભળીને આપણા મનમાં એમ થાય કે, માનના પરાભવને લીધે ચૈતન્યાનંદ સ્વામી પણ સત્સંગમાં રહી શક્યા નહિ. ચૈતન્યાનંદ સ્વામી જેવા મહાન સમર્થને પણ માન થકી પરાભવ થયો. આમ ઉપરની દષ્ટિથી થોડું નિંદિત જેવું લાગે, પણ આમાં તો ઈશ્વરની જ પ્રેરણા હતી. ઈશ્વરને ચૈતન્યાનંદ સ્વામી દ્વારા કુશળકુંવરબાઈને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને મોક્ષગતિ આપવાની હતી. કુશળકુંવરબાઈનો મોક્ષનો સમય નજીક આવેલો હતો. જ્યારે મોક્ષનો સમય નજીક આવેલો હોય, ત્યારે કોઈપણ મહાપુરૂષનો યોગ થાય છે. અને મહાપુરૂષના યોગથી ઈશ્વરમાં ભક્તિ ઉત્પન્ન થાય છે. અને ભક્તિથી મોક્ષ થાય છે. આવો શાસ્ત્રોનો અભિપ્રાય છે. આ રીતે ચૈતન્યાનંદ સ્વામી માનને લીધે ગઢપુરથી શ્રીજીમહારાજને છોડીને ચાલ્યા ગયા, તેમાં પણ કુશળકુંવરબાઈને ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન આપવા રૂપ ગૂઢ રહસ્ય છૂપાયેલું હતું. માટે કોઈપણ મહાપુરૂષનું અધર્મ જેવું આચરણ જણાય તો એ આચરણને કદી પણ અનુસરવું નહિ. માત્ર એટલું જ નહિ, મહાપુરૂષના એ અધર્મ જેવા આચરણને સાંભળીને નિંદા પણ ક્યારેય કરવી નહિ. આ વિષયમાં મહાભારતનું વાક્ય પ્રમાણરૂપ છે- ''कृतानि यानि कर्माणि देवतैर्मुनिभिस्तथा । नाचरेत्तानि धर्मात्मा श्रुत्वा चापि न कुत्सयेत्'' ॥ इति ॥ આ શ્લોકમાં ભીષ્મપિતામહે કહેલું છે કે- કોઈ દેવતાઓએ તથા મુનિઓએ કરેલા અયોગ્યાચરણનું અનુસરણ ધર્માત્મા પુરૂષોએ કરવું નહિ. અને અયોગ્યાચરણને સાંભળીને દેવતાઓની કે મુનિઓની નિંદા પણ કરવી નહિ. કારણ કે મહાપુરૂષોના અયોગ્ય કર્મમાં કાંઈ ને કાંઈ ગુપ્ત રહસ્ય સમાયેલું હોય છે. માટે શ્રીહરિનો ભાવ એવો છે કે મહાપુરૂષોનું સારૂં આચરણ હોય એજ સ્વીકારવું ખરાબ આચરણને સ્વીકારવું નહિ. અને સાંભળીને નિંદા પણ કરવી નહિ. ॥૭૪॥

**गुह्यवार्ता तु कस्यापि प्रकाश्या नैव कुत्रचित् । समदृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यतिक्रमः ॥७५॥**

મારા આશ્રિત હોય તેમણે, કોઈની પણ ગુપ્ત વાત કોઈ જગ્યાએ પ્રગટ કરવી નહિ. અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય, તેનું તેવી રીતે સન્માન કરવું, પણ સમદષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- કોઈપણ પુરૂષ હોય કે સ્ત્રી હોય, કે નપુંસક હોય, કોઈની પણ ગુપ્ત વાર્તા કોઈની સમીપે જાહેર કરવી નહિ. કોઈની ગોપનીય વાર્તા પ્રસિદ્ધ કરી નાખવાથી કોઈ સમયે તેને આત્મઘાત કરવાનો પણ પ્રસંગ આવે છે. અને વળી કોઈની ગુપ્ત બાબત જાહેર કરી નાખવાથી ઘણી વખત આ લોકમાં વ્યાપાર ધંધામાં પણ મોટું નુકશાન થતું હોય છે. યાજ્ઞવલ્ક્ય ઋષિએ પણ કહ્યું છે કે- ''न किञ्चित् मर्मणि स्पृशेत्'' ॥ इति ॥ કોઈના પણ મર્મ સ્થળમાં સ્પર્શ કરવો નહિ. અર્થાત્ કોઈનું ખાનગી વૃતાન્ત પ્રગટ કરવું નહિ.

અને વળી સર્વત્ર એક જ બ્રહ્મ છે, તેમાં કોણ મોટો અને કોણ નાનો, આપણા માટે તો બધાય સરખા, આ રીતે સમદષ્ટિથી યથાયોગ્ય

પૂજા મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. અર્થાત્ સમદષ્ટિથી પૂજનીય વ્યક્તિનો અનાદર કરવો નહિ. જે જીવનો જે રીતે પૂજા સત્કાર કરવો ઘટતો હોય, તે રીતે તે જીવનો પૂજા સત્કાર કરવો. આદરણીય વડીલ અને પૂજનીય વ્યક્તિ હોય તેની પૂજા કરવી, આદર આપવો. અને વળી જેનામાં વિશેષ સદ્ગુણો દેખાય તેને વિશેષ આદર આપવો, જેનામાં ઓછા સદ્ગુણો દેખાય, તેને ઓછો આદર આપવો. સદાચારી હોય તેને વિશેષ આદર આપવો, દુરાચારી હોય તેને ઓછો આદર આપવો. અને જો સદાચારી અને દુરાચારીને વિષે, તથા ભક્ત અને અભક્તને વિષે સમાન આદર રાખે, અને સમાન પૂજા સત્કાર કરે, તો સત્ અને અસત્નો જે વિવેક છે, તે નાશ પામી જાય છે. અને આગળ જે મોટા મોટા ભક્તો થઇ ગયા છે, એમણે પણ ભગવાન અને ભગવાનના ભક્તનો જ પક્ષ રાખ્યો છે, વિમુખનો કોઇએ પણ પક્ષ રાખ્યો નથી. અને આ પૃથ્વી ઉપર જેટલા અવતારો થયા, એમણે પણ ભક્તોની રક્ષા કરી છે. અને અસુરોનો નાશ કર્યો છે. માટે જેની જેટલી લાયકાત હોય, તેને તેટલો આદર આપવો, પણ સમદષ્ટિથી મર્યાદાનો ભંગ કરવો નહિ.

અને શાસ્ત્રમાં જે સમદષ્ટિ બતાવેલી છે, એ સમદષ્ટિ તો એ જગ્યાએ રાખવી કે ઉંચ અને નીચ બધા પ્રાણીઓની અંદર અંતર્યામિપણે ભગવાન રહ્યા છે. એમ માનીને બધા પ્રાણીઓને બ્રહ્માત્મકભાવથી નમસ્કાર કરવા. આ રીતે બ્રહ્માત્મક ભાવથી પ્રાણીઓને નમસ્કાર કરવાથી એ નમસ્કાર પરમાત્માને જ પ્રાપ્ત થાય છે. અને જેમ મને દુઃખ લાગે છે, તેમ બીજાને પણ દુઃખ લાગતું હશે, આવા ભાવથી કોઇ ઉંચ કે નીચ પ્રાણીઓને દુઃખ આપવું નહિ. આ રીતે બધા પ્રાણીઓને આત્મવત્ માનીને દુઃખ નહિ આપવાની બાબતમાં સમદષ્ટિ રાખવી. પણ સદાચારી અને દુરાચારીના વિષયમાં તો જેને જેટલું યોગ્ય હોય, તેને તેટલું સન્માન કરવું કે આદર આપવો. પણ મને તો બધા સરખા એમ માનીને પૂજામર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ, આવો અભિપ્રાય છે. ॥૭૫॥

**विशेषनियमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि । एकस्मिन् श्रावणे मासि स त्वशक्तैस्तु मानवैः ॥७६॥**

મારા સર્વે આશ્રિતો હોય તેમણે, ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારણ કરવો. અને જે ચાર માસ પર્યંત વિશેષ નિયમ ધારણ કરવામાં અસમર્થ હોય તેમણે એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારણ કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ચાતુર્માસ એટલે અષાઢ મહિનાના શુક્લ પક્ષની નિયમ એકાદશીથી આરંભીને કાર્તિક મહિનાના શુક્લ પક્ષની પ્રબોધની એકાદશી પર્યંતના જે ચાર માસ તેને ચાતુર્માસ કહેવાય છે. આ ચાતુર્માસના જે ચાર મહિના છે એ સત્વગુણી છે. અને ઉનાળાના ચાર મહિના તમોગુણી છે, તથા શિયાળાના ચાર મહિના રજોગુણી છે. અને વળી ચાતુર્માસના ચાર મહિનામાં દેવતાઓ પણ તપ કરે છે. આપણા ઈષ્ટદેવ નીલકંઠ વર્ણીએ પણ પુલહાશ્રમમાં જઈને ચાતુર્માસના ચાર મહિના સુધી તપ કરેલું હતું. માટે આ ચાતુર્માસ સત્વગુણી અને તપોમય છે. તેથી ભક્તજનો હોય તેમણે નિયમ તો હમેશાં ધારણ કરવો, પણ ચાતુર્માસમાં હમેશના કરતાં કાંઈક વિશેષ નિયમ ધારણ કરવો. ચાર માસ પર્યંત વિશેષ નિયમ ધારણ કરવાને માટે જે અસમર્થ હોય, તેમણે એક શ્રાવણ માસમાં વિશેષ નિયમ ધારણ કરવો. અને જો પુરૂષ ચાતુર્માસની અંદર કોઈપણ વિશેષ નિયમ અથવા તો વ્રત ધારણ કરતો નથી, અને ચાતુર્માસને વ્યર્થ જવા દે છે, તો એ પુરૂષને આખા વર્ષમાં થયેલું પાપ લાગે છે. માટે ચાતુર્માસમાં ચારે માસ અથવા તો એક માસ અવશ્ય વિશેષ નિયમ ધારણ કરવો, આવો અભિપ્રાય છે. ॥૭૬॥

**विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्तनम् । महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ॥७७॥**

**साष्टाङ्गप्रणतिश्चेति नियमा उत्तमा मताः । एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ॥७८॥**

અને વિશેષ નિયમો ક્યા ? તો કહે છે કે- ભગવાનની કથાનું શ્રવણ કરવું, તથા ભગવાનની કથા વાંચવી, તથા ભગવાનના ગુણોનું કીર્તન કરવું, તથા ભગવાનની મહાપૂજા કરવી, તથા ભગવાનના મંત્રનો જપ કરવો, તથા સ્તોત્રનો પાઠ કરવો, તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી, અને ભગવાનને સાષ્ટાઙ્ગ નમસ્કાર કરવા. આ જે આઠ પ્રકારના નિયમો છે, એ અમોએ ઉત્તમ માનેલા છે. માટે આ નિયમમાંથી કોઈ એક નિયમ ચાતુર્માસમાં વિશેષપણે ભક્તિએ કરીને ધારણ કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ભગવાનના ભક્તોએ વાંચવા માંડેલી શ્રીમદ્ભાગવતાદિક પુરાણોની કથા પ્રતિદિન નિયમ વડે અને વિધિપૂર્વક સાંભળવી, આ પહેલો નિયમ છે. (૨) કોઈ સાંભળનારા હોય તો તેની આગળ પ્રતિદિન નિયમ વડે વાંચવી, અથવા ભગવાનની સમીપે બેસીને પારાયણ કરવી, આ બીજો નિયમ છે. (૩) પ્રાકૃત ભાષામાં રચાયેલાં ભગવાનનાં ચરિત્રો કે ગુણોનું પ્રતિદિન નિયમ વડે કીર્તન કરવું, આ ત્રીજો નિયમ. (૪) પંચામૃત સ્નાને કરીને મહાભિષેક, મહાનૈવેદ્ય, મહાઆરતી, તેણે સહિત ભગવાનની મહાપૂજા પ્રતિદિન નિયમ વડે કરવી, આ ચોથો નિયમ. (૫) સર્વે મંત્રોનો રાજા જે ભગવાનનો અષ્ટાક્ષર મંત્ર તેનો જપ યથાવિધિ, યથાશક્તિ અને નિયમપૂર્વક પ્રતિદિન કરવો, આ પાંચમો નિયમ. (૬) વિષ્ણુસહસ્રનામ, જનમંગલ સ્તોત્ર, સર્વમંગલ સ્તોત્ર આદિક સ્તોત્રનો પાઠ વિધિ પ્રમાણે અને સંખ્યાને અનુસારે પ્રતિદિન નિયમપૂર્વક કરવો, આ છઠ્ઠો નિયમ. (૭) તેવી જ રીતે ૧૦૮ આદિકના નિયમવડે ભગવાનને પ્રદક્ષિણાઓ પ્રતિદિન કરવી, આ સાતમો નિયમ. (૮) અને ભગવાનને સાષ્ટાઙ્ગ પ્રણામ પ્રતિદિન નિયમપૂર્વક કરવા, આ આઠમો નિયમ. શ્રીજીમહારાજ કહે છે કે- આ આઠ નિયમોમાં સાક્ષાત્ ભગવાનનો સંબન્ધ છે, તેથી પોતે ઈચ્છેલા ફળથી પણ અધિક ઉત્કૃષ્ટ ફળને આપનાર છે, માટે આ આઠ નિયમોને અમોએ સર્વશ્રેષ્ઠ માનેલા છે. એ કારણથી આ આઠ નિયમોને મધ્યે કોઈપણ એક નિયમ વિશેષે કરીને અને ભક્તિ વડે એટલે ભગવાનની પ્રસન્નતાને માટે જ ધારણ કરવો, પણ બીજા કોઈ લૌકિક ફળની પ્રાપ્તિને માટે, આ વિશેષ નિયમ ધારણ કરવો નહિ.

બીજા પણ જે ઉત્કૃષ્ટ નિયમોનો સ્મૃતિઓ તથા પુરાણોમાં સંગ્રહ કરેલો છે, તે નિયમો શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી અહીં બતાવે છે- હમેશાં પોતાની ઈન્દ્રિયોને ભગવાનના સંબન્ધ વિનાના પંચવિષયો થકી પાછી વાળી લેવી, પણ જ્યારે ચાતુર્માસ આવે ત્યારે વિશેષે કરીને ઈન્દ્રિયોને પાછી વાળવી. અને મનુષ્યોના શરીરમાં એક અહંકાર રૂપી ઝેર રહેલું છે, એ અહંકારરૂપી ઝેરનો તો હમેશાં ત્યાગ કરી દેવો જોઈએ, પણ જ્યારે ચાતુર્માસ આવે ત્યારે વિશેષે કરીને અહંકારરૂપી ઝેરનો ત્યાગ કરી દેવો. અને વળી ડાહ્યા પુરૂષોએ હમેશાં સાચું બોલવું જોઈએ. પણ ચાતુર્માસમાં તો વિશેષે કરીને ભગવાનની પ્રસન્નતાને અર્થે સાચું બોલવું. અને વળી બ્રહ્મચર્ય કરતાં બીજો કોઈ શ્રેષ્ઠ ધર્મ નથી, તેથી પોતપોતાના આશ્રમને અનુસારે હમેશાં બ્રહ્મચર્યનું પાલન કરવું, પણ ચાતુર્માસને વિષે તો વિશેષે કરીને બ્રહ્મચર્યનું પાલન કરવું, કામ, ક્રોધ અને લોભ આ ત્રણે નરકનાં દ્વાર કહેલાં છે. તેમાં કામ તો રાજી રાખીને પ્રાણીઓનું ખરાબ કરે છે, તેથી કામ કટ્ટો શત્રુ કહેલો છે. અને ક્રોધ પ્રાણીઓના પુણ્યને બાળી નાખનારો છે. તથા લોભ સર્વે પાપોના મૂળરૂપ છે. માટે આ ત્રણે શત્રુઓનો હમેશાં ત્યાગ કરી દેવો જોઈએ. પણ ચાતુર્માસમાં તો વિશેષે કરીને આ શત્રુઓને જીતી લેવા. આ બધા નિયમોને મધ્યે કોઈપણ એક નિયમ વિશેષે કરીને ભગવાનની પ્રસન્નતાને માટે ધારણ કરવો.

અને વળી વિશેષ નિયમો ધારણ કરવા, આમ કહ્યું તેથી સામાન્ય નિયમો પણ પોતાની શક્તિ પ્રમાણે ધારણ કરવા જોઈએ, એવું સુચવેલું છે. તે સામાન્ય નિયમો અહીં શતાનંદ સ્વામી સંક્ષેપથી બતાવે છે કે- ચાતુર્માસના પહેલા મહિનામાં શાક ખાવાનો ત્યાગ કરવો, બીજા મહિનામાં દહીંનો ત્યાગ કરી દેવો, ત્રીજા મહિનામાં દૂધ પીવાનો ત્યાગ કરી દેવો, અને ચોથા મહિનામાં જે ધાન્યનાં બે પડ થતાં હોય, એવા મગ,

ચણા, અડદ આદિક દ્વિદળનો ત્યાગ કરી દેવો, ચાર માસ સુધી ખાટલા ઉપર કે પલંગ ઉપર સુવાનો ત્યાગ કરી દેવો. વેંતાક, મૂળા અને શેરડીનો ત્યાગ કરી દેવો. જે ફળમાં ઘણાંક બીજો હોય, એવાં ફળોનો પણ ત્યાગ કરી દેવો. આ બધા સામાન્ય નિયમો શાસ્ત્રોમાં બતાવેલા છે. તો આ નિયમોનું પણ ચાતુર્માસમાં પાલન કરવું, આવો અભિપ્રાય છે. ॥૭૭ - ૭૮॥

एकादशीनां सर्वासां कर्तव्यं व्रतमादरात् । कृष्णजन्मदिनानां च शिवरात्रेश्च सोत्सवम् ॥७९॥

મારા આશ્રિતો હોય તેમણે, સર્વે એકાદશીઓનું વ્રત આદર થકી કરવું. અને જન્માષ્ટમી આદિક ભગવાનના જન્મદિવસોનું વ્રત પણ આદર પૂર્વક કરવું. તથા શિવરાત્રીનું વ્રત પણ આદરપૂર્વક કરવું. અને એ વ્રતોને દિવસે મોટા ઉત્સવો કરવા.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- બન્ને પક્ષની એકાદશીનું વ્રત શ્રદ્ધાથી કરવું. કેટલાકનો મત એવો છે કે, શુક્લ પક્ષની એકાદશીનું વ્રત અવશ્ય કરવું, પણ કૃષ્ણપક્ષની એકાદશીનું વ્રત ન થઇ શકે તો દોષ નહિ. અને વળી કેટલાકનો મત એવો છે કે- ચાતુર્માસની એકાદશીનું વ્રત અવશ્ય કરવું, પણ બીજી આઠ માસની એકાદશીનું વ્રત ન થઇ શકે તો દોષ નહિ. પરંતુ શ્રીજીમહારાજ કહે છે કે- બન્ને પખવાડિયાની એકાદશીનું વ્રત અવશ્ય કરવું. અર્થાત્ બારે માસની સર્વે એકાદશીઓને સમાન ગણવી. તત્ત્વસાગરને વિષે કહેલું છે કે- ''यथा शुक्ला तथा कृष्णा यथा कृष्णा तथोत्तरा । तुल्ये ते मन्यते यस्तु स वैष्णव उच्यते'' ॥ इति ॥ જે પુરૂષો બન્ને પખવાડિયાની એકાદશીને સમાન માનીને એમનું વ્રત કરે છે, તેને જ વૈષ્ણવ કહેલો છે. માટે ભક્તોએ બન્ને પક્ષની એકાદશીનું વ્રત કરવું. વ્રત એટલે ઉપવાસ, પૂજા, જાગરણ એ આદિકનો નિયમ. અર્થાત્ એકાદશીને દિવસે ઉપવાસ કરવો, ભગવાનની મહાપૂજા કરવી, જાગરણ કરવું, એ આદિક વ્રતોથી ઈન્દ્રિયોને સંયમિત કરીને ભગવાનની સમીપે રાખવી. વ્રત અને ઉપવાસોથી ઈન્દ્રિયો અને મન ઉપર વિજય મેળવી શકાય છે. એકાદશી આદિક વ્રતો તથા ઉપવાસોના અનુષ્ઠાનથી ઈન્દ્રિયો અને અંતઃકરણની શુદ્ધિ થાય છે. વ્રતો અને ઉપવાસોથી અનેક શરીર સંબન્ધી વ્યાધિઓ દૂર થાય છે, અને માનસિક આધિઓ પણ દૂર થાય છે. ચંચળ મનનો નિગ્રહ કરવો એજ તમામ વ્રતોનું અંતિમ લક્ષ્ય છે. મનનો જ્યારે નિગ્રહ થાય છે, ત્યારે ઈન્દ્રિયો આપો આપ વશ થઈ જાય છે. આ રીતે (અગિયાર) ઈન્દ્રિયોનો જે સંયમ છે, એ આધ્યાત્મિક માર્ગમાં અનિવાર્ય છે. જ્યાં સુધી અગિયાર ઈન્દ્રિયો સંયમિત નથી થતી, ત્યાં સુધી મનુષ્ય આધ્યાત્મિક માર્ગના પંથે ચડી શકતો નથી. માટે સર્વે એકાદશીઓનું વ્રત આદરપૂર્વક અને શ્રદ્ધાથી કરવું.

અને વળી એકાદશીને દિવસે અન્ન તો ક્યારેય પણ જમવું નહિ, અને જો કોઇ એકાદશીને દિવસે અન્ન જમી લે છે. તો તેને મહાન દોષ લાગે છે. આ વિષયમાં લઘુ નારદીયપુરાણનું વાક્ય પ્રમાણરૂપ છે- ''एकादश्यां यो भुङ्क्ते नरोऽन्नं स तु पातकी । विण्मूत्रपूयवाहिन्यां पतत्येव न संशयः'' ॥ इति ॥ આ શ્લોકનું તાત્પર્ય એ છે કે, જે પુરૂષ એકાદશીને દિવસે અન્ન જમી લે છે. તે પાપી પુરૂષ વિષ્ટા, મુત્ર અને પરુ જેમાં વહે છે, આવી નદીમાં પડે છે. અર્થાત્ વારંવાર જન્મ અને મરણરૂપી સંસારને પામે છે. એમાં કોઇ જાતનો સંશય નથી. માટે એકાદશીને દિવસે અન્ન તો ક્યારેય પણ જમવું નહિ.

અને વળી બ્રહ્મચર્યથી રહિત કોઈપણ વ્રત ફળ આપનાર થતું નથી, માટે વ્રતને દિવસે બ્રહ્મચર્યનું અવશ્ય પાલન કરવું. વ્રતને દિવસે તથા ઉપવાસને દિવસે દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, તેવી જ રીતે મૈથુનનો પણ ત્યાગ કરી દેવો. અને વળી વ્રતના દિવસે કાષ્ટ વડે દાંત સાફ કરવા નહિ. અને વ્રતના ઉપવાસને દિવસે ઉપવાસ કરનારાએ રાંધેલ અન્નની સામું જોવું નહિ. તથા અન્નને સુંઘવું પણ નહિ.

અને વળી એકાદશીના વ્રતને દિવસે પૂર્ણ ઉપવાસ કરવામાં જે અસમર્થ હોય તેમણે ફળાહાર કરીને ગૌણ ઉપવાસ કરવો, પણ અનાજ તો જમવું જ નહિ. અને પ્રબોધની એકાદશી, પરિવર્તિની એકાદશી અને નિયમની એકાદશી, આ ત્રણ એકાદશીને દિવસે તો ફળાહાર કરવાનો

પણ નારદીયપુરાણમાં નિષેધ કરેલો છે.- ''शयने च मदुत्थाने मत्पार्श्वपरिवर्तने । नरो मूलफलाहारी यदि हृदि शल्यं ममार्पयेत्'' ॥ इति ॥ આ શ્લોકનું એ તાત્પર્ય છે કે- નિયમની, પરિવર્તિની તથા પ્રબોધની એકાદશી, આ ત્રણ એકાદશીને દિવસે જે પુરૂષ ફળાહાર કરી લે છે, તે પુરૂષ તો મારા હૃદયમાં મને ભાલાં અર્પણ કરે છે. આવું મને વસમું લાગે છે. આ રીતે સ્વયં ભગવાને કહેલું છે.

અને વળી આ બધાં વ્રતો જે કહેલાં છે, એતો સમર્થને માટે કહેલાં છે. અસમર્થ હોય તેને માટે આ નિયમો લાગુ પડતા નથી. જેમ કે- ''रोगार्तस्य तु अन्नभक्षणेऽपि न दोषः'' ॥ इति ॥ પથારી વશ થયેલા જે રોગી હોય, તેને તો એકાદશીને દિવસે અન્ન જમી લેવામાં પણ દોષ નથી. આ સર્વે વ્રતોનો જે વિધિ છે, એતો બાળક વૃદ્ધ અને રોગી સિવાયના સશક્ત મનુષ્યોને માટે છે.

હવે એ એકાદશી કઇ રીતે પ્રગટ થઇ, તેની કથા સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણમાં વિસ્તાર પૂર્વક વર્ણવેલી છે. આદિ સત્યયુગને વિષે એક નાડીજંઘ નામનો અસુર હતો. તેનો મુરદાનવ નામનો પુત્ર હતો. મુરદાનવે કઠીન તપશ્ચર્યા વડે બ્રહ્માની આરાધના કરીને ''દેવતાઓ થકી પણ હું ન મરૂં'' આવું અવધ્યપણાનું વરદાન પ્રાપ્ત કરેલું હતું. તેથી મદ વડે ઉદ્ધત બનીને દેવતાઓને ખુબ દુઃખ આપતો હતો. મુરદાનવથી પીડાયેલા દેવતાઓ બ્રહ્માને શરણે જઇને પોતાનું દુઃખ નિવેદન કર્યું. બ્રહ્મા પોતે મુરદાનવને મારવા માટે અસમર્થ હોવાથી, દેવો અને શિવની સાથે ક્ષીરસાગરને કિનારે જઇને, તીવ્ર તપશ્ચર્યા વડે વાસુદેવ ભગવાનની આરાધના કરી. ભગવાન પ્રસન્ન થઇને પ્રગટ દર્શન આપ્યાં, દેવોએ મુરદાનવ થકી પોતાને થયેલું કષ્ટ ભગવાનની આગળ નિવેદન કર્યું. વાસુદેવ ભગવાન દેવતાઓનું કષ્ટ સાંભળીને, મુરદાનવની ચન્દ્રવતી નામની નગરી પ્રત્યે જઇને પાંચજન્ય નામનો શંખ વગાડ્યો. તે શંખનો નાદ સાંભળીને મુરદાનવ ભગવાનની સાથે યુદ્ધ કરવા ધસી આવ્યો. ભગવાને મુરદાનવની સાથે હજારો વર્ષ પર્યંત યુદ્ધ કર્યું, પણ બ્રહ્માના વરદાનને સત્ય કરવા માટે ભગવાન મુરદાનવને મારવા સમર્થ થઇ શક્યા નહિ. પછી થાકી ગયેલા ભગવાન જાણે ભય પામી ગયેલા હોય ને શું, તેની પેઠે બદરીકાશ્રમમાં સિંહવતી ગુફામાં જઇને સૂઇ ગયા. ભગવાને પોતાની અગિયાર ઇન્દ્રિયોને સ્વસન્મુખ કરી, ક્ષણ વાર યોગનિદ્રાનો સ્વીકાર કર્યો, ત્યાં તો મુરદાનવ તત્કાળ જ સિંહવતી ગુફામાં ધસી આવ્યો. યોગનિદ્રામાં સૂતેલા ભગવાને તો ત્યાં આવેલા ઉદ્ધત મુરદાનવને અંતર્દૃષ્ટિથી જાણી લીધો. અને બ્રહ્માના વરદાનથી એ મુરદાનવ અવધ્ય છે, એમ જાણીને મુરદાનવ ઉપર જરા ક્રોધાયમાન થતાં, ભગવાનની અગિયાર ઇન્દ્રિયો થકી અતિ તપસ્વિની એક સ્ત્રી ઉત્પન્ન થઇ. રૂપ અને સદ્‌ગુણોથી સંપન્ન એ તપસ્વિની સ્ત્રીને જોઇને મુરદાનવ મોહિત થઇ ગયો, અને વરવાની માંગણી કરી.

તે સમયે તપસ્વિની તે સ્ત્રીએ કામાન્ધ બનેલા મુરદાનવને કહ્યું કે- યુદ્ધમાં જે મને જીતે તેને જ હું વરૂં, આવું મારૂં વ્રત છે. માટે યુદ્ધમાં જીતીને મને ગ્રહણ કર. તે સમયે કામાન્ધ બનેલા મુરદાનવે વિચાર કર્યા વિના યુદ્ધની શરતનો સ્વીકાર કરીને, તપસ્વિની તે સ્ત્રીની સાથે યુદ્ધ આદર્યું. યુદ્ધમાં ક્રોધાયમાન થયેલી તપસ્વિની સ્ત્રીએ મુરદાનવનું મસ્તક તલવારથી છેદી નાખ્યું, મુરદાનવ મૃત્યુ પામતાં જ ભગવાન પ્રસન્ન થઇને યોગનિદ્રામાંથી જાગૃત થયા. અને ''તમે કોણ છો'' ? આ પ્રમાણે તપસ્વિની સ્ત્રીને પુછ્યું.

તે સમયે સ્ત્રીએ જવાબ આપ્યો કે, હું તમારી અગિયાર ઇન્દ્રિયોના તેજ થકી ઉત્પન્ન થઇ છું. તેથી જ મારૂં નામ એકાદશી છે, અને હું તમારી શક્તિ છું, તથા બ્રહ્માંડમાં થનારાં તમામ પાપોને હું નાશ કરનારી છું.

પછી ભગવાને પ્રસન્ન થઇને વરદાન માગવા કહ્યું, ત્યારે એકાદશીએ ભગવાન પાસેથી વરદાન માગ્યું કે- મારૂં આ એકાદશીનું વ્રત કરનારને ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય. અને જે પુરૂષ મારા આ એકાદશીના વ્રતને દિવસે ઉપવાસ કરે, તે પુરૂષ સર્વે પાપોથી મુક્ત થઇને, ભુક્તિ તથા મુક્તિને પામે. આ પ્રમાણે તપસ્વિની એકાદશીએ વરદાન માગ્યું.

ભગવાને પ્રસન્ન થઈને કહ્યું કે- ''તથાસ્તુ'' હું તમોને એ વરદાન આપું છું. માટે આજથી આરંભીને જે કોઈપણ મનુષ્ય મારી પૂજાની સાથે તમારૂં વ્રત કરશે, તે મનુષ્યો ઈચ્છિત મનોરથોને પામશે. વ્રત કરનાર મનુષ્ય જો મોક્ષાર્થી હશે, તો સંસૃતિ થકી મોક્ષને પામશે. અને જો સાંસારિક સુખાર્થી હશે, તો સમગ્ર સંસારનાં સુખોને પામશે. આ પ્રમાણે સાક્ષાત્ ભગવાને એકાદશીને વર આપેલો છે. તેથી એકાદશીની સાથે ભગવાનનો સાક્ષાત્ સંબન્ધ છે. અને સાક્ષાત્ સંબન્ધને કારણે જ શાસ્ત્રોમાં એકાદશીનું મોટું માહાત્મ્ય પ્રતિપાદન કરાયેલું છે. કોઈપણ વસ્તુનું કે કોઈપણ મનુષ્યનું માહાત્મ્ય પ્રત્યક્ષ ભગવાનના સંબન્ધને લઈને છે. પણ માયાના અજ્ઞાનરૂપી આવરણને કારણે આપણે એ જાણી શકતા નથી. તો આ એકાદશીની સાથે ભગવાનનો સાક્ષાત્ સંબન્ધ હોવાને કારણે એકાદશીનું મોટું માહાત્મ્ય શાસ્ત્રમાં બતાવેલું છે. માટે સર્વે ભક્તજનોએ શાસ્ત્રોમાં મહા વિશ્વાસ રાખીને શ્રદ્ધાની સાથે એકાદશીનું વ્રત પ્રેમપૂર્વક કરવું, આવો અભિપ્રાય છે.

એજ રીતે જન્માષ્ટમી, રામનવમી, નૃસિંહજયન્તિ, વામન જયંતિ આદિક પુરાણોમાં પ્રસિદ્ધ ભગવાનના પ્રાદુર્ભાવની તિથિઓને દિવસે પણ વ્રત આદર થકી અને ઉત્સવોની સાથે કરવું. તેવી જ રીતે શિવરાત્રીનું વ્રત પણ આદરપૂર્વક અને ઉત્સવની સાથે કરવું. વૈષ્ણવોને વાર્ષિક ઓગણત્રીસ વ્રતો નિત્યપણે કરવાનાં કહેલાં છે- ''व्रतानि विष्णुभक्तानां नित्यानीमानि संजगुः । एकादश्योऽखिलाः शुद्धा द्वादशी वामनस्य च ॥ श्री रामदेवसज्जन्मनवमी दिव्यसिद्धिदा । कृष्णजन्माष्टमी चाथ नृसिंहस्य चतुर्दशी ॥ शिवरात्रिश्चेति मुख्य व्रतान्युक्तानि तत्त्वतः'' ॥ इति ॥ બારે માસની ચોવીસ એકાદશીઓ, પચીશમી વામન દ્વાદશી, છવીશમી રામનવમી, સત્યાવીશમી જન્માષ્ટમી, અઠ્યાવિશમી નૃસિંહજયન્તિ અને ઓગણત્રીશમી શિવરાત્રી. આ રીતે આ ઓગણત્રીશ વ્રતો, વૈષ્ણવોને માટે હમેશાં નિત્યપણે અવશ્ય કરવા યોગ્ય કહેલાં છે. માટે ભક્તજનો હોય તેમણે, શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે આ બધાં વાર્ષિક તથા માસિક વ્રતોનું પાલન કરી પોતાના ઈષ્ટદેવને રાજી કરવા. ॥૭૯॥

**उपवासदिने त्याज्या दिवानिद्रा प्रयत्नतः । उपवासस्तया नश्येन्मैथुनेनेव यन्नृणाम् ॥८०॥**

મારા આશ્રિતો હોય તેમણે, જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય, તે દિવસે પ્રયત્ન પૂર્વક દિવસની નિદ્રાનો ત્યાગ કરી દેવો. કારણ કે જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે, તેમ જ દિવસની નિદ્રાએ કરીને પણ મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આ લોકને વિષે મોટે ભાગે ઉપવાસને દિવસે બીજું કોઈ કામ ન હોવાથી સ્વસ્થ રહેવા માટે, અને જલ્દી સમય પસાર થઈ જાય, તેને માટે દિવસની નિદ્રા કરવામાં આવતી હોય છે. અર્થાત્ દિવસની નિદ્રાએ કરીને સમય વ્યતીત કરવામાં આવતો હોય છે. તેથી શ્રીજીમહારાજે પોતાના ભક્તજનોને વ્રત ઉપવાસને દિવસે દિવસની નિદ્રા ન થાય, અને જેમ બને તેમ ભગવાનની સન્મુખ રહેવાય, એ ઉદ્દેશથી અહીં દિવસની નિદ્રાનો વિશેષે કરીને નિષેધ કરેલો છે.

આ શ્લોકનો એ ભાવ છે કે, સર્વે વ્રતોમાં બ્રહ્મચર્યનું આવશ્યકપણું કહેલું છે. બ્રહ્મચર્યથી રહિત વ્રતોનું નિષ્ફળપણું કહેલું છે. અને બ્રહ્મચર્યનો નાશ વીર્યના સ્રાવથી થાય છે. અને વીર્યસ્રાવનાં ઋષિઓએ બે કારણો બતાવેલાં છે.- ''तद्धेतुस्तु स्त्रीप्रसङ्गः स्वप्नं चेति ऋषिभिर्हि धोच्यते'' ॥ इति ॥ એક સ્ત્રીના પ્રસંગ થકી વીર્યનો સ્રાવ થાય છે. અને બીજું કારણ દિવસની નિદ્રા કરવાથી આવતા સ્વપ્ન થકી વીર્યનો સ્રાવ થાય છે. તેમાં સ્ત્રીનો પ્રસંગ સર્વપ્રકારે ત્યાગ કરી દેવાથી, અને ચક્ષુરાદિ ઈંદ્રિયોને નિયમમાં રાખવાથી, પહેલા કારણથી થતો જે વીર્યનો સ્રાવ અટકાવી શકાય છે. અને સ્વપ્નથી થતા વીર્ય સ્રાવને તો, દિવસની નિદ્રા ત્યાગ કરવાથી અટકાવી શકાય છે. માટે વ્રતિ હોય તેમણે બ્રહ્મચર્યના નાશમાં કારણરૂપ, સ્ત્રીનો પ્રસંગ અને દિવસની નિદ્રા, આ બન્નેનો સર્વપ્રકારે ત્યાગ કરી દેવો, આવું તાત્પર્ય છે. ॥૮૦॥

**सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः । श्रीविठ्ठलेशः कृतवान् यं व्रतोत्सवनिर्णयम् ॥८१॥**

**कार्यास्तमनुसृत्यैव सर्व एव व्रतोत्सवाः । सेवारीतिश्च कृष्णस्य ग्राह्या तदुदितैव हि ॥८२॥**

અને સર્વે વૈષ્ણવોના રાજા એવા શ્રી વલ્લભાચાર્યના પુત્ર જે વિઠ્ઠલનાથજીએ, જે વ્રતો અને ઉત્સવોનો નિર્ણય કરેલો છે. તે નિર્ણયને અનુસરીને જ સર્વે વ્રતો અને ઉત્સવો કરવા. અને વિઠ્ઠલનાથજીએ ભગવાનની સેવા કરવાની જે રીતિ કહેલી છે, એજ રીતિ ગ્રહણ કરવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- અગ્નિના અવતારપણે પ્રસિદ્ધ એવા જે શ્રી વલ્લભાચાર્ય, તેના પુત્રપણે પ્રગટ થયેલા ભગવાન વિઠ્ઠલનાથજીએ, શરણે આવેલા જનોને જણાવવા માટે "અમુક તિથિએ આ વ્રત કરવું" આ રીતે એકાદશી આદિક વ્રતોનો અને અન્નકૂટાદિક ઉત્સવોનો નિર્ણય કરેલો છે. તે નિર્ણયને અનુસારે જ સર્વે વ્રતો અને ઉત્સવો કરવા, પણ બીજાએ કહેલી રીતિ વડે વ્રતો અને ઉત્સવો કરવા નહિ. તેમાં વિઠ્ઠલનાથજીએ કહેલા વ્રતોના નિર્ણયનું અહીં, શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કેવળ એક દિશા સૂચન કરે છે. રાત્રી અને દિવસની મળીને કુલ ૬૦ ઘડી થાય છે. તેમાં પંચાવન ઘડીની જો દશમી હોય, તો એ દશમીનો એકાદશીમાં વેધ આવ્યો કહેવાય. તેથી દશમીના વેધવાળી એકાદશીનો ઉપવાસ કરવો નહિ. દશમી જો પંચાવન ઘડીથી ઓછી હોય, તો એ એકાદશી શુદ્ધ કહેવાય છે. તેથી શુદ્ધ એકાદશીને દિવસે ઉપવાસ કરવો. હવે દશમીનો વેધ એકાદશીમાં આવતો ન હોય, પણ શુદ્ધ બે એકાદશી આવી જતી હોય, તો બીજી એકાદશીનો ઉપવાસ કરવો. અને દશમના વેધથી રહિત એકાદશીનો ક્ષય હોય, અને બે બારસ જો આવી જતી હોય, તો પહેલી બારસનો ઉપવાસ કરવો. અને બીજી બારસનાં પારણાં કરવાં. આ રીતે કઈ તિથિએ વ્રત કરવું, એ તમામ વ્રતોનો નિર્ણય વિઠ્ઠલનાથજીએ કરેલો છે. હવે વિઠ્ઠલનાથજીએ કહેલા ઉત્સવના નિર્ણયનું દિશા સૂચન, શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કરે છે- કાર્તિક માસના શુક્લ પક્ષની એકમને દિવસે જો ચંદ્રદર્શન હોય, તો તેના આગલે દિવસે એટલે દિવાળીને દિવસે અન્નકૂટનો ઉત્સવ કરવો. અને ચંદ્રદર્શન જો બીજને દિવસે હોય, તો એકમને દિવસે અન્નકૂટનો ઉત્સવ કરવો. અર્થાત્ ચંદ્રદર્શનના આગલે દિવસે અન્નકૂટનો ઉત્સવ કરવો, પણ આ અન્નકૂટના ઉત્સવમાં તિથિનો આગ્રહ નથી. આ રીતે તમામ ઉત્સવોની તિથિઓનો નિર્ણય વિઠ્ઠલનાથજીએ કરેલો છે. માટે તેના નિર્ણયને અનુસરીને જ સર્વે વ્રતો અને ઉત્સવો કરવા.

અને વળી વિઠ્ઠલનાથજીએ કહેલી સેવા રીતિનું પણ દિશા સૂચન, શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી અહીં કરે છે- શિયાળાની સીઝન આવે, ત્યારે ભગવાનને ગરમ વસ્ત્રો ધારણ કરાવવાં, વસંત પંચમી આવે એટલે ભગવાનને શ્વેત વસ્ત્રો ધારણ કરાવવાં, અખાત્રીજ આવે એટલે શ્વેત વસ્ત્રો ધારણ કરાવવાં, અષાઢી બીજથી કસુંબલ વસ્ત્રો ધારણ કરાવવાં. ઉનાળાની સીઝનમાં ભગવાનને ઠંડા જળથી સ્નાન કરાવવું, શિયાળાની સીઝનમાં ગરમ જળથી સ્નાન કરાવવું, અમુક સમયે ભગવાનને આવા અલંકારો ધારણ કરાવવા, અમુક સમયે ભગવાનને અમુક પ્રકારના ભોગો નિવેદન કરવા, વગેરે ભગવાનની સેવા કરવાની જે રીતિ વિઠ્ઠલનાથજીએ કહેલી છે. એજ રીતિ ગ્રહણ કરવી. અર્થાત્ વિઠ્ઠલનાથજીએ બતાવેલા માર્ગવડે જ ભગવાનની સેવા કરવી. શ્રીજીમહારાજને કહેવાનો એ ભાવ છે કે, વિઠ્ઠલનાથજીએ વ્રતો અને ઉત્સવોની ગ્રાહ્ય તિથિનો જે નિર્ણય કરેલો છે, એવો બીજો કોઈ આચાર્યે કરેલો નથી. તેમજ ભગવાનની પ્રેમભક્તિથી સેવા કરવાની રીતિ વિઠ્ઠલનાથજીએ જેવી બતાવેલી છે, તેવી બીજા કોઈ આચાર્યે બતાવી નથી. માટે મારા આશ્રિતો હોય તેમણે વિઠ્ઠલનાથજીના જ કહેવા પ્રમાણે વ્રતો અને ઉત્સવો કરવા. તેમજ સેવા રીતિ પણ વિઠ્ઠલનાથજીના કહેવા પ્રમાણે જ કરવી. ॥૮૧-૮૨॥

**कर्तव्या द्वारिकामुख्यतीर्थयात्रा यथाविधि । सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः ॥८३॥**

સર્વે મારા આશ્રિતો હોય તેમણે, દ્વારિકા આદિક તીર્થોની યાત્રા પોતાના સામર્થ્ય પ્રમાણે અને શાસ્ત્રના વિધિ પ્રમાણે કરવી. અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનોને વિષે દયાવાન થવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શાસ્ત્રોએ ભગવાનની પ્રાપ્તિનાં જે સાધનો બતાવ્યાં છે, તેમાં તીર્થયાત્રાને પણ ભગવાનની પ્રાપ્તિનાં સાધન તરીકે વર્ણવેલ છે. તીર્થ શબ્દનો અર્થ છે કે- ‘‘तरन्ति भवाब्धिं जना एभिः इति तीर्थानि’’ ॥ इति ॥ જેના માધ્યમથી મનુષ્યો સંસારરૂપી સાગરને તરી, ભગવાનને પ્રાપ્ત કરે તેને કહેવાય તીર્થ. અર્થાત્ તારે એ તીર્થ. આ રીતે તીર્થ સેવનને ભગવાનની પ્રાપ્તિનું એક સાધન કહ્યું છે. તીર્થનું યથાવિધિ સેવન કરવાથી મનુષ્યનું અંતઃકરણ શુદ્ધ થાય છે. અને અંતઃકરણની વૃત્તિઓ પાવન થઈને આધ્યાત્મિક માર્ગે ચાલવામાં સમર્થ થઈ જાય છે. આ જ કારણથી આ ભરતખંડમાં અનાદિ કાળથી તીર્થયાત્રા કરવાની પ્રથા ચાલી આવે છે.

કોઈપણ ભૂમિ હોય, તે ભગવાન કે ભગવાનના એકાંતિક સંતોના સંબન્ધથી તીર્થમય બની જાય છે. જે તીર્થને ભગવાનનો કે ભગવાનના સંતોનો અધિક સંબન્ધ થયો હોય, તે તીર્થ અધિક પવિત્ર ગણાય છે. ત્યાંના રજકણો પવિત્ર હોય છે. ત્યાંનું પાણી પણ પવિત્ર હોય છે, અને ત્યાંનો વાયુ પણ પવિત્ર હોય છે. છપૈયા, અયોધ્યા અને મથુરામાં સાક્ષાત્ ભગવાન પ્રગટ થઈને બાળ લીલાઓ કરી છે. તેથી ત્યાંની ભૂમિને સાક્ષાત્ ભગવાનનો સંબન્ધ થયો છે. માટે એ ભૂમિ અધિક પવિત્ર ગણાય છે. અને શ્રીકૃષ્ણ ભગવાન તો સોળહજાર એકસો ને આઠ પોતાની પત્નીઓ સાથે દ્વારિકામાં ખૂબ લીલાઓ કરી છે. અને ભગવાન સહજાનંદ સ્વામીએ ધર્મકુળની સાથે સચ્ચિદાનંદ સ્વામીને દ્વારિકાની યાત્રાએ મોકલેલા હતા. સચ્ચિદાનંદ સ્વામી પાસે પૈસા ન હોવાથી, ત્યાંના દુષ્ટ પૂજારીઓએ સચ્ચિદાનંદ સ્વામીને દ્વારકાધીશ ભગવાનનાં દર્શન કરાવ્યાં નહિ. અને શ્રીહરિની આજ્ઞા હતી કે, દ્વારકાધીશનાં દર્શન કર્યા વિના પાછા આવશો નહિ. તેથી સચ્ચિદાનંદ સ્વામી ત્યાં આઠ દિવસ ખાધા પીધા વિના બેસી રહ્યા હતા. અને અંતે દ્વારકાધીશ ભગવાન પ્રગટ થઈને પ્રત્યક્ષપણે સચ્ચિદાનંદ સ્વામીને દર્શન આપ્યાં હતાં. આ રીતે ભગવાનના પરમ એકાંતિક ભક્ત સચ્ચિદાનંદ સ્વામીના સંબંધે કરીને પણ, દ્વારકાની ભૂમિ અતિ પવિત્ર છે. અને દ્વારકાધીશ તો નિત્ય ત્યાં રહેલા છે. તેથી વૈષ્ણવ ભક્તોને માટે દ્વારિકા અતિ પૂજનીય આદરણીય અને અતિ પવિત્ર છે. એજ કારણથી શ્રીજીમહારાજે આ શિક્ષાપત્રીમાં દ્વારિકાનું મુખ્યપણું ગ્રહણ કરેલું છે. એ સિવાય ભગવાન સહજાનંદ સ્વામી અને તેમના પરમ એકાંતિક પાંચસો પરમહંસોનો જે જે ભૂમિને સાક્ષાત્ સંબન્ધ થયો છે. એ ભૂમિ પણ અતિ પાવન તીર્થમય કહેવાય છે. તેથી ભગવાન શ્રીહરિ અને તેમના એકાંતિક પરમહંસો ગુજરાતમાં જ્યાં જ્યાં વિચરણ કરીને ભૂમિને પાવન તીર્થમય બનાવી છે, તે તે પાવન તીર્થોની પણ યાત્રા કરવી જ જોઈએ. પણ જો પોતાનું સંપૂર્ણ યાત્રા કરવાનું સામર્થ્ય ન હોય, તો કેવળ દ્વારિકાની યાત્રા તો અવશ્ય કરવી જ. આ ઉદ્દેશથી શ્રીજીમહારાજે અહીં દ્વારિકા તીર્થનું મુખ્યપણું ગ્રહણ કરેલું છે. અને દ્વારિકાનું મુખ્યપણું ગ્રહણ કર્યું તેણે કરીને બીજાં તીર્થોનું ગૌણપણું છે એવી શંકા કરવી નહિ. સાક્ષાત્ ભગવાનના સંબન્ધને પામેલાં કોઈપણ તીર્થ હોય, એ અતિ પવિત્ર અને અનુસરણીય જ છે.

અને વળી યાત્રા શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કરવી. વિધિ વિના તો કોઈપણ વ્રત હોય કે યાત્રા હોય કે કોઈપણ કર્મ હોય, એ નિષ્ફળ કહેલ છે. તીર્થયાત્રાની શરૂઆત કરતાં પહેલાં આગલે દિવસે ઉપવાસ કરવો. અને પછી ગણપતિનું પૂજન કરવું. અને ત્યારબાદ માતાપિતાની આજ્ઞા ગ્રહણ કરીને જ, તીર્થયાત્રાની શરૂઆત કરવી. તીર્થમાં જઈને બ્રહ્મચર્યનું પાલન કરવું, તીર્થોમાં યથાશક્તિ દાન આપવું, તીર્થમાં જઈને કોઈની પાસેથી દાન લેવું નહિ. જાણી જોઈને કોઈ જીવની હિંસા કરવી નહિ, કામભાવથી સ્ત્રીઓની સામે કુદૃષ્ટિ કરવી નહિ, જાણી જોઈને ખોટું બોલવું નહિ, તીર્થમાં જઈને યથાશક્તિ ઉપવાસ કરવા, પ્રસિદ્ધ તીર્થમાં જઈને મુંડન કરાવવું, તીર્થોમાં શ્રાદ્ધ કરાવવું, તીર્થોમાં હસ્ત ચરણ આદિક ઈન્દ્રિયોને નિયમમાં રાખવી. તીર્થોમાં જઈને વ્યર્થ ભ્રમણ કરવું નહિ, વિષયવાસનાઓથી મનને દૂર કરવું, અહંકારનો ત્યાગ કરી દેવો, તીર્થમાં જઈને ક્રોધ ક્યારેય કરવો નહિ, આ રીતે શાસ્ત્રોક્ત વિધિપ્રમાણે જે તીર્થયાત્રા કરે છે, એજ તીર્થના સંપૂર્ણ ફળને પામે છે. અને જે પુરૂષ તીર્થમાં

જઈને વિષયવાસનાઓથી લિપ્ત રહે છે. અને ચોરી વ્યભિચાર આદિક કુકર્મમાં પ્રવૃત્ત રહે છે, તે પુરૂષનાં તે પાપો વજ્રલેપ થઈ જાય છે.- ''अन्यस्थाने कृतं पापं पुण्यक्षेत्रे विनश्यति । पुण्यक्षेत्रे कृतं पापं वज्रलेपो भवत्यलम्'' ॥ इति ॥ આ શ્લોકની અંદર પ્રતિપાદન કરેલું છે કે- બીજાં સ્થળોને વિષે જે પાપો કરેલાં હોય, તે પવિત્ર તીર્થક્ષેત્રને વિષે નાશ પામે છે. પણ તીર્થક્ષેત્રમાં જઈને કરેલાં પાપો તો અતિ વજ્રલેપ થઈ જાય છે. અર્થાત્ વજ્રમાં ચોંટેલી ખીલી જેમ ઉખેડી શકાતી નથી. તેમ તીર્થમાં કરેલાં પાપો પ્રાયશ્ચિત વડે પણ નાશ કરી શકાતાં નથી. તેથી તીર્થમાં જઈને પુણ્ય કમાવવાને બદલે પાપના વજ્રલેપપણાની જ કમાણી થાય છે. માટે તીર્થમાં જઈને તીર્થયાત્રાના નિયમોનું બરાબર પાલન કરવું. તીર્થયાત્રાના નિયમોનું પાલન કરીને જો તીર્થનું સેવન કરવામાં આવે, તો અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે તીર્થફળના જે અભિલાષી હોય, તેમણે ઉપર કહેલા નિયમોમાં બરાબર સજાગ રહેવું જોઈએ.

અને વળી જે તીર્થક્ષેત્રમાં જે પ્રસિદ્ધ દેવ હોય, એ દેવની મહાપૂજા અથવા તો અલ્પપૂજા કરવી. દેવને ફલાદિક ભેટો અર્પણ કરવી, ત્યાં રહેનારા બ્રાહ્મણોને જમાડવા, ત્યાં રહેલા ભગવાનના ભક્ત વૈષ્ણવોની પૂજા કરવી, બ્રાહ્મણોને દક્ષિણા આપવી, વગેરે વિધિ કહેલો છે. તો એ વિધિનું પણ તીર્થમાં પાલન કરવું. આ રીતે વિધિપૂર્વક તીર્થયાત્રા કરવાથી તીર્થનું પૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે, આવો અભિપ્રાય છે.

અને વળી સર્વે ભક્તજનો હોય તેમણે, દીનજનો ઉપર વહાલ રાખનારા થવું. અર્થાત્ દીનજનો ઉપર દયા રાખવી. કોઈ ધનથી રહિત હોય એ દીન કહેવાય છે. કોઈ શરીરના એકાદ અંગથી રહિત હોય, એ પણ દીન ગણાય છે. જે રોગી હોય એ દીન કહેવાય છે. અને જે સ્વભાવે કરીને દુર્બળ હોય, એ પણ દીન ગણાય છે. આ બધા દીનજનો ઉપર પોતાની શક્તિ પ્રમાણે દયા રાખવી. પોતાના સુહૃદની પેઠે જ દુર્બળ પ્રાણીઓની સંભાળ રાખવી. તેનો અનાદર કે અપમાન વગેરે કરવું નહિ. દુર્બળ પ્રાણીઓને જો ક્લેશ આપવામાં આવે, તો અકસ્માત મોટા અનર્થની પ્રાપ્તિ થાય છે. આ વિષયમાં મહાભારતનું વાક્ય પ્રમાણરૂપ છે- ''दुर्बलं क्लेशयेद्यस्तु पुमानुपहसेच्च वा । आकस्मिकीमवाप्नोति विपदं स तु भूयसीम्'' ॥ इति ॥ આ શ્લોકનું તાત્પર્ય એ છે કે- જે પુરૂષ દુર્બળ પ્રાણીને ક્લેશ આપે છે, અથવા તો હાંસી મશ્કરી કરે છે, તો તે પુરૂષ અણધારી અકસ્માત મોટી વિપત્તિને પામે છે. અને વળી જે કોઈપણ પુરૂષ પોતે બળવાન થઈને બીજા દુર્બળ જીવને પીડે છે, તો તે પુરૂષનો એ અન્યાય છે અને એ અન્યાય પોતાના કુળને મૂળમાંથી બાળીને ભસ્મ કરી નાખે છે. આ રીતે મહાભારતમાં પ્રતિપાદન કર્યું છે. માટે શ્રીહરિનો એ અભિપ્રાય છે કે, યથાશક્તિ દુર્બળ જીવો ઉપર દયા રાખવી, પણ નિર્દય થવું નહિ. ॥૮૩॥

**विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः । एताः पूज्यतया मान्या देवताः पञ्च मामकैः ॥८४॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્યનારાયણ આ પાંચ દેવ પૂજ્યપણે માનવા.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજે આ શ્લોકની અંદર સંપૂર્ણ સનાતન ધર્મનો સમન્વય કરેલો છે. વૈદિક સંસ્કૃતિની જુદી જુદી વહેંચાયેલી ધારાઓને, શ્રીજીમહારાજે આ શ્લોકની અંદર એકત્રિક કરીને, પોતાના હૃદયની વિશાળતાને અભિવ્યક્ત કરેલ છે. આ પાંચ દેવોને પૂજ્યપણે માનવા, એ એક વૈદિક સંસ્કૃતિ છે. વૈદિક સંસ્કૃતિને બીજા શબ્દમાં હિન્દુ સંસ્કૃતિ પણ કહે છે. આ પાંચ દેવોમાં જે વિષ્ણુ છે, એ આ જગતની સૃષ્ટિમાં પરમાત્માનો આદિ અવતાર છે. અને આ જગતની સ્થિતિ કાર્યને કરે છે. અને વિષ્ણુને જ વેદોમાં ઉપાસ્ય દેવ કહેલા છે. કારણ કે વિષ્ણુ શુદ્ધ સત્વાત્મક છે. માટે વિષ્ણુ આપણા ઈષ્ટદેવ જ છે, અને સર્વપ્રકારે ઉપાસનીય છે.

અને શંકર તો વૈરાજપુરૂષની એક તમોગુણ પ્રધાન અવસ્થા છે. વૈષ્ણવોમાં અગ્રેસર છે, અને વૈષ્ણવધર્મના પ્રવર્તક છે, માટે એ શિવજી પૂજનીય છે.

અને ગણપતિ તો ભગવાનના અંશાવતાર છે, અને સર્વે દેવોને મધ્યે ગણપતિને અગ્ર પૂજ્યપણે સ્થાપન કરેલા છે, માટે ગણપતિ પૂજ્ય છે.

અને પાર્વતી તો શંકરની અર્ધાઙ્ગના છે, અને આદિશક્તિ છે, તેમ જ ભગવાનની પ્રાપ્તિમાં સહાયક છે. વ્રજમાં ગોપીઓએ પાર્વતીની આરાધના કરેલી હતી, તેના ફળસ્વરૂપે ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાપ્તિ થયેલી હતી. કુંડિલપુરમાં રૂક્મિણીએ પાર્વતીની આરાધના કરેલી હતી, તેના ફળસ્વરૂપે રૂક્મિણી પણ ભગવાન શ્રીકૃષ્ણને પામ્યાં હતાં. આ રીતે ભાગવતમાં પાર્વતીની આરાધનાનું વર્ણન છે. માટે ભગવાનની પ્રાપ્તિમાં સહાયક તરીકે પાર્વતી પણ પૂજ્ય છે. અને સૂર્યદેવ તો દ્વિજાતિપણાને પમાડનાર ગાયત્રીમંત્રના અધિષ્ઠાતા દેવ અને વેદમૂર્તિ હોવાથી ધર્મપ્રવૃત્તિના એક કારણરૂપ છે. માટે સૂર્યદેવ પૂજ્ય છે. આ રીતે શ્રીજીમહારાજે આ પંચદેવને પૂજ્યપણે માનેલા છે. જેમ પ્રતિષ્ઠા વિધિથી સ્થાપન કરેલી અવતારોની પ્રતિમાઓ શુભાશ્રય છે, અને તેથી જ ઉપાસનીય છે, ધ્યાન કરવા યોગ્ય છે, તેમ વિષ્ણુ શુદ્ધ સત્ત્વાત્મક છે, માટે શુભાશ્રય છે. અને તેથી જ ઉપાસનીય છે. ધ્યાન કરવા યોગ્ય છે. અને વિષ્ણુને જ શાસ્ત્રોમાં મોક્ષના દેવતા કહેલા છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- આ પાંચ દેવને પૂજ્યપણે માનવા, એવી શ્રીજીમહારાજની જ આજ્ઞા છે. તેથી આ પાંચ દેવને પૂજવાથી પતિવ્રતા ભક્તિનો (ઉપાસનાનો) ભંગ થશે, એવી જરા પણ શંકા કરવી નહિ. ॥૮૪॥

**भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् । जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ॥८५॥**

મારા આશ્રિતો હોય તેમણે, જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય, ત્યારે તો નારાયણ કવચનો જપ કરવો, અથવા હનુમાનજીના મંત્રનો જપ કરવો. પણ એ સિવાય બીજા કોઈ શુદ્ર દેવના સ્તોત્ર કે મંત્રનો જપ કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આ સંસારની અંદર મનુષ્ય આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી કોઈને કોઈ તાપથી પીડાતો હોય છે. તો કોઈક સમયે ભગવાનના ભક્તને પણ અજાણી ઉપાધિ આવતી હોય છે. જો કે દૃઢ ભગવાનના ભક્તની અંદર આ ભૂતાદિકનો ઉપદ્રવ હોય જ નહિ. ભગવાનના સાચા ભક્તથી તો ભૂતાદિક મલિન પ્રાણીઓ પણ પવિત્ર થઈ જાય છે. ભગવાનના સાચા ભક્તથી ભૂતાદિક પ્રાણીઓ તો થર થર કંપે છે. માટે ભગવાનના દૃઢ નિશ્ચયવાળા ભક્તની અંદર આ મલિન ઉપાધિઓ હોતી નથી. છતાં પણ જો આચાર વિચારની મલિનતા ભગવાનનો ભક્ત રાખે, તો ભક્તની અંદર પણ ક્યારેક ભૂતાદિકનો ઉપદ્રવ આવી પડે છે. જ્યારે એવી કોઈ અજાણી ભૂતાદિકની ઉપાધી આવી પડે. ત્યારે ભાગવતના છટ્ઠા સ્કંધમાં કહેલા નારાયણ કવચનો જપ કરવો, અથવા એ ઉપદ્રવના નિવારણને માટે, હનુમાનજીનો મૂલમન્ત્ર તથા માળામંત્ર તેનો જપ કરવો. પણ એ સિવાય ક્ષુદ્ર દેવદેવીના મંત્રનો જપ કરવો નહિ. અને જો ક્ષુદ્ર દેવદેવીના મંત્રનો જાપ કરે તો ઉપાસનાનો ભંગ થાય છે. પણ આવા દુઃખના નિવારણને માટે, કષ્ટભંજન હનુમાનજીની સ્થાપના કરવામાં આવેલી છે. માટે હનુમાનજીની આરાધના કરવામાં ઉપાસનાનો ભંગ થતો નથી.- ''मदात्मानं हनुमन्तं यः समाराधयिष्यति । आराधितोऽहमेवाऽत्र भविष्यामि हि तेन तु ॥ इति ॥'' રામાયણમાં રામચંદ્રજીનું વચન છે કે, જે પુરૂષ હનુમાનજીની આરાધના કરશે, તો એ હનુમાનજીની આરાધના દ્વારા મારી જ આરાધના થયેલી ગણાશે. માટે હનુમાનજીની આરાધના કરવાથી બીજાની આરાધના કરેલી કહેવાતી નથી. અને એજ કારણથી ઉપાસનાનો ભંગ થયો પણ કહેવાતો નથી. આવો અભિપ્રાય છે. ॥૮૫॥

**रवेरिन्दोश्चोपरागे जायमानेऽपराः क्रियाः । हित्वाशु शुचिभिः सर्वैः कार्यः कृष्णमनोर्जपः ॥८६॥**

અમારા સર્વે સત્સંગીઓ હોય તેમણે, સૂર્ય અને ચંદ્રમાનું જ્યારે ગ્રહણ થાય ત્યારે બીજી સર્વે ક્રિયાઓનો તત્કાળ ત્યાગ કરીને, પવિત્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- સૂર્ય અને ચંદ્રમાનું ગ્રહણ થવાની તૈયારી હોય ત્યારે પ્રથમ સ્નાન કરી, પવિત્ર થઈને ભગવાનના મંત્રનો જપ કરવા બેસી જવું. જ્યાં સુધી ગ્રહણ ચાલે ત્યાં સુધી સ્થિર મન રાખીને ભગવાનના મંત્રનો જપ કરવો. અને જ્યાં સુધી સૂર્ય તથા ચંદ્રમાનું ગ્રહણ ચાલતું હોય ત્યાં સુધી કોઈ વસ્ત્રાદિકનો સ્પર્શ કરવો નહિ.

અને વળી ભાષ્યકાર શતાનંદ સ્વામી અહીં વિશેષ સમજાવતાં કહે છે કે, જ્યાં સુધી સૂર્ય અને ચંદ્રમાનું ગ્રહણ ચાલે, ત્યાં સુધી જન્મ અને મરણનું સૂતક લાગતું નથી. તેથી સૂતકી પુરુષો પણ ગ્રહણ સમયે હોમ, જપ, પૂજા, વગેરે સત્કર્મ કરી શકે છે. ગ્રહણ મુકાઈ ગયા પછી ફરીવાર જન્મનું તથા મરણનું સૂતક લાગે છે. અને વળી સર્વે પુરુષો હોય કે સ્ત્રીઓ હોય તેમણે, આકાશમાં રહેલા સૂર્ય ગ્રહણને તથા ચંદ્રગ્રહણને સીધે સીધું જોવું નહિ. તેલની અંદર અથવા જળની અંદર, અથવા તો અરીસાની અંદર પડતા પ્રતિબિંબ દ્વારા ગ્રહણ જોવું. અથવા તો નેત્રોની આગળ વસ્ત્ર આડું રાખીને ગ્રહણ જોવું, પણ પ્રત્યક્ષપણે ગ્રહણ જોવું નહિ. અને જે ગર્ભિણી સ્ત્રી હોય તેમણે તો સાવધાન રહીને, નેત્રોની આગળ વસ્ત્રાદિકનું આવરણ રાખ્યા સિવાય ગ્રહણ ક્યારેય પણ જોવું નહિ. અને જો ગર્ભિણી સ્ત્રી સીધે સીધું ગ્રહણ જુએ, તો ગર્ભમાં રહેલા બાળક ઉપર તેની અસર થાય છે.

હવે સૂર્ય ગ્રહણના પ્રારંભથી બાર કલાક પહેલાં વેધ લાગી જાય છે, તેથી બાર કલાક પહેલાં ભોજનનો ત્યાગ કરી દેવો. અને ચંદ્રગ્રહણના પ્રારંભથી નવ કલાક પહેલાં વેધ લાગે છે, તેથી ચંદ્રગ્રહણમાં નવ કલાક પહેલાં ભોજનનો ત્યાગ કરી દેવો. તેમાં પાણી પીવાનો નિષેધ નથી. સૂર્ય કે ચંદ્રગ્રહણના પ્રારંભથી પહેલાં પાણી પીવામાં દોષ નથી. ગ્રહણનો પ્રારંભ થયા પછી પાણી પીવું નહિ. અને વળી બાળક, વૃદ્ધ અને રોગી હોય તેમણે ગ્રહણના પ્રારંભથી ત્રણ કલાક પહેલાં ભોજન છોડી દેવું. આ વિધિ બાળક, વૃધ્ધ અને રોગીને માટે જ વિશેષ છે, પણ બધા માટે નથી.

હવે સાયંકાળે સૂર્ય ઘેરાયેલો જો અસ્ત પામી ગયો હોય, તો ગ્રહણનો સમય પુરો થયા પછી સ્નાનાદિક ક્રિયા કરી લેવી. પણ રાત્રીએ ભોજન કરવું નહિ. જ્યારે સવારમાં સૂર્ય ઉદય પામે, ત્યારે સૂર્યનાં દર્શન કરીને જ ભોજન કરવું. અને ચંદ્ર પ્રાતઃકાળમાં જો ઘેરાયેલો અસ્ત પામી ગયો હોય, તો ગ્રહણનો સમય પુરો થયા પછી સ્નાનાદિક ક્રિયા કરી લેવી. પણ આખો દિવસ ભોજન કરવું નહિ. સાયંકાળે જ્યારે ચંદ્ર ઉદય પામે, ત્યારે ચંદ્રનાં દર્શન કર્યા બાદ જ ભોજન કરવું, આવો અભિપ્રાય છે. ॥૮૬॥

**जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् । देयं दानं गृहिजनैः शक्त्यान्यैस्त्वर्च्य ईश्वरः ॥८७॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, ગ્રહણ મુકાઈ રહ્યા પછી વસ્ત્રે સહિત સ્નાન કરીને, ગૃહસ્થ સત્સંગી હોય તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું. અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- સૂર્ય અને ચંદ્રનું ગ્રહણ જ્યારે સમાપ્ત થાય ત્યારે સર્વે ભક્તજનો હોય તેમણે, શરીર ઉપર ગરમ કાપડ ધારણ કરેલું હોય કે ઉનનું વસ્ત્ર ધારણ કરેલું હોય કે હીરાગળ રેશમી વસ્ત્ર ધારણ કરેલું હોય, જે કાંઈપણ શરીર ઉપર ધારણ કરેલું હોય, તેમને પલાડવા પૂર્વક જ ગ્રહણ સંબન્ધી સ્નાન કરવું. શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- સ્મશાન અને ગ્રહણ સમયે તો શરીર ઉપર ગરમ ધાબડી ધારણ કરી હોય કે કોટ ધારણ કરેલો હોય, તેને પલાડવો જ પડે. આ બે પ્રસંગ સિવાય શરીર ઉપર ધારણ કરેલું ઉનનું વસ્ત્ર પલાડે તો ચાલે નહિ.

હવે જ્યારે ગ્રહણ સમાપ્ત થવાની તૈયારીમાં હોય, ત્યારે ગૃહસ્થાશ્રમી પુરૂષો હોય તેમણે દાનનો સંકલ્પ કરી લેવો. અને પછી જ્યારે ગ્રહણ સંપૂર્ણ સમાપ્ત થઈ જાય, ત્યારે સ્નાન કરીને સંકલ્પ કરાયેલું દાન આપી દેવું. અને ગૃહસ્થ સિવાયના જે ત્યાગીઓ હોય તેમની પાસે

આપવા યોગ્ય પદાર્થનો સંગ્રહ હોતો નથી. તેથી ત્યાગીઓએ દાનની જગ્યાએ ભગવાનની પૂજા કરવી. પૂજા કરવાથી જ સમગ્ર દાનનું ફળ પ્રાપ્ત થાય છે. અને વળી જે પુરૂષ ગ્રહણના નિમિત્તનું સ્નાન કરતો નથી, એ પુરૂષ તો પાછું ફરીવાર બીજું ગ્રહણ આવે ત્યાં સુધી સુતકી રહે છે. માટે અવશ્ય ગ્રહણના નિમિત્તનું સ્નાન કરવું, આવો અભિપ્રાય છે. ॥૮૭॥

**जन्माशौचं मृताशौचं स्वसम्बन्धानुसारतः । पालनीयं यथाशास्त्रं चातुर्वर्ण्यजनैर्मम ॥८८॥**

મારા આશ્રિત ચારે વર્ણવાળા જનો હોય તેમણે, જન્મનું સૂતક તથા મરણનું સૂતક પોતપોતાના સંબન્ધને અનુસારે અને શાસ્ત્રને અનુસારે પાલન કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- તમામ ધર્મશાસ્ત્રની અંદર ઋષિમુનિઓ દ્વારા જન્મના સૂતકની તથા મરણના સૂતકની વ્યવસ્થા કરવામાં આવી છે. શાસ્ત્રોમાં ઋષિમુનિઓએ જે આ સૂતકની વ્યવસ્થા કરેલી છે. એ લોહીના સંબન્ધ પર આધારિત છે. જેમ આકાશમાં છોડાયેલા શબ્દ તરંગો તથા ચિત્ર તરંગો તરઙ્ગિત થતા થતા સમગ્ર યંત્રોમાં ફેલાયેલા પ્રત્યક્ષ જોયામાં આવે છે. તેમ અમુક પેઢી સુધી લોહીના સંબન્ધો પુરેપુરા ફેલાયેલા રહે છે. અર્થાત્ અમુક પેઢી સુધી લોહીના સંબન્ધોનો પુરેપુરો પ્રભાવ રહે છે. તેથી એક વ્યક્તિનું મૃત્યુ થતાં એ મૃત્યુનો પ્રભાવ સમાન લોહીથી ઉત્પન્ન થયેલા સમીપના સંબન્ધિઓ ઉપર સૂક્ષ્મરૂપે અવશ્ય પડે છે. એજ કારણથી ઋષિમુનિઓએ વિશ્લેષણ કરીને નિશ્ચય કરેલો હોય એમ જણાય છે કે, સાત પેઢી સુધી લોહીના સંબન્ધની અસર પુરે પુરી રહે છે, અને ત્યાર પછી અનુક્રમે એ લોહીનો સંબન્ધ પણ ક્ષીણ થતો જાય છે. તેને અનુસારે જન્મના સૂતકને વિષે કે મરણના સૂતકને વિષે ઋષિમુનિઓએ ન્યૂનાધિક સૂતક પાળવાની વ્યવસ્થા કરેલી હોય, એમ આપણે કેવળ કલ્પના જ કરી શકીએ છીએ. પણ સ્પષ્ટપણે તો જેમ છે તેમ સૂતકની વાત હૃદયમાં ઉતરતી નથી. છતાં પણ ઋષિમુનિઓએ જે આ સૂતક પાળવાના આદેશો આપ્યા છે, એ આપણા સુખને માટે આપ્યા છે. પણ આપણને હેરાન કરવા તો નથી જ આપ્યા. ઋષિમુનિઓના નિર્ણયમાં ચોક્કસ આપણું હિત જ સમાયેલું હશે. તો ઋષિમુનિઓએ જે સૂતકના નિર્ણયો કરેલા છે, તેમાં વિશ્વાસ રાખીને એ પ્રમાણે, રહેવામાં જ આપણું હિત છે.

હવે ઋષિમુનિઓએ જે સૂતકના નિર્ણયો કરેલા છે, તેમનું દિશાસૂચન કરતાં, શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે, પોતાના કુળમાં કોઈ પુત્રનો જન્મ થયો હોય કે કોઈ પુત્રીનો જન્મ થયો હોય, તો સાત પેઢીવાળા જનોએ દસ દિવસનું પૂર્ણ સૂતક પાલન કરવું. અને આઠથી ચૌદ પેઢીવાળાએ ત્રણ દિવસનું સૂતક પાલન કરવું. અને પંદરથી એકવીશ પેઢીવાળાએ એક દિવસનું સૂતક પાલન કરવું. અથવા કેવળ સ્નાનથી પણ શુદ્ધિ કહેલી છે. આ રીતે આ જન્મના સૂતકનો નિર્ણય કહેલો છે. જન્મના સૂતકની પેઠે જ મરણના સૂતકમાં પણ સમજી લેવું. આ પ્રમાણે શાસ્ત્રોમાં સામાન્યપણે આ સૂતકની વ્યવસ્થા કરવામાં આવેલી છે.

હવે વિશેષપણે સૂતકના નિર્ણયને સમજાવતાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- જન્મના સૂતકમાં દશ દિવસ વ્યતીત થયા પછી જો ખબર પડે તો સૂતક પાલન કરવું નહિ. પણ મરણના સૂતકમાં તો ત્રણ માસની અંદરમાં જો ખબર પડે તો ત્રણ દિવસનું સૂતક પાલન કરવું. અને ત્રણ માસ પછી અને છ માસની અંદરમાં, જો ખબર પડે તો દોઢ દિવસનું સૂતક પાલન કરવું. અને છ માસ પછી નવ માસ સુધીમાં ખબર પડે તો એક દિવસનું સૂતક પાલન કરવું. અને નવ માસ પછી જો ખબર પડે તો કેવળ સ્નાનથી શુદ્ધિ કહેલી છે.

અને વળી માતાપિતાનું મરણ થયા પછી ભલેને એક વર્ષ પછી ખબર પડે, તો પણ પુત્રને પુરૂં દશ દિવસનું સૂતક પાલન કરવું. અને પતિ પત્નિને પણ એક વર્ષ પછી ભલે મરણની ખબર પડે, તોપણ પતિ પત્નીએ પરસ્પર પૂર્ણ દશ દિવસનું સૂતક પાલન કરવું.

હવે એક જન્મનું સૂતક ચાલતું હોય, અને વચ્ચે બીજું જો જન્મનું સૂતક આવે, તો પૂર્વના સૂતકની સાથે જ પાછલું ઉતરી જાય છે. તેથી ફરીવાર પાછલું જન્મનું સૂતક પાલન કરવું નહિ. એ જ રીતે મરણનું સૂતક ચાલતું હોય અને વચ્ચે બીજું મરણનું સૂતક જો આવે, તો પૂર્વના મરણના સૂતકની સાથે જ પાછલું મરણનું સૂતક ઉતરી જાય છે. તેથી મરણનું સૂતક પણ ફરીવાર પાલન કરવું નહિ.

હવે આમાં જન્મનું સૂતક નાનું કહેવાય છે, અને મરણનું સૂતક મોટું કહેવાય છે. તેથી જો મરણનું સૂતક ચાલતું હોય, અને વચ્ચમાં જો જન્મનું સૂતક આવે તો મરણના સૂતકની સાથે જ જન્મનું સૂતક ઉતરી જાય છે. પણ જન્મનું સૂતક ચાલતું હોય અને જો મધ્યે મરણનું સૂતક આવે તો જન્મના સૂતકની સાથે મરણનું સૂતક ઉતરે નહિ. મરણનું સૂતક પુરે પુરૂં ફરીવાર પાલન કરવું પડે છે. આવી શાસ્ત્રોમાં વ્યવસ્થા કરવામાં આવેલી છે.

હવે જન્મ આપનાર જે સૂતિકા હોય, તેના વિષયમાં શાસ્ત્રમાં વિશેષ બતાવેલું છે કે- જન્મના સૂતકમાં જન્મ આપનાર સૂતિકાનો સ્પર્શ કરવો નહિ, એ સિવાય બીજાનો સ્પર્શ કરવામાં દોષ નથી. અને જો જન્મ આપનાર સૂતિકાનો સ્પર્શ થાય, તો સ્નાનમાત્રથી શુદ્ધિ થાય છે. અને વળી જન્મ આપનારી સૂતિકા દશમે દિવસે સ્નાન કરીને શુદ્ધ થાય છે. અને ત્યાર પછી પણ એ સૂતિકા રસોડામાં જઈ શકે નહિ, કે કોઈ દેવ સંબન્ધી કર્મ પણ કરી શકે નહિ. પુત્રને જન્મ આપનારી સૂતિકા ત્રીસ દિવસ પછી કોઈપણ કર્મ કરી શકે છે. અને કન્યાને જન્મ આપનારી સૂતિકા ચાલિસ દિવસ પછી કોઈપણ કર્મ કરી શકે છે. આ રીતે શાસ્ત્રોમાં વ્યવસ્થા બતાવેલી છે.

હવે દાંત ઉગ્યા પહેલાં જો બાળકનું મૃત્યુ થઈ જાય, તો સ્નાનમાત્રથી શુદ્ધિ કહેલી છે. અને દાંત ઉગી ગયા હોય પણ ગર્ભના કેશ હજુ ઉતરાવ્યા ન હોય, તેથી પહેલાં જો બાળક મૃત્યુ પામે તો એક દિવસનું સૂતક પાલન કરવું. અને ગર્ભના કેશ ઉતરાવી નાખ્યા હોય, પણ હજુ યજ્ઞોપવીત સંસ્કાર થયો ન હોય, તેથી પહેલાં જો બાળકનું મૃત્યુ થાય તો ત્રણ દિવસનું સૂતક પાલન કરવું, અને યજ્ઞોપવીત ધારણ કર્યા પછી અર્થાત્ આઠ વર્ષ પછી જો બાળક મૃત્યુ પામે તો પુરૂં દસ દિવસનું સૂતક પાલન કરવું. આ રીતે શાસ્ત્રોમાં વ્યવસ્થા બતાવેલી છે.

હવે પરણાવેલી સ્ત્રી જો પિતાને ઘેર મૃત્યુ પામે, અથવા પિતાને ઘેર જો બાળકને જન્મ આપે, તો માતાપિતાએ ત્રણ દિવસનું સૂતક પાલન કરવું. અને બીજા બંધુજનોએ એક દિવસનું સૂતક પાલન કરવું.

હવે નાનો જો મૃત્યુ પામે તો ત્રણ દિવસનું સૂતક પાલન કરવું. અને યજ્ઞોપવિત ધારણ કરેલી હોય એવા દીકરીના દીકરા મૃત્યુ પામે તો દીકરીના માતા પિતાએ ત્રણ દિવસનું, અને જેનો યજ્ઞોપવિત સંસ્કાર થઈ ગયો હોય છે, એવો ભાણેજો મૃત્યુ પામે તો મામાએ ત્રણ દિવસનું સૂતક પાલન કરવું.

અને વળી નાનીમા મૃત્યુ પામે તો દોઢ દિવસનું, યજ્ઞોપવીત સંસ્કાર થયો ન હોય, એવો દીકરીનો દીકરો મૃત્યુ પામે તો દોઢ દિવસનું, યજ્ઞોપવીત સંસ્કાર થયો ન હોય એવો ભાણેજો મૃત્યુ પામે તો દોઢ દિવસનું, સાસુ કે સસરો મૃત્યુ પામે તો દોઢ દિવસનું, અને બહેન મૃત્યુ પામે તો પણ દોઢ દિવસનું સૂતક કહેલું છે. ફઈ, મામી, મામો, કે માસી, મૃત્યુ પામે તો દોઢ દિવસનું, પોતાનો કોઈ ગાઢ મિત્ર મરણ પામે તો દોઢ દિવસનું સૂતક પાલન કરવું. યજ્ઞોપવીત ધારણ કરીને વેદનું અધ્યયન કરનાર શિષ્ય જો મૃત્યુ પામે તો ગુરૂએ દોઢ દિવસનું સૂતક પાલન કરવું. વેદાધ્યાપક અને મંત્રને આપનારા ગુરૂ (આચાર્ય) જો મૃત્યુ પામે તો શિષ્યને ત્રણ દિવસનું સૂતક પાલન કરવું. આ રીતે સૂતકની વ્યવસ્થા શાસ્ત્રમાં બતાવેલી છે.

અને વળી વિરક્ત એવા ત્યાગી સાધુનાં માતાપિતા જો મૃત્યુ પામે તો, ત્યાગી સાધુને કેવળ સ્નાન માત્ર કહેલું છે. પરંતુ સૂતક પાળવું

નહિ. પોતાના જ કુળમાં કોઈ પતિત થઈ ગયો હોય, એ મૃત્યુ પામે તોપણ સૂતક પાળવું નહિ. પોતાના દેશનો રાજા મૃત્યુ પામે તો તારા સ્નાન કહેલું છે.

હવે સૂતકનો જ્યારે પ્રસંગ આવે, ત્યારે આપણે દરરોજ ભગવાનની જે પૂજા કરતા હોઈએ. એ દસ દિવસ સુધી કરવી નહિ. તેમાં આત્મનિવેદી ભક્તજનો પોતાના ઘરમાં જે ધાતુ પાષાણની પ્રતિમાનું પૂજન કરતા હોય, તે પ્રતિમાનું પૂજન સૂતક દરમ્યાન બીજા કોઈ સૂતકથી રહિત એવા પાડોશી પાસે કરાવવું, પણ પ્રતિમાને અપૂજ રહેવા દેવી નહિ. અને દરરોજ આપણે ચિત્રપ્રતિમાનું પૂજન કરીએ છીએ, એ પૂજન પણ સૂતક દરમ્યાન બીજા પાસે કરાવવું. અને પોતાને કેવળ માનસીપૂજા કરવી, જપ કરવો, અને સ્તોત્રાદિકનો પાઠ કરવો.

આ ઉપર કહેલાં બધાં સૂતકોની જે વ્યવસ્થા કરેલી છે, એતો મનુષ્યને કોઈપણ પ્રકારનો આપત્કાળ ન હોય, બરાબર સ્વસ્થ દશામાં રહેલો હોય, તેને માટે આ બધી વ્યવસ્થા કરવામાં આવેલી છે. સ્વસ્થકાળના ધર્મો જુદા હોય છે, અને આપત્કાળના ધર્મો પણ જુદા હોય છે. તેથી જ્યારે મોટો આપત્કાળ આવી પડેલો હોય, ત્યારે સૂતકને વિષે પણ સૂતક લાગતું નથી. કેવળ સ્નાનમાત્રથી શુદ્ધિ થઈ જાય છે. આવો સર્વે શાસ્ત્રોનો અભિપ્રાય છે. ॥૮૮॥

**भाव्यं शमदमक्षान्तिसंतोषादिगुणान्वितैः । ब्राह्मणैः शौर्यधैर्यादिगुणोपेतैश्च बाहुजैः ॥८९॥**

મારા આશ્રિત બ્રાહ્મણો હોય તેમણે, શમ, દમ, ક્ષમા, સંતોષ એ આદિક ગુણોથી યુક્ત થવું, અને અમારા આશ્રિત ક્ષત્રિયો હોય તેમણે, શૂરવીરપણું અને ધીરજપણું આદિક ગુણોથી યુક્ત થવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- બ્રાહ્મણોએ શમ, દમાદિ ગુણોથી યુક્ત થવું. તેમાં શમ એટલે મનનો નિગ્રહ. મનનો જે નિગ્રહ છે, એ જ સુખના હેતુરૂપ છે. જેમણે મનનો નિગ્રહ નથી કરેલો, અર્થાત્ જેમણે પોતાનું મન નિયમમાં નથી કર્યું, એ પુરૂષોને કોઈ જગ્યાએ સુખ પ્રાપ્ત થતું નથી. જ્યાં જાય ત્યાં મન દુઃખના કારણરૂપ બને છે. આ બાબતમાં એક સ્મૃતિ વાક્ય પ્રમાણરૂપ છે- ''अशान्तस्य कुतः सुखम्'' ॥ इति ॥ આ વાક્યનો એ અર્થ છે કે- જેમનું મન અશાંત છે, અર્થાત્ જેમનું મન ચંચળ છે, એવા પુરૂષને શાંતિ ક્યાંથી હોય, ન જ હોય. માટે બ્રાહ્મણો હોય તેમણે પોતાના મનનો નિગ્રહ કરવો.

અને દમ, એટલે ઈન્દ્રિયોનો નિગ્રહ. અંતઃકરણમાં જે જે વિષયો ભરાયા છે, એ ઈન્દ્રિયો દ્વારા જ ભરાયા છે. આંખ, કાન આદિક ઈન્દ્રિયો દ્વારા આસક્ત ભાવથી જે જે વિષયોનું ગ્રહણ કરવામાં આવે છે. તે તે વિષયોના અંતઃકરણમાં સંસ્કાર બેસી જાય છે. અને પછી જન્મો જન્મ એ સંસ્કારો અંતઃકરણમાંથી ઉત્પન્ન થઈને ભૂતપ્રાણી માત્રને કર્મમાર્ગમાં પ્રવર્તાવ્યા કરે છે. માટે બ્રાહ્મણોએ પોતાની ઈન્દ્રિયોને નિયમમાં કરી લેવી. ઈન્દ્રિયોને જે નિયમમાં કરવી, તેને દમ કહેવાય છે.

અને વળી ક્ષમા એટલે બીજાના અપરાધને સહન કરી લેવા તે. ક્ષમા ભગવાનની પ્રસન્નતાનો એક મહાન ગુણ છે. ક્ષમા રાખનાર પુરૂષ ઉપર ભગવાન તત્કાળ જ પ્રસન્ન થઈ જાય છે. જમદગ્નિ ઋષિએ પોતાના પુત્ર પરશુરામ પ્રત્યે કહેલું છે કે- ''वयं हि ब्राह्मणस्तात क्षमयार्हणतां गताः । यथा लोकगुरुर्देवः पारमेष्ट्यमगात् पदम्'' ॥ इति ॥ હે પુત્ર ! આપણે બ્રાહ્મણો ક્ષમા વડે જ પૂજ્યપણાને પામેલા છીએ. અને સમગ્ર લોકના પિતા બ્રહ્મા પણ ક્ષમા વડે જ બ્રહ્મપદને પામેલા છે. માટે આ રીતે સહસ્રાર્જુનના પુત્રોનો વધ કરી નાખવો, એ બ્રાહ્મણને માટે યોગ્ય નથી. બ્રાહ્મણને માટે તો ક્ષમા એજ આભૂષણ છે, અને ક્ષમા એજ ઢાલરૂપ છે. માટે ધીરજતા રૂપી ગુણનો આશ્રય કરીને, હમેશાં ક્ષમા રૂપી આભૂષણને ધારણ કરવું જોઈએ. અને ક્ષમારૂપી આભૂષણને ધારણ કરવાથી જ ભગવાનની પ્રસન્નતા થાય છે. આ પ્રમાણે જમદગ્નિએ પુત્ર પરશુરામને ક્ષમાનો ઉપદેશ

કરેલો છે.

અને વળી બ્રાહ્મણોને સંતોષ રાખવો જોઇએ. સંતોષી સદા સુખી. જે સંતોષ રાખે છે, એજ સુખ પ્રાપ્ત કરી શકે છે. અસંતોષી ક્યારેય પણ સુખી થઇ શકતો નથી. અને અસંતોષ છે એજ જન્મ અને મરણરૂપી સંસૃતિનું મૂળ કારણ છે. જ્યાં સુધી વિષયોમાં અસંતોષ છે, ત્યાં સુધી પુરૂષ આધ્યાત્મિક માર્ગને પંથે ચઢી શકતો જ નથી. અને આધ્યાત્મિક માર્ગને પંથે ચઢ્યા સિવાય જન્મ અને મરણરૂપી સંસૃતિનો નાશ પણ થતો નથી. આ વિષયમાં ભાગવત શાસ્ત્રનું વચન પ્રમાણરૂપ છે- ''पुंसोऽयं संसृत्तेः हेतुरसन्तोषोऽर्थकामयोः । यदृच्छयोपपन्नेन संतोषो मुक्तये स्मृतः'' ॥ इति ॥ આ પદ્યનો એ ભાવ છે કે- ધન અને વિષયભોગની અંદર જે અસંતોષ છે, એજ જન્મ અને મરણરૂપી સંસૃતિનું મૂળ છે. અને દૈવ ઈચ્છાથી જે કાંઇ પ્રાપ્ત થાય તેણે કરીને જે સંતોષ રાખવો, એ મોક્ષના કારણરૂપ છે. અર્થાત્ ધન અને વિષયભોગમાં અસંતોષથી સંસૃતિ પ્રાપ્ત થાય છે. અને સંતોષથી મોક્ષ પ્રાપ્ત થાય છે. માટે બ્રાહ્મણો હોય તેમણે સંતોષ નામના ગુણથી યુક્ત થવું. અને અહિંસા, દયા, આદિ ગુણોથી પણ યુક્ત થવું.

અને વળી ક્ષત્રિયો હોય તેમણે, શૂરવીરપણું પ્રાપ્ત કરવું. અર્થાત્ રણસંગ્રામમાં ઉત્સાહ પ્રાપ્ત કરવો. પણ કાયર થઈને પીઠ બતાવવી નહિ. કેવળ જે શૂરવીરતા છે, એ ક્યારેક પોતાનું પણ નુકશાન કરે છે, તેથી સાથે સાથે ધીરજતા પણ પ્રાપ્ત કરવી. ભાગવતના અગિયારમા સ્કન્ધને વિષે ક્ષત્રિયોના સ્વાભાવિક ગુણો કહેલા છે- પ્રભાવ, શારીરિક બળ, ઈન્દ્રિયોનું બળ, ધીરજતા, શૂરવીરતા, તિતિક્ષા, ઉદારતા, પરિશ્રમ, બ્રાહ્મણોને દેવની પેઠે માનવા, અને પ્રજા ઉપર નિયમન શક્તિ વિગેરે ક્ષત્રિયોના સ્વાભાવિક ગુણો પ્રતિપાદન કરેલા છે. માટે ક્ષત્રિયો હોય તેમણે આવા ગુણોથી યુક્ત થવું, આવો અભિપ્રાય છે. ॥૮૯॥

**वैश्यश्च कृषिवाणिज्यकुसीदमुखवृत्तिभिः । भवितव्यं तथा शूद्रैर्द्विजसेवादिवृत्तिभिः ॥९०॥**

મારા આશ્રિત વૈશ્યો હોય તેમણે, ખેતી કરવી, વ્યાપાર કરવો, તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેણે કરીને વર્તવું. તેવી જ રીતે શુદ્રો હોય તેમણે, બ્રાહ્મણાદિક ત્રણે વર્ણની સેવા કરવી, એ આદિક વૃત્તિઓ તેથી યુક્ત થવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- વૈશ્યો હોય તેમણે ખેતી કરવી. વૃદ્ધપરાશરસ્મૃતિમાં કહેલી રીતિ વડે પૃથ્વી થકી ધાન્યની જે ઉપજ કરવી તેને ખેતી કહેવામાં આવે છે. અને વૈશ્યો હોય તેમણે વ્યાપાર કરવો. શાસ્ત્રોમાં નહિ નિષેધ કરાયેલાં પદાર્થોને લાભને માટે ખરીદવાં અને વેંચવાં, તેને વ્યાપાર કહેવામાં આવે છે. અને વળી વૈશ્યો હોય તેમણે વ્યાજવટો કરવો. યાજ્ઞવલ્ક્યસ્મૃતિના વ્યવહાર અધ્યાયમાં કહ્યા પ્રમાણે યથાયોગ્ય ધનની વૃદ્ધિને માટે જે દ્રવ્યનો પ્રયોગ કરવામાં આવે, અર્થાત્ દ્રવ્યની વૃદ્ધિને માટે જે રોકાણ કરવામાં આવે, તેને વ્યાજવટો કહેવામાં આવે છે. તેમાં વ્યાજવટારૂપ વૃત્તિ પ્રાણીઓને માટે થોડી દુઃખરૂપ છે. આ વૃત્તિથી કરજદાર અતિ દુઃખને પામે છે. કોઈ સમયે ધનિકધણીના ઉપદ્રવથી કરજદારને આત્મઘાત પણ કરવો પડે છે. અને જેના ઉપર કરજ ન હોય, તેને ઘરમાં ભલે અડધો રોટલો ખાવા મળે તો પણ એ સુખી છે. આ વિષયમાં મહાભારતના આરણ્યકપર્વનું વચન પ્રમાણ રૂપ છે- ''पञ्चमेऽहनि षष्ठे वा शाकं पचति यो गृहे । अनृणि चाप्रवासी च स वारिचर मोदते'' ॥ इति ॥ આ શ્લોકનો એ ભાવ છે કે- જે પુરૂષ પોતાના ઘરમાં રહીને પાંચમે દિવસે અથવા છટ્ઠે દિવસે કેવળ શાક રાંધીને જમતો હોય, છતાં પણ તેના ઉપર જો કરજ ન હોય, અને તેને પ્રવાસ વેઠવો પડતો ન હોય, તો તે પુરૂષ આનંદને પામે છે. પણ જેના ઉપર કરજ હોય, એ પુરૂષ ક્યારેય પણ આનંદ મેળવી શકતો નથી. આ પ્રમાણે વ્યાજવટારૂપ વૃત્તિમાં પ્રાણીઓને દુઃખ રહેલું છે.

અને વળી શુદ્રો હોય તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી, એ આદિક વૃત્તિઓ વડે પોતાની આજીવિકા ચલાવવી. મહાભારતના આનુશાસનિક પર્વમાં કહેલું છે કે- ''द्विजशुश्रुषया शुद्रः परं श्रेयोऽधिगच्छति'' ॥ इति ॥ બ્રાહ્મણાદિક ત્રણે વર્ણની સેવા કરવારૂપ આજીવિકાથી શુદ્ર

પરમ કલ્યાણને પામે છે. અને વળી શુદ્રો હોય તેમણે, માતાપિતાની સેવા કરવી, તથા અહિંસાદિક ધર્મોનું પાલન કરવું, એ આદિક ગુણોથી પણ યુક્ત થવું, આવો અભિપ્રાય છે. ॥૯૦॥

**संस्काराश्चाह्निकं श्राद्धं यथाकालं यथाधनम् । स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ॥९१॥**

અને બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય આ ત્રણે વર્ણવાળા મારા આશ્રિતો હોય તેમણે, ગર્ભાધાનાદિક સર્વે સંસ્કારો તથા આહ્નિક કર્મ અને શ્રાદ્ધ, આ ત્રણે પોતપોતાના ગુહ્યસૂત્રને અનુસારે અને ધન સંપત્તિને અનુસારે હમેશાં કરવાં.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- સવારમાં સૂર્યોદયથી આરંભીને સાયંકાળ પર્યંતનાં જે કર્મો શાસ્ત્રમાં વિધાન કરવામાં આવેલાં છે. તેને જેમ નિત્યકર્મ અથવા તો દિનચર્યા કહેવામાં આવે છે. તેમજ ગર્ભમાં દાખલ થયાથી આરંભીને મૃત્યુપર્યંતની જે ક્રિયાઓ શાસ્ત્રમાં વિધાન કરવામાં આવેલી છે, તેને જીવનચર્યા કહેવામાં આવે છે. જેમ દિનચર્યા નિયમિત છે, તેમ જીવનચર્યા પણ નિયમિત છે. જીવનચર્યામાં સંસ્કારો, આહ્નિક કર્મો અને શ્રાદ્ધો આ ત્રણે બાબતનું પ્રતિપાદન કરવામાં આવેલું છે. તેમાં સંસ્કારોનું બહુ પ્રાધાન્ય છે, જે સંસ્કારોથી મનુષ્ય માનવતાની પરાકાષ્ટાએ પહોંચી શકે છે. અને જે સંસ્કારોથી મનુષ્ય સભ્યતાનાં ઉંચા શિખરો પર તથા આધ્યાત્મિક માર્ગના પંથે ચઢી શકે છે.

શાસ્ત્રોમાં ગર્ભાધાનાદિક સોળ સંસ્કારો મુખ્ય કહેલા છે. સોળ સંસ્કારોમાં ગર્ભાધાન સંસ્કાર પહેલો સંસ્કાર છે. ગૃહસ્થ ધર્મની અંદર ‘‘पिता बीजप्रदो मतः’’ પિતા છે એ આ સૃષ્ટિકાર્યમાં શક્તિસ્વરૂપ નારીના ઉદરમાં બીજની સ્થાપના કરે છે. જે માતાપિતાનું મન પવિત્ર હોય, તેનું સંતાન પણ પવિત્ર થાય છે. તેથી માતાના ઉદરમાં જ્યારે ગર્ભની સ્થાપના થાય, ત્યારે પિતાનું અને માતાનું જેવું મન તેવું જ બાળક ઉત્પન્ન થાય છે.

(૧)‘‘गर्भाधानसंस्कारः’’

જે બાળક ગર્ભમાંથી જ સંસ્કૃત થાય છે. એબાળક અતિ બળવાન અને સદ્‌ગુણી બને છે. તેથી સર્વે સંસ્કારોમાં ગર્ભાધાન સંસ્કારની પ્રાથમિક્તા છે. ભાવિ બાળકનું સંપૂર્ણ ભવિષ્ય આ ગર્ભાધાન સંસ્કારને આધારિત છે. સંતાનની ઉત્પત્તિ માતાપિતાના જીવવિશિષ્ટ શરીર તથા મન થકી થાય છે. તેથી માતાપિતાના શારીરિક ગુણ અવગુણ તથા માનસિક ગુણ અવગુણ બાળકની અંદર પ્રવેશે છે. એજ કારણથી માતાપિતાના શારીરિક તથા માનસિક દોષોના નિવારણ માટે ગર્ભાધાન સંસ્કારની આવશ્યક્તા છે. ખેતી કરનાર ખેડુતને જો સારા ફળની ઈચ્છા હોય, તો પ્રથમ બીજની અને ખેતરની શુદ્ધિ અવશ્ય કરવી જોઈએ. તેમ આ ઈશ્વરની સૃષ્ટિમાં પુરૂષ એ બીજ છે. અને સ્ત્રી એ ખેતર છે. માટે ગર્ભાધાન પૂર્વે સ્ત્રી તથા પુરૂષની શારીરિક અને માનસિક શુદ્ધિ અવશ્ય હોવી જોઈએ. ગર્ભાધાન સંસ્કાર વિવાહિત સ્ત્રી અને પુરૂષને એ સૂચવે છે કે, સ્ત્રી પુરૂષનો પરસ્પર સંબન્ધ કેવળ વિષયભોગની તૃપ્તિને માટે નથી. પણ એક શ્રેષ્ઠ સંતાનની ઉત્પત્તિ રૂપી મહાન ઉદ્દેશ્યની પૂર્તિને માટે જ છે. વિવાહનું તાત્પર્ય એ નથી કે વિવાહિત પતિ પત્ની પોતાની ઈચ્છાનુસારે વિષયભોગ ભોગવે છતાં એને પાપ લાગે નહિ. વિવાહનું તાત્પર્ય એ છે કે, વૈદિક મંત્રોથી સ્ત્રી અને પુરૂષને પરસ્પર સંબન્ધની માન્યતા પ્રદાન કરીને, ઈશ્વરની પવિત્ર સૃષ્ટિમાં શુદ્ધ સંતતિની ઉત્પત્તિ કરવી. નહિ કે વિવાહથી વિષયનું સેવન કરવાની ખુલી છુટ આપવામાં આવે છે. ગર્ભાધાન સંસ્કાર તો પતિ પત્નીના શારીરિક તથા માનસિક પવિત્રતાના મહત્વનું તેમજ સંયમના મહત્વનું દિગ્દર્શન કરાવે છે. અને મદ, મોહ તથા વાસનાથી અંધ બનીને ગર્ભાધાન કરવાનો નિષેધ કરે છે. હવે મનુએ જે ગર્ભાધાનની રીતિ બતાવેલી છે, તેને અનુસારે જો ગર્ભાધાન કરવામાં આવે, તો બાળક બળવાન અને સદ્‌ગુણી બને છે. માટે મનુએ બતાવેલી ગર્ભાધાનની રીત અહીં સંક્ષેપથી વર્ણન કરવામાં આવે છે. ऋतु स्वाभाविकः स्त्रीणां रात्र्यः षोडशः स्मृताः । तासामाद्याश्चतस्रस्तु निन्दितैकादशी च या

॥१॥ त्रयोदशी च शेषास्तु प्रशस्ता दश रात्रयः । युग्मासु पुत्रा जायन्ते स्त्रियोऽयुग्मासु रात्रीसु ॥२॥

મનુઋષિના વાક્યનો એ ભાવ છે કે, જે દિવસે સ્ત્રીને રજોદર્શન થાય, એ દિવસથી આરંભીને સોળ રાત્રીઓ છે, એ સ્ત્રીનો ઋતુકાળ કહેવામાં આવે છે. તેમાં પ્રથમની ચાર રાત્રિઓ છે, એતો અતિશે નિંદિત છે. જેમ ચાર રાત્રીઓ ત્યાગ કરવા યોગ્ય છે, તેમ રજોદર્શનથી આરંભીને અગિયારમી અને તેરમી રાત્રી પણ નિન્દિત બતાવેલી છે. માટે અગિયારમી અને તેરમી રાત્રી ત્યાગ કરવા યોગ્ય છે. બાકીની દશ રાત્રીઓ ગર્ભાધાન માટે શ્રેષ્ઠ કહેલી છે. તેમાં જેને પુત્રની ઈચ્છા હોય તેમણે રજોદર્શનના ચાર દિવસો છોડીને બેકી રાત્રીએ એટલે છટ્ઠી, આઠમી, દસમી, બારમી, ચૌદમી અને સોળમી. આ છ રાત્રીએ ગર્ભાધાન કરવું. આ પ્રમાણે પુત્રાભિલાષીને માટે છ રાત્રી કહેલી છે.

અને કન્યાની જેને ઈચ્છા હોય તેમણે, રજોદર્શનના ચાર દિવસો છોડીને, એકી રાત્રી એટલે પાંચમી, સાતમી, નવમી અને પંદરમી રાત્રીએ ગર્ભાધાન કરવું. આ પ્રમાણે કન્યાભિલાષીને માટે ચાર રાત્રીઓ કહેલી છે. એક મહિનામાં કુલ મળીને દસ જ રાત્રીઓ ગર્ભાધાન માટે વિધાન કરવામાં આવેલી છે. તેમાં પણ એકાદશી, અમાવાસ્યા આદિક પર્વની રાત્રીઓ ત્યાગ કરવા યોગ્ય છે. આ રીતે શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે અને પત્નીની સંમતિથી, તથા માનસિક અને શારીરિક પવિત્રતાથી કેવળ સંતતિની પ્રાપ્તિરૂપ ઉદ્દેશ્યથી જે સ્ત્રી અને પુરૂષનો સમાગમ તેને જ ગર્ભાધાન સંસ્કાર કહેવામાં આવે છે. અને આ રીતે ગર્ભાધાન સંસ્કારથી ગર્ભની શુદ્ધિ થાય છે. અને બાળક તેજસ્વી તથા સદ્‌ગુણી બને છે.

(२)''पुंस्वनसंस्कारः''

આ સંસ્કાર ગર્ભ થકી પુત્ર રૂપી ફળની પ્રાપ્તિના ઉદ્દેશ્યની પૂર્તિને માટે કરવામાં આવે છે. ગર્ભમાં ચોથા મહિનાથી પુરૂષ તથા સ્ત્રીનાં સૂચક અંગોની ઉત્પત્તિનો પ્રારંભ થાય છે. તેથી આ સંસ્કાર બીજે મહિને અથવા તો ત્રીજે મહિને હજુ કેવળ ગર્ભમાં માંસનો પિંડ હોય, ત્યારે કરવામાં આવે છે.

(३) ''सीमन्तोन्नयनसंस्कारः''

ચોથા મહિનાથી આરંભીને બાળકને ગર્ભમાં હૃદયાદિક સર્વે અંગોની ઉત્પત્તિ થાય છે. ત્યારથી આરંભીને ગર્ભમાં રહેલા બાળકને ચૈતન્યશક્તિનો પ્રાદુર્ભાવ થવા લાગે છે. એજ કારણથી ચોથા મહિને અથવા તો તે પછી પાંચમે કે છટ્ઠે મહિને, સ્ત્રીના શરીરની શુદ્ધિ અને ગર્ભમાં રહેલા બાળકની રક્ષા, તથા શિક્ષા આ સંસ્કારની અંદર શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કરવામાં આવે છે. જેવી રીતે અભિમન્યુને ગર્ભાવસ્થામાં જ ચક્રવ્યૂહનું શિક્ષણ પ્રાપ્ત થયું હતું. અને પ્રહ્લાદજીને પણ નારદજીએ ગર્ભાવસ્થામાં જ પરમાત્માના માહાત્મ્યનું શિક્ષણ આપેલું હતું.

(४) ''जातकर्मसंस्कारः''

સંતાનની ઉત્પત્તિ થયા પછી બાળકને સ્નાન, નાભિનું છેદન, અને બાળકને દૂધ પીવરાવવું, બાળકના જન્મ નિમિત્તે પિતાને સ્નાન કરવું, દાન આપવું, વગેરે ક્રિયા, આ જાતકર્મસંસ્કારની અંદર કરવામાં આવે છે. અને વૈદિક વચનોથી બાળકનું મંગળ આ સંસ્કારની અંદર કરવામાં આવે છે.

(५) ''नामकर्मसंस्कारः''

ગોભિલગૃહ્યસૂત્રની અંદર બતાવેલું છે કે- ''जननाद्दशरात्रे व्युष्टे शतरात्रे संवत्सरे वा नामधेयकरणम्'' ॥ इति ॥ જન્મથી આરંભીને દશ દિવસ વ્યતીત થયા પછી, અગિયારમે દિવસે કે બારમે દિવસે નામકરણ સંસ્કાર કરવામાં આવે છે. અથવા તો સો દિવસ વ્યતીત થયા પછી, એકસો એકમા દિવસે સંતાનનું નામકરણ કરવું. અથવા એક વર્ષ વીત્યા પછી પણ નામકરણસંસ્કાર કરવામાં આવે છે. તેમાં માતાની જો નિર્બળતા હોય

કે દશ દિવસ પછી પણ ઉઠી શકે એમ ન હોય, તો સો દિવસ પછી એકસોએકમે દિવસે નામકરણ કરવું. અને જો પિતા વિદેશમાં હોય તો એક વર્ષ વ્યતીત થયા પછી પણ નામકરણ સંસ્કાર થઈ શકે છે. આ નામકરણ સંસ્કાર જ્યોતિષ શાસ્ત્રના આધારે વૈદિક વિધિથી કરવામાં આવે છે.

(૬) ''निष्क्रमणसंस्कारः''

જન્મ પછી બાળકને ચોથા માસમાં આ સંસ્કાર કરાવવામાં આવે છે. ચોથા માસે બાળકની જ્ઞાન ઈન્દ્રિયો અને કર્મ ઈન્દ્રિયો સશક્ત થાય છે. અને વાયુ, તડકો, ટાઢ આદિકને સહન કરવાને યોગ્ય બને છે. તેથી ચોથા માસે બાળકને સૂર્ય તથા ચંદ્રનાં દર્શન કરાવવામાં આવે છે. અર્થાત્ સૂર્ય તથા ચંદ્રનાં દર્શન માટે બાળકને બહાર ખુલ્લી જગ્યામાં જે લાવવામાં આવે, તેને નિષ્ક્રમણ સંસ્કાર કહેવાય છે.

(૭) ''अन्नप्राशनसंस्कारः''

આ સંસ્કારમાં બાળકને થોડું થોડું અન્ન જમાડવાનો પ્રારંભ થાય છે. તેથી બાળક છ કે સાત મહિનાનો થાય, ત્યારે આ સંસ્કાર કરવામાં આવે છે. જેથી બાળક અન્ન પચાવી શકે. અન્નપ્રાશન સંસ્કારમાં બાળકની આગળ પુસ્તક, અસ્ત્ર, શસ્ત્રાદિક ઘણીક વસ્તુઓ રાખવામાં આવે છે. અને બાળકને છુટો મુકવામાં આવે છે. ત્યારે બાળકને જે વસ્તુમાં વધુ આકર્ષણ થાય, તેને આધારે બાળકની ભાવિ રૂચિની કલ્પના કરવામાં આવે છે.

(૮) ''चौलसंस्कारः''

ચૌલ સંસ્કારની અંદર બાળકનું વિધિવત્ મુંડન કરાવવામાં આવે છે. અને બાળકના મસ્તક ઉપર શિખાનું સ્થાપન કરવામાં આવે છે. આ સંસ્કાર જન્મથી આરંભીને ત્રીજે વર્ષે કરવામાં આવે છે. આ સંસ્કારને ચૂડાકર્મ સંસ્કાર પણ કહેવામાં આવે છે. અને ત્યારબાદ અનુક્રમે બાળકનો કર્ણવેધ સંસ્કાર પણ કરવામાં આવે છે. કર્ણવેધ સંસ્કારની અંદર બાળકના કાન વીંધવામાં આવે છે.

(૯) ''उपनयनसंस्कारः''

સર્વે સંસ્કારો કરતાં યજ્ઞોપવિત સંસ્કારની મહત્તા અધિક છે. આચાર્ય બાળકને વિધિ પૂર્વક યજ્ઞોપવીત આપીને બ્રહ્મચર્યનો ઉપદેશ આપે છે. અને પછી એ બ્રહ્મચારી ત્રણ દિવસ પર્યંત ગુરૂની પાસે ગર્ભરૂપે રહે છે. અને પછી દ્વિજત્વરૂપ બીજા જન્મને ગ્રહણ કરીને બહાર નીકળે છે. આ રીતે યજ્ઞોપવિત સંસ્કાર દ્વિજાતિપણાને પમાડનાર છે. અર્થાત્ યજ્ઞોપવિત સંસ્કાર એ બીજો જન્મ કહેવામાં આવે છે. આ સંસ્કાર બ્રાહ્મણોને આઠમા વર્ષે, ક્ષત્રિયોને અગિયારમા વર્ષે, અને વૈશ્યને બારમા વર્ષે ધારણ કરાવામાં આવે છે. બ્રાહ્મણ બાળકનો વસંતઋતુમાં, ક્ષત્રિય બાળકનો ગ્રીષ્મઋતુમાં અને વૈશ્ય બાળકનો શરદઋતુમાં, આ સંસ્કાર કરવામાં આવે છે.

આ રીતે અહીં શિક્ષાપત્રીમાં સંસ્કારમયુખ શાસ્ત્રને અનુસારે નવ સંસ્કારોનું મુખ્યપણે વર્ણન કરેલું છે. વ્યાસમુનિએ તો સોળ સંસ્કારો મુખ્યપણે વર્ણવ્યા છે. અને આ નવ સંસ્કારોનું વર્ણન કર્યું છે, એ સિવાય સમાવર્તન સંસ્કાર કે જેમાં વિદ્યાની સમાપ્તિ કરવામાં આવે છે. વિવાહ સંસ્કાર અને અંતે ઔર્ધ્વદેહિક સંસ્કાર (અર્થાત્ અગ્નિ સંસ્કાર) વગેરે સંસ્કારોનું વર્ણન કરવામાં આવ્યું છે. અને ક્ષમાદિક આત્મગુણોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. આ સર્વે સંસ્કારોથી અને આત્મગુણોથી પ્રાણીઓનું અંતઃકરણ સંસ્કૃત બને છે. જેથી આત્માની ઉન્નતિ થાય છે. અર્થાત્ આત્માની ઉર્ધ્વગતિ થાય છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- આ સર્વે સંસ્કારો સમય અને ધનસંપત્તિને અનુસારે કરવા. જેમ કે કોઈએ વિવાહ સંસ્કારમાં અઢળક રૂપિયા ખર્ચી નાખ્યા હોય, તો પોતાને પણ ખર્ચવા પડે એમ નહિ. જેવી પોતાની ધનસંપત્તિની મર્યાદા તેને અનુસારે સર્વે સંસ્કારો કરવા. અને સમયને અનુસારે એટલે જેમ કે પોતાનો પુત્ર હોય કે પુત્રી હોય, તેનો સમય આવે એટલે લગ્ન કરી આપવાં જોઈએ. પણ પુત્ર કે પુત્રીના

ચાલીસ વર્ષ વીતી ગયા પછી જો લગ્ન કરે, તો કળીયુગમાં ચાલીસ વર્ષનો મોટે ભાગે વૃદ્ધ જોવામાં આવે છે. માટે સમયને અનુસારે બધા સંસ્કારો કરવા, આવો અભિપ્રાય છે.

અને વળી આહ્નિક કર્મ એટલે સવારથી આરંભીને સાયંકાલ સુધીનું જે સ્નાન, સંધ્યાવંદન, પૂજા એ આદિક કર્મ, તે પણ સમય સમયને અનુસારે અને ધનસંપત્તિને અનુસારે કરવું. આ નિત્યકર્મનું વિધાન પૂર્વે કરવામાં આવેલું છે. માટે અહીં વિસ્તાર કરાયેલો નથી.

અને વળી શ્રાદ્ધ પણ સમય સમયને અનુસારે અને ધનસંપત્તિને અનુસારે કરવું. શ્રદ્ધા રાખીને કરાતું જે કર્મ, તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે. મરીચિઋષિએ કહેલું છે કે- ''प्रेतं पितृंश्च निर्दिश्य भोज्यं यत्प्रियमात्मनः । श्रद्धया दीयते यत्र तच्छ्राद्धं परिचक्षते'' ॥ इति ॥

આલોકમાંથી અદૃશ્ય થયેલા પ્રેતાત્માઓને ઉદ્દેશીને, પોતાને પ્રિય એવું કોઈપણ ભોજ્ય પદાર્થ કેવળ શાસ્ત્રમાં શ્રદ્ધા રાખીને જે અનુષ્ઠાનમાં અર્પણ કરવામાં આવે, એ અનુષ્ઠાનને શ્રાદ્ધ કહેલું છે.

હવે શ્રાદ્ધમાં જે પિંડદાન અર્પણ કરવામાં આવે છે, તેનું કારણ એ છે કે- જીવ આ સ્થૂળ પિંડનો (શરીરનો) ત્યાગ કરીને સૂક્ષ્મ પિંડની સાથે પિતૃલોકમાં રહે છે. જ્યાં સુધી બીજા સ્થૂળ પિંડની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી સૂક્ષ્મ લોકને વિષે તેનો નિવાસ હોય છે. સ્થૂલ શરીરની પ્રાપ્તિ વિના કેવળ સૂક્ષ્મ શરીરથી જીવની ભોગાભિલાષાની પૂર્તિ થઈ શકતી નથી. તેથી પિતૃલોકમાં સૂક્ષ્મ શરીરે રહેલા જીવને ભોગાયતન સ્થૂલ પિંડની યોગ્યતા પ્રાપ્ત થાય, તેને માટે શાસ્ત્રોએ પિંડદાનનું વિધાન કરેલું છે. મૃત્યુ પછી સ્મશાનયાત્રાથી આરંભીને દાહક્રિયા સુધીમાં શિવ, પાન્થક, ખેચર, ભૂત, અને સાધક આ પાંચ પિંડો અર્પણ કરવાના હોય છે, જે પંચમહાભૂતોના પૂરક છે. ત્યારબાદ દસ દિવસ પર્યંત દસ પિંડો અર્પણ કરવામાં આવે છે, આ દસ પિંડો તે તે અંગોના પૂરક હોય છે. અને ચોથે દિવસે અસ્થિસંચયન શ્રાદ્ધમાં એક પિંડ આપવામાં આવે છે, એ અન્તઃકરણનો પૂરક હોય છે. આ રીતે સ્થૂળ શરીરની યોગ્યતા સિદ્ધિને માટે અપાતા સોળ પિંડોને ''षोडशा त्रयी'' કહેવામાં આવે છે. અર્થાત્ એ વૈદિક અનુષ્ઠાનને ''षोडशा त्रयी'' કહેવામાં આવે છે. આ વિષયમાં અથર્વવેદ પ્રમાણરૂપ છે. ''यद् वो अग्निरजहादेकमङ्गं पितृलोके गमयन् जातवेदः । तद्वः एतत्तेपुनराप्यायामि साङ्गास्स्वर्गे पितरो मादयध्वम्'' ॥ इति ॥ આ ઋચાનો એ અર્થ છે કે- હે પિતૃઓ ! દાહકર્મ સમયે અગ્નિએ જે તમારાં અંગોને ભસ્મ કરી નાખેલાં છે, એ તમારાં અંગોને પિંડદાન ક્રિયા દ્વારા ફરી ભોગપ્રાપ્તિને યોગ્ય કરાવું છું. જેથી તમો સર્વે અંગોથી યુક્ત થઈને સ્વર્ગલોકમાં કે પિતૃલોકમાં આનંદ પામો. આ રીતે પિંડદાનની સાર્થકતા શાસ્ત્રોમાં બતાવેલી છે.

શાસ્ત્રોમાં દરેક જીવાત્માઓની પોતપોતાના કર્મને અનુસારે ગતિ કહેલી છે. તેમાં મુખ્ય બે પ્રકારની ગતિ છે. એક તો સંસાર થકી સદાયને માટે મુક્તિ. અને બીજી કર્મને અનુસારે સ્વર્ગ અને નરકલોકને ભોગવીને ફરીવાર મૃત્યુલોકમાં જન્મ ધારણ કરીને કર્મનાં ફળો ભોગવવાં. આ બે પ્રકારની ગતિ પ્રધાનપણે શાસ્ત્રોએ વર્ણવેલી છે. જેને શાસ્ત્રીયભાષામાં મુક્તિદશા અને બદ્ધદશા આવા શબ્દથી કહેવામાં આવે છે.

હવે જે જીવોનાં સકામ સત્કર્મ અતિશે ઉગ્ર હોય, જેનો ફળભોગ જે આનંદ મૃત્યુલોકમાં જન્મ ધારણ કરીને પણ અશક્ય હોય, તે જીવો સ્વર્ગાદિક પવિત્ર લોકમાં જઈને એ કર્મનાં ફળોને ભોગવે છે.

અને વળી જે જીવનાં પાપકર્મ અતિશે ઉગ્ર હોય, જેનો ફળભોગ જે યાતના મૃત્યુલોકમાં શક્ય ન હોય, એ પ્રાણી નરકમાં જઈને પાપકર્મના ફળરૂપે યાતનાને ભોગવે છે. આ પ્રમાણે સ્વર્ગ અને નરકના ભોગને ભોગવ્યા પછી ફરી મૃત્યુલોકમાં જન્મ પ્રાપ્ત થાય છે. આ ગતિને પુનરાવૃત્તિરૂપ ગતિ કહેલી છે. અને બીજી ગતિ અપુનરાવૃત્તિ કહેલી છે. અર્થાત્ ઉપાસનાએ કરીને સદાયને માટે આ જન્મ-મરણરૂપ સંસારથી

રહિત થઈ જાય છે. જેને મોક્ષ કહેવામાં આવે છે. આ પ્રમાણે શાસ્ત્રોમાં જીવની બે પ્રકારની જ ગતિ વર્ણવેલી છે.

તેમાં પુનરાવૃત્તિરૂપ ગતિમાં જીવ ભલે પિતૃલોકમાં રહેલો હોય, કે પછી ફરીવાર તત્કાળ મૃત્યુલોકમાં જન્મ ધારણ કરેલો હોય, કે પછી દેવલોકમાં રહેલો હોય, આ સર્વ જગ્યાએ તેને શ્રાદ્ધફળ પ્રાપ્ત થાય છે. આ વેદશાસ્ત્રનો અટલ સિદ્ધાંત છે. આ બાબતમાં વિષ્ણુસ્મૃતિનું વાક્ય તથા દેવળસ્મૃતિનું વાક્ય પ્રમાણરૂપ છે. ''पितृलोकगतश्चाऽन्नं श्राद्धे भुङ्क्ते स्वधामयम्'' ॥ इति ॥ આ સ્મૃતિનો એ અર્થ છે, કે પિતૃલોકમાં રહેલ પ્રાણી શ્રાદ્ધમાં સ્વધાથી અપાયેલા અન્નને જમે છે. અને જો જીવ પિતૃલોકમાં ન હોય, અને તત્કાળ બીજા મનુષ્ય જન્મની પ્રાપ્તિ થઈ ગયેલી હોય તો પણ ''मनुष्यत्वेऽन्नपानादिनानाभोगरसो भवेत्'' ॥ इति ॥ શ્રાદ્ધમાં અર્પણ કરાયેલું અન્ન ભોગ્યરસાદિકના રૂપમાં પરિણામ પામીને મનુષ્યજન્મમાં પણ પ્રાણીઓને તૃપ્ત કરે છે. અને જો પ્રાણી શુભકર્મની તીવ્રતાને અનુસારે સ્વર્ગમાં ગયેલ હોય તો ત્યાં પણ ''तस्याऽन्नममृतं भूत्वा देवत्वेऽप्यनुगच्छति'' ॥ इति ॥ શ્રાદ્ધમાં અપાયેલું અન્ન અમૃતરૂપમાં પરિણામ પામીને તેને તૃપ્ત કરે છે. અને વળી- ''पशुत्वे च तृणं भवेत्'' ॥ इति ॥ જો મનુષ્ય મૃત્યુ પામીને પશુયોનિને પામેલો હોય, તો ત્યાં પણ શ્રાદ્ધમાં અપાયેલું અન્ન તૃણના રૂપમાં પરિણામ પામીને તેને તૃપ્ત કરે છે. અને જો જીવ નરકમાં ગયો હોય, તો ત્યાં પણ શ્રાદ્ધનું અન્ન તેને તૃપ્ત કરે છે. આ બાબતમાં વિષ્ણુસ્મૃતિનું વાક્ય પ્રમાણરૂપ છે- ''देवत्वे यातनास्थाने तिर्यग्योनौ तथैव च । मानुष्ये च तथाऽप्नोति श्राद्धं यत्तं स्वबान्धवैः'' ॥ इति ॥ આ સ્મૃતિનો એ અર્થ છે કે- પોતાના બંધુઓએ આપેલું શ્રાદ્ધ દેવયોનિમાં, નારકીય યોનિમાં, પશુ પક્ષી આદિક તિર્યકયોનિમાં તથા મનુષ્ય યોનિમાં પ્રાણીઓને પ્રાપ્ત થાય છે. નરકયોનિમાં પણ જીવને પ્રાણશક્તિ હોય છે. તેથી શ્રાદ્ધમાં અપાયેલું અન્ન તૃપ્તિના રૂપમાં પરિણામ પામીને નરકલોકમાં પણ પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રોનું તાત્પર્ય એ છે કે, શ્રાદ્ધમાં અપાયેલું અન્ન કોઈપણ યોનિમાં રહેલા પ્રાણીને તૃપ્તિના રૂપમાં પરિણામ પામીને પ્રાપ્ત થાય છે. અને એ તૃપ્તિ કાંઈ સ્થુળ પદાર્થોના સેવનથી પ્રાપ્ત થતી નથી. ઉલટી પદાર્થોના સેવનથી તો લાલસા વૃદ્ધિ પામે છે. જેમ જેમ વિષયોનું સેવન કરવામાં આવે છે, તેમ તેમ લાલસાની વૃદ્ધિ થાય છે. પણ નિવૃત્તિ થતી નથી. આવો શાસ્ત્રોનો અચળ સિદ્ધાંત છે. ''न जातु कामः कामानामुपभोगेन शाम्यति । हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्द्धते'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- જેમ હવિષ્ય વડે અગ્નિ વધુનેવધુ પ્રજવલ્લિત થાય છે, પણ શાંત થતો નથી. તેમ વિષયભોગના સેવનથી તો લાલસાની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. પણ નિવૃત્તિ ક્યારેય થતી નથી. માટે શ્રાદ્ધનું અન્ન કાંઈ સ્થૂલ પદાર્થોના રૂપમાં પરિણામ પામીને પ્રાણીઓને પ્રાપ્ત થતું નથી. પરંતુ તૃપ્તિના રૂપમાં પરિણામ પામીને પ્રાપ્ત થાય છે. અને જો સ્થૂલ પદાર્થના રૂપમાં શ્રાદ્ધનું અન્ન પ્રાપ્ત થતું હોય, તો સ્થૂલ પદાર્થોના સેવનથી પિતૃઓને કદીપણ તૃપ્તિ મળે જ નહિ. અને શાસ્ત્રોમાં શ્રાદ્ધાન્ન પિતૃઓને તૃપ્ત કરે છે, આ પ્રમાણે વર્ણવેલું છે. માટે શ્રાદ્ધાન્ન તો પ્રાણીઓની તે તે પદાર્થમાં ઉપભોગની જે લાલસા, તેની નિવૃત્તિના રૂપમાં પ્રાપ્ત થાય છે. અને એ તૃપ્તિ આલોકમાં કોઈક પ્રાણીઓની અંદર જોયામાં આવે છે. જેમ કે કોઈક મનુષ્ય તથા પશુ પક્ષી ન્યાયથી જે મળે તે પ્રાપ્ત કરી, ખાઈ પીને તૃપ્ત રહે છે. અને અન્યાયનો અંશ પ્રાપ્ત કરવાની જેની જરાપણ પ્રવૃત્તિ થતી નથી. તેની કોરનું એમ સમજવું કે પૂર્વના એમના પુત્રોએ વિધિ પ્રમાણે તેનું શ્રાદ્ધ કરેલું છે. તેથી આ લોકમાં તેમની તૃપ્તિ જોયામાં આવે છે. અને વળી આલોકમાં જેની લાલસાની પૂર્તિ થતી જ નથી. અન્યાયથી, ચોરીથી, જ્યાંથી મળે ત્યાંથી, જેવું મળે તેવું રાત્રી દિવસ ખાધા કરે. જરા પણ તૃપ્તિ થાય નહિ. અને પાપની પણ પરવા કરે નહિ. તેની કોરનું એમ સમજવું કે, તેના પૂર્વના પુત્રોએ વિધિ પૂર્વક શ્રાદ્ધકર્મ કરેલું નથી. તેના પૂર્વના પુત્રો નાસ્તિક હોવા જોઈએ. તેથી તેની આલોકમાં જરા પણ તૃપ્તિ જોયામાં આવતી નથી. માટે શાસ્ત્રોનું તાત્પર્ય એ છે કે, શ્રાદ્ધના અન્નનો સૂક્ષ્માંશ તૃપ્તિના રૂપમાં જ પ્રાપ્ત થાય છે.

જેમ કે દેવતાઓને અગ્નિમાં હોમેલી ભૌતિક હવ્ય સામગ્રી તો અગ્નિમાં ભસ્મ થઈ જાય છે, છતાં પણ તેનો જે સૂક્ષ્માંશ છે, એ જ

દેવતાઓને તૃપ્ત કરે છે, સંતુષ્ટ કરે છે. એજ રીતે શ્રાદ્ધમાં અપાયેલા અન્નનો ભૌતિક સ્થૂલાંશ તો અગ્નિમાં અર્થાત્ બ્રાહ્મણોની જઠરાગ્નિમાં ભસ્મસાત થઈ જાય છે. છતાંપણ તેનો જે સૂક્ષ્માંશ છે, એજ પિતૃઓને તૃપ્ત કરે છે. માટે મૃત પ્રાણી કોઈપણ યોનિમાં રહેલું હોય, ત્યાં તેને શ્રાદ્ધ તૃપ્તિના રૂપમાં પ્રાપ્ત થાય જ છે. આ પ્રમાણે આ પુનરાવૃત્તિરૂપ ગતિની બાબતમાં શ્રાદ્ધનું તાત્પર્ય વર્ણવામાં આવ્યું છે.

હવે બીજી એક અપુનરાવૃત્તિ રૂપ ગતિ કહેલી છે. જેમાં જીવ સદાયને માટે સંસાર થકી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાય છે. તો એ મુક્ત જીવ સ્વભાવસિદ્ધ જ તૃપ્ત હોય છે. શ્રાદ્ધના અન્નથી મુક્ત જીવને તૃપ્તિની આવશ્યક્તા હોતી નથી. તો મહાન ભગવાનના એકાંતિક ભક્તો તો ભગવાનના ધામમાં જાય છે. આવું આપણે શાસ્ત્ર થકી સાંભળીએ છીએ. એવા એકાંતિક ભક્તોના મૃત્યુ પછી પણ આપણે તેનું શ્રાદ્ધ કરતા હોઈએ છીએ. તો એનું જે શ્રાદ્ધ કરેલું હોય, તે શ્રાદ્ધનું ફળ કોને પ્રાપ્ત થાય છે ? અર્થાત્ ભગવાનના એકાંતિક ભક્તના શ્રાદ્ધથી કોને તૃપ્તિ મળે છે ? આના પ્રત્યુત્તરમાં એમ કહેલું છે કે, જેમ આપણે પરદેશમાં કોઈના ઉપર રૂપિયાનો ચેક મોકલેલો હોય. અને એ વ્યક્તિ જો પરદેશમાં હાજર હોય તો ચેક નાણાના રૂપમાં પરિણામ પામીને એ વ્યક્તિને પ્રાપ્ત થાય છે. અને જો એ વ્યક્તિ પરદેશમાં હાજર જ ન હોય, તો એ ચેક પાછો વળીને મોકલનારને પ્રાપ્ત થાય છે. આવી વ્યવસ્થા આલોકમાં જોયામાં આવે છે. એજ રીતે જીવ જો આ પુનરાવૃત્તિરૂપ ગતિની અંદર હોય, તો આપણે આપેલું શ્રાદ્ધ તૃપ્તિના રૂપમાં પરિણામ પામીને તેને પ્રાપ્ત થઈ જાય છે. પણ જો જીવ ભગવાનના ધામમાં ગયો હોય, તો એ શ્રાદ્ધનું ફળ પાછું વળીને શ્રાદ્ધ કરનારને તૃપ્ત કરે છે. આવું શાસ્ત્રોનું તાત્પર્ય છે. માટે શ્રીજીમહારાજને કહેવાનો અભિપ્રાય એ છે કે- સંસ્કારો, આહ્નિક કર્મ અને શ્રાદ્ધ. આ સમય, ધનસંપત્તિ, અને પોતપોતાના ગુહ્યસૂત્રને અનુસારે કરવાં અને પોતાના જીવનને અલંકૃત બનાવવું. તેમાં આશ્વાલયન, કાત્યાયન, લાટ્યાયન આદિક મુનિઓએ રચેલાં કલ્પસૂત્રો ઘણાં છે. તેમાં પોતાના વેદની શાખાના ઋષિએ રચેલા કલ્પસૂત્રની અંદર કહેલી રીતિ વડે સંસ્કારો, આહ્નિક કર્મ અને શ્રાદ્ધો કરવાં, આવો અભિપ્રાય છે. ॥૯૧॥

**अज्ञानाज्ज्ञानतो वाऽपि गुरु वा लघु पातकम् । क्वापि स्यात्तर्हि तत्प्रायश्चित्तं कार्यं स्वशक्तितः ॥९२॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, ક્યારેક જાણે અથવા અજાણે નાનું કે મોટું પાપ થઈ જાય, તો પોતાની શક્તિ પ્રમાણે એ પાપનું પ્રાયશ્ચિત કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- મનુષ્યમાત્ર ભુલને પાત્ર છે. જન્મો જન્મના સંસ્કારોને વશ થઈને મનુષ્ય વારે વારે પોતાના માર્ગ થકી ભ્રષ્ટ થતો હોય છે. તેમાં પોતાની ભુલ સમજીને પાછો પોતાને રસ્તે ચડી શકે છે. અર્થાત્ પોતાની ભુલને જે સમજી શકે, તેને જ મનુષ્ય કહેવામાં આવે છે. અને પોતાની ભુલને જે સમજી શકતો નથી તે જન્મથી ભલે મનુષ્ય હોય છતાં પશુ જ કહેવાય છે. માટે જાણે અજાણે પોતાથી કાંઈ ભૂલ થઈ જાય, તો એ ભૂલને સમજી નિષ્કપટ ભાવથી મહાપુરૂષો પાસેથી પ્રાયશ્ચિત લઈને શુદ્ધ થવાનો પ્રયાસ કરવો જોઈએ. કારણ કે પાપકર્મ કરનારો પુરૂષ ક્યારેય પણ સુખી થઈ શકતો નથી. પોતે જેવું વાવે તેવું જ લણી શકે છે. લીંબડો વાવીને આંબાની આશા તો ક્યારેય પણ રાખી શકાય નહિ. તેમ પાપ કર્મ કરીને ક્યારેય પણ સુખની આશા રાખી શકાય નહિ. જે પુરૂષ સત્કર્મ કરે છે, એ સુખી થાય છે. અને જે દુષ્કર્મ કરે છે તે, દુઃખી થાય છે. અને વળી પાપકર્મ કરીને આપણે જો પ્રાયશ્ચિત્તથી શુદ્ધ નહિ થઈએ, તો યમદૂતો માર મારી મારીને શુદ્ધ કરશે. કારણ કે કરેલું કર્મ ભોગવ્યા વિના શાંત થતું જ નથી. શુભ કર્મ હોય કે અશુભ કર્મ હોય, બન્ને કર્મ ભોગવ્યા વિના શાન્ત થતાં નથી ''अभूक्त्वा न क्षीयते कर्म'' ॥ इति ॥ આ સ્મૃતિની અંદર કહેલું છે કે, ભોગવ્યા વિના કર્મનો નાશ થતો નથી. માટે કુસંગે કરીને કે સ્વભાવદોષને આધીન થઈને કરેલાં નાનાં અથવા મોટાં પાપોનું પ્રાયશ્ચિત પોતાની શક્તિ પ્રમાણે કરવું.

હવે અહીં પ્રતિવાદી એવી શંકા ઉપસ્થિત કરે છે કે- ''पातयतीति पातकम्'' ॥ इति ॥ પોતાને નરકમાં પાડી નાખે તેને કહેવાય પાપ. આવી પાપ શબ્દની વ્યુત્પત્તિ છે. તો નરકમાં કયાં પાપો પાડે ? બ્રહ્મહત્યાદિક મોટાં પાપો જ નરકમાં પાડી શકે, પણ નાનાં પાપો નરકમાં પાડી શકે નહિ. તેથી અહીં એમ કહેવું જોઈએ કે, પોતાથી કાંઈ મોટું પાપ થઈ ગયું હોય, તો એ મોટા પાપનું પ્રાયશ્ચિત કરવું. પણ નાના પાપનું પ્રાયશ્ચિત કરવાની કોઈ જરૂર નથી. આમ નહિ કહેતાં નાનાં અને મોટાં બન્ને પાપોનું પ્રાયશ્ચિત કરવું આમ શા માટે ? અર્થાત્ મોટા પાપના પ્રાયશ્ચિતનું વિધાન કરવું એ બરાબર છે, પણ નાના પાપના પ્રાયશ્ચિતનું વિધાન શા માટે ?

આ શંકાનું સમાધાન કરતાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે, તમારી વાત બિલકુલ સાચી છે કે, મોટું પાપ જ નરકમાં પાડી શકે, નાનું પાપ નરકમાં પાડી શકે નહિ. પણ નાનું એવું એક જ પાપ જો ઘણી વાર કરી નાખવામાં આવે, તો નાનું પાપ પણ મોટું થઈ જાય છે. ધીરે ધીરે પાપનો ઘડો ભરાઈ જાય છે. તેથી નાનું એવું પણ પાપ વારંવાર કરી નાખવાથી મોટું થઈને અવશ્ય નરકમાં પાડનાર બને છે. માટે મોટા પાપની પેઠે જ નાના પાપનું પણ યથાશક્તિ પ્રાયશ્ચિત કરી નાખવું જોઈએ, આવો અભિપ્રાય છે. ''पापं च सर्वथा न गोपनीयम्'' ॥ इति ॥ શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- પોતાથી કાંઈ પાપ થઈ ગયેલું હોય, તો એ પાપને સર્વપ્રકારે સંતાડવું નહિ. સંતાડી રાખેલું પાપ વૃદ્ધિ પામતું જાય છે. માટે કોઈ મોટા સત્પુરૂષો હોય, તેમની આગળ પોતાનું પાપ પ્રસિદ્ધ કરી દેવું. જેથી મોટા સંતો કૃપા કરીને પાપનો નાશ કરાવી નાખે છે. અથવા તો જો પાપ પ્રસિદ્ધ થયું ન હોય, અર્થાત્ પોતાના સિવાય બીજા કોઈને ખબર ન હોય, તો છાની રીતે બીજાને ખબર ન પડે, એ રીતે જપ વ્રતાદિક છાનું વ્રત કરી લેવું.

હવે અહીં પ્રતિવાદી શંકા કરતાં કહે છે કે- યમરાજાના ભયથી પાપનું પ્રાયશ્ચિત કરવાનું હોય છે. કારણ કે આપણે જાતે જો પાપનું પ્રાયશ્ચિત ન કરી નાખીએ, તો યમરાજા માર મારીને પ્રાયશ્ચિત કરાવે છે. માટે યમરાજા ધોકા મારીને પ્રાયશ્ચિત કરાવે તેના કરતાં જાતે જ પાપનું પ્રાયશ્ચિત કરવું જાઈએ. પણ છાના પાપની યમરાજાને જાણ કોણ કરે છે, કે આ વ્યક્તિએ અમુક પાપ કરેલું છે ?

આનું સમાધાન કરતાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે, મનુષ્ય જે જે પાપ કરે છે. તેની યમરાજાને પણ ખબર પડી જાય છે. યમરાજા ભગવાનની વિભૂતિ હોવાને કારણે સર્વજ્ઞ છે. તેથી બીજા કોઈ જાણ ન કરે છતાં પણ યમરાજા બધું જ જાણી જાય છે. અને સૂર્યાદિ દેવો છે, એ પણ કર્મના સાક્ષિઓ છે. તેથી સૂર્યાદિક દેવો પણ યમરાજાની આગળ સાક્ષિ પુરે છે. આ વિષયમાં ભાગવતશાસ્ત્ર પ્રમાણરૂપ છે. ''सूर्योऽग्निः खं मरुद् गावः सोमः सन्ध्याऽहनी दिशः । कं कुः कालो धर्म इति ह्येते दैह्यस्य साक्षिणः'' ॥ इति ॥ આ શ્લોકમાં વિષ્ણુભગવાનના પાર્ષદોને યમદૂતો કહે છે કે- હે પાર્ષદો ! સૂર્ય, અગ્નિ, વાયુ, ચંદ્ર, આકાશ, બન્ને સંધ્યા, દિવસ, દિશાઓ, જલ, પૃથ્વી, કાળ અને સ્વયં ધર્મરાજા આ બધા જીવાત્માના સાક્ષીઓ છે. જીવાત્મા છાની રીતે શું શું કર્મ કરે છે, તેને આ સર્વે જાણે છે. માટે છાના પાપનું પણ પ્રાયશ્ચિત કરી નાખવું, એ યોગ્ય જ છે. તેમાં જો પાપ કરનારો સ્વયં પોતે ધર્મશાસ્ત્રને જાણતો હોય, તો પોતાના પાપને પ્રસિદ્ધ કર્યા વિના જ પાપને યોગ્ય પ્રાયશ્ચિત પોતે જાતે જ છાની રીતે કરી લેવું. અને જે પુરૂષ પ્રાયશ્ચિતના પ્રકારને જાણતો ન હોય, તેમણે ધર્મશાસ્ત્રને જાણનારા કોઈ વિદ્વાન બ્રાહ્મણની પાસે જઈને કહેવું, કે અમુક કોઈક વ્યક્તિએ આવું છાનું પાપ કરી નાખેલું હોય, તો તેમાં છાનું પ્રાયશ્ચિત શું આવે ? મેં કર્યું છે એમ ન કહે પણ બીજી કોઈ અજાણ વ્યક્તિના બાને પુછવું. આ રીતે બીજાના બાને ધર્મશાસ્ત્રને જાણનારા સુશીલ બ્રાહ્મણને પુછીને છાનું વ્રત કરી લેવું. પણ છાનું પાપ પ્રસિદ્ધ કરવાની કોઈ જરૂર નથી. અને પ્રાયશ્ચિત પણ મનુષ્ય શરીર ક્ષણભંગુર હોવાથી તત્કાળ જ કરી નાખવું. અને વળી પ્રાયશ્ચિત પણ ભગવાનની ભક્તિએ સહિત જ કરવું. પણ કેવળ ઉપવાસો કરવાથી પાપની શુદ્ધિ થતી નથી.

અને જે પાપ પ્રસિદ્ધ થઈ ગયું હોય, તે પ્રસિદ્ધ પાપનું પ્રાયશ્ચિત તો કોઈ મોટા સંતોના કહેવા પ્રમાણે કરવું. અથવા તો પ્રાયશ્ચિતને આપનારા વિદ્વાન બ્રાહ્મણોની જે સભા, તેને પર્ષદ સભા કહેવામાં આવે છે. તે પર્ષદ સભાના ઉપદેશને અનુસારે પ્રાયશ્ચિત કરવું. અને જે પર્ષદ સભા હોય તેમણે પણ દેશકાળાદિકને અનુસારે જ પ્રાયશ્ચિત આપવું, પણ દેશ, કાળ, અવસ્થા, શક્તિ અને પાપ તેમને જોયા વિના એમને એમ પ્રાયશ્ચિત આપવું નહિ. અને ધર્મશાસ્ત્રના અર્થનો નિશ્ચય કર્યા વિના, એમને એમ ઈચ્છાનુસાર પ્રાયશ્ચિત આપી દે, તો પ્રાયશ્ચિત કરનારો તો પવિત્ર થાય છે. પણ પ્રાયશ્ચિતને આપનાર પાપને પામે છે, અને તેને બ્રહ્મઘાતી કહેલો છે. માટે પ્રાયશ્ચિતને આપનાર કોઈપણ હોય, તેમણે ધર્મશાસ્ત્ર અને દેશકાળાદિકનો નિશ્ચય કરીને જ પ્રાયશ્ચિત આપવું, આવો શાસ્ત્રોનો અભિપ્રાય છે.

અને વળી જેને એંશી વર્ષ વ્યતીત થઈ ગયાં હોય, તે અડધા પ્રાયશ્ચિતને યોગ્ય છે. અગિયાર વર્ષથી આરંભીને સોળ વર્ષ સુધીનો જે બાળક હોય, તે પણ અડધા પ્રાયશ્ચિતને યોગ્ય છે. કોઈ રોગી હોય એ પણ અડધા પ્રાયશ્ચિતને યોગ્ય છે. અને પાંચવર્ષથી આરંભીને અગિયાર વર્ષ સુધીનો બાળક હોય, એ જો કાંઈક પાપ કરી નાખે, તો એનું પ્રાયશ્ચિત ભાઈ, પિતા કે એનાં બીજાં સંબન્ધીજનો હોય તે કરે. અને પાંચ વર્ષથી જે નાનો બાળક હોય, તેને કોઈ પાપ નથી, અપરાધ નથી, તેથી તેને રાજદંડ કે પ્રાયશ્ચિત પણ નથી. આવો ધર્મશાસ્ત્રમાં વિવેક બતાવેલો છે. માટે પ્રાયશ્ચિત આપનાર જે હોય તેમણે આ વિવેકનું પણ અનુસંધાન રાખવું.

આ શ્લોકમાં શ્રીજીમહારાજને કહેવાનો એ ભાવ છે કે, કરેલાં કર્મો અવશ્ય ભોગવવાં પડે છે. અને એ ભોગવીને જ શાંત થાય છે. અથવા તો પ્રાયશ્ચિતે કરીને શાંત થાય છે. માટે જાણે અથવા અજાણે થયેલાં પાપોનું પ્રાયશ્ચિત અવશ્ય કરવું. ॥૯૨॥

**वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् । पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्त्रकम् ॥९३॥**

**तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता । श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ॥९४॥**

**धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः । एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ॥९५॥**

અને ચાર વેદ, વ્યાસસૂત્રો, તથા શ્રીમદ્‌ભાગવત નામનું પુરાણ, મહાભારતને વિષે રહેલું વિષ્ણુસહસ્રનામસ્તોત્ર, તથા શ્રીભગવદ્‌ગીતા, તથા વિદુરજીએ કહેલી જે નીતિ, તથા સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં રહેલું વાસુદેવમાહાત્મ્ય અને ધર્મશાસ્ત્રોની અંતર્ગત એવી જે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ. આ આઠ સચ્છાસ્ત્રો અમને ઈષ્ટ છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ ત્રણે શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજે આ શિક્ષાપત્રીમાં પૂર્વના શ્લોકમાં આચારસંહિતાનું વર્ણન કર્યું છે. અને આચારસંહિતાને મધ્યે કોઈ આચારનો જો ભંગ થાય, તો પ્રાયશ્ચિતાદિકે કરીને તેની શુદ્ધિનું પણ વર્ણન કર્યું છે. અને હવે આ ત્રણ શ્લોકની અંદર જીવ, માયા અને ઈશ્વર આ ત્રણેના સ્વરૂપના જ્ઞાન દ્વારા આધ્યાત્મિક માર્ગની પ્રગતિને માટે શ્રીહરિએ આઠ શાસ્ત્રોનું વર્ણન કર્યું છે કે, જેને સચ્છાસ્ત્રો કહેવામાં આવે છે. જે શાસ્ત્રો ભગવાન અને ભગવાનના અવતારોનું સાકારપણું પ્રતિપાદન કરતાં હોય, અને જીવ તથા ભગવાનની અંદર શેષશેષીભાવનું અર્થાત્ સેવક અને સ્વામી ભાવનું સ્થાપન કરતાં હોય, અને વળી માયા તથા ઈશ્વરની અંદર શેષશેષીભાવનું પ્રતિપાદન કરતાં હોય, આવાં જે શાસ્ત્રો હોય તેને સચ્છાસ્ત્રો કહેવામાં આવે છે. આવાં સચ્છાસ્ત્રો પણ અનેક છે. તેમાંથી શ્રીજીમહારાજે આપણી અનુકુળતાને માટે આઠ સચ્છાસ્ત્રોનો નિશ્ચય કરીને, આપણા નિત્ય અભ્યાસને માટે પસંદ કર્યા છે. એ આઠ સચ્છાસ્ત્રોમાં જે વેદ છે, તેની ગણના શ્રીજીમહારાજે પહેલી કરેલી છે. કારણ કે વેદ એ આપણી સંસ્કૃતિનું મૂળ છે. અને જેને આપણે સનાતન ધર્મ કહીએ છીએ, તેનું પણ મૂળ વેદ છે. અને તમામ જે સચ્છાસ્ત્રો છે તેનું પણ મૂળ વેદ છે.

હવે વેદ એટલે શું ? સામાન્યપણે વેદનો અર્થ થાય છે જ્ઞાન. સૃષ્ટિના આદિ કાળમાં સાક્ષાત પુરૂષોત્તમ નારાયણ થકી બ્રહ્માને જે જ્ઞાન પ્રાપ્ત થયું, તેને વેદ શબ્દથી કહેવામાં આવે છે. સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્માએ સૃષ્ટિના આદિકાળમાં ચતુર્મુખ બ્રહ્માને વેદ આપેલો હતો. પછી ચતુર્મુખબ્રહ્માએ સર્વે ઋષિઓને એ વેદ કહી સંભળાવ્યો. પૂર્વે લેખનની પદ્ધતિ ન હતી. તેથી વેદનું કેવળ શ્રવણ કરવાની જ પ્રથા હતી. અને એજ કારણથી વેદને શ્રુતિ આવા શબ્દથી પણ કહેવામાં આવે છે. શ્રુતિ એટલે શ્રવણ. આ વેદ અનાદિકાળથી અત્યાર સુધી જે સચવાયા છે. એતો શ્રવણ દ્વારા ઉત્તરોત્તર કંઠસ્થ પરંપરાથી સચવાયા છે. ભાગવતાદિક ગ્રન્થોની રચના જેવી રીતે વ્યાસાદિક મુનિઓએ કરેલી છે. એ રીતે આ વેદની રચના કોઈ પુરૂષોએ કરેલી નથી. સાક્ષાત્ પરમાત્માના મુખ થકી જ આ વાણી સૃષ્ટિના આદિકાળમાં પ્રકાશિત થઈ છે. તેથી જ આ વેદને અપૌરુષેય કહેવામાં આવે છે. અપૌરુષેય એટલે કોઈ પુરૂષથી રચાયેલ નહિ. બ્રહ્માદ્વારા ઋષિઓને પ્રાપ્ત થયેલો જે વેદ, તેને ઋષિઓએ પરંપરાથી જાળવી રાખ્યો હતો. પૂર્વે વેદ એક જ હતો. પછી માણસોની બુદ્ધિશક્તિ મંદ થવા લાગી, એટલે વ્યાસ ભગવાને વિચાર્યું કે મનુષ્યોની બુદ્ધિ મંદ થતી જાય છે, તેથી વિશાળ એવા એક જ વેદને એક જ વ્યક્તિ કંઠસ્થ રાખીને જાળવી શકશે નહિ. આવો વિચાર કરીને વ્યાસજીએ વેદોના ચાર વિભાગ કર્યા. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

આ રીતે વેદના ચાર વિભાગ કરીને વ્યાસભગવાને ‘‘જૈમિની, સુમન્તુ, પૈલ અને આથર્વ. આ ચાર પોતાના પુત્રોને એક એક વેદ શ્રવણદ્વારા આપ્યા. જૈમિનિને ઋગ્વેદ, સુમન્તુને યજુર્વેદ, પૈલને સામવેદ અને આથર્વને અથર્વવેદ શ્રવણદ્વારા આપ્યા. આ ચાર વ્યાસના પુત્રોએ ચારે વેદોને હૃદયમાં ધારણ કરી લીધા. પૂર્વે કોઈ વેદો લખાણમાં ન હતા. બ્રાહ્મણો પરંપરાએ વેદવિદ્યાને કેવળ કંઠસ્થ રાખતા હતા. તેથી કાળે કરીને વેદોનો ઘણો બધો ભાગ અત્યારે લુપ્ત થયેલો છે. અત્યારના સમયની અંદર લખાણમાં જે વેદનો ભાગ આપણી પાસે પ્રાપ્ત છે. એ માત્ર વેદના અમુક અંશો જ માંડ પ્રાપ્ત છે. આ રીતે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. આ ચારેયને વેદ શબ્દથી કહેવાય છે. માટે ચારે મળીને એક શાસ્ત્ર સમજવું.

અને બીજું શાસ્ત્ર છે વ્યાસસૂત્રો. વ્યાસસૂત્રો એટલે શું ? તો કહે છે કે- વેદો તથા ઉપનિષદોનું તાત્પર્ય સમજાવવા માટે વ્યાસમુનિએ રચેલાં સૂત્રો, તેને વ્યાસસૂત્રો કહેવામાં આવે છે.

વેદો તથા ઉપનિષદોમાં કોઈક જગ્યાએ જુદા જુદા દેવતાઓના નામથી પરોક્ષરૂપે પરમાત્માનું વર્ણન કરવામાં આવેલું છે. કોઈ જગ્યાએ ઈન્દ્રરૂપે પરમાત્માને વર્ણવેલા છે. તો કોઈક જગ્યાએ અગ્નિરૂપે પરમાત્માને વર્ણવેલા છે. અને કોઈ જગ્યાએ સૂર્યદેવતારૂપે પરમાત્માને વર્ણવેલા છે. અને કોઈ જગ્યાએ સમગ્ર સૃષ્ટિના કારણરૂપે જુદા જુદા દેવતાઓનું વર્ણન કરેલું છે. આમાં વેદો તથા ઉપનિષદોનું તાત્પર્ય તો બ્રહ્માત્મકપણે દેવતાઓનું વર્ણન કરવામાં આવે છે. જેમ કે ‘‘ઈન્દ્ર પરમાત્મા છે’’ આ રીતનું વર્ણન કરવામાં આવેલું હોય, ત્યાં એમ સમજવું જોઈએ કે ઈન્દ્ર પરમાત્મા નથી, પણ ઈન્દ્રના જે અંતરાત્મા છે એ પરમાત્મા છે. ‘‘રૂદ્ર સમગ્ર સૃષ્ટિના કારણ છે’’ આ રીતનું જો વર્ણન કરવામાં આવેલું હોય, તો ત્યાં પણ એમ સમજવું જોઈએ કે, રૂદ્ર સમગ્ર સૃષ્ટિના કારણ નથી, પણ રૂદ્રના જે અંતરાત્મા છે, એજ સમગ્ર સૃષ્ટિના કારણ છે. આ રીતે વેદો તથા ઉપનિષદોનું તાત્પર્ય તો બ્રહ્માત્મકપણે દેવતાઓનું વર્ણન કરવામાં છે. છતાંપણ અલ્પજ્ઞ પુરૂષો વેદો તથા ઉપનિષદોમાંથી સાક્ષાત્ એ તાત્પર્યને સમજી શકતા નથી. અને સાક્ષાત્ પરમતત્ત્વ પરમાત્મા નારાયણને સમગ્ર સૃષ્ટિના કારણરૂપે જાણવામાં મતિ ભ્રમી જાય છે. તેથી તે તે દેવતાઓના કારણભાવનું ખંડન કરીને, આ સમગ્ર સૃષ્ટિના મૂળ કારણ તો એક સાક્ષાત્ પુરૂષોત્તમ નારાયણ જ છે. અને એજ ઉપાસ્ય પરમ તત્ત્વ છે. આવું વેદો તથા ઉપનિષદોનું તાત્પર્ય સમજાવવા માટે- ‘‘अथातो ब्रह्मजिज्ञासा’’ આ પ્રથમ સૂત્રથી આરંભીને ‘‘अनावृत्तिशब्दात्’’

''अनावृत्तिशब्दात्'' આ અંતિમ સૂત્ર પર્યંત ચાર અધ્યાયની અંદર વ્યાસમુનિએ જે સૂત્રોની રચના કરી છે, તેને વ્યાસસૂત્ર કહેવામાં આવે છે, અને શારીરિકસૂત્રો પણ કહેવામાં આવે છે. અને વ્યાસસૂત્રો ઉપર રામાનુજાચાર્યજીએ ભાષ્ય પણ કરેલું છે. જે ભાષ્ય ''શ્રીભાષ્ય'' આવા નામથી કહેવામાં આવે છે. આ રીતે વ્યાસસૂત્રો એ બીજું શાસ્ત્ર છે. જેને અમે સચ્છાસ્ત્ર તથા અધ્યાત્મશાસ્ત્ર માનેલું છે.

અને શ્રીમદ્ભાગવત નામનું પુરાણ એ ત્રીજું શાસ્ત્ર. આ શ્રીમદ્ભાગવત નામનું પુરાણ શ્રીજીમહારાજને અતિપ્રિય હતું. પ્રતિદિન નિત્યાનંદ સ્વામી અથવા તો પ્રાગજી પુરાણી પાસે દાદાખાચરના દરબારમાં કથા કરાવતા, અને શ્રીજીમહારાજ પ્રતિદિન સાંભળતા.

પુરાણો અનેક છે. પણ શાંતિ આપનાર જો કોઈ પુરાણ હોય તો શ્રીમદ્ભાગવત પુરાણ છે. શ્રીમદ્ભાગવત પુરાણની અંદર સૃષ્ટ્યાદિક ભગવાનની દિવ્ય લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. અને આ લોકની માનુષ્ય લીલાઓનું વર્ણન પણ કરવામાં આવ્યું છે. ભગવાનના પૂર્વે થઈ ગયેલા મહાન ભક્તોનાં ચરિત્રોનું પણ વર્ણન વિસ્તાર પૂર્વક કરવામાં આવ્યું છે. અને દશમસ્કંધમાં તો સર્વશ્રેષ્ઠ પ્રેમ કોને કહેવાય, એ ગોપીઓના માધ્યમથી વ્યાસજીએ નિરૂપણ કર્યો છે. માટે શ્રીજીમહારાજ કહે છે કે, શ્રીમદ્ભાગવત પુરાણ અમોને પ્રિય સચ્છાસ્ત્ર છે. અને ભાગવત નામનું બીજું એક ઉપપુરાણ છે, એ અહીં ન લેવાઈ જાય. તેના માટે ભાગવતનું '' શ્રીમત્ '' આવું વિશેષણ આપેલું છે.

અને મહાભારતમાં રહેલું, ભગવાનના એકહજાર નામવાળું ''विष्णुसहस्रनाम'' જે સ્તોત્ર છે, એ અમોને પ્રિય ચોથું સચ્છાસ્ત્ર છે. બીજું વિષ્ણુસહસ્ર નામ સ્તોત્ર પદ્મપુરાણમાં રહેલું છે, એ અહીં ન લેવાઈ જાય તેને માટે ''મહાભારતમાં રહેલું'' આવું સ્તોત્રનું વિશેષણ આપેલું છે.

અને વળી મહાભારતના ભીષ્મપર્વમાં પ્રસિદ્ધ અઢાર અધ્યાયવાળી જે, ભગવદ્ગીતા અમોને પ્રિય પાંચમું શાસ્ત્ર છે. મહાભારતના યુદ્ધના મેદાનમાં જ્યારે સામ સામી સેનાઓ યુદ્ધ માટે થનગની રહી હતી, તે સમયે શ્રીકૃષ્ણભગવાને અર્જુનને જે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપેલો છે. એ ઉપદેશનું નિરૂપણ આ ભગવદ્ગીતાની અંદર વ્યાસ ભગવાને કરેલું છે. તેથી આ ભગવદ્ગીતાને અધ્યાત્મશાસ્ત્ર પણ કહેવામાં આવે છે.

અને વળી મહાભારતના ઉદ્યોગપર્વમાં ધૃતરાષ્ટ્ર પ્રત્યે વિદૂરજીએ કહેલી નવ અધ્યાયવાળી જે નીતિ છે, એ અમોને પ્રિય છઠ્ઠું સચ્છાસ્ત્ર છે. જે વિદુરનીતિની અંદર વિદુરજી ધૃતરાષ્ટ્ર રાજાના મંત્રીપદે રહીને નિરંતર ધૃતરાષ્ટ્રને સાચો માર્ગ બતાવેલો છે. ઘણી વખત ધૃતરાષ્ટ્ર રાજાને વિદુરજી સાચો માર્ગ બતાવતા ત્યારે રાજાને પસંદ પડતું ન હતું, છતાં પણ ધૃતરાષ્ટ્ર રાજાની ખુશામત કર્યા વિના પોતાની ફરજ સમજીને વિદુરજી જે સાચી સલાહ હમેશાં આપતા રહેતા, તેને વિદુરનીતિ કહેવામાં આવે છે.

અને વળી સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં રહેલું, અને નારાયણ ભગવાને નારદમુનિ પ્રત્યે કહેલું જે, વાસુદેવમાહાત્મ્ય એ અમોને પ્રિય સાતમું સચ્છાસ્ત્ર છે. શાસ્ત્રો તો અનેક છે. તેમાં પરસ્વરૂપ જે વાસુદેવ ભગવાન તેનું માહાત્મ્ય આ શાસ્ત્રની અંદર જેવું નિરૂપણ કરવામાં આવ્યું છે, તેવું બીજાં શાસ્ત્રોની અંદર નિરૂપણ કરવામાં આવ્યું નથી. અને ભગવાનને પામવાના જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ચાર સાધનોનું યથાર્થ નિરૂપણ, જેવું આ વાસુદેવ માહાત્મ્યની અંદર થયું છે, તેવું બીજાં શાસ્ત્રમાં થયું નથી. તેથી શ્રીજીમહારાજે અનેક શાસ્ત્રોને મધ્યે એક વાસુદેવ માહાત્મ્યને પ્રસંદ કર્યું છે.

અને વળી ધર્મશાસ્ત્રના મધ્યમાં રહેલી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ છે, એ અમોને પ્રિય આઠમું સચ્છાસ્ત્ર છે. યાજ્ઞવલ્ક્ય ઋષિએ રચેલી બીજી યોગસ્મૃતિ છે, એ અહીં ન લેવાઈ જાય, તેના માટે ''ધર્મશાસ્ત્રના મધ્યમાં રહેલી'' આવું સ્મૃતિનું વિશેષણ આપેલું છે. આ પ્રમાણે આઠ શાસ્ત્રો શ્રીજીમહારાજે માન્ય કરેલાં છે. આ આઠ શાસ્ત્રો ઈશ્વરના સ્વરૂપનું સત્યપણું પ્રતિપાદન કરનારાં છે, માટે સચ્છાસ્ત્રો કહેવામાં આવે છે. અને આઠ સત્શાસ્ત્રો સર્વપ્રકારે જીવનું હિત કહેનારાં હોવાથી શ્રીજીમહારાજ કહે છે કે, એ અમોને પ્રિય છે. આવો સહજાનંદ

સ્વામીનો અભિપ્રાય છે. ॥૯૩-૯૫॥

स्वहितेच्छुभिरेतानि मच्छिष्यैः सकलैरपि । श्रोतव्यान्यथ पाठ्यानि कथनीयानि च द्विजैः ॥९६॥

પોતાનું હિતને ઈચ્છતા એવા સર્વે અમારા શિષ્યો હોય તેમણે, આ આઠ સચ્છાસ્ત્રો સાંભળવાં, અને અમારા આશ્રિત જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ વર્ણવાળા જે પુરૂષો હોય તેમણે આ આઠ સચ્છાસ્ત્રો ભણવાં, ભણાવવાં તથા એમની કથા કરવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આ આઠ સચ્છાસ્ત્રોમાં આલોકનું અને પરલોકનું હિત સમાયેલું છે. માટે આલોકમાં સર્વપ્રકારે પોતાનો અભ્યુદય ઈચ્છતા, અને પરલોકમાં સુખ તથા મોક્ષને ઈચ્છતા એવા જે જનો હોય તેમણે, આ આઠ સચ્છાસ્ત્રોનું શ્રવણ કરવું, ચારે વર્ણવાળા પુરૂષોને આ આઠ શાસ્ત્રોનું શ્રવણ કરવામાં અધિકાર છે. પણ તેમાં જે શુદ્રો હોય તેમણે, એક વેદના મંત્રનું શ્રવણ કરવું નહિ. શુદ્રને વેદ સાંભળવામાં અધિકાર નથી. કારણ કે શુદ્રને યજ્ઞોપવિત સંસ્કાર નથી. અને ગાયત્રી મંત્રનો ઉપદેશ પણ નથી. તેથી યજ્ઞોપવિત સંસ્કાર વિના અને ગાયત્રી મંત્રના ઉપદેશ વિના વેદમાં અધિકાર પ્રાપ્ત થતો નથી. માટે શુદ્રોએ વેદનું અધ્યયન ન કરવું, તથા વેદનું શ્રવણ પણ ન કરવું. વેદનું અધ્યયન તથા શ્રવણ ન કરવું એ શુદ્રનો ધર્મ છે. માટે શુદ્રોએ આ ધર્મનો ક્યારેય પણ ત્યાગ કરવો નહિ.

શાસ્ત્રોએ શુદ્રને પોતાની યોગ્યતાને અનુસારે ત્રણે વર્ણની સેવા કરવાનું કાર્ય સોંપેલું છે. અને યજ્ઞોપવિત તથા વેદાધ્યયનરૂપ કઠીન વ્રતથી મુક્ત કરેલા છે. ત્રણે વર્ણવાળા પુરૂષોને વેદાધ્યયનથી જે પ્રાપ્ત થાય છે, એજ શુદ્રોને ત્રણે વર્ણની સેવા અને વેદ સિવાયના શાસ્ત્રનું શ્રવણ કરવાથી પ્રાપ્ત થાય છે. માટે શુદ્રોએ પોતાની યોગ્યતા સમજીને વેદનું શ્રવણ કરવું નહિ. અને શુદ્રોને પુરાણ શ્રવણ કરવાનું વિધાન કરેલું હોવાથી, પુરાણની અંદર આવતા વેદમંત્રનું શ્રવણ કરવામાં દોષ નથી.

અને વળી બીજા જે વૈદિક પુરાણાદિકને ભણવામાં પણ શુદ્રોને સર્વપ્રકારે અધિકાર નથી. પણ કેવળ સાંભળવામાં જ અધિકાર છે. માટે શુદ્રોએ કેવળ પુરાણોનું શ્રવણ જ કરવું. શાસ્ત્રોએ જેમને જે પ્રમાણે અને જેટલું કરવાનું વિધાન કરેલું હોય, તેમણે તે પ્રમાણે અને તેટલું જ કરવું, એજ પુણ્ય છે. અને એ પ્રમાણે ન કરવું એજ પાપ છે. પાપ પુણ્યની બીજી કોઈ વ્યાખ્યા નથી. માટે શુદ્રોએ કેવળ પુરાણોનું જ શ્રવણ કરવું. પણ પુરાણો ભણવાં નહિ, અને વેદનું તો શ્રવણ પણ કરવું નહિ. અને બીજા જે બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો હોય તેમણે, આ વેદાદિક આઠ સચ્છાસ્ત્રો ભણવાં તથા ભણાવવાં અને એમની કથા કરવી. આવો અભિપ્રાય છે. ॥૯૬॥

तत्राचारव्यवहृतिनिष्कृतानां च निर्णये । ग्राह्यामिताक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृतिः ॥९७॥

અને આઠ સચ્છાસ્ત્રોને મધ્યે આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતના નિર્ણયમાં તો મિતાક્ષરાટીકાએ યુક્ત યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ ગ્રહણ કરવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજે શાસ્ત્રોમાં જે ગ્રાહ્ય અને સારભૂત તત્ત્વ છે, એ આપણા માટે સંશોધન કરીને જુદું તારવેલું છે. અનેક શાસ્ત્રોરૂપી સમુદ્રમાંથી ગ્રાહ્ય અને સારભૂત સંશોધન કરીને આપણને આઠ સચ્છાસ્ત્રો અર્પણ કરેલાં છે. અને એ આઠ સચ્છાસ્ત્રોમાં પણ ગ્રાહ્ય તત્ત્વનો કેટલોક વિવેક આ શ્લોકમાં શ્રીજીમહારાજે બતાવેલો છે કે, યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિને અમોએ જે પ્રમાણરૂપ માનેલી છે, એનો અર્થ એ નથી કે આખી સ્મૃતિ અમે પ્રમાણ માનેલી છે. પણ આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્તના નિર્ણયમાં જ યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ અમોએ પ્રમાણભૂત માનેલી છે. પરંતુ આત્મા તથા પરમાત્માના જ્ઞાનના નિર્ણયમાં

અમોએ પ્રમાણભૂત માનેલી નથી. કારણ કે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિની અંદર જે જ્ઞાનપ્રકરણ છે, તેમાં આત્મા અને પરમાત્માનું અભેદપણું વર્ણવેલું છે. અને પરમાત્માને નિરાકાર વર્ણવેલા છે. તેથી જ્ઞાનાંશને વિષે આ સ્મૃતિ અમોએ માન્ય ગણેલી નથી. પરંતુ નિત્યનૈમિત્તિકાદિ આચારનો જો નિર્ણય કરવો હોય, ઋણનું લેવું દેવું ઈત્યાદિક વ્યવહારનો જો નિર્ણય કરવો હોય, અને જાણે અજાણે થયેલાં પાપોના પ્રાયશ્ચિત્તનો જો નિર્ણય કરવો હોય, તથા સાંખ્યજ્ઞાનમાં ઉપયોગી શરીરમાં રહેલ નાડીતંત્રનો જો નિર્ણય કરવો હોય, તો આ આઠ સચ્છાસ્ત્રોને મધ્યે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિને, વિજ્ઞાનેશ્વર પંડિતે કરેલી મિતાક્ષરા નામની ટીકાથી યુક્ત જ ગ્રહણ કરવી. કેવળ મિતાક્ષરા ટીકા ગ્રહણ કરવી નહિ. અને બીજા કોઈ વિદ્વાનની ટીકા હોય, તો એ પણ ગ્રહણ કરવી નહિ. આવો અભિપ્રાય છે. ॥૯૭॥

**श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ । सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्यबुद्धये ॥९८॥**

અને વળી મારા આશ્રિતો હોય તેમણે, આ આઠ સચ્છાસ્ત્રોને મધ્યે શ્રીમદ્ભાગવત પુરાણના દશમસ્કંધ અને પંચમસ્કંધને ભગવાનનું માહાત્મ્ય જાણવા માટે સર્વથી અધિકપણે જાણવા.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આ શ્લોકમાં પણ શ્રીજીમહારાજ કેટલોક વિવેક બતાવે છે. ભાગવતની અંદર બાર સ્કંધો છે. બારે સ્કંધોમાં ભગવાનના અવતારસ્વરૂપનું તથા ભગવાનના મહાન ભક્તોનું નિરૂપણ કરવામાં આવેલું છે. અને બારે સ્કંધો ભગવાનની લીલાવિભૂતિ તથા નિત્યવિભૂતિનું નિરૂપણ કરનારા છે. તેથી બારે સ્કંધો કલ્યાણકારીજ છે. છતાંપણ જો પરમાત્માનો અસાધારણ મહિમા જાણવો હોય, તો દશમસ્કંધ અને પંચમસ્કંધને સર્વથી અધિકપણે જાણવા.

શ્રીમદ્ભાગવત પુરાણ એક કલ્પવૃક્ષ છે. તેથી સંપૂર્ણ ભાગવત ઈચ્છિત મનોરથોને આપનાર છે. અને એ કલ્પવૃક્ષની નાની મોટી બાર શાખાઓ (ડાળખીઓ) છે. અને બાર શાખાઓમાંથી દશમસ્કંધ અને પંચમસ્કંધરૂપી બે શાખાઓ મુખ્ય છે. કારણ કે પંચમસ્કંધ તથા દશમસ્કંધની અંદર ભગવાનનો સર્વોત્કૃષ્ટ મહિમા વર્ણવેલો છે. માટે દશમસ્કંધ અને પંચમસ્કંધના અભ્યાસથી જ સંપૂર્ણ ભગવાનના માહાત્મ્યજ્ઞાનની સિદ્ધિ થઈ જાય છે. એજ કારણથી ભગવાનનું સર્વોત્કૃષ્ટ મહાત્મ્ય જાણવા માટે શ્રીમદ્ભાગવત પુરાણનો દશમસ્કંધ તથા પંચમસ્કંધ તેનો અભ્યાસ પણ વારંવાર કરવો, આવો અભિપ્રાય છે. ॥૯૮॥

**दशमः पंचमः स्कन्धो याज्ञवल्क्यस्य च स्मृतिः । भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ॥९९॥**

મારા આશ્રિતો હોય તેમણે, દશમસ્કંધ, પંચમસ્કંધ અને યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ. આ ત્રણ ગ્રન્થોને અનુક્રમે અમોએ માન્ય કરેલ ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર જાણવાં. અર્થાત્ દશમસ્કંધ છે એ ભક્તિશાસ્ત્ર છે, પંચમસ્કંધ છે એ યોગશાસ્ત્ર છે અને યાજ્ઞવલ્ક્યઋષિનીસ્મૃતિ એ ધર્મશાસ્ત્ર છે. એમ જાણવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- દશમસ્કંધ એ ભક્તિશાસ્ત્ર છે, એમ શ્રીજીમહારાજે શા માટે કહ્યું ? તેના પ્રત્યુત્તરમાં કહે છે કે, માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભગવાનને વિશે જે અતિશે સ્નેહ તેને ભક્તિ કહેલી છે. અને એ ભક્તિ તો દશમસ્કંધમાં સર્વત્ર ભગવાનને વિષે ગોપીઓના સ્નેહરૂપે વર્ણવેલી છે. અર્થાત્ દશ્મસ્કંધને વિષે ઠેક ઠેકાણે ગોપીઓનો ભગવાનને વિષે સ્નેહ વર્ણવેલો છે. માટે દશમસ્કંધને ભક્તિશાસ્ત્રપણે શ્રીજીમહારાજે માન્ય કરેલું છે. ભક્તિ વડે આશ્રય કરવા યોગ્ય એવા શ્રીકૃષ્ણ ભગવાનનું આ દશમસ્કંધને વિષે જ દરેક અધ્યાયમાં વિસ્તાર પૂર્વક વર્ણન કરેલું છે, જેમ કે -

न पारयेऽहं निर्वद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषाऽपि वः । या माऽभजन् दुर्जरगेहश्रृंखलाः संवृश्च्य तद्वः प्रतियातु साऽधुना

આ ભાગવતના દશમસ્કંધના શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાન ગોપીઓ પ્રત્યે કહે છે કે હે ગોપીઓ ! તમો નિર્દોષપણે મારી સાથે જોડાયેલી છો, નિરંતર મારૂં સ્મરણ કરો છો, અને જે તમો દુઃખે કરીને પણ તોડી ન શકાય એવી ઘરરૂપી સાંકડોને તોડીને નિરંતર મારૂં ભજન કરો છો. તેથી આ તમારા શ્રેષ્ઠ કર્મનો (અર્થાત્ સર્વશ્રેષ્ઠ પ્રેમનો) બદલો દેવતાના સો વર્ષની આયુષ્યવડે પણ વાળવા હું સમર્થ થઈ શકું તેમ નથી. માટે અત્યારે તમારા જ શ્રેષ્ઠ કર્મ વડે તમારા જ શ્રેષ્ઠ કર્મનો બદલો વળો. પણ મેં કરેલા પ્રત્યુપકારથી નહીં. આ રીતે ગોપીઓની અતિશય પ્રેમરૂપ ફળભક્તિનું આ દશમસ્કંધને વિષે વિસ્તાર પૂર્વક વર્ણન કરેલું છે. માટે દશમસ્કંધનું ભક્તિશાસ્ત્રપણું કહેલું છે.

હવે અહીં પ્રતિવાદી શંકા કરે છે કે ગોપીઓને ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન ન હતું, તો ભગવાનના સ્વરૂપના જ્ઞાન વિના ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કેવી રીતે ઉત્પન્ન થઈ ?

આના ઉત્તરમાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે જ્ઞાન વિના પણ ભક્તિની સ્વતંત્રપણે પ્રવૃત્તિ થાય છે, એમ તમે જાણો.

આ વિષયમાં ભાગવતનો અગિયારમો સ્કંધ પ્રમાણરૂપ છે, જેમ કે -

ज्ञात्वाऽज्ञात्वाऽथ ये वै मां यावान् यश्चास्मि यादृशः । भजन्त्यनन्यभावेन ते मे भक्ततमा मताः ॥ इति ॥

આ શ્લોકમાં શ્રીકૃષ્ણભગવાન ઉદ્ધવજી પ્રત્યે કહે છે કે, હે ઉદ્ધવ ! હું જેવો સચ્ચિદાનંદ છું, જેવા પ્રકારના ગુણોથી યુક્ત છું, એવો મને જાણીને કે જાણ્યા વિના જે પુરૂષો અનન્યભાવથી મને ભજે છે તે મારા ઉત્તમ ભક્તો મનાયેલા છે. અને વળી આજ અર્થનું દશમસ્કંધમાં પણ વર્ણન કરેલું છે, જેમ કે -

कृष्णं विदुः परं कान्तं न तु ब्रह्मतया मुने । गुणप्रवाहोपरमस्तासां गुणधियां कथम् ॥ इति ॥

આ દશમસ્કંધના શ્લોકમાં પરીક્ષિત રાજા શંકા ઉત્પન્ન કરતાં શુકદેવજીને કહે છે કે હે મુને ! ગોપીઓ તો શ્રીકૃષ્ણભગવાનને પોતાના પરમ પતિ જાણતી હતી, પરંતુ શ્રીકૃષ્ણ છે એજ પરબ્રહ્મ છે, આ રીતે શ્રીકૃષ્ણને પરબ્રહ્મરૂપે જાણતી ન હતી, કેવળ એક મનુષ્યરૂપે જ જાણતી હતી. તો ગુણબુદ્ધિવાળી એવી ગોપીઓનો વિષયમાં રહેલો પ્રવાહ કેવી રીતે નિવૃત્તિને પામ્યો ? (અર્થાત્ ગોપીઓ માયાના ગુણોથી કેવી રીતે મુક્ત થઈ ?)

આવા પરીક્ષિત રાજાના પ્રશ્નના ઉત્તરમાં શુકદેવજી કહે છે કે, હે રાજન્ ! નિર્ગુણ એવા ભગવાનનો આલોકને વિષે જન્મ તો મનુષ્યના કલ્યાણને માટે જ હોય છે. તેથી નિર્ગુણ એવા ભગવાનને વિષે કોઈ કામભાવને ધારણ કરે, કોઈ ક્રોધભાવને ધારણ કરે, કોઈ ભયભાવને ધારણ કરે, કોઈ સ્નેહભાવને ધારણ કરે, કોઈ પુત્રભાવને ધારણ કરે, કોઈ મિત્રભાવને ધારણ કરે, તો એ બધા નિર્ગુણપણાને પામી જાય છે. કારણ કે ભગવાન ભલે મનુષ્યરૂપે રહેલા હોય છતાં એ નિર્ગુણ છે. તેથી નિર્ગુણ એવા ભગવાનના સંબંધે કરીને ઉપર કહેલા બધા નિર્ગુણપણાને પામી જાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં, મથુરામાં, દ્વારિકામાં અને હસ્તિનાપુરમાં આ ચાર સ્થાનકોને વિષે મોટે ભાગે રહેતા હતા. તે તે સ્થાનોમાં રહેલા જે પુરૂષો અને સ્ત્રીઓ તેમનો શ્રીકૃષ્ણ ભગવાનને વિષે જે સ્નેહ હતો, એ સ્નેહનું આ દશમસ્કંધની અંદર વારંવાર વર્ણન કરેલું છે. તેમાં પ્રથમ વ્રજવાસી ગોપીઓનો ભગવાનને વિષે જે સ્નેહ હતો, એ સ્નેહનું દિશાસૂચન શ્રી ભાષ્યકાર શતાનંદસ્વામી કરે છે- ''दुस्त्यजश्चानुरागोऽस्मिन् सर्वेषां नो व्रजौकसाम् । नन्द ते तनयेऽस्मासु तस्याप्योत्पत्तिकः कथम्'' ॥ इति ॥ ગોપીઓ નંદજીને કહે છે કે, હે નંદજી ! અમો સર્વેને આ તમારા પુત્રમાં એવો ગાઢ સ્નેહ સ્વાભાવિક રીતે થાય છે કે, એ સ્નેહ છોડી પણ શકાતો નથી. જેમ અમોને તમારા પુત્ર શ્રીકૃષ્ણને વિષે સ્નેહ થાય છે, તેમજ

શ્રીકૃષ્ણને અમારે વિષે સ્વાભાવિક સ્નેહ થાય છે. તો હે નંદજી ! પરસ્પર આવો ગાઢ સ્નેહ શા કારણથી થાય છે ? આ રીતે વ્રજવાસી ગોપીઓનો ભગવાનને વિષે જે સ્નેહ હતો, એ સ્નેહનું આ દશમસ્કંધમાં વારંવાર અને વિસ્તાર પૂર્વક વર્ણન કરેલું છે. માટે દશમસ્કંધને ભક્તિશાસ્ત્ર કહેલું છે.

અને વળી મથુરાવાસી ગોપીઓના સ્નેહનું દિશાસૂચન કરતાં શતાનંદ સ્વામી કહે છે કે- ''समनन्दन् प्रजाः सर्वा दृष्ट्वा रामजनार्दनौ । अपश्यन्त्यो बह्वहानि नष्टलब्धधना इव'' ॥ इति ॥ શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે, હે રાજન્ ! જેમ કોઇ પુરૂષનું ધન ખોવાઇ ગયેલું હોય, અને પછી ફરીવાર જ્યારે ખોવાયેલું ધન પ્રાપ્ત થાય, ત્યારે એ પુરુષને કેવો અતિ આનંદ થાય છે. તેમ શ્રીકૃષ્ણ અને બળદેવજી તો મથુરાની પ્રજાનું એક ધન હતું. શ્રીકૃષ્ણ અને બળદેવજી વિદ્યા ભણવા ગયા હતા, ત્યારે મથુરાની પ્રજાનું ધન ખોવાઇ ગયેલું હતું. અને પછી જ્યારે વિદ્યા ભણીને પાછા આવ્યા, ત્યારે મથુરાની પ્રજાના હૃદયમાં સ્નેહ સમાઇ શકયો નહિ. તેથી એ સ્નેહ હૃદયમાંથી ઉભરાઇને નેત્રો દ્વારા વહેવા લાગ્યો. અને મથુરાની પ્રજા શ્રીકૃષ્ણ તથા બળદેવજીનાં દર્શન કરીને હર્ષઘેલી બની ગઇ. આ રીતે મથુરાવાસી પ્રજાનો ભગવાન શ્રીકૃષ્ણને વિષે જે સ્નેહ હતો, એ સ્નેહનું દશમસ્કંધમાં વારંવાર નિરૂપણ કરેલું છે. માટે દશમસ્કંધને ભક્તિશાસ્ત્ર કહેલું છે.

અને દ્વારિકાવાસી યાદવોના સ્નેહનું દિશાસૂચન કરતાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- ''शय्यासनाटनालापक्रीडास्नानादिकर्मसु । न विदुः सन्तमात्मानं वृष्णयः कृष्णचेतसः'' ॥ इति ॥ શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે, હે રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાનને વિષે જ જેમનાં ચિત્તો રહેલાં છે, એવા દ્વારિકાવાસી યાદવોને સૂતાં, બેસતાં, વાતો કરતાં, કે સ્નાન કરતી વખતે સર્વે ક્રિયાઓને વિષે નિરંતર શ્રીકૃષ્ણ ભગવાનનું જ સ્મરણ થતું હતું. તેથી પોતાના દેહને પણ જાણી શકતા ન હતા. આ રીતે દ્વારિકાવાસી યાદવોનો ભગવાન શ્રીકૃષ્ણને વિષે જે સ્નેહ હતો, એ સ્નેહનું આ દશમસ્કંધમાં વારંવાર નિરૂપણ કરેલું છે. માટે દશમસ્કંધનું ભક્તિશાસ્ત્રપણું કહેલું છે.

અને વળી હસ્તિનાપુર વાસી પાંડવોના સ્નેહનું દિશાસૂચન કરતાં શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી વર્ણવે છે કે- ''दृष्ट्वा तमागतं पार्था मुकुन्दमखिलेश्वरम् । उत्तस्थुर्युगपद्वीराः प्राणा मुख्यमिवागतम्'' ॥ इति ॥ પાંડવોએ રાજસૂય યજ્ઞ કરેલો હતો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાનને યજ્ઞમાં પધારવા પ્રેમપૂર્વક આમંત્રણ આપેલું હતું. શ્રીકૃષ્ણ ભગવાન પોતાના ભક્ત પાંડવોના આમંત્રણને માન આપી, હસ્તિનાપુર રાજસૂય યજ્ઞમાં જ્યારે પધાર્યા, ત્યારે ત્યાં આવેલા શ્રીકૃષ્ણને જોઇને પાંડવો એકી સાથે ઉભા થઇ ગયા. જેમ શરીરમાં મુખ્ય પ્રાણ આવતાં ઇન્દ્રિયો સચેતન થઇ જાય, તેમ શ્રીકૃષ્ણ પધારતાં બધા પાંડવો રોમાંચિત થઇ ગયા. અને પાંડવોને ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે જે પ્રેમ હતો, એ પ્રેમ હૃદયમાં સમાઇ શક્યો નહિ. તેથી હૃદયમાંથી ઉભરાઇને નેત્રોમાં અશ્રુઓ દ્વારા અભિવ્યક્ત થયો. આ રીતે ભગવાન શ્રીકૃષ્ણને વિષે પાંડવોનો જે સ્નેહ હતો, એ સ્નેહનું પણ આ દશમસ્કંધમાં વારંવાર નિરૂપણ કરેલું છે. માટે આ દશમસ્કંધનું ભક્તિશાસ્ત્રપણું કહેલું છે, આવો અભિપ્રાય છે.

અને શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી વિવેચન કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજે કહ્યું જે પંચમસ્કંધ એ યોગશાસ્ત્ર છે. તો પંચમસ્કંધ એ યોગશાસ્ત્ર શા માટે ? તેના પ્રત્યુત્તરમાં કહે છે કે, પંચમસ્કંધમાં યોગશાસ્ત્રનો સિદ્ધાન્ત સ્પષ્ટપણે કહેલો છે, માટે પંચમસ્કંધનું યોગશાસ્ત્રપણું કહેલું છે. યોગશાસ્ત્રના આદિ આચાર્ય હિરણ્યગર્ભ ઋષિએ ભગવાન નારાયણને વિષે ચિત્તવૃત્તિનો જે નિરોધ થવો એજ યોગ છે. આવો પોતાનો સિદ્ધાન્ત નિરૂપણ કરેલો છે. અને વળી પાતઞ્જલિએ પણ ''योगश्चित्तवृत्तिनिरोधः'' ॥ इति ॥ આ સૂત્રવડે ચિત્તની વૃત્તિનો જે નિરોધ થવો તેને જ યોગ કહેલો છે. અને એ યોગના પણ બે પ્રકાર છે. એક હઠયોગ અને બીજો રાજયોગ. તેમાં પ્રાણાયામાદિકે કરીને પ્રથમ પ્રાણનો નિરોધ થવો એ હઠયોગ કહેલો છે. અને પરમાત્માનું ધ્યાન કરતાં ચિત્તની વૃત્તિનો જે નિરોધ થવો તેને રાજયોગ કહેલો છે. અર્થાત્ પોતાના ચિત્તને અખંડ પરમાત્માની અંદર જે જોડી દેવામાં આવે તેને રાજયોગ કહેવાય છે. અને એ ચિત્તવૃત્તિના નિરોધરૂપ રાજયોગનું આ પંચમસ્કંધમાં યોગી

રાજાઓનાં ચરિત્રોનું નિરૂપણ દ્વારા વર્ણન કરેલું છે. માટે આ પંચમસ્કંધનું યોગશાસ્ત્રપણું કહેલું છે.

જેમ કે પ્રિયવ્રત રાજા રાજ્ય કરતા હતા, છતાં પોતાની ચિત્તવૃત્તિને અખંડ ભગવાનમાં જોડી રાખેલી હતી. અર્થાત્ પ્રિયવ્રત રાજા પ્રવૃત્તિમાં રહીને પણ અખંડ ભગવાનનું સ્મરણ કરતા હતા, તેણે કરીને પ્રિયવ્રત રાજાની ચિત્તવૃત્તિનો ભગવાનને વિષે નિરોધ થયો હતો. આવા પ્રિયવ્રત રાજાનું ચરિત્ર આ પંચમસ્કંધમાં વર્ણવેલું છે. અને ત્યારપછી પ્રિયવ્રતરાજાના પુત્ર આગ્નીધ્રે પણ અષ્ટાંગયોગ સિદ્ધ કરેલો હતો. અને પોતાની ચિત્તની વૃત્તિ અખંડ ભગવાનની સાથે જોડી દીધેલી હતી. અને ત્યારપછી આગ્નિધ્રના પુત્ર નાભિરાજા પણ સમાધિયોગ વડે નરનારાયણ ભગવાનની ઉપાસના કરતા હતા. અને કાળે કરીને ભગવાનના સાધર્મ્યપણાને પામી ગયા હતા. અને ત્યારપછી નાભિરાજાના પુત્રપણે પ્રગટ થયેલા ભગવાન ઋષભદેવજી પણ મનુષ્ય ભાવનું અનુકરણ કરતા થકા, યોગનું જ આચરણ કરેલું હતું. અને ત્યારપછી ઋષભદેવજીના પુત્ર ભરતજી પણ મહાયોગી હતા. આ સર્વે યોગીરાજાઓનાં ચરિત્રનું આ પંચમસ્કંધની અંદર આબેહુબ વર્ણન કરવામાં આવેલું છે. માટે આ પંચમસ્કંધને યોગશાસ્ત્ર માનેલું છે.

અને વળી ઈલાવ્રતાદિ તે તે ખંડોને વિષે શિવ, ભદ્રશ્રવા, પ્રહ્લાદ, લક્ષ્મી અને પૃથ્વી આદિક ભક્તોનો સંકર્ષણ, હયગ્રીવ, નૃસિંહ, નારાયણ અને વરાહ આદિક ભગવાનનાં સ્વરૂપોને વિષે ચિત્તની વૃત્તિના નિરોધરૂપ યોગ, આ પંચમસ્કંધને વિષે પ્રતિપાદન કરેલો છે. માટે પંચમસ્કંધનું યોગશાસ્ત્રપણું માનેલું છે. અને વળી શુકદેવજીએ પણ ‘‘यदिदं योगानुशासनम्’’ આ સૂત્રનો સમાવેશ કરીને ‘‘દેહલીદીપકના’’ ન્યાયથી સંપૂર્ણ પંચમસ્કંધનું યોગશાસ્ત્રપણું સૂચવેલું છે.

અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની અંદર આચાર, વ્યવહાર, પ્રાયશ્ચિત, વ્રતો, કાલ અને કર્મનાં ફળો આમ છપ્રકારે ધર્મનું લક્ષણ વર્ણવેલું છે. માટે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિને ધર્મશાસ્ત્ર માનવામાં આવેલું છે. આ રીતે શ્રીજીમહારાજે દશમસ્કંધને ભક્તિશાસ્ત્ર અને પંચમસ્કંધને યોગશાસ્ત્ર તથા યાજ્ઞવલ્ક્ય સ્મૃતિને ધર્મશાસ્ત્ર પ્રમાણપૂર્વક માનેલું છે, આવો અભિપ્રાય છે. ॥૯૯॥

**शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् । रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ॥१००॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, શ્રીરામાનુજાચાર્યજીએ કરેલું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા ભગવદ્ગીતાનું ભાષ્ય, એ બે અમારૂં અધ્યાત્મશાસ્ત્ર છે, એમ જાણવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આત્મતત્ત્વ, માયાતત્ત્વ અને ભગવત્તત્ત્વ આ ત્રણ તત્ત્વોનું જે શાસ્ત્રની અંદર પ્રધાનપણે નિરૂપણ કરવામાં આવ્યું હોય, તે શાસ્ત્રને અધ્યાત્મશાસ્ત્ર કહેવામાં આવે છે. ઉપનિષદો, ગીતા અને વ્યાસસૂત્રો આ ત્રણ ગ્રન્થોની અંદર અધ્યાત્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. માટે આ ત્રણ ગ્રન્થો શ્રેષ્ઠ અધ્યાત્મશાસ્ત્ર છે. તેમાં ઉપનિષદ છે એ વેદનો જ સાર છે. ઉપનિષદોની અંદર અનેક પ્રકારની જે બ્રહ્મવિદ્યાઓ રહેલી છે, તે બ્રહ્મવિદ્યાઓનું સંકલન કરીને યથાર્થ બ્રહ્મવિદ્યાઓનું તાત્પર્ય સમજાવવા વ્યાસભગવાને જે સૂત્રો લખ્યાં છે, તેને શારીરિકસૂત્રો કહેવામાં આવે છે. અને રણસંગ્રામમાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે જે સાંખ્યજ્ઞાનનો ઉપદેશ આપેલો છે, તેને ભગવદ્ગીતા કહેવામાં આવે છે. આ બન્ને શાસ્ત્રો જીવ, માયા અને ઈશ્વર તત્ત્વનું નિરૂપણ કરનારાં છે. અને આ બન્ને શાસ્ત્ર ઉપર જુદા જુદા આચાર્યોએ જુદાં જુદાં ભાષ્યો લખેલાં છે. તેમાં શ્રી રામાનુજાચાર્યજીએ ભગવદ્ગીતા અને શારીરિકસૂત્રો ઉપર જે ભાષ્ય કરેલું છે, એ ભાષ્યની અંદર શ્રી રામાનુજાચાર્યજીએ જીવ, માયા અને ઈશ્વર આ ત્રણેના સ્વરૂપનું યથાર્થ નિરૂપણ જેવું કરેલું છે, તેવું બીજા કોઈ આચાર્યે કરેલું નથી. અને જીવ, માયા અને ઈશ્વર આ ત્રણેનો અપૃથક્ સંબન્ધ જેવો શ્રી રામાનુજાચાર્યજીએ નિરૂપણ કર્યો છે, એવો બીજા કોઈ

આચાર્યે નિરૂપણ કરેલો નથી. અને આ બન્ને ભાષ્યની અંદર શ્રીજીમહારાજને પ્રિય એવું જે ભગવાનનું સાકારપણું તેનું પણ વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરેલું છે. તેથી શ્રી રામાનુજાચાર્યજીએ શારીરિકસૂત્રો અને ભગવદ્ગીતા ઉપર જે ભાષ્ય કરેલું છે, એ ભાષ્યને શ્રીજીમહારાજે પ્રમાણભૂત માનેલું છે. માટે આ બન્ને ભાષ્ય સંપ્રદાયમાં અધ્યાત્મ જ્ઞાનશાસ્ત્ર તરીકે માન્ય કરાયેલાં છે. એજ કારણથી ભક્તજનો હોય તેમણે આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિને માટે આ બન્ને ભાષ્યોને ભણવાં અને ભણાવવાં, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૧૦૦॥

**एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च । अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ॥१०१॥**

**मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः । धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ॥१०२॥**

મારા આશ્રિતો હોય તેમણે, આ આઠ સચ્છાસ્ત્રોમાં જે વચનો ભગવાનના સ્વરૂપનું અતિ ઉત્કર્ષપણું કહેતાં હોય, તથા ધર્મ, ભક્તિ અને વૈરાગ્યનું અતિ ઉત્કર્ષપણું કહેતાં હોય. તે વચનોને બીજાં વચનો કરતાં પ્રમાણપણે માનવાં. અને ભગવાનની ભક્તિ તો ધર્મે સહિત જ કરવી. આવું સર્વે સચ્છાસ્ત્રોનું રહસ્ય છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજે વેદાદિ આઠ સચ્છાસ્ત્રો પ્રમાણપણે સ્વીકાર્યાં, તેનો અર્થ એવો નથી કે, આઠે શાસ્ત્રોનાં એકએક વચન પ્રમાણભૂત માનવાં. શાસ્ત્રોમાં બે પ્રકારનાં વચનો હોય છે. તેમાં એક વચન વસ્તુનો ઉત્કર્ષ પ્રતિપાદન કરતું હોય, અને બીજું વચન વસ્તુનો અપકર્ષ પ્રતિપાદન કરતું હોય છે. તેમાં જે વચન વસ્તુનો ઉત્કર્ષ પ્રતિપાદન કરતું હોય, એ વચનને જ પ્રમાણરૂપ માનવું. અર્થાત્ એ વચનને પ્રધાન અને સિદ્ધાન્ત વચન માનવું. અને જે વચન વસ્તુનો અપકર્ષ કહેતું હોય, તે વચનને પ્રમાણભૂત માનવું નહિ. અર્થાત્ એ વચનને ગૌણ માનવું. અને એ ગૌણ વચનનો પ્રમાણભૂત સિદ્ધાન્ત વચનની સાથે સમન્વય કરવો. સચ્છાસ્ત્રો છે એ એક શબ્દપ્રમાણ છે. વેદાન્તમાં ત્રણ પ્રકારનાં પ્રમાણો વર્ણવેલાં છે. એક પ્રત્યક્ષ પ્રમાણ, બીજું અનુમાન પ્રમાણ, અને ત્રીજું શબ્દ પ્રમાણ. સચ્છાસ્ત્રોને શબ્દ પ્રમાણ કહેવામાં આવે છે. અને શબ્દપ્રમાણથી પ્રમેયવસ્તુની સિદ્ધિ થઈ શકે છે. ''प्रमाणाधीना प्रमेयसिद्धिः'' ॥ इति ॥ કોઈપણ વસ્તુનો નિર્ણય કરવો હોય, અર્થાત્ કોઈપણ તત્ત્વનો નિર્ણય કરવો હોય, તો એ પ્રમાણોને આધારે જ થઈ શકે છે. પ્રમાણ વિના તો કોઈપણ તત્ત્વનો કે વસ્તુનો નિર્ણય થઈ શકતો નથી.

તેમાં વસ્તુ કે તત્ત્વના પ્રત્યક્ષ સંબન્ધને પામીને જે નિર્ણય કરવામાં આવે છે. એ પ્રત્યક્ષ પ્રમાણથી નિર્ણય કરેલો કહેવાય છે. પ્રત્યક્ષ પ્રમાણ એટલે જ્ઞાનેન્દ્રિયો અને મન. આપણે જ્ઞાનેન્દ્રિયો અને મન દ્વારા કેટલીક વસ્તુનો યથાર્થ નિર્ણય કરી શકીએ છીએ. આ વસ્તુ સ્વાદિષ્ટ છે કે, પછી બિનસ્વાદિષ્ટ છે, તેનો નિર્ણય જીભરૂપી પ્રત્યક્ષ પ્રમાણથી થઈ શકે છે. જીહ્વાનો વસ્તુની સાથે પ્રત્યક્ષ સંબન્ધ થઈ શકે છે, તેથી જીહ્વાને પ્રત્યક્ષ પ્રમાણ માનવામાં આવે છે. અને વળી આ વસ્તુ ગરમ છે કે ઠંડી છે ? અથવા મૃદુ છે કે કઠીન છે ? તેનો નિર્ણય ત્વચારૂપી પ્રત્યક્ષપ્રમાણથી થઈ શકે છે. ત્વચાનો વસ્તુની સાથે પ્રત્યક્ષ સંબન્ધ થઈ શકે છે, તેથી ત્વચાને પ્રત્યક્ષ પ્રમાણ માનવામાં આવે છે. અને વળી આ વસ્તુ રૂપવાન છે કે કુરૂપવાન છે, તેનો નિર્ણય નેત્રથી થઈ શકે છે. આ વસ્તુ સુગંન્ધીમાન છે કે દુર્ગન્ધીયુક્ત છે, તેનો નિર્ણય નાકથી થઈ શકે છે. અને શબ્દનો નિર્ણય કર્ણ ઈન્દ્રિયથી થઈ શકે છે. અને મન આ સર્વે નિર્ણયોમાં ઈન્દ્રિયોની સાથે જોડાયેલું રહે છે. આ રીતે જ્ઞાન ઈન્દ્રિયો અને મન કોઈપણ વસ્તુના પ્રત્યક્ષ સંબન્ધને પામીને નિર્ણય કરે છે, માટે જ્ઞાનેન્દ્રિયો અને મનને પ્રત્યક્ષ પ્રમાણ માનવામાં આવે છે.

હવે કેટલીક વસ્તુનો નિર્ણય ઈન્દ્રિયોના પ્રત્યક્ષ સંબન્ધ વિના કરવામાં આવે છે, તેને અનુમાન પ્રમાણ કહેવાય છે. એક વસ્તુ આપણને ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ થઈ હોય, તેના આધારે બીજી વસ્તુનો જે નિર્ણય કરવામાં આવે, તેને અનુમાન પ્રમાણ કહેવામાં આવે છે. જેમ કે કોઈ પર્વત

ઉપર દૂર દૂર ધૂમાડો દેખાતો હોય, પણ અગ્નિ દેખાતો ન હોય, ત્યારે આપણે અનુમાન કરીએ છીએ કે ત્યાં અગ્નિ હોવો જોઇએ, કારણ કે અગ્નિ સિવાય ધુમાડો હોઈ શકે નહિ. આમાં ધુમાડાનો નિર્ણય નેત્રેન્દ્રિયરૂપી પ્રત્યક્ષ પ્રમાણથી થાય છે. અને નેત્રેન્દ્રિયરૂપી પ્રત્યક્ષ પ્રમાણથી પ્રમાણિત થયેલા ધુમાડાના આધારે આપણે અગ્નિનું અનુમાન કરીએ છીએ. આ રીતે અનુમાન પ્રમાણમાં એક વસ્તુને આપણે પ્રત્યક્ષ અનુભવી હોય, તેના આધારે બીજી વસ્તુનું અનુમાન થઈ શકે છે. આ ઈન્દ્રિયોરૂપી પ્રત્યક્ષ પ્રમાણ અને અનુમાન પ્રમાણથી તો પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં જે પ્રાકૃતિક પદાર્થો હોય, તેમનો જ નિર્ણય થઈ શકે છે. પણ અપ્રાકૃત જે દિવ્ય પદાર્થો હોય કે, જે કદીપણ ઈન્દ્રિયોના અનુભવમાં આવ્યાં જ ન હોય, આવાં દિવ્ય પદાર્થોનો નિર્ણય પ્રત્યક્ષ પ્રમાણથી કે અનુમાન પ્રમાણથી થઈ શકતો નથી. તેથી આત્મતત્ત્વનો નિર્ણય, પરતત્ત્વ પરમાત્માનો નિર્ણય, નિત્ય વિભૂતિનો નિર્ણય, તથા પરતત્ત્વ પરમાત્માને પામવાનાં જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિક સાધનોનો નિર્ણય શાસ્ત્રવચનોના આધારે જ થઈ શકે છે. અર્થાત્ શબ્દ પ્રમાણથી જ થઈ શકે છે. સચ્છાસ્ત્રો એજ શબ્દપ્રમાણ છે. અને શ્રીજીમહારાજે આત્મતત્ત્વ તથા પરતત્ત્વ પરમાત્માના નિર્ણય માટે, અને આત્મા પરમાત્માને પામવાનાં જે સાધનો, તેના નિર્ણય માટે આઠ સચ્છાસ્ત્રો આપણને આપ્યાં છે. એ આઠ સચ્છાસ્ત્રોમાં કેટલાંક વચનો પ્રધાનભૂત અને પ્રમાણભૂત હોય છે. અને કેટલાંક વચનો ગૌણ અને અપ્રમાણભૂત હોય છે. તો જે પ્રધાનભૂત અને પ્રમાણભૂત વચનો હોય, તેમના આધારે જ તત્ત્વનો નિર્ણય થઈ શકે છે. પણ ગૌણ અને અપ્રમાણભૂત વચનોના આધારે તત્ત્વનો નિર્ણય થઈ શકે નહિ.

જેમ કે- ''कंसजरासन्धकालयवनशाल्वादिभ्यो भयपलायनमोहादिवर्णने भगवदपकर्ष इवाभासते'' ॥ इति ॥ ભાગવતમાં એવું વર્ણન જોયામાં આવે છે કે, શ્રીકૃષ્ણ ભગવાન જન્મ ધારણ કર્યા પછી તત્કાળ જ કંસ થકી ભય પામીને ગોકુળ ચાલ્યા ગયા. અને જરાસંધ જ્યારે લશ્કર લઈને ચડી આવ્યો, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન ભય પામીને મથુરા નગરીને છોડી દીધી, અને દ્વારકામાં જઈને નિવાસ કર્યો. અને કાલયવન જ્યારે ત્રણ કરોડ જેટલું મ્લેચ્છનું લશ્કર લઈને ચડી આવ્યો, ત્યારે શ્રીકૃષ્ણભગવાન ભય પામીને નાસી ગયા, અને રૈવતાચળ ગુફાનો આશ્રય કર્યો. તથા શાલ્વે જ્યારે માયા દેખાડી, ત્યારે શ્રીકૃષ્ણભગવાન મોહ પામી ગયા. આ સર્વે વચનો ભગવાનનું અપકર્ષપણું કહેનારાં છે, તેથી આ વચનોને ગૌણ માનવાં, પણ પ્રમાણભૂત માનવાં નહિ. અર્થાત્ આ વચનોથી પરતત્ત્વ પરમાત્માનો નિર્ણય થઈ શકે નહિ. કારણ કે આ વચનોથી શ્રીકૃષ્ણ ભગવાન પણ સામાન્ય કર્માધીન મનુષ્યો જેવા હોય ને શું ? એમ જણાય છે. તેથી આવાં વચનોને પ્રધાન માની લેવાં નહિ, આ વચનો ગૌણ માનવાં. અને આ ગૌણ વચનોનો પ્રમાણભૂત સિદ્ધાન્ત વચનોની સાથે સમન્વય કરવો.

જેમ કે- ''क्व शोकमोहौ स्नेहो वा भयं वा येऽज्ञसम्भवाः'' ॥ इति ॥ આ ભાગવતનું જ વચન છે. આ વચન દ્વારા પ્રતિપાદન કરવામાં આવેલું છે કે, ભગવાનને શોક, મોહ અને ભય ક્યાંથી હોય ? આ બધું તો માયાનું કાર્ય છે. અને ભગવાન તો માયા થકી પર અને અખંડિત ઐશ્વર્યવાળા છે. તેથી મનુષ્યભાવને વિષે પણ ભગવાનનું જ્ઞાન ક્યારેય પણ લુપ્ત થતું નથી. ભગવાન ગમે તેવાં ચરિત્રો કરે છતાંપણ અગ્નિની પેઠે નિર્દોષ છે. આ વચનો ભગવાનનું ઉત્કર્ષપણું કહેનારાં છે. તેથી આ વચનોને મુખ્ય અને પ્રમાણભૂત માનવાં, અને પૂર્વે કહેલાં ગૌણ તથા અપ્રમાણભૂત વચનોનો આ સિદ્ધાંત વચનોની સાથે નિર્ણય કરવો, પણ બધાં વચનો સરખાં માની લેવાં નહિ. અને ગૌણ વચનો તો અસુરોને મોહ ઉત્પન્ન કરવા માટે હોય છે, એમ જાણવું, પણ ભગવાનની અંદર ભયાદિક દોષો જાણવા નહિ.

અને વળી- ''भूभार क्षपितो येन जहौ तच्च कलेवरम्'' ॥ इति ॥ આ વચનની અંદર પ્રતિપાદન કરેલું છે કે- ભગવાન શ્રીકૃષ્ણે જે શરીરથી આ પૃથ્વીનો ભાર ઉતાર્યો, એ શરીરનો ત્યાગ કરી દીધો. આ ભાગવતના વચનથી ભગવાનને પણ સાધારણ મનુષ્યની પેઠે જાણે મરવું પડતું હોય

ને શું ? એમ જણાય છે. પણ નિત્ય અને દિવ્યમૂર્તિમાનપણું જણાતું નથી. તો આ વચન ભગવાનનું અપકર્ષપણું કહેનાર છે, તેથી આ વચનોને ગૌણ માનવું. પણ પ્રમાણભૂત માનવું નહિ. અર્થાત્ આ વચનથી પરતત્ત્વ પરમાત્માનો નિર્ણય થઇ શકે નહિ. કારણ કે આ વચનથી ભગવાન શ્રીકૃષ્ણ કર્માધીન મનુષ્ય જેવા હોય ને શું ? એમ જણાય છે. તેથી આ વચનનો આગળ કહેવાશે, એવા સિદ્ધાંત વચનની સાથે નિર્ણય કરવો.

જેમ કે- ''मर्त्येन यो गुरुसुतं यमलोकनीतं, त्वां चानयच्छरणदः परमास्त्रदग्धम् । जिग्येऽन्तकान्तकमपीशमसावनीशः किं स्वावने स्वरनयन्मृगयुं सदेहम्'' ॥ इति ॥ આ ભાગવતના વચનની અંદર પ્રતિપાદન કરવામાં આવેલું છે કે, શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે, હે રાજન્ ! યમરાજા પોતાના યમલોક પ્રત્યે લઇ ગયેલા ગુરૂના પુત્રને જે શ્રીકૃષ્ણ ભગવાને તેજ શરીરે પાછો લાવી આપેલો હતો. હે રાજન્ ! તમો જ્યારે માતાના ઉદરમાં હતા ત્યારે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી બળી ગયેલા હતા. તે સમયે પણ ભગવાન શ્રીકૃષ્ણે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્ર થકી તમારું રક્ષણ કરેલું હતું. અને વળી જે શ્રીકૃષ્ણ ભગવાને કાળના પણ કાળ એવા શંકરને પણ જીતી લીધા હતા. અને વળી પોતાને મારનાર પારાધીને દેહની સાથે સ્વર્ગમાં મોકલી દીધો હતો. આવાં કાર્યો ભગવાન શ્રીકૃષ્ણે કર્યાં, બીજાના દેહોનું રક્ષણ કર્યું. તો શું એ પોતાના દેહનું રક્ષણ કરવામાં અસમર્થ હોય ? ન જ હોય. આ વચન ભગવાનનું ઉત્કર્ષપણું કહેનાર છે. તેથી આ વચન મુખ્ય માનવું, અને પ્રમાણભૂત માનવું. અને પૂર્વે કહેલાં ગૌણ વચનનો આ પ્રમાણભૂત સિદ્ધાંત વાક્યની સાથે નિર્ણય કરવો, પણ બધાં વચનો સમાન માનવાં નહિ.

અને વળી ''उवाह कृष्णो भगवान् श्रीदामानं पराजितः'' ॥ इति ॥ આ ભાગવતનું વચન છે. શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે- રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ ગોવાળોની સાથે રમત રમતા હતા. રમતમાં બે વિભાગ પાડવામાં આવ્યા હતા. તેમાં જે હારે એ જીતેલાને ખભા ઉપર ઉંચકીને દોડે, આવો ઠરાવ કરવામાં આવ્યો હતો. તેમાં શ્રીકૃષ્ણ ભગવાન હારી ગયા, તેથી શ્રીદામાને ખભા ઉપર ઉપાડીને ચાલ્યા. આ વચન મનુષ્ય લીલાને અનુકરણ કરનારું ગૌણ વચન છે. કારણ કે શ્રીકૃષ્ણ ભગવાનની પણ સામાન્ય માણસની પેઠે હાર પ્રતિપાદન કરેલી છે, તેથી આ વચનને પ્રમાણભૂત માનવું નહિ. કારણ કે આ વચનથી પરતત્ત્વ પરમાત્માનો નિર્ણય થઇ શકે નહિ. માટે આગળ કહેવાશે, એવા સિદ્ધાંત વચનની સાથે આ ગૌણ વચનનો નિર્ણય કરવો.

જેમ કે- ''युयुत्सतां कुत्रचिदाततायिनां जयः सदैकत्र न वै परात्मनाम् । विनैकमुत्पत्तिलयस्थितीश्वरं सर्वज्ञमाद्यं पुरुषं सनातनम्'' ॥ इति ॥ આ ભાગવતનું વચન છે. આ વચનમાં વૃત્રાસુર ઇન્દ્ર પ્રત્યે કહે છે કે- હે દેવેશ્વર ! ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયના નિયન્તા અને સર્વજ્ઞ એવા ભગવાન સિવાય બીજા યોદ્ધાઓનો હમેશાં વિજય થતો નથી. પરાધીન એવા દેવો તથા મનુષ્યોનો તો કોઇક જ વખત વિજય થાય છે. પણ સ્વતંત્ર એવા ભગવાનનો તો સર્વદા વિજય થાય છે. આ વચન ભગવાનનો ઉત્કર્ષ કહેનાર છે. માટે પ્રમાણભૂત અને સિદ્ધાંત વચન માનવું, પણ ભગવાન શ્રીદામા થકી પરાજય પામી ગયા, એ વચનને મુખ્ય માની લેવું નહિ. એ વચનનો આ સિદ્ધાંત વાક્યની સાથે નિર્ણય કરવો. અને ભગવાનનું અપકર્ષપણું કહેનારાં જે વચનો છે. એ વચનો મનુષ્યલીલાને અનુકરણ કરનારાં છે. અને એ વચનો અસુરોને મોહ ઉત્પન્ન કરવા માટે જ હોય છે, એમ જાણવું.

અને વળી ધર્મનું અપકર્ષપણું કહેનારાં જે વચનો હોય, એ વચનોને પ્રમાણભૂત માનવાં નહિ, એ વચનોને ગૌણ માનવાં. અને એ ગૌણ વચનોનો ધર્મનું ઉત્કર્ષપણું કહેનાર સિદ્ધાંત વચનોની સાથે નિર્ણય કરવો.

જેમ કે- ''तस्मात् त्वमुद्धवोत्सृज्य चोदनां प्रतिचोदनाम्'' ॥ इति ॥ આ ભાગવતનું વચન છે. આ વચનમાં શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવજીને કહે છે કે- હે ઉદ્ધવ ! તમો વિધિ અને નિષેધ રૂપી ધર્મનો ત્યાગ કરીને કેવળ મારે શરણે આવી જાવ. આ વચન ધર્મનું અપકર્ષપણું કહેનાર છે. અર્થાત્

આ વચન ધર્મનું મહત્ત્વ ઘટાડનાર છે. કારણ કે ધર્મ વિના કોઈ સાધનની સિદ્ધિ થતી નથી. માટે આ વચનને પ્રમાણભૂત માનવું નહિ. અને આ ગૌણ વચનનો આગળ કહેવાશે, એવા સિદ્ધાંત વચનની સાથે સમન્વય કરવો.

જેમ કે- ''धर्मोहि मद्भक्तियुतो निःश्रेयसकरः परः'' ॥ इति ॥ આ ભાગવતનું વચન છે. આ વચનમાં શ્રીકૃષ્ણ જ ઉદ્ધવજી પ્રત્યે કહે છે કે- ભગવાનના સંબન્ધવાળો ધર્મ છે, એજ પરમ કલ્યાણને કરનારો છે. માટે ધર્મ સહિત જ ભગવાનની ભક્તિ કરવી. ધર્મનો ત્યાગ કરીને ક્યારેય પણ ભગવાનની ભક્તિ કરવી નહિ. આ વચન ધર્મનું ઉત્કર્ષપણું કહેનાર છે. અર્થાત્ ધર્મનું મહત્વ જેમ છે એમ યથાર્થ કહેનાર છે. માટે આ વચન પ્રમાણભૂત અને સિદ્ધાંત વચન માનવું. આ સિદ્ધાંત વચનની સાથે પૂર્વે કહેલા ગૌણ વચનનો નિર્ણય કરવો, પણ સર્વે વચનો સરખાં માનવાં નહિ. અને પૂર્વે ધર્મના ત્યાગ વિષે જે વચનો કહ્યાં, એતો ભક્તિથી રહિત કેવળ શુષ્કધર્મને માટે કહ્યાં છે, એમ સમજવું. કારણ કે શુષ્કધર્મ મોક્ષને આપી શકતો નથી. માટે મોક્ષાર્થી હોય તેમણે, કેવળ શુષ્કધર્મનો ત્યાગ કરીને ભગવાનના સંબન્ધવાળો જે ધર્મ તેનો સ્વીકાર કરવો. આવું તાત્પર્ય છે.

અને વળી ભક્તિનું અપકર્ષપણું કહેનારાં જે વચનો હોય, એ વચનોને પ્રમાણભૂત માનવાં નહિ, એ વચનોને ગૌણ માનવાં. અને એ ગૌણ વચનોનો ભક્તિનું ઉત્કર્ષપણું કહેનાર સિદ્ધાંત વચનોની સાથે નિર્ણય કરવો.

જેમ કે- ''एवं प्रसन्नमनसो भगवद्भक्तियोगतः । भगवत्तत्त्वविज्ञानं मुक्तसङ्गस्य जायते'' ॥ इति ॥ આ ભાગવતનું વચન છે. આ વચનમાં પ્રતિપાદન કરેલું છે કે- ભક્તિયોગથી ભગવાનનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. અને તત્ત્વજ્ઞાનથી મુક્તિ થાય છે. અહીં ભક્તિ જ્ઞાનનું સાધન બની જાય છે. ભક્તિ તો સાક્ષાત્ મોક્ષનું સાધન છે, નહિ કે તત્ત્વજ્ઞાનનું. ભક્તિ મોક્ષનું અંતિમ સાધન હોવું જોઈએ. પણ આ વચનમાં ભક્તિથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ, આ રીતે ભક્તિનો મોક્ષ સાથે પરંપરા સંબન્ધ, અને જ્ઞાનનો સાક્ષાત્ સંબન્ધ બતાવેલો છે. તેથી આ વચન ભક્તિનું અપકર્ષપણું કહેનાર છે, અર્થાત્ આ વચન જેમ છે એમ ભક્તિનું મહત્વ કહેનાર નથી. માટે આ વચનને ગૌણ માનવું, પણ પ્રમાણભૂત માનવું નહિ. આ વચનનો આગળ કહેવાશે, એવા સિદ્ધાંત વચનની સાથે નિર્ણય કરવો.

જેમ કે- ''केवलेनैव भावेन गोप्यो मामीयुरञ्जसा । यं न योगेन साङ्ख्येन दानव्रततपोऽध्वरैः ॥ व्याख्यास्वाध्यायसंन्यासैः प्राप्नुयाद्यत्नवानपि'' ॥ इति ॥ આ ભાગવતનું વચન છે. આ વચનમાં શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવજીને કહે છે કે- હે ઉદ્ધવ ! ગોપીઓ કેવળ ભક્તિભાવથી જ મને પામી ગઈ. યોગ, જ્ઞાન, દાન, વ્રત, તપ અને યજ્ઞો વડે મને પામવા માટે કેટલાક પ્રયત્નો કરે છે, છતાંપણ જે મારી પ્રાપ્તિ થતી નથી. આવો જે હું તે મને ગોપીઓ કેવળ ભક્તિથી પામી ગઈ. આ વચન ભક્તિનું ઉત્કર્ષપણું કહેનાર છે. અર્થાત્ આ વચન જેમ છે તેમ ભક્તિનું મહત્વ કહેનાર છે, ભક્તિનું પ્રતિપાદન કરનાર છે. માટે આ વચન પ્રમાણભૂત અને સિદ્ધાંત વચન માનવું. અને આ સિદ્ધાંત વચનની સાથે પૂર્વે કહેલાં ગૌણ વચનનો નિર્ણય કરવો, પણ સર્વે વચનો સરખાં માની લેવાં નહિ.

અને વળી વૈરાગ્યનું અપકર્ષપણું કહેનારાં જે વચનો હોય, એ વચનો પ્રમાણભૂત માનવાં નહિ. અને એ વચનોનો સિદ્ધાંત વૈરાગ્યનું ઉત્કર્ષપણું કહેનારાં વચનોની સાથે નિર્ણય કરવો. જેમ કે- ''याम् आश्रित्येन्द्रियारातीन् दुर्जयानितराश्रमैः । वयं जयेम हेलाभिर्दस्यून् दुर्गपतिर्यथा'' ॥ इति ॥ આ ભાગવતનું વચન છે. આ વચનમાં કશ્યપે દિતિ પ્રત્યે કહેલું છે કે, જેમ રાજા કીલ્લાનો આશ્રય કરીને ચોરોને રમત માત્રથી જીતી લે છે. એજ રીતે હે દિતિ ! તારા જેવી સ્ત્રીઓનો આશ્રય કરીને, અર્થાત્ તારા જેવી સ્ત્રીઓની સાથે રહીને, અમો રમત માત્રમાં ઈન્દ્રિયોરૂપી શત્રુઓને જીતી લઈએ છીએ. આ વચન વૈરાગ્યનું અપકર્ષણપણું કહેનાર છે. અર્થાત્ જેમ છે એમ વૈરાગ્યનું મહત્વ કહેનાર નથી. કારણ કે વૈરાગ્ય વિના

કદીપણ ઈન્દ્રિયો જીતી શકાય નહિ. માટે આ વચનને ગૌણ માનવું, પણ પ્રમાણભૂત માનવું નહિ. અને આ વચનનો આગળ કહેવાશે, એવા સિદ્ધાન્ત વચનની સાથે નિર્ણય કરવો.

જેમ કે- ''न तथाऽस्य भवेन्मोहो बन्धश्चाऽन्यप्रसङ्गतः । योषित्सङ्गाद्यथा पुंसो यथा तत्सङ्गिसङ्गतः'' ॥ इति ॥ આ ભાગવતના વચનમાં કપિલ ભગવાન માતા દેવહૂતિ પ્રત્યે કહે છે કે- હે માતાજી ! સ્ત્રીના પ્રસંગ થકી જેવો મોહ અને બંધન પુરુષને થાય છે, એવો મોહ અને બંધન બીજા કોઈના પ્રસંગે કરીને થતો નથી. માટે ઈંદ્રિયો જીતવાને ઈચ્છતા એવા પુરુષે સ્ત્રી થકી દૂર રહેવું. આ વચન વૈરાગ્યનું ઉત્કર્ષપણું કહેનાર છે. માટે આ વચનને પ્રમાણભૂત અને સિદ્ધાંત વચન માનવું. અને પૂર્વે કહેલા ગૌણ વચનનો આ સિદ્ધાંત વચનની સાથે નિર્ણય કરવો, પણ બધાં વચનો સમાન માની લેવાં નહિ, આવું તાત્પર્ય છે.

અને વળી વેદાદિક આઠ સચ્છાસ્ત્રો સ્વધર્મ સહિત ભગવાનની ભક્તિનું પ્રતિપાદન કરનારાં છે. માટે ભગવાનની ભક્તિ ધર્મે સહિત જ કરવી. ધર્મનો ત્યાગ કરીને ભગવાનની ભક્તિ સર્વપ્રકારે કરવી નહિ. કારણ કે ધર્મ છે, એ ભક્તિનું પોષણ કરનાર છે. પોષણ જો ન હોય તો ભક્તિ વૃદ્ધિ પામીને ફળ આપનાર થતી નથી. માટે ધર્મે સહિત ભગવાનની ભક્તિ કરવી, એજ સર્વે સચ્છાસ્ત્રોનું રહસ્ય છે. ॥૧૦૧ - ૧૦૨॥

**धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः । माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ॥१०३॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, શ્રુતિ અને સ્મૃતિએ પ્રતિપાદન કરેલો જે સદાચાર તેને ધર્મ જાણવો. અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાનથી યુક્ત જે ઘણો સ્નેહ, તેને ભક્તિ જાણવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું તાત્પર્ય સમજાવે છે કે- શ્રુતિ એટલે વેદ, અને સ્મૃતિ એટલે યાજ્ઞવલ્ક્યાદિ ઋષિઓએ રચેલી ધર્મસંહિતા, તેમણે અધિકારને અનુસારે અવશ્ય પાલન કરવા માટે વિધાન કરેલો જે સદાચાર, તેને ધર્મ જાણવો. સદાચાર એટલે લોક તથા શાસ્ત્રથી વિરુદ્ધ ન હોય એવો જે આચાર, તેને ધર્મ જાણવો. શ્રુતિ તથા સ્મૃતિની અંદર પ્રતિપાદન કરેલો જે આચાર, લોકથી જો વિરૂદ્ધ હોય તો તે સદાચાર કહી શકાય નહિ. અને જે આચાર લોકમાં પ્રચલિત હોય, અને જો શ્રુતિ અને સ્મૃતિઓથી વિરૂદ્ધ હોય તો સદાચાર કહી શકાય નહિ. અર્થાત્ લોકમાં પ્રચલિત હોય, અને શાસ્ત્રોથી પણ વિરૂદ્ધ ન હોય, આવો જે સદાચાર, તેને જ ધર્મ જાણવો.

અને વળી કેવળ વેદથી ધર્મનો નિર્ણય કરી શકાતો નથી. કારણ કે વેદની અંદર તો જે મનુષ્ય જેવા સત્વાદિક ગુણોથી યુક્ત હોય, તેને અનુસરીને જ સમગ્ર વિધાનો કરેલાં હોય છે. કેટલાંક વિધાનો સત્વગુણી મનુષ્યોને માટે હોય છે. કેટલાંક વિધાનો રજોગુણી મનુષ્યોને માટે હોય છે. અને કેટલાંક વિધાનો તમોગુણી મનુષ્યોને માટે હોય છે. જેમ કે વેદની અંદર એક શ્યેનયાગ વર્ણવેલો છે. એ યાગની અંદર જો વિધિપૂર્વક બાજ પક્ષીને હોમવામાં આવે, તો પોતાનો શત્રુ જ્યાં હોય ત્યાં જ મૃત્યુ પામી જાય છે. આ વિધાન સત્વગુણી મનુષ્યને માટે નથી. આ વિધાન તો રાગી એવા તમોગુણ પ્રધાન મનુષ્યને માટે છે. આ રીતે વેદ એક વિશાળ સમુદ્ર છે. એ વેદરૂપી સમુદ્રમાંથી જેને જેટલું યોગ્ય હોય તેટલું જ ગ્રહણ કરવા યોગ્ય હોય છે, પણ સર્વે એક અધિકારીને ગ્રહણ કરવા યોગ્ય હોતું નથી. તેથી કેવળ વેદથી ધર્મનો નિર્ણય થઈ શકતો નથી. માટે ધર્મના નિર્ણયને માટે સ્મૃતિ શાસ્ત્રને પણ તપાસવાં. અર્થાત્ વેદમાં જે પ્રતિપાદન કરેલું હોય, એ જો સ્મૃતિ શાસ્ત્રમાં હોય, અને વેદ તથા સ્મૃતિમાં જે પ્રતિપાદન કરવામાં આવેલું હોય, એ જો મહાપુરુષોના આચરણમાં હોય, તો જ તેને ધર્મ કહી શકાય છે. ત્રણ જગ્યાએ જે આચાર મળતો આવતો હોય તેને જ ધર્મ કહી શકાય છે. મહાભારતના મોક્ષધર્મમાં પણ ત્રણ પ્રકારનું ધર્મનું લક્ષણ કહેલું છે.- ''सदाचारः स्मृतिः वेदास्त्रिविधं धर्मलक्षणम्'' ॥ इति ॥ આ વાક્યનું તાત્પર્ય એછે કે, સદાચાર એટલે મહાપુરુષોનો શ્રેષ્ઠ આચાર, સ્મૃતિ એટલે ધર્મશાસ્ત્ર, અને ત્રીજો વેદ. આ

ત્રણ ધર્મનું લક્ષણ છે. અર્થાત્ જે આચાર વેદમાં હોય એજ સ્મૃતિમાં હોય. અને જે આચાર વેદ અને સ્મૃતિ આ બન્નેમાં હોય, એજ આચાર જો મહાપુરુષોના આચરણમાં હોય, તો જ એ ધર્મ માની શકાય છે. આ પ્રમાણે ત્રણેમાં મળતો જે આચાર તેને જ ધર્મ કહેવાય છે. આ રીતે ત્રણે દ્વારા નિર્ણય પામેલ જે ધર્મ, તેનું પાલન કરનાર મનુષ્ય ઉત્તમ સુખને પામે છે. આ વિષયમાં મનુસ્મૃતિ પ્રમાણભૂત છે.- ''श्रुतिस्मृत्युदितं धर्ममनुतिष्ठन् हि मानवः । इह कीर्तिमवाप्नोति प्रेत्य चानुत्तमं सुखम्'' ॥ इति ॥ આ શ્લોકનો ભાવ એ છે કે- શ્રુતિ અને સ્મૃતિમાં કહેલા ધર્મનું આચરણ કરનારો મનુષ્ય આ લોકમાં મોટી કીર્તિને પામે છે. અને મરીને ઉત્તમ સુખને પામે છે. અર્થાત્ ધર્મ જ સર્વે સુખનું મૂળ છે. ધર્મ વિના તો કોઈ પુરુષાર્થની સિદ્ધિ થઈ શકતી નથી. માટે શ્રુતિ સ્મૃતિ અને મહાપુરુષોના આચરણ દ્વારા ધર્મનો નિર્ણય કરીને દેશ-કાળને અનુસારે ધર્મનું પાલન કરવું, આવો અભિપ્રાય છે.

અને વળી ભગવાનના માહાત્મ્યજ્ઞાનથી યુક્ત એવો ભગવાનને વિષે સર્વાધિક સ્નેહ-પ્રેમ તેને ભક્તિ કહેલી છે. ભગવાનનું માહાત્મ્ય એટલે ભગવાનની મોટાઇ, ભગવાનનું સામર્થ્ય, ભગવાનનું પરપણું વગેરે. કોઈ પણ વસ્તુનું જ્યાં સુધી માહાત્મ્ય સમજાયેલું ન હોય, ત્યાં સુધી એ વસ્તુમાં પ્રેમ થતો નથી. જ્યારે વસ્તુનું યથાર્થ માહાત્મ્ય સમજાય છે, ત્યારે જ એ વસ્તુમાં ભાવ ઉત્પન્ન થાય છે. ભગવાન તો સર્વ થકી પર રહેલું એવું જે અક્ષરધામ તેના થકી પણ પર છે. ભગવાન અક્ષર, કાલ, માયા, આદિક સર્વેના નિયામક છે. સ્વતંત્ર, સર્વે ઐશ્વર્યોથી સંપન્ન અને સર્વપ્રકારે ઉપાસના કરવા યોગ્ય છે. ભગવાનની મરજી વિના તો એક પાંદડું પણ ખરવા સમર્થ નથી. ભગવાન સર્વે જીવોને કર્મના બંધન થકી મુકાવવામાં સમર્થ છે. સર્વે બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરનારા છે. સૂર્ય અને ચંદ્ર પણ જે ભગવાનની આજ્ઞામાં રહીને હમેશાં વિચરણ કરે છે. સમુદ્ર પણ ભગવાનની આજ્ઞામાં રહીને પોતાની મર્યાદા ઓળંગતો નથી. બ્રહ્માદિક દેવતાઓ પણ હમેશાં ભગવાનની આજ્ઞામાં રહીને જ પોતાનું કાર્ય કરે છે. આ પ્રમાણે ભગવાનનું માહાત્મ્ય જેમ છે એમ જો જાણેલું હોય, તો જ ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન થાય છે. આવો માહાત્મ્યજ્ઞાન પૂર્વકનો જે સ્નેહ તેને જ ભક્તિ કહેવાય છે.- ''माहात्म्यज्ञानपूर्वकस्तु सुदृढः सर्वतोऽधिकः । स्नेहो भक्तिरिति प्रोक्ता यया मुक्तिर्नचान्यथा'' ॥ इति ॥ આ શ્લોકનો ભાવ એ છે કે- માહાત્મ્યજ્ઞાન પૂર્વક અતિદૃઢ અને સર્વથી અધિક એવો જે ભગવાનમાં સ્નેહ તેને ભક્તિ કહેલી છે. અને આવી ભક્તિ વડે જ મોક્ષ થાય છે. એ સિવાય બીજા કોઈ સાધનથી મોક્ષ થતો નથી. બીજાં સાધનોનું અનુષ્ઠાન કરવાથી તો ભક્તિનો ઉદય થાય છે. અને ભક્તિના ઉદયથી જ મોક્ષ થાય છે. આ ફળરૂપ પ્રેમલક્ષણા ભક્તિનું પ્રતિપાદન કર્યું છે. કારણ કે ભક્તિ પણ બે પ્રકારની છે- એક સાધનરૂપ ભક્તિ અને બીજી ફળરૂપ ભક્તિ. જે ફળરૂપ ભક્તિ છે તેને પ્રેમલક્ષણા ભક્તિ, તથા પરાભક્તિ પણ કહેવાય છે. તેમાં - ''श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्'' ॥ इति ॥ આ શ્રવણકીર્તનાદિક જે નવ પ્રકારની ભક્તિ છે, તેને સાધનરૂપ ભક્તિ કહેલી છે. અને સાધનરૂપ ભક્તિ કરતાં કરતાં જે ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. તેને ફળરૂપ તથા પ્રેમલક્ષણા ભક્તિ કહેવામાં આવે છે. આવી ફળરૂપ પ્રેમલક્ષણા ભક્તિ તો ભાગવતમાં ગોપીઓને વિષે મોટે ભાગે વર્ણવેલી છે. જેમ કે- ''गोपीनां परमानन्द आसीत् गोविन्ददर्शने । क्षणं युगशतमिवयासां येन विनाऽभवत्'' ॥ इति ॥ શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે- હે રાજન્ ! ગોપીઓને પરમાત્મા શ્રીકૃષ્ણને વિષે અપાર સ્નેહ રહેલો હતો. તેથી ગોપીઓને જ્યાં સુધી ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થતાં, ત્યાં સુધી જ આનંદ રહેતો હતો. ભગવાનનાં દર્શન વિના તો એક ક્ષણ પણ મહાન યુગની સમાન લાગતો હતો. અને વળી ગોપીઓ બ્રહ્માને પણ ગાળો દેતી હતી કે- હે બ્રહ્મા ! તારી બુદ્ધિ ઓછી છે. આ અમારાં નેત્રોની અંદર પાંપણો શા માટે બનાવ્યાં છે. જે પાંપણો ભગવાનનાં દર્શન કરવામાં આડાં આવે છે. આ રીતે ગોપીઓમાં ફળરૂપ પ્રેમલક્ષણા ભક્તિ હતી, તેનું ભાગવતમાં વર્ણન કરેલું છે. તો ગોપીઓની પેઠે ભગવાનમાં સર્વથી અધિક જે સ્નેહ, તેને જ ભક્તિ કહેવાય છે, એમ ભક્તજનોએ જાણવું. આવો ભાવ છે. ॥૧૦૩॥

**वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु । ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम् ॥१०४॥**

અને અમારા આશ્રિતો હોય તેમણે, ભગવાન વિના બીજા પદાર્થોમાં જે પ્રીતિ નહિ, તેને વૈરાગ્ય જાણવો. અને જીવ, માયા, તથા ઈશ્વર આ ત્રણના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહેલું છે, એમ જાણવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- એક જ ભગવાનમાં દૃઢ સ્નેહને કારણે તૃણથી આરંભીને મૂળ પ્રકૃતિ પર્યન્તનાં સ્થાવર જંગમ સર્વે પદાર્થોમાં જે કાળગ્રાસ બુદ્ધિ અર્થાત્ સર્વે પદાર્થો કાળના કોડીયારૂપ છે. કાળે કરીને બધાં પદાર્થો એક દિવસ નાશ પામી જાય છે. આવી નાશવંત બુદ્ધિથી એ પદાર્થોને ભોગવવામાં જે ઉદાસીનપણું તેને વૈરાગ્ય જાણવો. વૈરાગ્યનું લક્ષણ વાસુદેવમાહાત્મ્યમાં પ્રતિપાદન કરેલું છે- ''इत्थं प्रभोः कालशक्त्या लयैरेतैश्चतुर्विधैः । असद्बुध्वाऽखिलं तत्राऽरुचिर्वैराग्यमुच्यते'' ॥ इति ॥ આ પદ્યનું તાત્પર્ય એ છે કે- આ બ્રહ્માંડોના જે પ્રલયો થાય છે, એ ચાર પ્રકારના કહ્યા છે- નિત્ય પ્રલય, નૈમિત્તિક પ્રલય, પ્રાકૃત પ્રલય અને આત્યન્તિક પ્રલય. ભગવાનની કાળ શક્તિથી થતા જે ચાર પ્રકારના પ્રલયો વડે આ સંપૂર્ણ જગત નાશ પામી જાય છે. આ રીતે સમગ્ર જગતને અસત્ય જાણીને, તેમાં જે અરૂચિ તેને વૈરાગ્ય કહેલો છે, એમ જાણવું.

અને વળી જીવ, માયા તથા ઈશ્વર આ ત્રણેનાં સ્વરૂપને સારી રીતે જે જાણવાં, એ જ્ઞાનનું લક્ષણ છે એમ જાણવું. જીવ એટલે ''जीवयति चेतयति इति जीवः'' આ શરીરને જે ચેતન રાખે, શરીરને જે જીવાડે તેને જીવ કહેલો છે. માયા એટલે પ્રકૃતિ, જે ભગવાનની શક્તિ કહેલી છે. અને આ બ્રહ્માંડરૂપે તથા શરીરરૂપે પરિણામને પામે છે. અને ઈશ્વર એટલે સર્વના નિયામક પરંબ્રહ્મ પરમાત્મા. આ ત્રણના સ્વરૂપને પ્રમાણપૂર્વક રૂડી રીતે જાણવાં તેનું નામ જ્ઞાન. ''ज्ञायते इति ज्ञानम्'' જે કોઈ પદાર્થને જાણવું તેને જ્ઞાન કહેવામાં આવે છે. પરંતુ આધ્યાત્મિકમાર્ગમાં તો જીવ, માયા અને ઈશ્વરના સ્વરૂપને રૂડી રીતે જાણવાં તથા એ ત્રણેના સ્વરૂપનો પરસ્પર સંબન્ધ શું છે, તેને જે જાણવું તેને જ્ઞાન માનેલું છે. ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહેલું છે કે- ''क्षेत्रक्षेत्रज्ञयो र्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम'' ॥ इति ॥ હે અર્જુન ! ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સ્વરૂપને જે જાણવું, તેને અમોએ જ્ઞાન માનેલું છે. તેમાં ક્ષેત્ર એટલે જીવ અને માયા, અને ક્ષેત્રજ્ઞ એટલે જીવ અને માયારૂપી ક્ષેત્રને જાણનારા પરમાત્મા. જીવ અને માયાની અંદર પરમાત્મા અંતર્યામિપણે રહેલા છે. તેથી જીવ અને માયા આ બન્ને પરમાત્માનાં શરીરો કહેવાય છે. અને એજ કારણથી ક્ષેત્ર કહેવાય છે. અને પરમાત્મા એ બન્ને ક્ષેત્રના શરીરિ આત્મા છે, અને એ બન્ને ક્ષેત્રને જાણનારા છે, માટે પરમાત્માને ક્ષેત્રજ્ઞ કહેવામાં આવે છે. તો આ રીતે ક્ષેત્ર જે જીવ અને માયા, અને ક્ષેત્રજ્ઞ જે પરમાત્મા આ ત્રણેનાં સ્વરૂપને તથા ત્રણેના સંબન્ધને રૂડી રીતે જે જાણવું, તેને જ્ઞાન કહેવામાં આવે છે, આવો ભાવ છે. ॥૧૦૪॥

**हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम् । ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोच्छेद्यादिलक्षणः ॥१०५॥**

અને જે જીવ છે તે હૃદયમાં રહ્યો છે, અણુસરખો સૂક્ષ્મ છે, ચૈતન્યરૂપ છે, જાણનારો છે, પોતાની જ્ઞાનશક્તિ વડે નખથી શિખાપર્યંત વ્યાપીને રહેલો છે, અને અછેદ્ય, અજર, અમર ઈત્યાદિક લક્ષણવાળો જીવ છે, એમ અમારા આશ્રિતોએ જાણવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે- શ્રીજીમહારાજે પૂર્વના શ્લોકમાં કહ્યું, જે જીવ, માયા અને ઈશ્વરના સ્વરૂપને જેમ છે તેમ જાણવું તેને જ્ઞાન કહેવામાં આવે છે. તેમાં હવે અનુક્રમે પ્રથમ જીવના સ્વરૂપને કેવી રીતે જાણવું, એ બાબત આ શ્લોકમાં સમજાવેલી છે. શાસ્ત્રજન્ય આત્મા અને પરમાત્માના સ્વરૂપનું જે યથાર્થ જ્ઞાન છે, એ ઉપાસનાની આધારશીલા છે. મનુષ્ય ત્યારે જ પરમાત્માની ઉપાસના કરી શકે છે કે, જ્યારે પોતાના સ્વરૂપને પરમાત્મા કરતાં ન્યૂન જાણે અને પરમાત્માને પોતાથી અધિક જાણે. અર્થાત્

આત્માને એક પરમાત્માનો જ શેષ જાણે, અને પરમાત્માને શેષી જાણે. આત્માને દાસ અને સેવક સમજે, અને પરમાત્માને સ્વામી સમજે. આવો જે સ્વામી સેવક ભાવ છે, એ સદાયને માટે રહે છે, મોક્ષદશામાં પણ રહે છે. આ રીતે સર્વપ્રકારે આત્મા કરતાં પરમાત્માને ઉત્કૃષ્ટ અને વિલક્ષણ સમજે, તો જ જીવાત્મા પરમાત્માની ઉપાસના કરી શકે છે. માટે શાસ્ત્ર જન્ય જે આત્મા અને પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન એજ ઉપાસનાની આધારશીલા કહેલી છે. આત્મા પરમાત્માના યથાર્થ જ્ઞાનથી ઉપાસના ઉત્પન્ન થાય છે. અર્થાત્ બ્રહ્મવિદ્યાનો પ્રારંભ થાય છે. અને એ બ્રહ્મવિદ્યા રૂપ ઉપાસનાની પુષ્ટિ વર્ણાશ્રમ ધર્મના યથાર્થ પાલનથી થાય છે, આવો વિવેક છે. એજ કારણથી શ્રીજીમહારાજે પ્રથમ આ શ્લોકમાં સંક્ષેપથી જીવાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નિરૂપણ કરેલું છે. તેમાં જે વિશેષણો દ્વારા વિશિષ્ય જીવાત્માના સ્વરૂપનું નિરૂપણ શ્રીજીમહારાજે કરેલું છે, એ વિશેષણો આ શ્લોકમાં નવ નિરૂપણ કર્યા છે. જેમ કે- ''हृत्स्थः, (२)अणुसूक्ष्मः, (३)चिद्रुपः, (४)ज्ञाता, (५)ज्ञानशक्त्या अखिलां तनुं व्याप्य स्थितः, (६)अच्छेद्यः, (७)अजरः, (८)अमरः, (९)अजन्मा.'' ॥ इति ॥ આ નવ જીવાત્માના વિશેષણોનું અનુક્રમે વર્ણન કરતાં, શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- (૧) ''हृत्स्थः'' શ્રીજીમહારાજ કહે છે કે- આ શરીરમાં જીવાત્મા હૃદયકમળની અંદર રહેલો છે. અને આ વિષયમાં છાંદોગ્ય ઉપનિષદ પણ પ્રમાણરૂપ છે- ''अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुंडरीकं वेश्म दहरोऽस्मिन्नन्तर आकाशस्तस्मिन्यदन्तस्तदन्वेष्टव्यं तद्वा जिज्ञासितव्यम्'' ॥ इति ॥ આ છાંદોગ્ય ઉપનિષદની શ્રુતિમાં પ્રતિપાદન કરેલું છે કે, આ શરીરમાં કમળની સમાન આકારવાળું અને અત્યંત સૂક્ષ્મ હૃદય નામનું એક 'વેશ્મ' એટલે ઘર અને એ હૃદયરૂપી ઘરની અંદર અંગુઠા જેવડો આકાશ રહેલો છે, જેને દહરાકાશ પણ કહે છે. એ દહરાકાશને વિષે જીવાત્મા રહેલો છે. અને જીવાત્મામાં પરમાત્મા રહેલા છે. અને તે પરમાત્મા શોધવા યોગ્ય છે, અને ઉપાસના કરવા યોગ્ય છે. આ છાંદોગ્ય ઉપનિષદના પ્રમાણથી એ સિદ્ધ થાય છે કે, જીવાત્મા હૃદયરૂપી ઘરમાં રહેલો છે. અર્થાત્ હૃદયસ્થાન એ જીવાત્માનું ઘર છે.

અને વળી જીવાત્માની ત્રણ અવસ્થા શાસ્ત્રો બતાવે છે- જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ- ''अवस्थीयतेऽस्यां जीवेन भोगार्थम् इति अवस्था ॥ હવે અવસ્થા કોને કહેવાય ? તો કહે છે કે કર્મને અનુસારે પંચવિષયના ભોગો સંપાદન કરવા માટે શરીરના અમુક સ્થાનમાં જીવને જે રહેવું તેને ''અવસ્થા'' કહેવાય છે. સત્વગુણ પ્રધાનપણે જીવાત્માએ જે કર્મો કરેલાં હોય, એ કર્મનું ફળ જીવાત્મા નેત્રસ્થાનમાં રહીને સંપાદન કરે છે. માટે નેત્રસ્થાનમાં રહીને સત્વગુણાત્મક કર્મનાં ફળો જે સંપાદન કરવાં, એજ જીવાત્માની જાગ્રત અવસ્થા કહેવાય છે. અને તેથી જ જાગ્રત અવસ્થા નેત્રસ્થાનમાં રહેલી કહેવાય છે. તેથી જીવ આ જાગ્રત અવસ્થામાં નેત્રસ્થાનને વિષે રહીને બાહ્યશબ્દાદિક પંચવિષયોના યથાર્થ અનુભવમાં પ્રવૃત્ત રહે છે. આ વિષયમાં માંડૂક્ય ઉપનિષદ પ્રમાણરૂપ છે.- ''जागरितस्थानो बहिः प्रज्ञः स्थूलभाक्'' ॥ इति ॥

અને જ્યારે રાત્રી પડે છે, અથવા જીવ જ્યારે આરામની તૈયારી કરે છે, ત્યારે જીવાત્મા માયાને આધીન થઈને નેત્રસ્થાનમાંથી હટીને હૃદયસ્થાનમાં જવા નીકળે છે. તે સમયે નાડીમાર્ગમાં કંઠદેશને પામીને સ્વપ્ન અવસ્થાને અનુભવે છે. રજોગુણ પ્રધાનપણે જીવાત્માએ જે કર્મો કરેલાં હોય, એ કર્મનું ફળ જીવાત્મા કંઠદેશમાં રહીને સંપાદન કરે છે. માટે કંઠસ્થાનમાં રહીને રજોગુણાત્મક કર્મનાં ફળો જે સંપાદન કરવાં, એ જ જીવાત્માની સ્વપ્ન અવસ્થા કહેવાય છે. અને તેથી જ સ્વપ્ન અવસ્થા કંઠસ્થાનમાં રહેલી કહેવાય છે. આ સ્વપ્ન અવસ્થામાં જીવાત્મા આભ્યન્તર શબ્દાદિક પંચવિષયોના અયથાર્થ અનુભવમાં પ્રવૃત્ત રહે છે. આ વિષયમાં પણ માંડૂક્ય ઉપનિષદ પ્રમાણરૂપ છે- ''स्वप्नस्थानोऽन्तःप्रज्ञः प्रविविक्तभुक्'' ॥ इति ॥

અને કંઠસ્થાનથી જ્યારે જીવ માયાને આધીન થઈને પાછો પોતાનું ઘર જે હૃદયસ્થાન ત્યાં પહોંચે છે, ત્યારે મસ્તકનું જે કાર્યાલય છે, એ સંપૂર્ણ બંધ થઈ જાય છે. તેથી હૃદયસ્થાનમાં આવીને જીવ સુષુપ્તિ અવસ્થાને અનુભવે છે. અર્થાત્ ગાઢ નિદ્રાને અનુભવે છે. તમોગુણ પ્રધાનપણે જીવાત્માએ જે કર્મો કરેલાં હોય, એ કર્મોનું ફળ જીવાત્મા હૃદયરૂપી પોતાના સ્થાનમાં રહીને સંપાદન કરે છે. માટે હૃદયરૂપી પોતાના સ્થાનમાં

રહીને તમોગુણાત્મક કર્મનાં ફળો જે સંપાદન કરવાં, એજ જીવાત્માની સુષુપ્તિ અવસ્થા કહેવાય છે. અને તેથી જ સુષુપ્તિ અવસ્થા હૃદયસ્થાનકમાં રહેલી કહેવાય છે. આ અવસ્થામાં જીવાત્મા બાહ્ય તથા આભ્યન્તર શબ્દાદિક પંચવિષયોના વિચારોથી શૂન્ય (રહિત) થઈને આરામ કરે છે. આ વિષયમાં માંડૂક્ય ઉપનિષદ પ્રમાણરૂપ છે.''यत्र सुप्तो न कञ्चन कामं कामयते, न कञ्चन स्वप्नं पश्यति, तत् सुषुप्तम् । सुषुप्तस्थानः प्राज्ञः एकीभूतः'' ॥ इति ॥

હવે અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે- જીવાત્મા સ્વરૂપે કરીને તો હૃદયસ્થાનમાં જ સ્થિર રહેલો છે. તેથી એ જીવાત્મા સ્વરૂપે કરીને કાંઇ નેત્રસ્થાન કે કંઠસ્થાનમાં જતો નથી. પણ જીવાત્માની જે ચૈતન્ય શક્તિ છે, જેને ધર્મભૂત જ્ઞાન પણ કહે છે. આવી ચૈતન્ય શક્તિ પ્રસરણ પામીને પ્રથમ કંઠ સ્થાનમાં જાય છે, ત્યારે સ્વપ્ન અવસ્થા કહેવાય છે. અને પછી ત્યાંથી જ્યારે એ ચૈતન્ય શક્તિ નેત્રસ્થાનમાં જાય છે, ત્યારે જાગ્રત અવસ્થા કહેવાય છે. અને વળી જ્યારે રાત્રી પડે છે, ત્યારે ફરી કંઠદેશને પામે છે, અને સ્વપ્નદશાને અનુભવે છે. અને હૃદયને પામીને સુષુપ્તિ દશાને અનુભવે છે. અર્થાત્ ચૈતન્ય શક્તિ પાછી જ્યારે હૃદયને વિષે સ્વસ્વરૂપમાં આવીને લય પામે છે, તેને સુષુપ્તિ અવસ્થા કહેવાય છે.

જેમ સૌભરીઋષિ માંધાતાની પચાસ કન્યાઓની સાથે વિહાર કરવા માટે પોતે પચાસ શરીરો ધારણ કર્યાં હતાં. ત્યારે સર્વે શરીરોની અંદર કાંઇ જીવાત્માનું સ્વરૂપ ન હતું. જીવાત્માતો એક જ શરીરમાં રહેલો હતો. બીજાં ઓગણપચાસ શરીરોમાં તો પ્રસરણ પામેલી જે પોતાની ચૈતન્ય શક્તિ, તે દ્વારા સૌભરીઋષિ વિષયભોગને સંપાદન કરતા હતા. અને પોતાની ચૈતન્ય શક્તિ દ્વારા જ ઓગણપચાસ શરીરોનું નિયંત્રણ થતું હતું. એજ રીતે જીવાત્મા એકજ હૃદયસ્થાનમાં રહેલો છે. અને નેત્રાદિક સ્થાનમાં પ્રસરણ પામેલી પોતાની ચૈતન્ય શક્તિ દ્વારા કર્મભોગને સંપાદન કરે છે. માટે જીવાત્માને રહેવાનું સ્થાન તો આ શરીરમાં એકજ હૃદય છે. હૃદયમાં જ જીવાત્મા વિશેષ સત્તાથી રહેલો છે. આવો સર્વ શાસ્ત્રોનો અભિપ્રાય છે.

(૨)अणुसूक्ष्मः,:- અને વળી હૃદયસ્થાનમાં રહેલો જીવાત્મા અણુ સરખો સૂક્ષ્મ છે. તેથી આ સ્થૂલ નેત્રોથી જોઈ શકાતો નથી. ભગવદ્ગીતામાં પણ પ્રતિપાદન કરેલું છે. ''सूक्ष्माणामप्यहं जीवः'' ॥ इति ॥ શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે- હે અર્જુન ! સર્વે સૂક્ષ્મ વસ્તુઓમાં જીવ અતિ સૂક્ષ્મ છે. અને એ સૂક્ષ્મ જીવની અંદર પણ હું અંતર્યામિપણે રહેલો છું.

(૩)चिद्रुपः, :- અને વળી હૃદયસ્થાનમાં રહેલો અને અતિ સૂક્ષ્મ એવો જે આત્મા છે, એ ચૈતન્યસ્વરૂપ છે. અર્થાત્ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ જે હોય, એ હમેશાં પ્રકાશક અને સ્વયંપ્રકાશ હોય છે. જેમ કે- આ પુસ્તક છે, આ મંદિર છે, આ પ્રમાણે પોતા સિવાયની બીજી વસ્તુનો પ્રકાશ કરે છે. અર્થાત્ બીજી વસ્તુનું યથાર્થ વર્ણન કરે છે. માટે આત્માને પ્રકાશક કહ્યો છે. અને એ આત્મા પોતે પોતાનો પણ પ્રકાશ કરે છે. જેમ કે- ''હું આત્મા છું'' આ પ્રમાણે જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાનો પણ પ્રકાશ કરે છે, માટે આત્માને સ્વયંપ્રકાશ કહેલો છે. આત્મા જેમ બીજી વસ્તુનો પ્રકાશ કરી શકે છે. તેમ જે જડવસ્તુ છે, એ બીજાનો પ્રકાશ કરી શકતું નથી. જેમ કે જડ વસ્તુ ''આ પુસ્તક છે'' આ રીતે બીજી વસ્તુનો પ્રકાશ કરી શકતું નથી. અને ''હું પુસ્તક છું'' આ રીતે પોતાનો પણ પ્રકાશ કરી શકતું નથી. માટે આત્મા જડ વસ્તુથી સર્વપ્રકારે વિલક્ષણ જ્ઞાનસ્વરૂપ છે.

(૪)ज्ञाता, :- અને વળી આત્મા જાણનારો છે. અર્થાત્ જ્ઞાનગુણના આશ્રયરૂપ છે. જાણવારૂપ જે જ્ઞાન છે, એ આત્માના આધારે રહેલું છે. જેમ સૂર્યનો પ્રકાશ છે, એ સૂર્યના આધારે રહેલો છે. તેમ ધર્મભૂત જ્ઞાન છે, એ આત્માના આધારે રહેલું છે. તેથી આત્માને ધર્મી, જ્ઞાની, જ્ઞાતા આવા શબ્દથી કહેવાય છે. અર્થાત્ બુદ્ધિતત્ત્વદ્વારા જે જે જ્ઞાન થાય છે, એ જ્ઞાનનો આશ્રય આત્મા છે. અર્થાત્ આત્મા પોતાની અપૃથક્

ચૈતન્યશક્તિ દ્વારા અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવને જાણનારો છે. માટે જ્ઞાતા કહેવાય છે.

(૫)ज्ञानशक्त्या अखिलं तनुं व्याप्य स्थितः, :- અને વળી આ જીવાત્મા પોતાની ચૈતન્યશક્તિથી નખથી શિખાપર્યંત સંપૂર્ણ શરીરમાં વ્યાપીને રહેલો છે. જીવાત્માનું વિશેષ અસ્તિત્ત્વ હૃદયમાં છે. અર્થાત્ સ્વસ્વરૂપે જીવાત્મા હૃદયમાં રહેલો છે. અને ચૈતન્યશક્તિદ્વારા જીવાત્માનું સામાન્ય અસ્તિત્ત્વ સારાયે શરીરમાં છે. એજ કારણથી શરીરમાં કોઈપણ જગ્યાએ કાંઈક દુઃખ થાય, તેની જાણ તરત જ હૃદયમાં જીવાત્માને થઈ જાય છે.

(૬)अच्छेद्यः, :- આ જીવાત્મા કોઈપણ વસ્તુથી છેદી શકાતો નથી. શસ્ત્રાદિકે કરીને શરીરનું છેદન થાય છે, પણ આત્માનું છેદન થતું નથી. ''नैनं छिन्दन्ति शस्त्राणि'' ॥ इति ॥ આ ભગવદ્ગીતાનું વાક્ય પણ બતાવે છે કે જીવાત્માને કોઈપણ છેદી શકતું નથી. માટે જીવાત્માને અચ્છેદ્ય કહ્યો છે.

(૭)अजरः, (૮)अमरः, (९)अजन्मा.'' :- જીવાત્માને ક્યારેય પણ જરાવસ્થા પ્રાપ્ત નથી. અર્થાત્ જીવાત્મા ક્યારેય પણ વૃદ્ધ થતો નથી, માટે જીવાત્માને અજર કહ્યો છે. અને ક્યારેય મૃત્યુ પણ પામતો નથી, માટે અમર કહ્યો છે. અને મૃત્યુ ન પામતો હોવાને કારણે જન્મે પણ નહિ, માટે અજન્મા કહ્યો છે. આ શરીરનું જ જન્મ મરણ છે, પરંતુ જીવાત્માનું નહિ. શરીરનો યોગ એ જ જીવાત્માનો જન્મ કહેવાય છે. અને શરીરનો વિયોગ એજ તેનું મરણ કહેવાય છે. પણ વાસ્તવમાં જીવાત્માનું જન્મ અને મરણ નથી. આવું જીવાત્માનું સ્વરૂપ છે એમ જાણવું, આવો અભિપ્રાય છે. ॥૧૦૫॥

**त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः । जीवस्य चाहंममताहेतुर्मायावगम्यताम् ॥१०६॥**

અને જે માયા છે એ ત્રિગુણાત્મિકા છે, અંધકારરૂપ છે, ભગવાનની શક્તિ છે. અને દેહ તથા દેહના સંબન્ધીઓમાં અહંતા અને મમતા કરાવનારી છે, આવી માયા જાણવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- માયા છે એ પરમાત્માના મિલનમાં જીવાત્માને માટે અવરોધરૂપ બનીને રહેલી છે. અર્થાત્ જીવાત્મા અને પરમાત્મા વચ્ચે પડદારૂપ બનીને રહેલી છે. એજ કારણથી જ્યાં જીવ, માયા અને ઈશ્વર આ ત્રણ તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવે છે. ત્યાં અનુક્રમમાં માયાનું જીવ અને ઈશ્વરની મધ્યે નિરૂપણ કરવામાં આવે છે. આ શિક્ષાપત્રીમાં પણ શ્રીજીમહારાજે જીવના સ્વરૂપનું નિરૂપણ કર્યા પછી બીજા નંબરે માયાનું નિરૂપણ કર્યું છે. અને ત્યાર પછી ઈશ્વરના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે.

હવે માયાના સ્વરૂપનું નિરૂપણ કરતાં શ્રીજીમહારાજે આ શ્લોકમાં માયાનાં પાંચ મુખ્ય વિશેષણો નિરૂપણ કર્યાં છે. જેમ કે- ''(૧) त्रिगुणात्मा, (२) तमः, (३) कृष्णशक्तिः, (४) देहेऽहंताहेतुः (५) तदीये ममताहेतुः ॥ આ પાંચ માયાનાં વિશેષણોની અનુક્રમે અહીં વ્યાખ્યા કરવામાં આવેલી છે. તેમાં પ્રથમ.

(૧) त्रिगुणात्मा, ''त्रयो गुणाः स्वरूपभूता यस्या इति त्रिगुणात्मा ॥'' :- ત્રણ ગુણો છે સ્વરૂપ ભૂત જેમના આવી માયા છે. અર્થાત્ સત્વગુણ, રજોગુણ અને તમોગુણ આ ત્રણ ગુણવાળી માયા છે. માયા આ ત્રણ ગુણોથી જીવાત્માને બાંધી રાખે છે, અને પુણ્ય પાપરૂપ કર્મોને કરાવે છે. તેમાં સત્ત્વગુણ પ્રકાશસ્વરૂપ છે. તેથી જ્યારે અંતઃકરણમાં સત્ત્વગુણ વર્તતો હોય, ત્યારે ''હું કોણ છું ?'' તેનો જેમ છે એમ પ્રકાશ વર્તતો હોય છે. અને સત્વગુણના આનંદ, તપ, શાન્તિ અને સંતોષ આદિક સ્વાભાવિક ગુણો વર્તતા હોય છે. અને રજોગુણ વિક્ષેપસ્વરૂપ છે. તેથી જ્યારે રજોગુણ વર્તતો હોય ત્યારે મન અતિ ચંચળ હોય છે. અને સંકલ્પદ્વારા અનેક પ્રકારના વિક્ષેપો ઉત્પન્ન કરે છે. અને રજોગુણના અસ્થિરપણું,

પ્રવૃત્તિશીલપણું, ભેદદષ્ટિ, નાનાપ્રકારના મદો આદિક સ્વાભાવિક ગુણો વર્તતા હોય છે. અને તમોગુણ મૂઢ સ્વરૂપ છે. તેથી જ્યારે તમોગુણ વર્તતો હોય ત્યારે જીવની અંદર મૂઢતા હોય છે. સારૂં નરસું કાંઈપણ વિચારી શકતો નથી. અને તમોગુણના અજ્ઞાન, મોહ, નિદ્રા, આળસ, પ્રમાદ આદિક સ્વાભાવિક ગુણો વર્તતા હોય છે. સત્વગુણ, રજોગુણ અને તમોગુણ આ ત્રણે ગુણો હૃદયની અંદર વારાફરતી વર્તતા હોય છે. જ્યારે એક ગુણ પ્રધાનપણે વર્તતો હોય ત્યારે બીજા બે ગુણો ગૌણપણે હોયછે. આ રીતે સૃષ્ટિદશામાં ત્રણે ગુણો વિષમભાવે વર્તતા હોય છે. અને પ્રલયદશામાં આ ત્રણે ગુણો સામ્ય અવસ્થાએ વર્તતા હોય છે. આ પ્રમાણે માયાના આ ત્રણગુણો છે, તેથી માયાને ત્રિગુણાત્મિકા કહેલી છે.

(૨) तमः :- અને વળી એ માયા પોતે ગાઢ અંધકારસ્વરૂપ છે. જેમ અંધકાર પદાર્થોને ઢાંકી દે છે. તેમ માયા અજ્ઞાનરૂપી અંધકારથી જીવાત્માના સ્વરૂપને ઢાંકી દે છે. તેથી દેહાભિમાનથી રહિત શુદ્ધ આત્મસ્વરૂપ પ્રકાશી શકતું નથી. ''तमो नाम-स्वरूपाऽप्रकाशः'' તમ એટલે આત્મસ્વરૂપનો અપ્રકાશ. અર્થાત્ અજ્ઞાનરૂપી અંધકારને કારણે આત્મસ્વરૂપ ''હું આત્મા છું અને સર્વદા દેહથી પૃથક્ છું.'' આ રીતે પ્રકાશી શકતું નથી. પણ ''હું મનુષ્ય છું, હું દેવ છું, હું વિદ્વાન છું'' આ રીતે દેહ ભાવથી યુક્તપણે પ્રકાશે છે. આ પ્રમાણે માયા જીવાત્માના વાસ્તવિક સ્વરૂપને ઢાંકી દેનારી છે, તેથી તમોરૂપ કહેલી છે.

(૩) कृष्णशक्तिः, :- અને વળી માયા ભગવાનની શક્તિ છે. આ વિષયમાં ભાગવતનું પ્રમાણ અહીં નિરૂપણ કરેલું છે- ''स्वशक्त्या मायया युक्तः सृजत्यत्ति च पाति च'' ॥ इति ॥ આ પદ્યનો એ અર્થ છે કે, પોતાની શક્તિરૂપ માયાથી વિશિષ્ટ થઈને પરમાત્મા આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે. ભગવાનની સૃષ્ટિરૂપ કાર્યમાં માયા એક ઉપકરણ છે. અર્થાત્ સાધનરૂપ છે. અને ભગવાનનું અપૃથક્ વિશેષણ છે. માયા ભગવાન થકી પૃથક્ રહી શકતી નથી. માટે ભગવાનની શક્તિ કહેવામાં આવે છે. અને અંશ પણ કહેવામાં આવે છે. વિશિષ્ટ વસ્તુનું જે અપૃથક્ વિશેષણ તેને અંશ શબ્દથી કહેવાય છે.

જેમ આ શરીર માયાનું જ કાર્ય છે. અને જીવાત્માના ભોગને માટે એક ઉપકરણ છે. અને જીવાત્માથી પૃથક્ આ શરીરનું અસ્તિત્વ નથી. પરંતુ જીવાત્માને લઈને જ આ શરીરનું અસ્તિત્વ છે. જીવાત્મા નીકળી ગયા પછી આ શરીરનું અસ્તિત્વ રહેતું નથી. તરત જ શરીર મટીને શબનું અસ્તિત્વ આવી જાય છે. અને અંતે પંચ મહાભૂતમાં ભળી જાય છે. આ પ્રમાણે આ શરીર જીવાત્માના ભોગને માટે ઉપકરણ હોવાથી, અને જીવાત્મા વિના શરીરનું અસ્તિત્વ ન હોવાથી શરીરને જીવાત્માની શક્તિ તથા અંશ કહેવાય છે. તેજ રીતે ભગવાનની સૃષ્ટિરૂપ કાર્યમાં માયા એક સાધનરૂપ છે. અને ભગવાન વિના માયાનું અસ્તિત્વ પણ નથી, ભગવાનને લઈને જ માયાનું અસ્તિત્વ છે. તેથી માયાને ભગવાનની શક્તિ તથા અંશ કહેવાય છે. અને ભગવાનની શક્તિ છે, તેથી માયા સર્વપ્રકારે ભગવાનને આધીન છે. એજ કારણથી માયા જેમની શક્તિ છે, જેમને આધીન છે, એવા પરમાત્માની શરણાગતિ સ્વીકારીએ તો જ માયાથી આપણે બચી શકીએ છીએ. માટે માયા થકી મુક્ત થવાને ઈચ્છતા એવા પુરુષો હોય તેમણે સર્વપ્રકારે માયાના નિયન્તા એવા પરમાત્માની શરણાગતિ સ્વીકારવી જોઈએ. શરણાગત ભક્ત ઉપર જ્યારે ઈશ્વરનો અનુગ્રહ થાય છે, ત્યારે જ માયાથી મુક્તિ થાય છે, એ સિવાય ક્યારેય પણ માયા થકી મુક્તિ થતી નથી. આવો સર્વ શાસ્ત્રોનો અભિપ્રાય છે.

(૪) देहेऽहंताहेतुः माया :- અને વળી માયા દેહની અંદર અહંકારને ઉત્પન્ન કરનારી છે. જો કે આત્મા સર્વપ્રકારે શરીરથી વિલક્ષણ છે છતાં ''હું શરીર છું'' આવો અહંકાર જે કરે છે, તેનું કારણ માયા છે. જીવાત્માનો એક જ પ્રકારનો અહંકાર હોવો જોઈએ કે, હું ભગવાનનો દાસ છું. આ રીતે દાસત્વનો જે અહંકાર એજ શુદ્ધ અને સાત્વિક અહંકાર છે. એ વાસ્તવિક અહંકારને ઢાંકીને માયા શરીરમાં અહંકાર ઉત્પન્ન કરે છે. કે ''હું મનુષ્ય છું, હું કાળો છું, હું ધોળો છું.'' આ પ્રમાણે દેહમાં અહંકાર ઉત્પન્ન કરનારી માયા જાણવી.

(૫) तदीये ममताहेतुः माया :- અને વળી આ માયા દેહના સંબન્ધીઓમાં મમતા ઉત્પન્ન કરનારી છે. મમતાનો અર્થ થાય છે ''મારું'' મારું એ શેષે ષષ્ઠી વિભક્તિ છે. એટલે આ પદાર્થ કે પુત્ર કે પત્ની એ આદિક મારા શેષભૂત છે. અને હું એમનો શેષી છું. આવો મમતાનો અર્થ છે. વાસ્તવિક રીતે સંપૂર્ણ જગત પરમાત્માના શેષભૂત છે. અને પરમાત્મા સંપૂર્ણ જગતના શેષી (માલિક) છે. આ સંપૂર્ણ જગત પરમાત્માના શેષભૂત છે. આ વાસ્તવિક અર્થને ઢાંકીને માયા શરીર સંબન્ધી પદાર્થોમાં મમતા ઉત્પન્ન કરે છે કે- ''આ મારો પુત્ર છે, આ મારી પત્ની છે, આ મારી વસ્તુ છે.'' આ પ્રમાણે દેહ સંબન્ધી કોઈપણ પદાર્થોમાં મમતા ઉત્પન્ન કરનારી માયા જાણવી. આ રીતે ભક્તજનોએ માયાનું સ્વરૂપ જાણવું, આવો અભિપ્રાય છે. ॥૧૦૬॥

**हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः । ज्ञेयः स्वतंत्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥१०७॥**

અને જેમ હૃદયમાં જીવ રહ્યો છે, તેમ જ તે જીવને વિષે અંતર્યામિપણે ઈશ્વર રહ્યા છે. તે ઈશ્વર સ્વતંત્ર છે, અને સર્વે જીવોને કર્મફળ આપનારા છે, એમ જાણવા.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- શ્રીજીમહારાજે આ શ્લોકમાં અંતર્યામિપણું, સ્વતંત્રપણું અને સર્વના કર્મફળને આપવાપણું આ ત્રણ વિશેષણોથી ઈશ્વરના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. ઈશ્વરનાં આ ત્રણે વિશેષણોની વ્યાખ્યા કરતાં શતાનંદ સ્વામી પ્રથમ ઈશ્વરના અંતર્યામિપણાની વ્યાખ્યા કરે છે.

''(૧) इश्वरस्य अंतर्यामित्वम्'' :- ઈશ્વર એટલે પરબ્રહ્મ પરમાત્મા. એ પરમાત્મા હૃદયને વિષે જેમ જીવ રહ્યો છે, તેમ જીવમાં અંતર્યામિપણે રહ્યા છે. ''अन्तः स्थित्वा यमयति- नियमयति इति अन्तर्यामी'' અંતર્યામિ એટલે પરમાત્મા જીવની અંદર રહીને નિયમન કરે છે. જીવની અંદર રહેવું તેને અંતર્યામિપણું કહેવાતું નથી, પણ જીવની અંદર રહીને નિયમન કરવું તેને અંતર્યામિપણું કહેવાય છે. પરમાત્મા સર્વે જીવાત્માઓને વિષે અને સર્વે બ્રહ્માદિક ઈશ્વરોને વિષે નિયન્તારૂપે રહેલા છે. પરમાત્મા નિયમન અને શાસન કર્તા છે. આ વિષયમાં ભગવદ્ગીતાનું વચન પ્રમાણ છે. ''इश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति । भ्रामयन् सर्वभूतानि यन्त्रारुढानि मायया'' ॥ इति ॥ આ શ્લોકનો એ ભાવ છે કે- પરમાત્મા સર્વે ભૂતપ્રાણી માત્રના હૃદયમાં અંતર્યામિરૂપે વિરાજમાન છે. અને કર્મને અનુસારે શરીરરૂપી યંત્રમાં બેઠેલાં સર્વે પ્રાણીઓને ભ્રમણ કરાવે છે. આ રીતે પરમાત્માને જીવની અંદર પ્રવેશીને શાસન કર્તા કહેલા છે. રાજાઓ પણ પ્રજા ઉપર શાસન કરે છે, પણ એ રાજાઓનું શાસન બહારથી હોય છે, અંદર પ્રવેશીને હોતું નથી. તેથી પ્રજા કોઈ સમયે રાજાના નિયન્ત્રણમાં રહેતી નથી. અને રાજા ઉપર બળવો પણ કરી શકે છે. પણ પરમાત્માનું શાસન રાજાઓની પેઠે કેવળ બહારથી નથી. પરંતુ જીવાત્માઓની અંદર પ્રવેશીને શાસન કરે છે. પરમાત્મા જીવાત્માના અંતઃકરણને પકડી શકે છે અને પરિવર્તિત પણ કરી શકે છે. તેથી જીવાત્માઓ કોઈ દિવસ પરમાત્માના નિયંત્રણથી બહાર થઈ શકતા નથી. હમેશાં પરમાત્માના નિયંત્રણમાં જ રહે છે. આ રીતે પરમાત્મા જેમ જીવોમાં નિયન્તાપણે રહેલા છે. તેમ બ્રહ્માદિક ઈશ્વરોની અંદર પણ નિયન્તાપણે રહેલા છે. આ વિષયમાં શ્વેતાશ્વેતરોપનિષદનું વચન પ્રમાણ છે.- ''तमीश्वराणां परमं महेश्वरं ते दैवतानां परमं च दैवतम्'' ॥ इति ॥ આ શ્રુતિનો એ અર્થ છે કે- પરમાત્મા સર્વે બ્રહ્માદિક ઈશ્વરોના પણ ઈશ્વર છે. અને ઈન્દ્રાદિક સર્વે દેવતાઓના પણ દૈવત છે. અર્થાત્ સર્વે દેવો તથા ઈશ્વરોની અંદર પણ નિયન્તારૂપે રહેલા છે. પરમાત્માના શાસનથી કોઈપણ બહાર નથી, આવો અભિપ્રાય છે.

(૨) ईश्वरस्य स्वतन्त्रत्वम् :- અને વળી ઈશ્વર જે પરમાત્મા તે સ્વતંત્ર છે. અર્થાત્ ઈશ્વર ઉપર સંચાલન કરનાર બીજો કોઈ નથી. પરમાત્મા જીવોના, બ્રહ્માદિક ઈશ્વરોના, કાળ, માયા, અક્ષરબ્રહ્મ અને ધામમાં રહેલા સર્વે મુક્તોના પણ નિયન્તા છે. આ રીતે પરમાત્મા અનંતકોટી

બ્રહ્માંડોના નિયન્તા છે. માટે પરમાત્મા સ્વતંત્ર છે. અને વળી પરમાત્માનું નિયન્તાપણું અંદર પ્રવેશીને છે. રાજાઓનું બહારથી નિયન્તાપણું હોવાને કારણે કોઈક સમયે પ્રજા રાજાઓને પરતંત્ર બનાવી શકે છે. પણ પરમાત્માનું નિયન્તાપણું અંદર પ્રવેશીને હોવાથી પરમાત્મા કોઈ દિવસ પરતંત્ર બની શકે જ નહિ. પરમાત્મા સર્વદા સ્વતંત્ર જ છે.

(૩) ईश्वरस्य सर्वकर्मफलप्रदत्वम् :- અને વળી પરમાત્મા સર્વે જીવો અને ઈશ્વરોની અંદર પ્રવેશીને જ તેનાં તેનાં કર્મફળને આપે છે. રાજાઓ પણ પ્રજાને કર્મના ફળરૂપે દંડ તો આપે છે, પણ બહાર રહીને આપે છે. તેથી ક્યારેક પ્રજા રાજાના દંડ થકી છટકી શકે છે. પણ પરમાત્મા તો અંદર પ્રવેશીને તેનાં તેનાં કર્મફળને આપે છે. તેથી કોઈપણ જીવ કે ઈશ્વરો પરમાત્માના દંડ થકી ક્યારેય પણ છટકી શકે નહિ. જેને જેવાં કર્મ કરેલાં હોય તેને તેવું ફળ અવશ્ય ભોગવવું જ પડે છે. તેમાંથી જરા પણ લાગવગથી ન્યૂન કે અધિક થતું નથી. આ વિષયમાં ભાગવતનું વચન પ્રમાણ છે. ईशाभिसृष्टं ह्यवरुन्ध्महेऽङ्ग दुःखं वा गुणकर्मसङ्गतः'' ॥ इति ॥ આ શ્લોકમાં બ્રહ્મા પ્રિયવ્રત રાજાને કહે છે કે- હે રાજન્ ! જેમ માણસ પશુને નાથે છે, પછી માણસ જ્યાં દોરે ત્યાં તે પશુ જાય છે. બે પગવાળો માણસ ચાર પગવાળા પશુને ચાબુકથી વશ કરે છે. એજ પ્રમાણે બ્રહ્માજી કહે છે કે, અમો સર્વે દેવતાઓ ભગવાનની પાસે નાથેલાં પશુની સમાન છીએ. તેથી પરમાત્મા જેમ ચલાવે તેમ ચાલીએ છીએ. અને અમો અમારાં કર્મને અનુસારે પરમાત્માએ આપેલું સુખ અને દુઃખ પરવશ થઈને ભોગવીએ છીએ. આમ જ્યાં કહેલું છે ત્યાં પણ પરમાત્મા સર્વના કર્મફળને આપનારા છે. એમ જાણવું.

॥ जीवेभ्यः ईश्वरस्य पृथक्त्वम् :- અહીં તમામ જીવો તથા ઈશ્વરોનું નિયમ્યપણું કહ્યું, અને પરમાત્માનું નિયામકપણું કહ્યું. જીવો તથા બ્રહ્માદિક ઈશ્વરોનું પરતંત્રપણું અને પરમાત્માનું સ્વતંત્રપણું કહ્યું. જીવોનું કર્મફળ ભોક્તાપણું અને પરમાત્માનું કર્મફળપ્રદાતાપણું કહ્યું. તેથી સિદ્ધ થાય છે કે- જીવતત્ત્વથી પરમાત્મતત્ત્વ જુદું છે. જીવ એક પૃથક્ તત્ત્વ છે. અને પરમાત્મા પણ પૃથક્ તત્ત્વ છે. જીવ અને પરમાત્મા તત્ત્વ અનાદિ છે. જીવ દાસ છે, અને પરમાત્મા સ્વામી છે. જીવ પરમાત્માનું ક્ષેત્ર છે અને પરમાત્મા ક્ષેત્રજ્ઞ છે. જીવ શરીર છે અને પરમાત્મા શરીરિ આત્મા છે. જીવ વ્યાપ્ય અને પરમાત્મા વ્યાપક છે. જીવ પાલ્ય છે અને પરમાત્મા પાલક છે. જીવ શાસ્ય છે અને પરમાત્મા શાસક છે. જીવ ઉપાસક છે અને પરમાત્મા ઉપાસ્ય છે. આ પ્રમાણે પરમાત્મા અને જીવાત્મા બન્ને વિપરીત ધર્મોથી યુક્ત છે. માટે બન્નેની અંદર પરસ્પર ભેદ સિદ્ધ થાય છે. અને વળી જીવ અને પરમાત્માના ભેદનું વાસ્તવિકપણું અને અનાદિપણું ભગવદ્ગીતામાં પણ વર્ણવેલું છે. ''न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः । न चैव न भविष्यामः सर्वे वयमतः परम्'' ॥ इति ॥ આ શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે- હે અર્જુન ! હું આથી પહેલાં ભૂતકાળમાં ન હતો એમ નહિ, પરંતુ હતો જ. અને હે અર્જુન ! તું પણ આથી પહેલાં ન હતો એમ નહિ, પરંતુ હતો જ. અને આ યુદ્ધમાં ઉભેલા રાજાઓ પણ આથી પહેલાં ન હતા, એમ નહિ પરંતુ એ પણ સર્વે હતા જ. અને હવે પછી ભવિષ્યમાં પણ આપણે સર્વે નહિ હોઈએ એમ પણ નહિ. પરંતુ ભવિષ્યમાં સર્વે હોઈશું. વળી ભગવાન કહે છે- હે અર્જુન ! જેમ હું નિત્ય છું, મારો કદીપણ નાશ નથી, તેમાં કોઈ જાતનો સંશય નથી. તેમ તમો પણ સર્વે નિત્ય જ છો. મારી પેઠે તમારો પણ કદી નાશ નથી. આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણે પણ આત્મા પરમાત્માનો ભેદ બતાવેલો છે, અને બન્નેનું અવિનાશીપણું પણ બતાવેલું છે, અને પરસ્પર આત્માઓ પણ એક બીજાથી ભિન્ન છે. તેથી પરસ્પર આત્માઓનો પણ ભેદ સત્ય અને અનાદિ બતાવેલો છે. આ પ્રમાણે જીવ, માયા અને ઈશ્વર આ ત્રણેના સ્વરૂપને જે રૂડી રીતે જાણવાં તેને જ્ઞાન કહેલું છે. એમ સર્વે મારા આશ્રિતો હોય તેમણે જાણવું. ॥૧૦૭॥

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી શિક્ષાપત્રી ભાષ્ય

## शतानंदविरचिताऽर्थदीपिकाख्या टीका

**स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः । उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥१०८॥**

અને તે ઈશ્વર કોણ ? તો પરંબ્રહ્મ ભગવાન પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ તે ઈશ્વર છે. અને તે શ્રીકૃષ્ણ આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ છે. અને સર્વે અવતારોના કારણ છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે- શ્રીજીમહારાજે પૂર્વના એકસો પાંચથી એકસો સાત સુધીના, આ ત્રણ શ્લોકમાં જીવ, માયા અને ઈશ્વર આ ત્રણ તત્ત્વનો ઉલ્લેખ કરેલો છે. અને વચનામૃતની અંદર શ્રીજીમહારાજે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ ભેદોનો ઉલ્લેખ કરેલો છે.

તેમાં શિક્ષાપત્રીની અંદર જે "ઈશ્વર" શબ્દનો ઉલ્લેખ છે, અને વચનામૃતમાં કહેલા જે પાંચ ભેદો તેની અંદર જે "ઈશ્વર" શબ્દનો ઉલ્લેખ છે, એ બન્નેમાં ભેદ છે. જેમ કે- જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ ભેદોમાં જે ઈશ્વર શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ ઈશ્વર શબ્દ તો આ એક બ્રહ્માંડના અધિપતિ વૈરાજપુરુષ રૂપ ઈશ્વરને માટે ઉલ્લેખાયો છે. અને એ વૈરાજપુરુષનો જીવકોટીની અંદર અંતર્ભાવ થાય છે. જેમ આપણો આ જીવ એક શરીરનું સંચાલન કરે છે. તેમ વૈરાજપુરુષ આ એક બ્રહ્માંડનું સંચાલન કરે છે. આવાં બ્રહ્માંડો અનેક છે, તેથી ઈશ્વરો પણ અનેક છે. જીવ તપાદિકે કરીને ઈશ્વરકોટીને પામી શકે છે. આ આપણા શરીરનું સંચાલન કરનારો જીવ જેમ બદ્ધ છે. તેમ આ બ્રહ્માંડનું સંચાલન કરનાર ઈશ્વર પણ બદ્ધ છે. છતાં પરમાત્માએ તેને બ્રહ્માંડનું સંચાલન કરવા રૂપ ઉંચો અધિકાર સોંપ્યો છે. તેથી તે ઉચ્ચકક્ષાના આધિકારિક જીવો કહેવાય છે. પણ છે તો જીવ જ. અને વળી જીવો અને ઈશ્વરો માયાથી બંધાયેલા હોવાથી - જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, અને પરબ્રહ્મ આ પાંચભેદોના અનુક્રમમાં જીવો અને ઈશ્વરોનું માયાથી પહેલાં નિરૂપણ કરવામાં આવ્યું છે. અને મધ્યે આવરણરૂપ માયાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પાંચ ભેદોના અનુક્રમમાં માયાનું નિરૂપણ કર્યા પછી, ચોથા ક્રમે જે બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તે બ્રહ્મનો પણ જીવકોટીની અંદર જ અંતર્ભાવ કરવામાં આવે છે. છતાં એ બ્રહ્મ માયાના ભાવથી રહિત છે, તેથી માયાનું નિરૂપણ કર્યા પછી, ચોથા ક્રમે એ બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જીવો અને ઈશ્વરો પરમાત્માની ઉપાસનાદિકે કરીને જ્યારે માયાના તમામ ભાવોથી મુક્ત થાય છે, ત્યારે બ્રહ્મ પદવીને પામે છે. અક્ષરબ્રહ્મ અને તેની અંદર રહેલા મુક્તો અને નિત્યમુક્તો આ સર્વને બ્રહ્મશબ્દથી કહેવામાં આવ્યા છે. અને હવે પાંચ ભેદોમાં અંતિમ જે પરબ્રહ્મ તત્ત્વ છે. એતો જીવો, ઈશ્વરો, માયા અને બ્રહ્મ આ ચારેની અંદર નિયામકપણે રહેલ છે. સર્વેના કર્મફળને

આપનારા છે. અને અનંતકોટી બ્રહ્માંડોના અધિપતિ છે. જેને પરમેશ્વર કહે છે. પરમાત્મા કહે છે, નારાયણ કહે છે. આ રીતે પાંચ ભેદોમાં જે બીજા નંબરે ઈશ્વર શબ્દનો ઉલ્લેખ થયો છે, એ આ એક બ્રહ્માંડના અધિપતિ વૈરાજપુરુષરૂપ ઈશ્વરને માટે થયો છે, એમ જાણવું.

અને વળી શિક્ષાપત્રીની અંદર શ્રીજીમહારાજે પૂર્વના ત્રણ શ્લોકમાં જીવ, માયા અને ઈશ્વર આ ત્રણ તત્ત્વોનો ઉલ્લેખ કરેલો છે. તો આ શિક્ષાપત્રીમાં ઉલ્લેખ પામેલાં ત્રણ તત્ત્વોમાં જે ઈશ્વર તત્ત્વ છે, એ કોણ છે ? આવી શંકા ઉપસ્થિત કરીને, ઈશ્વર તત્ત્વનું નિરૂપણ આ એકસોઆઠમા શ્લોકની અંદર શ્રીજીમહારાજે કર્યું છે. આ શ્લોકનું વિવરણ કરતાં શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી સમજાવે છે કે- પૂર્વના શ્લોકમાં જે ઈશ્વર તત્ત્વનું નિરૂપણ કર્યું, એ ઈશ્વર સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે. અને એ શ્રીકૃષ્ણ કેવા છે ? તો એના પ્રત્યુત્તરમાં પાંચ વિશેષણો આપેલાં છે. (૧) परंब्रह्म, (૨) भगवान्, (૩) पुरुषोत्तमः, (૪) नः उपास्य ईष्टदेवः, (૫) सर्वाविर्भावकारणम् ॥ इति ॥ આ પાંચ વિશેષણોની અનુક્રમે વ્યાખ્યા કરતાં, શતાનંદ સ્વામી પ્રથમ પરંબ્રહ્મ શબ્દની વ્યાખ્યા કરે છે.

(૧) परंब्रह्म, :- શ્રીકૃષ્ણ છે એ પરંબ્રહ્મ છે. પરમ્ એટલે સર્વોત્કૃષ્ટ, અને બ્રહ્મ એટલે મોટા, સર્વત્ર વ્યાપક. ''अपारमहिमत्वात् सर्वेभ्योऽधिकं भवतीति ब्रह्म'' ॥ इति ॥ અપાર મહિમાને લીધે જે સર્વથી અધિક હોય, સર્વથી મોટા હોય તેને કહેવાય બ્રહ્મ. અર્થાત્ સર્વત્ર વ્યાપક તત્ત્વ. તો શ્રીકૃષ્ણ પોતાની અંતર્યામિ શક્તિથી અનંતકોટિ બ્રહ્માંડોમાં વ્યાપીને રહેલા છે. માટે પરમાત્મા શ્રીકૃષ્ણને બ્રહ્મ શબ્દથી કહેવામાં આવે છે. હવે ''પરમ્ બ્રહ્મ'' અહીં પરમ્ આવું વિશેષણ શા માટે ? તેના પ્રત્યુત્તરમાં કહે છે કે- શાસ્ત્રોમાં પ્રકૃતિને પણ બ્રહ્મ શબ્દથી કહેલી છે. જેમ કે- ''मम योनिर्महद् ब्रह्म'' ॥ इति ॥ અને પરમાત્મા શ્રીકૃષ્ણ તો પ્રકૃતિ થકી શ્રેષ્ઠ અને વિલક્ષણ છે. માટે પરંબ્રહ્મ કહેવાય છે.

અને વળી શાસ્ત્રોમાં અક્ષરધામને બ્રહ્મ શબ્દથી કહેલું છે. જેમ કે- ''ब्रह्माख्यं धाम ते यान्ति शान्ताः'' ॥ इति ॥ પણ ભગવાન શ્રીકૃષ્ણ તો અક્ષરધામ થકી પણ પર છે, શ્રેષ્ઠ છે, સર્વોત્કૃષ્ટ છે. અક્ષરધામથી વિલક્ષણ છે. માટે પરંબ્રહ્મ કહેવામાં આવે છે.

અને વેદને પણ બ્રહ્મ શબ્દથી કહેલા છે. પરમાત્મા શ્રીકૃષ્ણ તો વેદ થકી પણ વિલક્ષણ છે, માટે પરંબ્રહ્મ કહેવાય છે. આ પ્રમાણે શાસ્ત્રોમાં બ્રહ્મ શબ્દથી પ્રકૃતિ, અક્ષરધામ અને વેદને કહેલા છે. પરમાત્મા શ્રીકૃષ્ણને આ ત્રણેથી વિલક્ષણ કહેવા માટે, પરંબ્રહ્મ આવા શબ્દથી કહેલા છે, આવું તાત્પર્ય છે.

(૨) भगवान् :- અને વળી પરમાત્મા શ્રીકૃષ્ણને વિષે ''ભગ'' શબ્દથી વાચ્ય એવા છ ગુણો રહેલા છે. તેથી તેને ભગવાન કહેવાય છે. ''ભગ'' શબ્દથી કહેવા યોગ્ય ગુણો વિષ્ણુપુરાણમાં બતાવેલા છે- ''ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः । ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीङ्गना'' ॥ इति ॥ સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્ય આ છ ભગો કહેવાય છે. તે ભગો શ્રીકૃષ્ણને વિષે રહેલા છે. માટે શ્રીકૃષ્ણને ભગવાન કહેવાય છે. અને વળી વિષ્ણુપુરાણમાં જ ભગવાન શબ્દનો અર્થ કહેલો છે કે, જે આ જગતની ઉત્પત્તિને, પ્રલયને અને સર્વે પ્રાણીઓનાં જે જન્મ અને મરણ થાય છે તેને પણ જાણે, અને મોક્ષ કરનારી જે વિદ્યા અને નરકમાં પાડનારી જે અવિદ્યા તેમને પણ જાણે, તેને કહેવાય ભગવાન. જો કે આ ભગવાન શબ્દ એક જ પરમાત્મા શ્રીકૃષ્ણનો વાચક છે. છતાં પણ ભગવાન શ્રીકૃષ્ણને અખંડ ધારી રહેલા એવા મહાન સમર્થ જે પુરુષો હોય, તેને પણ ભગવાન શબ્દથી કહેવાય છે. આ પ્રમાણે ઈશ્વર એવા શ્રીકૃષ્ણને ભગવાન કહેલા છે. અને એ શ્રીકૃષ્ણને લઈને જ નારદાદિકને પણ ભગવાન કહેલા છે, આવું તાત્પર્ય છે.

(૩) पुरुषोत्तमः :- અને વળી પરમાત્મા શ્રીકૃષ્ણ, ક્ષર અને અક્ષર આ બે પ્રકારના પુરુષો થકી ઉત્તમ છે, માટે પુરુષોત્તમ કહેવાય છે. ''क्षराक्षराभ्याम् उत्तमः इति पुरुषोत्तमः'' ॥ इति ॥ પરમાત્મા શ્રીકૃષ્ણ, ક્ષર શબ્દથી કહેલા બદ્ધ જીવો અને ઈશ્વરો થકી પર છે, ઉત્તમ છે. અને અક્ષર

શબ્દથી કહેલ જે અક્ષરધામ અને મુક્તો તે થકી પણ ઉત્તમ છે. આ પ્રમાણે ક્ષર અને અક્ષર પુરુષો થકી ઉત્તમ છે, માટે પુરુષોત્તમ કહેવાય છે. ભગવદ્ગીતામાં પણ કહેલું છે કે- ''द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च । क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥ उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ॥ આ લોકમાં જે બદ્ધ જીવો છે તેને ક્ષરપુરુષો કહેવાય છે. અને જે મુક્ત જીવો છે તેને અક્ષર પુરુષો કહેવાય છે. ક્ષર અને અક્ષર પુરુષો થકી જે અન્ય છે. અર્થાત્ આ બન્ને થકી પર અને ઉત્તમ છે તેને પુરુષોત્તમ કહેલા છે. આ પ્રમાણે ઈશ્વર એવા શ્રીકૃષ્ણને પુરુષોત્તમ શબ્દથી કહેલા છે, આવું તાત્પર્ય છે.

(૪) नः उपास्य इष्टदेवः :- અને વળી શ્રીજીમહારાજ કહે છે કે- એ શ્રીકૃષ્ણ આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ છે. શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી વિવરણ કરતાં સમજાવે છે કે- આ શિક્ષાપત્રીમાં જ્યાં જ્યાં ''શ્રીકૃષ્ણ'' આવો શબ્દ આવે છે. એ શ્રીકૃષ્ણ શબ્દ, વસુદેવ દેવકી થકી પુત્રરૂપે પ્રગટ થયેલા તો છે જ. પરંતુ બ્રહ્મપુર ધામની અંદર જે અવતારી પુરુષ રહ્યા છે, તેનું નામ પણ શ્રીકૃષ્ણ છે. તેથી શ્રીકૃષ્ણ અનાદિ શબ્દ છે. વસુદેવ દેવકી થકી પ્રગટ થયા પછી શ્રીકૃષ્ણ નામ વિશેષપણે પ્રવર્તેલું છે. પરંતુ મૂળ જે પરમાત્મા તત્ત્વ છે, તેનું નામ પણ શ્રીકૃષ્ણ છે. તેથી આ પૃથ્વી ઉપર અવતારી પુરુષના જે જે અવતારો હોય તેને પણ શ્રીકૃષ્ણ કહી શકાય છે. કારણ કે અવતાર અને અવતારીનું અભેદપણું શાસ્ત્રમાં વર્ણવેલું છે. માટે આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ જે ભગવાન સહજાનંદ સ્વામી છે, તેમને પણ શ્રીકૃષ્ણ કહી શકાય છે. એજ કારણથી શ્રીજીમહારાજે અહીં પરોક્ષપણે કહ્યું છે કે, એ શ્રીકૃષ્ણ આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ છે. પણ પોતે શ્રીજીમહારાજ એ મૂળ તત્ત્વ શ્રીકૃષ્ણ થકી જુદા નથી. મૂળ તત્ત્વ અવતારી જે શ્રીકૃષ્ણ છે, એજ આપણા ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી છે, આવું તાત્પર્ય છે.

(૫) सर्वाविर्भावकारणम् :- અને વળી જે શ્રીકૃષ્ણ છે, એ સર્વે અવતારોના કારણરૂપ છે. આ પૃથ્વી ઉપર જે જે અવતારો થાય છે, એ સર્વે અવતારો મૂળ તત્ત્વ જે શ્રીકૃષ્ણ તે થકી જ થાય છે. તેથી આપણા ઈષ્ટદેવ જે સહજાનંદ સ્વામી છે એપણ શ્રીકૃષ્ણના જ અવતાર છે. કારણ કે અવતાર શબ્દની વ્યુત્પત્તિ જ એવી છે કે- ''अवतरति इति अवतारः'' આ પૃથ્વી ઉપર જે ઉતરે તેને કહેવાય અવતાર. તો આપણા ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી આ પૃથ્વી ઉપર અવતર્યા છે, તેથી સહજાનંદ સ્વામી મૂલ તત્ત્વ જે શ્રીકૃષ્ણ તેના જ અવતાર છે. છતાં પણ અવતાર અને અવતારીનું અભેદપણું છે. આ રીતે અભેદપણાનો સ્વીકાર કરીને અવતારી પણ કહી શકાય છે. આવું તાત્પર્ય છે.

હવે શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ બતાવતાં કહે છે કે- પૂર્વના એકસોસાતમા શ્લોકમાં જે ઈશ્વરનું વર્ણન કરવામાં આવ્યું એ ઈશ્વર કોને જાણવા ? આવી શંકા ઉપસ્થિત કરીને તેના પ્રત્યુત્તરમાં એમ કહ્યું કે- જેને પરંબ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમ કહે છે. અને જે સર્વે અવતારોના કારણ છે, અને જે આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ છે. આવા જે શ્રીકૃષ્ણ તેને જ ઈશ્વર જાણવા, આ રીતે શ્રીજીમહારાજે આ શ્લોકમાં પ્રતિપાદન કર્યું છે. પણ શ્રીજીમહારાજ પોતે જ ઈશ્વર હોવાથી કહી શકતા હતા કે પૂર્વના એકસોસાતમા શ્લોકમાં વર્ણન કરાયેલા જે ઈશ્વર છે, એ હું જ છું. પણ શ્રીજીમહારાજે એમ કહ્યું નહિ, કારણ કે અત્યારે શ્રીજીમહારાજ ઉપદેષ્ટા ગુરુ તરીકે શિષ્યો પ્રત્યે શિક્ષાપત્રી લખી રહ્યા છે. તેથી ઉપદેષ્ટા ગુરુ તરીકેની ફરજ બજાવીને એવું સૂચવેલું છે કે, કોઈપણ ઉપદેષ્ટા ગુરુઓએ શિષ્યને પોતામાં કદી પણ જોડવા જોઈએ નહિ.

અને વળી ઈશ્વર તત્ત્વ એક જ છે. ક્યારેય પણ બે માની શકાય નહિ. ઈશ્વરની આકૃતિઓ અનન્ત માની શકાય, ઈશ્વરનાં નામો પણ અનન્ત માની શકાય, પણ અનંત આકૃતિઓના અને શક્તિઓના આશ્રયરૂપ, તેમજ અનંત નામોના નામી એવું જે ઈશ્વરનું સ્વરૂપ છે, તેને અનંત માની શકાય નહિ. રૂપે કરીને અર્થાત્ આકૃતિએ કરીને, નામે કરીને અવતારોમાં ભેદ માની શકાય, પણ અનંત શક્તિઓના આશ્રયરૂપ જે સ્વરૂપ છે, તેણે કરીને અવતારોમાં ક્યારેય પણ ભેદ માની શકાય નહીં. અને સ્વરૂપે કરીને તો અવતાર તથા અવતારીમાં પણ ભેદ માની

શકાય નહિ. સ્વરૂપ સર્વત્ર એક જ છે. પણ રૂપ જુદાં જુદાં હોય છે. આપણું આ શરીર છે એ રૂપ છે, અને આપણા આ શરીરમાં આશ્રયરૂપે રહેલો જે જીવાત્મા તેને સ્વરૂપ કહેવામાં આવે છે. રૂપ અને સ્વરૂપ હમેશાં પૃથક્ પૃથક્ હોય છે. એ જ રીતે પરમાત્માની શુદ્ધસત્વની જે આકૃતિ તેને રૂપ કહેવાય છે. અને એ આકૃતિની અંદર અનંતશક્તિઓના આશ્રયરૂપ જે પરબ્રહ્મ તત્ત્વ છે તેને સ્વરૂપ કહેવામાં આવે છે. તેથી પરમાત્મા અનંત આકૃતિઓને ધારણ કરે છતાં તેની અંદર અનંત શક્તિઓના આશ્રયરૂપ પરબ્રહ્મ તત્ત્વ એક જ હોય છે. આ રીતે પરબ્રહ્મ તત્ત્વ સ્વરૂપે કરીને સર્વે અવતારોમાં એક જ હોય છે. અને અવતાર તથા અવતારીમાં પણ એક જ હોય છે. પણ ઈશ્વર તત્ત્વ જુદાં જુદાં હોતાં નથી. તેથી શ્રીજીમહારાજ પોતે અહીં કહી શકતા હતા કે પૂર્વ શ્લોકમાં જે ઈશ્વર તત્ત્વનું વર્ણન કરેલું છે, એ ઈશ્વર તત્ત્વ હું જ છું. છતાં પણ અહીં ઈશ્વર તત્ત્વ તરીકે પરોક્ષપણે જે શ્રીકૃષ્ણનો નિર્દેશ કર્યો છે, એ નિર્દેશ ઈશ્વરના સ્વરૂપની અંદર એકતાને સૂચવે છે. આવો અભિપ્રાય છે. ॥૧૦૮॥

**स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः । रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥१०९॥**

**ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः । बलभद्रादियोगेन तत्तन्नाम्नोच्यते स च ॥११०॥**

અને ઈશ્વર એવા જે શ્રીકૃષ્ણ રાધિકાજીએ યુક્ત હોય ત્યારે ‘‘રાધાકૃષ્ણ’’ એવે નામે જાણવા; અને રુક્મિણીરૂપ જે લક્ષ્મીજી તેણે યુક્ત હોય ત્યારે ‘‘લક્ષ્મીનારાયણ’’ એવે નામે જાણવા. (૧૦૯) અને એ શ્રીકૃષ્ણ અર્જુનથી યુક્ત હોય ત્યારે ‘‘નરનારાયણ’’ એવે નામે જાણવા. અને વળી તે શ્રીકૃષ્ણ બલભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે, એમ જાણવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ બન્ને શ્લોકનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે, ભગવાનનાં સ્વરૂપોમાં પરસ્પર ભેદ જાણવો નહિ. પૂર્વના ૧૦૭ મા શ્લોકમાં જે ઈશ્વર વર્ણવ્યા, એ ઈશ્વર કોણ છે ? આવી શંકા ઉપસ્થિત કરીને ૧૦૮ મા શ્લોકમાં કહ્યું કે એ ઈશ્વર કૃષ્ણ જ જાણવા, માટે તે શ્રીકૃષ્ણ જ્યારે શ્રીવૃષભાનુ નામના ગોપનાં પુત્રી જે રાધિકા તેથી યુક્ત હોય ત્યારે રાધાકૃષ્ણ એવા નામથી શાસ્ત્રમાં કહેલા હોય છે. અને એજ શ્રીકૃષ્ણ ભીષ્મકને ઘેર પ્રાદુર્ભાવ પામેલાં રુક્મિણીરૂપ લક્ષ્મીથી યુક્ત હોય, ત્યારે લક્ષ્મીનારાયણ એવા નામથી શાસ્ત્રમાં કહેલા હોય છે, એમ જાણવું. સાક્ષાત્ લક્ષ્મીજી ભીષ્મકને ત્યાં રુક્મિણી નામથી પ્રગટ થયાં હતાં. આ વિષયમાં વિષ્ણુ પુરાણનું વચન પ્રમાણરૂપ છે- ‘‘राघवत्वेऽभवत् सीता रुक्मिणी कृष्णजन्मनि’’ ॥ इति ॥ આ વિષ્ણુપુરાણના વચનમાં કહેલું છે કે- રામાવતારમાં લક્ષ્મીજી સીતારૂપે જન્મ ધારણ કર્યો હતો. અને શ્રીકૃષ્ણાવતારમાં લક્ષ્મીજી રૂક્મિણીરૂપે જન્મ ધારણ કર્યો હતો. માટે રુક્મિણીથી યુક્ત એવા જે શ્રીકૃષ્ણ તેને લક્ષ્મીનારાયણ નામથી જાણવા. અને વળી અર્જુનમાં નર ભગવાનનો આવેશ હતો. આ બાબતમાં મહાભારતનું વચન પ્રમાણરૂપ છે- ‘‘अर्जुने तु नरावेशः कृष्णो नारायणः स्वयम्’’ ॥ इति ॥ અર્જુનમાં નર ભગવાનનો આવેશ હતો, અને શ્રીકૃષ્ણ સ્વયં નારાયણ હતા. માટે એજ શ્રીકૃષ્ણ અર્જુનથી યુક્ત હોય, ત્યારે નરનારાયણ આવા નામથી શાસ્ત્રમાં કહેલા હોય છે. એમ જાણવું. અને વળી એજ શ્રીકૃષ્ણ બલરામથી યુક્ત હોય, ત્યારે રામકૃષ્ણ આવા નામથી શાસ્ત્રમાં કહેલા હોય છે, એમ મારા આશ્રિતોએ જાણવું. ॥૧૦૯-૧૧૦॥

**एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् । क्वचित्तदङ्गेतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ॥१११॥**

**अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा । चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम् ॥११२॥**

અને એ રાધાદિક ભક્તો ક્યારેક તો શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે, અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે, ત્યારે તો તે શ્રીકૃષ્ણ એકલા જ હોય છે એમ જાણવું. (૧૧૧) એ જ કારણથી શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપો તેમને વિષે સર્વપ્રકારે ભેદ જાણવો નહિ. અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું ઈત્યાદિક જે ભેદ જણાય છે, તે તો દ્વિભુજ એવા જે શ્રીકૃષ્ણની ઈચ્છાએ કરીને

છે એમ જાણવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ બન્ને શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ભગવાનની પડખે વર્તતા જે રાધાદિક ભક્તો, કોઈ સમયે સર્વે મનુષ્યો જોઈ શકે, એ રીતે ભગવાનના પડખામાં સમીપે જ રહેલા હોય છે. તે સમયે તો રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ, રામકૃષ્ણ, સત્યાકૃષ્ણ આવા નામથી શ્રીકૃષ્ણને જાણવા. અને કોઈ સમયે એ રાધાદિક ભક્તો ગાઢ સ્નેહના વશપણાથી શ્રીકૃષ્ણના હૃદયાદિક અંગમાં લીન રહેલા હોય છે. ત્યારે તો સર્વેને એકલા શ્રીકૃષ્ણ જ જોયામાં આવે છે. પરંતુ રાધાદિક ભક્તો જોયામાં આવતા નથી. ત્યારે ભગવાન "શ્રીકૃષ્ણ" આવા નામવાળા હોય છે એમ જાણવું. એટલા જ માટે જે મંદિરમાં એક જ શ્રીકૃષ્ણની મૂર્તિ હોય ત્યાં પણ રાધાદિક સેવકોનું મંડળ સાથે જ હોય છે, એમ જાણવું. માટે જે કારણથી એક જ શ્રીકૃષ્ણ પોતાની પડખે વર્તતા સેવકોના ભેદથી રાધાકૃષ્ણાદિક નામો વડે કહેવાય છે, એજ કારણથી પ્રસિદ્ધ મોટાં મંદિરોમાં સ્થાપન કરેલાં રાધાકૃષ્ણ, નરનારાયણ આદિક નામવાળાં ભગવાનનાં સ્વરૂપોમાં સર્વપ્રકારે ભેદ જાણવો નહિ. હવે અહીં પ્રતિવાદી શંકા કરતાં કહે છે કે- પડખે વર્તતા સેવકોના ભેદથી ભલે પરમાત્માના સ્વરૂપમાં ભેદ ન હોય, પણ દ્વિભુજ, ચતુર્ભુજ, સહસ્રભુજ આ રીતે જ્યાં આકાર જ બદલાઈ જાય છે, ત્યાં તો ભેદ હોવો જ જોઈએ.

આના ઉત્તરમાં શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- વસ્તુતાએ શ્રીકૃષ્ણ ભગવાન તો દ્વિભુજ (બે હસ્ત યુક્ત) જ છે. છતાં નટ જેમ પોતાની ઈચ્છાથી અનેક રૂપો ધારણ કરે છે. તેમ દ્વિભુજ એવા શ્રીકૃષ્ણ પોતાની ઈચ્છાથી જ ક્યારેક ચતુર્ભુજરૂપે, ક્યારેક અષ્ટભુજ રૂપે, ક્યારેક સહસ્રભુજ રૂપે થાય છે. યોગમાયાના નિયંતા અને સત્ય સંકલ્પ એવા શ્રીકૃષ્ણ પોતાની ઈચ્છાથી જ, ભક્તોના મનોરથો પૂર્ણ કરવા માટે ચતુર્ભુજાદિક રૂપે થાય છે. માટે ભગવાનના સ્વરૂપોમાં સર્વ પ્રકારે ભેદ જાણવો નહિ, આવું તાત્પર્ય છે. ॥૧૧૧-૧૧૨॥

**तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि । निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम् ॥११३॥**

અને આ પૃથ્વી ઉપર મારા આશ્રિત સર્વે મનુષ્યો હોય તેમણે, પૂર્વે કહ્યા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેની જ ભક્તિ સર્વ પ્રકારે કરવી. અને એ ભક્તિ સિવાય બીજું કોઈપણ કલ્યાણકારી સાધન નથી એમ જાણવું.

શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આ પૃથ્વી ઉપર તેમાં પણ ભરતખંડને વિષે દેવતાઓ પણ મનુષ્ય જન્મને ઈચ્છે છે- "यद्यत्र नः स्वर्गसुखावशेषितं स्विष्टस्य सूक्तस्य कृतस्य शोभनम् । तेनाजनाभे स्मृतिमज्जन्मनः स्याद्वर्षे हरिं भजतां शं तनोति" ॥ इति ॥ ભાગવતમાં દેવતાઓ કહે છે કે- અમોએ પૂર્વ જન્મમાં કાંઈક પૂણ્ય કર્મ કરેલાં હશે, તેણે કરીને અત્યારે અમોને સ્વર્ગ લોકની પ્રાપ્તિ થયેલી છે. અને હવે સ્વર્ગલોકનું સુખ ભોગવતાં જો કાંઈક પૂણ્ય બાકી રહેલું હોય તો તેણે કરીને અમોને ભરતખંડમાં મનુષ્યજન્મ પ્રાપ્ત થાય. કારણ કે મનુષ્ય જન્મથી ભગવાનનું સ્મરણ થઈ શકે છે. આ રીતે દેવતાઓ પણ મનુષ્ય જન્મની ચાહના આ ભરતખંડમાં કરે છે. માટે આ ભરતખંડમાં જન્મેલા મનુષ્યો હોય, તેમણે સર્વ પ્રકારે ભગવાનની જ ભક્તિ કરવી જોઈએ. કારણ કે ભગવાનની ભક્તિ કરવામાં મનુષ્યોને જ મુખ્ય અધિકાર છે, નહિ કે પશુઓને. પશુઓથી તો ભગવાનની ભક્તિ થઈ શકે નહિ. એક જ મનુષ્ય એવું પ્રાણી છે કે જ્ઞાન વિજ્ઞાનથી સંપન્ન થઈને જાણેલી વસ્તુને કહી શકે છે, જાણેલી વસ્તુને જોઈ શકે છે. અને આવતી કાલે શું થવાનું છે તેને પણ જાણી શકે છે. આ લોક તથા પરલોકને પણ જાણી શકે છે. અને આ મરણધર્મવાળા દેહથી જો મોક્ષને ઈચ્છે તો મોક્ષથી પણ સંપન્ન થઈ શકે છે. અને બીજાં જે પશુઓ છે, તેમને તો ખાવું અને પીવું એટલું જ જ્ઞાન હોય છે. પશુઓ જાણેલી વસ્તુને કહી શકતાં નથી, અને આવતી કાલે શું થવાનું છે તેને જાણી શકતાં નથી. માટે પશુઓ ભગવાનની ભક્તિ કરીને પોતાનું કલ્યાણ કરી શકતાં નથી. એક જ મનુષ્ય ભક્તિ કરીને પોતાનું કલ્યાણ કરી શકે છે. એટલા જ માટે આ મનુષ્ય

જન્મની અતિ દુર્લભતા કહેલી છે- ''अहो अमीषां किमकारिशोभनं प्रसन्न एषां स्विदुतं स्वयं हरिः । यैर्जन्मलब्धं नृषु भारताजिरे मुकुन्दसेवौपायिकं स्पृहा हि नः'' ॥ इति ॥ ભાગવતમાં દેવતાઓ કહે છે કે- અહો ! ! ! જેમણે આ ભરતખંડમાં મનુષ્ય જન્મ મેળવેલો છે, તેમણે કોણ જાણે શું પુણ્ય કર્મ કરેલાં હશે ? શું એમના ઉપર સાક્ષાત્ ભગવાન પ્રસન્ન થયા હશે ? કે જેથી ભગવાનની સેવામાં ઉપયોગી મનુષ્ય જન્મ મેળવેલો છે. જે મનુષ્ય જન્મની આપણે પણ સ્પૃહા કરીએ છીએ. આ પ્રમાણે દેવતાઓ પણ ભરતખંડમાં મનુષ્ય જન્મની અતિ દુર્લભતા કહેલી છે. આ મનુષ્ય શરીર જ્યારે ત્યારે મળતું નથી. આવું દુર્લભ જે મનુષ્ય શરીર તેને પ્રાપ્ત કરીને હમેશાં ભગવાનની ભક્તિ કરવી જોઈએ. અને જે પુરુષ ભગવાનની ભક્તિ કરતો નથી, એ પુરુષ ખરેખર ભગવાનની માયાથી મોહ પામેલો છે- ''येऽभ्यर्थितामपि च नो नृगतिं प्रपन्ना ज्ञानं च तत्त्वविषयं सहधर्म यत्र । नाराधनं भगवतो वितरन्त्यमुष्य संमोहिता बततया बत मायया ते'' ॥ इति ॥ ભાગવતમાં બ્રહ્માજી દેવતાઓ પ્રત્યે કહે છે કે- હે દેવતાઓ ! આ મનુષ્ય શરીર અતિ દુર્લભ છે. જે મનુષ્ય શરીરની આપણે પણ પ્રાર્થના કરીએ છીએ. આવા દુર્લભ મનુષ્ય શરીરને પામી કરી જે મનુષ્યો ભગવાનની આરાધના કરતા નથી, તે મનુષ્યો ખરેખર વિસ્તારને પામેલી ભગવાનની માયા વડે મોહિત થયેલા છે. નહિ તો આવું દુર્લભ મનુષ્ય શરીર પામી કરીને ભગવાનની ભક્તિ કેમ ન કરે ? અને નથી કરતા માટે મોહ પામેલા જ છે, એમ જાણવું.

અને ભાગવતમાં કપિલ ભગવાન દેવહુતિ માતા પ્રત્યે કહે છે કે- હે માતાજી ! તીવ્ર ભક્તિયોગ વડે મારે વિષે અર્પણ કરેલા મનને સ્થિર કરવું, એટલો જ મનુષ્યનો આ લોકમાં કલ્યાણનો ઉદય છે, કોઈ શ્રીમંત થાય, કોઈ શેઠ થાય, કોઈ રાજા થાય, એ કાંઈ કલ્યાણનો ઉદય નથી. એનાથી ક્યારેક પતન થવાનું છે. કલ્યાણનો ઉદય તો એક ભગવાનની ભક્તિથી જ થાય છે. આ પ્રમાણે ભગવાને પોતે જ કહેલું છે. અને વળી આ શ્લોકમાં શ્રીજીમહારાજે ભાર મુકેલો છે કે- એક જ શ્રીકૃષ્ણ ભગવાનની જ ભક્તિ કરવી. તેથી બીજા દેવતાઓની ભક્તિ કરવાનો નિષેધ સૂચવેલો છે. કારણ કે મોક્ષ આપી શકે એવી દેવતાઓમાં શક્તિ નથી. મોક્ષ તો એક પરમાત્મા જ આપી શકે છે. આ વિષયમાં ભાગવતનું વચન પ્રમાણરૂપ છે.- ''वरं वृणीश्व भद्रं ते ऋते कैवल्यमद्य नः । एक एवेश्वरस्तस्य भगवान् विष्णुरव्ययः'' ॥ इति ॥ આ શ્લોકનો એ ભાવ છે કે- મુચુકુન્દ રાજા ઘણા સમય પર્યંત દેવતાઓના સેનાપતિ રહ્યા હતા. પછી જ્યારે શંકરના પુત્ર કાર્તિક સ્વામી પ્રગટ થયા ત્યારે દેવતાઓએ મુચુકુન્દ રાજાને કહ્યું કે, રાજન્ ! તમે હવે નિવૃત્ત થાઓ, તમારું આ કાર્ય હવે શંકરના પુત્ર કાર્તિકસ્વામી સંભાળશે. તમોએ ઘણા સમય સુધી અમારી રક્ષા કરી, માટે અમારી પાસેથી કાંઈક વરદાન માગો. તે સમયે મુચુકુંદ રાજાએ કહ્યું કે- મને મોક્ષ આપો. ત્યારે દેવતાઓએ કહ્યું કે રાજન્ ! મોક્ષ તો અમો ન આપી શકીએ, મોક્ષના સ્વામી તો કેવળ એક વિષ્ણુ જ છે. માટે મોક્ષ સિવાય બીજું કાંઈક અમારી પાસેથી માગો. તે સમયે મુચુકુંદ રાજાએ દેવતાઓ પાસેથી નિદ્રા માગેલી હતી. આ પ્રમાણે ભાગવતમાં પ્રતિપાદન કરેલું છે. તેથી સિદ્ધ થાય છે કે બીજા દેવતાઓમાં મોક્ષ આપવાની શક્તિ નથી. માટે આ પૃથ્વી ઉપર મનુષ્ય જન્મને પામીને એક શ્રીકૃષ્ણ ભગવાનની જ ભક્તિ કરવી, આવો ભાવ છે. અને વળી ભાગવતમાં કપિલ ભગવાને દેવહૂતિ માતા પ્રત્યે કહેલું છે કે- હે માતાજી ! ભગવાન એવો જે હું તે મારું શરણું સ્વીકાર્યા સિવાય મનુષ્યોને તીવ્ર સંસારનો ભય ક્યારેય પણ નિવૃત્તિ પામતો નથી. જ્યારે મારું શરણું સ્વીકારે, અર્થાત્ જ્યારે મારી ભક્તિ કરે ત્યારે જ સંસારનો તીવ્ર ભય નિવૃત્તિને પામે છે. એ સિવાય બીજા કોઈ દેવતાઓનું શરણું સ્વીકારવાથી કે તેમની ભક્તિ કરવાથી સંસારનો જે તીવ્ર ભય છે, એ નિવૃત્ત થતો નથી. માટે એક શ્રીકૃષ્ણ ભગવાનની જ ભક્તિ કરવી જોઈએ.

આ શ્લોકમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે- સર્વ પ્રકારે ભગવાનની ભક્તિ કરવી. સર્વપ્રકારે એટલે આ મનુષ્ય દેહ ક્ષણભંગુર છે, નાશવંત છે, ક્યારે પડી જશે તેનો સમય કોઈ નિશ્ચિત નથી. માટે બીજા કાર્યોમાં જે આદર તેનો ત્યાગ કરીને જ સર્વપ્રકારે ભગવાનની ભક્તિ કરી લેવી.

આવું સૂચવેલું છે. ભગવાનની ભક્તિ કરવામાં ક્યારેય પણ વૃદ્ધાવસ્થાની રાહ જોવી નહિ. કારણ કે યુવાન છે એ વૃદ્ધ થશે કે વૃદ્ધ થયાથી પહેલાં જ મૃત્યુ પામી જશે, એનો કોઈ નિશ્ચય નથી. ''को हि जानाति कस्याद्य मृत्युकालो भविष्यति । युवैव धर्मशीलः स्यादनित्यं खलु जीवितम्'' ॥ इति ॥ ભાગવતમાં પ્રહ્લાદજી નાના નાના વિદ્યાર્થી બાળકોને સમજાવે છે કે- હે બાળકો ! આસુરી વિદ્યા ભણવામાં આપણું કાંઇ નહિ પાકે. માટે આપણે સર્વે નારાયણનું નામ લઈએ, નારાયણનું ભજન કરીએ, નારાયણની ભક્તિ કરવાથી આ જીવનો મોક્ષ થઈ જાય છે. તે સમયે બાળકોએ કહ્યું કે, હમણાં તો આપણે યુવાન છીએ. વૃદ્ધ થશું ત્યારે નારાયણનું નામ લઈશું. અર્થાત્ મોટા થઈને ભગવાનની ભક્તિ કરીશું. અત્યારે તો ભણવાનો સમય છે. ત્યારે પ્રહ્લાદ કહે છે કે- હે બાળકો ! કોણ મોટો થઈને વૃદ્ધ થશે તેની કોઈને ખબર છે ? અને કોનું મૃત્યુ પહેલું થશે, એ પણ કોણ જાણે છે ? મૃત્યુનો સમય કોઈ નિશ્ચિત નથી. માટે એમ સમજવું જોઈએ નહિ કે હમણાં યુવાન છીએ, તેથી ભગવાનની ભક્તિ નહિ કરીએ, અને વૃદ્ધાવસ્થામાં ભગવાનની ભક્તિ કરી લેશું. એ યુવાન વૃદ્ધ થશે તેની કોઈ પણ ખાતરી નથી. કદાચ એ યુવાન વૃદ્ધ થયા પહેલાં પણ મરી જાય. માટે બીજા કાર્યોમાં જે આદર તેનો ત્યાગ કરીને સર્વ પ્રકારે યુવાવસ્થામાં જ ભગવાનની ભક્તિ કરી લેવી, આવો ભાવ છે.

અને વળી ભાગવતમાં કહેલું છે કે- ''प्रमत्तमुच्चैरिति कृत्यचिन्तया प्रवृद्धलोभं विषयेषु लालसम् । त्वमप्रमतः सहसाऽभिपद्यसे क्षुल्लोलिहानोऽहिरिवाखुमन्तकः'' ॥ इति ॥ જેમ કોઈ ઉંદર હોય એ દાણા ભેગા કરતો હોય, અને હજુ ઘણા ભેળા કરી લઉં આવો લોભ પણ હોય, અને ભેળા કરેલા એ દાણાને ખાવા પીવામાં બહુ લાલસાવાળો થયો હોય, આવા ઉંદરને અચાનક કાળો સર્પ ગલેફાં ચાટતો ચાટતો આવે અને પકડી લે છે. દાણા બધા ત્યાં જ રહી જાય છે. તેમ મનુષ્ય આ કાર્ય કરવું છે, હજી પણ આ કાર્ય કરવું છે, આવા પ્રકારની ચિંતા વડે ગાફલ રહેલો હોય. અને લોભી થયેલો હોય કે આટલું ધન ભેળું કરી લઉં, આવી રીતે લોભી બનેલા મનુષ્યને અચાનક કાળરૂપી સર્પ આવીને પકડી જાય છે. કાંઈ ભેળું થતું નથી, ભેળું થયા પહેલાં પણ કાળ એને પકડી જાય છે. માટે બીજા કાર્યોમાં જે આદર તેનો ત્યાગ કરીને સર્વપ્રકારે યુવાવસ્થામાં જ ભગવાનની ભક્તિ કરી લેવી.

અને વળી ભાગવતમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહેલું છે કે- આ શરીર મરણ ધર્મવાળું છે. અર્થાત્ મરી જાય એવું છે, નાશવંત છે. છતાં પણ આ નાશવંત શરીરથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થો સાધી શકાય છે. માટે વિદ્વાન પુરુષો હોય તેમણે તો જ્યાં સુધી શરીરનું મૃત્યુ ન થાય ત્યાં સુધીમાં કલ્યાણને માટે પ્રયત્ન કરી લેવો જોઈએ. કારણ કે મૃત્યુ કોઈની રાહ જોતું નથી. માટે કલ્યાણ સંબન્ધી કાર્ય જો આવતી કાલને માટે કરવાનું નક્કી કરેલું હોય, તો આજે જ કરી લેવું, આવતી કાલની રાહ જોવી નહિ. અને બપોર પછી જો કરવાનું નક્કી કરેલું હોય, તો બપોર પહેલાં જ કરી લેવું. કારણ કે આ મનુષ્ય શરીરનું મૃત્યુ અનિશ્ચિત છે. મૃત્યુનો કોઈ સમય નિશ્ચિત નથી.

અને વળી ભાગવતમાં દત્તાત્રેય ભગવાને યદુરાજા પ્રત્યે કહેલું છે કે- ''लब्ध्वा सुदुर्लभमिदं बहुसम्भवान्ते मानुष्यमर्थदमनित्यमपीह धीरः । तूर्णं यतेत न पतेदनुमृत्यु यावन्निःश्रेयसाय विषयः खलु सर्वतः स्यात्'' ॥ इति ॥ હે રાજન્ ! આ મનુષ્ય શરીર બહુ દુર્લભ છે. જ્યારે ત્યારે મળતું નથી. બહુ જન્મોને અંતે આ મનુષ્ય શરીર મળેલું છે. જો કે આ શરીર મરણધર્મવાળું છે, તેથી પડી જાય એવું નાશવંત છે, છતાં આ શરીરથી અનેક પુરુષાર્થો સાધી શકાય છે. મોક્ષ પણ આ નાશવંત શરીરથી જ સાધી શકાય છે. માટે આ મનુષ્ય શરીરને પામી કરી, જ્યાં સુધીમાં આ શરીર મૃત્યુને વશ ન થાય, ત્યાં સુધીમાં ડાહ્યા પુરુષોએ કલ્યાણને માટે પ્રયત્ન કરી લેવો જોઈએ. કદાચ તમે કહેશો કે, જો કલ્યાણને માટે પ્રયત્ન કરીએ તો વિષયો ક્યારે ભોગવીએ. તો કહું છું કે વિષયો તો પશુ, પક્ષી, શ્વાન, સુકર, ડુકર, આદિક સર્વે યોનિઓમાં વિના પ્રયત્ને પ્રાપ્ત થાય છે. પણ ભગવાનની ભક્તિ તો આ એક મનુષ્ય શરીરથી જ થઈ શકે છે. માટે બીજા સર્વે કાર્યોનો જે આદર તેનો ત્યાગ કરીને સર્વપ્રકારે યુવાવસ્થામાં જ

ભગવાનની ભક્તિ કરી લેવી, વૃદ્ધાવસ્થાની રાહ જોવી નહિ. આવો અભિપ્રાય છે.

અથવા તો સર્વપ્રકારે ભગવાનની ભક્તિ કરી લેવી, આમ જે શ્રીજીમહારાજે કહ્યું. તેમાં સર્વપ્રકારે એટલે મન, કર્મ અને વચનથી ભગવાનની ભક્તિ કરી લેવી, આવું શ્રીજીમહારાજે સૂચવેલું છે. ભાગવતમાં નળકુબેર અને મણીગ્રીવની કથા છે. એક વખત નળકુબેર અને મણીગ્રીવ આ બન્ને ધનના મદથી ઉદ્ધત થઈને નગ્ન સ્ત્રીઓની સાથે નગ્ન થઈને સ્નાન કરતા હતા. તે સમયે ફરતા ફરતા નારદજી ત્યાં પધાર્યા, એટલે નારદમુનિને જોઈને સ્ત્રીઓ તો શરમાઈ ગઈ, અને તત્કાળ જ કપડાં પહેરી લીધાં. પણ નળકુબેર અને મણીગ્રીવે કપડાં પહેર્યાં નહિ. અને વૃક્ષનાં ઠોઠાંની પેઠે નગ્ન જ નારદમુનિની આગળ ઉભા રહ્યા. વળી નમ્યા પણ નહિ, અને નારદમુનિની કાંઈપણ મર્યાદા રાખી નહિ. એટલે નારદમુનિએ વિચાર કર્યો કે આ કેટલા બધા ઉદ્ધત થઈ ગયા છે. નગ્ન થઈને નગ્ન સ્ત્રીઓની સાથે સ્નાન કરી રહ્યા છે. અને હું અહીં આવ્યો છતાં પણ કપડાં ધારણ કરતા નથી. આવા ઉદ્ધતને કાંઈક સજા થવી જ જોઈએ. જ્યાં સુધી સજા થાય નહિ, ત્યાં સુધી માણસ સમજે નહિ. જે માણસને જીંદગીમાં કોઈ દિવસ કાંઈ દરિદ્રતા ન આવી હોય, એ માણસને દરિદ્રતાના દુઃખની શું ખબર પડે ? કાંઈ પણ ખબર પડે નહિ. વળી જે માણસને પગમાં કોઈ દિવસ કાંટો ન લાગ્યો હોય, તેને કાંટાની વેદનાની શું ખબર પડે ? કાંટો જ્યારે લાગે ત્યારે ખબર પડે. તેમ આ બન્નેને જો કાંઈક સજા મળે તો જ ભાન આવે, પરંતુ જ્યાં સુધી સજા મળશે નહિ ત્યાં સુધી પોતાની ઉદ્ધતાઈનો ત્યાગ કરશે નહિ. આ પ્રમાણે નારદમુનિ વિચાર કરીને પછી બન્નેને શાપ આપ્યો કે- તમો બન્ને ઝાડના ઠોઠાની પેઠે નગ્ન ઉભા છો માટે વૃક્ષની યોનિને પામી જાઓ. આ પ્રમાણે નારદમુનિએ શાપ આપ્યો. એટલે એ બન્નેને ભાન આવ્યું કે, આ બહુ ખોટું થયું, નારદમુનિનો અપરાધ થયો. હવે મુનિએ શાપ આપી દીધો એટલે વૃક્ષતો થવું જ પડશે. આમ વિચારીને એ બન્ને તરત જ નારદમુનિના ચરણમાં પડ્યા, અને પ્રાર્થના કરવા લાગ્યા કે અમારા ઉપર કાંઈક અનુગ્રહ કરો, અમારી ભુલ થઈ, હવે બીજી વાર આવું નહિ કરીએ. વૃક્ષની યોનિમાં અમો બહુ દુઃખી થઈશું, માટે અમોને મુક્ત કરો. આ પ્રમાણે બહુ બહુ આજીજી કરી એટલે નારદજી અનુગ્રહ કરતાં કહ્યું કે- તમને વૃક્ષ તો થવું જ પડશે. છતાં વૃક્ષની યોનિમાં પણ તમને ભગવાન મળશે, અને તમારો ઉદ્ધાર કરશે. આ પ્રમાણે અનુગ્રહ કરીને નારદજી તો ચાલ્યા ગયા. અને નળકુબેર અને મણીગ્રીવ આ બન્ને યમુના નદીના કિનારે યમલાર્જુન નામના વૃક્ષપણાને પામ્યા. અને એક સમયે યશોદાજીએ ભગવાન શ્રીકૃષ્ણને ખાંડણીયા સાથે બાંધેલા હતા. ભગવાન શ્રીકૃષ્ણ તો એ ખાંડણીયાને ઢસડતા ઢસડતા યમુના નદીના કિનારે જ્યાં આ બે વૃક્ષો ઉભાં હતાં, એ બે વૃક્ષોના મધ્યમાંથી પસાર થયા. ભગવાન શ્રીકૃષ્ણ તો બન્ને વૃક્ષના મધ્યમાંથી નીકળી ગયા પણ ખાંડણીયો એ બન્ને વૃક્ષોમાં ફસાયો. ભગવાન શ્રીકૃષ્ણે જોરથી બળ કર્યું એટલે એ બન્ને વૃક્ષો તુટીને પૃથ્વી ઉપર પડ્યાં. અને એ વૃક્ષમાંથી બે દેવની સમાન પુરુષો ઉત્પન્ન થઈને ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. ''वाणी गुणानुकथने श्रवणौ कथायां हस्तौ च कर्मसु मनस्तवपादयोर्नः । स्मृत्यां शिरस्तव निवासजगत्प्रणामे दृष्टिः सतां दर्शनेऽस्तु भवत्तनूनाम्'' ॥ इति ॥ નારદમુનિના શાપથી વૃક્ષની યોનિને પામેલા નળકુબેર અને મણીગ્રીવ વૃક્ષયોનિ થકી મુક્ત થઈને ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે- હે પ્રભુ ! આપના અનુગ્રહથી અમો વૃક્ષયોનિ થકી મુક્ત થઈને સુખી થયા છીએ. હવે અમો તમારી પાસેથી એ માગીએ છીએ કે, અમારી વાણી હમેશાં તમારા ગુણોનું ગાન કરવામાં રહે. અમારા કાન હમેશાં તમારી કથા સાંભળવામાં રહે, અમારા હાથ હમેશાં તમારા સંબન્ધવાળી ક્રિયા કરવામાં રહે, અમારું મન હમેશાં તમારા ચરણોનું સ્મરણ કરવામાં રહે, અમારું મસ્તક હમેશાં તમારો જેમાં નિવાસ છે, એવા જગતને પ્રણામ કરવામાં રહે; અને અમારાં નેત્રો હમેશાં તમારા એકાંતિક સાધુપુરુષોનાં દર્શન કરવામાં રહે. આ પ્રમાણે નળકુબેર અને મણીગ્રીવે પણ ભગવાનની પાસે મન, કર્મ અને વચનથી ભગવાનની ભક્તિ જ માગી છે. માટે સર્વે ભક્તજનો હોય તેમણે મન, કર્મ અને વચનથી સર્વપ્રકારે ભગવાનની ભક્તિ કરવી, આવો અભિપ્રાય છે.

અને વળી જે પુરુષો દુર્લભ એવા મનુષ્ય શરીરને પામી કરી ભગવાનની ભક્તિ કરતા નથી, તે પુરુષોને મોટા અનર્થની પ્રાપ્તિ થાય છે, અને તે પુરુષો આત્મહત્યારા કહેલા છે, અને પોતાના આત્માને જ છેતરનારા કહેલા છે.- ''प्राप्ता नृजातिं त्विह ये च जन्तवो ज्ञानक्रियाद्रव्यकलापसंभृताम् । न वै यतेरन्न पुनर्भवाय ते भूयो वनौका इव यान्ति बन्धनम्'' ॥ इति ॥ ભાગવતની અંદર દેવતાઓએ કહેલું છે કે- આ લોકમાં સર્વે અવયવોથી સંપન્ન એવું મનુષ્ય શરીર તેને પામીને જે પુરુષો મોક્ષને માટે પ્રયત્ન કરતા નથી, અને ગાફલ રહે છે. તે પુરુષો ફરીવાર પશુ, પક્ષી આદિક યોનિને પામી કરી એવા મોટા બંધનને પામી જાય છે કે, જે રીતે પક્ષી એકવાર પારાધીની જાળ થકી મુક્ત થયેલું હોય, અને ફરીવાર જો ગાફલતા રાખીને એ જ વૃક્ષ ઉપર બેસે તો ફરીવાર પારાધીના બંધનને પામી જઈ મૃત્યુને વશ થાય છે. માટે ગાફલતાનો ત્યાગ કરી સર્વપ્રકારે ભગવાનની ભક્તિ કરી લેવી.

અને વળી ભાગવતમાં કથા છે કે- મુચુકુંદ રાજા દેવતાઓ પાસેથી નિદ્રાનું વરદાન પ્રાપ્ત કરીને આ પૃથ્વી ઉપર રૈવતાચળ પર્વતની ગુફામાં સૂતા હતા. તે સમયે કાળયવન ભગવાન શ્રીકૃષ્ણની પાછળ થયો એટલે ભગવાન શ્રીકૃષ્ણ આગળ આગળ દોડયા. અને રૈવતાચળ પર્વતની ગુફામાં જ્યાં મુચુકુંદ રાજા સૂતા હતા, ત્યાં પોતાની કાંમળી મુચુકુંદ રાજાને ઓઢાડી દીધી, અને પોતે ત્યાં અદૃશ્ય થઈ ગયા. આ બાજુ કાળયવને પણ એ ગુફાની અંદર પ્રવેશ કર્યો. અને એક પુરુષને કાંમળી ઓઢીને સૂતેલો જોયો. એટલે કાળયવને વિચાર કર્યો કે, આ જે સૂતેલો છે એ શ્રીકૃષ્ણ જ છે. એમ માની કાળયવને તેને એક લાત મારી. એટલે મુચુકુંદ રાજા જાગીને જ્યાં કાળયવનની સામું જોયું ત્યાં તો કાળયવન બળીને ભસ્મ થઈ ગયો. કારણ કે મુચુકુન્દ રાજાએ દેવતાઓ પાસેથી વરદાન મેળવેલું હતું કે, મને કોઈ નિદ્રામાંથી જગાડે અને એની સામું જો હું જોઉં, તો એ બળીને ભસ્મ થઈ જાય.

આ બાજુ કાળયવનનું મૃત્યુ થતાં ભગવાન શ્રીકૃષ્ણ ફરીવાર દૃશ્યરૂપે થયા, અને કોમળ ચરણે ગુફામાં ફરવા લાગ્યા. તે સમયે મુચુકુંદ રાજાએ ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું કે- ''તમો કોણ છો ?'' ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે- પહેલાં તમે તમારું વૃતાંત કહો. પછી હું મારું વૃતાંત કહીશ. તે સમયે મુચુકુંદ રાજાએ સમગ્ર પોતાનું વૃત્તાંત કહ્યું, અને ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાનું વૃત્તાંત કહ્યું. એ સાંભળીને મુચુકુંદ રાજાએ ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરેલી છે કે- ''लब्ध्वा जनो दुर्लभमत्र मानुषं कथञ्चिदव्यङ्गमयत्नतोऽनघ । पादारविन्दं न भजत्यसन्मति र्गृहान्धकूपे पतितो यथा पशुः'' ॥ इति ॥ હે પ્રભુ ! સર્વે હસ્ત, ચરણ આદિક અવયવોથી સંપન્ન, અનેક જન્મોને અંતે કેવળ તમારી કૃપાથી જ પ્રાપ્ત થયેલા એવા જે દુર્લભ મનુષ્ય જન્મને પામીને જે પુરુષો તમારા ચરણકમળનું ભજન કરતા નથી, તે પુરુષો ખરેખર સંસારરૂપી અંધારા કૂવામાં જ પડેલા છે. એ કાંઈ દેખતા જ નથી. અને એમને કાંઈ ભાન જ નથી. જો ભાન હોય તો ભગવાનનું ભજન કરે. અને જો ભગવાનનું ભજન નથી કરતા તો એ ભાન વિનાના જ છે. અને સંસારરૂપી ઘોર અંધારા કૂવામાં પડેલા જ છે. આ પ્રમાણે જ્યાં મુચુકુંદ રાજાએ ભગવાનની સ્તુતિ કરેલી છે. ત્યાં પણ ભગવાનની ભક્તિ નહિ કરનારા પુરુષોને મોટા અનર્થની પ્રાપ્તિ કહેલી છે.

અને વળી ભાગવતમાં કહેલું છે કે- આ પૃથ્વી ઉપર મહા મહેનતે મોક્ષના સાધનરૂપ એવા મનુષ્ય શરીરને પામી કરી, જે પુરુષો કેવળ વિષયોને વિષે જ આસક્ત થાય છે, અને ભગવાનનું ભજન કરતા નથી તે પુરુષો ખરેખર છેતરાયેલા છે. અને તે પુરુષોને શાસ્ત્રમાં આત્મહત્યારા કહેલા છે. કારણ કે તે પુરુષો ભગવાનનું ભજન નહિ કરીને પોતાના આત્માને અધોગતિમાં નાખનારા છે. માટે આ પૃથ્વી ઉપર સર્વે બીજાં કાર્યોનો જે આદર તેનો ત્યાગ કરીને, સર્વપ્રકારે ભગવાનની ભક્તિ કરવી, કારણ કે ભક્તિ સિવાય બીજું કાંઈપણ કલ્યાણકારી સાધન નથી. ભક્તિ છે એજ સાક્ષાત્ કલ્યાણને કરનારી છે. બીજાં જે દાન, વ્રત, તપ, જપ, હોમ, સ્વાધ્યાય અને સંયમ આદિક સાધનો છે, એ સાધનોથી

ભગવાનની ભક્તિ સાધી શકાય છે. અને ભક્તિથી જ મોક્ષ મેળવી શકાય છે. અર્થાત્ બીજાં સાધનોને મોક્ષ સાથે પરંપરા સંબન્ધ છે. પણ ભક્તિનો મોક્ષ સાથે સાક્ષાત્ સંબન્ધ છે. માટે સર્વે સાધનો કરતાં ભક્તિનું ઉત્કૃષ્ટપણું કહેલું છે, આવો અભિપ્રાય છે. ॥૧૧૩॥

**गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् । कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥११४॥**

અને વિદ્યાદિક ગુણવાળા પુરુષના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, જે ભગવાનને વિષે ભક્તિ કરવી અને સત્સંગ કરવો. ભક્તિ અને સત્સંગ વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પુરુષની અંદર વિદ્યાદિક રૂડા ગુણો હોય પણ જો ભક્તિ ન હોય તો એ ગુણો નકામા છે. ભક્તિ અને સત્સંગ વિના કોઈપણ ગુણોની સાર્થકતા નથી. ‘‘प्रायेण भक्तियोगेन सत्सङ्गेन विनोद्धव । नोपायो विद्यते सद्दयङ् प्रायणं हि सतामहम्’’ ॥ इति ॥ ભાગવતમાં શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવજીને કહે છે કે- હે ઉદ્ધવ ! ભક્તિયોગ અને સત્સંગ વિના મોટે ભાગે મોક્ષનો બીજો કોઈ સારો ઉપાય નથી. કારણ કે સત્સંગે કરીને ભક્તિયોગ ઉત્પન્ન થાય છે. અને ભક્તિયોગ વડે જ હું પામવા યોગ્ય છું. અર્થાત્ વિદ્યાદિક ગુણો વડે પરમાત્માની પ્રાપ્તિ શાસ્ત્રોમાં બતાવી નથી. પણ એક જ પરમાત્માની ભકિત વડે જ પરમાત્માની પ્રાપ્તિ શાસ્ત્રોમાં બતાવી છે. અને એ ભક્તિ પણ સત્સંગથી પ્રાપ્ત કરી શકાય છે. તેથી બુદ્ધિમાન પુરુષોની એજ બુદ્ધિ છે, અને ડાહ્યા પુરુષોનું એજ ડહાપણ છે કે, મરણધર્મવાળા અસત્ય શરીરથી પરમાત્માને પ્રાપ્ત કરવા. એક પરમાત્માની પ્રાપ્તિ સિવાય આ લોકની ગમે તેટલી ધન સંપત્તિ પ્રાપ્ત કરે, ગમે તેટલી વિદ્યા પ્રાપ્ત કરે, એ કાંઈ બુદ્ધિમાન પુરુષોની બુદ્ધિ નથી. અને ડાહ્યા પુરુષોનું ડહાપણ નથી. જેમ વિધવા સ્ત્રીને આભૂષણો શોભાડતાં નથી. તેમ ભક્તિ રહિત પુરુષને વિદ્યાદિક રૂડા ગુણો શોભાડતા નથી. ‘‘तत्कर्म हरितोषं यत् सा विद्या तन्मति र्यया’’ ॥ इति ॥ આ ભાગવતના વાક્યમાં પ્રતિપાદન કરેલું છે કે- તે જ કર્મ છે કે, જે કર્મથી ભગવાન પ્રસન્ન થાય. કર્મ કરવા છતાં જો ભગવાન પ્રસન્ન થાય નહિ, તો એ કર્મ નથી પણ અકર્મ જ છે. એજ રીતે તેજ વિદ્યા છે કે, જે વિદ્યાથી ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન થાય. વિદ્યા પ્રાપ્ત કરવા છતાંપણ જો ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન ન થાય તો, એ વિદ્યા નથી પણ અવિદ્યા જ છે. અને જો ભક્તિ ઉત્પન્ન ન થાય તો એ વિદ્યા નિરર્થક કહેલી છે. માટે ખૂબ પરિશ્રમ કરીને પ્રાપ્ત કરેલી વિદ્યાનું એજ ફળ ઋષિઓએ કહેલું છે કે, જે વિદ્યાથી ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન થાય. અને જો ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન ન થાય તો તેના પરિશ્રમનું કાંઈ પણ ફળ નથી. તેણે પરિશ્રમ કર્યો એજ એનું ફળ છે. ‘‘शब्दब्रह्मणि निष्णातो न निष्णायात् परे यदि । श्रमस्तस्य श्रमफलो ह्यधेनुमिव रक्षतः’’ ॥ इति ॥ આ ભાગવતના શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવજી પ્રત્યે કહે છે કે- હે ઉદ્ધવ ! જેમ વિયાએલી ગાય વસુકી જઈને દૂધ ન આપતી હોય, તેવી ગાયનું રક્ષણ કરનાર મનુષ્યને કેવળ ગાયની રક્ષા કરવાનો પરિશ્રમ જ ફળરૂપે મળે છે, પણ પરિશ્રમનું ફળ દૂધ મળતું નથી. તેમ જે પુરુષ શાસ્ત્રોમાં નિષ્ણાત હોય, છતાં જો પરબ્રહ્મ પરમાત્માના જ્ઞાન દ્વારા ભક્તિ સંપાદન કરવામાં નિષ્ણાત ન હોય, તેને શાસ્ત્ર ભણવામાં જે પરિશ્રમ થયો હોય એજ ફળરૂપે મળે છે. પણ ખરો પુરુષાર્થ જે મોક્ષ ફળરૂપે મળતો નથી. અર્થાત્ શાસ્ત્ર અભ્યાસનું ફળ મોક્ષ જ હોવું જોઈએ. એજ કારણથી કહેલું છે કે, વિદ્યાદિક ગુણવાળા પુરુષના ગુણવાનપણાનું પરમ ફળ ભગવાનને વિષે ભક્તિ અને સત્સંગ જાણવો.

અને વળી ભક્તિ અને સત્સંગ વિના તો જાણે અજાણે સ્ત્રી, પુત્ર અને ધનાદિકને વિષે આસક્ત થયેલા પુરુષો ભલે વેદશાસ્ત્રને ભણેલા હોય છતાં ‘‘अधः यान्ति’’ ॥ इति ॥ વિદ્વાન પુરુષો ‘‘અધઃ’’ એટલે મનુષ્યથી નીચયોનિને પામે છે. અથવા તો નરકને પામે છે. સ્કંદપુરાણમાં પ્રતિપાદન કરેલું છે કે- ‘‘यद्यन्ते नीयते याम्यैर्दूतैर्भक्तिं विना हरेः’’ ॥ इति ॥ પોતે અતિ પરિશ્રમથી વિદ્યાદિક ગુણો સંપાદન કર્યા હોય, છતાંપણ જો ભગવાનમાં ભક્તિ ન હોય, અને કેવળ સ્ત્રી, ધનાદિકને વિષે આસક્ત થયેલા હોય, આવા પુરુષોને તો યમદૂતો યમલોકને વિષે લઈ જાય છે.

અને વળી ભાગવતમાં પ્રહ્લાદજીએ પણ કહેલું છે કે- ‘‘विद्वानपीत्थं दनुजाः कुटुम्बं पुष्णन् स्वर्लोकाय न कल्पते वै’’ ॥ इति ॥ હે દૈત્ય બાળકો ! પુરુષ પોતે જાણતો હોય કે ભગવાનની ભક્તિ કરવાથી જ કલ્યાણ થાય છે. અને વેદશાસ્ત્રના પારને પામેલો હોય છતાંપણ અજ્ઞાનીની પેઠે જો કેવળ પોતાના કુટુંબનું જ પોષણ કરે છે, અને સ્ત્રી, ધનાદિકને વિષે આસક્ત થાય છે, તો એ પુરુષ મોક્ષને માટે કલ્પાતો નથી, પરંતુ નરકને માટે જ કલ્પાય છે. વળી વેદો પણ એનું રક્ષણ કરી શકતા નથી. જેમ પક્ષીનાં બચ્ચાં હોય તેમને જ્યારે પાંખો આવે છે ત્યારે માળાનો ત્યાગ કરી દે છે. તેમ પુરુષ ભલે વેદ ભણેલો હોય, પણ જો પુરુષની ભક્તિ ન હોય અને કેવળ સ્ત્રી, ધનાદિકને વિષે જ આસક્ત થયેલો હોય, તો તે પુરુષને અંતકાળે વેદો પણ ત્યાગ કરી દે છે. અર્થાત્ વેદો એનું રક્ષણ કરી શકતા નથી. માટે જ ભક્તિ અને સત્સંગ વિના તો વિદ્વાનો હોય એ પણ અધોગતિને જ પામે છે, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૧૧૪॥

कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमापि च । न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥११५॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના અવતારો તે ધ્યાન કરવા યોગ્ય છે. તથા શ્રીકૃષ્ણની જે પ્રતિમાઓ એ પણ ધ્યાન કરવા યોગ્ય છે, માટે એમનું ધ્યાન કરવું. અને મનુષ્ય, દેવાદિક જીવો ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી. માટે એમનું ધ્યાન ન કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શાસ્ત્રોમાં જ્યાં જ્યાં ધ્યાનનું પ્રકરણ આવે છે, ત્યાં ત્યાં સર્વત્ર ભગવાનના સ્વરૂપોનું જ ધ્યાન કરવાનો ઉપદેશ કરેલો છે. શાસ્ત્રમાં ભગવાનનાં પાંચ સ્વરૂપો પ્રતિપાદન કરેલાં છે- ‘‘પર સ્વરૂપ, વ્યૂહ સ્વરૂપ, વિભવ સ્વરૂપ, અંતર્યામિ સ્વરૂપ, અને પ્રતિમા સ્વરૂપ’’.

આ પાંચ પરમાત્માના સ્વરૂપોને મધ્યે જે પરમાત્માનું સ્વરૂપ અક્ષરધામમાં રહેલું છે. રાધા, લક્ષ્મી આદિક અનંતકોટી મુક્તો જેની સેવા કરી રહ્યા છે. એ પરમાત્માનું પર સ્વરૂપ કહેવામાં આવે છે. પર સ્વરૂપ આપણાં ઈન્દ્રિયો અને અંતઃકરણથી અગોચર છે. અર્થાત્ ઈન્દ્રિયો અને અંતઃકરણથી ગ્રહણ કર્યામાં આવતું નથી. જેમ સૂર્યદેવે પોતાની કિરણો દ્વારા ગ્રહણ કરેલું જળ આકાશમાં વરાળરૂપે રહેલું છે. એ જળ આપણાં ઈન્દ્રિયો અને અંતઃકરણથી અગોચર છે. તેથી એ જળ ઈન્દ્રિયોથી ગ્રહણ કરી શકાતું નથી. અને આકાશમાં વરાળરૂપે રહેલું જળ, મનુષ્યને પીવા કે વસ્ત્ર ધોવા માટે ઉપયોગમાં આવી શકતું નથી. તેમ અક્ષરધામમાં રહેલું જે પરમાત્માનું પર સ્વરૂપ છે, એ ઈન્દ્રિયો અને અંતઃકરણથી અગોચર છે. છતાં શાસ્ત્રોમાં બતાવેલાં ચિહ્નો ઉપરથી ધ્યાન થઈ શકે છે. પણ એ પર સ્વરૂપ મનુષ્યોને સેવા, પૂજા તથા દર્શનાદિકના ઉપયોગમાં આવી શકતું નથી, કે જે રીતે આકાશમાં વરાળરૂપે રહેલું જળ ઉપયોગમાં આવી શકતું નથી.

અને જેમ આકાશમાં વરાળરૂપે રહેલું જળ વાદળાંના રૂપમાં ઉત્પન્ન થાય છે, છતાં તે જળ પણ મનુષ્યોને પીવા કે વસ્ત્ર ધોવા માટે કામ આવતું નથી. એજ રીતે અક્ષરધામમાં રહેલું પર સ્વરૂપ છે, એ પર સ્વરૂપ આ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પલયરૂપી કાર્યને માટે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અને અનિરૂદ્ધ આ ચતુર્વ્યૂહ રૂપે પ્રગટ થાય છે. છતાં આ ચતુર્વ્યૂહ સ્વરૂપ પૃથ્વી પરના મનુષ્યોને સેવા, પૂજા તથા દર્શનાદિકના ઉપયોગમાં આવી શકતું નથી. જે આકાશમાં વાદળાંરૂપે જળ ઉત્પન્ન થયું હોવા છતાં ઉપયોગમાં આવી શકતું નથી. એ ચતુર્વ્યૂહ સ્વરૂપનું સેવન બ્રહ્માદિક ઈશ્વરો જ કરી શકે છે.

અને જેમ વાદળાંરૂપે આકાશમાં રહેલું જળ આ પૃથ્વી ઉપર અવતરે છે, તેમ પરમાત્મા ધર્મનું રક્ષણ કરવા આ પૃથ્વી ઉપર રામકૃષ્ણાદિક રૂપે અવતરે છે. આ રામકૃષ્ણાદિક જે અવતારો છે તેને પરમાત્માનું વિભવ સ્વરૂપ કહેવામાં આવે છે. જેમ વરસાદનું જળ હમેશને માટે

ઉપયોગમાં આવતું નથી. પરંતુ મનુષ્યો એ જળનો સંગ્રહ કરીને ઉપયોગ કરી શકે છે. અને પછીના સમયમાં તો એ જળ વહીને સમુદ્રમાં ચાલ્યું જાય છે. તેમ પરમાત્માના આ પૃથ્વી ઉપર જ્યારે રામકૃષ્ણાદિક અવતારો થાય છે, ત્યારે જે મનુષ્યો આ પૃથ્વી ઉપર હાજર હોય એ મનુષ્યો અવતારોનું ધ્યાન, સેવા, પૂજા વિગેરે કરી શકે છે. અને પછીના સમયમાં તો એ અવતારો ચાલ્યા ગયા હોય છે. તો આ પૃથ્વી ઉપર અવતરેલું પરમાત્માનું વિભવ સ્વરૂપ સદાયને માટે સર્વે મનુષ્યોને તે રીતે દર્શનાદિકમાં ઉપયોગી નથી, કે જે રીતે આકાશમાંથી અવતરેલું જળ સદાયને માટે બધા મનુષ્યોને ઉપયોગી નથી.

હવે આવ્યું પરમાત્માનું ચોથું અંતર્યામિ સ્વરૂપ, કે જે અંતર્યામિ સ્વરૂપ સર્વેના હૃદયમાં રહેલું છે. તે પાતાળમાં રહેલા જળની સમાન છે. પાતાળમાં રહેલું જળ જેમ પૃથ્વીમાંથી બહાર ઉદ્ધાર્યા સિવાય મનુષ્યોને ઉપયોગમાં આવી શકતું નથી. અતિ પરિશ્રમે કરીને જ્યારે કૂવાદિકનું નિર્માણ કરવામાં આવે, અને પછી યંત્રાદિકે કરીને પાણીને પાતાળમાંથી બહાર ઉદ્ધારવામાં આવે, ત્યારે જ મનુષ્યો જળનો ઉપયોગ કરી શકે છે. એજ રીતે હૃદયમાં રહેલા પરમાત્માના અંતર્યામિ સ્વરૂપને જ્યારે યોગાદિક સાધનો વડે પ્રગટ કરવામાં આવે. ત્યારે જ એ અંતર્યામિ સ્વરૂપ મનુષ્યોને દર્શન ધ્યાનાદિકમાં ઉપયોગી થઈ શકે છે.

હવે પાંચમા પ્રતિમાસ્વરૂપે જે પરમાત્મા છે, એતો હાથમાં રહેલા જળના પ્યાલાની સમાન છે. હાથમાં રહેલું જળ જ્યારે પીવાની ઈચ્છા થાય ત્યારે પી શકાય છે. તેમ મૂર્તિરૂપે રહેલા પરમાત્માનું દર્શન, ધ્યાન, સેવા, પૂજાદિક જ્યારે ઈચ્છા થાય ત્યારે કરી શકાય છે. ધાતુપાષણની જે પ્રતિમા હોય, તેમની જ્યારે વેદ વિધિથી પ્રતિષ્ઠા કરવામાં આવે છે, ત્યારે એ સાક્ષાત્ પરમાત્માનું સ્વરૂપ કહેવામાં આવે છે. આ પ્રમાણે પરમાત્માનાં પાંચ સ્વરૂપો શાસ્ત્રમાં વર્ણવેલાં છે. આ પાંચ સ્વરૂપોમાં અક્ષરધામની અંદર રહેલું જે પરમાત્માનું પરસ્વરૂપ છે. અને બીજું જે વાસુદેવાદિ ચતુર્વ્યૂહ સ્વરૂપ છે. આ બન્ને પરમાત્માનાં સ્વરૂપો ઈન્દ્રિયો અને અંતઃકરણથી અગોચર છે, છતાં શાસ્ત્રોમાં બતાવેલાં લક્ષણો અથવા ચિહ્નો ઉપરથી એ બન્ને પરમાત્માના સ્વરૂપોનું ધ્યાન તો થઈ શકે છે. પણ એ સ્વરૂપનાં સાક્ષાત્ દર્શનાદિક થઈ શકતાં નથી.

અને ત્રીજું રામકૃષ્ણાદિક અવતારો રૂપ જે પરમાત્માનું વિભવસ્વરૂપ છે. એ સાક્ષાત્ ઈન્દ્રિયો અને અંતઃકરણને ગોચર હોય છે. તેથી વિભવસ્વરૂપનું ધ્યાન દર્શનાદિક થઈ શકે છે. પણ સર્વે મનુષ્યો એ સ્વરૂપનાં દર્શન ધ્યાનાદિક કરી શકતા નથી. એ સમયે જે મનુષ્યો આ પૃથ્વી ઉપર હાજર હોય, અને અવતારોને મળી ચૂકેલા હોય, એ દર્શન, ધ્યાનાદિકનું સુખ લઈ શકે છે. પછીના જે મનુષ્યો હોય, એ તો રામકૃષ્ણાદિક અવતારોની જે પ્રતિમાઓ પ્રસ્થાપિત કરેલી હોય, એ પ્રતિમાઓ દ્વારા અવતારસ્વરૂપ પરમાત્માનાં દર્શન, ધ્યાનાદિકનું સુખ મેળવી શકે છે. અને એ પ્રતિમાઓ સાક્ષાત્ ભગવાનના અવતારોનું જ પ્રતીક હોવાથી હમેશને માટે ધ્યાન કરવા યોગ્ય છે. માટે મૂળસ્વરૂપ જે ભગવાન શ્રીકૃષ્ણ, શાસ્ત્રમાં બતાવેલાં લક્ષણો અને ચિહ્નોના આધારે ધ્યાન કરવા યોગ્ય છે. અને મૂળસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણના જે રામ, નૃસિંહ, વરાહ, વામનાદિક જે અવતારો એ પણ શાસ્ત્રમાં બતાવેલાં લક્ષણો અને ચિહ્નોના આધારે ધ્યાન કરવા યોગ્ય છે. તથા ધાતુ પાષાણની અવતારોની જે પ્રતિમાઓ હોય, એ પ્રતિમાઓની અંદર ધાતુભાવ કે પથ્થરભાવનો ત્યાગ કરી, પ્રત્યક્ષ પરમાત્માની ભાવના પ્રગટ કરીને હમેશને માટે એ પ્રતિમાઓ ધ્યાન કરવા યોગ્ય છે, આ પ્રમાણે સર્વત્ર ધ્યાન પ્રકરણમાં પ્રતિપાદન કરેલું છે. એ સિવાય દેવ, મનુષ્યાદિક જીવો ભલે બ્રહ્મની સાથે સાધર્મ્યપણાને પામેલા હોય, છતાં એ ધ્યાન કરવા યોગ્ય નથી. શાસ્ત્રોમાં જ્યાં ધ્યાનનું પ્રકરણ આવે ત્યાં સર્વત્ર દેવ, મનુષ્યાદિ જીવોનું ધ્યાન કરવાનો નિષેધ જ કરેલો છે. કેમ કે- ''आब्रह्मस्तम्बपर्यन्ता जगदन्तर्व्यवस्थिताः । प्राणिनः कर्मजनितसंसारवशवर्तिनः ॥ यतस्ततो न ते ध्याने ध्यानिनामुपकारकाः । अविद्यान्तर्गताः सर्वे ते हि संसारगोचराः'' ॥ इति ॥ વિષ્ણુધર્મમાં પ્રતિપાદન કરેલું છે કે- તૃણથી આરંભીને બ્રહ્મા પર્યંતનાં સર્વે પ્રાણીઓ

પરમાત્માની મહાન શક્તિરૂપ જે માયા તેને વશ વર્તનારા છે. માટે દેવાદિક કોઈપણ જીવો ધ્યાનમાં ઉપકારક નથી. કારણ કે બ્રહ્માદિક ઈશ્વરો પણ સંસારમાં જ ભ્રમણ કરનારા છે. તેથી એ સર્વને બદ્ધ કહેલા છે. માટે બદ્ધજીવોનું ધ્યાન કરવાથી તો બદ્ધપણાની જ પ્રાપ્તિ થાય, પણ મોક્ષની પ્રાપ્તિ ક્યારેય પણ થાય નહિ. માટે દેવ, મનુષ્યાદિક જીવો સર્વપ્રકારે ધ્યાન કરવા યોગ્ય નથી.

હવે અહીં પ્રતિવાદી શંકા ઉપસ્થિત કરતાં કહે છે કે- દેવ, મનુષ્યાદિક જે જીવો છે, એ માયાને જ વશ વર્તનારા છે, તેથી એ સર્વે બદ્ધ છે, અને બદ્ધજીવોનું ધ્યાન થઈ શકે નહિ, આમ જે કહ્યું છે, તે બરાબર છે. પણ જે જીવો મુક્ત થઈને ભગવાનના ધામને પામેલા હોય, એવા મુક્ત જીવોનું ધ્યાન કરવામાં શું દોષ છે ?

આના ઉત્તરમાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી પ્રમાણ ઉપસ્થિત કરતાં કહે છે કે- ''पश्चादुद्भूतबोधाश्च ध्याने नैवोपकारकाः । नैसर्गिको न वै बोधस्तेषामप्यन्यतो यतः'' ॥ इति ॥ પૂર્વે સંસારમાં બંધાયેલા જ હોય, અને પછીથી ભગવાનની ઉપાસનાદિકે કરીને મુક્ત થયા હોય, આવા મુક્તો પણ ધ્યાનમાં ઉપકારક નથી. કારણ કે એ મુક્તો સ્વાભાવિક શુદ્ધ નથી, પછીથી ઉપાસનાદિકે કરીને શુદ્ધ થયા છે. માટે મુક્તોનું પણ ધ્યાન કરવું નહિ.

અને વળી પ્રતિવાદી શંકા ઉપસ્થિત કરતાં કહે છે કે- પાછળથી જે મુક્ત દશાને પામેલા હોય, એ મુક્તોનું ધ્યાન ન કરવું એ બરાબર છે. પણ જે સદાયને માટે મુક્ત જ છે, આ સંસારમાં ક્યારેય પણ આવેલા નથી તેથી એ સ્વાભાવિક શુદ્ધ છે. આવા નિત્યમુક્તોનું ધ્યાન કરવામાં શું દોષ છે ?

આના ઉત્તરમાં શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- નિત્યમુક્તો સ્વાભાવિક શુદ્ધ છે, છતાં પણ એ નિત્ય મુક્તોનું સ્વરૂપ, સ્થિતિ અને પ્રવૃત્તિ સદાયને માટે પરમાત્માને આધીન છે. એ નિત્યમુક્તો પણ સ્વતંત્ર નથી. માટે પરતંત્ર એવા નિત્ય મુક્તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી. ''तस्मात्तदमलं ब्रह्मैवध्येयम्'' ॥ इति ॥ સ્વાભાવિક શુદ્ધ અને સ્વતંત્ર એક જ પરમાત્મા છે. માટે પરમાત્મા જ ધ્યાન કરવા યોગ્ય છે. અને પરમાત્માના પ્રતીકરૂપ જે પ્રતિમાઓ છે, એ પણ ધ્યાન કરવા યોગ્ય છે. માટે એમનું ધ્યાન કરવું, પણ એ સિવાય કોઈ દેવાદિકનું ધ્યાન કરવું નહિ. તેમાં પણ ધ્યાનના ત્રણ પ્રકારો છે- સાઙ્ગધ્યાન, સલીલ ધ્યાન અને સપાર્ષદ ધ્યાન. તેમાં પરમાત્માના એક એક અઙ્ગનું જે ધ્યાન કરવું, તેને સાઙ્ગધ્યાન કહેવામાં આવે છે. અને પરમાત્માએ જે જે લીલાઓ કરી હોય, એ લીલાઓની સાથે જે પરમાત્માનું ધ્યાન કરવું, એ સલીલ ધ્યાન કહેવામાં આવે છે. અને મુક્તોએ સહિત જે પરમાત્માનું ધ્યાન કરવું, તેને સપાર્ષદ ધ્યાન કહેવામાં આવે છે. આમાં મુક્તોની સાથે ભગવાનનું ધ્યાન કરવામાં કોઈ દોષ નથી. પણ એકલા મુક્તોનું ધ્યાન કરવું નહિ. કારણ કે મુક્તોની સાથે જે ભગવાનનું ધ્યાન છે, તેમાં પ્રધાનતા ભગવાનની જ હોય છે. અર્થાત્ એ ધ્યાનમાં ધ્યેય તત્ત્વ તો પરમાત્મા જ હોય છે. બીજા મુક્તો તો ભગવાનની સાથે સેવકરૂપે હોય છે. તેથી સપાર્ષદ ધ્યાન થઈ શકે છે, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૧૧૫॥

**निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥११६॥**

અને અમારા આશ્રિતો હોય તેમણે, સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ દેહો થકી વિલક્ષણ એવા પોતાના આત્માની બ્રહ્મરૂપની ભાવના કરીને, બ્રહ્મરૂપ આત્મા દ્વારા શ્રીકૃષ્ણ ભગવાનની સર્વપ્રકારે ભક્તિ કરવી.

શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે- ભક્તિ બે પ્રકારની છે. એક સાધન ભક્તિ અને બીજી સાધ્યભક્તિ. દેહભાવથી યુક્તપણે જે શ્રવણ, કીર્તનાદિક નવ પ્રકારની ભક્તિ કરવામાં આવે, તેને સાધન ભક્તિ કહેલી છે. અને આત્મભાવથી

યુક્ત બ્રહ્મરૂપ થઈને જે ભગવાનની આરાધના કરવામાં આવે, એ સાધ્ય ભક્તિ કહેલી છે. આ સાધ્ય ભક્તિ કાંઈ આ શિક્ષાપત્રીનો શ્લોક વાંચતાની સાથે કે સાંભળતાંની સાથે આવી શક્તી નથી. કારણ કે અનાદિ કાળથી આ જીવાત્માનો દેહની સાથે એક મેક થઈને રહેવાનો અભ્યાસ થયેલો છે. તેથી જીવાત્માને દેહભાવથી રહિત થવું એ બહુ જ કઠીન છે. છતાં સાધન ભક્તિ કરતાં કરતાં ધીરે ધીરે જ્યારે શુદ્ધિ થાય છે. ત્યારે જ દેહભાવ છુટવા માંડે છે, અને આત્મભાવ દૃઢ થવા માંડે છે. અને જ્યારે આત્મભાવ દૃઢ થાય છે ત્યારે જ બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે. અર્થાત્ જીવાત્માની અંદર બ્રહ્મના ''अपहतपाप्मत्वादि'' ગુણોનો આવિર્ભાવ થાય છે. અને જ્યારે જીવાત્માની અંદર બ્રહ્મના ગુણોનો આવિર્ભાવ થાય છે, ત્યારે જીવાત્મા બ્રહ્મની સમાન ગુણવાળો થાય છે, પણ બ્રહ્મ જ થઈ જતો નથી. કેટલાકનું માનવું છે કે- જીવ જ બ્રહ્મ (ભગવાન) થઈ જાય છે. તેથી બ્રહ્મ થયા પછી કોઈની ભક્તિ કરવાની રહેતી નથી. આ વાતનું શ્રીજીમહારાજે ખંડન કરેલું છે કે, બ્રહ્મરૂપ થઈને એટલે અક્ષરબ્રહ્મસ્વરૂપ થઈને પણ પરબ્રહ્મની ભક્તિ કરવી. અર્થાત્ જે સાધ્ય ભક્તિ છે એ તો બ્રહ્મરૂપ થયા પછી જ પ્રાપ્ત થાય છે. જેને પ્રેમલક્ષણા ભક્તિ પણ કહેવામાં આવે છે.

દેહાભિમાનની સાથે ભગવાનની ભક્તિ કરવામાં ઘણાં બધાં વિઘ્નો રહેલાં છે. કારણ કે કામ, ક્રોધ, લોભ એ આદિક અનેક દોષો દેહાભિમાનને અનુસરીને જ રહેલા છે. તેથી એ સર્વે દોષો ભગવાનની ભક્તિ કરવામાં આવરણરૂપ છે. એજ કારણથી દેહાભિમાની પુરુષને સર્વે દોષો શાન્તિથી ભગવાનની ભક્તિ કરવા દેતા જ નથી. અને દેહાભિમાની પુરુષને જરા દેહની અંદર દુઃખ આવે એટલે તરત જ ભક્તિ મોળી પડી જાય છે. પણ આત્મભાવથી યુક્ત જે ભક્તિ છે, એ ભક્તિ તો મોટાં મોટાં વિઘ્નો વડે પણ પરાભવ પામતી નથી. માટે આત્મા ઉપર દેહાભિમાનરૂપ જે કવચ રહેલું છે, એ કવચને હટાવીને ભગવાનની ભક્તિ કરવી. આ પ્રમાણે બ્રહ્મ થઈને પરબ્રહ્મની ભક્તિ કરવી એજ સર્વે શાસ્ત્રનું રહસ્ય છે. યોગાદિક સાધનો વડે આત્માનો યથાર્થ અનુભવ કરીને બ્રહ્મરૂપ થયેલા આત્મા દ્વારા ભગવાનની ભક્તિ હમેશાં કરવી. બ્રહ્મ થઈને જે પરબ્રહ્મની ભક્તિ કરે છે, તેને શ્રીકૃષ્ણ ભગવાને ઉત્તમ ભક્ત કહેલો છે.- ''चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन । आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥ तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते । प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः'' ॥ इति ॥ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે- હે અર્જુન ! પૂણ્યશાળી એવા ચાર પ્રકારના જનો મને ભજે છે. આર્ત, અર્થાર્થી, જીજ્ઞાસુ અને જ્ઞાની.

તેમાં પોતાને એકવાર કાંઈક ઐશ્વર્ય પ્રાપ્ત થયેલું હોય, અને પછી એ ઐશ્વર્ય દેશકાળના યોગે નાશ પામી ગયું હોય. તો તેને ફરીવાર પ્રાપ્ત કરવાને માટે દુઃખથી યુક્ત થઈને, જે ભગવાનની ભક્તિ કરતો હોય તેને આર્ત કહેવાય છે.

પૂર્વે ક્યારેય નહિ પ્રાપ્ત થયેલા ઐશ્વર્યને કે સ્વર્ગાદિકના સુખને મેળવવાને માટે ભગવાનની ભક્તિ કરતો હોય તેને અર્થાર્થી કહેવાય છે.

અને જે કેવળ પોતાના સ્વરૂપને અર્થાત્ આત્મસ્વરૂપને જોવા માટે ભગવાનની ભક્તિ કરતો હોય તેને જીજ્ઞાસુ કહેવાય છે.

અને જે પુરુષ કેવળ ભગવાનને રાજી કરવા માટે નિષ્કામ ભાવથી બ્રહ્મ થઈને પરબ્રહ્મની ભક્તિ કરતો હોય તેને જ્ઞાની કહેવાય છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે- આ રીતે ચાર પ્રકારના ભક્તો મને ભજે છે. તેમાં જ્ઞાની ભક્ત નિત્ય મારી સાથે જોડાયેલો રહે છે. અને બીજા જે ત્રણ ભક્તો છે, એતો જ્યાં સુધી પોતાનો સ્વાર્થ સિદ્ધ ન થાય ત્યાં સુધી જ જોડાયેલા રહે છે. અને સ્વાર્થ સિદ્ધ થતાંની સાથે મને છોડી દે છે. અને વળી જ્ઞાનીને ''एक भक्तिं'' એક જ મારે વિષે ભક્તિ છે. જ્યારે બીજા ત્રણ ભક્તોને પોતપોતાના સ્વાર્થમાં ભક્તિ છે. અર્થાત્ પોતપોતાના ઈચ્છિત પદાર્થોમાં ભક્તિ છે. અને તેને મેળવવા માટે મારી ભક્તિ કરે છે. આ પ્રમાણે બીજા ત્રણ ભક્તોને મારી સાથે પરંપરા સંબન્ધ છે. અને જ્ઞાનીને તો સાક્ષાત્ સંબન્ધ છે. માટે જ્ઞાની ભક્ત શ્રેષ્ઠ કહેલો છે. આ પ્રમાણે ત્રણે દેહના ભાવથી પૃથક્ થઈને કેવળ ભગવાનની પ્રસન્નતાને માટે જ જે

ભગવાનને ભજતો હોય, તેનાથી કોઈપણ ઉત્તમ ભક્ત શાસ્ત્રોમાં કહેલો નથી. માટે મારા આશ્રિતો હોય, તેમણે દેહના ભાવથી રહિત એવા પોતાના આત્માની બ્રહ્મરૂપની ભાવના કરી અને બ્રહ્મરૂપે કેવળ ભગવાનની પ્રસન્નતાને માટે, હમેશાં ભગવાનની ભક્તિ કરવી, આવું તાત્પર્ય છે. ॥૧૧૬॥

श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् । प्रत्यहं वा सकृद्वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ॥११७॥

અને મારા આશ્રિતો હોય તેમણે, શ્રીમદ્‌ભાગવતનો દશમસ્કન્ધ પ્રતિદિન આદર પૂર્વક સાંભળવો. અથવા વર્ષે એકવાર સાંભળવો. અને પંડિત હોય તેમણે પ્રતિદિન વાંચવો અથવા વર્ષે એકવાર વાંચવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પૂર્વે ભગવાનની ભક્તિ કરવાનું જે વિધાન કરેલું છે, એ ભક્તિની પુષ્ટિ ભાગવતના દશમસ્કંધ થકી થાય છે. ભાગવતની અંદર મનુષ્યોથી ન બની શકે એવી અનેક આશ્ચર્યકારી ઘટનાઓ વર્ણવેલી છે. રમતમાત્રમાં ભગવાન શ્રીકૃષ્ણે કંસાદિક અસુરોનો નાશ કરેલો છે. અને શરદ ઋતુની રાત્રીઓને વિષે ભગવાન શ્રીકૃષ્ણે ગોપીઓની સાથે વૃન્દાવનમાં વિહાર કર્યો છતાં પોતાનું વીર્ય સ્ખલિત થવા દીધું નહિ. અર્થાત્ ઉર્ધ્વરેતા બ્રહ્મચારી રહ્યા. અને બ્રહ્માજી જ્યારે વાછરડાં તથા ગોપબાળોને ઉપાડીને સત્યલોકમાં લઈ ગયા, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પોતે પોતાની યોગ શક્તિથી વાછરડાંઓ અને ગોપબાળો રૂપે થઈને, એક વર્ષ પર્યંત વિહાર કર્યો હતો. ઈત્યાદિક અનેક દિવ્ય અને આશ્ચર્યકારી પરમાત્માની લીલાઓ આ દશમસ્કંધમાં વર્ણવેલી છે. તેથી આ દશમસ્કંધનું શ્રવણ કરવાથી પરમાત્માનું અલૌકિક માહાત્મ્ય જાણ્યામાં આવે છે. તેથી ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન થાય છે. અને ત્યારે જ મનુષ્ય પરમાત્માની મહાન શક્તિરૂપ માયાને તરીને બ્રહ્મપદને પામે છે. એજ કારણથી શ્રીજીમહારાજે આ શ્લોકમાં આજ્ઞા કરેલી છે કે, ભક્તજનોએ આદરપૂર્વક એટલે શ્રદ્ધાથી પ્રતિદિન ભાગવતનો દશમસ્કંધ સાંભળવો. શ્રદ્ધા વિના જો સાંભળેલો હોય તો ઈષ્ટ ફળની પ્રાપ્તિ થતી નથી. ‘‘अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतञ्च यत् । असदित्युच्यते पार्थ न च तत् प्रेत्य नो इह’’ ॥ इति ॥ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહેલું છે કે- હે પાર્થ ! શ્રદ્ધા વિના જો હોમ કરેલો હોય, દાન કરેલું હોય, તપ તપેલું હોય, અથવા તો કોઈ પણ કર્મ શ્રદ્ધા વિના જો કરવામાં આવેલું હોય, તો એ સર્વે અસત્ કહેલું છે અને આલોકમાં કોઈપણ ફળ આપનારૂં થતું નથી. અને મરીને પરલોકમાં પણ ફળ આપનાર થતું નથી. માટે આ શ્રીમદ્‌ભાગવતનો દશમસ્કંધ શ્રદ્ધાથી પ્રતિદિન સાંભળવો. અને જે દરરોજ સાંભળવામાં સમર્થ ન હોય, તેમણે દર વર્ષે એકવાર પણ સાંભળવો. અને જે પંડિત હોય અર્થાત્ સંસ્કૃત ગ્રંથનો પાઠ કરવામાં જે સમર્થ હોય, તેમણે પ્રતિદિન દશમસ્કંધ વાંચવો, અને જે પ્રતિદિન વાંચવામાં અસમર્થ હોય, તેમણે વર્ષે વર્ષે એકવાર પણ વાંચવો. કારણ કે આ દશમસ્કંધનું શ્રવણ કરવાથી અને વાંચવાથી સમગ્ર અનર્થોનો નાશ થઈ જાય છે. અને દેહને અંતે ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. આવો શ્રીજીમહારાજનો અભિપ્રાય છે. ॥૧૧૭॥

कारणीया पुरश्चर्या पुण्यस्थानेऽस्य शक्तितः । विष्णुनामसहस्त्रादेश्चापि कार्येप्सितप्रदा ॥११८॥

અને મારા આશ્રિતો હોય તેમણે, પવિત્ર સ્થાનમાં બેસીને આ દશમસ્કંધનું પુરશ્ચરણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું, અથવા કરાવવું. અને એજ રીતે વિષ્ણુસહસ્રનામ આદિક જે સચ્છાસ્ત્ર તેનું પણ પુરશ્ચરણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું અથવા કરાવવું. કારણ કે એ પુરશ્ચરણ મનવાંછિત ફળને આપનારૂં છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ભગવાનનું મંદિર હોય કે પછી ગંગાદિક પવિત્ર નદીઓ હોય, કે કોઈ પવિત્ર પ્રદેશ હોય ત્યાં બેસીને આ દશમસ્કંધનું ૧૦૮ પારાયણો કરવા રૂપ જે પુરશ્ચરણ, તે પોતાના સામર્થ્ય પ્રમાણે બ્રાહ્મણ દ્વારા

કરાવવું. અથવા પોતાની પાઠ કરવામાં સામર્થી હોય તો પોતે જ જાતે કરવું. અને પુરશ્ચરણ પણ અર્થના અનુસંધાનની સાથે અને શ્રદ્ધા પૂર્વક કરવું. કારણ કે શ્રદ્ધા વિના કરાયેલું કોઈપણ કર્મ નિષ્ફળ કહેલું છે.

હવે અહીં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી ભાવ સમજાવતાં કહે છે કે- પોતાની શક્તિ પ્રમાણે પુરશ્ચરણ કરવું. આમ જે શ્રીજીમહારાજે કહ્યું. તે શક્તિની તારતમ્યતા દાન, દક્ષિણાદિકમાં જાણવી. પણ પારાયણોની ન્યૂનતામાં એ શક્તિની તારતમ્યતા જાણવી નહિ. પારાયણો તો ૧૦૮ કરવાથી જ પુરશ્ચરણ પૂર્ણ કર્યું કહેવાય છે. માટે પૂર્ણ ૧૦૮ પારાયણોરૂપ પુરશ્ચરણ કર્યા પછી પોતાની શક્તિ પ્રમાણે બ્રાહ્મણોને દાન દક્ષિણા આપવી. આવો ભાવ છે. અને વળી વિષ્ણુસહસ્રનામ સ્તોત્ર, ભગવદ્‌ગીતા, શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર આદિકનું પણ પુરશ્ચરણ પોતાની શક્તિ પ્રમાણે કરવું અથવા કરાવવું. આવો અભિપ્રાય છે. ॥૧૧૮॥

**दैव्यामापदि कष्टायां मानुष्यां वा गदादिषु । यथा स्वपररक्षा स्यात्तथा वृत्त्यं न चान्यथा ॥११९॥**

અને મારા આશ્રિતો હોય તેમણે, કોઈ સમયે કષ્ટને આપનારી દેવ સંબન્ધી આપત્તિ આવી પડે, તથા મનુષ્ય સંબન્ધી કોઈ આપત્તિ આવી પડે, તથા રોગાદિક આપત્તિ આવી પડે ત્યારે, એ આપત્તિમાં પોતાની અને બીજાની જેમ રક્ષા થાય તેમ વર્તવું . પણ એથી બીજી રીતે વર્તવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આપત્તિમાં ફસાયેલા મનુષ્યોની સેવા કરવી, રક્ષા કરવી, અને આપત્તિમાંથી બહાર નીકળવામાં એકબીજાને મદદરૂપ થવું, આ મનુષ્યોનો પરમ માનવ ધર્મ કહેલો છે. કોઈ સમયે અતિ વૃષ્ટિ થાય, દુષ્કાળ આવી પડે, અને ભૂકંપ થાય, અચાનક અગ્નિ ઉત્પન્ન થાય, ઈત્યાદિક દેવસંબન્ધી આપત્તિઓ કહેવાય છે. તો જ્યારે દેવસંબન્ધી આપત્તિઓ આવી પડે ત્યારે ધર્મ, અધર્મ, નાત, જાત, સ્પર્શ અને અસ્પર્શ જોયા વિના કેવળ પોતાની અને બીજાની રક્ષા થાય એવી રીતે વર્તવું. તેવી જ રીતે રાજકુળના કોઈ મનુષ્ય થકી કાંઈ આપત્તિ આવી પડેલી હોય, કોઈ ચોર ધન લુંટી લેતા હોય, ઈત્યાદિક મનુષ્ય સંબન્ધી આપત્તિઓ કહેવાય છે. તો મનુષ્યો થકી આવતી આપત્તિઓમાં પણ પરસ્પર એક બીજાના દેહાદિકનું રક્ષણ થાય, એ રીતે વર્તવું. પણ એ સમયે જેનાં જેવાં પ્રારબ્ધ એમ સમજીને બેસી રહેવું નહિ. યથાશક્તિ મદદ કરીને બીજાને આપત્તિમાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કરવો, અને પોતાની પણ રક્ષા કરવી. તેવી જ રીતે શરીરમાં કોઈ રોગ આવી પડેલો હોય, શસ્ત્રોના કોઈ ઘા વાગેલા હોય, ઈત્યાદિક આપત્તિને વિષે પણ ઔષધાદિકે કરીને કે કોઈપણ રીતે મદદ કરીને પરસ્પર એક બીજાના દેહાદિકનું રક્ષણ કરવું. પણ પ્રારબ્ધ ઉપર છોડીને બેસી રહેવું નહિ.

ધર્મશાસ્ત્રોમાં આપત્કાળના ધર્મો જુદા લખાયેલા છે, અને સ્વસ્થકાળના ધર્મો પણ જુદા લખાયેલા છે. ''अन्यो धर्मः समस्थस्य विषमस्थस्य चाऽपरः'' ॥ इति ॥ મહાભારતમાં કહેલું છે કે- મનુષ્ય જ્યારે સ્વસ્થ દશામાં રહેલો હોય તે સમયના ધર્મો જુદા છે. અને કોઈપણ આપત્તિમાં આવી પડેલો હોય તે સમયના પણ ધર્મો જુદા છે. આ પ્રમાણે શાસ્ત્રોમાં બન્નેના ધર્મો જુદા જુદા વર્ણવેલા છે. માટે ભગવાનની ભક્તિમાં અનુકુળ એવો જે આ દેહ, તેનું રક્ષણ કરવા માટે આપત્કાળમાં પરધર્મનું આચરણ કરવાની પણ શાસ્ત્રોએ છુટ આપેલી છે. આ વિષયમાં વસિષ્ઠ સ્મૃતિ પ્રમાણરૂપ છે.- ''आत्मनो वा परस्यापि कार्यं रक्षणमापदः । परधर्मानृतास्पृश्यस्पर्शाद्यैरपि भूमिप'' ॥ इति ॥ આ સ્મૃતિનો એ ભાવ છે કે- આપત્કાળમાં પરધર્મનું આચરણ કરીને, ખોટું બોલીને, તથા નહિં સ્પર્શ કરવા યોગ્ય વસ્તુનો સ્પર્શ કરીને પણ, આપત્તિ થકી પોતાનું અને બીજાનું રક્ષણ કરવું જોઈએ. માટે શ્રીહરિનો ભાવ એ છે કે, કોઈપણ આપત્તિના સમયમાં જે રીતે પોતાનું તથા બીજાનું રક્ષણ થાય એ રીતે વર્તવું, પણ એથી બીજી રીતે વર્તવું નહિ. ॥૧૧૯॥

देशकालवयोवित्तजातिशक्त्यनुसारतः । आचारो व्यवहारश्च निष्कृतं चावधार्यताम् ॥१२०॥

અને મારા આશ્રિતો હોય તેમણે, આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત આ ત્રણેનો નિર્ણય દેશ, કાળ, અવસ્થા, જાતિ અને સામર્થ્ય તેને અનુસારે કર્તવ્ય પણે જાણવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શાસ્ત્રોની અંદર ધર્મની બાબતમાં અનેક પ્રકારની છૂટ આપવામાં આવેલી છે. ધર્મ તો માનવના કલ્યાણને માટે હોય છે. તેથી ઋષિમુનિઓએ ધર્મની બાબતમાં કોઈપણ જગ્યાએ જડતા દાખવેલી નથી. આપત્કાળમાં અનેક પ્રકારની છુટો આપવામાં આવેલી છે. અને દેશ કાળને અનુસારે પણ ધર્મની બાબતમાં અનેક અવકાશો રાખવામાં આવેલા છે. ધર્મ આ લોકમાં પણ મનુષ્યોના સુખને માટે હોય છે. તેથી ધર્મની બાબતમાં જો જડતા રાખવામાં આવે તો પછી એ ધર્મ સુખરૂપ રહે નહિ. ઉલ્ટો એ ધર્મ મહાન દુઃખરૂપ બની જાય છે. તેથી શ્રીજીમહારાજ આ ૧૨૦ મા શ્લોકમાં કહે છે કે, પ્રાતઃકાળમાં સ્નાન કરવું, સંધ્યાવંદન કરવું, આદિક આચાર અને ઋણનું લેવું દેવું આદિક વ્યવહાર અને જાણે અજાણે થયેલાં પાપોનું પ્રાયશ્ચિત આ ત્રણેનો જ્યારે કર્તવ્યપણે નિશ્ચય કરવો હોય, ત્યારે દેશ ઉપદ્રવવાળો છેકે પછી ઉપદ્રવથી રહિત છે ? અને દેશ ઠંડો છે કે ગરમ છે ? આ સર્વે જોવું. અને વળી અત્યારે સુકાળ છે કે દુષ્કાળ છે ? એ પણ જોવું. વળી પુરુષની બાલ્ય, યુવા કે વૃદ્ધ અવસ્થા છે ? એ પણ જોવું. અને વળી તે વ્યક્તિ ધનવાન છે કે નિર્ધન છે ? એ પણ જોવું. અને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યાદિક જાતિ જોવી. અને શરીરનું સામર્થ્ય પણ જોવું. આ બધું જોઈને ત્યાર પછીજ આચાર વ્યવહાર અને પ્રાયશ્ચિતનો કર્તવ્યપણે નિશ્ચય કરવો.

ધર્મશાસ્ત્રોમાં દેશકાળાદિકને અનુસારે જ આચારાદિકના ઘણા પક્ષો જોયામાં આવે છે. તેમાંથી કોઈપણ એક પક્ષ દેશકાળાદિકને અનુસારે ગ્રહણ કરવો. જેમ કે- કાત્યાયન સૂત્ર હરિહરભાષ્યને વિષે જ્યાં આહ્નિક પ્રકરણ છે, ત્યાં સ્નાનવિધિમાં દશ પ્રકારનું સ્નાન બતાવેલું છે.- ''नद्यादिजलेन स्नानं वारुणं मुख्यम् । तस्याऽसंभवे प्रशस्तभस्मना सर्वाङ्गोद्धूलनमाग्नेयम्'' ॥ इति ॥ પ્રથમ તો નદી, કૂવો, તળાવ આદિકના જળ વડે સ્નાન કરવું એ દશ સ્નાનોમાં મુખ્ય સ્નાન કહેલું છે. અને આ સ્નાનને ''વારૂણ'' સ્નાન કહેવામાં આવે છે. હવે કોઈ એવો દેશકાળ આવી પડેલો હોય, અને જો નદી,તળાવાદિકનું જળ મળે એમ ન હોય તો, પવિત્ર ભસ્મ વડે આખા શરીરમાં લેપન કરીને સ્નાન કરાય, તે સ્નાનને ''આગ્નેય'' સ્નાન કહેવાય છે. અને ગાયની ખરીમાંથી ઉડતી રજને શરીર દ્વારા જે ગ્રહણ કરવી તેને ''વાયવ્ય'' સ્નાન કહેવામાં આવે છે. અને સ્નાનના મંત્રો બોલવા પૂર્વક દર્ભના અગ્રભાગ વડે મસ્તક ઉપર જળનું જે પોક્ષણ કરવું તેને ''મંત્ર'' સ્નાન કહેવામાં આવે છે. અને ભીના વસ્ત્ર વડે આખા શરીરનું જે માર્જન (લુંછવું) કરવું, તેને ''કાપિલ'' સ્નાન કહેવામાં આવે છે. ''आपोहिष्ठा'' આ મંત્ર બોલીને આખા શરીરમાં જે માર્જન કરવું તેને ''બ્રાહ્મ'' સ્નાન કહેવામાં આવે છે. અને શરીરમાં તીર્થની મૃત્તિકા લગાવવી તેને ''પાર્થિવ'' સ્નાન કહેવામાં આવે છે. અને તડકો હોય છતાં વરસાદ પડતો હોય તે વરસાદના જળ વડે જે સ્નાન કરવું તેને ''દિવ્ય'' સ્નાન કહેવામાં આવે છે. મન વડે ભગવાનનું સ્મરણ કરવું એ ''માનસ'' સ્નાન કહેવાય છે. અને ભગવાનની પ્રસાદીના જળને શંખમાં ધારણ કરીને જે સ્નાન કરવું તેને ''વૈષ્ણવ'' સ્નાન કહેવામાં આવે છે. આ રીતે દશ પ્રકારનાં સ્નાનો બતાવેલાં છે. આ બધાં સ્નાનનો દેશકાળાદિકને અનુસારે કર્તવ્યપણે નિશ્ચય કરવો. જેમ કે કોઈ ઠંડો હિમાલય જેવો દેશ હોય, અને ત્યાં જો ગરમ જળની વ્યવસ્થા ન હોય, અને ઠંડા જળથી સ્નાન કરવા જતાં શરીર પડી જાય એવી પરિસ્થિતિ હોય, તો ભીના કપડાંથી શરીરને લુહીને પણ સ્નાન કરવું. અથવા શરીરમાં કોઈ એવી ભયંકર બિમારી આવી પડેલી હોય, અને જળથી સ્નાન થઈ શકે એમ ન હોય, તો સ્નાનના આ દશ પ્રકારમાંથી કોઈપણ એક પ્રકારને ગ્રહણ કરીને પણ સ્નાન કરવું. અથવા ભયંકર દુષ્કાળ આવી

પડેલો હોય, અને પીવા માટે પણ પાણી માંડ મળતું હોય, આવી પરિસ્થિતિ હોય ત્યારેપણ આ દશ પ્રકારના સ્નાનમાંથી કોઈપણ એક પ્રકારને ગ્રહણ કરીને સ્નાન કરી શકાય છે. અને વળી સંધ્યાવંદન કે પૂજામાં પણ એ રીતે જ સમજવું. આપણે આપણા ઘરમાં વિસ્તાર પૂર્વક બે કલાક સંધ્યાવંદન કે પૂજા કરતા હોઈએ. પણ કોઈ એવો ભયંકર દેશકાળ જો આવી પડે તો પછી પોતાના સામર્થ્યને અનુસારે સંધ્યાવંદન કે પૂજા કરવી. અને વળી નિત્યવિધિમાં પ્રતિપાદન કરેલું છે કે, દિશાએ જઈ આવ્યા પછી માટીથી હાથ ધોવા જોઈએ. તેમાં કોઈ એવો દેશ હોય કે જ્યાં માટીથી હાથ ધોવાની વ્યવસ્થા ન હોય. અને જો માટીથી હાથ ધોવા જાય તો એ માટી બેશનમાં ભરાઈ જાય અથવા તો ગટરમાં ભરાઈ જાય, તો એવા દેશમાં પછી માટીથી જ હાથ ધોવા પડે એવો કોઈ નિયમ નથી. તે સમયે તો દેશકાળને અનુસારે કોઈ પાવડર હોય કે સાબુન હોય તેનાથી હાથની શુદ્ધિ કરી શકાય છે. પણ એ પાવડર કે સાબુન પવિત્ર હોવાં જોઈએ. અને વળી નિત્ય વિધિમાં પ્રતિપાદન કરેલું છે કે વૃક્ષના કાષ્ટથી દાંત સાફ કરવા, અર્થાત્ દાતણ કરવું તેમાં પણ જો એવા કોઈ દેશકાળ હોય કે, જ્યાં વૃક્ષના કાષ્ટનું દાતણ મળે નહિ. તો પછી કોઈપણ પવિત્ર દ્રવ્યથી કે પીછીથી દાંત સાફ કરી શકાય છે. અને વળી નિત્ય વિધિમાં પ્રતિપાદન કરેલું છે કે સૂર્યોદયથી પહેલાં જાગવું. અર્થાત્ બ્રાહ્મમુહૂર્તમાં જાગવું. તો અમુક દેશોની અંદર તો સાંજે દશ વાગ્યે સૂર્યનો અસ્ત થાય અને સવારે ત્રણ વાગ્યે ઉદય થઈ જતો હોય છે. તો આવા દેશમાં સૂર્યોદય કે બ્રાહ્મમુહૂર્તનો નિયમ લાગુ પડે નહિ. આ પ્રમાણે સર્વત્ર સદાચારનો નિર્ણય દેશકાળને અનુસારે જ કરવો.

અને વળી વ્યવહાર પ્રકરણમાં પણ એજ રીતે જાણવું. વ્યવહારમયૂખને વિષે બૃહસ્પતિએ કહેલું છે કે- ‘‘केवलं शास्त्रमाश्रित्य न कर्तव्यो निर्णयः । देशजातिकुलाचारान् प्राचीनान् पालयेन्नृपः’’ ॥ इति ॥ રાજાએ જકાત કે ટેક્સની બાબતમાં અથવા તો ઋણનું લેવું દેવું આદિકની બાબતમાં કેવળ શાસ્ત્રને આધારે નિર્ણય કરવો નહિ. જેમ કે દક્ષિણ દેશના જનો મામાની પુત્રી સાથે લગ્ન કરે છે. આ દક્ષિણ દેશનો વ્યવહાર છે. તો રાજાએ પ્રાચીન આચારને અનુસારે જ નિર્ણય કરવો. અર્થાત્ એ વ્યક્તિ રાજાના પ્રાયશ્ચિત કે દંડને યોગ્ય નથી. આ રીતે સર્વત્ર વ્યવહાર પ્રકરણમાં જાણવું.

એજ રીતે પ્રાયશ્ચિતના નિર્ણયમાં પણ વૃદ્ધપરાશરે કહેલું છે કે- ‘‘स्त्रीणां बालवृद्धानां क्षीणानां कुशरीरिणाम् । उपवासाद्यशक्तानां कर्तव्योऽनुग्रहश्चतैः ॥ ज्ञात्वा देशं च कालं च वयः सामर्थ्यमेव च । कर्तव्योऽनुग्रहःसद्भिर्मुनिभिः परिकीर्तितः’’ ॥ इति ॥ પ્રાયશ્ચિતને આપનારા જે સજ્જન પુરુષો હોય તેમણે સ્ત્રીઓ ઉપર અનુગ્રહ કરવો. બાળક હોય કે, વૃદ્ધ હોય તેમના ઉપર પણ અનુગ્રહ કરવો. કોઈ દરિદ્ર (નિર્ધન) હોય, રોગી હોય અને ઉપવાસ આદિકને કરવામાં અસમર્થ હોય તેમના ઉપર પણ અનુગ્રહ કરવો. અને એ અનુગ્રહ પણ દેશ, કાળ, અવસ્થા અને સામર્થ્ય તેનો વિચાર કરીને કરવો, પણ પક્ષપાતે કરીને અનુગ્રહ કરવો નહિ. યાજ્ઞવલ્ક્યઋષિએ પણ કહેલું છે કે- ‘‘देशं कालं वयः शक्तिं पापञ्चावेक्ष्य यत्नतः । प्रायश्चितं प्रकल्प्यं स्याद्यत्र चोक्ता न निष्कृतिः’’ ॥ इति ॥ સ્મૃતિશાસ્ત્રમાં મોટે ભાગે સર્વે પાપોનાં પ્રાયશ્ચિત લખેલાં છે. છતાં કોઈ પાપનું પ્રાયશ્ચિત રહી ગયું હોય. અને કળીયુગમાં કોઈ મનુષ્ય એવું પાપ કરી નાખે કે, જેનું પ્રાયશ્ચિત સ્મૃતિ શાસ્ત્રમાં લખાયેલું ન હોય, તો પ્રાયશ્ચિતને આપનારા પુરુષો હોય તેમણે દેશ, કાળદિકનો પ્રયત્ન પૂર્વક વિચાર કરીને એ પાપનું પ્રાયશ્ચિત આપવું, પણ દેશકાળાદિકનો વિચાર કર્યા વિના પાપોનું પ્રાયશ્ચિત આપી દે, તો કોઈ સમયે પ્રાયશ્ચિત કરનાર પુરુષના મરણનો પણ પ્રસંગ આવી જાય છે. જેમ કે- ‘‘वायुभक्षो दिवा तिष्ठन् रात्रिं नीत्वाप्सु सूर्यदृक्’’ ॥ इति ॥ યાજ્ઞવલ્ક્યસ્મૃતિની અંદર એક પ્રાયશ્ચિત લખાયેલું છે કે, દિવસે વાયુનું ભક્ષણ કરે અને આખી રાત્રી કંઠ સુધી જળમાં ઉભો રહે. હવે હિમાલય જેવા પ્રદેશમાં જળમાં ઉભા રહેવાનું પ્રાયશ્ચિત આપી દે. અથવા કળકળતી ઠંડીથી યુક્ત શિયાળાનો કાળ હોય, અને એ કાળમાં જો આ પ્રાયશ્ચિત આપી દેવામાં આવે તો, પ્રાયશ્ચિત કરનારનું અવશ્ય મૃત્યુ જ થાય. માટે જે રીતે શરીર મૃત્યુને વશ ન થાય, એ રીતે દેશકાળાદિકનો

નિશ્ચય કરીને જ પ્રાયશ્ચિતનો નિર્ણય કરવો જોઈએ, આવો અભિપ્રાય છે. ॥૧૨૦॥

**मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम् । तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ॥१२१॥**

અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે, એમ જાણવું. અને જે ગોલોકધામ છે, એ અમોને પ્રિય છે. અને તે ગોલોક ધામને વિષે બ્રહ્મરૂપે કરીને ભગવાનની જે સેવા કરવી, એ અમોએ મુક્તિ માની છે, એમ જાણવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ભગવાનના સ્વરૂપને કેવી રીતે તથા કયા સિદ્ધાન્તને અનુસારે સમજવું જોઈએ ? અને ભક્તજનોનું અંતિમ લક્ષ્ય શું હોવું જોઈએ ? શ્રીજીમહારાજે આ સામાન્ય ધર્મના અંતિમ શ્લોકમાં પ્રતિપાદન કર્યું છે. પ્રથમ તો શ્રીજીમહારાજ શ્રીરામાનુજાચાર્યે સ્થાપન કરેલા વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને માન્ય રાખતાં કહે છે કે- વિશિષ્ટાદ્વૈત એ અમારો સિદ્ધાંત છે. આ લોકમાં અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત અને શુદ્ધાદ્વૈત આ પાંચ મતો પ્રસિદ્ધ છે. જે આચાર્યો થયા એ સર્વે જીવ, માયા અને ઈશ્વરના સ્વરૂપનું વર્ણન કર્યુ છે. જીવ અને માયાનો પરમાત્મા સાથે શું સંબન્ધ છે ? તેનું બધા આચાર્યોએ નિરૂપણ કર્યુ છે. તેમાં બધા આચાર્યોમાં થોડા થોડા મતભેદો છે.

### -: अद्वेतसिद्धांतः :-

આ અદ્વૈત સિદ્ધાંતનું સ્થાપન શ્રી શંકર સ્વામીએ કરેલું છે. આ સિદ્ધાન્તમાં ''ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव केवलम्'' ॥ इति ॥ એક જ બ્રહ્મ (પરમાત્મા) સત્ય છે. અને આ જગત મિથ્યા છે. અર્થાત્ જગત નામનું કોઈ પદાર્થ જ નથી. અને જીવતત્ત્વ પણ મિથ્યા છે. જીવ એજ પરમાત્મા છે. જેમ સસલાનાં શીંગડાંનું અસ્તિત્વ ત્રણે કાળમાં નથી. તેમ જીવ અને માયાનું અસ્તિત્વ ત્રણે કાળમાં નથી. એક જ ઈશ્વર તત્ત્વ જ સત્ય છે.

કદાચ કોઈને શંકા થાય કે સસલાનાં શીંગડાંનું અસ્તિત્વ નથી, અર્થાત્ મિથ્યા છે. તેથી સસલાનાં શીંગડાં કદીપણ જોયામાં આવતાં નથી. તેમ જો જગત મિથ્યા હોય, જગતનું જો કોઈ અસ્તિત્વ જ ન હોય, તો આ જગત જોયામાં કે અનુભવ્યામાં આવવું જોઈએ નહિ.

આના ઉત્તરમાં અદ્વૈતીઓ કહે છે કે- અવિદ્યારૂપી અજ્ઞાનને કારણે દોરડીમાં જેમ સર્પની ભ્રાન્તિ થાય છે. તેમ જે એક સત્યભુત પરમાત્મા છે, એ પરમાત્માને વિષે અવિદ્યાના કારણે જગતની ભ્રાન્તિ થાય છે. અને એ ભ્રાન્તિનું મુખ્ય કારણ અવિદ્યા છે. તેથી જ્યારે અવિદ્યાનો નાશ થાય છે, ત્યારે જગત મટીને બ્રહ્મ બની જાય છે. અને જીવ પણ બ્રહ્મ બની જાય છે. કારણ કે વસ્તુતાએ જીવ અને જડ જગત, ઈશ્વર જ છે. અને વળી એ ઈશ્વર નિર્ગુણ છે. અર્થાત્ ઈશ્વર ગુણ વિનાના છે. એની અંદર કોઈપણ ગુણો નથી. અને તેથી જ બ્રહ્મ નિર્વિશેષ છે. એ બ્રહ્મની અંદર બીજો કોઈપણ વિશેષ નથી. આ અદ્વૈત સિદ્ધાન્ત છે.

### -: અદ્વૈતસિદ્ધાંતમાં દોષ :-

શંકર સ્વામીના આ અદ્વૈત સિદ્ધાન્તમાં ઈશ્વર પણ અવિદ્યાથી ઢંકાઈને પોતાના ઈશ્વરત્વને ભુલી જાય છે. અને હું જીવ છું. આવી ભ્રાન્તિથી યુક્ત થાય છે. તેથી ઈશ્વર કરતાં પણ અવિદ્યાનો પ્રભાવ અધિક સિદ્ધ થાય છે. આ અદ્વૈતસિદ્ધાન્તમાં મહાન દોષ છે. અને ઈશ્વર ગુણાદિકથી રહિત છે માટે નિર્ગુણ અને નિર્વિશેષ છે, આ રીતે અદ્વૈતીયોનું જે માનવું છે. એ પણ મહાન દોષ છે. તેથી શ્રીજીમહારાજે આ અદ્વૈતસિદ્ધાન્તને માન્ય રાખેલો નથી.

### -: શુદ્ધાદ્વૈત :-

આ સિદ્ધાન્ત શ્રીવલ્લભાચાર્યજીએ સ્થાપન કર્યો છે. આ સિદ્ધાન્તમાં ભગવાન શુદ્ધ અને એક છે. શુદ્ધ અને એક એવા ભગવાનના સત્, ચિત્ અને આનંદ આ ત્રણ અસાધારણ ધર્મો છે. સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ એવા પરમાત્માને જ્યારે લીલા કરવાની ઈચ્છા થઈ, ત્યારે પરમાત્મા પોતે જ પોતાની યોગશક્તિથી આનંદ અને ચિત્ત ધર્મને ઢાંકી દઈને "સત્" સ્વરૂપે વિરાજમાન થયા, એ માયા બની. તેથી માયામાં આનંદ અને ચિત્ત ધર્મ નથી, અને વળી ત્યાર પછી પરમાત્મા પોતે જ પોતાની યોગશક્તિથી આનંદ અને ચિત્ત ધર્મને ઢાંકી દઈને "ચિત્" રૂપે વિરાજમાન થયા, એ સર્વે જીવો બન્યા. અર્થાત્ જેમ અગ્નિમાંથી સૂક્ષ્મ તણખાઓ ઉત્પન્ન થાય, તેમ પરમાત્મા થકી ચૈતન્ય જીવો તથા જગત રૂપી તણખાઓ ઉત્પન્ન થયા. આ રીતે શુદ્ધ અને એક એવા પરમાત્માનો અંશાંશી ભાવ નિરૂપણ કર્યો છે. તેથી પરમાત્માને શુદ્ધ એવા અદ્વૈત (એક) વર્ણવેલા છે.

### -: શુદ્ધાદ્વૈતમાં દોષ :-

વલ્લભ સ્વામીના આ શુદ્ધાદ્વૈત સિદ્ધાંતમાં જીવાત્માઓ ભગવાનના જ ટુકડા છે. અને જગત પણ એક ભગવાનનોજ ટુકડો છે, તેથી શુદ્ધ અને એક એવા ભગવાનની અંદર ચ્યુતભાવ, ક્ષરભાવ કે વિકારીભાવ આવી જાય છે, જે વેદ વિરૂદ્ધ છે. કારણ કે વેદમાં ભગવાનને તો અચ્યુત, અક્ષર અને અવિકારી કહ્યા છે. શુદ્ધાદ્વૈત સિદ્ધાંતમાં ભગવાન અવિદ્યાથી તો ઢંકાતા નથી, પણ પરમાત્માની અંદર વિકારીભાવ અને ક્ષરભાવ આવી જાય છે, આ વેદ વિરૂદ્ધ હોવાથી મહાન દોષ છે. તેથી શ્રીજીમહારાજે આ શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તને માન્ય રાખેલો નથી.

### -: દ્વૈતસિદ્ધાંત :-

આ દ્વૈત સિદ્ધાંત શ્રી માધવાચાર્યજીએ સ્થાપન કરેલો છે. આ દ્વૈત સિદ્ધાંતમાં જીવ, માયા તથા ઈશ્વર આ ત્રણે તત્ત્વોનો ભેદ સ્વીકારવામાં આવેલો છે. ભગવાન, જીવ અને માયા ભિન્ન ભિન્ન તત્ત્વ છે. તેમાં ઈશ્વર અને જીવની અંદર સ્વામી સેવકભાવ પ્રતિપાદન કરેલો છે. ભગવાન સ્વતંત્ર છે અને જીવ પરતન્ત્ર છે. સ્વામી સ્વતન્ત્ર હોય છે. સેવક પરતંત્ર હોય છે. અને જે સેવક હોય, એ હમેશાં સેવ્યથી અત્યંત ભિન્ન હોય છે. જેમ રાજા સેવ્ય છે. તો એ રાજા પોતાના સેવકવર્ગથી અત્યંત ભિન્ન છે. તેમ જીવો સેવક હોવાથી, સેવ્ય એવા પરમાત્માથી હમેશાં અત્યંત ભિન્ન છે. આ રીતે જીવતત્ત્વની પરમાત્મા થકી અત્યંત ભિન્નતા આ સિદ્ધાન્તમાં નિરૂપણ કરેલી છે.

### -: દ્વૈતસિદ્ધાંતમાં દોષ :-

આ સિદ્ધાંત મોટે ભાગે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતની સમાન છે. પણ આ સિદ્ધાંતમાં ત્રણે તત્ત્વોને અત્યંત ભિન્ન બતાવ્યાં છે. ત્રણે તત્ત્વોનો પરસ્પર શું સંબન્ધ છે. એ પ્રસ્થાપિત કરવામાં આવ્યું નથી. આ એક મહાન દોષ રહેલો હોવાથી શ્રીજીમહારાજે આ દ્વૈત સિદ્ધાંતને પણ માન્ય રાખેલો નથી.

### -: દ્વૈતાદ્વૈતસિદ્ધાંત :-

આ મત નિંબાર્કાચાર્યજીએ સ્થાપન કરેલો છે. આ દ્વૈતાદ્વૈતની અંદર બે શબ્દો છે. એક દ્વૈત અને બીજો અદ્વૈત. દ્વૈત એટલે ભેદ, અને અદ્વૈત એટલે અભેદ. જીવ અને માયા ભગવાનના જ અંશો છે. જેમ અગ્નિ થકી તણખાઓ ઉત્પન્ન થાય, તેમ જીવ અને માયા ભગવાન થકી ઉત્પન્ન થયેલા સૂક્ષ્મ તણખાઓ છે.

જેમ મહાન અગ્નિની જ્વાળા થકી એક સૂક્ષ્મ તણખો ઉત્પન્ન થાય છે. તેમાં જેમ ભેદ રહ્યો છે કે, એક મહાન અગ્નિ અને બીજો તણખો, એ સૂક્ષ્મ અગ્નિ. આ રીતે જેમ ભેદ રહ્યો છે. તેમ જીવ અને માયા, અગ્નિના સૂક્ષ્મ તણખાની સમાન છે. અને ઈશ્વર મહાન અગ્નિની

જ્વાળાની સમાન છે. આ રીતે ઈશ્વર થકી જીવ અને માયાનો જે ભેદ રહ્યો છે, તેને દ્વૈત કહેવામાં આવે છે.

અને વળી જેમ મહાન અગ્નિ થકી ઉત્પન્ન થયેલા જે સૂક્ષ્મ તણખાઓ અને અગ્નિની જ્વાળાઓ એ પણ એક જાતનો અગ્નિ જ છે. આમ તો જાતિએ કરીને તણખાઓ અને જ્વાળા આ બન્ને સમાન છે, અને બન્ને એક જ છે. તેમ જીવ અને માયા ભગવાન થકી ઉત્પન્ન થયેલા સૂક્ષ્મ તણખાઓ છે. તેથી બ્રહ્મત્વ જાતિએ કરીને તો બન્ને સમાન છે. આ રીતે જે અભેદ રહ્યો છે તેને અદ્વૈત કહેવામાં આવે છે. આ પ્રમાણે દ્વૈત અને અદ્વૈત આ બન્ને શબ્દો સાથે મળીને દ્વૈતાદ્વૈત સિદ્ધાંત બને છે.

અને વળી બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે સૃષ્ટિ હોય ત્યારે આ બધું જુદું જુદું દેખાય છે, તેથી દ્વૈત. અને જ્યારે પ્રલય થઈ જાય, ત્યારે બધું પરમાત્મારૂપ થઈ જાય છે, ત્યારે અદ્વૈત. આ રીતે આ સિદ્ધાંતમાં પરમાત્માને દ્વૈતાદ્વૈત વર્ણવેલા છે. યાદવપ્રકાશાચાર્ય પણ આ દ્વૈતાદ્વૈતને માને છે.

### -: દ્વૈતાદ્વૈતસિદ્ધાંતમાં દોષ :-

આ સિદ્ધાંતની અંદર પણ જીવ અને ઈશ્વરનો અભેદ, તથા માયા અને ઈશ્વરનો અભેદ પ્રતિપાદન કરેલો છે. તેથી જીવની અંદર રહેલા સુખદુઃખાદિ દોષો, અને માયાની અંદર રહેલું વિકારીપણું આદિક દોષો પરમાત્માની અંદર સિદ્ધ થાય છે. આ એક મહાન દોષ રહ્યો છે, તેથી જ શ્રીજીમહારાજે આ દ્વૈતાદ્વૈત સિદ્ધાંતને માન્ય રાખેલો નથી.

### -: વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત :-

આ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત શ્રી રામાનુજાચાર્યજીએ સ્થાપન કરેલો છે. અને સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિએ આ પૃથ્વી ઉપર આવીને શ્રી રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને શિરોમાન્ય રાખીને બહાલી આપેલી છે. આથી પહેલાં કોઈપણ પરમાત્માના અવતારોએ કોઈપણ આચાર્યના સિદ્ધાંતને પૂર્ણપણે માન્યતા આપેલી હોય, એવું કોઈ શાસ્ત્રમાં સાંભળવામાં આવતું નથી. આ જ એક અદ્વૈતીય પ્રસંગ છે કે- સાક્ષાત્ પરમાત્મા શ્રીહરિએ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તને શિરોમાન્ય રાખેલો છે.

આ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતની અંદર તમામ શ્રુતિઓનું સન્માન કરવામાં આવેલું છે. કોઈપણ શ્રુતિનો તિરસ્કાર કરવામાં આવ્યો નથી. જ્યારે અદ્વૈત સિદ્ધાંતમાં તો કેવળ અભેદ શ્રુતિઓનો જ સ્વીકાર કરવામાં આવે છે. અને એ સિવાય બીજી ભેદ શ્રુતિઓ તથા ઘટક શ્રુતિઓનો ત્યાગ કરવામાં આવે છે. અને મધ્વાચાર્યના દ્વૈત સિદ્ધાંતમાં કેવળ ભેદશ્રુતિનો જ સ્વીકાર કરવામાં આવ્યો છે. અને બીજી શ્રુતિઓનો તિરસ્કાર કરવામાં આવે છે. આ રીતે બીજા સર્વે મતોમાં તમામ શ્રુતિઓને સન્માન આપવામાં આવેલું નથી. પણ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં તો તમામ શ્રુતિઓને સન્માન આપવામાં આવેલું છે. કોઈપણ શ્રુતિનો તિરસ્કાર કરવામાં આવેલો નથી. એજ કારણથી આ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને શ્રીજીમહારાજે પૂર્ણપણે માન્ય રાખેલો છે. વેદોમાં પરમાત્માને સિદ્ધ કરનારી મુખ્યપણે ત્રણ પ્રકારની શ્રુતિઓ છે. ભેદ શ્રુતિ, અભેદ શ્રુતિ અને ઘટક શ્રુતિ.

### -: ભેદ શ્રુતિ :-

''ज्ञाऽज्ञौ द्वावजावीशानीशौ'' ॥ इति ॥ આ શ્રુતિ જીવ અને પરમાત્માનો ભેદ પ્રતિપાદન કરનારી છે. માટે ભેદશ્રુતિ કહેવામાં આવે છે. આ શ્રુતિનો એ અર્થ છે કે, જીવ અજ્ઞાની છે. અલ્પજ્ઞ છે. અને પરમાત્મા સર્વજ્ઞ છે. જીવ અસમર્થ છે, અને પરમાત્મા સમર્થ છે. આ પ્રમાણે આ શ્રુતિમાં જીવ અને પરમાત્માનો ભેદ સ્પષ્ટ જણાઈ આવે છે. માટે ભેદશ્રુતિ કહેવાય છે.

-: અભેદશ્રુતિ :-

“सर्वं खल्विदं ब्रह्म” ॥ इति ॥ “तत्त्वमसि” ॥ इति ॥ આ બન્ને શ્રુતિઓમાં પહેલી શ્રુતિ જડ, જગત અને પરમાત્માનો અભેદ પ્રતિપાદન કરનારી છે. અને બીજી શ્રુતિ જીવ અને પરમાત્માનો અભેદ પ્રતિપાદન કરનારી છે. માટે અભેદ શ્રુતિ કહેવામાં આવે છે. આ બન્ને શ્રુતિઓમાં પ્રથમની શ્રુતિનો એ અર્થ છે કે, આ સંપૂર્ણ જગત પરમાત્મા છે, અને બીજી શ્રુતિનો એ અર્થ છે કે, ઉદ્દાલકમુનિ શ્વેતકેતુને કહે છે. હે શ્વેતકેતુ ! તું તે છો, અર્થાત્ તું તે ઈશ્વર છો. આ પ્રમાણે આ બન્ને શ્રુતિઓમાં જીવ, જગત અને પરમાત્માનો અભેદ સ્પષ્ટ જણાઈ આવે છે. તેથી અભેદ શ્રુતિ કહેવાય છે.

-: ઘટકશ્રુતિ :-

“यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरम्” ॥ इति ॥ “यः आत्मनि तिष्ठन्नात्मनोऽन्तरो यमात्मा न वेद यस्यात्मा शरीरम्” ॥ इति ॥ આ બન્ને ઘટક શ્રુતિઓ છે. ભેદ અને અભેદ બન્નેને જે ઘટાવે તેને ઘટક શ્રુતિ કહેવાય છે. વેદમાં ભેદશ્રુતિ અને અભેદ શ્રુતિનો જ્યારે વિરોધ ઉપસ્થિત થાય છે, ત્યારે ઘટક શ્રુતિ ભેદનું તથા અભેદનું અર્થઘટન કરીને ભેદ શ્રુતિના તથા અભેદશ્રુતિના વિરોધને શાંત કરે છે. બન્નેના ટકરાવને નિવારે છે.

આ ઘટક શ્રુતિઓમાં પહેલી શ્રુતિનો એ અર્થ છે કે, પરમાત્મા પૃથ્વીની અંદર અંતર્યામિરૂપે રહેલા છે. પૃથ્વીના આધાર છે. અને પૃથ્વી આધેય છે તેથી પૃથ્વી પરમાત્માનું શરીર છે, અને પરમાત્મા શરીરિ આત્મા છે. અને બીજી શ્રુતિનો એ અર્થ છે કે, પરમાત્મા જીવાત્માની અંદર અંતર્યામિરૂપે રહેલા છે, જીવાત્માના આધાર છે. અને જીવાત્મા આધેય છે. તેથી જીવો પરમાત્માનું શરીર છે, અને પરમાત્મા જીવોના શરીરિ આત્મા છે. આ પ્રમાણે ઘટક શ્રુતિ જીવાત્મા તથા પરમાત્માનો અને જડ, જગત તથા પરમાત્માનો શરીર-શરીરિભાવ પ્રતિપાદન કરે છે.

-: ઘટકશ્રુતિદ્વારા ભેદશ્રુતિનો સમન્વય :-

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં ભેદશ્રુતિનો પણ શરીર-શરીરિભાવથી સમન્વય કરવામાં આવેલો છે. જડ જગત અને જીવ આ બન્ને ઈશ્વર થકી ભિન્ન તો છે, પણ એકદમ ભિન્ન નથી. ભિન્ન હોવા છતાં ઈશ્વર સાથે સંલગ્ન છે. એમ આ ઘટકશ્રુતિદ્વારા પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જેમ આપણું આ પંચભૂતનું શરીર છે, એ શરીર, અંદર રહેલા શરીરિ જીવાત્મા થકી તત્ત્વે કરીને પૃથક્ હોવા છતાં આપણે શરીરને જીવાત્મા થકી પૃથક્ કરી શકતા નથી. તેમાં આપણું આ શરીર તત્ત્વ આધેય છે, અને જીવાત્મા તત્ત્વ શરીરનો આધાર છે.

એજ રીતે જીવો અને જડ જગત આ બન્ને પરમાત્માનાં શરીરો છે. અને પરમાત્મા એ બન્નેના શરીરિ આત્મા છે. તેથી જીવાત્માઓ અને જડ જગત, તત્ત્વે કરીને શરીરિ એવા પરમાત્મા થકી તદન પૃથક્ હોવા છતાંપણ પરમાત્મા થકી જુદાં પડી શકતાં નથી. તેમાં જીવાત્મા તત્ત્વ અને જડ તત્ત્વ આધેય છે. અને પરમાત્મા તત્ત્વ આધાર છે. આપણા શરીર થકી જેમ જીવાત્મા ભિન્ન છે, તેમ જીવો અને જડ જગત થકી પરમાત્મા પણ ભિન્ન છે. આ રીતે ભેદને ઘટકશ્રુતિ માન્ય રાખે છે, પણ સ્વતંત્રપણે નહિ.

-: ઘટકશ્રુતિ દ્વારા અભેદ શ્રુતિનો સમન્વય :-

જેમ આપણું શરીર અને જીવાત્માનો અવિનાભાવ સંબન્ધ રહેલો છે. અર્થાત્ પરસ્પર અભેદ સંબન્ધ કહેલો છે. તેમાં આપણા શરીરનું અસ્તિત્વ જીવાત્માને લઈને છે, જીવ વિના આપણા આ શરીરનું અસ્તિત્વ નથી. જ્યારે શરીરમાંથી જીવ નીકળી જાય છે, ત્યારે બીજા ક્ષણમાં જ શરીરનું અસ્તિત્વ મટી જાય છે, અને શબનું અસ્તિત્વ આવી જાય છે. આ રીતે જીવાત્માને લઈને જ શરીરનું અસ્તિત્વ છે. જ્યાં સુધી શરીરિ

જીવાત્મા છે, ત્યાં સુધી જ શરીર છે. અને શરીરિ જીવાત્મા જો નથી, તો શરીર પણ નથી. શરીર તો એ ને એ દેખાતું હોવા છતાં, જીવાત્માના અભાવને કારણે તેને શબ કહેવાય છે. શરીર કહેવાતું નથી. આ પ્રમાણે આપણું શરીર અને જીવાત્મા આ બન્નેનો અભેદ સંબન્ધ કહેલો છે. તેથી "હું મનુષ્ય છું." "હું દેવ છું." આ વાક્યોમાં " મનુષ્ય અને દેવ" આ બન્ને શરીર વાચક શબ્દો છે, છતાં અભેદ સંબન્ધને કારણે શરીરથી વિશિષ્ટ એવા જીવાત્માના વાચક બને છે. તેથી "હું મનુષ્ય છું" એટલે મનુષ્ય શરીરથી વિશિષ્ટ હું છું. "હું દેવ છું." એટલે દેવશરીરથી વિશિષ્ટ હું છું. જીવ છે એ કાંઈ મનુષ્ય નથી, અને દેવ પણ નથી. જીવ છે એ મનુષ્યત્વ અને દેવત્વ આ બન્નેથી વિલક્ષણ છે. છતાં અભેદ સંબન્ધને કારણે તે તે શરીરવાચક શબ્દોથી કહેવામાં આવે છે.

એજ રીતે જીવ અને જડ્ જગતનો પરમાત્માની સાથે અવિનાભાવ સંબન્ધ કહેલો છે. અર્થાત્ જીવ અને જડ્ જગતનું અસ્તિત્વ જગદીશ એવા પરમાત્માને લઈને છે. અંતર્યામી એવા પરમાત્મા વિના જીવ અને જડ્ જગતનું અસ્તિત્વ નથી. આ રીતે જીવ અને જડ્ જગતનો જગદીશની સાથે અભેદ સંબન્ધ કહેલો છે. તેથી જીવ વાચક સર્વે શબ્દો, તથા જડ્ જગત વાચી સર્વે શબ્દો અંતર્યામી એવા જગદીશની અંદર જ વિરામ પામે છે. એજ કારણથી "જીવ બ્રહ્મ છે" એટલે જીવથી વિશિષ્ટ બ્રહ્મ છે, પણ જીવ કાંઈ બ્રહ્મ નથી. અને "પૃથ્વી બ્રહ્મ છે." એટલે પૃથ્વીથી વિશિષ્ટ બ્રહ્મ છે, પણ પૃથ્વી કાંઈ બ્રહ્મ નથી. આ રીતે પરમાત્મા જો કે, તત્ત્વે કરીને જીવ તથા જડ્ જગત થકી વિલક્ષણ છે, છતાં અભેદ સંબન્ધને કારણે, અર્થાત્ શરીર-શરીરિભાવ સંબંધને કારણે તે તે જડ્ જગત વાચી શબ્દોથી, તથા જીવ વાચક શબ્દોથી જગદીશને જ કહેવામાં આવે છે. વસ્તુતાએ જડત્વ અને જીવત્વ થકી જગદીશ એવા પરમાત્મા વિલક્ષણ છે. આ રીતે જગદીશ વિના જડ્ જગત તથા જીવનું અસ્તિત્વ નથી, માટે તેનો પરમાત્માની સાથે અભેદ સંબન્ધ છે. અને તેથી જ જડ્ જગત અને જીવ થકી જગદીશને અભિન્ન વર્ણવેલા છે. આ પ્રમાણે ઘટક શ્રુતિ શરીર-શરીરિભાવથી અભેદને પણ માન્ય રાખે છે. અને ભેદ શ્રુતિ તથા અભેદ શ્રુતિનો જે વિરોધ ઉપસ્થિત થાય છે, તેને શાંત કરે છે. આ પ્રમાણે વિશિષ્ટદ્વૈત સિદ્ધાંતની અંદર તમામ શ્રુતિઓનો સમન્વય કરવામાં આવેલો છે. એજ કારણથી આ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને શ્રીજીમહારાજે શિરોમાન્ય રાખેલો છે.

હવે વિશિષ્ટાદ્વૈત શબ્દનો અર્થ સમજાવતાં શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- "विशिष्टयोः अद्वैतम्" इति विशिष्टाद्वैतम्" ॥ इति ॥ બન્ને અવસ્થાઓથી વિશિષ્ટ એવા એક પરમાત્મા તેને કહેવાય વિશિષ્ટાદ્વૈત. એ બન્ને અવસ્થાઓ કઈ ? તો કહે છે કે- એક કારણ અવસ્થા અને બીજી કાર્ય અવસ્થા.

### -: કારણ અવસ્થાથી વિશિષ્ટ પરમાત્મા :-

આ દેખાતા જગતનો જ્યારે પ્રલય હોય છે, ત્યારે જીવ અને જડ્ જગત આ બન્નેની અતિ સૂક્ષ્મ દશા હોય છે, અને એ બન્ને તત્ત્વ નામ રૂપના વિભાગથી રહિત હોય છે. આ રીતે નામરૂપના વિભાગથી રહિત એવી જીવ અને જડ્ જગતની જે સૂક્ષ્મ દશા તેને કારણાવસ્થા કહેવામાં આવે છે. આ કારણાવસ્થાની અંદર પરમાત્મા અંતર્યામિપણે રહેલા છે. તેથી પરમાત્માને કારણાવસ્થાથી વિશિષ્ટ કહેવામાં આવે છે. આ એક કારણાવસ્થાથી વિશિષ્ટ પરમાત્મા થયા.

### -: કાર્ય અવસ્થાથી વિશિષ્ટ પરમાત્મા :-

આ જગતની જ્યારે સ્થિતિ દશા હોય છે, ત્યારે જીવ અને જડ્ જગતની સ્થૂલ દશા હોય છે, અને એ બન્ને તત્ત્વ નામ રૂપના વિભાગથી યુક્ત હોય છે. આ રીતે નામરૂપના વિભાગથી યુક્ત એવી જીવ અને જડ્ જગતની સ્થૂલ દશા, તેને કાર્ય અવસ્થા કહેવાય છે. આ કાર્ય

અવસ્થાની અંદર પણ પરમાત્મા અંતર્યામિપણે રહેલા છે, તેથી પરમાત્માને કાર્યાવસ્થાથી વિશિષ્ટ કહેવામાં આવે છે. આ બીજી કાર્યાવસ્થાથી વિશિષ્ટ પરમાત્મા થયા. આ રીતે બન્ને અવસ્થાઓથી વિશિષ્ટ પરમાત્માનો જે અદ્વૈતભાવ, અર્થાત્ એકતા તેને કહેવાય વિશિષ્ટાદ્વૈત.

પ્રલય સમયે સૂક્ષ્મ દશાને પામેલા જીવો અને જડ્ તત્ત્વ જે માયા તેથી વિશિષ્ટ એવા જે પરમાત્મા હતા, એજ પરમાત્મા સૃષ્ટિ સમયે एकोऽहं बहुस्यां प्रजायेय ॥ इति ॥ આ રીતે પોતે જ સંકલ્પ કરીને, સ્થૂલ દશાને પામેલા જીવો અને જડ્ જગતથી વિશિષ્ટ બની જાય છે. આ પ્રમાણે પરમાત્મા પ્રલય સમયે જીવ અને માયાથી વિશિષ્ટ હોય છે. અને સૃષ્ટિ સમયે પણ જીવ અને માયાથી વિશિષ્ટ જ હોય છે. જીવ અને માયા પરમાત્માનાં અપૃથક્ વિશેષણો છે. પરમાત્માથી ક્યારેય પણ જુદાં પડી શકતાં નથી. અને અપૃથક્ વિશેષણથી જે યુક્ત હોય, તેને વિશિષ્ટ શબ્દથી કહેવામાં આવે છે.

જેમ પુષ્પમાં સુગન્ધી રહેલી છે. તે સુગંધને પુષ્પથી જુદી પાડી શકાતી નથી. તેથી એ સુગંધ પુષ્પનું અપૃથક્ વિશેષણ કહેવાય છે. અને પુષ્પને વિશિષ્ટ કહેવામાં આવે છે. અર્થાત્ પુષ્પ હમેશને માટે સુગંધથી વિશિષ્ટ છે. એજ રીતે જીવ અને માયાને પરમાત્મા થકી પૃથક્ કરી શકાતાં નથી, તેથી જીવ અને માયા પરમાત્માનાં અપૃથક્ વિશેષણો કહેવાય છે. અને પરમાત્માને તેનાથી વિશિષ્ટ કહેવામાં આવે છે. જીવ અને માયાની જ્યારે કારણ અવસ્થા હોય, ત્યારે પરમાત્મા એ કારણાવસ્થાથી વિશિષ્ટ હોય છે. અને જીવ તથા માયાની જ્યારે કાર્ય અવસ્થા હોય, ત્યારે પણ પરમાત્મા એ કાર્ય અવસ્થાથી વિશિષ્ટ હોય છે. આ રીતે બન્ને અવસ્થાઓથી વિશિષ્ટ એવા પરમાત્માનો જે અદ્વૈતભાવ, અર્થાત્ એકતા તેને કહેવાય વિશિષ્ટાદ્વૈત.

જેમ કે જીવ જ્યારે જાગ્રત અવસ્થામાં રહ્યો હોય, ત્યારે જાગ્રત અવસ્થાથી વિશિષ્ટ હોય છે. એજ જીવ જ્યારે સુષુપ્તિ અવસ્થામાં રહ્યો હોય, ત્યારે સુષુપ્તિ અવસ્થાથી વિશિષ્ટ હોય છે. તેથી જાગ્રત અવસ્થાથી વિશિષ્ટ જીવ, અને સુષુપ્તિ અવસ્થાથી વિશિષ્ટ જીવ, આ બન્ને જીવની જેવી રીતે એકતા છે. તેવી જ રીતે કારણાવસ્થાથી વિશિષ્ટ પરમાત્મા, અને કાર્ય અવસ્થાથી વિશિષ્ટ પરમાત્મા, આ બન્નેની જે એકતા, તેને કહેવાય વિશિષ્ટાદ્વૈત.

અને વળી શ્રીજીમહારાજ કહે છે કે- ગોલોક છે, એ અમારું પ્રિય ધામ છે. અર્થાત્ વૈકુંઠ, શ્વેતદ્વીપ ઈત્યાદિક ભગવાનનાં ધામોને મધ્યે ગોલોક નામનું જે ધામ છે, એ અમોને ઈષ્ટ છે. હવે આ ગોલોક ધામ કેવું છે તેનું સ્વરૂપ શતાનંદ સ્વામીએ સત્સંગીજીવનમાં જ્યાં બ્રહ્મપુરનું વર્ણન કરેલું છે, ત્યાં કહેલું છે. :- ''नारायणमुनिरुवाच - भक्ता ! श्रृणुत वक्ष्यामि रुपं ब्रह्मपुरस्य वः । एकान्तिकानां भक्तानां प्राप्यस्यातिसुखस्य च ॥ एतद्रहस्यमस्ति इति पुराणेषु महर्षिभिः । न सम्यक् विस्तरेणोक्तं प्रोक्तं नामान्तरेण च'' ॥ इति ॥ શ્રીજીમહારાજ કહે છે કે- હે ભક્તજનો ! આ બ્રહ્મપુરનું સ્વરૂપ અતિ રહસ્યરૂપ છે. અર્થાત્ અતિ ગોપનીય છે. તેથી પરાશરાદિક મહર્ષિઓએ પુરાણોમાં વિસ્તારથી વર્ણવેલું નથી. અને વૈકુંઠ, ગોલોકાદિક નામ વડે જ બ્રહ્મપુરને કહેલું છે. જેમ કે, છાંદોગ્યોપનિષદને વિષે ''एतत्सत्यं ब्रह्मपुरम्'' ॥इति॥ આ બ્રહ્મપુર સત્યસ્વરૂપ છે. આ રીતે સંક્ષેપથી વર્ણવેલું છે. મહાભારતના મોક્ષધર્મને વિષે ''प्राप्यावध्यं ब्रह्मपुरम्'' આ બ્રહ્મપુર અવિનાશી છે. અને વળી સ્કંદપુરાણમાં यद् ब्रह्मपुरमित्याहु'' જેને બ્રહ્મપુર શબ્દથી કહેવામાં આવે છે. આ રીતે સર્વત્ર સંક્ષેપથી બ્રહ્મપુરનું વર્ણન કરેલું છે. પણ શ્રીજીમહારાજ કહે છે કે- હે ભક્તો ! તમો સર્વે શુદ્ધ અંતઃકરણવાળા છો. અને ઉત્તમ અધિકારી છો. તેથી આ બ્રહ્મપુરનું વિસ્તારપૂર્વક વર્ણન તમારી આગળ કરું છું. તેને તમો સર્વે સાંભળો. :- આ બ્રહ્માંડને વિષે ચૌદ લોક રહેલા છે. એ ચૌદ લોકરૂપી બ્રહ્માંડને ફરતે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ અને પ્રકૃતિ આ આઠ આવરણો રહેલાં છે. તેમાં અંતિમ જે પ્રકૃતિ નામનું આવરણ છે. ''ततः परं चिदाकाशमस्ति तेजोमयं महत्'' ॥ इति ॥ આ આવરણથી પર તેજોમય

અને અપરિચ્છિન્ન એવો ચિદાકાશ રહેલો છે. જે ચિદાકાશને પરમ વ્યોમ આવા નામથી પણ કહે છે. જેમ આ બ્રહ્માંડની અંદર સર્વત્ર વ્યાપ્ત એવો ભૌતિક આકાશ રહેલો છે. અને તે જડસ્વરૂપ છે. એજ રીતે પ્રકૃતિ નામના આઠમા આવરણથી પર અપરિચ્છિન્ન એવો એક આકાશ રહેલો છે. અને એ આકાશ ચૈતન્યસ્વરૂપ છે. તેથી ચિદાકાશ કહેવામાં આવે છે. અને એ ચિદાકાશ તેજોમય છે. ''अस्ति तत्रानन्दमयी सुधासिन्धुर्महानदी । नित्याऽनन्ता च गम्भीरा यामाहुर्विरजामपि'' ॥ इति ॥ જેમ આ ભૌતિક આકાશને મધ્યે આ બ્રહ્માંડરૂપી ગોળો રહેલો છે. અને જેની ફરતે ચારે બાજુ સમુદ્ર રહેલો છે. તેમ જ ચિદાકાશને મધ્યે અતિતેજોમય એક મહાન દ્વિપ રહેલો છે. અને તેની ચારે બાજુ ગોળાકારે વિરજા નામની નદી રહેલી છે. વિરજા નદીની મધ્યે રહેલા આ દ્વીપને વિષે દિવ્ય અને અતિ રમણીય કામધેનુ ગાયો રહેલી છે. વિવિધ પ્રકારનાં દિવ્ય વૃક્ષો, ફળો તથા પુષ્પો રહેલાં છે. અને વૃંદાવનાદિક બહુ પ્રકારના બગીચાઓ રહેલા છે. તેમ જ નદીઓ અને સરોવરોથી એ દ્વીપ અતિ રમણીય છે. ''अस्ति तस्मिन् बृहद्दुर्गं शतशृङ्गाचलाभिधम्'' ॥ इति ॥ તે દ્વીપને મધ્યે અતિ વિશાળ અને કમળની સમાન ગોળાકાર શતશૃંગ નામનો એક દુર્ગ (કીલ્લો) રહેલો છે. એ કીલ્લાની ચારે દિશામાં અતિશે ઉંચાં ચાર ગોપુર રહેલાં છે. અર્થાત્ એ કીલ્લાની ચારેબાજુ એક એક અતિ ઉંચા દરવાજા રહેલા છે. અને એ ચારે દરવાજામાં સુબલ, પ્રબલ આદિક ચાર દ્વારપાળો ઉભા છે. આવા દુર્ગની મધ્યે દિવ્ય તેજોમય એક પ્રદેશ છે. જે પ્રદેશની આ બ્રહ્માંડમાં કોઈપણ વસ્તુની સાથે ઉપમા આપી શકાય તેમ નથી. આવો એક નિરૂપમ પ્રદેશ છે. ''तदेतत्परमं धाम श्रीकृष्णस्य सनातनम् । गोलोक इति यत्प्राहुर्गोपगोपीगणावृत्तम्'' ॥ इति ॥ એ નિરૂપમ પ્રદેશને શ્રીકૃષ્ણ ભગવાનનું પરમ સનાતન ધામ કહેલું છે. જે ધામ મુક્ત એવા ગોપ અને ગોપીઓથી વ્યાપ્ત છે. આવું જે પરમાત્માનું ધામ તેને ગોલોક આવા નામથી કહે છે. ''तन्मध्येऽस्ति महत्तेजः कोटिकोट्यर्कभासुरम् । मनोहरमतिश्वेतं घनं सच्चित्सुखात्मकम्'' ॥ इति ॥ એ ગોલોકના મધ્ય પ્રદેશમાં કરોડે કરોડ સૂર્યની સમાન પ્રકાશમાન અતિશ્વેત ઘાટું અને સચ્ચિદાનંદ એવું મહાન તેજ રહેલું છે. ''यदाहुरक्षरं ब्रह्म सर्वाधारं तथामृतम् । तदेतदवगन्तव्यं धाम ब्रह्मपुरं हरेः'' ॥ इति ॥ તે મહાન તેજને અક્ષરબ્રહ્મ કહે છે, અમૃત કહે છે, આવું પરમ જે તેજ છે, એ પરમાત્માનું બ્રહ્મપુર નામનું ધામ જાણવું. ''तत्राश्चर्यमयं दिव्यं मन्दिरं वर्तते प्रभोः'' ॥ इति ॥ અતિ તેજોમય બ્રહ્મપુર ધામની મધ્યે ભગવાનનું એક મંદિર રહેલું છે. એ મંદિરમાં દિવ્ય સિંહાસન ઉપર ભગવાન શ્રીકૃષ્ણ વિરાજમાન છે. જેને રામ કહે છે. જેને વાસુદેવ કહે છે. જેને પરંબ્રહ્મ કહે છે. જેને સહજાનંદ કહે છે. જેને બદરીપતિ નારાયણ કહે છે. આવું જે એક તત્ત્વ શ્રીકૃષ્ણ છે. તે શ્રીકૃષ્ણ દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન છે. તે પ્રદેશને જ અક્ષરધામ શબ્દથી કહેલ છે. જ્યાં મુક્તો અખંડ ભગવાનની સેવામાં રહેલા છે.

હવે પરમ તત્ત્વ પરમાત્મા અને પરમાત્માનું ધામ તથા ધામની અંદર રહેલા મુક્તો, આ બધા આપણી ઈન્દ્રિયો અને અંતઃકરણથી અગોચર છે. તેથી આપણે પરમાત્માને કે પરમાત્માના ધામને પ્રત્યક્ષ જોઈ શકતા નથી. કેવળ શાસ્ત્ર પ્રમાણથી આપણે એમનું અસ્તિત્વ સ્વીકારી શકીએ છીએ. અને અસ્તિત્વ સ્વીકાર્યા બાદ શાસ્ત્રના આધારે જ આપણે એ તત્ત્વોની કલ્પના કરી શકીએ છીએ. જેમ કે- આ લોકમાં એક વિશાળ ભૌતિક આકાશ છે. તેમ પ્રકૃતિમંડળથી પર એક તેજોમય ચિદાકાશ છે. જેમ આ ભૌતિક આકાશની મધ્યે આ બ્રહ્માંડરૂપી ગોળો છે. અને એ બ્રહ્માંડરૂપી ગોળાની ચારે બાજુ સમુદ્ર છે. તેમ ચિદાકાશને મધ્યે એક વિશાળ દ્વીપ છે. અને એ દ્વીપની ચારે બાજુ ગોળાકારે એક વિરજાનામની નદી છે. અને આ બ્રહ્માંડરૂપી ગોળામાં જેમ પૃથ્વીલોક છે, તેમ ચિદાકાશમાં રહેલા દ્વીપને વિષે શતશૃઙ્ગ કીલ્લાને મધ્યે એક વિશાળ તેજોમય ગોલોક પ્રદેશ છે. અને આ પૃથ્વીલોકનો જે રાજા હોય, તેની જેમ પૃથ્વીને મધ્યે કોઈપણ સ્થળે એક રાજધાની હોય છે. તેમ વિશાળ તેજોમય એવા ગોલોક પ્રદેશને મધ્યે અનંત કોટી બ્રહ્માંડના રાજા એવા પરમાત્માની ''બ્રહ્મપુર'' નામની રાજધાની છે. જે કરોડે કરોડ સૂર્યની સમાન પ્રકાશમાન છે. અને આ લોકમાં જેમ રાજધાનીની અંદર એક સરસ મજાનો રાજાનો મહેલ હોય છે. અને એ મહેલમાં એક

સુંદર રાજસિંહાસન ઉપર રાજા વિરાજમાન હોય છે. તેમ પરમાત્માની બ્રહ્મપુર નામની રાજધાનીની અંદર એક સુંદર અને રમણીય મંદિર રહેલું છે. એ મંદિરને જ અક્ષરધામ શબ્દથી કહેલું છે. અને એ અક્ષરધામને વિષે રહેલું એક દિવ્ય સિંહાસન તેના ઉપર સાકાર દિવ્ય મૂર્તિમાન એવા જે, શ્રીકૃષ્ણ ભગવાન તે અખંડ વિરાજે છે. અને અનંત મુક્તો ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરી રહેલા છે. આ રીતે પ્રકૃતિમંડળથી પર તેજોમય એવા એક જ ચિદાકાશ નામના પ્રદેશની અંદર સ્થાનના ભેદવડે કરીને એક પ્રદેશને ગોલોક શબ્દથી કહેવામાં આવે છે. અને ગોલોકની અંદર જ રહેલા એક પ્રદેશને બ્રહ્મપુર શબ્દથી કહેવામાં આવે છે. અને બ્રહ્મપુરમાં એક પ્રદેશ છે જેને અક્ષરધામ શબ્દથી કહેવામાં આવે છે. અને અક્ષરધામ નામના પ્રદેશને વૈકુંઠ શબ્દથી પણ કહેવામાં આવે છે. પણ અંતે આ સર્વે ભગવાનનાં જ ધામો કહેવાય છે. માટે શ્રીજીમહારાજ કહે છે કે- ગોલોક ધામ એ અમારું પ્રિય ધામ છે. અને એ તેજોમય ગોલોક ધામને મધ્યે જે શ્રીકૃષ્ણ પરમાત્મા વિરાજમાન છે. એ પરમાત્માની જે સેવા કરવી એ અમોએ ઈચ્છિત મુક્તિ માનેલી છે, પણ સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય અને સારુપ્ય આ ચાર પ્રકારની જે મુક્તિ છે, એ અમોને ઈષ્ટ નથી. સાલોક્યાદિક ચાર પ્રકારની મુક્તિ કરતાં સેવા મુક્તિ તો અતિ દુર્લભ છે. અને પરમ એકાંતિક ભક્તજનોને જ એ સેવામુક્તિ ઈચ્છિત છે. ''सालोक्यसार्ष्टिसामीप्यसारुप्यैकत्वमप्युत । दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः'' ॥ इति ॥ આ ભાગવતના શ્લોકમાં કપિલ ભગવાન દેવહુતિ માતા પ્રત્યે કહે છે કે- મારા જે પરમ એકાંતિક ભક્તો છે. તેમને હું સાલોક્યાદિ ચાર પ્રકારની મુક્તિને આપવા ઈચ્છું છું, છતાં એ ભક્તો મારી સેવા સિવાય કાંઈપણ ગ્રહણ કરતા નથી. કેવળ એક જ મારી સેવાને જ ગ્રહણ કરે છે. અને વળી ભાગવતના અગિયારમા સ્કન્ધમાં શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવજીને કહે છે કે, હે ઉદ્ધવ ! મારે વિષે જ જેમણે પોતાનાં મન અર્પણ કરેલાં છે, આવા પરમ એકાંતિક ભક્તજનો મારી સેવા વિના તો બ્રહ્મા કે ઈન્દ્રની પદવીને ઈચ્છતા નથી. અને ચક્રવર્તી રાજ્ય કે રસાતળનું રાજ્ય પણ ઈચ્છતા નથી. તથા અણિમાદિક અષ્ટ સિદ્ધિઓને પણ ઈચ્છતા નથી. તો પછી નાશવંત આ લોકના વૈભવોને તો ક્યાંથી ઈચ્છે ? ન જ ઈચ્છે. અને વળી ભાગવતના નવમા સ્કંધમાં ભગવાને દુર્વાસા પ્રત્યે કહેલું છે કે- હે ઋષે ! મારી સેવાથી જ પૂર્ણ મારા એકાંતિક ભક્તજનો મારી સેવામાં વિરોધી એવી સાલોક્યાદિ ચાર પ્રકારની મુક્તિને પણ ઈચ્છતા નથી. તો પછી કાળે કરીને નાશ પામી જનારાં રાજ્યાદિકનાં સુખોને તો ક્યાંથી જ ઈચ્છે ? ન જ ઈચ્છે. અને વળી ભાગવતમાં ઈન્દ્રે દિતિ પ્રત્યે કહેલું છે કે- ''आराधनं भगवत ईहमाना निराशिषः । ये तु नैच्छन्त्यपि परं ते स्वार्थकुशलाः स्मृताः'' ॥ इति ॥ હે દિતિ ! ભગવાનની નિષ્કામભાવથી આરાધનાને કરતા જે પુરુષો ભગવાન પાસેથી મોક્ષને પણ ઈચ્છતા નથી, એજ પુરુષો પોતાનો સેવારૂપી તથા મોક્ષરૂપી સ્વાર્થ સાધવામાં કુશળ કહેલા છે. અર્થાત્ ભગવાન પાસેથી જે પુરુષો મોક્ષની પણ માગણી ન કરે, તે પુરુષો જ મોક્ષ પ્રાપ્ત કરવામાં કુશળ કહેલા છે. અને વળી શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે- હે રાજન્ ! ભગવાનની સેવાએ કરીને જેમના સર્વે મનોરથો સમાપ્ત થયેલા છે, એવા પરમ એકાંતિક ભક્તજનો તો પરમપુરુષાર્થરૂપ આત્યંતિક મોક્ષનો પણ આદર કરતા નથી. એટલા જ માટે ઉદ્ધવજી પણ ભગવાન શ્રીકૃષ્ણને કહેલું છે કે, હે પ્રભુ ! તમારા ચરણ કમળનું સેવન કરનારા પુરુષોને આ લોકમાં ચાર પુરુષાર્થોને મધ્યે કયો પુરુષાર્થ દુર્લભ હોય છે ? કોઈપણ પુરુષાર્થ દુર્લભ હોતો નથી. છતાં પણ ઉદ્ધવજી કહે છે કે- હું એક તમારા ચરણની સેવામાં જ ઉત્કંઠાવાળો થયેલો છું. તેથી હું એ ચારે પુરુષાર્થોને ઈચ્છતો નથી. આ પ્રમાણે સેવામુક્તિ સાલોક્યાદિ ચાર પ્રકારની મુક્તિ કરતાં અતિ દુર્લભ કહેલી છે. અને ભગવાનના પરમ એકાંતિક ભક્તજનોને જ એ સેવામુક્તિ ઈષ્ટ છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- ભગવાન પણ આવી સેવામુક્તિ પોતાના પરમ એકાંતિક ભક્તોને જ આપે છે, પણ સર્વે ભક્તોને આપતા નથી. અને આ સેવામુક્તિ છે, એજ એકાંતિકી ગતિ અને બ્રહ્મગતિ કહેવાય છે.

''ननु'' ''विमुञ्चति यदा कामान् मानवो मनसि स्थितान् । तर्ह्येव पुण्डरीकाक्ष भगवत्त्वाय कल्पते'' ॥ इति ॥ હવે અહીં પ્રતિવાદી શંકા કરે છે કે- ભાગવતમાં પ્રહ્લાદજીએ નૃસિંહભગવાન પ્રત્યે કહેલું છે કે- મનુષ્ય જ્યારે વાસના માત્રથી રહિત થાય છે, ત્યારે એ મનુષ્ય ભગવાનપણાને માટે કલ્પાઈ જાય છે. અર્થાત્ એ ભગવાન બની જાય છે. તો ભાગવતના આ વચનથી સિદ્ધ થાય છે કે- ભગવાનના એકાંતિક ભક્તોને ભગવાન બની જવું એજ મુક્તિ છે. પણ ધામમાં જઈને ભગવાનની સેવા કરવી, એજ મુક્તિ છે. એ વાત તો આ વચનથી સિદ્ધ થતી નથી.

આના ઉત્તરમાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- એકાંતિક ભગવાનના ભક્તો પણ ભગવાન બની જાય છે, એમ માનવું નહિ. કારણ કે ભગવાન તો એક જ છે, પરંતુ ભગવાનની પ્રસન્નતાથી એકાંતિક ભક્તો ભગવાનની સમાન ઐશ્વર્યને પામીને ભગવાનની સેવામાં પ્રીતિવાળા થાય છે. આ પ્રમાણે સર્વે સચ્છાસ્ત્રોનો સિદ્ધાંત છે. જેમ કે- ''निरञ्जनः परमं साम्यमुपैति'' ॥ इति श्रुतिः ॥ આ શ્રુતિમાં પ્રતિપાદન કરેલું છે કે- માયાથી રહિત થયેલો પુરુષ પરમાત્માની સમાન ઐશ્વર્યવાળો થાય છે. અને વળી ગીતામાં પણ કહેલું છે કે- ''इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः'' ॥ इति ॥ આ જ્ઞાનનો આશ્રય કરીને ઘણા ભક્તો મારી સમાન બનેલા છે. આ રીતે ભગવાનના એકાંતિક ભક્તજનો ભગવાનની સમાન બને છે. શતાનંદ સ્વામી આ સમાનતાનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે- ભગવાન પોતાના એકાંતિક ભક્તજનોને તમામ ઐશ્વર્ય આપી દે છે. પણ એક જગતનું નિયન્તાપણું આપતા નથી. એક જ જગતના નિયન્તાપણારૂપ જે ઐશ્વર્ય તેને છોડીને મુક્ત ભગવાનની સમાન ઐશ્વર્યવાળો થાય છે. અને એ મુક્તનું ઐશ્વર્ય પણ પરમાત્માને જ આધીન રહે છે. માટે મુક્તો પણ ભગવાનની સમાન ઐશ્વર્યવાળા થાય છે, પણ ભગવાન બની શક્તા નથી. આવો ભાવ છે. ॥૧૨૧॥

**एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः । मदाश्रितानां कथिता विशेषानथ कीर्तये ॥१२२॥**

અને પૂર્વે જે સર્વે ધર્મો કહ્યા, એ ધર્મો અમારા આશ્રિત ત્યાગી, ગૃહસ્થ બાઈ, ભાઈ સર્વે સત્સંગીઓના સામાન્ય ધર્મો કહ્યા છે. અને હવે સર્વેના પૃથક્ પૃથક્ વિશેષ ધર્મો કહીએ છીએ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજે સમગ્ર ધર્મશાસ્ત્રોરૂપી સમુદ્રનું દોહન કરીને, તમામ સત્સંગીઓના સામાન્ય ધર્મો ૧૨૧ મા શ્લોક પર્યંત પ્રતિપાદન કર્યા. જે ધર્મો ગૃહસ્થ બાઈ, ભાઈ, ત્યાગી, બ્રહ્મચારી સર્વે સત્સંગીઓને સરખા પાળવાના હોય તેને સામાન્ય (સાધારણ) ધર્મો કહેવાય છે. તમામ ધર્મોનું તથા તમામ સાધનોનું પ્રયોજન એક જ અનાદિ અજ્ઞાનરૂપી માયાના બંધનને દૂર કરવા માટે હોય છે. આચાર્યો હોય, ગૃહસ્થો હોય કે ત્યાગીઓ હોય આ સર્વેને અનાદિ અજ્ઞાનરૂપી માયાનું બંધન વળગેલું છે. અને એ અનાદિ અજ્ઞાનરૂપી માયાના બંધનને તોડ્યા વિના મોક્ષપદની પ્રાપ્તિ થતી નથી. અને ભગવાનની ભક્તિ વિના અનાદિ અજ્ઞાનરૂપી માયાનું બંધન ક્યારેય પણ તુટતું નથી. અને ભગવાનની ભક્તિ પણ ધર્મ વિના પુષ્ટિને પામતી નથી. તેથી શ્રીજીમહારાજે ભક્તિની પુષ્ટિને માટે સર્વેના ૧૨૧ મા શ્લોક પર્યંત સાધારણ ધર્મો કહ્યા છે. અને આ ૧૨૨ મા શ્લોકમાં વિશેષ ધર્મો કહેવાની પ્રતિજ્ઞા કરેલી છે. અને હવે ૧૨૩ મા શ્લોકથી પ્રારંભીને અંત પર્યંત આચાર્યો, ગૃહસ્થો, તેમાં પણ ધનાઢ્ય ગૃહસ્થો, રાજાઓ, સધવા-વિધવા બહેનો, નૈષ્ઠિકબ્રહ્મચારીઓ તથા સાધુઓ, આ સર્વેના વિશેષ ધર્મો શ્રીજીમહારાજે અનુક્રમે કહેલા છે.

તે તે વર્ણને તથા તે તે આશ્રમને જ ઉદ્દેશીને કહેવામાં આવેલા ધર્મોને વિશેષ ધર્મો કહેવાય છે. અર્થાત્ તે તે વર્ણના અને તે તે આશ્રમના વ્યક્તિગત જે ધર્મો તેને વિશેષ ધર્મો કહેવાય છે. તેમાં હવે વિશેષ ધર્મોને કહેવાનો પ્રારંભ કરતાં પ્રથમ શ્રીજીમહારાજ બન્ને આચાર્યોના વિશેષ ધર્મો કહે છે. ॥૧૨૨॥

**मज्ज्येष्ठावरजभ्रातृसुताभ्यां तु कदाचन । स्वासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः ॥१२३॥**

હવે સર્વ પ્રથમ ધર્મવંશી આચાર્યોના ધર્મો કહીએ છીએ. અમારા મોટાભાઈ એવા રામપ્રતાપના પુત્ર અયોધ્યાપ્રસાદજી, અને નાના ભાઈ એવા ઈચ્છારામના પુત્ર રઘુવીરજી, આ બન્ને આચાર્યોએ પોતાના સમીપ સંબન્ધથી રહિત એવી સ્ત્રીઓને મંત્રોપદેશ તથા ધર્મોપદેશ ક્યારેય પણ કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- આ સંપ્રદાયમાં બન્ને આચાર્યોનું પ્રધાન સ્થાન છે. બન્ને આચાર્યો સંપ્રદાયના રાજા છે. શાસ્ત્રોમાં કહેલું છે કે- ''राजा कालस्य कारणम्, यथा राजा तथा प्रजा'' ॥ इति ॥ રાજા જો ધર્મનિષ્ઠ હોય તો પ્રજા પણ ધર્મનિષ્ઠ બને છે. અને રાજા તથા પ્રજા બન્ને જો ધર્મનિષ્ઠ હોય તો કળીયુગમાં પણ સત્યયુગ પ્રવર્તી શકે છે. માટે જ કહેલું છે કે, રાજા એ કાળનો કારણ છે. જેવો રાજા એવું જ વાતાવરણ રાજ્યમાં પ્રવર્તે છે. તેમ બન્ને આચાર્યો પણ સંપ્રદાયના રાજા હોવાથી, આચાર્ય જો ધર્મનિષ્ઠ હોય તો પુરો સંપ્રદાય પણ ધર્મનિષ્ઠ બની શકે છે. સંપ્રદાયની શોભા ધર્મમાં હોય છે. આ એક સંપ્રદાય નહિ, પરંતુ તમામ સંપ્રદાયની જે શોભા છે, અને તમામ સંપ્રદાયનું જે તેજ છે, એ સદાચારોને આધારિત છે. અર્થાત્ ધર્મને આધારિત છે. અને બન્ને આચાર્યો ધર્મની ગાદીના વડા છે. આ ધર્મની ગાદી કોઈ સાધારણ ગાદી નથી. આ ધર્મની ગાદીને રામાનંદ સ્વામી જેવા સમર્થ સદ્‌ગુરુએ પાવન કરેલી છે. અને આ જ ધર્મની ગાદીને અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સહજાનંદ સ્વામીએ પાવન કરેલી છે. આવી પવિત્ર ધર્મની ગાદીએ બન્ને આચાર્યો વિરાજમાન છે. તેથી શ્રીજીમહારાજ આચાર્યની પદવીને અધર્મથી રહિત શુદ્ધ બનાવવા માટે કહે છે કે - બન્ને આચાર્યોએ પોતાના સમીપ સંબન્ધથી રહિત એવી સ્ત્રીઓને શ્રીકૃષ્ણમંત્રનો ઉપદેશ કરવો નહિ. તથા ધર્મોપદેશ પણ કરવો નહિ. પોતાની સમીપ સંબન્ધવાળી જે સ્ત્રીઓ હોય, તે સ્ત્રીઓને તો મંત્રોપદેશ તથા ધર્મોપદેશ કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- બન્ને આચાર્યો કેવળ પોતાના કુટુંબ પુરતા જ ગૃહસ્થની સમાન છે. બાકી તો બન્ને આચાર્યો મહાત્યાગી છે. કારણ કે બન્ને આચાર્યોના તમામ ધર્મો મોટે ભાગે ત્યાગીઓની સમાન વર્ણવેલા છે. માટે બન્ને આચાર્યોએ સમીપ સંબન્ધથી રહિત એવી સ્ત્રીઓનો પ્રસંગ સર્વપ્રકારે છોડી દેવો જોઈએ.

અને જો કોઈ સમીપ સંબન્ધથી રહિત એવી મુમુક્ષુ સ્ત્રી મંત્રદીક્ષા ગ્રહણ કરવા માટે આવે. તો પોતે જેને ઉપદેશ કરેલો છે. એવી પોતાની પત્ની દ્વારા મંત્રોપદેશ કરાવવો, પણ પોતે કરવો નહિ.- ''मात्रा स्वस्रा दुहित्रा वा नाविविक्तासनो भवेत् । बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति'' ॥ इति ॥ ભાગવતમાં કહેલું છે કે- એકાંતસ્થળમાં માતા, બહેન કે દીકરીની સાથે પણ પ્રસંગ રાખવો નહિ. કારણ કે ઇન્દ્રિયો અતિ બળવાન છે. વિદ્વાન પુરુષોને પણ સ્ત્રી તરફ ખેંચી જાય છે. તેથી બન્ને આચાર્યો સમીપ સંબન્ધથી રહિત એવી સ્ત્રીઓને જો પોતે મંત્રોપદેશ કરે, તો પોતાની શિષ્યા બનેલી સ્ત્રીઓના પ્રસંગને કારણે પોતાને સ્વધર્મ થકી ભ્રષ્ટ થવાના પ્રસંગો સર્જાય છે. ''नन्वग्निः प्रमदा नाम घृतकुम्भसमः पुमान् । स्त्रीपुंप्रसङ्ग एतादृक् सर्वत्र त्रासमावह'' ॥ इति ॥ ભાગવતમાં કહેલું છે કે- સ્ત્રી અગ્નિની સમાન છે અને પુરુષ ઘીના ઘડાની સમાન છે. જેમ અગ્નિની સમીપે ઘી પીગળ્યા વિના રહે જ નહિ. તેમ સ્ત્રીને સમીપે પુરુષ પીગળ્યા વિના રહેતો નથી. અર્થાત્ સ્ત્રીને સમીપે પુરુષ જરૂર વિકારને પામે છે. આ રીતે સ્ત્રી-પુરુષનો પરસ્પર પ્રસંગ સર્વત્ર ભયને આપનારો છે. ગમે તેવો જ્ઞાની હોય છતાં સ્ત્રીઓની સમીપે તેના વિચારો બદલાયા વિના રહેતા નથી. માટે બન્ને આચાર્યોએ ધર્મની ગાદીને અધર્મથી રહિત શુદ્ધ રાખવા માટે દૂર સંબન્ધવાળી સ્ત્રીઓને મંત્રદીક્ષા આપીને પોતાની શિષ્યા બનાવવી નહિ. કારણ કે શિષ્યા બનેલી સ્ત્રીના પ્રસંગ થકી ગુરૂને સ્વધર્મ થકી ભ્રષ્ટ થવાના પ્રસંગો સર્જાય છે. માટે બન્ને આચાર્યોએ સાવધાન રહીને કેવળ

પુરુષને જ મંત્ર દીક્ષા આપવી. અને સ્ત્રીઓમાં સમીપ સંબન્ધવાળી સ્ત્રીઓને જ મંત્રદીક્ષા આપવી. અને વળી આ મર્યાદા દાદા ધર્મદેવે જ બાંધેલી છે. માટે બન્ને આચાર્યોએ આ મર્યાદા અવશ્ય પાલન કરવી જ જોઈએ, આવો અભિપ્રાય છે. ॥૧૨૩॥

**न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता नहि । क्रौर्यं कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित् ॥१२४॥**

અને વળી બન્ને આચાર્યોએ સમીપ સંબન્ધથી રહિત એવી સ્ત્રીઓનો ક્યારેય પણ સ્પર્શ કરવો નહિ, અને તેની સાથે બોલવું પણ નહિ. અને કોઈ જીવને વિષે ક્રૂરપણું કરવું નહિ, અને કોઈની થાપણ રાખવી નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- જેમ ત્યાગીઓને સર્વે સ્ત્રીઓના પ્રસંગનો સર્વપ્રકારે ત્યાગ કરી દેવો જોઈએ. તેમ બન્ને આચાર્યોએ પોતાના કુટુંબની સ્ત્રીઓને છોડીને બીજી સર્વે દૂર સંબન્ધવાળી સ્ત્રીઓના પ્રસંગનો સર્વપ્રકારે ત્યાગ કરી દેવો જોઈએ, આવું તાત્પર્ય છે.

અને વળી બન્ને આચાર્યોએ કોઈપણ પ્રાણી ઉપર ક્રૂરપણું કરવું નહિ. અર્થાત્ નિર્દય થવું નહિ. કારણ કે આચાર્ય એ પ્રજાના ગુરૂ છે. તેથી ગુરૂ હમેશાં દયાવાન હોવા જોઈએ. ''गुरवो हि दयालवः'' ॥ इति स्मृति ॥ આ સ્મૃતિની અંદર કહેલું છે કે- ગુરૂઓ હમેશાં જીવપ્રાણીમાત્ર ઉપર દયા રાખનારા હોવા જોઈએ. માટે બન્ને આચાર્યોએ કોઈ અજ્ઞાની જીવો કદાચ પોતાનો અપરાધ કરી નાખે, છતાં પણ તેમના ઉપર દયા રાખવી, પણ તેમના ઉપર દ્વેષ રાખવો નહિ. કોઈ પોતાનો શત્રુ હોય તેના ઉપર પણ ક્રૂરતા કરવી નહિ. અર્થાત્ શત્રુની સામે પણ શત્રુતાનો ત્યાગ કરીને મિત્રની પેઠે રહેવું. અને વળી બન્ને આચાર્યોએ કોઈનું પણ થાપણ રાખવું નહિ. કોઈ પોતાથી પરિચિત વ્યક્તિ હોય કે અપરિચિત હોય, કોઈપણ વ્યક્તિની થાપણની વસ્તુ પોતાની પાસે રાખવી નહિ. કારણ કે થાપણની વસ્તુ કજીયાનું મૂળ કહેલું છે. જો એ થાપણની વસ્તુમાં પોતાને મોહ ઉત્પન્ન થાય, અને પાછી ન આપે તો કજીયો થાય. અને જેની થાપણની વસ્તુ પોતે સાચવેલી હોય, એ વ્યક્તિનું કદાચ મૃત્યુ થઈ જાય, અને તેના પાછળ કોઈ વારસદાર હોય તો તેના થકી પણ ક્યારેક આપત્તિના પ્રસંગો સર્જાય છે. આ પ્રમાણે થાપણની વસ્તુ સર્વપ્રકારે કજીયાનું મૂળ કહેલું છે, આવો ભાવ છે. ॥૧૨૪॥

**प्रतिभूत्वं न कस्यापि कार्यं च व्यावहारिके । भिक्षयापदतिक्रम्या न तु कार्यमृणं क्वचित् ॥१२५॥**

અને બન્ને આચાર્યો હોય તેમણે, વ્યવહાર કાર્યને વિષે કોઈનું પણ જામીનપણું કરવું નહિ. અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા વડે નિર્વાહ કરીને આપત્કાળને ઉલ્લંઘવો, પણ કોઈનું કરજ તો ક્યારેય પણ કરવું નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- બન્ને આચાર્યો હોય તેમણે ખરીદવું, વેચવું, લેવું, દેવું ઈત્યાદિક સમગ્ર વ્યાવહારિક કાર્યને વિષે પોતાના કે પારકા કોઈપણ પુરુષનું જમાનગરુ કરવું નહિ. કેમ કે જામીનપણામાં કારણ વિના મોટા ક્લેશની પ્રાપ્તિ થાય છે. માટે બન્ને આચાર્યોએ કોઈપણ વ્યાવહારિક કાર્યમાં જામીન પડવું નહિ, અર્થાત્ કોઈનું પ્રતિનિધિ બનવું નહિ, આવું તાત્પર્ય છે.

અને વળી દેવ ઈચ્છાથી ક્યારેક પોતાના ધન અથવા ધાન્યાદિકનું હરણ થઈ જાય ઈત્યાદિક જ્યારે આપત્કાળ આવી પડે, ત્યારે બન્ને આચાર્યો હોય તેમણે, બ્રાહ્મણોને માટે વિધાન કરેલી ભિક્ષાવૃત્તિથી જ એ આપત્કાળને દૂર કરવો. પણ કોઈ પાસેથી ધન ગ્રહણ કરીને ઋણ ક્યારેય પણ કરવું નહિ. કારણ કે ઋણ અતિ દુઃખરૂપ કહેલું છે. ''नाधमर्ण्यसमं दुःखं गृहिणामिह किञ्चन'' ॥ इति ॥ સ્કંદપુરાણમાં કહેલું છે કે ગૃહસ્થાશ્રમી પુરુષોને ઋણની સમાન બીજું કોઈ પણ દુઃખ નથી. અર્થાત્ ગૃહસ્થાશ્રમી પુરુષોને ઋણ અતિ બોજારૂપ કહેલું છે. તેથી ઋણને અતિ દુઃખરૂપ શાસ્ત્રોમાં બતાવેલું છે. ''पञ्चमेऽहनि षष्ठे वा शाकं पचति यो गृहे । अनृणी चाप्रवासी च स वारिचर मोदते'' ॥ इति ॥ મહાભારતમાં યક્ષે

યુધિષ્ઠિર રાજાને પ્રશ્ન પુછેલો છે કે, આ લોકમાં કોણ આનંદને પામે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં યુધિષ્ઠિર રાજાએ કહેલું છે કે, જે પુરુષ પોતાના ઘરમાં પાંચમે કે છઠ્ઠે દિવસે કેવળ શાક બનાવીને જમતો હોય પણ તેના ઉપર ઋણનો બોજો ન હોય, અને તેને જો પ્રવાસ વેઠવો પડતો ન હોય, તો એ પુરુષ આનંદને પામે છે. પણ ઋણી પુરુષ ભલે સારૂં સારૂં જમતો હોય, અને ભલે પોતાના ઘરમાં બેઠો હોય તો પણ એ દુઃખી છે. અને વળી દેવ ઈચ્છાથી ઋણ ચુકવ્યા વિના જો પોતાનું મરણ થઈ જાય તો પણ મહાન અનર્થની પ્રાપ્તિ થાય છે. માટે બન્ને આચાર્યોએ સર્વ પ્રકારે ક્યારેય પણ કોઈનું ઋણ કરવું નહિ, આવું તાત્પર્ય છે. શતાનંદ સ્વામી કહે છે કે- આ બાબત આચાર્યોને ઉદ્દેશીને વિધાન કરેલી છે, છતાં સર્વને માટે આ બાબત સાધારણ છે. અર્થાત્ ઋણ બધાયને માટે દુઃખરૂપ છે. માટે જેમ બને તેમ પ્રાણની આપત્તિ વિના કોઈએ પણ ઋણ કરવું નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૨૫॥

**स्वशिष्यार्पितधान्यस्य कर्तव्यो विक्रयो न च । जीर्णं दत्त्वा नवीनं तु ग्राह्यं तन्नैष विक्रयः ॥१२६॥**

અને બન્ને આચાર્યો હોય તેમણે, પોતાના શિષ્યોએ ધર્મ નિમિત્તે આપેલું જે ધાન્ય તેને વેચવું નહિ, અને જુનું થઈ ગયેલું ધાન્ય કોઈકને આપીને નવું લેવું તેને વેચ્યું કહેવાય નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે- પોતાના શિષ્યોએ ધર્મ નિમિત્તે અર્પણ કરેલું ડાંગરાદિક ધાન્ય પોતાના કુટુંબ પરિવારનું પોષણ થાય તેના કરતાં અધિક હોય તો પણ બન્ને આચાર્યોએ તે વેચવું નહિ. કારણ કે ક્યારેક અકસ્માત દુષ્કાળાદિ આપત્કાળ આવી પડે, અને તે સમયે જો પોતાની પાસે ધાન્ય ન હોય તો દુર્દશાની પ્રાપ્તિ થાય છે. અને જો ધાન્યનો સંગ્રહ કરી રાખેલો હોય તો દુષ્કાળ આદિક આપત્કાળમાં પણ સાધુ, બ્રાહ્મણ, ભિક્ષુક અને ગરીબ એવા જીવોનું પોષણ કરી શકાય છે. અને તેણે કરીને પરમ ધર્મનું સંપાદન કર્યું કહેવાય છે. માટે બન્ને આચાર્યોએ ધાન્યને વેચવું નહિ, આવો ભાવ છે.

અને જો ગયા વર્ષમાં ભેળું કરેલું હોય, અર્થાત્ શિષ્યો પાસેથી પ્રાપ્ત થયેલું હોય, અને જંતુ પડી જવાના ભયથી લાંબો સમય રાખી શકાય એમ ન હોય તો, એ ધાન્યને વેચીને બીજું નવું ધાન્ય ખરીદી લેવું. અથવા તો ધાન્યના બદલામાં તેની સમાન જ ધાન્ય લઈ લેવું. આમ કરવાથી એ ધાન્ય વેચ્યું કહેવાતું નથી. પરંતુ ગૃહસ્થધર્મના રક્ષણની પ્રાપ્તિ થાય છે. આવો અભિપ્રાય છે. ॥૧૨૬॥

**भाद्रशुक्लचतुर्थ्यां च कार्यं विघ्नेशपूजनम् । इषकृष्णचतुर्दश्यां कार्याऽर्चा च हनुमतः ॥१२७॥**

અને બન્ને આચાર્યો હોય તેમણે, ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી. તથા આસો વદિ ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજ આ શિક્ષાપત્રીમાં પોતાના સર્વે ભક્તજનોને વારંવાર એવી શિખામણ આપી રહ્યા છે કે, જો પોતાથી પૂણ્ય ન થઈ શકે તો કાંઈ નહિ, પણ પાપ તો ક્યારેય પણ કરવું નહિ. અને જો પોતાથી કોઈનું ભલું ન થાય તો કાંઈ નહિ, પણ કોઈનું ભુંડું તો ક્યારેય પણ કરવું નહિ. તેમ પોતાથી કોઈ દેવને આદર ન આપી શકાય તો કાંઈ નહિ, પણ કોઈ દેવનો અનાદર તો ક્યારેય પણ કરવો નહિ.

કેટલાક સર્વોપરિ ઉપાસનાનો જે કેફ ધરાવનારા છે, તેઓ ગણપતિ, હનુમાનજી આદિક દેવોની પૂજા કરવાનો પણ સંકોચ અનુભવે છે. અને એ દેવોનું પૂજન કરવાથી અન્યાશ્રય નામનો દોષ લાગે છે. અર્થાત્ બીજાનો આશ્રય કર્યો કહેવાય છે. અને તેથી જ ઉપાસનાનો ભંગ થાય છે, આવું કેટલાક માનતા હોય છે. પણ શતાનંદ સ્વામી કહે છે કે, પોતાના ઈષ્ટદેવને છોડીને બીજા ગણપતિજી, કે હનુમાનજી આદિક દેવોની

પૂજા કરવાથી અન્યાશ્રય નામનો દોષ લાગતો નથી. અર્થાત્ બીજાનો આશ્રય કર્યો કહેવાતો નથી. અને તેથી જ ઉપાસનાનો પણ ભંગ થતો નથી. કારણ કે બીજાનો આશ્રય કર્યો ત્યારે જ કહેવાય, અને ઉપાસનાનો ભંગ પણ ત્યારે જ કહેવાય કે, પોતાના ઈષ્ટદેવનું કર્તાપણું છોડીને બીજા દેવાદિકને કર્તા સમજે. તેથી આ જગતના કર્તા હનુમાનજી તથા ગણપતિ છે. આવી ભાવનાથી જો હનુમાનજી કે ગણપતિની પૂજા કરવામાં આવે, તોજ બીજાનો આશ્રય કર્યો કહેવાય છે. અને તેથી જ ઉપાસનાનો ભંગ થાય છે. પણ ગણપતિ, હનુમાનજી આદિક સર્વે દેવો મારા ઈષ્ટદેવની જ વિભૂતિઓ છે. મારા ઈષ્ટદેવ સર્વે વિભૂતિઓની અંદર અંતર્યામિપણે રહેલા છે. આવી ભાવનાથી જો ગણપતિ આદિ દેવોની પૂજા કરવામાં આવે, તો એ વિભૂતિઓ દ્વારા પોતાના ઈષ્ટદેવનું જ પૂજન છે. અને તેથી જ કોઈપણ જાતનો દોષ લાગતો નથી. તેમાં ગણપતિ તો સર્વે વિઘ્નોનું હરણ કરનારા છે. અને શાસ્ત્રોમાં ગણપતિને ભગવાનના અવતાર તરીકે વર્ણવેલા છે. માટે બન્ને આચાર્યો એ ભાદરવા માસની સિદ્ધિ વિનાયક નામની ચતુર્થીને દિવસે વિઘ્નરાજ ગણપતિની માટીની મૂર્તિ બનાવી, તેનું વિધિપૂર્વક પૂજન કરવું. ભવિષ્યોત્તરને વિષે કહેલું છે કે- ''एवं यः पूजयेत्तस्य संकटं लीयतेऽखिलम् । न विघ्नं जायते क्वापि वाञ्छितं प्राप्नुयात् फलम्'' ॥ इति ॥ જે પુરુષ વિધિપૂર્વક ગણપતિનું પૂજન કરે છે, તેનાં સર્વે સંકટો નાશ પામી જાય છે. અને કાર્યોની અંદર કોઈપણ વિઘ્ન થતું નથી. અને ઈચ્છિત ફળને પામે છે. માટે બન્ને આચાર્યોએ વિધિપૂર્વક ગણપતિની પૂજા કરવી. અને એજ રીતે આસો મહિનાના વદ પક્ષની નરકચતુર્દશીને દિવસે મહાવીર હનુમાનજીનું તેલ, સિન્દુર, આકડાનાં પુષ્પો વિગેરેથી પૂજન કરવું. શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- આ બન્ને દેવતાઓનું પૂજન જો કે આચાર્યને ઉદેશીને અહીં વિધાન કરેલું છે. છતાં આ પૂજન સર્વે ગૃહસ્થાશ્રમી સત્સંગીઓને પણ સાધારણ છે. માટે બીજા તમામ ગૃહસ્થ સત્સંગીઓએ પણ આ બે દેવતાનું પૂજન કરવું, આવો અભિપ્રાય છે. ॥૧૨૭॥

**मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे । गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥१२८॥**

અને સર્વે મારા આશ્રિતોના ધર્મરક્ષણને માટે ગુરૂપણાને વિષે સ્થાપન કરેલા બન્ને આચાર્યોએ શરણે આવેલા મુમુક્ષુજનોને દીક્ષા આપવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે- શ્રીજીમહારાજે ગુરૂપદના કેટલાક અધિકારો બન્ને આચાર્યોને જ સમર્પિત કરેલા છે. તેથી શ્રીજીમહારાજ કહે છે કે- મારા આશ્રિતોને આચાર્યોએ દીક્ષા આપવી. અનંતજન્મોનાં પાપોને ધોઈને જે આત્મદીપને પ્રજવલ્લિત કરે તેને દીક્ષા કહેવામાં આવે છે. અને એ દીક્ષા બે પ્રકારની છે. એક સામાન્ય દીક્ષા અને બીજી મહાદીક્ષા. તેમાં શરણે આવેલા અને જન્મ મરણરૂપી સંસૃતિ થકી મુકાવાને ઈચ્છતા એવા કોઈપણ બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શુદ્રો હોય કે તેમની સ્ત્રીઓ હોય, આ બધાયને સામાન્ય દીક્ષા ગ્રહણ કરવામાં અધિકાર કહેલો છે. તેથી આ બધાયને શ્રીકૃષ્ણનો સામાન્ય મંત્ર આપીને સામાન્ય દીક્ષા આપવી. તથા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણે વર્ણને મહાદીક્ષા ગ્રહણ કરવામાં અધિકાર છે. તેથી આ ત્રણે વર્ણનો કોઈપણ પુરુષ પોતાને શરણે આવેલો હોય, અને ઉત્તમ અધિકારી હોય તો મહાદીક્ષા આપીને તેના ઉપર અનુગ્રહ કરવો. સામાન્ય દીક્ષા ગ્રહણ કરવામાં સર્વે વર્ણવાળા પુરુષોને તથા તેમની સ્ત્રીઓને અધિકાર છે. પણ મહાદીક્ષા ગ્રહણ કરવામાં તો ત્રણે વર્ણોને મધ્યે પણ જે ઉત્તમ અધિકારી હોય તેને જ અધિકાર છે. અને આ ઉદ્ધવ સંપ્રદાયની અંદર દીક્ષા આપવાનો અધિકાર પણ શ્રીજીમહારાજે બન્ને આચાર્યોને જ આપેલો છે. માટે આપણે જો સહજાનંદ સ્વામીના આશ્રિત હોઈએ, અને સહજાનંદ સ્વામીના વચનમાં જો વિશ્વાસ હોય તો બન્ને ગાદી દ્વારા જ દીક્ષા પ્રાપ્ત કરવી જોઈએ. બન્ને ગાદી સિવાયની જે દીક્ષા છે, એ દીક્ષામાં પોતાના ઈષ્ટદેવની આજ્ઞાનો અનાદર હોવાથી, એ દીક્ષા અનન્ત જન્મોનાં પાપોને ધોઈને આત્મદીપને પ્રજવલ્લિત કરી શકે નહિ.

દીક્ષાની અંદર ગુરૂ, શિષ્ય અને મંત્ર આ ત્રણ તત્ત્વોની પ્રધાનતા હોય છે. તેમાં મંત્ર છે એ બીજ છે. અને શિષ્ય છે એ ખેતર છે. અને ગુરૂ છે એ મંત્રરૂપી બીજને શિષ્યરૂપી ખેતરમાં વાવનારા છે. માટે આ ત્રણે તત્ત્વો ઉત્તમ હોવાં જોઈએ. તેમાં દીક્ષા આપવાના અધિકારને પામેલા સમર્થ મહાન ગુરૂ જ્યારે પાત્ર એવા શિષ્યને વિષે શ્રીકૃષ્ણમંત્રરૂપી બીજને વાવે છે, ત્યારે એ મંત્રરૂપી બીજ એકાન્તિક ધર્મરૂપી જે વૃક્ષ તે રૂપે પાંગરીને શિષ્યને આધ્યાત્મિક માર્ગની ઉન્નતિના શિખરે પહોંચાડે છે. માટે આપણે જો સહજાનંદ સ્વામીના આશ્રિત હોઈએ તો, સહજાનંદ સ્વામીની આજ્ઞાને અનુસારે બન્ને આચાર્યો થકી જ દીક્ષા ગ્રહણ કરવી જોઈએ, આવો અભિપ્રાય છે. ॥૧૨૮॥

**यथाधिकारं संस्थाप्याः स्वे स्वे धर्मे निजाश्रिताः । मान्याः सन्तश्च कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात् ॥१२९॥**

અને બન્ને આચાર્યો હોય તેમણે, પોતાનો આશ્રય કરીને રહેલા જે શિષ્યો હોય તેમને અધિકારને અનુસારે પોતપોતાના ધર્મમાં સ્થાપન કરવા, અને સંતોને પરમ આદર થકી માનવા. તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ પણ આદર થકી કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આ શ્લોકમાં શ્રીજીમહારાજે આચાર્યોને ત્રણ આજ્ઞાઓ કરેલી છે. એક તો પોતાના શિષ્યોને ધર્મમાર્ગમાં વર્તાવવા. અને સંતોને માનવા. તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ કરવો. તેમાં ધર્મમાર્ગનું પ્રવર્તન કેવળ ઉપદેશથી થઈ શકતું નથી. પુરુષ પોતે જ્યારે ધર્મનિષ્ઠ બને ત્યારે જ, એ બીજાને ધર્મમાર્ગમાં પ્રવર્તાવી શકે છે. પોતે જો ધર્મમાં શિથિલ હોય તો પોતાના શિષ્યોને ક્યારેય પણ ધર્મમાં પ્રવર્તાવી શકે નહિ. સામાન્ય વ્યક્તિ જ્યારે ધર્મથી રહિત થાય છે. ત્યારે એક જ વ્યક્તિને નુકશાન થાય છે. પણ ધર્મગુરૂઓ જ્યારે ધર્મથી રહિત થાય ત્યારે તેની અસર વ્યાપક સમસ્ત સમુદાય ઉપર થાય છે. અને વળી બન્ને આચાર્યો ધર્મગુરૂ થઈને જો પોતાના શિષ્યોને ધર્મમાર્ગે પ્રવર્તાવે નહિ, તો શિષ્યોએ કરેલા પાપનો ગુરૂને વિષે પ્રવેશ થાય છે. આ વિષયમાં શંખસ્મૃતિનું વાક્ય પ્રમાણરૂપ છે. ''राजा प्रजानां शमलं याति धर्ममशिक्षयन् । आचार्यो निजशिष्याणां स्त्रीणां तत्पतयस्तथा'' ॥ इति ॥ આ શ્લોકનો એ ભાવ છે કે, રાજા પ્રજા પાસેથી કરવેરો ગ્રહણ કરે છે. તેથી રાજાની ફરજ છે કે પ્રજાને સન્માર્ગે વાળવી જોઈએ. છતાં જો રાજા પ્રજાને ધર્મનું શિક્ષણ આપીને સન્માર્ગે વાળે નહિ તો પ્રજાએ કરેલા પાપનો અમુક અંશ રાજાને પ્રાપ્ત થાય છે. અને આચાર્યોની પણ ફરજ છે કે- પોતાના શિષ્યોને ધર્મમાર્ગે પ્રવર્તાવવા જોઈએ. છતાં જો આચાર્યો પોતાના શિષ્યોને ધર્મમાર્ગે પ્રવર્તાવે નહિ, તો શિષ્યોએ કરેલા પાપનો અમુક અંશ આચાર્યને પ્રાપ્ત થાય છે. અને સ્ત્રી જો કુમાર્ગે જાય તો એ પાપનો અમુક અંશ તેના પતિને લાગે છે. માટે બન્ને આચાર્યો હોય તેમણે પોતે પ્રથમ પોતાના ધર્મમાં રહીને પોતાના શિષ્યોને ધર્મમાર્ગે પ્રવર્તાવવા, આવી શ્રીહરિની આજ્ઞા છે.

અને વળી બન્ને આચાર્યોએ સાધુપુરુષોને આદર થકી માનવા. અર્થાત્ સાધુપુરુષોને શ્રદ્ધાથી પૂજવા. કારણ કે સંતોનો જો હમેશાં સમાગમ હોય તો દૈવી સંપત્તિનાં બીજો ઉગીને પાંગરતાં રહે છે. અને વળી સાધુપુરુષોના પૂજન વિના ભગવાનનું પૂજન પણ પૂર્ણ ફળ આપનારૂં થતું નથી. ''नाहमात्मानमाशास मद्भक्तैः साधुभिर्विना'' ॥ इति ॥ ભાગવતમાં ભગવાન દુર્વાસાઋષિ પ્રત્યે કહે છે કે- હે ઋષિ ! જે ભક્તો મને રાજી કરવા માટે મારી પ્રતિમાને શ્રદ્ધાથી પૂજે છે, પણ મારા ભક્ત સાધુપુરુષોની જે પુરુષ પૂજા કરતો નથી, તે પુરુષની પૂજાને હું બહુ માનતો નથી. કારણ કે હું મારા ભક્ત સાધુ વિના તો મારા સ્વરૂપની પણ સ્પૃહા કરતો નથી. અને તમોએ મારા પરમ ભક્ત અંબરીષ રાજાનો અપરાધ કરેલો છે. માટે મારા ભક્ત અંબરીષ રાજાની તમે ક્ષમા યાચના કરો. આ પ્રમાણે ભગવાનના ભક્ત સાધુના પૂજન વિના ભગવાન પોતાના પૂજનને પણ સ્વીકારતા નથી. માટે બન્ને આચાર્યોએ ભગવાનના ભક્ત સાધુપુરુષોને આદર થકી પૂજવા.

અને વળી આચાર્યો હોય તેમણે, વેદાદિક સચ્છાસ્ત્રનો અભ્યાસ પણ આદર થકી કરવો. ''ब्राह्मणेन निष्कारणं षडङ्गो वेदोऽध्येतव्यो ज्ञेयश्च''

॥ इति ॥ વેદની અંદર પ્રતિપાદન કરેલું છે કે- તપ અને વિદ્યા આ બન્ને બ્રાહ્મણોનું પરમ કલ્યાણ કરનારાં છે. માટે બ્રાહ્મણો હોય તેમણે નિષ્કામભાવથી છ અંગો સહિત વેદનો સારી રીતે અભ્યાસ કરવો. કારણ કે વેદાદિક સચ્છાસ્ત્રોના અભ્યાસ વિના તો બ્રાહ્મણોને અંધ કહેવાય છે.- ''श्रुतिस्मृति उभे नेत्रे ब्राह्मणस्य प्रकीर्तिते । एकया रहितः काणो द्वाभ्यां त्वन्धः स वै मतः'' ॥ इति ॥ દાન ખંડમાં કહેલું છે કે- શ્રુતિ અને સ્મૃતિ બ્રાહ્મણોનાં નેત્રો કહેવાય છે. તેથી શ્રુતિ અને સ્મૃતિ આ બન્નેમાંથી બ્રાહ્મણ જો એકને ભણેલો ન હોય તો, એ બ્રાહ્મણ કાંણો કહેવાય છે. અને જો બન્નેને ભણેલો ન હોય તો, એ બ્રાહ્મણને અંધ કહેવામાં આવે છે. અને તેમાં પણ ગુરૂપદ ઉપર જે વિરાજમાન હોય, તેમને સંપ્રદાયના સિદ્ધાંતનું તો પૂર્ણ જ્ઞાન હોવું જોઈએ. અને એમાં પણ ખાસ કરીને વિશિષ્ટાદ્વૈત મતનું તો પૂર્ણ જ્ઞાન હોવું જોઈએ. કારણ કે કોઈ જીજ્ઞાસુ હોય અને વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને જાણવાની ભાવનાથી આચાર્ય પાસે આવે, અને આચાર્ય જો તેને સમજાવી ન શકે તો ગુરૂપદનું ગૌરવ નાશ પામી જાય છે. માટે બન્ને આચાર્યો હોય તેમણે વેદાદિક સચ્છાસ્ત્રોનો અભ્યાસ પરમ આદર થકી કરવો જોઈએ, આવો ભાવ છે. ॥૧૨૯॥

**मया प्रतिष्ठापितानां मन्दिरेषु महत्सु च । लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ॥१३०॥**

અને વળી બન્ને આચાર્યો હોય તેમણે, અમોએ મોટાં મંદિરોમાં પ્રતિષ્ઠાવિધિથી સ્થાપન કરેલાં લક્ષ્મીનારાયણાદિક ભગવાનનાં સ્વરૂપોની સેવા વિધિ પ્રમાણે કરવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજના ત્રણ સંકલ્પો હતા. તેમાં આ પણ એક સંકલ્પ હતો કે મોક્ષમાર્ગ અબાધિત અને સતત વહેતો રહે તેને માટે મારે મંદિરોની રચના કરીને તેમાં પરમાત્માનાં અર્ચાસ્વરૂપોની સ્થાપના કરવી. આવા પોતાના સંકલ્પને અનુસારે પરબ્રહ્મ પરમાત્મા એવા સહજાનંદ સ્વામીએ અમદાવાદ, ભુજ, વડતાલ આદિક ધામોમાં મોટાં મોટાં મંદિરો બંધાવ્યાં છે. અને એ મંદિરોમાં નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણદેવ, આદિક પરમાત્માનાં અર્ચાસ્વરૂપો પધરાવ્યાં છે. તો બન્ને આચાર્યો હોય તેમણે, એ અર્ચાસ્વરૂપોની સેવા વિધિ પ્રમાણે કરવી. અર્થાત્ વિઠ્ઠલેશજીએ કહેલી રીતિ વડે સેવા કરવી.

શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિશ્લેષણ કરતાં કહે છે કે- શ્રીજીમહારાજે આ શ્લોકમાં લક્ષ્મીનારાયણ દેવનો મુખ્યપણે નિર્દેશ કરેલો છે. અને બીજા દેવોનો આદિ શબ્દથી નિર્દેશ કરવામાં આવ્યો છે. તેથી તેનો એવો અર્થ સમજવો નહિ કે લક્ષ્મીનારાયણદેવ મોટા છે, અને બીજા દેવો ન્યૂન છે. પણ શ્રીજીમહારાજ જ્યારે આ શિક્ષાપત્રી લખી રહ્યા હતા ત્યારે લક્ષ્મીનારાયણદેવની સમીપે રહેલા હતા. તેથી જ લક્ષ્મીનારાયણ દેવનો પ્રધાનપણે આ શ્લોકમાં નિર્દેશ કર્યો છે, એમ જાણવું. પણ બીજાં સ્વરૂપોની ન્યૂનતા છે એવી શંકા કરવી નહિ. કારણ કે ૧૧૨ મા શ્લોકમાં સ્વામિનારાયણ ભગવાને પોતે જ બધાં ભગવાનનાં સ્વરૂપોની એકતા પ્રતિપાદન કરેલી છે. માટે મંદિરોમાં પધરાવેલાં ભગવાનનાં જુદાં જુદાં સ્વરૂપોમાં ભેદ સમજવો નહિ. જ્યારે વેદોક્તવિધિથી પ્રતિષ્ઠા કરવામાં આવે છે. ત્યારે પરમ તત્ત્વ જે એક પરમાત્મા છે. તેનો જ મૂર્તિઓની અંદર આવિર્ભાવ કરવામાં આવે છે. અલગ અલગ મૂર્તિઓની અંદર અલગ અલગ તત્ત્વોનો આવિર્ભાવ કરવામાં આવતો નથી. આવિર્ભાવનો વેદોક્ત મંત્ર પણ સર્વે મૂર્તિઓની પ્રતિષ્ઠાઓમાં એક જ હોય છે. મંત્ર પણ જુદા જુદા હોતા નથી. એક જ મંત્રથી એક જ તત્ત્વને મૂર્તિઓની અંદર બોલાવવામાં આવે છે. માટે બન્ને આચાર્યો હોય તેમણે, સર્વે પરમાત્માના સ્વરૂપોમાં અભેદ ભાવનો (એકતાનો) સ્વીકાર કરીને વિઠ્ઠલેશજીએ કહેલો જે વિધિ, તેને અનુસારે સેવા પૂજા કરવી.

ભગવાનના ભક્તો હોય તેમણે, પોતાના સેવક ઘણા હોય છતાં પણ ભગવાનની સેવા જાતે જ કરવી જોઈએ, આવો વિવેક છે. પણ આચાર્ય એક અને મંદિરો ઘણાં હોવાથી એ સંભવી શકે તેમ નથી. માટે આચાર્યોએ સેવા કરવી તેનો લક્ષ્યાર્થ એ જાણવો કે, પોતપોતાના દેશ

વિભાગમાં આવતાં મંદિરોમાં પૂજારીઓની નિયુક્તિ કરીને ભગવાનનાં સ્વરૂપોની સેવા કરાવવી. અને ભગવાનના સ્વરૂપોની સેવા પૂજા બરાબર થાય છે કે નહિ ? તેની સંભાળ બન્ને આચાર્યોએ રાખવી, આવો ભાવ છે. ॥૧૩૦॥

**भगवन्मन्दिरं प्राप्तो योऽन्नार्थी कोऽपि मानवः । आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तितः ॥१३१॥**

અને બન્ને આચાર્યો હોય તેમણે, ભગવાનના મંદિર પ્રત્યે આવેલા જે કોઈપણ અન્નાર્થી મનુષ્યો હોય તેમની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદરપૂર્વક સંભાળ રાખવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- મંદિરમાં આવેલો મનુષ્ય કોઈપણ હોય પરિચિત હોય કે અપરિચિત હોય, બ્રાહ્મણ હોય કે શુદ્ર હોય, પણ જો ભૂખ્યો હોય તો તેને યથાયોગ્ય રાંધેલું અન્ન અથવા તો કાચું અન્ન આપવું. ''स्वदेशे परदेशे वा ह्यतिथिं नोपवासयेत्'' ॥ इति ॥ સ્મૃતિમાં કહેલું છે કે- પોતાના દેશમાં અથવા પરદેશમાં પોતાના આંગણે આવેલા અતિથિને ઉપવાસ કરાવવો નહિ. અર્થાત્ અતિથિને કાંઈ પણ જમવાનું આપવું. અને સાથે પાણી પણ પાવું. ''अन्नदानं प्रशंसन्ति विद्वांसो वेदवादिनः । अन्नमेव यतः प्राणाः प्राणदानसमं हि तत्'' ॥ इति ॥ આદિત્ય પુરાણમાં વિદ્વાન પુરુષોએ અન્નદાનની ખુબ પ્રશંસા કરેલી છે. કારણ કે આ શરીરની અંદર જે પ્રાણો છે એ અન્નને આધારે રહેલાં છે. તેથી અન્નનું દાન એ પ્રાણદાનની સમાન કહેલું છે. જળનું દાન પણ અન્નના દાનની સમાન જ કહેલું છે. જેમ અન્ન છે એ સર્વે પ્રાણીઓનું જીવન છે, તેમ જળ પણ પ્રાણીઓના જીવનરૂપ કહેલું છે. માટે અન્નના દાનની સાથે જળનું દાન પણ આપવું જોઈએ. અર્થાત્ તરસ્યા માણસને પાણી પણ પાવું જોઈએ. ''अन्नदानात्परं दानं विद्यते नेह किञ्चन । अन्नात् भूतानि जायन्ते जीवन्ति च न संशयः'' ॥ इति ॥ સ્કંદપુરાણમાં કહેલું છે કે- અન્નદાન સિવાય બીજું કોઈપણ દાન શ્રેષ્ઠ નથી. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જો દાન હોય તો અન્નદાન કહેલું છે. અન્નથી જ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. અને અન્નના આધારે જ જીવે છે. માટે અન્નની સમાન દાન થયેલું નથી. અને ભવિષ્યમાં થશે પણ નહિ. માટે બન્ને આચાર્યોએ મંદિરમાં આવેલા ભૂખ્યા પ્રાણીને અન્નનું દાન આપવું. આ વ્યવસ્થા જો કે બન્ને આચાર્યો જાતે કરી શકે નહિ, પણ તે તે મંદિરોમાં વ્યવસ્થાપક જે સંતો રહેતા હોય તેના દ્વારા કરાવવી, આવો ભાવ છે. ॥૧૩૧॥

**संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च । प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥१३२॥**

અને બન્ને આચાર્યો હોય તેમણે, વિદ્યાર્થીને ભણાવવાની શાળા બનાવડાવીને અને તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને આ પૃથ્વી ઉપર સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી. કેમ જે વિદ્યાદાને કરીને મોટું પૂણ્ય થાય છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- શ્રીજીમહારાજે બન્ને આચાર્યોને આ શ્લોકમાં વિદ્યા પ્રવર્તનની શિખામણ આપેલી છે. તેમાં વિદ્યાઓ અનેક પ્રકારની કહેલી છે. એ બધી વિદ્યાઓમાં ઉત્તમ વિદ્યા જો હોય તો બ્રહ્મવિદ્યા છે. બ્રહ્મવિદ્યાને પરાવિદ્યા પણ કહેવામાં આવે છે. અને સદ્વિદ્યા પણ કહેવાય છે. વિદ્યા અને સદ્વિદ્યામાં મોટું અંતર રહેલું છે. આ લોકના ભૌતિક જીવનને જે કેવળ સુખ આપે તેને વિદ્યા કહેવાય છે. અને મૃત્યુ પછી જે વિદ્યા શાશ્વત સુખ આપે છે, જે વિદ્યા મનુષ્યને પરમ તત્ત્વ પરમાત્મા તરફ દોરી જાય છે, અર્થાત્ જે વિદ્યાથી પરમ તત્ત્વ પરમાત્માની ઓળખાણ થાય, તેને સદ્વિદ્યા કહેવામાં આવે છે.

અને વળી વિદ્યા પણ ગુણના યોગે કરીને ત્રણ પ્રકારની કહેવાય છે. ''સાત્વિક, રાજસિક અને તામસિક'' આ ત્રણ પ્રકારની વિદ્યાને મધ્યે જે વિદ્યા પરોપકારને માટે ઉપયોગી બને છે તે વિદ્યાને સાત્વિક વિદ્યા કહેવાય છે. અને જે વિદ્યા કેવળ પોતાના જ ભૌતિક સુખને માટે ઉપયોગી બને છે તે વિદ્યાને રાજસિક વિદ્યા કહેવાય છે. અને વળી જે વિદ્યા કેવળ બીજાના દુઃખને માટે ઉપયોગી બને તે વિદ્યાને તામસિક વિદ્યા

કહેવાય છે. અને જે વિદ્યા પરમપદને પમાડે તે વિદ્યાને તો પરાવિદ્યા, સદ્વિદ્યા અથવા તો નિર્ગુણ વિદ્યા પણ કહેવાય છે. આ શ્લોકમાં શ્રીજીમહારાજે બન્ને આચાર્યોને કેવળ ભૌતિક જીવનને સુખ આપનારી વિદ્યાના પ્રવર્તનની શિખામણ આપેલી નથી. પરંતુ ભૌતિક વિદ્યાની સાથે સદ્વિદ્યાના પ્રવર્તનની શિખામણ આપેલી છે. કારણ કે સદ્વિદ્યાએ કરીને મનુષ્ય આધ્યાત્મિક માર્ગની ઉન્નતિના શિખરે પહોંચી શકે છે. માટે આચાર્યોએ પાઠશાળાની સ્થાપના કરીને તેમાં વિદ્વાન બ્રાહ્મણોને રાખીને, આ પૃથ્વી ઉપર સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરવી અને કરાવવી. આંધળાને ચક્ષુનું દાન આપવાથી જે પૂણ્ય થાય છે. એજ પૂણ્ય વિદ્યાદાને કરીને થાય છે.- ‘‘विद्वांसं मानयित्वा विपुलधनशुभावाससंप्रश्रयाद्यैर्विद्यां भूमौ द्विजेषु प्रथयति महता ह्यादरेणैव यस्तु । तच्छिष्यांश्चान्नतैलागदवसनमठैः पुस्तकैः पाठयोग्यैर्यश्च प्रीणात्यभीष्टं सकलमपि फलं प्राप्नुतस्तौ दुरापम्’’ ॥ इति ॥ સાહિત્ય શતકને વિષે કહેલું છે કે, જે પુરુષ પુષ્કળ ધન, વિનય આદિકે કરીને વિદ્વાનનું સન્માન કરીને આ પૃથ્વી ઉપર વિદ્યાને વિસ્તારે છે. અને જે પુરુષ ભણનારા વિદ્યાર્થીને અન્નની, રહેઠાણની અને પુસ્તકાદિકની તમામ સગવડ કરી આપે છે. તે બન્ને પુરુષ સમગ્ર ઈચ્છિત ફળને પામે છે. માટે બન્ને આચાર્યો એ આ પૃથ્વી ઉપર સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી, અને પોતે પણ કરવી, આવો અભિપ્રાય છે. ॥૧૩૨॥

**अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः । कृष्णमन्त्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि ॥१३३॥**

અને હવે બન્ને આચાર્યોની પત્નીઓના વિશેષ ધર્મનું નિરૂપણ કરતાં કહે છે કે, બન્ને આચાર્યની જે પત્ની હોય તેમણે, પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણમંત્રનો ઉપદેશ કરવો. પણ પુરુષોને કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- કોઈપણ સંપ્રદાયની પરંપરામાં સ્ત્રીને આચાર્ય પદ તરીકેનું ગૌરવ આપવામાં આવેલું હોય, એવી કોઈપણ વ્યવસ્થા જોયામાં આવતી નથી. તમામ સંપ્રદાયોની અંદર દીક્ષા આપનારા આચાર્ય તરીકેનું ગૌરવ પુરુષને જ આપવામાં આવેલું છે. તો આ આપણા સંપ્રદાયની અંદર આચાર્યપદનું ગૌરવ સ્ત્રીને શા માટે ?

આ પ્રશ્નના ઉત્તરમાં જણાય છે કે- સ્ત્રી અને પુરુષોને મોક્ષનો સમાન અધિકાર છે. જેટલો મોક્ષનો અધિકાર પુરુષોને છે, તેટલો જ મોક્ષનો અધિકાર સ્ત્રીઓને પણ છે. માટે મોક્ષમાર્ગમાં આધારભૂત એવી મંત્રદીક્ષા તેનો અધિકાર પણ જેટલો પુરુષોને છે, તેટલો જ સ્ત્રીઓને પણ છે. તેથી પુરુષોની પેઠે જ સ્ત્રીઓને પણ મંત્રદીક્ષા મળવી જ જોઈએ. અને જો આચાર્ય સ્ત્રીઓને મંત્રદીક્ષા આપે તો એમાંથી અનેક પ્રકારના અનર્થો સર્જાય છે. પૂર્વે પણ અનેક ગુરૂઓ જ્યારે જ્યારે મંત્રદીક્ષાના નિમિત્તે સ્ત્રીઓના સંબન્ધમાં આવ્યા હતા, ત્યારે કોઈપણ ગુરૂઓનું ઠેકાણું રહ્યું નથી, અને અનેક પ્રકારના અનર્થો સર્જાયા છે. માટે ગુરૂઓ ગમે તેવા મહાન સમર્થ હોય છતાંપણ મંત્રોપદેશે કરીને પોતાની શિષ્યા બનેલી એવી સ્ત્રીઓના સંબન્ધ થકી ધર્મભ્રષ્ટ થાય છે. જેને કારણે આખા સંપ્રદાયને લાંછન લાગે છે. આવો વિચાર કરીને શ્રીજીમહારાજે આચાર્યપદ તરીકેનું ગૌરવ આચાર્યની પત્નીઓને આપેલું છે. જેથી ભવિષ્યમાં સ્ત્રીઓના સંબન્ધે કરીને આચાર્યોને કોઈ જાતનાં કલંકો લાગે નહિ. અને રામાનંદ સ્વામીએ પણ ધર્મદેવને જ્યારે મંત્રદીક્ષાનો અધિકાર આપેલો હતો, ત્યારે ઘણા મુમુક્ષુ પુરુષો ધર્મદેવ પાસે ઉદ્ધવસંપ્રદાયની દીક્ષા લેવા માટે આવતા હતા. અને સ્ત્રીઓ પણ આવતી હતી. તે સમયે ધર્મદેવે એકાન્તમાં બેસીને વિચાર કર્યો કે, હું જો સ્ત્રીઓને મંત્રદીક્ષા આપીશ તો એમાંથી અનેક ખરાબ પરંપરાઓ સર્જાશે. અને ગુરૂઓ પોતાની શિષ્યા થયેલી સ્ત્રીઓના સંબન્ધે કરીને ધર્મભ્રષ્ટ થશે. આવો વિચાર કરીને ધર્મદેવ પણ ભક્તિમાતા દ્વારા જ સ્ત્રીઓને મંત્રદીક્ષા અપાવતા હતા. એજ રીતે શ્રીજીમહારાજ પણ અનેક પ્રકારના અનર્થોનો વિચાર કરીને, આપણા ઉદ્ધવસંપ્રદાયની અંદર આચાર્યની પરંપરામાં આચાર્યપદનું ગૌરવ આચાર્યની પત્નીઓને આપેલું છે.

અહીં બીજો એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, કોઈપણ સંપ્રદાયની પરંપરામાં ત્યાગીઓને મહાદીક્ષા આપનારા ગુરૂ ગૃહસ્થ હોય એવી

વ્યવસ્થા પણ અત્યાર સુધી ક્યાંય જોવામાં આવતી નથી. જેમ કે શંકરાચાર્યની પરંપરામાં ચાર પીઠો સ્થાપવામાં આવેલી છે. એ ચારે પીઠોના આચાર્ય ત્યાગીઓ છે. તેથી શંકરાચાર્યની પરંપરામાં ત્યાગીઓને મહાદીક્ષા આપનારા ગુરૂઓ પણ ત્યાગી જ છે. અને રામાનુજસંપ્રદાયમાં પણ ત્યાગીઓને મહાદીક્ષા આપનારા ગુરૂ ત્યાગી જ હોય છે. આ રીતે તમામ સંપ્રદાયોમાં મોટે ભાગે ત્યાગીઓના દીક્ષાગુરૂ ત્યાગીઓ જ હોય છે. પણ આ એક જ ઉદ્ધવ સંપ્રદાયની અંદર ત્યાગીઓના દીક્ષાગુરૂ ગૃહસ્થ છે, આવું શા માટે ?

આના સમાધાનમાં એવું જણાય છે કે- શ્રીજીમહારાજનો અભિપ્રાય એ હોવો જોઈએ કે, જો દીક્ષા આપનારા આચાર્ય તરીકેનું ગૌરવ કોઈ ત્યાગી પુરુષને આપવામાં આવશે તો ત્યાગી દીક્ષાગુરુ કેવળ પુરુષોને જ મંત્રદીક્ષા આપી શકશે. કારણ કે મહાત્યાગીઓ પણ સ્ત્રીઓના પ્રસંગે કરીને ધર્મભ્રષ્ટ થયા છે, અને થશે.

અને જો કોઈ ઉચ્ચ કક્ષાના ગૃહસ્થ પુરુષને દીક્ષા આપનારા આચાર્ય તરીકેનું ગૌરવ આપવામાં આવશે તો એ ગૃહસ્થ આચાર્ય ત્યાગી પુરુષોને તથા ગૃહસ્થ પુરુષોને મંત્રદીક્ષા આપી શકશે. અને ગૃહસ્થ આચાર્યની જે પત્ની હોય એ પોતાના પતિની આજ્ઞાથી સ્ત્રીઓને પણ મંત્રદીક્ષા આપી શકશે. આ રીતની વ્યવસ્થા કરવાથી ભવિષ્યમાં કોઈપણ જાતના અનર્થો સર્જાશે નહિ. અને સ્ત્રીઓને માટે મંત્રદીક્ષાનો જે અધિકાર છે, એ પણ સુરક્ષિત રહેશે. અર્થાત્ સ્ત્રીઓ પણ મંત્રદીક્ષાથી વંચિત રહેશે નહિ. આવો વિચાર કરીને શ્રીજીમહારાજે ત્યાગી સાધુઓના પણ દીક્ષાગુરૂ તરીકેનું ગૌરવ ધર્મવંશી એવા ગૃહસ્થ આચાર્યને આપેલું હોય એમ જણાય છે.

આ પ્રમાણે પ્રાસંગિક વિવરણને અહીં સમાપ્ત કરીને હવે, શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી ૧૩૩ મા શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, બન્ને આચાર્યોનાં સુનંદા અને વિરજા નામનાં પત્નીઓએ (અયોધ્યાપ્રસાદજીનાં સુનંદા અને રઘુવીરજીનાં વિરજા) શરણે આવેલી સ્ત્રીઓને પોતાના પતિની આજ્ઞાથી, શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રનો ઉપદેશ આપીને સધવા તથા વિધવા સ્ત્રીઓના ધર્મોનો પણ યથાયોગ્ય ઉપદેશ આપવો. અહીં શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી વિશેષ સમજાવતાં કહે છે કે- શાસ્ત્રોમાં જો કે પુરુષ ગુરૂને જ દીક્ષામંત્ર આપવાનો અધિકાર સંભળાય છે. આચાર્યની પત્નીઓને દીક્ષામંત્ર આપવાનો અધિકાર તો નથી. પણ પોતાના પતિની આજ્ઞાથી પત્નીઓ જો દીક્ષામંત્ર સ્ત્રીઓને આપે, તો એમાં કોઈ જાતનો દોષ નથી. કારણ કે પતિ પત્નીનું એક અંગપણે કાર્ય કરવાપણું કહેલું છે. તેથી પત્નીએ આપેલો મંત્રોપદેશ પતિએ જ આપેલો ગણાય છે. માટે પોતાના પતિની આજ્ઞાથી આચાર્યની પત્નીઓ કેવળ સ્ત્રીઓને જો મંત્રોપદેશ આપે, અને આચાર્ય પોતાની પત્નીને ઉપદેશ આપીને, પત્ની દ્વારા સ્ત્રીમાત્રને ઉપદેશ અપાવે, એમાં બન્નેને કોઈ જાતનો દોષ નથી. અને જો આવી વ્યવસ્થા કરવામાં ન આવે, અને પુરુષોની સમક્ષ આચાર્યની પત્નીઓ ઉપદેશ આપવા માંડે, અને સ્ત્રીઓની સમક્ષ આચાર્યો જો ઉપદેશ આપવા માંડે તો મોટા અનર્થની પ્રાપ્તિ થાય છે. કારણ કે સ્ત્રી પુરુષનો પ્રસંગ સર્વત્ર ત્રાસને આપનારો કહેલો છે. માટે આચાર્યોની પત્નીઓએ પોતાના પતિની આજ્ઞાથી શરણે આવેલી સ્ત્રીઓને જ માત્ર મંત્રોપદેશ આપવો. પણ પતિની આજ્ઞા વિના સ્વતન્ત્રપણે ક્યારેય પણ ઉપદેશ આપવો નહિ, આવો ભાવ છે. ॥૧૩૩॥

**स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित् । न स्प्रष्टव्या न भाष्याश्च तेभ्यो दर्श्यं मुखं न च ॥१३४॥**

અને વળી બન્ને આચાર્યની પત્નીઓએ પોતાના સમીપ સંબન્ધ વિનાના પુરુષોનો સ્પર્શ ક્યારેય કરવો નહિ. અને તેમની સાથે બોલવું પણ નહિ. અને તેમને પોતાનું મુખ પણ દેખાડવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આચાર્યની પત્નીઓએ દૂર સંબન્ધવાળા અથવા સંબન્ધ રહિત એવા પુરુષોનો બુદ્ધિપૂર્વક સ્પર્શ કરવો નહિ. અને તેઓની સાથે બોલવું નહિ. અને પોતાનું મુખ પણ દેખાડવું નહિ. મુખ દેખાડવાનો

જ્યારે પ્રસંગ આવે ત્યારે પાછાં વળીને ઉભાં રહેવું, અથવા તો ગુમટો વાળીને પોતાનું મુખ ઢાંકી દેવું. શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- ગુરૂસ્ત્રીઓને આ રીતે કરવું એજ યોગ્ય છે. અને જો એમ કરવામાં ન આવે તો દર્શન અને નમસ્કારાદિકને માટે પુરુષોની ભીડ થવા માંડે. અને પછી એ ભીડને નિવારવી અશક્ય બને. અને વારંવાર ગુરુસ્ત્રીઓને પુરુષોનો પ્રસંગ થવા માંડે. તેથી સ્વધર્મ થકી ભ્રષ્ટ થવાનો પણ પ્રસંગ આવે. માટે પોતાનું મુખ પહેલેથી જ ઢાંકી દેવું, જેથી કોઇ દર્શનાદિક માટે આવે જ નહિ. અને પુરુષનો બહુ પ્રસંગ જ રહે નહિ. પુરુષના પ્રસંગથી સદાચારી એવી પણ સ્ત્રી ભ્રષ્ટ થાય છે. આ બાબતમાં મનુસ્મૃતિનું વાક્ય પ્રમાણરૂપ છે. ‘‘भ्रश्यति स्वेतरेषां वै नारी पुंसां प्रसङ्गतः । पतिव्रता सुशीलाऽपि तस्मात्तं प्रयता त्यजेत्’’ ॥ इति ॥ આ પદ્યનો એ અર્થ છે કે- સ્ત્રી પતિવ્રતા હોય, સુશીલ હોય છતાંપણ પોતાના પતિ સિવાય પર પુરુષના પ્રસંગથી ભ્રષ્ટ થઇ જાય છે. માટે પ્રયત્ન પૂર્વક પરપુરુષનો પ્રસંગ છોડી દેવો. આ પ્રમાણે મનુસ્મૃતિમાં કહેલું છે. માટે આચાર્યની પત્નીઓએ પોતાના સમીપ સંબન્ધથી રહિત એવા પુરુષનો પ્રસંગ રાખવો નહિ. આવો અભિપ્રાય છે. ॥૧૩૪॥

**गृहारव्याश्रमिणो ये स्युः पुरुषा मदुपाश्रिताः । स्वासन्नसम्बन्धहीना न स्पृश्या विधवाश्च तैः ॥१३५॥**

## (હવે ગૃહસ્થાશ્રમીઓના વિશેષ ધર્મો કહે છે.)

મારા આશ્રિત એવા જે ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, પોતાના સમીપ સંબન્ધથી રહિત એવી વિધવા સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાતાં કહે છે કે- ગૃહસ્થાશ્રમી પુરુષોએ દૂર સંબન્ધવાળી કે સંબન્ધથી રહિત, એવી કોઈપણ વિધવા સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ. અર્થાત્ ગૃહસ્થાશ્રમી પુરુષોએ દૂરસંબન્ધવાળી વિધવા સ્રિયોની સાથે જરૂર વિનાનો કોઈપણ પ્રસંગ રાખવો નહિ. સર્વત્ર પ્રસંગ જ વિપરીત ફળના કારણ રૂપ છે. શાસ્ત્રોમાં વિધવા સ્ત્રીના સ્પર્શને અતિ અમંગળ બતાવેલો છે તેનું કારણ પણ એ જ હોઈ શકે કે, જેથી વિધવા સ્ત્રીની સાથે પુરુષના બિન જરૂરી પ્રસંગને નિવારી શકાય. અને વિધવા સ્ત્રીનેપણ બ્રહ્મચર્યના ધર્મનું પાલન કરતી હોવાથી દૂર સંબન્ધવાળા પુરુષોનો પ્રસંગ રાખવો એ અયોગ્ય છે. આ બધી બાબતોને લક્ષમાં રાખીને શાસ્ત્રોએ વિધવા સ્ત્રીના સ્પર્શને અતિ અમંગળ બતાવેલો હોય એમ જણાય છે, આવો અભિપ્રાય છે. માટે ગૃહસ્થાશ્રમીઓએ સમીપ સંબન્ધથી રહિત એવી વિધવા સ્ત્રીઓથી દૂર રહેવું ॥૧૩૫॥

**मात्रा स्वस्त्रा दुहित्रा वा विजने तु वयःस्थया । अनापदि न तैः स्थेयं कार्यं दानं न योषितः ॥१३६॥**

અને વળી ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, યુવાવસ્થાવાળી માતા, બહેન કે દીકરીની સાથે એકાંતસ્થળમાં આપત્કાળ પડ્યા વિના રહેવું નહિ. અને પોતાની સ્ત્રીનું દાન ક્યારેય કરવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- એકાંત સ્થળ સિવાય પણ યુવાન સ્ત્રીનાં દર્શન મનના ક્ષોભને ઉત્પન્ન કરનાર છે. તેથી એકાંતસ્થળમાં તો અવશ્ય મનને ક્ષોભ ઉત્પન્ન કરે જ. માટે ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે આપત્કાળ સિવાય એકાંતસ્થળમાં માતા, બહેન કે દીકરી સાથે રહેવું નહિ. આપત્કાળમાં જો બીજો કોઇ ઉપાય ન હોય તો જેટલું પ્રયોજન હોય તેટલું જ રહેવું, પણ અધિક રહેવું નહિ. ‘‘न मात्रा न दुहित्रा वा न स्वसैकान्तशीलता । बलवन्तीन्द्रियाण्यत्र मोहयन्त्यपि कोविदान्’’ ॥ इति ॥ સ્કંદપુરાણમાં પ્રતિપાદન કરેલું છે કે, ઈન્દ્રિયોનો સમૂહ અતિ બળવાન છે, વિદ્વાન પુરુષોને પણ ખેંચી લે છે. અર્થાત્ વિદ્વાન પુરુષોને પણ મોહ પમાડે છે. માટે વિદ્વાન પુરુષોએ પણ માતા, બહેન કે દીકરીની સાથે એકાંતસ્થળનું સેવન કરવું નહિ. કારણ કે એકાંતસ્થળમાં સ્ત્રી પુરુષોનો જે સંયોગ છે, એ બહુ જ ભયંકર છે. પુરુષ ગમે તેટલો જ્ઞાની હોય પણ જ્યારે એકાંતસ્થળમાં યુવાન સ્ત્રીના સંયોગમાં આવે છે, ત્યારે તેનું જ્ઞાન નકામું બની જાય છે. અને તે સમયે

કાંઈપણ વિચારી શકતો નથી.

આ બાબતમાં ઘણાને એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, આ જગતમાં એવો કોણ પુરુષ હોઈ શકે કે માતા, બહેન કે દીકરીની સાથે ખરાબ વ્યવહાર કરે ? ભગવાન વ્યાસજીના મહાન શિષ્ય જૈમિનીય ઋષિને પણ આવો પ્રશ્ન થયો હતો. વ્યાસ ભગવાન જ્યારે મહાભારત લખાવતા હતા, અને જૈમિનીય ઋષિ લખી રહ્યા હતા ત્યારે મા, બહેન અને દીકરીની સાથે એકાંત સ્થળમાં રહેવું નહિ, આવો શ્લોક વ્યાસ ભગવાને લખાવ્યો. પણ જૈમિનીય ઋષિએ લખ્યો નહિ, અને પ્રશ્ન કર્યો કે- આ બાબત તદ્દન અશક્ય છે. કારણ કે આ જગતમાં એવો કોઈ દુષ્ટ ન હોઈ શકે કે, પોતાની માતા, બહેન કે દીકરીની સાથે દુર્વ્યવહાર કરે, માટે આ શ્લોક લખવો એ વ્યર્થ છે.

તે સમયે વ્યાસ ભગવાને કહ્યું કે- કાંઈ વાંધો નહિ, પણ અત્યારે ખાલી જગ્યા રાખો, તમોને જ્યારે ઈચ્છા થાય ત્યારે લખજો. પછી એક સમયે હિમાલયના એકાન્ત સ્થળમાં જૈમિનીય ઋષિ પોતાની ઝુપડીમાં રહેતા હતા, મંદ મંદ વરસાદ વરસતો હતો, વીજળીના કડાકા થતા હતા, રાત્રીનો સમય હતો, ઠંડો પવન વાતો હતો, એ સમયે વ્યાસ ભગવાન જૈમિનીય ઋષિની બહેનનું રૂપ ધારણ કરી રાત્રીના સમયે ત્યાં ગયા. રાત્રીના અંધારામાં જ્યારે વીજળીનો ચમકારો થતો હતો, ત્યારે એ ચમકારામાં બહેનનું શરીર દેખાતું હતું. કપડાં ભીંજાઈ ગયાં હતાં. તેથી શરીરની સાથે ચોંટી ગયાં હતાં. આવા સમયે બહેન પોતાની ઝુપડી પાસે આવ્યાં એટલે જૈમિનીય ઋષિ પર્ણકુટીમાંથી બહાર નીકળી ગયા. અને બહેનને એ પ્રર્ણકુટીમાં પ્રવેશ આપ્યો. પણ વીજળીના ચમકારામાં બહેનની જે આકૃતિ જોયેલી હતી, એ આકૃતિ સોંસરી હૃદયમાં ઉતરી ગઈ, અને મન કામે કરીને ખળભળી ઉઠ્યું. ચિત્તની અંદર બહેનનું જ ચિંતવન થવા લાગ્યું. બરાબર મધ્ય રાત્રીના સમયમાં જૈમિનીય ઋષિએ ઝુપડીનો દરવાજો ખખડાવ્યો. ઝુપડીનો દરવાજો ખોલવા માટે બહેનને જણાવ્યું, પણ બહેને ના પાડી દીધી કે, હે ભાઈ ! અત્યારે રાત્રીનો સમય છે અને અહીં હું એકલી સ્ત્રી છું, તેમાં પણ આ એકાંત સ્થળ છે, માટે હું ઝુપડી નહિ ખોલું. તે સમયે જૈમિનીય ઋષિએ કહ્યું કે- મારી એક વસ્તુ અંદર રહી ગઈ છે એ લેવી છે, માટે ખોલો. હૃદયની અંદર વિકાર જાગૃત થયો હતો તેથી એ વિકારે ખોટું બોલાવડાવ્યું. છતાં બહેને દરવાજો ખોલ્યો નહિ. તેથી જૈમિનીય ઋષિ ઝુંપડીને તોડીને પણ અંદર ગયા. અને બહેનનો હાથ પકડીને જ્યાં મુખમાં હાથ ફેરવવા ગયા, ત્યાંતો વ્યાસ ભગવાનની ધોળી દાઢી જૈમિનીય ઋષિના હાથમાં આવી ગઈ. અને વ્યાસ ભગવાનને જોઈને જૈમિનીય ઋષિ નીચું જોઈ ગયા. તે સમયે વ્યાસ ભગવાને કહ્યું કે- જૈમિનીય ! હવે આગળ ખાલી રાખેલી જગ્યાએ પહેલાંવાળો શ્લોક લખશો કે કેમ ? તે સમયે જૈમિનીય ઋષિએ તરત જ આ શ્લોક મહાભારતમાં લખી નાખ્યો.- ''मात्रा स्वस्रा दुहित्रा वा नाऽविविक्तासनो भवेत् । बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, માતા, બહેન અને દીકરીની સાથે પણ એકાંતસ્થળમાં રહેવું નહિ. કારણ કે ઈન્દ્રિયો બહુ બળવાન છે. વિદ્વાન પુરુષોને પણ ઢસડી જાય છે. માટે ગૃહસ્થપુરુષોએ માતા, બહેન અને દીકરીની સાથે એકાંતસ્થળનું સેવન આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ કરવું નહિ, આવો ભાવ છે.

અને વળી ગૃહસ્થ પુરુષોએ પોતાની પત્નીની કોઈ યાચના કરતો હોય છતાંપણ પત્નીનું દાન કરવું નહિ. બીજી બધી વસ્તુ દાનમાં અપાય, પણ પોતાની પત્ની કદીપણ દાનમાં અપાય નહિ, કારણ કે પત્નીનું દાન કરવાથી પત્નીના પતિવ્રતાધર્મનો ભંગ થાય છે. પતિવ્રતાધર્મનો ભંગ થવાથી અતિપાતક નામનું પાપ લાગે છે. અને આ પાપ સ્ત્રીના પતિને લાગે છે. માટે ગૃહસ્થ પુરુષોએ સ્ત્રીનું દાન ક્યારેય પણ કરવું નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૩૬॥

**प्रसङ्गो व्यवहारेण यस्याः केनापि भूपतेः । भवेत्तस्याः स्त्रियाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ॥१३७॥**

અને વળી ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, જે સ્ત્રીને કોઈપણ વ્યવહારે કરીને રાજાની સાથે પ્રસંગ હોય એવી સ્ત્રીનો પ્રસંગ સર્વપ્રકારે કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- જે સ્ત્રીનો પ્રસિદ્ધ રીતે અથવા તો ગુપ્ત રીતે પાપરૂપ એવા કોઈપણ વ્યવહારને કારણે રાજાના અંતઃપુરમાં રાજાની સમીપે જવું આદિક સંબન્ધ હોય, એવી સ્ત્રીની સાથે બોલવું, બેસવું આદિક સંબન્ધ ગૃહસ્થાશ્રમી પુરુષોએ સર્વપ્રકારે રાખવો નહિ. કારણ કે આવી સ્ત્રીની સાથે પ્રસંગ રાખવાથી અનેક પ્રકારની આપત્તિઓના પ્રસંગો ઉભા થાય છે. રાજાની સાથે કે રાજપુરુષોની સાથે અથવા તો રાણીની સાથે સંબન્ધવાળી સ્ત્રીની સાથે જો જરાક આપણો અણબનાવ થાય, તો તરત જ રાજા કે રાજપુરુષો દ્વારા આપણને એ સ્ત્રી જેલના સળીયા પણ દેખાડી શકે છે. માટે રાજા કે રાજપુરુષોની સાથે સંબન્ધવાળી સ્ત્રીથી સર્વપ્રકારે દૂર રહેવું. ''राज्ञाद्वाराऽथवा यस्याः स्वातन्त्र्येण च योषितः । राज्ञा प्रसङ्गो दूतया वा तया व्यवहरेन्न तु'' ॥ इति ॥ આ સ્મૃતિવાક્યની અંદર કહેલું છે કે- જે સ્ત્રીનો રાણી દ્વારા કે દાસી દ્વારા અથવા તો સ્વતન્ત્રપણે રાજાની સાથે પ્રસંગ હોય, એવી સ્ત્રીની સાથે વ્યવહાર રાખવો નહિ. આવો આ શ્લોકનો અભિપ્રાય છે. ॥૧૩૭॥

**अन्नाद्यैः शक्तितोऽभ्यर्च्यो ह्यतिथिस्तैर्गृहागतः । दैवं पैत्र्यं यथाशक्ति कर्तव्यं च यथोचितम् ॥१३८॥**

અને વળી ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, પોતાને ઘેર આવેલો જે અતિથિ, તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિક વડે પૂજા કરવી. તથા હોમાદિક જે દેવકર્મ, અને શ્રાદ્ધાદિક જે પિતૃકર્મ તેને પણ પોતાના સામર્થ્ય પ્રમાણે અને વિધિપ્રમાણે કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજે ગૃહસ્થને મનુષ્ય યજ્ઞ, દૈવયજ્ઞ અને પિતૃયજ્ઞ આ ત્રણ યજ્ઞોનો ઉપદેશ આ શ્લોકમાં કરેલો છે. ગૃહસ્થોના ઘરમાં સ્વાભાવિક રીતે પાંચ જગ્યાએ પાપો થાય છે. ''कण्डनी पेषणी चुल्ली उदकुम्भी च मार्जनी । पञ्च सूना गृहस्थस्य ताभिः स्वर्गं न विन्दति'' ॥ इति ॥ આ ભવિષ્ય પુરાણના શ્લોકમાં પાંચ હિંસાનાં સ્થળો કહેલાં છે. એક ધાન્યાદિકને બરાબર સાફ કર્યું ન હોય તો ખાંડણીમાં ખાંડતી વખતે પાપ થાય છે. બીજું ઘંટીમાં ધાન્યાદિકને પીસતી વખતે પાપ થાય છે. ત્રીજું ચુલાનું પાપ છે. અગ્નિમાં રસોઈ કરતી વખતે જે જીવ જંતુઓ મરે છે, એ ચુલ્લાનું પાપ કહેવાય છે. ચોથું પાણીયારામાં પણ પાપ થાય છે. અને પાંચમું સાવરણી કાઢતી વખતે પાપ થાય છે. આ પાંચ જગ્યાએ હિંસાઓ સ્વાભાવિક રીતે થયા કરે છે. તેથી એ પાંચ હિંસાનાં પાપોના નિવારણને માટે ગૃહસ્થોએ પોતાના ઘરમાં પાંચ મહાયજ્ઞો પ્રતિદિન અવશ્ય કરવા જોઈએ. બ્રહ્મયજ્ઞ, દૈવયજ્ઞ, પિતૃયજ્ઞ, મનુષ્યયજ્ઞ, અને પાંચમો ભૂતયજ્ઞ આ પાંચ યજ્ઞોને જે ગૃહસ્થ કરે છે તેનાં અજાણતાં થયેલાં તમામ પાપોનો નાશ થઈ જાય છે. તેમાં પ્રતિદિન પરમાત્માની પૂજા કરવી, ભગવાનનું નામકીર્તન કરવું, સચ્છાસ્ત્રો વાંચવાં સાંભળવાં વગેરેને બ્રહ્મયજ્ઞ કહેવાય છે. અને પ્રતિદિન ઘરમાં અગ્નિહોત્ર નામનું કર્મ કરવું. અર્થાત્ હવન દ્વારા ઈન્દ્રાદિક દેવોનું તર્પણ કરવું તેને દેવયજ્ઞ કહેવાય છે. અને પિતૃતર્પણ કરવું. અર્થાત્ શ્રાદ્ધાદિક જે કર્મ કરવું તેને પિતૃયજ્ઞ કહેવાય છે. અને અતિથિઓનો સત્કાર કરવો, પૂજન કરવું એ મનુષ્ય યજ્ઞ કહેવાય છે. અને ભૂતપ્રાણી માત્રને જે બલિ અર્પણ કરવું. પશુઓને ચારો નાખવો, પક્ષીઓને ચણ નાખવું વગેરે ભૂતયજ્ઞ કહેવાય છે. આ પાંચ મહાયજ્ઞો શાસ્ત્રોની અંદર વર્ણવેલા છે. તેમાં શ્રીજીમહારાજ મનુષ્યયજ્ઞ, દેવયજ્ઞ અને પિતૃયજ્ઞ આ ત્રણ યજ્ઞનો ઉપદેશ કરતાં કહે છે કે, ગૃહસ્થાશ્રમી પુરુષોએ પોતાને ઘેર આવેલા કોઈપણ ભિક્ષુક જે અતિથિ તેને નિરાશ કરવા નહિ. અતિથિને અન્નાદિક વડે સત્કાર કરીને સંતુષ્ટ કરવા. અતિથિને સંતુષ્ટ કરવાથી સાક્ષાત્ પરમાત્મા સંતુષ્ટ થાય છે. ''येनार्चितोऽतिथिःप्रीत्या तेन संप्रीणितो हरिः'' ॥ इति ॥ આ પરાશરસ્મૃતિના વાક્યનો એ અર્થ છે કે, જેમણે પ્રેમથી અતિથિની પૂજા કરેલી છે, તેમણે સાક્ષાત્ ઈશ્વરને પ્રસન્ન કરેલા છે.

માટે અતિથિ જ્યારે પોતાને ઘેર પધારે ત્યારે સાક્ષાત્ ભગવાન મારે ઘેર પધાર્યા છે. આ પ્રમાણે અતિથિમાં ભગવદ્‌ભાવ લાવીને અતિથિનું સન્માન કરવું. અને અન્નવસ્ત્રાદિકે કરીને અતિથિની પૂજા કરવી, પણ તિરસ્કાર કે અનાદર ક્યારેય પણ કરવો નહિ. અને જો તિરસ્કાર પૂર્વક અનાદર કરવામાં આવે તો નરકની પ્રાપ્તિ પણ થાય છે. આ વિષયમાં ભાગવતનો પંચમસ્કંધ પ્રમાણરૂપ છે. ભાગવતના પંચમસ્કંધમાં કહેલું છે કે, જે ગૃહસ્થાશ્રમી પુરુષ પોતાને ઘેર આવેલા અતિથિને જોઈને જાણે ક્રોધથી અતિથિને બાળી રહેલો હોય ને શું ? તેની પેઠે તિરસ્કાર દષ્ટિથી અતિથિ સામું જુએ છે. તો તિરસ્કારદષ્ટિવાળો પુરુષ નરકમાં પડે છે. અને ત્યાં વજ્રની સમાન ચાંચવાળાં ગીધડા, કાગડા અને બગલા ઈત્યાદિક પક્ષીઓ તેનાં નેત્રોને બળાત્કારે ખેંચી કાઢે છે. માટે ગૃહસ્થાશ્રમી પુરુષોએ ઘેર આવેલા અતિથિને તિરસ્કાર દષ્ટિથી જોવા નહિ. અને અતિથિને નિરાશ પણ કરવા નહિ. જેના ઘરમાં અતિથિની જળ વડે પણ પૂજા થતી નથી, અને અતિથિઓ નિરાશ થઈને પાછાં વળે છે. તે પુરુષના ઘરને પણ શાસ્ત્રોમાં શિયાળીયાંને રહેવાના બોળની સમાન કહેલાં છે. માટે ગૃહસ્થોએ અતિથિની પ્રેમથી પૂજા કરવી.

અને વળી ગૃહસ્થાશ્રમી પુરુષોએ ઈન્દ્રાદિક દેવોનું તર્પણ તથા અગ્નિહોત્ર ઈત્યાદિક દેવસંબન્ધી કર્મ અને શ્રાદ્ધાદિક પિતૃસમ્બન્ધી કર્મ પોતાની શક્તિને અનુસારે અને અધિકારને અનુસારે કરવું. જે ગૃહસ્થ દેવ સંબન્ધી કર્મ તથા પિતૃ સંબન્ધી કર્મ કરતો નથી તેને મહાન દોષ લાગે છે. આ બાબતમાં સ્મૃતિનું વાક્ય પ્રમાણરૂપ છે. ''दैवं पित्र्यं यथावितं यो नाचरति मूढधीः । क्षीणपुण्यः पतत्येव रौरवे स न संशयः'' ॥ इति ॥ આ સ્મૃતિવાક્યનો એ અર્થ છે કે, મૂઢ બુદ્ધિવાળો જે પુરુષ દેવ સંબન્ધી અને પિતૃસંબન્ધી કર્મ કરતો નથી તે પુરુષના પૂણ્યનો નાશ થઈ જાય છે. અને રૌરવ નામના નરકમાં પડે છે. એમાં કોઈ જાતનો સંશય નથી. માટે ગૃહસ્થાશ્રમી પુરુષોએ શક્તિ પ્રમાણે એ બન્ને કર્મો કરવાં. આવો ભાવ છે. ॥૧૩૮॥

**यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥१३९॥**

અને વળી મારા આશ્રિત એવા જે ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, માતા, પિતા અને ગુરૂ તથા રોગાતુર એવા કોઈપણ મનુષ્ય તેની સેવા જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- માતા-પિતાની સેવા કરવી એ પુત્રોનો પરમ ધર્મ કહેલો છે. અને ગુરૂની સેવા કરવી એ શિષ્યનો પરમ ધર્મ કહેલો છે. તેજ રીતે રોગાતુર માણસની સેવા કરવી એ માણસની પરમ માનવતા કહેલી છે. માતા-પિતા અને ગુરૂ આ ત્રણે જ્યારે પ્રસન્ન થાય છે. ત્યારે સર્વે તપની સમાપ્તિ થઈ જાય છે. અને આ ત્રણની સેવા કરવી એ જ પરમ તપ કહેલું છે. ભાગવતમાં પણ શ્રીકૃષ્ણ ભગવાને માતા-પિતા પ્રત્યે કહેલું છે કે- ''सर्वार्थसंभवो देहो जनितः पोषितो यतः । न तयोर्याति निर्वेशं पित्रोर्मर्त्यः शतायुषा'' ॥ इति ॥ હે પિતા ! હે માતા ! સર્વે પુરુષાર્થને આપનારો આ દેહ જે માતાપિતા થકી ઉત્પન્ન થયેલો છે. અને જે માતા-પિતા થકી પોષણને પામેલો છે. એ માતા-પિતાના ઉપકારનો બદલો મનુષ્ય સો વર્ષે પણ વાળી શકતો નથી. માટે જે પુત્ર શરીરથી સેવા કરવામાં સમર્થ હોય છતાંપણ માતા-પિતાની સેવા કરતો નથી. અને ધને કરીને સમર્થ હોય છતાં પણ માતા-પિતાને જે પુત્ર આજીવિકા વૃત્તિ આપતો નથી. તે પુરુષ રૌરવ નામના નરકમાં પડે છે. અને યમદૂતો તેના જ શરીરનું માંસ તેને ખવડાવે છે. માટે માતા-પિતા અને ગુરૂની સેવા યથાશક્તિ કરવી. તેજ રીતે રોગે કરીને પીડાને પામેલા મનુષ્યની સેવા પણ યથાશક્તિ કરવી. પરાશરસ્મૃતિમાં કહેલું છે કે- ''रोगाग्निशस्त्राद्यार्तस्य प्राणिनो दययाऽन्वहम् । कार्या सेवा यथाशक्ति भैषज्यान्नोदकादिभिः'' ॥ इति ॥ કોઈપણ રોગથી પીડાને પામેલા પ્રાણીની દયાએ કરીને ઔષધ, અન્ન, જળ ઈત્યાદિકે કરીને યથાશક્તિ સેવા કરવી. રોગીની સેવા કરનારને ગૌદાનની સમાન ફળ પ્રાપ્ત થાય છે. આવો અભિપ્રાય છે. ॥૧૩૯॥

यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः । मुष्कच्छेदो न कर्तव्यो वृषस्य कृषिवृत्तिभिः ॥१४०॥

અને વળી ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, પોતાના વર્ણ અને આશ્રમને યોગ્ય એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો. અને ખેતીનો ઉદ્યમ કરનારા જે ગૃહસ્થ સત્સંગી હોય તેમણે બળદીયાના વૃષણનો ઉચ્છેદ કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- ગૃહસ્થાશ્રમી પુરુષોએ પોતાની શક્તિ પ્રમાણે ઉદ્યમ કરવો. પોતાની શક્તિ ઉપરાંત જો ઉદ્યમ કરે અને પછી એ ઉદ્યમ બરાબર ચાલે નહિ, અથવા ખોટ આવે, અને ઉપર ઋણ થતું રહે તો મનુષ્યો ઉપહાસ કરે, તેથી મનમાં ખેદ ઉત્પન્ન થાય અને પછી મરણ પર્યંતનું સાહસ કરવું પડે છે. માટે શક્તિ પ્રમાણે ઉદ્યમ કરવો. આ બાબતમાં લઘુચાણક્યનું વાક્ય પ્રમાણ રૂપ છે. ''अनुचितकर्मारम्भः स्वजनविरोधो बलीयसि स्पर्धा । प्रमदाजन विश्वासो मृत्योर्द्वाराणि चत्वारि'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- પોતાને યોગ્ય ન હોય એવા ઉદ્યમનો પ્રારંભ, પોતાના કુટુંબીઓની સાથે વિરોધ કરે છે, માટે હું પણ કરૂં. આ રીતે બળવાનની સાથે સ્પર્ધા અને દુષ્ટ સ્ત્રીઓનો વિશ્વાસ કરવો. આ ચાર મૃત્યુનાં દ્વારો કહેલાં છે. માટે પોતાને યોગ્ય ન હોય એવા ઉદ્યમનો પ્રારંભ કરવો નહિ. શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- ઉદ્યમ શબ્દથી કેવળ આ લોકમાં જ સુખને આપનારો ઉદ્યોગ ઈચ્છાયેલો નથી, પરંતુ દેહને અંતે પરલોકમાં સુખને આપનારો પણ ઉદ્યમ કરવો. વિદુરનીતિમાં કહેલું છે કે- દિવસ દરમ્યાન એવું કર્મ કરવું કે, જેથી રાત્રે સુખપૂર્વક નિદ્રા આવી જાય. અને આઠ માસ પર્યંત એવું કર્મ કરી લેવું કે, જેથી વર્ષાઋતુ સુખે જાય. નાની અવસ્થામાં એવું કાર્ય કરવું કે, જેથી વૃદ્ધાવસ્થા સુખપૂર્વક પ્રસાર થાય. અને જીવનપર્યંત એવું કાર્ય કરવું કે, જેથી મરીને પરલોકમાં સુખ પ્રાપ્ત થાય. આ રીતે પરલોકમાં સુખ આપનારો ઉદ્યમ પણ આ લોકના ઉદ્યમની સાથે સાથે કરવો. આવો ભાવ છે. અને વળી ખેતી કરનારા જે ગૃહસ્થ સત્સંગીઓ હોય તેમણે, બળદના વૃષણનું કર્તન કરવું નહિ. અર્થાત્ અંડથી યુક્ત અને નીરોગી બળદને જ ખેતીમાં ખેડવો, આવો ભાવ છે. ॥૧૪૦॥

यथाशक्ति यथाकालं सङ्ग्रहोऽन्नधनस्य तैः । यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ॥१४१॥

અને વળી ગૃહસ્થ સત્સંગીઓ હોય તેમણે, પોતાના સામર્થ્ય પ્રમાણે અને સમયને અનુસારે જેટલો પોતાના ઘરમાં ખર્ચ હોય તેટલા અન્ન ધનનો સંગ્રહ કરવો. અને જેના ઘરમાં પશુ હોય તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે અને સમય સમયને અનુસારે ઘાસનો સંગ્રહ કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પોતાના ઘરમાં દર વર્ષે જેટલો વપરાશ હોય તેને અનુસારે ડાંગર, ઘઉં આદિક અન્ન અને રૂપિયા આદિક ધનનો સંગ્રહ કરવો. જે સમયે જે અન્ન સસ્તું મળતું હોય તે સમયે તે અન્નનો સંગ્રહ કરી લેવો. અને વળી જેના ઘરમાં પશુઓ હોય એવા ગૃહસ્થ સત્સંગીઓએ પશુના ભક્ષણને યોગ્ય એવા ઘાસનો સંગ્રહ પણ, જે સમયે ઘાસ સસ્તું મળતું હોય તે સમયે કરી લેવો. અન્ન અને ધનનો સંગ્રહ કરવો કે ઘાસનો સંગ્રહ કરવો એ તો ગૃહસ્થો માટે દેખાતું જ ફળ છે. માટે આમાં કોઈ પ્રમાણની જરૂર નથી, આવો અભિપ્રાય છે. ॥૧૪૧॥

गवादीनां पशूनां च तृणतोयादिभिर्यदि । सम्भावनं भवेत्स्वेन रक्ष्यास्ते तर्हि नान्यथा ॥१४२॥

અને વળી ગૃહસ્થ સત્સંગી હોય તેમણે ગાય, બળદ, ભેંસ આદિક પશુઓની ઘાસ અને જળાદિકે કરીને પોતાથી જો સંભાવના થાય તો પશુઓને રાખવાં, અને જો સંભાવના ન થાય તો ન રાખવાં.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- પોતાથી પશુઓને જો બરાબર પાળી શકાય તો પશુઓને પોતાના ઘરમાં રાખવાં, અને જો ન પાળી શકાય તો બીજાને પાલન કરવા માટે આપી દેવાં. ઘરમાં બાંધી રાખવાં નહિ. અને જો ભૂખ્યાં તરસ્યાં

પશુઓને બાંધી રાખેલાં હોય તો ગૃહસ્થને મહાન અનર્થની પ્રાપ્તિ થાય છે. આ વિષયમાં એક સ્મૃતિ વાક્ય સાક્ષી આપે છે. ''क्षुधा तृषा तीव्रदंशविषमस्थानसीदताम् । पशूनामेव निःश्वासैर्ऋद्धिः सर्वाऽपि नश्यति'' ॥ इति ॥ આ સ્મૃતિવાક્યનો એ અર્થ છે કે- પશુઓ ભૂખ્યાં થયેલાં હોય, તરસ્યાં થયેલાં હોય અને માખીઓ તીવ્રદંશો મારતી હોય, છતાંપણ કીચડમાં જો બાંધી રાખેલાં હોય તો એ પશુના નિઃશાસાથી ગૃહસ્થની સર્વે સંપત્તિનો નાશ થઈ જાય છે. અને પૂર્વનાં સર્વે પૂણ્યનો પણ નાશ થઈ જાય છે. માટે પોતાથી પશુઓની જો બરાબર સંભાળ રાખી શકાય તો જ પશુઓને પોતાના ઘરમાં રાખવાં. નહિ તો રાખવાં નહિ.

અને વળી શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- પોપટ આદિક પક્ષીઓ પાળેલાં હોય તો એમની પણ સમય સમયને અનુસારે અન્નના દાણા તથા જળ તે વડે જો સંભાળ રાખી શકાય તો જ પક્ષીઓને પાળવાં, નહિ તો પાળવાં નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૪૨॥

**ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनापि च । भूवित्तदानादानाभ्यां व्यवहार्यं न कर्हिचित् ॥१४३॥**

અને વળી ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, સાક્ષીએ સહિત લખાણ કર્યા વિના તો પોતાના પુત્ર મિત્રાદિકની સાથે પણ પૃથ્વી અને ધનના લેણદેણે કરીને વ્યવહાર ક્યારેય કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો અભિપ્રાય સમજાવતાં કહે છે કે- પુત્ર મિત્રાદિકની સાથે પણ લખાણ કર્યા વિના પૃથ્વી ધનાદિકની લેવડ દેવડ કરવી નહિ. જ્યારે આર્થિક કે પૃથ્વીના લેણદેણનો પ્રશ્ન આવે ત્યારે સગા પુત્રનો પણ વિશ્વાસ કરવો નહિ. આ કળીયુગમાં તો પુત્રો પણ પિતાની પાસે કાગળ ઉપર સહી કરાવડાવીને પિતાને લુંટી લેનારા જોયામાં આવે છે. અને મિત્રો પણ ક્યારે વિશ્વાસઘાત કરે તેનું કાંઈ નક્કી નહિ. માટે પુત્ર હોય કે મિત્ર હોય અથવા બીજા કોઈ સ્વજનો હોય તેમની સાથે પણ સાક્ષીએ સહિત લખાણ કર્યા વિના ક્યારેય વ્યવહાર કરવો નહિ. અને લખાણ કર્યા વિના જો ધનાદિકની લેવડ દેવડ કરે તો પાછળથી મહાન ઝઘડાનો સંભવ રહે છે. માટે પ્રથમથી જ સાક્ષીની સહીવાળો લેખ લખાવી કરીને ત્યાર પછી જ પૃથ્વીની કે ધનની લેવડ દેવડ કરવી. જેથી ભવિષ્યમાં ક્લેશ થવાનો સંભવ રહે નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૪૩॥

**कार्ये वैवाहिके स्वस्यान्यस्य वार्प्यधनस्य तु । भाषाबन्धो न कर्तव्यः ससाक्ष्यं लेखमन्तरा ॥१४४॥**

અને વળી ગૃહસ્થાશ્રમી પુરુષોએ પોતાના તથા બીજાના વિવાહ સંબન્ધી કાર્યમાં આપવા યોગ્ય ધનની સાક્ષીએ સહિત લખાણ કર્યા વિના કેવળ બોલી કરવી જ નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- વ્યવહાર વાંકો છે. જ્યાં વ્યવહાર આવે છે, ત્યાં વિક્ષેપો અવશ્ય આવે છે. અને એ વિક્ષેપો કુટુંબના સંબન્ધોમાં વિપરીત અસર કરનારા બને છે. માટે પોતાના અથવા બીજાના વિવાહ સંબન્ધી કાર્યમાં જે કાંઈ પણ કન્યાને અર્પણ કરવા યોગ્ય વસ્તુ હોય તેનું સાક્ષીએ સહિત લખાણ કરીને જ વ્યવહાર કરવો. અર્થાત્ વિવાહ સમયે કન્યાદાનમાં આપવા યોગ્ય ધન હોય કે પછી પહેરામણીમાં આપવા યોગ્ય ધન હોય, એ ધનની સાક્ષીએ સહિત લખાણ કર્યા વિના કેવળ વાણીમાત્રથી પ્રતિજ્ઞા કરવી નહિ. અહીં પણ પ્રથમ સાક્ષીની સહીવાળો લેખ લખાવીને પછી જ વિવાહ સંબન્ધી વ્યવહારનો નિશ્ચય કરવો. પણ કેવળ મૌખિક વ્યવહાર કરવો નહિ. કારણ કે લખાણ કર્યા વિના કેવળ મૌખિક વ્યવહાર કરવાથી અનેક પ્રકારના ક્લેશો ઉત્પન્ન થાય છે, આવો ભાવ છે. ॥૧૪૪॥

**आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा । अन्यथा तु महद्दुःखं भवेदित्यवधार्यताम् ॥१४५॥**

અને વળી મારા આશ્રિત ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, આવકના દ્રવ્યને અનુસારે જ હમેશાં ખર્ચ કરવો, પણ તે ઉપરાંત ખર્ચ કરવો

નહિ. અને જે પુરુષો આવક કરતાં વધારે ખર્ચ કરે છે, તેને મોટું દુઃખ થાય છે, એમ જાણવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- પોતાની આવકનું જે દ્રવ્ય હોય તેને અનુસારે હમેશાં ખર્ચ કરવો, બહુ લોભ રાખવો નહિ. અને ઋણ પણ કરવું નહિ. અને જો આવકના દ્રવ્યનું અનુસંધાન રાખ્યા વિના ઈચ્છાનુસાર ખર્ચ કરવા માંડે તો મહાન દુઃખ થાય છે. માટે આવકના દ્રવ્યનું અનુસંધાન રાખીને આવકની અપેક્ષાએ થોડો ન્યૂન જ ખર્ચ કરવો જોઈએ. આવક કરતાં જે પુરુષ ઓછો ખર્ચ કરે છે તેને જ બુદ્ધિમાન કહ્યો છે- ''इदमेव परं दाक्ष्यमायादल्पतरो व्ययः'' ॥ इति ॥ આ વૃદ્ધચાણક્યના વાક્યમાં કહેલું છે કે, આવક કરતાં જે ઓછો ખર્ચ કરવો, એજ બુદ્ધિમાન પુરુષોની બુદ્ધિ છે. અને એજ ડાહ્યા પુરુષનું ડહાપણ છે. ''आगमे यस्य चत्वारि निर्गमे पञ्च वाऽपि षट् । स विस्तृतव्ययो नूनं धर्मभ्रष्टो भवेद् द्रुतम्'' ॥ इति ॥ આ શ્લોકનું તાત્પર્ય એ છે કે, જેની ચાર રૂપિયાની આવક હોય અને પાંચ કે છ રૂપિયાનો ખર્ચ કરતો હોય તો આવો મોટો ખર્ચાળુ તત્કાળ જ ધર્મભ્રષ્ટ થઈ જાય છે, અને મહાન ક્લેશને પામે છે. કારણ કે જ્યાં ત્યાંથી પૈસા ઉપાડીને જે પુરુષ મોટો ખર્ચ કરી નાખે છે. અને પછી જ્યારે એ કરજ ભરી શકે નહિ, અને ધનિકધણીનો જ્યારે ઉપદ્રવ થાય ત્યારે ઝેરનું ભક્ષણ કરીને આત્મઘાત કરવાનો પ્રસંગ આવે છે. અને આત્મઘાત કરવો એતો મહાન પાપ છે. માટે ભક્તજનોએ હમેશાં આવક કરતાં થોડો ઓછો ખર્ચ કરવો, પણ દેખાદેખીથી વિચાર્યા વિના બેફામ ખર્ચ કરવો નહિ.

અને વળી ધર્મકાર્ય પણ આવકને અનુસારે જ કરવું, કરજ કરીને ક્યારેય પણ ધર્મકાર્ય કરવું નહિ. એક સમયે દાદાખાચરે શ્રીજીમહારાજને ગઢપુરમાં કહ્યું કે- હે પ્રભુ ! અન્નકૂટનો ઉત્સવ નજીક આવી રહ્યો છે. માટે તમારી જો આજ્ઞા હોય તો અન્નકૂટના ઉત્સવની તૈયારી કરીએ. તે સમયે શ્રીજીમહારાજે દાદાખાચરને ઉપદેશ આપેલો છે કે- શક્તિ પ્રમાણે અન્નકૂટનો ઉત્સવ કરજો. તમોએ જન્માષ્ટમી આદિક ઉત્સવોમાં ઘણો ખર્ચ કરેલો છે. અને પ્રબોધનીનો ઉત્સવ પણ નજીક આવે છે. માટે ધનસંપત્તિને અનુસારે અન્નકૂટનો ઉત્સવ કરજો. કારણ કે તમારી ધનસંપત્તિ મારાથી અછાની નથી. અને ધનસંબન્ધી જે કાર્ય હોય, એ ધનનો ખર્ચ કરવાથી જ સાધી શકાય છે. પણ જ્ઞાનથી કે ભક્તિથી ધનસંબન્ધી કાર્ય સાધી શકાતું નથી. અને જે પુરુષો જ્યાં ત્યાંથી ધન ઉપાડીને ધર્મકાર્ય કરે છે. અને પછી જ્યારે ધન પાછું આપી શકાય નહિ, અને જ્યારે ધનના માલિક ઉપદ્રવ કરે ત્યારે ઋણી પુરુષો ભલે જ્ઞાની હોય છતાંપણ ધનિકધણીના ઉપદ્રવને સહન કરી શકતા નથી. અને મોટા ક્લેશને પામે છે. કારણ કે જે ધનનો સ્વામી હોય તેને આપણે ઉપદેશ કરીએ કે ધનમાં તો અનેક અનર્થો રહ્યા છે, ધન દુઃખરૂપ છે. આવા ઉપદેશથી ધનનો માલિક ધન લીધા વિના ક્યારેય પણ પાછો વળતો નથી. માટે પ્રાણની આપત્તિ વિના ક્યારેય પણ કરજ કરવું નહિ. કારણ કે ગૃહસ્થને કરજની સમાન બીજું કોઈ મોટું દુઃખ નથી. ભગવાન તો કેવળ ભાવથી જ પ્રસન્ન થાય છે, પણ ઘણું ધન ખર્ચવાથી પ્રસન્ન થતા નથી. માટે આવકના દ્રવ્યનો વિચાર કરીને જ ધર્મસંબન્ધી કાર્ય કરવું જોઈએ. આ પ્રમાણે ગઢપુરમાં શ્રીજીમહારાજે દાદાખાચરને ઉપદેશ આપેલો હતો. આ શ્લોકમાં શ્રીહરિનો અભિપ્રાય એ છે કે, મારા આશ્રિતોએ આવકને અનુસારે જ ખર્ચ કરવો જોઈએ. ॥૧૪૫॥

**द्रव्यस्यायो भवेद्यावान् व्ययो वा व्यावहारिके । तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम् ॥१४६॥**

અને વળી ગૃહસ્થાશ્રમી પુરુષોએ પોતાના વ્યવહારકાર્યમાં જેટલી આવક હોય તથા જેટલી જાવક હોય એ બેયને સંભારીને પ્રતિદિન રૂડા અક્ષરોથી પોતે તેનું નામું લખવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજ પોતાના ભક્તને જીવનયાત્રા દરમ્યાન કોઈપણ જાતનું દુઃખ પ્રાપ્ત થાય નહિ, અને પોતાની જીવનયાત્રા આર્થિક સંકટથી રહિત સુખપૂર્વક પ્રસાર કરે, એ હેતુથી આ શ્લોકમાં કહે છે કે,

મારા આશ્રિત ગૃહસ્થોએ પોતાના સમગ્ર વ્યવહારિક કાર્યમાં ધનાદિકની જેટલી આવક હોય અને જેટલી જાવક હોય, એ બન્ને આવક જાવકને તે તે દિવસે જ સંભારીને શોભાયમાન અક્ષરોથી પોતાના હાથે જ નામું લખવું. અને જો ન લખે તો ક્યારેક ધુતારાઓ વિસ્મૃતિનો લાભ લઈને છેતરી જાય છે. નીતિશાસ્ત્રમાં કહેલું છે કે- ''न यस्य लेखो वा लेखो भवेत् सन्दिग्धवर्णकः । धूर्ताः कृतकलेखास्तं बाधयित्वा गृह्णते धनम्'' ॥ इति ॥ જે કાર્યનો લેખ ન હોય, અથવા તો અક્ષર વાંચી ન શકાય એવો જો લેખ હોય તો ધૂતારાઓ બનાવટી લેખ બનાવીને છેતરી જાય છે, અને ધન ગ્રહણ કરી જાય છે. માટે વાંચી શકાય એવા રૂડા અક્ષરે કરીને આવક જાવકનું નામું લખવું. આવો ભાવ છે. ॥૧૪૬॥

**निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः । अर्प्यो दशांशः कृष्णाय विंशोंऽशस्त्विह दुर्बलैः ॥१४७॥**

અને વળી ગૃહસ્થ સત્સંગી હોય તેમણે, પોતાની વૃત્તિ અને ઉદ્યમ થકી પ્રાપ્ત થયેલ જે ધન ધાન્યાદિક તેમાંથી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો. અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીશમો ભાગ અર્પણ કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- ગૃહસ્થ સત્સંગીઓએ વૃત્તિ તથા ઉદ્યમથી પ્રાપ્ત કરેલ જે ધન ધાન્ય હોય તેમાંથી, અથવા તો ખેતીમાં થતા કોઈ પણ પાકમાંથી દશમો ભાગ પોતાના ઈષ્ટદેવના મંદિરમાં જઈને અર્પણ કરવો. અને જેની વૃત્તિ તથા ઉદ્યમ નાનો હોય, અને ખર્ચ ઘણો હોય, આવા જે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો. અને જો દશમો કે વીશમો ભાગ કાઢે નહિ. તો દ્રવ્યની શુદ્ધિ થતી નથી. શુદ્ધિ વિવેકમાં કહેલું છે કે- ''धनं शुद्ध्यति दानेन'' ॥ इति ॥ દાન કરવાથી ધનની શુદ્ધિ થાય છે. તો એ દાન કોને કરવું ? તેના ઉત્તરમાં દાનખંડને વિષે કહેલું છે કે- ''पात्रे द्रव्यार्पणं कार्यम्'' ॥ इति ॥ જે પાત્ર હોય તેને જ દાન કરવું. તો એ પાત્ર કોણ ? પાત્ર કોને સમજવો ? તેના જવાબમાં ભાગવતને વિષે નારદે યુધિષ્ઠિર પ્રત્યે કહેલું છે કે- ''पात्रं त्वत्र निरुक्तं वै कविभिः पात्रवित्तमैः । हरिरेवैक उर्वीश ! यन्मयं वै चराचरम्'' ॥ इति ॥ હે રાજન્ ! પાત્રને જાણનારા ઋષિમુનિઓએ એક જ પરમાત્માને પાત્ર કહેલા છે. માટે બધાથી પહેલી પૂજા શ્રીકૃષ્ણની જ થવી જોઈએ. અને ત્યાર પછી ભગવાનના ભક્ત બ્રાહ્મણો પણ પાત્ર કહેલા છે. આ રીતે મુખ્ય પાત્ર તરીકે શાસ્ત્રોએ પરમાત્માને વર્ણવેલા છે. માટે પોતાના દ્રવ્યની શુદ્ધિ માટે વીશમો કે દશમો ભાગ જે પોતાના ઈષ્ટદેવ હોય તેને જ અર્પણ કરવો. એ સિવાય બીજું કાંઈ દાનાદિક કરવું હોય, તો બ્રાહ્મણાદિકને થઈ શકે છે. પણ ધનની શુદ્ધિને માટે દશમો કે વીશમો ભાગ પોતાના ઈષ્ટદેવ સિવાય કોઈને પણ અર્પણ કરી શકાય નહિ. શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામીએ તો એટલે સુધી કહેલું છે કે- ''स्वेष्टदेवालयं गत्वा निवेदनीयम्'' ॥ इति ॥ પોતાના ઈષ્ટદેવના મંદિરમાં જઈને સંકલ્પ કરવો કે- હે પ્રભુ ! હું આ તમોને અર્પણ કરું છું. આમાં હવે મારો કોઈ અધિકાર નથી. આ રીતે મમત્વનો ત્યાગ કરીને પોતાના ઈષ્ટદેવના ચરણમાં જે સમર્પિત કરવામાં આવે તેને ધર્માદો કહેવામાં આવે છે. પણ મારો મંદિરમાં આટલો ફાળો છે. આવો જો મનમાં સંકલ્પ થાય તો પોતાના ધન પ્રત્યેનો અધિકાર છોડ્યો કહેવાય નહિ. અર્થાત્ ધનમાંથી મમત્વ છોડ્યું કહેવાય નહિ. અને જ્યાં સુધી મમત્વ છોડવામાં ન આવે ત્યાં સુધી એ વસ્તુ સમર્પિત બનતી નથી. અને જ્યાં સુધી સમર્પિત ન બને ત્યાં સુધી એ ધર્માદો કહેવાય નહિ. માટે ગૃહસ્થ સત્સંગીઓએ પોતાના ધન અથવા ધાન્યમાંથી દશમો કે વીશમો ભાગ કાઢીને પોતાના ઈષ્ટદેવને સમર્પિત કરીને પોતાના ધનની શુદ્ધિ કરવી. અને આ રીતે જો ધનની શુદ્ધિ કરવામાં ન આવે તો એ અપવિત્ર દ્રવ્યનું સેવન કરવાથી બુદ્ધિની અંદર જડતા ઉત્પન્ન થાય છે. તેથી તે કદીપણ સારું વિચારી શકતો નથી. અને ક્યારેય પણ દુઃખની નિવૃત્તિ થતી નથી. માટે અવશ્ય ધર્માદો કાઢીને પોતાના ધનને ધોઈ નાખવું. આવો ભાવ છે. ॥૧૪૭॥

**एकादशीमुखानां च व्रतानां निजशक्तितः । उद्यापनं यथाशास्त्रं कर्तव्यं चिन्तितार्थदम् ॥१४८॥**

અને વળી મારા આશ્રિત ગૃહસ્થાશ્રમી પુરુષોએ એકાદશી આદિક વ્રતોનું ઉદ્યાપન પોતાના સામર્થ્ય પ્રમાણે અને શાસ્ત્રને અનુસારે

કરવું, કારણ કે એ ઉદ્યાપન મનવાંછિત ફળને આપનારું છે.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- કોઈપણ વ્રત કરેલું હોય કે મંત્રપુરશ્ચરણ કરેલું હોય, તેનું ઉદ્યાપન વિધિ પ્રમાણે કરવું. અર્થાત્ કોઈપણ વ્રતની ઉજવણી કરવી. ઉજવણી વિના વ્રત પૂર્ણ ફળને આપતું નથી. વ્રતમાં કાંઈક અધુરાશ રહેલી હોય એ અધુરાશને પૂર્ણ કરવા માટે વ્રતનું ઉદ્યાપન કરવામાં આવે છે. વ્રત બે પ્રકારનાં હોય છે. એક સકામ વ્રત અને બીજું નિષ્કામ વ્રત. પુત્રાદિક ફળની ઈચ્છાથી કરવામાં આવેલું જે વ્રત હોય તેને સકામ વ્રત કહેવામાં આવે છે. અને કેવળ ભગવાનને રાજી કરવા માટેનું જે વ્રત હોય તેને નિષ્કામ વ્રત કહેવાય છે. તેમાં નિષ્કામ વ્રતનું ઉદ્યાપન કરવાની કોઈ જરૂર હોતી નથી. પણ ગૃહસ્થના હૃદયમાં સ્વાભાવિકપણે સકામ ભાવના હોય છે, અર્થાત્ પુત્રાદિકના ફળની ઈચ્છા હોય છે. માટે જે ગૃહસ્થાશ્રમી ભક્તને ફળની જો આશા હોય તો એ વ્રતને ઉજવવું. વ્રતની આદિમાં, અંતે અથવા તો મધ્યે ઉદ્યાપન કરવું. ઉદ્યાપન વિનાનું જે વ્રત તે પૂર્ણ ફળ આપતું નથી. માટે વ્રતની પૂર્તિને માટે અને પૂર્ણ ફળ પ્રાપ્ત કરવાને માટે ભગવાનની મહાપૂજા કરવી, બ્રાહ્મણોને જમાડવા, ભગવાનના ભક્ત સત્પુરુષોને જમાડવા, ગાયોનું દાન આપવું કે સુવર્ણનું દાન આપવું. આ રીતે વ્રતને ઉજવવું, જેથી વ્રત પૂર્ણ ફળ આપનાર થાય છે, આવો ભાવ છે. ॥૧૪૮॥

**कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा । बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम् ॥१४९॥**

અને વળી મારા આશ્રિત ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, શ્રાવણ માસને વિષે બિલ્વપત્રાદિકે કરીને શ્રી મહાદેવજીનું પૂજન પ્રીતિપૂર્વક અને સર્વપ્રકારે પોતે કરવું, અથવા બીજા પાસે કરાવવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- શ્રાવણમાસમાં બિલ્વપત્રાદિક પૂજાના ઉપચારો વડે મહાદેવજીનું પૂજન આદરપૂર્વક અને અવશ્ય કરવું. અને જો પોતાને અનુકુળતાનો અભાવ હોય તો બ્રાહ્મણદ્વારા પૂજન કરાવવું. શિવપુરાણમાં કહેલું છે કે- ''श्रावणे मासि यो भक्त्या करोति शिवपूजनम् । कारयेद् ब्राह्मणैर्वापि न तु शून्यं नयेदिमम्'' ॥ इति ॥ જે ગૃહસ્થાશ્રમી ભક્ત શ્રાવણ માસની અંદર ભક્તિપૂર્વક મહાભિષેકના વિધિથી કોમળ બિલ્વપત્રો વડે શિવનું પૂજન પોતે કરે છે અથવા બ્રાહ્મણો દ્વારા કરાવે છે. તે ગૃહસ્થાશ્રમી ભક્તને આ લોકમાં તથા પરલોકમાં કાંઈપણ અપ્રાપ્ય રહેતું નથી. અને વળી પદ્મપુરાણમાં પણ કહેલું છે કે, જે પુરુષ કાર્તિકમાસમાં તુલસીના દરેક પત્રે વિષ્ણુનું નામ ઉચ્ચારણ કરીને તુલસી પત્રો વડે વિષ્ણુનું પૂજન કરે છે, અને શ્રાવણ માસમાં બિલ્વના દરેક પત્રે શંકરનું નામ ઉચ્ચારણ કરીને બિલ્વપત્રો વડે શિવજીનું પૂજન કરે છે, તે પુરુષ આલોકમાં ભુક્તિ અને પરલોકમાં મુક્તિને પામે છે. માટે શ્રાવણમાસમાં શિવજીનું પૂજન કરવું. એક માસ પર્યંત મહાદેવજીની પૂજા કરવામાં જે અસમર્થ હોય તેમણે પ્રતિદિન શ્રાવણ માસમાં સાયંકાળે શિવનાં દર્શન કરવાં. પ્રતિદિન સાયંકાળે કેવળ શિવનાં દર્શન કરવાથી પણ પૂજાના ફળની પ્રાપ્તિ થાય છે, આવો ભાવ છે. ॥૧૪૯॥

**स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात् । ताभ्यां स्वव्यवहारार्थं पात्रभूषांशुकादि च ॥१५०॥**

અને વળી મારા આશ્રિત ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, પોતાના આચાર્ય થકી તથા ભગવાનના મંદિર થકી ઋણ ગ્રહણ કરવું નહિ. અને વળી પોતાના આચાર્ય થકી તથા ભગવાનના મંદિર થકી પોતાના વ્યવહારને માટે પાત્રો, ઘરેણાં અને વસ્ત્રાદિક માગી લાવવાં નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ગુરૂનું કે દેવનું દ્રવ્ય ક્યારેય ગ્રહણ કરવું નહિ. ''प्राणापदं विना नैव ऋणं कार्यं हि कस्यचित् । देवद्रव्यं गुरुद्रव्यं विषवद्दूरस्त्यजेत्'' ॥ इति ॥ આ અંગીરામુનિના વાક્યનો એ અર્થ છે કે, પ્રાણની આપત્તિ વિના કોઈનું પણ ઋણ કરવું નહિ. અને તેમાં પણ દેવના દ્રવ્યનો અને ગુરૂના દ્રવ્યનો ઝેરની પેઠે દૂરથી જ ત્યાગ કરી દેવો. કારણ કે તેમાંથી અનેક

વિવાદો સર્જાય છે. આ મંદિર અને આચાર્ય એક એવું સ્થાન છે કે તેમના માટે સર્વત્ર સમભાવ હોવો જોઈએ. મંદિર થકી કે આચાર્ય થકી જો એકને ઋણ આપવામાં આવે તો બીજો પણ લેવા માટે આવે. અને તેને જો ન આપીએ તો સંપ્રદાયમાં ભેદભાવ ઉભો થાય છે. અને જે આવે એ સર્વેને આપવા માંડે તો ધર્મસ્થળ એક બેન્ક બની જાય છે. અને વળી આપણે મંદિરમાંથી કે આચાર્ય થકી ઋણ લીધેલું હોય તેને બીજો કોઈ જાણતો ન હોય. અને કદાચ અચાનક આપણો દેહ પડી જાય અને ઋણ પાછું ન આપી શકાય તો મહાન અનર્થની પ્રાપ્તિ થાય છે. કારણ કે દેવનું અને ગુરૂનું દ્રવ્ય આપણા ઘરમાં રહી ગયું. તેથી વંશપરંપરા પણ દુઃખી થઈ જાય છે. માટે ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે પોતાના આચાર્ય થકી અને મંદિર થકી ઋણ ગ્રહણ કરવું નહિ, આવો અભિપ્રાય છે.

અને વળી આપણે ઘેર લગ્ન જેવા વ્યાવહારિક પ્રસંગો આવે, તો એ વ્યવહારના પ્રસંગોમાં પોતાના આચાર્ય પાસેથી કે ભગવાનના મંદિર થકી ત્રાંસ, કડાયાં આદિક પાત્રો, તથા કુંડલાદિક અલંકારો, વસ્ત્રો તથા વાહનાદિક કોઈપણ વસ્તુ ગ્રહણ કરવી નહિ. કારણ કે એ વસ્તુ ધર્માદાની હોય, તેથી કોઈ ધર્મપ્રસંગ હોય તેમાં વાપરી શકાય, પણ વ્યવહારિક પ્રસંગમાં ધર્માદાની વસ્તુ વાપરી શકાય નહિ. અને જો ધર્માદાની વસ્તુ પોતાના વ્યવહારકાર્યમાં વાપરે છે તો એ જરૂર દુઃખી થાય છે. આ બાબતમાં એક સ્મૃતિવાક્ય પ્રમાણરૂપ છે. ‘‘इष्टकाकाष्ठाश्मलौहान् देवालयगतान् गृहि । गृहणीयान्नात्मगेहार्थं गृह्णान् प्राप्नोति यातनाः’’ ॥ इति ॥ આ યમરાજાનું વાક્ય છે. યમરાજા કહે છે કે, ભગવાનના મંદિરમાં કોઈ ઈંટ, કાષ્ટ કે પથ્થર રહેલો હોય, અથવા તો કોઈ લોખંડની વસ્તુ રહેલી હોય તો એ વસ્તુને ગૃહસ્થાશ્રમી પુરુષોએ પોતાના ઘરને માટે ક્યારેય પણ લેવી નહિ. અને જો લે તો એ યમયાતનાને પામે છે. અર્થાત્ યમરાજા કહે છે કે- અમારે ત્યાં યમપુરીમાં આવીને જરૂર તેને દુઃખ ભોગવવું પડે છે. અને વળી એજ રીતે ગુરૂ બ્રાહ્મણ અને કોઈપણ તપસ્વિ પુરુષના વસ્ત્રાદિક દ્રવ્યને પોતાને માટે ગ્રહણ કરવાં નહિ. અને આપણે એમની સેવા કરતા હોઈએ અને રાજી થઈને સેવાના પુરસ્કાર રૂપે આપે તો ગ્રહણ કરવામાં દોષ નથી. એજ રીતે આપણે મંદિરની અંદર સેવા કરતા હોઈએ અને સંતો જો રાજી થઈને પુસ્તક કે માળા આદિક કોઈપણ વસ્તુ આપે તો લેવામાં દોષ નહિ. પણ આપણે જો મંદિરમાં કાંઈપણ સેવા કરતા ન હોઈએ છતાંપણ મંદિરમાંથી સંતો પ્રસાદી આપે તો લેવી નહિ. કારણ કે, એ પ્રસાદી પણ ધર્માદાની હોય છે, તેથી અવશ્ય પોતાને માટે ભારરૂપ બને છે, અને દેનારને પણ ભારરૂપ બને છે. માટે શ્રીજીમહારાજનો અભિપ્રાય એવો છે કે, પોતાના આચાર્ય થકી કે શ્રીકૃષ્ણના મંદિર થકી હરામની કોઈપણ વસ્તુ લેવી નહિ. ॥૧૫૦॥

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી શિક્ષાપત્રી ભાષ્ય

## शतानंदविरचिताऽर्थदीपिकाख्या टीका

**श्रीकृष्णगुरुसाधूनां दर्शनार्थं गतौ पथि । तत्स्थानेषु च न ग्राह्यं परान्नं निजपुण्यहृत् ॥१५१॥**

અને વળી ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, ભગવાન, ગુરૂ, તથા સાધુનાં દર્શનને માટે જ્યારે ગયેલા હોઈએ ત્યારે માર્ગમાં પારકું અન્ન ખાવું નહિ. તથા ભગવાન, ગુરૂ અને સાધુનાં તે તે સ્થાનકોને વિષે પારકું અન્ન ખાવું નહિ. કારણ કે પારકું અન્ન પોતાના પુણ્યને હરી લેનારૂં છે. માટે પોતાની ગાંઠનું અન્ન ખાવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- આ શ્લોકમાં શ્રીજીમહારાજે ગુરૂ અને સાધુ આ બન્નેનો પૃથક્ ઉલ્લેખ કરેલો છે. સાધુને પણ ગુરૂ કહી શકાય છતાં અહીં ગુરૂ શબ્દનો પૃથક્ ઉલ્લેખ કરેલો છે. તેથી ગુરૂ શબ્દથી અહીં આચાર્ય સમજવા. તો ભગવાન, આચાર્ય અને સંતોનાં દર્શનને માટે આપણે જ્યારે ગયેલા હોઈએ ત્યારે માર્ગમાં જેમ બને તેમ પારકું અન્ન ખાવું નહિ. અહીં પારકું જે કહ્યું એ ભિક્ષા સિવાયનું અન્ન જાણવું. ભિક્ષાનું અન્ન પારકું કહેવાતું નથી. ભિક્ષાનું અન્ન સર્વપ્રકારે પવિત્ર અને પોતાનું જ કહેવાય છે. માટે ભિક્ષાનું અન્ન જમવામાં દોષ નથી. પણ ભગવાન, ગુરૂ કે સાધુનાં દર્શનાર્થે કે યાત્રાએ આપણે ગયેલા હોઈએ, અને ત્યાં જો પારકું અન્ન જમીએ તો દર્શનનું કે યાત્રાનું પુણ્ય તો આપણે જેમનું અન્ન જમેલા હોઈએ તેમને જ મળે છે. પણ આપણને કાંઈ મળતું નથી. આ બાબતમાં સ્મૃતિનું વાક્ય પ્રમાણ રૂપ છે. ''यस्यान्नम् अश्नन् पुरुषस्तीर्थक्षेत्रव्रतानि च । यज्ञं जपं तपो वाऽपि कुर्यात् तस्यैव तत्फलम्'' ॥ इति ॥ આ પદ્યનો એ અર્થ છે કે, જેમનું અન્ન જમીને પુરુષ તીર્થયાત્રા, વ્રત, યજ્ઞ, જપ, કે તપ કરે છે. તો જેનું અન્ન પોતે જમેલો હોય તેને જ તીર્થયાત્રાદિકનું ફળ મળે છે. પોતાને કાંઈ મળતું નથી. માટે ભગવાન, ગુરૂ તથા સાધુનાં દર્શનાર્થે ગયેલા હોઈએ કે પછી યાત્રાર્થે ગયેલા હોઈએ ત્યારે પારકું અન્ન ખાવું નહિ. આવો ભાવ છે. ॥૧૫૧॥

**प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत् कर्मकारिणे । न गोप्यमृणशुद्ध्यादि व्यवहार्यं न दुर्जनैः ॥१५२॥**

અને વળી ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, મજુરોને જેટલું ધન અથવા ધાન્ય આપવાની પ્રતિજ્ઞા કરેલી હોય, એ પ્રમાણે આપી દેવું, પણ તેમાંથી ઓછું ન આપવું, અને પોતા પાસે કોઈ કરજ માગતો હોય, અને એ કરજ આપણે આપી દીધેલું હોય તો એ વાતને છાની ન રાખવી. તથા પોતાનો વંશ તથા કન્યાદાન પણ છાનું ન રાખવું, અને દુર્જન પુરુષોની સાથે વ્યવહાર કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- મજુરોને જે પ્રમાણે ધન અથવા ધાન્ય આપવાનું કહ્યું હોય,

અને મજુરો દ્વારા પુરું કામ કરાવેલું હોય, તો મજૂરોને કહેવા પ્રમાણે મજૂરી આપી દેવી. પરંતુ તેમાંથી ઓછું આપવું નહિ. અને જો ઓછું આપે તો મજૂરના અંતઃકરણમાં ઉત્પન્ન થયેલા સંતાપરૂપી અગ્નિથી પોતાનું સર્વસ્વ નાશ પામી જાય છે. આ બાબતમાં ગરૂડપુરાણનું વાક્ય પ્રમાણ રૂપ છે. ''प्रतिश्रुत्य ददामीति यः पुमान् न ददाति तत् । स तत्पापेन संतप्तो निर्वृत्तिं नैव गच्छति'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, જે પુરુષ હું તમને આટલું ધન આપીશ, આવી પ્રતિજ્ઞા કરીને પછી આપતો નથી. તો એ પુરુષ વિશ્વાસઘાત રૂપી પાપથી તપ્ત બનીને આ લોકમાં ક્યાંય પણ સુખને પામતો નથી. માટે મજૂરોને જેટલું આપ્યાની પ્રતિજ્ઞા કરેલી હોય, તેમાંથી હાનિ કાનિ કરવી નહિ, આવો ભાવ છે. અને વળી વ્યાજે ગ્રહણ કરેલું ધન જો પાછું આપી દીધું હોય તો એ વાતને છાની રાખવી નહિ. સાક્ષીની સમક્ષ જાહેર કરી દેવી. પરાશરસ્મૃતિની અંદર કહેલું છે કે- ''ऋणशुद्धिः स्वान्वयश्च गोपनीयौ न धीमता'' ॥ इति ॥ આપી દીધેલું ઋણ, અને પોતાનો વંશ, તથા કન્યાદાન આ ત્રણ બાબતો ક્યારેય પણ ગુપ્ત રાખવી નહિ, આવો અભિપ્રાય છે. અને વળી પાપકર્મને કરનારા, અને ભગવાનથી વિમુખ એવા પુરુષોની સાથે વ્યવહાર રાખવો નહિ. નીતિશતકમાં કહેલું છે કે ધનને પામીને કયો પુરુષ ગર્વિષ્ટ થયો નથી, બધા જ થયા છે. વિષયરાગી કયા પુરુષની દુઃખની નિવૃત્તિ થયેલી છે ? કોઇની પણ થયેલી નથી. સ્ત્રીએ કયા પુરુષનું મન ખંડિત કરેલું નથી, બધાનું મન ખંડિત કરી નાખેલું છે. કયો પુરુષ કાળના ઝપાટામાં આવ્યો નથી, બધા જ આવી ગયા છે. અને ભીખ માગીને ખાનારો કયો પુરુષ ગૌરવતાને પામેલો છે ? કોઇ પણ નહિ. એ જ રીતે દુર્જન પુરુષોની વાણીરૂપી જાળમાં ફસાયેલો કયો પુરુષ સુખને પામેલો છે ? કોઇપણ સુખને પામેલો નથી. માટે ભક્તોએ દુર્જન પુરુષોની સાથે વ્યવહાર કરવો નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૫૨॥

**दुष्कालस्य रिपुणां वा नृपस्योपद्रवेण वा । लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र सर्वथा ॥१५३॥**

**मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः । त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम् ॥१५४॥**

અને વળી મારા આશ્રિત વિવેકી ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે, જે દેશમાં રહેતે થકે દુષ્કાળ, શત્રુ કે રાજાના ઉપદ્રવે કરીને સર્વપ્રકારે પોતાની લાજ જતી હોય અથવા ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય; અને જો તે પોતાના મૂળ વતનનો દેશ હોય તો પણ તેનો તત્કાળ જ ત્યાગ કરી દેવો, અને જ્યાં ઉપદ્રવ ન હોય ત્યાં જઇને સુખપૂર્વક રહેવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ભક્તોએ ઉપદ્રવવાળા દેશમાં રહેવું નહિ. આ બાબતમાં મનુસ્મૃતિનું વાક્ય પ્રમાણરૂપ છે. ''नाधार्मिके वसेद् ग्रामे न व्याधिबहुले भृशम् । सोपद्रवेऽतिपाषण्डे नोपसृष्टेऽन्त्यजैर्जनैः'' ॥ इति ॥ આ પદ્યનો એ અર્થ છે કે, જે ગામ અધાર્મિક હોય, અત્યંત રોગથી વ્યાપ્ત હોય, વળી ઉપદ્રવવાળું હોય, અને જે ગામ સંપૂર્ણપણે ચાંડાળથી વ્યાપ્ત હોય તે ગામમાં રહેવું નહિ. બીજે સ્થળે ચાલ્યા જવું. સ્મૃતિમાં કહેલું છે કે સિંહ, સજ્જન પુરુષો, અને હાથી આ ત્રણને જ્યારે દુઃખ પડે ત્યારે દેશાન્તરમાં ચાલ્યા જાય છે. પરંતુ કાગડો, દુર્જન પુરુષ અને હરણ આ ત્રણને દુઃખ પડે છતાં સ્થાનને છોડીને અન્યત્ર જતા નથી. માટે શ્રીજીમહારાજને કહેવાનો એ ભાવ છે કે- જ્યાં સુખપૂર્વક રહી શકાય ત્યાં જઇને રહેવું અને ત્યાં પણ જો ઉપદ્રવ થાય તો તે દેશને પણ છોડી દેવો. ''स देशो यत्र सुखं जीव्यते'' ॥इति॥ જ્યાં સુખપૂર્વક જીવી શકાય તેને જ દેશ કહેલો છે. માટે સજ્જનોએ જ્યારે દુઃખ પડે ત્યારે સ્થળાંતર કરી જવું. આવો અભિપ્રાય છે. ॥૧૫૩-૧૫૪॥

**आढ्यैस्तु गृहिभिः कार्या अहिंसा वैष्णवा मखाः । तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च साधवः ॥१५५॥**

અને વળી ધનાઢ્ય સત્સંગી હોય તેમણે હિંસાથી રહિત એવા વિષ્ણુસંબન્ધી યજ્ઞો કરવા, તથા તીર્થોમાં અને પર્વોને વિષે બ્રાહ્મણો તથા

સાધુને જમાડવા.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે- ધનવાન ગૃહસ્થ સત્સંગીઓએ પ્રાણીઓના વધથી રહિત અહિંસામય વિષ્ણુયાગ કરવા. ન્યાયથી પ્રાપ્ત કરેલા ધન વડે શ્રદ્ધાપૂર્વક યજ્ઞમાં જે વિષ્ણુની પૂજા કરવી તે જ ગૃહસ્થાશ્રમીઓનો શ્રેષ્ઠ કલ્યાણકારી માર્ગ છે. અને વળી ભગવાનનાં મંદિરાદિક પવિત્ર ક્ષેત્રો અને ગંગાદિક પવિત્ર તીર્થોમાં તથા અમાવાસ્યાદિક પર્વના દિવસોમાં બ્રાહ્મણો અને સાધુપુરુષોને ચાર પ્રકારના ભોજનો વડે તૃપ્ત કરવા. સાધુ અને બ્રાહ્મણોને જમાડવાથી યજ્ઞો કરતાં પણ અધિક ફળ પ્રાપ્ત થાય છે. અર્થાત્ ભગવાનની અધિક પ્રસન્નતા થાય છે. ભગવાન શ્રીકૃષ્ણે પોતે જ ભાગવતમાં કહેલું છે કે- બ્રાહ્મણના મુખદ્વારા જેવો હું પ્રસન્ન થાઉં છું, તેવો અગ્નિના મુખ દ્વારા હું પ્રસન્ન થતો નથી. અર્થાત્ બ્રાહ્મણ અને સાધુપુરુષોને જમાડવાથી ભગવાનની અધિક પ્રસન્નતા થાય છે. માટે ધનાઢ્ય ગૃહસ્થ સત્સંગીઓએ પર્વના દિવસોમાં સાધુ અને બ્રાહ્મણોને જમાડવા, આવો ભાવ છે. ॥૧૫૫॥

**महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तैः । देयानि पात्रविप्रेभ्यो दानानि विविधानि च ॥१५६॥**

અને વળી ધનાઢ્ય ગૃહસ્થ સત્સંગીઓએ ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવો કરવા, તથા સુપાત્ર બ્રાહ્મણોને નાનાપ્રકારનાં દાનો દેવાં.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા વર્ણવતાં કહે છે કે- ધનવાન ગૃહસ્થ સત્સંગીઓએ ભગવાનના મંદિરોમાં ધામધૂમથી મોટા ઉત્સવો કરવા. તથા પાત્ર બ્રાહ્મણોને વિવિધ પ્રકારનાં દાનો આપવાં. કળીયુગમાં દાન કરવું એ ગૃહસ્થનો મુખ્ય ધર્મ કહેલો છે. આ બાબતમાં વૃદ્ધપરાશરનું વાક્ય પ્રમાણરૂપ છે. ''तपः परं कृतयुगे त्रेतायां ज्ञानमुच्यते । द्वापरे यज्ञमेवाहुर्दानमेव कलौ युगे'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- સત્યયુગમાં તપ કરવું મુખ્ય ધર્મ ગણાય છે. ત્રેતાયુગમાં જ્ઞાન જ મુખ્ય ગણાય છે. દ્વાપરયુગમાં યજ્ઞો કરવા મુખ્ય ગણાય છે. અને કળીયુગમાં દાન કરવું એજ મુખ્ય ગણાય છે. શતપથ શ્રુતિની અંદર પણ કહેલું છે કે- કળીયુગમાં દાન, દયા અને દમન આ ત્રણ દકારનું શિક્ષણ આપવું.

શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- દાન આપવામાં જોકે પાત્ર, કુપાત્રની પરીક્ષા કરવી જોઈએ પણ અન્ન અને જળનું દાન આપવામાં પાત્રની પરીક્ષા ન કરવી. આ બાબતમાં વ્યાસ ભગવાનનું વચન પ્રમાણરૂપ છે. ''अन्नाच्छादनदानेषु पात्रं नैव विचारयेत् । अन्नस्य क्षुधितः पात्रं विवस्त्रो वसनस्य च'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- અન્ન અને વસ્ત્રના દાનમાં પાત્રનો વિચાર કરવો નહિ. ભૂખ્યો થયેલો હોય તે અન્નનો પાત્ર છે. અને વસ્ત્રરહિત નગ્ન હોય એ વસ્ત્રનો પાત્ર છે. વસ્ત્ર અને અન્ન સિવાયનું દાન જો કુપાત્રને આપેલું હોય તો એ દાન તામસ કહેલું છે. ''तामसानां फलं भुङ्क्ते तिर्यक्त्वे मानवः'' ॥ इति ॥ તામસ કર્મનું ફળ મનુષ્ય પશુ, પક્ષીની યોનિમાં ભોગવે છે. હવે કેવી વસ્તુનું દાન કરવું જોઈએ તે વસ્તુનું લક્ષણ પણ ભવિષ્યપુરાણની અંદર કહેલું છે કે, જે વસ્તુ પોતાને પ્રિય હોય, અને જે વસ્તુ ન્યાયથી પ્રાપ્ત કરેલી હોય, તે વસ્તુ ગુણવાન પાત્રને આપવી, એ દાનનું પરમ લક્ષણ કહેલું છે. અને વળી પોતાના કુટુંબની સાથે વિરોધ ન થાય એ રીતે દાન આપવું, પોતાની સ્ત્રીનું દાન તથા પુત્રનું દાન ક્યારેય પણ આપવું નહિ. પોતાનો વંશ રહેલો હોય તો સર્વસ્વનું દાન કરવું નહિ. બીજાને આપવાની પ્રતિજ્ઞા થઈ ચુકેલી હોય એ વસ્તુ પણ દાનમાં ન આપી દેવી. આ રીતે ધનવાન ગૃહસ્થાશ્રમી પુરુષોએ વિવિધ પ્રકારનાં દાનો વિધિ પૂર્વક આપવાં, કારણ કે કળીયુગમાં દાન આપવું એ ગૃહસ્થનો મુખ્ય ધર્મ કહેલો છે, આવો શ્રીહરિનો ભાવ છે. ॥૧૫૬॥

## હવે રાજાઓના ધર્મો કહે છે.

**मदाश्रितैर्नृपैर्धर्मशास्त्रमाश्रित्य चारिवलाः । प्रजाः स्वाः पुत्रवत्पाल्या धर्मः स्थाप्यो धरातले ॥१५७॥**

મારા આશ્રિત રાજાઓ હોય તેમણે ધર્મશાસ્ત્રનો આશ્રય કરીને પોતાના પુત્રની પેઠે સમગ્ર પોતાની પ્રજાનું પાલન કરવું. અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- રાજાઓએ રાજનીતિનો આશ્રય કરીને પોતાની સમગ્ર પ્રજાને પુત્રની પેઠે રક્ષણ આપવું. અને અધર્મમાં પ્રવર્તેલી પ્રજાને સારી રીતે શિક્ષણ આપીને ધર્મમર્યાદાને વિષે સ્થાપન કરવી. રાજા જો અધર્મમાં પ્રવર્તેલી પ્રજાને ધર્મમાર્ગનું શિક્ષણ આપે નહિ તો પ્રજાએ કરેલું પાપ રાજાને લાગે છે. આ વિષયમાં ભાગવતશાસ્ત્ર પ્રમાણરૂપ છે. ''य उद्धरेत् करं राजा प्रजा धर्मेश्वशिक्षयन् । प्रजानां शमलं भुङ्क्ते भगं च स्वं जहाति सः'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- રાજા પ્રજા પાસેથી કરવેરો ગ્રહણ કરે છે, તેથી રાજાએ પ્રજાને ધર્મનું શિક્ષણ આપવું જોઈએ, છતાં રાજા જો પ્રજાને ધર્મનું શિક્ષણ આપે નહિ, તો પ્રજાએ કરેલું પાપ રાજાને લાગે છે. અને રાજા પોતાની નિયમન શક્તિને ગુમાવી બેસે છે. અને રાજા જો ન્યાયથી પ્રજાનું પાલન કરે તો પ્રજાના પુણ્યમાંથી છઠ્ઠો ભાગ રાજાને પ્રાપ્ત થાય છે. અને જો ન્યાયથી પ્રજાનું પાલન ન કરે તો પ્રજાએ કરેલા પાપમાંથી અડધો ભાગ રાજાને પ્રાપ્ત થાય છે. અને વળી જો રાજા પ્રજાને પીડા આપે તો પ્રજાને પીડવાથી ઉત્પન્ન થયેલો સંતાપ રૂપી અગ્નિ રાજાની લક્ષ્મી, કુળ અને પ્રાણને બાળ્યા વિના પાછો વળતો નથી. માટે રાજાએ ન્યાયથી પોતાની પ્રજાનું રક્ષણ કરવું જોઈએ. અને વળી રાજાએ મનુષ્યનો વધ કરવામાં તો મહાન વિચાર કરવો જોઈએ. સામ, દામ, ભેદ અને ત્યાર પછી જ વધ દંડ કહેલો છે. અને વળી રાજાએ યુદ્ધ તો સર્વ પ્રકારે કરવું જ નહિ. બીજો કોઈપણ રસ્તો ન મળે ત્યારે જ યુદ્ધ કરવું, આવો સમગ્ર નીતિશાસ્ત્રનો સંકેત છે. આ રીતે રાજાએ સંપૂર્ણ નીતિશાસ્ત્રનો આશ્રય કરીને પ્રજાનું પુત્રની પેઠે પાલન કરવું. આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૧૫૭॥

**राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा । व्यवहारविदः सभ्या दण्ड्यादण्ड्याश्च लक्षणैः ॥१५८॥**

મારા આશ્રિત રાજાઓ હોય તેમણે, રાજ્યનાં જે સાત અંગ, તથા ચાર ઉપાય તથા છ ગુણ તેને લક્ષણે કરીને યથાર્થપણે જાણવાં. અને તીર્થો- જે ગુપ્તચરોને મોકલ્યાનાં સ્થાનો, તથા વ્યવહારને જાણનારા જે સભાસદો, તથા દંડવા યોગ્ય અને નહિં દંડવા યોગ્ય એવા માણસો, આ બધાને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- રાજાએ સ્વામી, આમાત્ય, ઈત્યાદિક સાત રાજ્યનાં અંગો, સામ, દામ, ભેદ અને દંડ આ ચાર ઉપાયો, સન્ધિ, વિગ્રહ ઈત્યાદિ છ વર્ગ, મંત્રી, પુરોહિત, યુવરાજ, સેનાપતિ ઈત્યાદિક અઢાર ગુપ્તચર મોકલવાનાં સ્થાનો, ઋણનું લેવું દેવું ઈત્યાદિક વ્યવહારને જાણનારા સભાસદો, અને દંડવા યોગ્ય અને નહિ દંડવા યોગ્ય એવા માણસો, આ બધાને લક્ષણો વડે યથાર્થપણે જાણવા. અને એ સિવાય ૧૮ વિવાદનાં સ્થાનો છે, તેમને રાજાએ યથાર્થપણે જાણવાં. અને વળી જકાત કોની પાસેથી લેવી અને કોની પાસેથી ન લેવી તેને પણ રાજાએ યથાર્થપણે જાણવું. તેમાં સુવર્ણની સમાન જણાતાં હોય પણ પિતળ ઈત્યાદિક ધાતુમાંથી બનાવેલાં હોય, એવા દાગીનામાંથી કરવેરો લેવો નહિ. નોકરી કરનારા પાસેથી, બાળક કે દૂત પાસેથી, ભિક્ષાથી પ્રાપ્ત કરેલું હોય અને દેવસંબન્ધી કાર્ય માટેનું દ્રવ્ય હોય, તેમાંથી પણ કરવેરો લેવો નહિ. અને વળી રાજાએ બ્રાહ્મણ, દુર્બળ, ત્યાગી, પોતાના માતા, પિતા અને ગુરૂ આટલાને દંડ આપવો નહિ. આ રીતે આ બધાને રાજાએ નીતિશાસ્ત્ર થકી જાણી કરીને યોગ્ય નિર્ણય કરવો. પણ કોઈને અન્યાય થાય એ રીતે રાજાએ નિર્ણય કરવો નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૫૮॥

## હવે સધવા સ્ત્રીઓના ધર્મો કહે છે.

**सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत् । अन्धो रोगी दरिद्रो वा षण्ढो वाच्यं न दुर्वचः ॥१५९॥**

અમારે આશ્રિત સુવાસિની સ્ત્રિયો હોય તેમણે, પોતાનો પતિ અંધ, દરિદ્રી, રોગી અને નપુંસક હોય તો પણ ઈશ્વરની પેઠે સેવવો. અને પતિ પ્રત્યે કટુક વચન બોલવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પતિવ્રતા જે સુવાસિની સ્ત્રીયો હોય તેમણે, પોતાનો પતિ ભાગ્યવશાત્ અંધ, રોગી, દરિદ્રી, અથવા તો નપુંસક હોય તો પણ ઈશ્વરની પેઠે સેવવો. પતિની સેવા કરવી એજ પતિવ્રતા સ્ત્રીયોનો મુખ્ય ધર્મ છે. આ બાબતમાં ભાગવતનું વાક્ય પ્રમાણરૂપ છે- ''भर्तुः शुश्रूषणं स्त्रीणां परो धर्मो ह्यमायया । तद्बन्धुनाञ्च कल्याण्यः प्रजानां चानुपोषणम्'' ॥ इति ॥ એક સમયે શરદઋતુની રાત્રીને વિષે શ્રીકૃષ્ણ ભગવાને વૃન્દાવનમાં જઈને વાંસડી વગાડી, ત્યારે વાંસડીનો સ્વર સાંભળીને ગોકુળની અંદર રહેલી સર્વે ગોપીઓ તત્કાળ જ પોતાના ઘરનાં કામકાજ છોડીને વૃન્દાવનમાં ભગવાન પાસે ગઈ. તે સમયે ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે, હે ગોપીઓ ! અત્યારે ઘોર રાત્રીના સમયમાં સ્ત્રીઓએ ઘરથી બહાર ન નીકળવું જોઈએ. છતાં તમે અત્યારે મારી પાસે શા માટે આવેલી છો ? કારણ કે સ્ત્રીઓ હોય તેમણે તો પોતાના પતિની સેવા કરવી જોઈએ. કદાચ તમે કહેશો કે અમે તો તમારાં દર્શન કરવા માટે આવેલી છીએ, તો મારાં દર્શન પણ તમોને થયેલાં છે. માટે તમો અત્યારે તમારે ઘેર જાવ અને તમારા પતિની સેવા કરો, કારણ કે પોતાના પતિની નિષ્કામભાવથી સેવા કરવી એજ સ્ત્રીઓનો પરમ ધર્મ છે. કદાચ તમે કહેશો કે અમારા પતિ તો છે, પણ તમારા જેવા રૂપાળા નથી, તો હું કહું છું કે, હે ગોપીઓ ! પોતાનો પતિ જડ હોય, રોગી હોય, નિર્ધન હોય, છતાં પણ જો તે નિષ્પાપ હોય તો સ્ત્રીઓએ પતિનો ત્યાગ કરવો જોઈએ નહિ. કારણ કે પતિ છે એજ સ્ત્રીઓનું પરમ દૈવત કહેલું છે. આ રીતે શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓ પ્રત્યે કહેલું છે. માટે પતિવ્રતા જે સુવાસિની બાઈઓ તેમણે પોતાનો પતિ શરીરે ગમે તેવો હોય છતાંપણ ઈશ્વરનો ભાવ રાખીને પોતાના પતિની સેવા કરવી, આવો ભાવ છે. અને વળી પોતાના પતિ સામે પ્રતિકૂળ કઠોર એવું વચન બોલવું નહિ. પતિને અનુકૂળ જ વચન બોલવું. અને પતિની આજ્ઞામાં રહેવું, આવો અભિપ્રાય છે. ॥૧૫૯॥

**रूपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु । प्रसङ्गो नैव कर्तव्यस्ताभिः साहजिकोऽपि च ॥१६०॥**

મારે આશ્રિત સુવાસિની સ્ત્રીઓએ રૂપ અને યુવાનપણાથી યુક્ત તથા ગુણવાન એવા પરપુરુષનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન જ કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- પોતાના પતિ સિવાયનો પુરુષ રૂપવાન હોય, યુવાન હોય, અને ધર્માદિક ગુણોથી યુક્ત હોય, આવા પર પુરુષનો સ્વાભાવિક એવો પણ પ્રસંગ સ્ત્રીને માટે હાનિકારક છે. આનુશાસનિક પર્વમાં શંકરે કહેલું છે કે- સ્ત્રી પતિવ્રતા હોય, સારા આચારવાળી હોય, છતાં યુવાન પુરુષોના પ્રસંગથી તત્કાળ ધર્મભ્રષ્ટ થઈ જાય છે. અને પુરુષ પણ યુવાન સ્ત્રીના પ્રસંગ થકી તત્કાળ ધર્મભ્રષ્ટ થઈ જાય છે. આ રીતે બન્નેને પરસ્પરનો પ્રસંગ હાનિ પહોંચાડનારો કહ્યો છે. માટે પતિવ્રતા સ્ત્રીએ યુવાન એવા પરપુરુષની સાથે બોલવા બેસવા રૂપ પ્રકૃષ્ટ પ્રસંગ કરવો નહિ. અને સ્વતંત્રપણ રહેવું નહિ. હમેશાં પિતા પતિ આદિકની આજ્ઞામાં રહેવું. આ બાબતમાં પરાશરસ્મૃતિ પ્રમાણરૂપ છે- ''पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने । वार्धके पुत्रपौत्राद्या नास्ति स्त्रीणां स्वतन्त्रता'' ॥ इति ॥ આ પદ્યનો એ અર્થ છે કે, કુમાર અવસ્થામાં સ્ત્રીની પિતા રક્ષા કરે છે. અને યુવાવસ્થામાં પતિ સ્ત્રીનું રક્ષણ કરે છે, અને વૃદ્ધાવસ્થામાં પુત્ર, પૌત્રાદિક સ્ત્રીનું રક્ષણ કરે છે. સ્ત્રીઓને ક્યારે પણ સ્વતન્ત્રતા કહેલી નથી. માટે પતિવ્રતા સુવાસિની સ્ત્રીઓએ પોતાના પતિની આજ્ઞામાં જ રહેવું. પોતાના

પતિની આજ્ઞાથી વિરુદ્ધ થવું નહિ. સધવા સ્ત્રી કે વિધવા સ્ત્રી જો પિતા, પુત્ર કે પતિની આજ્ઞામાં રહે નહિ તો એ સ્ત્રી ગામની ભુંડણીની સમાન થઈને તત્કાળ ધર્મભ્રષ્ટ થઈ જાય છે. માટે સ્ત્રીઓએ સ્વતંત્ર થવું નહિ, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૧૬૦॥

**नरेक्ष्यनाभ्यूरुकुचाऽनुत्तरीया च नो भवेत् । साध्वी स्त्री न च भण्डेक्षा न निर्लज्जादिसङ्गिनी ॥१६१॥**

અને વળી મારે આશ્રિત સુવાસિની સ્ત્રીઓ હોય તેમણે, પોતાની નાભિ, સાથળ અને છાતી, તેને બીજો પુરુષ દેખે એવી રીતે ન વર્તવું. અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું, અને ભાંડભવાઈ જોવા ન જવું અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી સ્ત્રીઓનો સંગ ન કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- પતિવ્રતા સુવાસિની સ્ત્રીઓ તેમણે બીજા પુરુષની દૃષ્ટિ નાભિ, સાથળ કે સ્તન ઉપર ન જાય એવી રીતે મર્યાદા પૂર્વક વસ્ત્રો ધારણ કરવાં. અને હમેશાં ઉપર ઓઢવાનું વસ્ત્ર ધારણ કરી રાખવું. અને નાનાપ્રકારના વેષો ધારણ કરીને હસાવનારા જે ભવાઈઆ હોય તેને જોવા જવું નહિ. અને નિર્લજ્જ આદિક ઠગારી સ્ત્રીઓ હોય તેનો સંગ કરવો નહિ. યાજ્ઞવલ્ક્યે કહેલું છે કે- જે સ્ત્રી પોતાના પતિનું પ્રિય અને હિત કરવામાં જ તત્પર રહે છે. અને મર્યાદા પૂર્વક વસ્ત્રાદિકને ધારણ કરીને સદાચારી બને છે, તે સ્ત્રી આ લોકમાં કીર્તિને પામે છે, અને મરીને ઉત્તમ ગતિને પામે છે. માટે સુવાસિની સ્ત્રીઓએ હમેશાં પતિનું હિત કરવામાં તત્પર પતિવ્રતા થવું જોઈએ. પતિવ્રતા સ્ત્રીનું લક્ષણ હારીત મુનિએ કહેલું છે- ''आर्ताऽऽर्ते मुदिते हृष्टा प्रोषिते मलिना कृशा । मृते म्रियेत या पत्यौ सा स्त्री ज्ञेया पतिव्रता'' ॥ इति ॥ આ પદ્યનો એ અર્થ છે કે, જે સ્ત્રી પતિના સુખે સુખી રહેતી હોય, અને પતિના દુઃખે દુઃખી રહેતી હોય, અને વળી પતિ જ્યારે પરદેશ ગયેલો હોય ત્યારે મલિન વસ્ત્રો ધારણ કરે અને વ્રત ઉપવાસે કરીને દેહને અત્યંત કૃશ કરી નાખે. અને પતિ જ્યારે મરે ત્યારે પતિની પાછળ મરે તેને પતિવ્રતા જાણવી. શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- અહીં પતિની પાછળ જે મરવાનું કહ્યું છે, એતો જેને મોક્ષનો ખપ ન હોય, બ્રહ્મચર્યનું પાલન કરવામાં સમર્થ ન હોય આવી કામુક સ્ત્રીને માટે કહેલું છે એમ જાણવું. કારણ કે મોક્ષનો જો ખપ ન હોય, અને બ્રહ્મચર્યનું પાલન કરવામાં અસમર્થ હોય, તો આવી સ્ત્રી વ્યભિચારાદિક દુષ્ટકર્મો વડે ત્રણે કુળને કલંકિત કરે છે, આવો ભાવ છે. તેમાં પણ કળીયુગમાં તો શાસ્ત્રોએ પતિની પાછળ મરવાનો બિલ્કુલ નિષેધ કરેલો છે. સ્કંદપુરાણમાં કહેલું છે કે- ''पत्यौ मृतेऽपि या योषिद् वैधव्यं पालयेत् क्वचित् । सा पुनः प्राप्य भर्तारं स्वर्गलोकमश्नुते'' ॥ इति ॥ જે સ્ત્રી પતિના મરણ પછી પણ વિધવાપણાનું પાલન કરે છે, તે સ્ત્રી ફરીવાર પોતાના પતિને પામી કરી સ્વર્ગલોકનું સુખ ભોગવે છે. આ રીતે સ્કંદપુરાણનું વિધાન છે. માટે પતિવ્રતા સ્ત્રીએ કળીયુગમાં તો પોતાના પતિની પાછળ કદીપણ મરવું જ નહિ. અને જીવન પર્યન્ત બ્રહ્મચર્યનું પાલન કરવું, આવો અભિપ્રાય છે. ॥૧૬૧॥

**भूषासदंशुकधृतिः परगेहोपवेशनम् । त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौ देशान्तरं गते ॥१६२॥**

અને વળી સુવાસિની સ્ત્રીઓ હોય તેમણે, પોતાનો પતિ જ્યારે પરદેશ ગયો હોય ત્યારે આભૂષણો ધારણ કરવાં નહિ, ને રૂડાં વસ્ત્રો પણ ધારણ કરવાં નહિ. તથા પારકે ઘેર બેસવા જવું નહિ. અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરી દેવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- પોતાનો પતિ જ્યારે પરદેશ ગયો હોય ત્યારે વસ્ત્ર અલંકારાદિકે કરીને સુવાસિની સ્ત્રીઓએ પોતાનું શરીર શણગારવું નહિ, બીજાને ઘેર બેસવા જવાનો પણ ત્યાગ કરી દેવો, અતિ ખડખડાટ હાસ્યનો પણ ત્યાગ કરી દેવો. આ બધી બાબતમાં યાજ્ઞવલ્ક્ય ઋષિનું વાક્ય પ્રમાણ રૂપ છે- ''क्रीडां शरीर संस्कारं समाजोत्सवदर्शनम् । हास्यं परगेहोपवेशनम् त्यजेत् प्रोषितभर्तुका'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- જેનો પતિ પરદેશ ગયેલો હોય, આવી સુવાસિની સ્ત્રીએ દોડાદોડ અને ચપળપણાનો ત્યાગ

કરી દેવો, શરીરના સંસ્કારોનો ત્યાગ કરી દેવો, અર્થાત્ શરીર શણગારવું નહિ, ખડખડાટ હાસ્યનો ત્યાગ કરી દેવો, પારકે ઘેર બેસવાનો અને સમાજોત્સવનાં દર્શનનો પણ ત્યાગ કરી દેવો, આવો ભાવ છે. ॥૧૬૨॥

## હવે વિધવા સ્ત્રીઓના ધર્મો કહે છે.

**विधवाभिस्तु योषाभिः सेव्यः पतिधिया हरिः । आज्ञायां पितृपुत्रादेर्वृत्यं स्वातन्त्र्यतो न तु ॥१६३॥**

અમારે આશ્રિત એવી જે વિધવા સ્ત્રીઓ હોય, તેમણે પતિબુદ્ધિથી ભગવાનને સેવવા, અને પોતાના પિતાપુત્રાદિક જે સંબન્ધી, તેમની આજ્ઞાને વિષે વર્તવું પણ સ્વતંત્રપણે વર્તવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- જેમનો પતિ મૃત્યુ પામી ગયો હોય આવી જે વિધવા સ્ત્રી હોય તેમણે તો આ પરમાત્મા એજ મારા પતિ છે, આવી બુદ્ધિથી ઈશ્વરની આરાધના કરવી. ''विष्णोस्तु सेवनं कार्यं पतिबुद्धया न चान्यथा'' ॥ इति ॥ સ્કન્દપુરાણમાં વિધવાના ધર્મોને વિષે કહેલું છે કે, વિધવા સ્ત્રીઓએ પતિબુદ્ધિથી ભગવાનની સેવા કરવી. અને વળી વિધવા સ્ત્રીઓએ સ્વતંત્રપણે ક્યારેય પણ વર્તવું નહિ. યાજ્ઞવલ્ક્યસ્મૃતિમાં કહેલું છે કે- ''रक्षेत् कन्यां पिता विन्नां पतिः पुत्रस्तु वार्धके । अभावे ज्ञातयस्तेषां स्वातन्त्र्यं न क्वचित् स्त्रियाः'' ॥ इति ॥ જ્યારે સ્ત્રીની કન્યાવસ્થા હોય ત્યારે પિતાએ સ્ત્રીનું રક્ષણ કરવું, અને પરણેલી સ્ત્રીનું પતિએ રક્ષણ કરવું, અને વળી વૃદ્ધાવસ્થામાં પુત્રોએ રક્ષણ કરવું. પુત્રાદિક જો ન હોય તો જ્ઞાતિજનોએ સ્ત્રીનું રક્ષણ કરવું, અને જ્ઞાતિજનો પણ ન હોય તો રાજાએ સ્ત્રીનું રક્ષણ કરવું. પરંતુ સ્ત્રીઓનું સ્વતંત્રપણું ક્યારેય પણ શાસ્ત્રોએ કહેલું નથી. માટે વિધવા સ્ત્રીઓએ પિતા, પુત્રાદિકની આજ્ઞામાં રહેવું, આવો અભિપ્રાય છે. ॥૧૬૩॥

**स्वासन्नसम्बन्धहीना नराः स्पृश्या न कर्हिचित् । तरुणैस्तैश्च तारुण्ये भाष्यं नावश्यकं विना ॥१६४॥**

અને વળી વિધવા સ્ત્રીઓએ પોતાના સમીપસંબન્ધ વિનાના પુરુષોનો ક્યારેય પણ સ્પર્શ કરવો નહિ. અને પોતાની જ્યારે યુવાવસ્થા વર્તતી હોય ત્યારે સમીપ સંબન્ધ વિનાના યુવાન પુરુષો સાથે અવશ્યનું કામ પડ્યા વિના બોલવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- શાસ્ત્રોએ વિધવા સ્ત્રીઓને માટે બ્રહ્મચર્યનું વિધાન કરેલું છે. જેવી રીતે બ્રહ્મચારી પુરુષોનું બ્રહ્મચર્ય સ્ત્રીના દર્શનસ્પર્શાદિકે કરીને નાશ પામી જાય છે. તેવી જ રીતે સ્ત્રીઓનું પણ બ્રહ્મચર્ય પુરુષના દર્શનસ્પર્શાદિકે કરીને નાશ પામી જાય છે. અને જો બ્રહ્મચર્યનો નાશ થાય તો મહાન મોક્ષરૂપી સ્વાર્થનો પણ નાશ થઈ જાય છે, એજ કારણથી વિધવા સ્ત્રીઓએ સમીપ સંબન્ધ વિનાના પુરુષોનો સ્પર્શ કરવો નહિ, આવું તાત્પર્ય છે. અહીં પોતાના સમીપ સંબન્ધી પુરુષોની સાથે બોલવામાં કે સ્પર્શ કરવામાં દોષનો અભાવ કહેલો છે, એનું કારણ એ છે કે, સમીપ સંબન્ધી પુરુષો તો વિધવા સ્ત્રીઓની અકાર્યમાં પ્રવૃત્તિ થકી રક્ષણ કરનારા છે, માટે દોષનો અભાવ કહેલો છે, એમ જાણવું. અને વળી એવું કોઈ અવશ્યનું કામકાજ હોય તો સમીપ સંબન્ધથી રહિત એવા પુરુષોની સાથે પણ બોલવામાં કે સ્પર્શ કરવામાં દોષ નથી, જે રીતે પોતાના શરીરનું અને ધર્મનું રક્ષણ થાય એ રીતે વર્તવું, આવો અભિપ્રાય છે. ॥૧૬૪॥

**स्तनन्धयस्य नुः स्पर्शे न दोषोऽस्ति पशोरिव । आवश्यके च वृद्धस्य स्पर्शे तेन च भाषणे ॥१६५॥**

અને વળી વિધવા સ્ત્રી હોય તેમણે, પશુના સ્પર્શને વિષે જેમ દોષ નથી, તેમ નાના ધાવણા બાળકનો સ્પર્શ કરવામાં દોષ નથી. અને અવશ્યના કામકાજમાં કોઈ વૃદ્ધ પુરુષને અડાય કે તેની સાથે બોલાય તો પણ દોષ નથી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- વિધવા સ્ત્રીએ પશુની પેઠે નાના બાળકને અડવામાં દોષ નથી, કારણ કે નાનો બાળક અને પશુ આ બન્નેની અંદર અજ્ઞાનીપણું સરખું છે. શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું તાત્પર્ય વર્ણવતાં કહે છે કે- શ્રીજીમહારાજે વિધવા સ્ત્રીઓને પુરુષના સ્પર્શાદિકનો નિષેધ કરેલો છે, એનું તાત્પર્ય એવું જણાય છે કે, વિધવા સ્ત્રીઓને માટે પુરુષનો સ્પર્શ આદિક, કામવિકારને ઉત્પન્ન કરનાર છે, અને ક્યારેક મિથ્યા અપવાદનો પણ સંભવ છે, તેથી શાસ્ત્રમાં નિષેધ કરેલો હોય એમ જણાય છે. અને એ કામવિકારનો બાળક તથા વૃદ્ધને વિષે સંભવ નથી, તેથી શ્રીજીમહારાજે બાળક અને વૃદ્ધના સ્પર્શાદિકમાં છુટ આપેલી હોય એમ જણાય છે. અને વળી કામથી ઉત્પન્ન થતા તમામ વિકારો યુવાનપણાને આશ્રિને રહે છે, તેથી યુવાવસ્થામાં સ્ત્રીઓ અને પુરુષોએ સાવધાન થઈને નિયમોનું પાલન કરવું. આવો અભિપ્રાય છે. ॥૧૬૫॥

**विद्याऽनासन्नसम्बन्धात्ताभिः पाठ्या न काऽपि नुः । व्रतोपवासैः कर्तव्यो मुहुर्देहदमस्तथा ॥१६६॥**

અને વળી વિધવા સ્ત્રીઓએ પોતાના સમીપ સંબન્ધથી રહિત એવા પુરુષ થકી કોઈપણ વિદ્યા ભણવી નહિ, અને વ્રતોપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો અભિપ્રાય કહેતાં સમજાવે છે કે- સમીપ સંબન્ધથી રહિત એવા પુરુષોનો પ્રસંગ વિધવા સ્ત્રીઓને માટે પરિણામે વિપરીત હોવાને કારણે, વિધવા સ્ત્રીઓને ભગવાનનાં ચરિત્રનો કોઈ ગ્રન્થ ભણવાની જો ઈચ્છા થાય તો પોતાના પિતા, ભાઈ આદિક પોતાના સંબન્ધીજનોની સમીપે ભણવું, પણ બીજે નહિ. તેવી જ રીતે વિધવા સ્ત્રીઓએ એકાદશી આદિક નિત્ય વ્રતો તથા ધારણાપારણાદિક નૈમિત્તિક વ્રતો વડે પોતાના દેહનું દમન કરવું. સ્કન્દપુરાણમાં વિધવા સ્ત્રીઓના ધર્મો કહેલા છે, તેમાં પ્રતિપાદન કરેલું છે કે- ‘‘एकाहारः सदा कार्यो न द्वितीयो विनाऽऽपदम् । मासोपवासं वा कुर्याच्चान्द्रायणमथापिवा’’ ॥ इति ॥ વિધવા સ્ત્રીઓએ હમેશાં એક જ વખત જમવું, આપત્કાળ વિના બીજી વખત જમવું નહિ. ચાન્દ્રાયણાદિક વ્રતો કરવાં, માથું મુંડાવી નાખવું, અથવા તો જટાધારણ કરવી પણ વાળને ઓળવાં નહિ. વિધવા સ્ત્રીએ અંબોળો બાંધવો નહિ, પૃથ્વી ઉપર સુવું પણ પલંગ ઉપર સુવું નહિ. વિકૃત વેષ ધારણ કરવો નહિ. પોતાના કપડાંમાં અત્તર છાંટવું નહિ. આ રીતે વિધવા સ્ત્રીઓના ધર્મો શાસ્ત્રોમાં પ્રતિપાદન કર્યા છે. ॥૧૬૬॥

**धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् । देयं ताभिर्न तत् क्वापि देयं चेदधिकं तदा ॥१६७॥**

અને વળી વિધવા સ્ત્રીઓએ પોતા પાસે દેહ નિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન ધર્મકાર્યને વિષે પણ આપવું નહિ, અને જો તેથી અધિક હોય તો આપવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- પોતા પાસે પોતાના દેહનો નિર્વાહ થાય એટલું જ જો ધન હોય, અને એ ધન જો ધર્મકાર્યમાં આપી દે, તો પછી વિધવા સ્ત્રીઓને પોતાના નિર્વાહને માટે મજુરી કરવી પડે, કોઈનાં વાસણ માંજવાં જવું પડે, બીજાની શુશ્રુષા કરવી પડે, તેણે કરીને ધર્મથી ભ્રષ્ટ થવાના પ્રસંગો સર્જાય છે. માટે વિધવા સ્ત્રીએ પોતા પાસે અધિક જો ધન હોય તો જ ધર્મકાર્યમાં આપવું, નહિ તો આપવું નહિ.

હવે અહીં પ્રતિવાદી શંકા કરે છે કે- શાસ્ત્રમાં સ્ત્રી, નોકર અને પુત્ર આ ત્રણને નિર્ધન કહ્યા છે. આ ત્રણે કાંઈપણ ધન પ્રાપ્ત કરે, એ ધન તેના માલિકનું થાય છે. અર્થાત્ પુત્રે પ્રાપ્ત કરેલું ધન પિતાને મળે છે. નોકરે પ્રાપ્ત કરેલું ધન તેના માલિકનું થાય છે. અને પત્નીએ પ્રાપ્ત કરેલું ધન તેના પતિનું થાય છે. આ રીતે શાસ્ત્રમાં સ્ત્રીને તો નિર્ધન બતાવેલી છે, માટે સ્ત્રી પાસે ધન હોય જ ક્યાંથી કે જેથી ધર્મકાર્યમાં આપી શકે ?

આના ઉત્તરમાં શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- સ્ત્રીએ પ્રાપ્ત કરેલા ધનનું રક્ષણ કરવામાં જ તેના પતિનો અધિકાર છે, પણ પોતાની ઈચ્છાથી વાપરવામાં પતિને અધિકાર નથી. ''धर्मकार्येऽपि न ग्राह्यं पुरुषैः स्त्रीधनं क्वचित्'' ॥ इति ॥ ધર્મકાર્યમાં પણ સ્ત્રીના ધનને પુરુષોએ ક્યારેય પણ ગ્રહણ કરવું નહિ, આ રીતે સ્મૃતિમાં નિષેધ કરેલો છે. માટે પતિના મૃત્યુ પછી સ્ત્રી જ તે ધનનું રક્ષણ કરનારી છે. તેથી સ્ત્રી નિર્ધન કહેવાતી નથી. અને વળી સ્ત્રી જ્યાં સુધી જીવે ત્યાં સુધી સ્ત્રીના ધનને કોઈ સંબન્ધીએ પણ લેવું નહિ. અને જો જીવતી સ્ત્રીના ધનને કોઈ સંબન્ધી લઈ લે તો રાજાએ તેને ચોર માનીને સજા કરવી, આ પ્રમાણે મનુએ કહેલું છે. માટે વિધવા સ્ત્રીઓએ પોતાના સામર્થ્ય પ્રમાણે દાનપૂણ્ય કરવું, આવો અભિપ્રાય છે. ॥૧૬૭॥

**कार्यश्च सकृदाहारस्ताभिः स्वापस्तु भूतले । मैथुनासक्तयोर्वीक्षा क्वापि कार्या न देहिनोः ॥१६८॥**

અને વળી વિધવા સ્ત્રીઓએ એક જ વાર જમવું, અને પૃથ્વીને વિષે સુવું તથા મૈથુનાસક્ત એવાં જે પશુ, પક્ષી આદિક જીવપ્રાણી માત્ર તેમને ક્યારેય જાણીને જોવાં નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- વિધવા સ્ત્રીઓએ વ્રતોપવાસને છોડીને હમેશાં એકવાર જમવું. નિદ્રા તો પૃથ્વી ઉપર જ કરવી, પલંગાદિકને વિષે નિદ્રા કરવી નહિ. અને મૈથુનાસક્ત પ્રાણીઓને બુદ્ધિપૂર્વક ક્યારેય પણ જોવાં નહિ. કારણ કે મૈથુનાસક્ત પ્રાણીઓને જોવાથી તત્કાળ મનમાં ક્ષોભ ઉત્પન્ન થાય છે. એજ કારણથી પોતાના બ્રહ્મચર્ય વ્રતના ભંગની પ્રાપ્તિ થાય છે. માટે તાત્પર્ય એ છે કે વિધવા સ્ત્રીઓએ જેમ બને તેમ દમન અને શમન દ્વારા પોતાના બ્રહ્મચર્ય વ્રતને જાળવી રાખવું. ॥૧૬૮॥

**वेषो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा । न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित् ॥१६९॥**

અને વળી વિધવા સ્ત્રીઓ હોય તેમણે, સુવાસિની સ્ત્રીના જેવો વેષ ધારણ કરવો નહિ, તથા સંન્યાસણી અને વૈરાગણીના જેવો વેષ ધારણ કરવો નહિ. અને પોતાના દેશ, કુળ અને આચારથી વિરૂદ્ધ વેષ પણ ધારણ કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- વિધવા સ્ત્રીએ સધવા સ્ત્રીના જેવો વેષ ધારણ કરવો નહિ, અર્થાત્ વસ્ત્રાદિકે કરીને કે અલંકારાદિકે કરીને શરીરને શણગારવું નહિ. શરીરના શણગારો કરવા એ સધવા સ્ત્રીની શોભા છે, પણ વિધવા સ્ત્રીની તેમાં શોભા નથી. અને વળી ભગવાં વસ્ત્ર પહેરીને મનુષ્યોને છેતરવા માટે ભ્રમણ કરતી એવી જે સંન્યાસણી, તેના જેવો વેષ ધારણ કરવો નહિ. તથા રામભક્ત પુરુષની સમાન શ્વેત વસ્ત્ર ધારણ કરીને ભ્રમણ કરતી એવી જે વૈરાગણી, તેના જેવો વેષ પણ ધારણ કરવો નહિ. તથા પોતાના દેશ, કુળ અને આચારથી વિરૂદ્ધ વેષ પણ ક્યારેય ધારણ કરવો નહિ. લોકમાં સામાન્ય રીતે વિધવા સ્ત્રી જે વેષને ધારણ કરતી હોય એ વેષ ધારણ કરવો, આવો અભિપ્રાય છે. ॥૧૬૯॥

**सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कायश्च योषितः । शृङ्गारवार्ता न नृणां कार्याः श्रव्या न वै क्वचित् ॥१७०॥**

અને વળી વિધવા સ્ત્રીઓ હોય તેમણે, ગર્ભને પાડી નાખનારી સ્ત્રીનો સંગ ન કરવો, અને તેનો સ્પર્શ પણ કરવો નહિ. અને પુરુષના શૃંગારરસ સંબન્ધી વાર્તાને ક્યારેય કરવી નહિ. અને સાંભળવી પણ નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- વિધવા સ્ત્રીએ ઔષધાદિકે કરીને ગર્ભને પાડવાના સ્વભાવવાળી સ્ત્રીનો સંગ કરવો નહિ. કારણ કે એવી સ્ત્રીનો સંગ કરવાથી પોતાને પણ વ્યભિચાર કરવામાં બુદ્ધિ ઉત્પન્ન થાય છે. અને તેનો સ્પર્શ પણ ન કરવો. કારણ કે સ્પર્શ સાંસર્ગિક પાપના હેતુરૂપ છે, અર્થાત્ સ્પર્શ કરવાથી તેના પાપનો પોતામાં પ્રવેશ થાય છે. અને વળી વિધવા સ્ત્રીઓએ

પુરુષોના સંબન્ધવાળી શૃંગારરસની વાર્તા બીજી સ્ત્રીઓની સમીપે ક્યારેય કરવી નહિ. અને સાંભળવી પણ નહિ. કારણ કે પુરુષના શૃંગારરસની વાર્તા કરવાથી તથા સાંભળવાથી મનમાં ક્ષોભ ઉત્પન્ન થાય છે, તેથી પોતાના બ્રહ્મચર્ય વ્રતના ભંગની પ્રાપ્તિ થાય છે, આવો અભિપ્રાય છે. ॥૧૭૦॥

निजसम्बन्धिभिरपि तारुण्ये तरुणैर्नरैः । साकं रहसि न स्थेयं ताभिरापदमन्तरा ॥१७१॥

અને વળી વિધવા સ્ત્રીઓ હોય તેમણે, પોતાને જ્યારે યુવાવસ્થા વર્તતી હોય ત્યારે યુવાન અવસ્થાવાળા પોતાના સંબન્ધી પુરુષોની સાથે પણ એકાંત સ્થળમાં આપત્કાળ પડ્યા વિના રહેવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- વિધવા સ્ત્રીઓએ પોતાને યુવાવસ્થા વર્તતી હોય ત્યારે પોતાના જ સંબન્ધી પિતા, ભાઈ આદિક જો યુવાન હોય તો તેની સાથે પણ એકાંત સ્થળમાં આપત્કાળ પડ્યા વિના રહેવું નહિ. કારણ કે કામ વિકારથી ઉત્પન્ન થતા સંપૂર્ણ દોષો યુવાવસ્થાને આશ્રિને રહેલા છે. આ બાબતમાં સ્મૃતિનું વાક્ય પ્રમાણ રૂપ છે. ‘‘तारुण्येन जगज्जेतुं वातेनेद्ध इवानलः । शक्नोति सहसा कामो दुर्निवार्यो हि साधनैः’’ ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, જેમ અગ્નિ પવનના આશ્રયથી અતિ બળવાન થઈ જાય છે, પછી તે અગ્નિ ઓલવી શકાતો નથી. આ રીતે પવનનો આશ્રય લઈને અગ્નિ સારાય જગતને બાળવા માટે સમર્થ થઈ જાય છે. તેમજ કામ પણ યુવાવસ્થાના આશ્રયથી અતિ બળવાન થઈ જાય છે, પછી જ્ઞાનાદિક સાધનોથી નિવારી શકાતો નથી. આ રીતે કામ યુવાવસ્થાનો આશ્રય લઈને સારાય જગતને જીતવા માટે સમર્થ થાય છે. માટે યુવાવસ્થાવાળા પુરુષે યુવાવસ્થાવાળી માતા કે પુત્રીની સાથે પણ એકાંતસ્થળમાં રહેવું નહિ. આ પ્રમાણે જૈમિનિ મુનિએ કહેલું છે. માટે વિધવા સ્ત્રીઓએ યુવાવસ્થામાં સાવધાન રહેવું, આવો અભિપ્રાય છે. ॥૧૭૧॥

न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् । न धातुसूत्रयुक्सूक्ष्मवस्त्रादेरपि कर्हिचित् ॥१७२॥

અને વળી વિધવા સ્ત્રીઓએ હોળીની રમત કરવી નહિ, અને આભૂષણાદિકનું ધારણ કરવું નહિ, અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવાં ઝીણાં વસ્ત્રોનું ધારણ પણ ક્યારેય કરવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- વિધવા સ્ત્રીઓએ હોળીના નિમિત્તે પરસ્પર રંગ, ગુલાલ ઈત્યાદિક દ્રવ્યોને ઉડાડવા વડે રમત કરવી નહિ. તથા સુવર્ણના અલંકારો ધારણ કરવા નહિ, અને કુંકુમ, આંજણ આદિક સૌભાગ્ય દ્રવ્યનું પણ ધારણ કરવું નહિ. તથા સુવર્ણાદિક ધાતુના તારથી યુક્ત સૂક્ષ્મ હીરાગળ વસ્ત્ર, સાંકડાં, કડાં, બંગળી એ આદિકનું ધારણ પણ કરવું નહિ. કારણ કે આ સધવા સ્ત્રીનો વેષ કહેલો છે. માટે વિધવા સ્ત્રીઓએ દેશ કાળને અનુસારે ઉપર કહેલા ધર્મોમાં સાવધાન થઈને રહેવું, આવો અભિપ્રાય છે. ॥૧૭૨॥

## હવે સધવા અને વિધવા સ્ત્રીઓના સંયુક્ત ધર્મો કહે છે.

सधवाविधवाभिश्च न स्नातव्यं निरम्बरम् । स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ॥१७३॥

मनुष्यं चांशुकादीनि नारी क्वापि रजस्वला । दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ॥१७४॥

અને વળી સધવા અને વિધવા એવી જે સ્ત્રીઓ તેમણે, વસ્ત્ર પહેર્યા વિના નગ્ન સ્નાન કરવું નહિ, અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત રાખવું નહિ. અને વળી રજસ્વલા એવી સધવા અને વિધવા સ્ત્રીઓએ ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડવું નહિ. અને ચોથે દિવસે સ્નાન કરીને અડવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- વસ્ત્ર વિના સ્નાન કરવું એ વરુણદેવનો અપરાધ કહેલો છે. આ બાબતમાં ભાગવતનો દશમસ્કંધ પ્રમાણરૂપ છે- ‘‘यूयं विवस्त्रा यदपो धृतव्रता व्यगाहतैतत्तदु देवहेलनम्’’ ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- ગોપીઓ નગ્ન થઈને યમુનામાં સ્નાન કરતી હતી, તે સમયે ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓનાં વસ્ત્ર લઈને કદંબના વૃક્ષ ઉપર ચઢી ગયા. તેને જોઈને ગોપીઓએ કહ્યું કે- હે કૃષ્ણ ! અમારાં વસ્ત્રો આપી દો, નહિ તો અમો તમારા માતા, પિતાને કહી દઈશું. તે સમયે શ્રીકૃષ્ણ કહે છે કે, હે ગોપીઓ ! તમો વસ્ત્ર વિના નગ્ન થઈને યમુનામાં સ્નાન કરો છો, એ ખરેખર તમોએ વરુણદેવનો અપરાધ કરેલો છે. માટે તેના પ્રાયશ્ચિત રૂપે જળમાંથી બહાર આવીને બે હાથ જોડી તમારાં વસ્ત્રો લઈ જાવ. આ રીતે વસ્ત્ર વિના સ્નાન કરવું એ તો સ્ત્રીઓ અને પુરુષો બધાયને માટે નિષેધ છે. માટે બન્ને પ્રકારની સ્ત્રીઓએ વસ્ત્ર વિના સ્નાન કરવું નહિ. શંખસ્મૃતિમાં તો દિવસે મૈથુન કરે તથા જળમાં નગ્ન સ્નાન કરે તો એક દિવસ ઉપવાસ કરવો, આ રીતે પ્રાયશ્ચિત બતાવેલું છે. તેવી જ રીતે સર્વે સ્ત્રીઓએ ઈન્દ્રની બ્રહ્મહત્યાનો ચોથો ભાગ ગ્રહણ કરેલો હોવાથી દર માસે થતું જે પોતાનું રજોદર્શન સર્વપ્રકારે ગુપ્ત રાખવું નહિ. અને જ્યારે રજોદર્શન થાય ત્યારે ઘરનાં કાર્યમાં પણ પ્રવર્તવું નહિ. કારણ કે રજસ્વલા સ્ત્રીના સંસર્ગથી બીજાઓને પણ બ્રહ્મહત્યાના ભાગના સંબન્ધની પ્રાપ્તિ થાય છે. ભાગવતમાં કહેલું છે કે- ‘‘शश्वत् कामवरेणांहस्तुरीयं जगृहुः स्त्रियः । रजोरूपेण तास्वंहो मासि मासि प्रदृश्यते’’ ॥ इति ॥ નિરંતર અમોને કામવાસના રહે આવું વરદાન ઈંદ્ર પાસેથી ગ્રહણ કરીને, તેના બદલામાં સ્ત્રીઓએ બ્રહ્મહત્યાનો ચોથો ભાગ સ્વીકારેલો છે. એ ચોથો ભાગ માસે માસે સ્ત્રીઓમાં રજોરૂપે જોયામાં આવે છે, આવો શાસ્ત્રોનો અભિપ્રાય છે. માટે સધવા અને વિધવા સ્ત્રીઓએ સર્વ પ્રકારે પોતાનું રજોદર્શન ગુપ્ત રાખવું નહિ. અને વળી રજસ્વલા સ્ત્રીઓએ ત્રણ દિવસ પર્યંત મનુષ્યમાત્રનો સ્પર્શ કરવો નહિ. પશ્વાદિકનો સ્પર્શ કરવામાં દોષ નથી. તથા વસ્ત્રો, માટીનાં પાત્રો એ આદિકનો પણ ત્રણ દિવસ સુધી સ્પર્શ કરવો નહિ. ચોથે દિવસે વસ્ત્રોએ સહિત સ્નાન કરીને મનુષ્યોનો કે વસ્ત્રાદિકનો સ્પર્શ કરવો.

ત્રણ દિવસ સુધી સ્ત્રીઓએ કોઈને અડકવું નહિ તેનું કારણ એ જણાય છે કે, સ્ત્રીઓના શરીરમાં એક માસ પર્યન્ત રજ એકત્રિત થતું રહે છે. તેથી તેનો રંગ પણ કાળો પડી જતો હોય છે. એક માસ બાદ નાડીયંત્રના પ્રયત્નો દ્વારા આખા શરીરમાંથી એ રજ એકત્રિત થઈને સ્ત્રીઓની યોનિદ્વારા બહાર નીકળવાનો જે પ્રારંભ કરે છે તેને રજોદર્શન કહેવામાં આવે છે. અને તેની અસર ત્રણ દિવસ સુધી ચાલે છે. આ બાબતમાં વૈજ્ઞાનિકો દ્વારા પણ સંશોધન કરવામાં આવ્યું છે કે, સ્ત્રીઓના શરીરમાંથી નીકળતા રજની અંદર કેટલાક પ્રકારનાં ઝેરી કીટાણુઓ હોય છે. જેને વિષાણું કહેવામાં આવે છે. સ્ત્રીઓની આ રજોવસ્થામાં જ્યારે નાડીયંત્રના પ્રયત્ન દ્વારા અપવિત્ર રજને બહાર વહેવડાવીને સ્ત્રીના શરીરની શુદ્ધિ થઈ રહેલી હોય છે, ત્યારે શરીરના રુંવાડામાંથી નીકળતી ગરમી અને પરસેવા દ્વારા પણ ઝેરી કીટાણુઓ બહાર આવતાં હોય છે. અને તેની અસર ત્રણ દિવસ ચાલતી હોય છે. તેથી રુંવાડામાંથી ગરમી અને પરસેવા દ્વારા બહાર આવતાં ઝેરી કીટાણુઓનું સંક્રમણ બીજી વસ્તુની અંદર કે મનુષ્યની અંદર ન થાય, તેને માટે રજસ્વલા સ્ત્રીઓને ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્ય કે પાત્રાદિકનો સ્પર્શ કરવાનો નિષેધ કરેલો હોય એમ જણાય છે. અને આ રીતિ પણ કાંઈ આજ કાલની નથી. ભારતવર્ષની અંદર તો આદિકાળથી ચાલી આવેલી બહુજ પ્રાચીન રીતિ છે. પરંતુ આજે સમયની સાથે આ વ્યવસ્થા બદલાઈ રહેલી છે. અત્યારના આધુનિક મનુષ્યો તો આ શાસ્ત્રીય બંધનને દૂર ફેંકીને પોતાના મનમાન્યા આચાર વિચારોનું પાલન કરે છે. પણ એ શાસ્ત્રોથી તદ્દન વિરુદ્ધ છે. અને શરીરના સ્વાસ્થ્યને પણ હાનિ પહોંચાડનાર છે. માટે સધવા અને વિધવા સ્ત્રીઓએ સાવધાન થઈને આ શાસ્ત્રની પ્રાચીન મર્યાદાનું પાલન કરવું. આ મર્યાદાનું પાલન કરવામાં જ ઈશ્વરનો રાજીપો છે. માટે આ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ, આવો સર્વ શાસ્ત્રોનો અભિપ્રાય છે. ॥૧૭૩-૧૭૪॥

## હવે નૈષ્ઠિક બ્રહ્મચારીઓના વિશેષ ધર્મો કહે છે.

**नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रयाः । तैः स्पृश्या न स्त्रियो भाष्या न च वीक्ष्याश्च ता धिया ॥१७५॥**

મારા આશ્રિત નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે, સ્ત્રીમાત્રનો સ્પર્શ કરવો નહિ, અને સ્ત્રીઓ સાથે બોલવું નહિ, તથા જાણીને સ્ત્રીની સન્મુખ જોવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ, અને સ્ત્રીઓ સાથે બોલવું નહિ, તથા ઈરાદા પૂર્વક સ્ત્રીઓની સામું જોવું નહિ. શતાનંદ સ્વામી સમજાવે છે કે, સ્ત્રીઓ સામું જોવું નહિ, એનો અર્થ એવો નથી કે આંખો મીંચીને ચાલવું, પણ ઈરાદા પૂર્વક સ્ત્રીઓ સામું જોવું નહિ. દૃષ્ટિની પાછળ જ્યારે કોઈ ઈરાદો જોડાય ત્યારે જ જોયું કહેવાય. રસ્તે ચાલતાં સ્ત્રીઓ સામે નજર તો કરવી જ પડે. નજર કરવામાં દોષ નથી, પણ નજરની પાછળ જે ખરાબ ઈરાદો રહેલો હોય છે, એ દોષરૂપ છે. અર્થાત્ કામભાવે કરીને સ્ત્રીઓની સામે નજર કરવી એ દોષરૂપ છે. માટે બ્રહ્મચારીઓએ કામભાવે સ્ત્રીઓના સામું જોવું નહિ. કારણ કે સ્ત્રી એક મોહ ઉત્પન્ન કરનારું પદાર્થ છે. સ્ત્રી થકી જે મોહ ઉત્પન્ન થાય છે, તેવો મોહ બીજી કોઈ વસ્તુ થકી થતો નથી. માટે જ્ઞાની પુરૂષો પણ જો સ્ત્રીનો પ્રસંગ રાખવા જાય તો તેનું પણ ઠેકાણું રહે નહિ, અવશ્ય પોતાના ધર્મ થકી ભ્રષ્ટ થાય. આ બાબતમાં સ્કંદપુરાણનું વાક્ય પ્રમાણ રૂપ છે કે- ''प्रमदासु प्रमाद्यन्ति क्वचिन्नैव विपश्चितः । विद्वांसमप्यविद्वांसं यतस्ता धर्षयत्यलम्'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, સ્ત્રીનો પ્રસંગ જ્ઞાની પુરુષોને પણ મોહ ઉત્પન્ન કરનારો છે. અર્થાત્ જ્ઞાનીપુરુષોની બુદ્ધિને પણ કુંઠિત કરી નાખે છે. પછી જ્ઞાની પુરુષ સારું કે નરસું કાંઈપણ વિચારી શકતો નથી. પુરાણોમાં નારદ અને પર્વતની પ્રસિદ્ધ કથા છે. નારદ અને પર્વત પોતે બ્રહ્મચારી હતા, જ્ઞાની હતા, છતાં પણ કેવળ અંબરીષ રાજાની પુત્રીનો હાથ જોવા માત્રથી કામે કરીને વ્યાકુળ થયા હતા. સારું નરસું કાંઈપણ વિચારી શક્યા ન હતા, અને બન્નેએ અંબરીષ રાજાની પુત્રીને પરણવાની ઈચ્છા કરેલી હતી. અને સ્વયંવરમાં અંબરીષરાજાની પુત્રીને વરવાની ઈચ્છાથી વિષ્ણુ ભગવાન પાસે સુંદર રૂપની યાચના કરતાં બન્નેને માંકડાના મુખની પ્રાપ્તિ થયેલી હતી. આ રીતે સ્ત્રીનો પ્રસંગ સામાન્યપણે તમામ પુરુષોની ઈન્દ્રિયોને આકર્ષણ કરનારો છે. માટે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ સર્વ પ્રકારે સ્ત્રીના પ્રસંગનો ત્યાગ કરી દેવો, એવો સર્વે શાસ્ત્રોનો અભિપ્રાય છે. ॥૧૭૫॥

**तासां वार्ता न कर्तव्या न श्रव्याश्च कदाचन । तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ॥१७६॥**

અને વળી નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે, સ્ત્રીઓની વાર્તા ક્યારેય કરવી નહિ, અને સાંભળવી પણ નહિ. અને જે સ્થાનકમાં સ્ત્રીઓનો પગફેર હોય, તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા જવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- બ્રહ્મચારીઓએ સ્ત્રીઓના ગુણ અવગુણની વાર્તા ક્યારેય પણ કરવી નહિ. આ બાબતમાં નારદમુનિનું વાક્ય પ્રમાણરૂપ છે- ''वर्जयेत् प्रमदागाथामगृहस्थो बृहद्व्रतः । इन्द्रियाणि प्रमाथीनि हरन्त्यपि यत्तेर्मनः'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- બ્રહ્મચારીઓએ સ્ત્રીઓની વાર્તાનો ત્યાગ કરી દેવો, કારણ કે બળવાન ઈન્દ્રિયો યતિના મનને પણ હરી લે છે. માટે બ્રહ્મચારીઓએ સ્ત્રીસંબન્ધી વાતોનો ત્યાગ કરી દેવો. તેવી જ રીતે કોઈએ કરવા માંડેલી સ્ત્રીસંબન્ધી વાતો બ્રહ્મચારીએ સાંભળવી પણ નહિ. અને જે શાસ્ત્રની અંદર શૃંગારરસનું વર્ણન હોય એવાં કામશાસ્ત્રનું પણ શ્રવણ કરવું નહિ. ''कामो बन्धनमेवैकं नान्यदस्तीह बन्धनम्'' ॥ इति ॥ કારણ કે આ લોકને વિષે કામ છે એજ એક બંધન રૂપ છે. કામ સિવાય બીજું કોઈ બંધન નથી. માટે જે કામબંધનથી મુક્ત થયો એ બ્રહ્મને પામી જાય છે. અને વળી જ્યાં સ્ત્રીનો પગફેર હોય, અર્થાત્ ગામની ભાગોળે, તળાવ કે નદી હોય, તેના કિનારા ઉપર ગામની સ્ત્રીઓ આવતી હોય,

વાસણો માંજતી હોય, કપડાં ધોતી હોય, અને સ્નાન કરતી હોય, આવાં સ્થાનકને વિષે બ્રહ્મચારીઓએ સ્નાન કે મળમૂત્રનો ત્યાગ કરવા જવું નહિ. કારણ કે તે સ્થાનોમાં જો સ્નાનાદિક ક્રિયા માટે બ્રહ્મચારીઓ જાય તો ત્યાં સ્ત્રીના સ્મરણની પ્રાપ્તિ થાય છે. માટે શ્રીહરિનો ભાવ એવો છે કે, સર્વપ્રકારે સ્ત્રીના પ્રસંગનો ત્યાગ કરી દેવો. કોઈપણ પ્રકારે સ્ત્રીનો પ્રસંગ રાખવો નહિ. ॥૧૭૬॥

**देवताप्रतिमां हित्वा लेरव्या काष्ठादिजापि वा । न योषित्प्रतिमा स्पृश्या न वीक्ष्या बुद्धिपूर्वकम् ॥१७७॥**

અને વળી બ્રહ્મચારીઓ હોય તેમણે, દેવતાસ્ત્રીની પ્રતિમા સિવાય બીજી સ્ત્રીની ચિત્રની કે કાષ્ટાદિકની પ્રતિમા હોય, તેનો પણ સ્પર્શ કરવો નહિ, અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- દેવતાની પ્રતિમા સિવાય એટલે કે રાધિકાજી, લક્ષ્મીજી, સરસ્વતી અને ભક્તિમાતા ઈત્યાદિક દેવતાસ્ત્રીઓની પ્રતિમા સિવાય કોઈપણ મનુષ્ય જાતિની સ્ત્રીની પ્રતિમા ચિતરેલી હોય, છાપેલી હોય, લાકડાંની કે પથ્થરની હોય તેનો સ્પર્શ કરવો નહિ, અને એ પ્રતિમાઓને જોવી પણ નહિ. શતાનંદ સ્વામી કહે છે કે, આવી આજ્ઞા પાળવી બહુ મુશ્કેલ છે, છતાં મહારાજની આજ્ઞા છે તેથી પાળવી જ જોઈએ, પણ જ્યાં વિકટ પરિસ્થિતિ હોય ત્યાં એ પૂતળાંને કે ચિત્રામણને અડી જવાય કે સ્પર્શ થઈ જાય તો દોષ નહિ. પરંતુ કામભાવથી ઈરાદા પૂર્વક એ ચિત્રામણને અડવું નહિ, કે જોવું પણ નહિ. આ બાબતમાં ભાગવતનું વાક્ય પ્રમાણરૂપ છે. ''पदाऽपि युवतिं भिक्षुर्न स्पृशेत् दारवीमपि'' ॥ इति ॥ આ પદ્યનો એ અર્થ છે કે, બ્રહ્મચારીઓએ પગ વડે પણ સ્ત્રીના કાષ્ટના પૂતળાંનો સ્પર્શ કરવો નહિ. આ શ્લોકનો પણ એજ હાર્દ છે કે, બ્રહ્મચારીઓએ સર્વ પ્રકારે સ્ત્રીના સંબન્ધથી બચવું. કોઈપણ પ્રકારનો સ્ત્રીનો સંબન્ધ થવા દેવો નહિ. ॥૧૭૭॥

**न स्त्रीप्रतिकृतिः कार्या न स्पृश्यं योषितोंऽशुकम् । न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ॥१७८॥**

અને વળી નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે, સ્ત્રીની પ્રતિમાનું નિર્માણ કરવું નહિ. અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારણ કરેલું જે વસ્ત્ર, તેને અડવું નહિ, અને મૈથુનાસક્ત એવાં જે પશુ, પક્ષી આદિક પ્રાણીમાત્ર, તેમને જાણીને જોવાં નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- બ્રહ્મચારીઓએ મનુષ્ય સ્ત્રીની કોઈપણ પ્રતિમાનું નિર્માણ કરવું નહિ, દેવતાસ્ત્રીઓની પ્રતિમાઓનું નિર્માણ કરવામાં દોષ નથી. તથા સ્ત્રીએ ધારણ કરેલાં વસ્ત્રને બુદ્ધિપૂર્વક અડવું નહિ. તેમાં ધોયું થકું ભીંજાયેલું હોય, ધોયું થકું સુકાયેલું હોય અને નવું હોય એ વસ્ત્રનો સ્પર્શ કરવામાં દોષ નથી. તેવી જ રીતે મૈથુનમાં આસક્ત પશુપક્ષ્યાદિક પ્રાણીમાત્રને બુદ્ધિપૂર્વક જોવાં નહિ. કારણ કે મૈથુનમાં આસક્ત પ્રાણીમાત્રને જોવાથી મનમાં વિકાર ઉત્પન્ન થાય છે અને તેથી બ્રહ્મચારીના બ્રહ્મચર્યવ્રતનો નાશ થઈ જાય છે. માટે બ્રહ્મચારીઓએ ઈરાદા પૂર્વક, મૈથુનમાં આસક્ત એવાં પ્રાણીઓને જોવાં નહિ. આ શ્લોકમાં પણ શ્રીહરિનો એજ હાર્દ છે કે, બ્રહ્મચારીઓએ સ્ત્રીનો સંબન્ધ સર્વપ્રકારે છોડી દેવો જોઈએ. ॥૧૭૮॥

**न स्पृश्यो नेक्षणीयश्च नारिवेषधरः पुमान् । न कार्यं स्त्रीः समुद्दिश्य भगवद्गुणकीर्त्तनम् ॥१७९॥**

અને વળી નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે, સ્ત્રીના વેષને ધારણ કરી રહેલા પુરુષને અડવું નહિ. અને તેની સામું જોવું નહિ, અને સ્ત્રીને ઉદ્દેશી કરીને ભગવાનની કથા, વાર્તા અને કીર્તન પણ કરવાં નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- સ્ત્રીના વેષને ધારણ કરી રહેલો કોઈ ભવાઈઓ હોય, તેનો સ્પર્શ કરવો નહિ, અને તેને જોવો પણ નહિ. કારણ કે એવા ભવાઈઆનાં દર્શનાદિકે કરીને હૃદયમાં સ્ત્રીના ભાવની સ્ફૂર્તિ થઈ આવે છે. અને

વળી બ્રહ્મચારીઓ હોય તેમણે, ''દૂર રહેલી સ્ત્રી ભલે સાંભળે'' આવા અભિપ્રાયથી ભગવાનની કથા-વાર્તા કરવી નહિ. કારણ કે સ્ત્રીઓનો ઉદ્દેશ રાખીને કથા વાર્તા કરવાથી મનમાં સ્ત્રીના સ્મરણનો સંભવ રહે છે. તેથી પોતાના નૈષ્ઠિક વ્રતમાં દૂષણની પ્રાપ્તિ થાય છે, આવો અભિપ્રાય છે. આ શ્લોકમાં પણ એજ હાર્દ છે કે, બ્રહ્મચારીઓએ સર્વે પ્રકારે સ્ત્રીનો સંબન્ધ રાખવો નહિ. ॥૧૭૯॥

ब्रह्मचर्यव्रतत्यागपरं वाक्यं गुरोरपि । तैर्न मान्यं सदा स्थेयं धीरैस्तुष्टैरमानिभिः ॥१८०॥

અને વળી નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે, પોતાના બ્રહ્મચર્યનો ત્યાગ થાય એવું વચન તો પોતાના ગુરૂનું પણ ન માનવું, અને હમેશાં ધીરજતાથી યુક્ત રહેવું, સંતોષે યુક્ત રહેવું અને માનથી રહિત રહેવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ''अव्रतघ्नम् गुरोर्वचनम्'' ॥ इति ॥ ''सर्वथा पालनीयैव शिष्यैराज्ञा गुरोरिह'' ॥ इति ॥ આ બન્ને સ્મૃતિઓમાં ''સર્વ પ્રકારે શિષ્યોએ ગુરૂની આજ્ઞા પાલન કરવી જોઈએ. અને ગુરૂનું વચન વ્રતનો નાશ કરનાર નથી.'' આ રીતે ગુરૂના વચનના માહાત્મ્યથી બ્રહ્મચારીઓએ પોતાના બ્રહ્મચર્યવ્રતનો ભંગ કરાવનારું પોતાના ગુરૂનું વચન પણ માનવું નહિ. અર્થાત્ ગુરૂના વચનને પાલન કરવાના માહાત્મ્યના બળ થકી પોતાના વ્રતનો ભંગ કરવો નહિ. ગુરૂનું વચન વ્રતનો નાશ કરનારું નથી. અર્થાત્ ગુરૂના વચને કરીને વ્રતનો નાશ થતો નથી. આમ જે સ્મૃતિમાં કહેલું છે એ તો વ્રતાદિકનો ઉપવાસ કરેલો હોય, અને શરીરમાં જો કોઈ રોગાદિક આપત્કાળ આવી પડે, એ સમયે ગુરૂના વચનથી જો જમી લે તો વ્રતનો નાશ થતો નથી. આવું સ્મૃતિવાક્યનું તાત્પર્ય છે. માટે સ્મૃતિવાક્યના બળથી બ્રહ્મચારીઓએ બ્રહ્મચર્યવ્રતનો ભંગ કરવો નહિ. કારણ કે બ્રહ્મચર્ય તો બ્રહ્મની પ્રાપ્તિમાં જેટલાં સાધનો કહેલાં છે એ બધાં સાધનોમાં મુખ્ય છે. આ બાબતમાં મહાભારતના મોક્ષધર્મનું વાક્ય પ્રમાણ રૂપ છે- ''यदिदं ब्रह्मणो रुपं ब्रह्मचर्यमिति स्मृतम् । परं तत् सर्वधर्मेभ्यस्तेन याति परां गतिम्'' ॥ इति ॥ આ પદ્યનો એ અર્થ છે કે, જે આ બ્રહ્મચર્ય છે એ સાક્ષાત્ બ્રહ્મનું રૂપ કહેલું છે. અને બ્રહ્મચર્ય સર્વ સાધનો કરતાં ઉત્તમ સાધન છે, અને બ્રહ્મચર્યથી મનુષ્ય ઉત્તમ ગતિને પામે છે. ભગવદ્ગીતામાં પણ કહેલું છે કે, બ્રહ્મને પ્રાપ્ત કરવાને ઈચ્છતા એવા પુરુષો બ્રહ્મચર્યનું પાલન કરે છે. આ રીતે બ્રહ્મચર્ય સર્વે સાધનોમાં ઉત્તમ સાધન કહેલું છે. માટે બ્રહ્મચારીઓએ પોતાના ગુરૂનું વચન ઉલ્લંઘીને પણ વીર્યના નિરોધ રૂપ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું એજ યોગ્ય છે. ગોભિલગૃહ્યસૂત્રની અંદર બ્રહ્મચારીઓને ઉપદેશ આપનારા જે મંત્રો કહેલા છે, એ મંત્રોમાં પણ પ્રતિપાદન કરેલું છે કે -

आचार्याधीनो भवाऽन्यत्राऽऽधर्माचरणात् । क्रोधानृते वर्जय । मैथुनं वर्जय । उपरि शय्यां वर्जय । क्षुरकृत्यं वर्जय । मधुमांसे वर्जय । गोयुक्तारोहरणं वर्जय । इति ।

અધર્માચરણ સિવાય હમેશાં ગુરુના વચનને આધીન રહેવું જોઈએ, પણ જો ગુરુ અધર્માચરણ બતાવે તો એ અધર્માચરણને વિષે ગુરુના વચનને આધીન રહેવું નહીં. અર્થાત્ ગુરુના વચનનો અનાદર કરી દેવો. અને વળી બ્રહ્મચારીઓએ ખોટું બોલવાનો, ક્રોધ કરવાનો, ખાટલા ઉપર સુવાનો, મુંડન કરવાનો, મૈથુન કરવાનો, મદ્યમાંસનો અને જેમાં બળદ જોડેલા હોય એવાં ગાડાં ઉપર બેસવાનો ત્યાગ કરી દેવો. આમ જ્યાં પ્રતિપાદન કરેલું છે ત્યાં પણ, બ્રહ્મચારીઓએ પોતાના ગુરુના વચનનું ઉલ્લંઘન કરીને પણ વીર્યના નિરોધરૂપ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું એજ યોગ્ય છે, પણ ગુરુના વચનથી બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ કરી દેવો એ યોગ્ય નથી, આવું તાત્પર્ય છે.

અને વળી બ્રહ્મચારીઓએ હમેશાં ધીરજતાથી યુક્ત રહેવું. ધીરજતાનું લક્ષણ કાલિદાસે કહેલું છે કે- ''विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एवधीराः'' ॥ इति ॥ વિકારના હેતુઓ પ્રાપ્ત થાય, ચારે બાજુથી વિટંબણાઓ પ્રાપ્ત થાય છતાં જેમનાં ચિત્તો જરા પણ વિકાર પામે નહિ, તેને ધીર પુરુષો કહેલા છે. અને બ્રહ્મચારીઓએ સંતોષે યુક્ત રહેવું, રસના ઈન્દ્રિયની લોલુપતાથી ધનવાનોની આગળ વારંવાર યાચના કરવી

નહિ. ''यद्च्छालाभतुष्टस्य तेजो विप्रस्य वर्धते'' ॥ इति ॥ દૈવ ઈચ્છાએ પ્રાપ્ત થયેલી વસ્તુથી સંતોષ રાખનાર બ્રહ્મચારીનું બ્રહ્મ તેજ વૃદ્ધિ પામે છે.

અને વળી બ્રહ્મચારીઓએ માનથી રહિત રહેવું. અભિમાન સર્વે ગુણોને હરી લેનારું કહેલું છે. જેમ કે- ''जरा रुपं हरते, धैर्यमाशा, मृत्युः प्राणान्, धर्मचर्यामसुया, क्रोधः श्रियं, शीलमनार्यसेवा, ह्रियं कामः, सर्वमेवाऽभिमानः'' ॥ इति ॥ વૃદ્ધાવસ્થા રૂપને હરી લે છે, આશા ધૈર્યને હરી લે છે, મૃત્યુ પ્રાણોને હરી લે છે, ક્રોધ શોભાને હરી લે છે, અસત્ પુરુષોની સેવા શીલને હરી લે છે, કામ લજ્જાને હરી લે છે, પણ અભિમાન તો સર્વસ્વ હરી લે છે, માટે બ્રહ્મચારીઓએ હમેશાં અભિમાનથી રહિત રહેવું, આવો અભિપ્રાય છે. ॥૧૮૦॥

**स्वातिनैकट्यमायान्ती प्रसभं वनिता तु या । निवारणीया साभाष्य तिरस्कृत्यापि वा द्रुतम् ॥१८१॥**

અને વળી નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે, જે સ્ત્રી બળાત્કારે પોતાની સમીપે આવતી હોય, તે સ્ત્રીને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરંત પાછી વાળવી પણ સમીપે આવવા દેવી નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- સ્ત્રી જો બળાત્કારે પોતાની સમીપે આવતી હોય તો, ''તમો અહીંથી દૂર ચાલ્યાં જાવ'' આ રીતે બોલીને પાછી વાળવી, એમ કરતાં પણ જો પાછી વળે નહિં તો તિરસ્કાર કરીને, જન આક્રોશ કરીને પણ તત્કાળ ત્યાંથી કાઢી મુકવી, પણ સમીપે આવવા દેવી નહિ. કારણ કે સ્ત્રીના પ્રસંગથી આઠમા બ્રહ્મચર્યના ભંગનો સંભવ છે. માટે જે ઉપાયે કરીને પોતાના બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ સર્વપ્રકારે થાય, એજ ઉપાય પ્રયત્ન પૂર્વક કરવો જોઈએ. જ્યારે આપત્કાળ આવી પડે ત્યારે આપત્કાળના ધર્મનું પાલન કરી લેવું, અને આપત્કાળના ધર્મનું પાલન કરી લીધા પછી યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત કરીને ફરી પોતાના મુખ્ય ધર્મમાં રહેવું, આવો સર્વ સ્મૃતિઓનો સિદ્ધાન્ત છે. ॥૧૮૧॥

**प्राणापद्युपपन्नायां स्त्रीणां स्वेषां च वा क्वचित् । तदा स्पृष्ट्वापि तद्रक्षा कार्या संभाष्य ताश्च वा ॥१८२॥**

અને વળી નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે, સ્ત્રીઓના અથવા પોતાના પ્રાણનો નાશ થાય એવો આપત્કાળ જ્યારે આવી પડે, ત્યારે તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી, અને પોતાની પણ રક્ષા કરવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ઘર બળી જવું, જળમાં ડુબી જવું, કોઈએ આક્રમણ કરવું, ઈત્યાદિકમાં સ્ત્રીઓના પ્રાણની અથવા પોતાના પ્રાણની જો આપત્તિ હોય, અર્થાત્ પ્રાણ સંકટમાં હોય તો તે સમયે સ્ત્રીઓનો સ્પર્શ કરીને અથવા સ્ત્રીઓ સાથે બોલીને પણ પોતાના તથા સ્ત્રીઓના પ્રાણો બચાવવા. જેમ કે કોઈ અજાણી સ્ત્રી હોય, નદીમાં કે તળાવમાં પ્રવેશતી હોય, એ નદીમાં કે તળાવમાં જળ પણ અગાધ હોય, પણ તે સ્ત્રીને ખબર ન હોય, તો તે સમયે સ્ત્રીને ચેતવણી આપી દેવી કે, બહેન ! અહીં તો અગાધ જળ છે, માટે અંદર જશો નહિ. આવા સમયે સ્ત્રીઓ સાથે બોલાય નહિ, એમ માનીને ઉપેક્ષા કરી દેવી નહિ. અને વળી પોતે બ્રહ્મચારી કોઈ જગ્યાએ ગયા હોય, નદીને પાર ઉતરવું હોય, પણ નદીમાં કેટલું જળ છે એ પોતાને ખબર ન હોય, અને બાજુમાં સ્ત્રી સિવાય જો કોઈ ન હોય તો તે સમયે બ્રહ્મચારીઓએ સ્ત્રીને પુછી લેવું કે, બહેન ! આ નદીમાં કેટલું જળ છે ? અથવા તો બ્રહ્મચારી પોતે ડુબી જતા હોય, અને બાજુમાં જો સ્ત્રી હોય, બીજું કોઈ ન હોય, તો તે સમયે તે સ્ત્રીની સાથે બોલી લેવું કે, બહેન ! હું ડુબું છું મને જરા બહાર કાઢો. આ રીતે દેશ કાળને અનુસારે સ્ત્રીઓનો સ્પર્શ કરી, સ્ત્રીઓની સાથે બોલીને પણ સ્ત્રીઓના તથા પોતાના પ્રાણની રક્ષા કરવી. ભાગવતમાં કહેલું છે કે- ''मृत्युर्बुद्धिमताऽपोह्यो यावबुद्धिबलोदयम्'' ॥ इति ॥ જ્યાં સુધી પોતાની બુદ્ધિ કામ કરે, ત્યાં સુધી બુદ્ધિમાન પુરુષોએ મૃત્યુને ટાળવું જોઈએ. એમ કરતાં પણ જો મૃત્યુ ટળે નહિ તો તેમાં દેહધારી પુરુષનો કોઈ અપરાધ નથી. યમરાજાએ પણ કહેલું છે કે, જીવની રક્ષા કરવી એ ધર્મ છે, અને રક્ષા ન કરવી એ અધર્મ

છે. માટે રૂડી બુદ્ધિવાળા પુરુષે યથાશક્તિ ધર્મને સાધવો પણ અધર્મને સાધવો નહિ. અર્થાત્ જીવની રક્ષા કરવી. આ બધા પ્રમાણોથી એ સિદ્ધ થાય છે કે, બ્રહ્મચારીઓએ આપત્કાળમાં દેશ કાળને અનુસારે સ્ત્રીઓનો સ્પર્શ કરીને અથવા સ્ત્રીઓની સાથે બોલીને પણ સ્ત્રીઓની અને પોતાની રક્ષા કરવી. આપત્કાળના સમયમાં આપત્કાળના ધર્મનું પાલન કરીને પાછા પોતાના મુખ્ય ધર્મમાં આવી જવું, આવો અભિપ્રાય છે. ॥૧૮૨॥

**तैलाभ्यङ्गो न कर्तव्यो न धार्यं चायुधं तथा । वेषो न विकृतो धार्यो जेतव्या रसना च तैः ॥१८३॥**

અને વળી નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે, પોતાના શરીરે તેલનું મર્દન કરવું નહિ, અને આયુધ ધારણ કરવું નહિ, તથા ભયંકર વેષ ધારણ કરવો નહિ, અને રસના ઈન્દ્રિયને જીતવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- બ્રહ્મચારીએ શરીરે તેલ મર્દન કરવું નહિ, અને તલવાર આદિક આયુધો ધારણ કરવાં નહિ. કારણ કે આયુધોનું જે ધારણ છે, એ હિંસા બુદ્ધિને ઉત્પન્ન કરનારું છે. અર્થાત્ ક્યારેક હિંસા કરવાનું પણ મન થઈ જાય. મનુ અને યાજ્ઞવલ્ક્ય ઋષિએ તો આપત્કાળમાં આયુધ ધારણ કરવાની છુટી આપેલી છે. ''शस्त्रं द्विजातिभिर्ग्राह्यं धर्मो यत्रोपरुध्यते'' ॥ इति ॥ આ શ્લોકમાં પ્રતિપાદન કરેલું છે કે, જ્યાં ધર્મનો ભંગ થઈ જતો હોય ત્યાં તો બ્રાહ્મણોએ પણ આયુધો ધારણ કરી લેવાં અને વળી બ્રહ્મચારીએ લોક અને શાસ્ત્રમાં નિંદિત એવો ભયંકર વેષ ધારણ કરવો નહિ. એક કૌપીન ધારણ કરવી, તેના ઉપર એક આચ્છાદન વસ્ત્ર ધારણ કરવું, એક કટીસૂત્ર ધારણ કરવું અને ઉપર એક ઓઢવાનું વસ્ત્ર ધારણ કરવું, આવો સૌમ્ય વેષ ધારણ કરવો. તથા બ્રહ્મચારીઓએ રસના ઈન્દ્રિયને જીતવી. રસના ઈન્દ્રિયને જીતવાથી બીજી સમગ્ર ઈન્દ્રિયો જીતાઈ જાય છે. સમગ્ર ઈન્દ્રિયોની પુષ્ટિનું કારણ રસના ઈન્દ્રિય છે. ભાગવતમાં પ્રતિપાદન કરેલું છે કે- ''तावज्जितेन्द्रियो न स्याद्विजितात्मेन्द्रियः पुमान् । न जयेद्रसनं यावज्जितं सर्वं जिते रसे'' ॥ इति ॥ બીજી બધી ઈન્દ્રિયો જીતેલી હોય, છતાં એ પુરુષ ત્યાં સુધી જીતેન્દ્રિય કહેવાતો નથી કે જ્યાં સુધી રસના ઈન્દ્રિય જીતેલી ન હોય. જ્યારે રસના ઈન્દ્રિય જીતાય છે ત્યારે બધી ઈંદ્રિયો જીતાઈ જાય છે. માટે બ્રહ્મચારીઓએ રસના ઈન્દ્રિયને જીતવી, આવો અભિપ્રાય છે. ॥૧૮૩॥

**परिवेषणकर्त्री स्याद्यत्र स्त्री विप्रवेश्मनि । न गम्यं तत्र भिक्षार्थं गन्तव्यमितरत्र तु ॥१८४॥**

અને વળી નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે, જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય, તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ, અને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- જે બ્રાહ્મણના ઘરમાં સ્ત્રી ભોજનના પાત્રમાં જમવા યોગ્ય પદાર્થોને અર્પણ કરનારી હોય, તેવા બ્રાહ્મણને ઘેર ભોજન માટે જવું નહિ. કારણ કે સ્ત્રીના દર્શનથી પોતાના વ્રતભંગની પ્રાપ્તિ થાય છે. અને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું, અર્થાત્ ત્યાં જઈને ભોજન કરવું. શતાનંદ સ્વામી કહે છે કે- બ્રહ્મચારીઓ બ્રાહ્મણના ઘરનું રાંધેલું અન્ન પણ ગ્રહણ કરી શકે છે. આ બાબતને જણાવવા માટે અહીં કેવળ બ્રાહ્મણનું ઘર ગ્રહણ કરેલું છે. એ સિવાય કાચા અન્નની ભિક્ષા તો બ્રહ્મચારીઓ ચારે વર્ણની કરી શકે છે. આવો અભિપ્રાય છે.

અને વળી ભિક્ષા પણ રસના ઈન્દ્રિયની લોલુપતાથી એક જ ગૃહસ્થના ઘેર વારંવાર કરવી નહિ. જેમ મધમાખી દરેક પુષ્પોમાંથી રસને ગ્રહણ કરે છે, એજ રીતે બ્રહ્મચારીઓએ દરેક ગૃહસ્થના ઘેરથી ભિક્ષા ગ્રહણ કરવી. આ બાબતમાં યાજ્ઞવલ્ક્ય ઋષિનું વાક્ય પ્રમાણરૂપ છે- ''ब्रह्मचर्ये स्थितो नैकस्यान्नमद्यादनापदि'' ॥ इति ॥ આ વાક્યનો એ અર્થ છે કે, આપત્કાળ સિવાય બ્રહ્મચારીએ એક જ ગૃહસ્થના ઘરનું અન્ન જમવું

નહિ. માધુકરવૃત્તિથી દરેક ગૃહસ્થના ઘરથી થોડી થોડી ભિક્ષા ગ્રહણ કરવી. ''મધુકર'' એટલે ભમરો. ભમરો જેમ દરેક પુષ્પમાંથી થોડો થોડો રસ ગ્રહણ કરે છે, તેમ બ્રહ્મચારીએ દરેક ગૃહસ્થના ઘર થકી થોડી થોડી ભિક્ષા ગ્રહણ કરવી, તેને માધુકરી વૃત્તિ કહેવાય છે. ननु - दिवानिद्रां परान्नं च पुनर्भुक्तिं व्रती त्यजेत् । इति ।

પ્રતિવાદી શંકા કરતાં કહે છે કે, બ્રહ્મચારીઓએ પારકા અન્નનો ત્યાગ કરી દેવો જોઈએ. આ રીતે અંગીરા સ્મૃતિની અંદર પ્રતિપાદન કરેલું છે. તો પછી તમો બ્રહ્મચારીઓને ભિક્ષા કરવાનો ઉપદેશ શા માટે કરો છો ? આના ઉત્તરમાં શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે - सोमपानसमा भिक्षा भिक्षान्नं न प्रतिग्रहः । परान्नं नैव भिक्षा स्यान्न तस्याः परपाकता ॥ भिक्षा माधुकरी नाम सर्वपापप्रणाशिनी । भिक्षाहारो निराहारः प्रोच्यते भिक्षुको नरः ॥ इति ॥ ભિક્ષાનું અન્ન અમૃતની સમાન કહેલું છે, ભિક્ષાના અન્નને દાન લીધેલું પણ કહેવાતું નથી, પારકું પણ કહેવાતું નથી, બીજાએ રાંધેલું પણ કહેવાતું નથી, ભિક્ષાનો આહાર કરનાર ભિક્ષુક સદા ઉપવાસી કહેવાય છે. અને ભિક્ષાનું અન્ન પવિત્ર કહેલું છે. પવિત્ર અન્નનો આહાર કરવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. તેમાં પણ માધુકરી ભિક્ષા અતિ પવિત્ર કહેલી છે. અને સર્વ પાપને નાશ કરનારી કહેલી છે, માટે બ્રહ્મચારીઓએ દરેક ગૃહસ્થના ઘેરથી થોડી થોડી ભિક્ષા ગ્રહણ કરીને માધુકરી વૃત્તિનો આશ્રય કરવો, આવો અભિપ્રાય છે. ॥૧૮૪॥

**अभ्यासो वेदशास्त्राणां कार्यश्च गुरुसेवनम् । वर्ज्यः स्त्रीणामिव स्त्रैणपुंसां सङ्गश्च तैः सदा ॥१८५॥**

અને વળી નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે, વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો, અને ગુરૂની સેવા કરવી, તથા સ્ત્રીઓની પેઠે જ સ્ત્રીલંપટ એવા પુરુષોનો સંગપણ હમેશાં ત્યાગ કરી દેવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- બ્રહ્મચારીઓએ ઋગ્વેદ ઈત્યાદિક ચાર વેદો, શિક્ષાદિક વેદનાં છ અંગો, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર તથા ઉત્તરમીમાંસાદિક શાસ્ત્રોનો અભ્યાસ કરવો. ભાગવતાદિક જે ઈષ્ટ સચ્છાસ્ત્રો શ્રીજીમહારાજે પૂર્વે કહ્યાં, તેનો અભ્યાસ તો બ્રહ્મચારીઓએ કરવો જ, કારણ કે ભાગવતાદિક સચ્છાસ્ત્રોનો સામાન્યધર્મોમાં ઉપદેશ કરેલો છે. તેથી એ તો બ્રહ્મચારીઓને પ્રાપ્ત જ છે. અહીં તો બ્રહ્મચારીઓનું પ્રકરણ હોવાથી બ્રહ્મચારીઓએ અંગે સહિત વેદનું અધ્યયન તો વિશેષે કરીને કરવું, આવો અભિપ્રાય છે.

તેવી જ રીતે બ્રહ્મચારીઓએ ગુરૂની સેવા કરવી. ગુરૂની સેવા એ બ્રહ્મચારીઓનો મુખ્ય ધર્મ કહેલો છે. જેમ કે- ''ब्रह्मचारी गुरुकुले वसन् दान्तो गुरोर्हितम् । आचरन् दासवन्नीचो गुरौ सुदृढसौहृदः'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે, બ્રહ્મચારીને ગુરૂકુલમાં નિવાસ કરવો, ઈન્દ્રિયોનું દમન કરવું, ગુરૂનું હમેશાં હિત કરવું, દાસની પેઠે નમ્ર બનીને ગુરૂની સેવા કરવી, ગુરૂ ઉપર પ્રેમ રાખવો, ગુરૂ જ્યારે બોલાવે ત્યારે વેદોનું અધ્યયન કરવું, વેદાધ્યયનના પ્રારંભમાં અને અંતમાં ગુરૂના ચરણમાં નમસ્કાર કરવા. આ રીતે ગુરૂની સેવા કરીને વેદોનો અભ્યાસ કરવો.

અને વળી બ્રહ્મચારીઓએ સ્ત્રીઓની પેઠે જ સ્ત્રીલંપટ પુરુષોના પ્રસંગનો પણ હમેશાં ત્યાગ કરી દેવો. કપિલગીતામાં કહ્યું છે કે પુરુષને સ્ત્રીના પ્રસંગે કરીને અને સ્ત્રી લંપટ પુરુષના પ્રસંગે કરીને જેવો મોહ અને બંધન થાય છે. એવો મોહ બીજા કોઈના પ્રસંગે કરીને થતો નથી, અને બંધન પણ બીજા કોઈના પ્રસંગે કરીને થતું નથી. પુરુષ ભલે વિદ્યાદિક ગુણે કરીને સંપન્ન હોય, પણ જો એ સ્ત્રીલંપટ હોય તો તેના વિદ્યાદિક ગુણો બધા નકામા છે. ઐલગીતને વિષે પુરુરવાની ઉક્તિ છે- ''किं विद्यया किं तपसा किं त्यागेन श्रुतेन वा । किं विविक्तेन मौनेन स्त्रीभिर्यस्य मनो हृतम्'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- જેનું મન સ્ત્રીઓએ હરી લીધેલું છે, એ પુરુષના વિદ્યા, તપ, ત્યાગ, મૌન આદિક સર્વે ગુણો વ્યર્થ કહેલા છે. માટે બ્રહ્મચારીઓએ સ્ત્રીઓની પેઠે જ સ્ત્રીલંપટ પુરુષના પ્રસંગનો સર્વપ્રકારે ત્યાગ કરી દેવો, આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૧૮૫॥ બ્રહ્મચારીઓના ધર્મ સમાપ્ત.

## હવે જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તેના ધર્મ કહે છે.

**चर्मवारि न वै पेयं जात्या विप्रेण केनचित् । पलाण्डुलशुनाद्यं च तेन भक्ष्यं न सर्वथा ॥१८६॥**

અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તેમણે, કોઈએ પણ ચાંમડાના કોશનું જળ પીવું નહિ. અને ડુંગળી, લસણ આદિક અભક્ષ્ય વસ્તુનું સર્વપ્રકારે ભક્ષણ કરવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય, એ કોઈપણ આશ્રમમાં રહેલો હોય, તેમણે ચાંમડાના કોશનું જળ પીવું નહિ. અને જો આપત્કાળ આવી પડેલો હોય, બીજું શુદ્ધ પવિત્ર પાણી મળે એવો સંભવ પણ ન હોય, અને ખુબ તૃષા લાગેલી હોય, તો એ જ ચાંમડાના કોશનું જળ શુદ્ધ પવિત્ર ભૂમિ ઉપર વહેતું મુકીને બીજા પાત્રમાં ભરીને પી લેવું. કારણ કે શુદ્ધ પવિત્ર ભૂમિ ઉપર વહેતું પાણી પવિત્ર કહેલું છે. અને વળી જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તેમણે ડુંગળી, લસણ, ગાંજો આદિક અભક્ષ્ય વસ્તુનું સર્વ પ્રકારે ભક્ષણ કરવું નહિ, અને જો કરે તો તેને માટે પ્રાયશ્ચિત કહેલું છે. - ''लशुनं कवकं चैव पलाण्डु गृञ्जनं तथा चत्वार्यज्ञानतो जग्ध्वा तप्तकृच्छ्रं चरेत् द्विजः'' ॥ इति ॥ બ્રાહ્મણ જો લસણ, રાઈની ભાજી, ડુંગળી તથા ગાંજો આ ચાર વસ્તુ જો અજાણતાં પણ ભક્ષણ કરે, તો તપ્તકૃચ્છ્ર નામનું વ્રત કરે. આ રીતે ડુંગળી, લસણાદિકને ભક્ષણ કરવામાં બ્રાહ્મણને દોષ કહેલો છે. અને જો બુદ્ધિપૂર્વક જાણી જોઈને ભક્ષણ કરે તો સુરાપાનની સમાન દોષ લાગે છે. જેમ કે- ''निषिद्धभक्षणं जैह्ममुत्कर्षे च वचोऽनृतम् । रजस्वलामुखास्वादः सुरापानसमानि हि'' ॥ इति ॥ યાજ્ઞવલ્ક્યે કહેલું છે કે- શાસ્ત્રમાં નિષેધ કરાયેલ ડુંગળી, લસણાદિકનું બુદ્ધિપૂર્વક ભક્ષણ, રજસ્વલાસ્ત્રીના મુખનું ચુંબન, આ સુરાપાનની સમાન પાપો કહેલાં છે. માટે બ્રાહ્મણોએ ડુંગળી, લસણાદિકનું સર્વ પ્રકારે ભક્ષણ કરવું નહિ. ''औषधे तु लशुनादेरदोषः'' ॥ इति ॥ ઔષધને માટે ડુંગળી, લસણાદિકનું ભક્ષણ કરવામાં દોષ નથી, આ પ્રમાણે સુમન્તુએ કહેલું છે.

હવે અહીં શતાનંદ સ્વામી વિશેષ સમજાવતાં કહે છે કે- કેટલાક વૈષ્ણવો પણ આ શ્લોકના બળથી એવું માનતા હોય છે કે, ડુંગળી, લસણાદિકનું ભક્ષણ કરવામાં બ્રાહ્મણોને જ મનાઈ છે, બીજાને નહિ, માટે આપણને ડુંગળી, લસણાદિકનું ભક્ષણ કરવામાં દોષ નથી. આ રીતે કેટલાક વૈષ્ણવો ઉલ્ટું સમજતા હોય છે. પણ આ શ્લોકમાં જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય, તેમણે લસણાદિકનું ભક્ષણ કરવું નહિ. આ રીતનો જે ઉલ્લેખ છે, તેનું તાત્પર્ય એમ સમજવું કે, બ્રાહ્મણને તો જન્મથી જ ડુંગળી, લસણાદિકનો નિષેધ છે. અને બીજા જે ક્ષત્રિય, વૈશ્યાદિકને તો જન્મથી જ ડુંગળી, લસણાદિકનો નિષેધ નથી. એ વૈષ્ણવ થયા પહેલાં અર્થાત્ વર્તમાન ધરાવ્યા પહેલાં કદાચ ડુંગળી, લસણાદિકનું ભક્ષણ કરી શકે છે, પણ વર્તમાન ધરાવ્યા પછી તો ક્ષત્રિયાદિકને પણ લસણાદિકનું ભક્ષણ કરવામાં નિષેધ જ છે. આ રીતે ક્ષત્રિયાદિકને સત્સંગી થયા પછી લસણાદિકનો નિષેધ છે. અને બ્રાહ્મણને તો સત્સંગી હોય, કે ન હોય તોપણ જન્મથી જ ડુંગળી આદિકનો નિષેધ છે. આ રીતની અહીં વ્યવસ્થા સમજવી. ॥૧૮૬॥

**स्नानं संध्यां च गायत्रीजपं श्रीविष्णुपूजनम् । अकृत्वा वैश्वदेवं च कर्तव्यं नैव भोजनम् ॥१८७॥**

અને વળી બ્રાહ્મણ હોય તેમણે, સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ, ભગવાનની પૂજા, અને વૈશ્વદેવ આટલાં વાનાં કર્યા સિવાય ભોજન કરવું જ નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય, અને કોઈપણ આશ્રમમાં રહેલો હોય, તેમણે સ્નાનાદિક કર્યા વિના ભોજન કરવું નહિ. ''प्रातः संक्षेपतः स्नानं मध्याह्ने तु सविस्तरम्'' ॥ इति ॥ પ્રાતઃકાળમાં સ્નાન સંક્ષેપથી

કરી લેવું, બહુ વિલંબ કરવો નહિ, જો વિલંબ કરે તો, સંધ્યા પૂજાદિકનો સમય વ્યતીત થઈ જાય, અને પછી ઉતાવળથી સંધ્યા પૂજાદિક કરવી પડે. માટે વિસ્તાર પૂર્વક જો સ્નાન કરવું હોય તો મધ્યાહ્ને કરવું. અને વળી જે સમર્થ હોય તેમણે પ્રાતઃ કાળનું સ્નાન ઠંડા જળથી કરવું. પણ ગરમ જળથી કરવું નહિ.

હવે સ્નાન કરી લીધા પછી જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તેમણે સંધ્યાની ઉપાસના કરવી. પ્રાતઃકાળમાં હજુ તારાઓ અસ્ત થયા ન હોય, તેથી પહેલાં જે સંધ્યા ઉપાસના કરી લેવી, એ ઉત્તમ કહેલી છે. અને તારાઓ અસ્ત થઈ ગયા હોય પણ હજુ સૂર્ય ઉદય પામ્યો ન હોય, તે પહેલાં જે સંધ્યા ઉપાસના કરી લેવી, એ મધ્યમ કહેલી છે. અને સૂર્યોદય પછી સંધ્યા ઉપાસના કરવી, એ કનિષ્ઠ કહેલી છે. માટે પ્રાતઃકાળમાં જેમ બને તેમ તારાઓના અસ્ત પહેલાં જ સંધ્યા કરી લેવી. ક્ષત્રિય, અને વૈશ્ય એવા સત્સંગીને યજ્ઞોપવીત સંસ્કારનું વિધાન છે, તેથી સંધ્યાવંદનનો પણ અધિકાર છે. તો જેમ મોટે ભાગે યજ્ઞોપવીત સંસ્કાર ક્ષત્રિયાદિક સત્સંગીઓની અંદર લુપ્ત છે, તેમ સંધ્યાવંદન પણ દેશકાળને અનુસારે લુપ્ત છે. કેવળ બ્રાહ્મણની અંદર જ યજ્ઞોપવીત સંસ્કાર અને સંધ્યાવંદન ઘણું કરીને પ્રવર્તે છે.

હવે સંધ્યા વંદન કરી લીધા પછી ગાયત્રી મંત્રનો જપ કરવો. જેમ વૈષ્ણવી દીક્ષા ગ્રહણ કર્યા પછી શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રમાં અધિકાર પ્રાપ્ત થાય છે, તેમ યજ્ઞોપવીત સંસ્કાર ધારણ કર્યા પછી જ ગાયત્રી મન્ત્રમાં અધિકાર પ્રાપ્ત થાય છે. ક્ષત્રિયાદિક સત્સંગીઓની અંદર યજ્ઞોપવીત સંસ્કાર લુપ્ત છે, તેથી ગાયત્રી મંત્રનો જાપ પણ લુપ્ત છે. સંધ્યા વંદન અને ગાયત્રી મંત્રનો જાપ આ બન્ને યજ્ઞોપવીતની પેઠે જ ક્ષત્રિયાદિક સત્સંગીઓની અંદર દેશકાળને અનુસારે લુપ્ત છે. કેવળ બ્રાહ્મણમાં જ મોટે ભાગે પ્રવર્તે છે.

હવે આવે છે ભગવાનની પૂજા. આ ભગવાનની પૂજા હાલમાં દરેક ક્ષત્રિય, વૈશ્યાદિક સત્સંગીઓમાં પ્રવર્તે છે. શાલિગ્રામ સ્વરૂપ અથવા તો પ્રતિમા સ્વરૂપ ભગવાનની પૂજા પાંચ વખત કરવી જોઈએ, અથવા તો ત્રણ વખત કરવી જોઈએ. અશક્ત હોય તેમણે શુદ્ધ ભાવથી પ્રાતઃકાળમાં એક વખત તો અવશ્ય કરવી જ જોઈએ.

ત્યાર પછી આવે છે વૈશ્વદેવ. પંચ મહાયજ્ઞો કરવા તેને વૈશ્વદેવ કહેવામાં આવે છે. સ્વાધ્યાય કરવો તેને બ્રહ્મયજ્ઞ કહેવામાં આવે છે. પિતૃઓનું તર્પણ (શ્રાદ્ધ) કરવું, તેને પિતૃયજ્ઞ કહેવામાં આવે છે. હોમ કરવો તેને દેવ યજ્ઞ કહેવામાં આવે છે. ભૂતોને બલિ અર્પણ કરવું તેને ભૂત યજ્ઞ કહેવામાં આવે છે. અર્થાત્ પક્ષીઓને ચણ નાખવું, પશુઓને ઘાસ નાખવું, કીડીઓને અન્નના દાણા કે લોટ નાખવો ઈત્યાદિક ભૂતયજ્ઞ કહેવાય છે. અતિથિનું પૂજન સત્કાર કરવો, તેને મનુષ્ય યજ્ઞ કહેવામાં આવે છે. આ રીતે આ પાંચ મહાયજ્ઞો કરવા તેને વૈશ્વદેવ કહેલું છે. તો જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તેમણે સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ, ભગવાનની પૂજા અને વૈશ્વદેવ આ પાંચ વાનાં કર્યા સિવાય ભોજન કરવું નહિ.

અહીં પણ એજ વ્યવસ્થા સમજવી કે, બ્રાહ્મણોને જન્મથી જ સ્નાનાદિક પ્રાપ્ત છે. અને ક્ષત્રિયાદિકને વૈષ્ણવ થયા પછી ફરજીયાત પ્રાપ્ત છે, અર્થાત્ વર્તમાન ધરાવ્યા પછી, સત્સંગી થયા પછી ફરજીયાત સ્નાનાદિક પ્રાપ્ત જ છે. વર્તમાન ધરાવ્યા પહેલાં કદાચ સ્નાન પૂજાદિક ન કરતા હોય, પણ વર્તમાન ધરાવ્યા પછી તો સ્નાન પૂજાદિક ક્ષત્રિયાદિક સત્સંગીઓને માટે પણ ફરજીયાત જ છે. બ્રાહ્મણોને તો સત્સંગી હોય કે ન હોય, સ્નાન પૂજાદિક ફરજીયાત પ્રાપ્ત છે. તો જેમ બ્રાહ્મણોથી સ્નાન પૂજાદિક કર્યા વિના ભોજન થાય નહિ, તેમ સર્વે સામાન્ય સત્સંગીઓથી પણ સ્નાન પૂજાદિક વિના ભોજન થાય જ નહિ. આવો ભાવ છે. ॥૧૮૭॥

## હવે ત્યાગી સાધુઓના ધર્મો કહે છે.

**साधवो येऽथ तैः सर्वैर्नैष्ठिकब्रह्मचारिवत् । स्त्रीस्त्रैणसङ्गादि वर्ज्यं जेतव्याश्चान्तरारयः ॥१८८॥**

મારા આશ્રિત ત્યાગી સાધુપુરુષો હોય તેમણે, નૈષ્ઠિક બ્રહ્મચારીઓની પેઠે જ સ્ત્રી તથા સ્ત્રીલંપટ કામી પુરુષોના પ્રસંગાદિકનો ત્યાગ કરી દેવો, અને કામ, ક્રોધાદિક અંતઃશત્રુઓને જીતવા.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- નૈષ્ઠિક બ્રહ્મચારીઓની પેઠે જ ત્યાગી સાધુપુરુષોએ સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ, સ્ત્રીઓની સાથે બોલવું નહિ, અને સ્ત્રીઓના સામું જોવું નહિ, ઇત્યાદિક સર્વે પ્રકારનો સ્ત્રીનો પ્રસંગ છોડી દેવો. તેવી જ રીતે સ્ત્રીલંપટ કામીપુરુષોનો પ્રસંગ પણ સર્વ પ્રકારે છોડી દેવો. તથા કામ, ક્રોધ, લોભાદિક અંતઃશત્રુઓને જીતવા. ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહેલું છે કે- ''त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः । कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत् त्रयं त्यजेत्'' ॥ इति ॥ કામ, ક્રોધ, અને લોભ આ ત્રણ પ્રકારનું નરકનું દ્વાર કહેલું છે. નરકની અંદર જો જવું હોય તો કામ, ક્રોધ અને લોભ દ્વારા જઈ શકાય છે. અને આ ત્રણે મોક્ષમાર્ગમાં મહાન વિઘ્નરૂપ છે, માટે આ ત્રણેનો ત્યાગ કરી દેવો. તેમાં કામને તો વિશેષે કરીને જીતવો, કારણ કે કામ સર્વે જ્ઞાની પુરુષોના જ્ઞાનને ઢાંકી દેનારો છે. આ વિષયમાં ભગવદ્ગીતા પ્રમાણરૂપ છે - धूमेनाव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेनच । यथोल्बेनावृत्तो गर्भस्तथा तेनेदमावृत्तम् ॥ आवृत्तं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा । कामरुपेण कौन्तेय दुष्पूरेणानलेन च ॥ इति ॥ આ ભગવદ્ગીતાના શ્લોકનું તાત્પર્ય એ છે કે જેમ અગ્નિ ધુમાડાથી ઢંકાઈ જાય છે, ધુળથી અરીસો ઢંકાઈ જાય છે, ગર્ભ ઓળથી ઢંકાઈ જાય છે, તેમ જ્ઞાની પુરુષોનું જ્ઞાન કામથી ઢંકાઈ જાય છે. કામ જ્યારે વ્યાપે છે ત્યારે જ્ઞાની પુરુષ પણ કાંઈ વિચારી શકતો નથી, અર્થાત્ તે સમયે જ્ઞાન પણ વ્યર્થ થઈ જાય છે. એક જ ઈચ્છામય એવો જે કામ છે એ ઈન્દ્રિયોને પોતપોતાના વિષયોમાં પ્રવર્તાવીને આત્મજ્ઞાનને ઢાંકી દે છે. માટે પ્રથમ ઈન્દ્રિયોને નિયમમાં કરી, બુધ્ધિવડે મનને કર્મયોગમાં સ્થાપન કરી, અથવા તો મનને ભગવાનની મૂર્તિમાં સ્થાપન કરી, કામરૂપી શત્રુને અવશ્ય જીતી લેવો જોઈએ. કામ છે એ અગ્નિની સમાન છે, જેમ અગ્નિની અંદર હવિષ્યાન્ન કે ઘી હોમવાથી એ અગ્નિ વૃધ્ધિ પામે છે, પણ અગ્નિ શાન્ત થતો નથી. તેમ કામને ભોગવવાથી કામ વૃધ્ધિ પામે છે, પણ શાન્ત થતો નથી. માટે ત્યાગી સાધુપુરુષોએ કામને વિશેષે કરીને જીતવો. અને એજ રીતે ક્રોધને પણ વિશેષે કરીને જીતવો. સાધુની અંદર ક્રોધ જરા પણ શોભતો નથી, અને કલ્યાણનો પરમ વિરોધી છે. ભાગવતમાં કહેલું છે કે, ધ્રુવજી અલકાપુરીમાં જઈને ૧૩ લાખ યક્ષોને મારી નાખ્યા, તે સમયે સ્વાયંભુવ મનુએ ધ્રુવજીને સમજાવેલા છે કે- समयच्छ रोषं भद्रं ते प्रतीपं श्रेयसां परम् ॥ इति ॥ હે ધ્રુવજી ! ક્રોધ તો કલ્યાણમાં પરમ વિરોધી છે. માટે ક્રોધને નિયમમાં કરી લ્યો. જે ક્રોધથી વ્યાપ્ત એવા પુરૂષ થકી તો આલોક અતિશે ભયને પામે છે, માટે પોતાનું નિર્ભયપણું ઈચ્છતા એવા જ્ઞાની પુરૂષોએ ક્રોધને વશ ન થવું જોઈએ. આ રીતે ક્રોધ પણ મહાન શત્રુ કહેલો છે. અને લોભ પણ સર્વે પાપનું મૂળ છે. લોભ થકી જ સર્વે પાપોમાં પ્રવૃત્તિ થાય છે. જો એક જ લોભ ન હોય તો કોઈની પાપકર્મમાં પ્રવૃત્તિ થતી નથી, જે કોઈની પાપકર્મમાં પ્રવૃત્તિ થતી હોય તો લોભને કારણે જ થાય છે. માટે ત્યાગી સાધુપુરુષોએ કામ, ક્રોધ અને લોભ આદિક અંતઃશત્રુઓને જીતી લેવા. આવો અભિપ્રાય છે. ॥૧૮૮॥

**सर्वेन्द्रियाणि जेयानि रसना तु विशेषतः । न द्रव्यसङ्ग्रहः कार्यः कारणीयो न केनचित् ॥१८९॥**

વળી ત્યાગી સાધુ પુરુષોએ સર્વે ઈન્દ્રિયોને જીતવી, તેમાં રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી, અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ, તથા કોઈ બીજા પાસે કરાવવો પણ નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- સાધુપુરુષોએ સર્વે ઈન્દ્રિયોને જીતવી. ઈન્દ્રિયોનું દમન, વિચાર

અને વિવેકથી થાય છે. આંખે પાટા બાંધી દેવાથી આંખ જીતાતી નથી, કાનને બંધ કરી દેવાથી કાન પણ જીતાતા નથી. ઈન્દ્રિયોનો સ્વાભાવિક ધર્મ છે કે પોતપોતાના વિષયો તરફ જવું. જ્યારે ઈન્દ્રિયો પોતપોતાના વિષય તરફ જાય, ત્યારે વિચારે કરીને અને વિવેકે કરીને ઈન્દ્રિયોને પાછી વાળી લેવી. કાચબો જેમ પોતાનાં અંગોને સમેટી લે છે, તેમ ત્યાગી સાધુપુરુષોએ વિષયો તરફ જતી ઈન્દ્રિયોની વૃત્તિઓને પાછી વાળી લેવી. અને અગિયારમા મનને શાસ્ત્રોના ચિંતવનમાં જોડી દેવું, અથવા તો ભગવાનની મૂર્તિમાં જોડી દેવું. આ રીતે વિચાર અને વિવેકથી ઈન્દ્રિયોને જીતવી. ભાગવતમાં પણ પ્રતિપાદન કરેલું છે, बन्ध इन्द्रियविक्षेपो मोक्ष एषाञ्च संयमः ॥ આ શ્લોકનો એ અર્થ છે કે ઈન્દ્રિયોને જે મોકળી મેલવી, એજ બંધન છે, અને ઈન્દ્રિયોને જે નિયમમાં કરી લેવી એજ મોક્ષ છે. મહાભારતમાં પણ પ્રતિપાદન કરેલું છે. इन्द्रियाणि सर्वाणि जेतव्यानि प्रयत्नतः । साधुना धर्मशीलेन भ्रश्यत्येवान्यथा पथः ॥ આ મહાભારતના વચનમાં વસિષ્ઠમુનિએ કહેલું છે કે ધર્મશીલ એવા સાધુપુરૂષોએ પોતાની સર્વે ઈન્દ્રિયોને પ્રયત્ન પૂર્વક જીતવી જોઈએ અને જો સાધુપુરૂષો પોતાની ઈન્દ્રિયોને જીતે નહિ, અને વિષયોમાં ઈચ્છાનુસાર જવા દે તો એ સાધુપુરૂષ પોતાના કલ્યાણના માર્ગ થકી ભ્રષ્ટ થઈ જાય છે.

અને રસના ઈન્દ્રિય જે જીભ, તેને તો વિશેષે કરીને જીતવી. અર્થાત્ ખાવા પીવાની જે લોલુપતા તેને જીતવી. એક જ રસના ઈન્દ્રિયને જીતવાથી બીજી સર્વે ઈન્દ્રિયો સરળતાથી જીતાઈ જાય છે. ભાગવતમાં કહેલું છે કે- ''जितं सर्वं जिते रसे'' ॥ इति ॥ એક જ રસ જો જીતવામાં આવે તો સર્વે ઈન્દ્રિયો જીતાઈ જાય છે. એટલા જ માટે ઔષધની પેઠે ભોજન કરવું. ઔષધનું ભક્ષણ આસક્તિ પૂર્વક થતું નથી, કેવળ રોગ નિવૃત્તિને માટે જ થાય છે. તેમ આસક્તિનો ત્યાગ કરીને કેવળ દેહના રક્ષણને માટે જ ભોજન કરવું, આવો અભિપ્રાય છે.

વળી સાધુપુરુષોએ ધનનો સંગ્રહ કરવો નહિ, અને જે પદાર્થો વડે ધનની ઉત્પત્તિ થાય, એવાં નવીન વસ્ત્ર, પાત્ર આદિકનો સંગ્રહ પણ કરવો નહિ. અને કોઈ બીજા દ્વારા પણ પોતાના પ્રયોજનને માટે ધનનો સંગ્રહ કરાવવો નહિ. કારણ કે ધનના સંગ્રહથી સમગ્ર વિષય સુખ સંપાદન થઈ શકે છે. માટે ધનનો પ્રસંગ પણ સ્ત્રીના પ્રસંગની પેઠે જ સર્વપ્રકારે ત્યાગ કરી દેવો, વળી શ્રીજીમહારાજે સત્સંગી જીવનમાં પણ કહ્યું છે કે- જે ત્યાગી સાધુ ધનનો સંગ્રહ કરે છે તેવા સાધુના મુખ થકી, હે ભક્તો ! તમારે ભગવાનની કથા વાર્તા પણ ક્યારેય ન સાંભળવી અને કદાચ જો સાંભળશો તો એક ચાંદ્રાયણ વ્રત કરવા વડે કરીને કથા સાંભળનાર ભક્તની શુદ્ધિ થશે. તો ધનનો સંગ્રહ કરનારો ત્યાગી કયું વ્રત કરીને શુદ્ધ થશે ? માટે ત્યાગી સાધુએ ક્યારેય પણ ધનનો સંગ્રહ કરવો નહિ, આવું તાત્પર્ય છે. ॥૧૮૯॥

**न्यासो रक्ष्यो न कस्यापि धैर्यं त्याज्यं न कर्हिचित् । न प्रवेशयितव्या च स्वावासे स्त्री कदाचन ॥१९०॥**

અને વળી ત્યાગી સાધુપુરુષો હોય તેમણે, કોઈની થાપણની વસ્તુ રાખવી નહિ, અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ કરવો નહિ, તથા પોતાના ઉતારાને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- પરિચિત અથવા અપરિચિત કોઈપણ પુરુષની થાપણની વસ્તુ પોતાની સમીપે રાખવી નહિ. થાપણની વસ્તુ મનના ક્ષોભને ઉત્પન્ન કરનારી છે, તેથી વૃથા કલેશના કારણરૂપ બને છે. સંપ્રદાયનો પ્રસિદ્ધ દાખલો છે. રામાનંદ સ્વામીએ પૂતળી બાઈને સોનાનો પાસલો સાચવવા માટે આપેલો હતો, પુતળીબાઈના મનમાં ક્ષોભ ઉત્પન્ન થયો, તેથી રામાનંદ સ્વામીએ પાસલો માગ્યો, છતાં આપ્યો નહિ. તે સમયે રામાનંદ સ્વામીના મુખમાંથી શબ્દો નીકળી ગયા કે આ તો ધર્માદાનો પાસલો છે, માટે ક્યાંક નરકમાં પડીશ. તે પાપે કરીને પુતળીબાઈ નરકમાં પડેલાં હતાં. તે સમયે સમાધિનિષ્ઠ ગોવર્ધન ભક્ત શ્રીહરિના પ્રતાપથી પુતળીબાઈનો નરક થકી મોક્ષ કર્યો હતો. આ રીતે થાપણની વસ્તુ મનમાં ક્ષોભ ઉત્પન્ન કરનારી છે, અને વૃથા કલેશના કારણરૂપ છે. માટે ત્યાગી સાધુઓએ

થાપણની વસ્તુ સાચવવા પોતાની પાસે રાખવી નહિ. અને વળી ત્યાગી સાધુઓએ ક્યારેક દેશ કાળાદિકના વિષમપણાને વિષે, અથવા તો ક્યારેક ભિક્ષાદિક જ્યારે પ્રાપ્ત ન થાય ત્યારે પોતાની ધીરજતાનો ત્યાગ કરવો નહિ. કારણ કે દેહનું પ્રારબ્ધ બળવાન છે. ગમે તે રીતે ઈશ્વર દેહનું રક્ષણ કરે છે, માટે નિર્વિકાર રહેવું.

અને વળી ત્યાગી સાધુ પુરુષોએ પોતાના ઉતારામાં સ્ત્રીને પ્રવેશવા દેવી નહિ. જો પોતાના ઉતારામાં સ્ત્રી પ્રવેશે તો સ્ત્રીના દર્શનાદિકે કરીને પોતાના નિયમનો ભંગ થાય છે. આવો અભિપ્રાય છે. ॥૧૯૦॥

न च सङ्घं विना रात्रौ चलितव्यमनापदि । एकाकिभिर्न गन्तव्यं तथा क्वापि विनापदम् ॥१९१॥

અને વળી ત્યાગી સાધુપુરુષો હોય, તેમણે રાત્રીએ આપત્કાળ પડ્યા વિના સંઘસોબત વિનાનું ચાલવું નહિ. તથા આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- સાધુપુરુષોએ આપત્કાળ પડ્યા સિવાય રાત્રીને વિષે જનસમુદાય વિના એક ગામથી બીજે ગામ જવું નહિ. આપત્કાળને વિષે તો જવામાં દોષ નથી. તેવી જ રીતે આપત્કાળ પડ્યા સિવાય સાધુઓએ કોઈપણ સ્થાનમાં એકલા જવું નહિ. બીજા કોઈ સંતને સાથે લઈને જવું. અર્થાત્ એકાકી વિચરણ કરવું નહિ.

હવે અહીં પ્રતિવાદી શંકા કરે છે :- वासे बहूनां कलहो भवेद् वार्ता द्वयोरपि । एक एव चरेत् तस्मात् कुमार्या इव कङ्कणः ॥ इति ॥ ભાગવતમાં કુમારીના કંકણનું દૃષ્ટાંત આપેલું છે. બહાર મહેમાનો બેઠાં હતાં, અને રસોડાની અંદર કુમારી સ્ત્રી હાથમાં કંકણો ધારણ કરીને ડાંગર ખાંડતી હતી. ડાંગર ખાંડતી વખતે હાથમાં ધારણ કરેલાં કંકણોનો અવાજ આવતો હતો. તેથી હાથમાં ધારણ કરેલાં કંકણો ઉતારી નાખ્યાં, કેવળ બે કંકણો જ ધારણ કરીને ડાંગર ખાંડવાનો પ્રારંભ કર્યો, તો બે કંકણોનો પણ અવાજ આવવા લાગ્યો, તેથી એ કુમારીએ કેવળ એક કંકણ ધારણ કરીને જ્યારે ખાંડવાનો પ્રારંભ કર્યો, ત્યારે અવાજ બંધ થયો. તેમ સાધુપુરુષો ભેગા રહે તો પરસ્પર કલહ થાય, અને બે જણા ભેગા થાય તો વાતો કરે, માટે સાધુપુરુષોને શાંતિ જોઈતી હોય તો એકલા જ વિચરણ કરવું જોઈએ, આ રીતે ભાગવતમાં પ્રતિપાદન કરેલું છે, તો તમો એકલા વિચરણ કરવાની શા માટે મનાઈ કરો છો ?

આના ઉત્તરમાં શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી કહે છે કે- તમારી વાત સાચી છે. ભાગવતમાં કહ્યું છે કે, સાધુપુરુષોએ સંગથી રહિત રહેવું, પણ કોના સંગથી રહિત રહેવું ? કેવળ દુર્જનપુરુષોનો સંગ જ ભાગવતમાં નિષેધ કરેલો છે, નહિ કે ભગવાનના ભક્ત સાધુપુરુષોનો સંગ. આ વિષયમાં ભાગવત શાસ્ત્ર પ્રમાણરૂપ છે - प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः । स एव साधुषु कृतो मोक्षद्वारमपावृत्तम् ॥ इति ॥ - આ શ્લોકમાં કપિલભગવાને માતા દેવહૂતિ પ્રત્યે કહેલું છે કે, જીવાત્માને દેહ અને દેહના સંબન્ધીઓનો જે સંગ છે એ દૃઢ બંધનરૂપ છે. જીવાત્માને જ્યાં સુધી દેહનો અને દેહના સંબંધીઓનો સંગ રહે છે, ત્યાં સુધી એ દૃઢ બંધન તૂટી શકતું નથી. પણ એજ સંગ જો ભગવાનના એકાંતિક સાધુપુરૂષોનો કરેલો હોય તો, એ દૃઢ બંધન તુટીને મોક્ષનું દ્વાર ખુલું થઈ જાય છે. આ રીતે ભગવાનના એકાન્તિક સાધુપુરૂષોનો જે સંગ છે, એજ મોક્ષદ્વારને ઉઘાડનાર છે. માટે સાધુપુરુષોને પણ હમેશાં સાધુનો પ્રસંગ રાખવો જ જોઈએ. એકલા સાધુનું પતન થાય છે. જડભરતજી હિમાલયમાં એકલા રહેતા હતા, તેને સમજાવનાર કોઈ ન હતો તેથી તેમનું પતન થયું. સૌભરી ઋષિ જંગલમાં એકલા રહેતા હતા, સાઠહજાર વર્ષ તપ કર્યું હતું, પણ સમજાવનારો બીજો કોઈ ન હોવાથી, તેનું પણ પતન થયું. માટે સાધુપુરુષોને પણ સાધુનો પ્રસંગ રાખવો, કલહ તો ગ્રામ્યવાર્તાને કારણે જ થતો હોય છે. પરંતુ સાધુપુરુષોને તો ગ્રામ્ય વાર્તા કરવાની હોતી નથી. માટે કલહનો પણ સંભવ નથી. તેથી મારા આશ્રિત ત્યાગી સાધુપુરુષોએ

ક્યારેય પણ એકાકી વિચરણ કરવું નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૯૧॥

**अनर्घ्यं चित्रितं वासः कुसुम्भाद्यश्च रञ्जितम् । न धार्यं च महावस्त्रं प्राप्तमन्येच्छयापि तत् ॥१९२॥**

અને વળી ત્યાગી સાધુપુરુષો હોય તેમણે, જે વસ્ત્ર બહુ મુલ્યવાળું હોય તથા ચિત્ર વિચિત્ર ભાત્યનું હોય, તથા કસુંબાદિક જે રંગ તેણે કરીને રંગેલું હોય, તથા શાલદુશાલા હોય, અને તે બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તો પણ તે વસ્ત્ર પોતે પહેરવું ઓઢવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- કોઈ ભાવનાવાળા હરિભક્ત હોય, અને વિવિધપ્રકારનાં રંગ બેરંગી શાલ કે ધાબડી ઈત્યાદિક ભારે વસ્ત્રો જો સંતને ઓઢાડે તો તે સમયે અમારે જોઈતું નથી, આમ કહીને એ હરિભક્તનું અપમાન કરવું નહિ. પણ તે વખતે સ્વીકારી લેવું, અને એમ કહેવું કે તમે તો આ વસ્ત્ર બહુ કિંમતી લાવ્યા છો, તમે તો સંતોની અને ભગવાનની બહુ સારી સેવા કરો છો, આમ લાવનારા ભક્તને રાજી કરી દેવા, અને પછી એ વસ્ત્ર પોતાને પહેરવું ઓઢવું નહિ. કોઈ ગરીબ મનુષ્ય હોય કે બ્રાહ્મણ હોય તેને આપી દેવું. આવું જે ભારે વસ્ત્ર હોય તેને શાસ્ત્રમાં રાજસ કહેલું છે- ''सहेमसूत्रं सूक्ष्मं च नानारङ्गं च चित्रयुक् । महाधनं च यद् वस्त्रमाढ्यर्हं राजसं तु तत्'' ॥ इति ॥ જે વસ્ત્ર સુવર્ણાદિક ધાતુના તારથી યુક્ત હોય, સૂક્ષ્મ હોય, ચિત્ર વિચિત્ર રંગોથી રંગેલું હોય અને મહાકિંમતી હોય, આવું વસ્ત્ર રાજસ કહેલું છે, અને એ ધનાઢ્યને યોગ્ય કહેલું છે. માટે ત્યાગી સાધુપુરુષોને આવું રજોગુણી વસ્ત્ર ધારણ કરવું એ યોગ્ય નથી. સાધુ પુરુષોને તો કૌપીન, તેના ઉપર એક સામાન્ય વસ્ત્ર, અને એક ઉપર ઓઢવાનું સામાન્ય વસ્ત્ર અને તુટેલા વસ્ત્રના કટકામાંથી બનાવેલી ગોદડી ઈત્યાદિક વસ્ત્રોને ધારણ કરવાનું વિધાન કરેલું છે. માટે બહુ ભારે વસ્ત્રો ધારણ કરવાં નહિ. ॥૧૯૨॥

**भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् । व्यर्थः कालो न नेतव्यो भक्तिं भगवतो विना ॥१९३॥**

અને વળી ત્યાગી સાધુપુરુષો હોય તેમણે, ભિક્ષા તથા સભાપ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘરે જવું નહિ, અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થ કાળ જવા દેવો નહિ, નિરંતર ભક્તિએ કરીને જ કાળ વ્યતીત કરવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- સાધુપુરુષો હોય તેમણે આહારને માટે ભિક્ષા કરવી એ યોગ્ય છે, કારણ કે તેનાથી પ્રાણનું ધારણ થાય છે. માટે ભિક્ષાના નિમિત્તે ગૃહસ્થના ઘેર જવામાં દોષ નથી. જે ગૃહસ્થના ઘરનો દરવાજો ખુલ્લો હોય, એ ઘરમાં જઈને ''નારાયણ હરે'' આમ ઉંચે સ્વરે બોલવું, પછી ભિક્ષા આપનાર પુરુષ હોય કે સ્ત્રી હોય તો પણ ભિક્ષા લેવી. સ્ત્રીના હાથેથી પણ ઝોળીમાં ભિક્ષા લેવામાં કોઈ દોષ નથી, પણ સ્ત્રીની સામું જોવું નહિ, અર્થાત્ ઈરાદાપૂર્વક જોવું નહિ. તેવી જ રીતે ગૃહસ્થને ઘેર કોઈ સભાપ્રસંગ યોજેલો હોય, તો પણ ત્યાં જવામાં દોષ નથી. અને સભામાં શાસ્ત્રને અનુસારે ન્યાયયુક્ત વચન બોલવું, પરંતુ મૌન રહેવું નહિ, અને પ્રમાણથી રહિત એવું પણ વચન બોલવું નહિ. આ વિષયમાં ભાગવત શાસ્ત્ર પ્રમાણરૂપ છે. न सभां प्रविशेत् प्राज्ञः सभ्यदोषाननुस्मरन् । अब्रुवन् विब्रुवन्नज्ञो नरः किल्बिषमश्नुते ॥ इति ॥ આ ભાગવતના શ્લોકનું તાત્પર્ય એ છે કે, સભાસદોના દોષોનું સ્મરણ કરતાં ડાહ્યા પુરૂષોએ સભામાં પ્રવેશ કરવો નહિ. અને સભામાં ગયા પછી જાણતો હોવા છતાં પણ જો મૌન રહે, અથવા ન્યાયથી રહિત કોઈક વિપરીત વચન બોલે તો એ પુરૂષ પાપને પામે છે. માટે સાધુપુરૂષો ગૃહસ્થના ઘેર સભાપ્રસંગમાં જો જાય તો ત્યાં જઈને મૌન બેસી રહેવું નહિ. અને પ્રમાણ રહિત પણ બોલવું નહિ, અર્થાત્ કડવું છતાં પણ હિતકારી અને સત્ય વચન બોલવું. અને વળી સાધુપુરુષો હોય તેમણે, શ્રવણ કીર્તનાદિક નવપ્રકારની ભગવાનની ભક્તિ વિના વ્યર્થ કાળ (એક ક્ષણ) પણ જવા દેવો નહિ. હમેશાં પોતાની શક્તિ પ્રમાણે કોઈપણ ભક્તિ કરવી, પણ ગ્રામ્ય વાર્તાએ કરીને સમય વ્યતીત કરવો નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૯૩॥

**पुमानेव भवेद्यत्र पक्वान्नपरिवेषण: । ईक्षणादि भवेन्नैव यत्र स्त्रीणां च सर्वथा ॥१९४॥**
**तत्र गृहिगृहे भोक्तुं गन्तव्यं साधुभिर्मम । अन्यथाऽमान्नमर्थित्वा पाक: कार्य: स्वयं च तै: ॥१९५॥**

અને વળી ત્યાગી સાધુપુરુષો હોય તેમણે, જે ગૃહસ્થના ઘરને વિષે રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય, તથા સ્ત્રીઓના દર્શનાદિકનો પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય. તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે જમવા જવું. અને ઉપર કહ્યું એ પ્રમાણે જો ન હોય તો કાચું અન્ન માગીને પોતાને હાથે રસોઈ કરવી, અને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ બન્ને શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- સંતોએ ગૃહસ્થને ઘેર જમવા જવું, તેમાં તો કોઈ જાતનો દોષ નથી. પણ એ ગૃહસ્થના ઘેર એવી વ્યવસ્થા હોવી જોઈએ કે સંતોને સ્ત્રીનાં દર્શન સર્વ પ્રકારે થવાં ન જોઈએ, સ્ત્રીઓના શબ્દનું શ્રવણ પણ થવું ન જોઈએ, અને રાંધેલા અન્નનો પીરસનારો પુરુષ જ હોવો જોઈએ, આવી વ્યવસ્થા જો હોય તો સંતોએ ગૃહસ્થને ઘેર જમવા માટે જવું. આવી વ્યવસ્થા જો ન હોય તો સંતોએ કાચું અન્ન માગી કરી પોતાના સ્થાનમાં પોતાના હાથે રસોઈ કરવી, અથવા કોઈ શુદ્ધ બ્રાહ્મણ દ્વારા કરાવવી. અને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું. સર્વ પ્રકારે પોતાના નિયમનું રક્ષણ કરવું જોઈએ. આવું તાત્પર્ય છે. જો કે ત્યાગીઓને પોતાના હાથે રસોઈ બનાવવી એ અયોગ્ય છે. કારણ કે ત્યાગી સાધુઓને અગ્નિસ્પર્શ નિષેધ છે. માટે ત્યાગીઓને ભિક્ષાવૃત્તિ કહેલી છે. છતાં પણ ભગવાનનું દાસપણું કરવું એ વૈષ્ણવોનો મુખ્ય ધર્મ છે, માટે ભગવાનને અર્થે રસોઈ બનાવવામાં દોષ નથી. પણ પોતાને માટે રસોઈ બનાવવી નહિ. આ વિષયમાં ભગવદ્‌ગીતાનું વચન પ્રમાણરૂપ છે - भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥ इति ॥ આ શ્લોકનું તાત્પર્ય એ છે કે પોતાને ઉદેશીને ક્યારેય પણ રસોઈ બનાવવી નહિ, જે પાપી પુરૂષો કેવળ પોતાને ઉદેશીને જ રસોઈ બનાવે છે તે પાપી પુરૂષો પાપનું જ ભક્ષણ કરે છે. માટે ભગવાનના ભક્ત સાધુપુરૂષો હોય તેમણે એવો ભાવ રાખવો જોઈએ કે, જે આ હું રસોઈ તૈયાર કરૂં છું, એ થાળ પ્રથમ હું મારા ઈષ્ટદેવ ભગવાનને અર્પણ કરીશ, અને ત્યાર પછી ભગવાનનો પ્રસાદ તેને હું જમીશ, આવો ભાવ રાખીને ભગવાનને અર્થે રસોઈ બનાવવામાં દોષ નથી, આવો અભિપ્રાય છે. ॥૧૯૪-૧૯૫॥

**आर्षभो भरत: पूर्वं जडविप्रो यथा भुवि । अवर्ततात्र परमहंसैर्वृत्यं तथैव तै: ॥१९६॥**

અને વળી મારા આશ્રિત પરમહંસ એવા જે સાધુપુરુષો હોય તેમણે, પૂર્વે ઋષભદેવના પુત્ર ભરતજી આ પૃથ્વી ઉપર જડબ્રાહ્મણ થકા જેમ વર્તતા હતા તેમ વર્તવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- પૂર્વજન્મમાં ઋષભદેવના પુત્ર ભરત નામના રાજર્ષિ ત્રીજા જન્મમાં જડ વિપ્ર થઈને આ પૃથ્વી ઉપર જેવી રીતે વર્તતા હતા, તેવી જ રીતે પરમહંસ એવા સાધુપુરુષો હોય તેમણે વર્તવું. જો કે પરમહંસ ખરી રીતે ભગવાનનો વાચક શબ્દ છે, છતાં ત્યાગી સાધુ ભગવાનની ઉપાસના કરનારા છે. તેથી ભગવાનના સંબન્ધને લઈને ત્યાગી સાધુને પણ પરમહંસ શબ્દથી કહેલા છે. આવા પરમહંસો લોક અને શાસ્ત્રમાં બે પ્રકારના પ્રસિદ્ધ છે- એક અલિંગ પરમહંસો અને બીજા અવધુતલિંગ પરમહંસો, તેમાં અલિંગ પરમહંસો શુકદેવજી આદિકની પેઠે મોટે ભાગે દિગંબર હોય છે. અને અવધૂતલિંગ પરમહંસો જડભરતજી, શ્રીદામા આદિકની પેઠે વલ્કલાદિકનાં ફાટેલાં તુટેલાં વસ્ત્રો ધારણ કરનારા હોય છે. શ્રીદામા અવધૂતલિંગ પરમહંસ હતા, ભાગવતમાં શ્રીદામાને અવધૂત શબ્દથી સંબોધેલા છે. એક વખત શ્રીદામાને અતિ દરિદ્રપણું આવેલું હતું, પેટમાં ખાવા અન્ન પણ કાંઈ મળે નહિ, પહેરવા વસ્ત્ર પણ મળે નહિ. તેથી એક વખતે તેનાં પત્નીએ શ્રીદામાને કહ્યું કે- હે પતિદેવ ! તમે જ્યારે ભણતા હતા, ત્યારે તમારા મિત્ર શ્રીકૃષ્ણની સાથે તમો રહેલા

હતા. એ શ્રીકૃષ્ણ અત્યારે તો દ્વારિકાના રાજા થઈને બેઠા છે. માટે તેની પાસે તમે જાવ, એ તમને કાંઇ થોડું ઘણું અન્ન આપશે. શ્રીદામાને જવાની ઈચ્છા તો ન હતી, પરંતુ પત્નીના બહુ આગ્રહથી જવાની તૈયારી કરી, અને પત્નીએ શ્રીકૃષ્ણને ભેટ અર્પણ કરવા માટે ઘરમાં તો કાંઇ વસ્તુ ન હતી, તેથી આડોસ પાડોસથી બે ત્રણ મુઠી જેટલા તાંદુલ લાવીને એક ફાટેલા વસ્ત્રમાં બાંધી આપ્યા. તે લઈને શ્રીદામા દ્વારિકા પહોંચ્યા છે. ''अन्तःपुरजनो दृष्ट्वा कृष्णेनामलकीर्तिना । विस्मितोऽभूत् अतिप्रीत्याऽवधूतं सभाजितम् ॥ किमनेन कृतं पुण्यमवधूतेन भिक्षुणा'' ॥ इति ॥ દ્વારિકાની અંદર અંતઃપુરમાં ભગવાન શ્રીકૃષ્ણે અવધૂત એવા શ્રીદામાનું પ્રેમથી સન્માન કરેલું છે. અને શ્રીદામાનો હસ્ત પકડીને પોતાના સિંહાસન ઉપર બેસાડેલા છે. તે સમયે અંતઃપુરના જનો આ જોઈને આશ્ચર્ય પામી ગયા કે આ અવધૂત ભિક્ષુએ એવાં શું પુણ્ય કર્યાં હશે ? કે જેથી સાક્ષાત્ શ્રીકૃષ્ણે તેનું સન્માન કર્યું. અહીં શ્રીદામાને અવધૂત ભિક્ષુ તરીકે સંબોધેલા છે માટે શ્રીદામાને અવધૂતલિંગ પરમહંસ કહેલા છે.

અને વળી જડ ભરતનો પણ ભાગવતની અંદર અવધૂત વેષ પ્રતિપાદન કરેલો છે. ''कुपटावृतकटिरुपवीतेनोरुमषिणा द्विजातिरिति ब्रह्मबन्धुरिति संज्ञयाऽतज्ज्ञजनावमतो विचचार'' ॥ इति ॥ જડભરત માન અપમાનથી રહિત હતા, સ્નાન પણ ક્યારેય કરતા ન હતા, તેથી તેના શરીર ઉપર મેલ જામી ગયો હતો. અને રાખથી ઢંકાયેલા અગ્નિની પેઠે તેનું બ્રહ્મતેજ ઢંકાઇ ગયું હતું. મલિન એક વસ્ત્રથી કેડને ઢાંકેલી હતી, અને તેની યજ્ઞોપવીત પણ અતિ કાળી પડી ગયેલી હતી. તેથી અજ્ઞાની મનુષ્યો, ''આ કોઈ તુચ્છ બ્રાહ્મણ છે,'' એમ માનીને તેનો તિરસ્કાર કરતા હતા, પરંતુ જડભરત તો તેની પરવા નહિં કરીને ઈચ્છાનુસાર વિચરણ કરતા હતા. અને જેવું તેવું અન્ન અમૃતની સમાન માનીને જમી જતા હતા. આ રીતે માન અપમાનથી રહિત થઈને વિચરતા હતા. તે સમયમાં એકવાર સૌવીર દેશના રહૂગણ રાજા પાલખી ઉપર બેસીને કપિલ ભગવાનનાં દર્શન કરવા જઈ રહ્યા હતા. જ્યારે ઈક્ષુમતી નદીના કિનારે પાલખી પહોંચી ત્યારે પાલખીનો ઉપાડનારો એક બિમાર પડી ગયો. તેથી પાલખીમાં જોડવા માટે બીજી કોઈ એક વ્યક્તિની શોધ ચાલી રહી હતી, તે સમયે દૈવ ઈચ્છાથી જડભરતજી મળી ગયા, તેને પકડીને પાલખીમાં જોડી દીધા. ભરતજી પણ ચુપચાપ પાલખી ઉપાડીને ચાલવા લાગ્યા, પણ કોઈ કીડી, મકોડી પગ નીચે આવી ન જાય, તેના ભયથી નીચી દૃષ્ટિ રાખીને ચાલતા હતા. અને જ્યારે કોઈ જંતુ આવે ત્યારે કૂદકો મારતા હતા, તેથી પાલખી ઉંચી નીચી થવા લાગી, તેથી રહૂગણ રાજા જડભરતને વ્યંગ વચનો કહેવા લાગ્યા- બહુ દુઃખની વાત છે કે લાંબા સમયથી તું એકલો જ પાલખી ઉપાડીને ચાલે છે, થાકી ગયો હોય એમ જણાય છે. અને તારૂં શરીર પણ બહુ દુબળું છે. આ રીતે અનેક વ્યંગ વચનો રહૂગણ રાજાએ ભરતજીને કહ્યાં, છતાં પણ ભરતજી પૂર્વની પેઠે જ ચૂપચાપ પાલખી ઉઠાવીને ચાલ્યા જતા હતા. ભરતજીને જરા પણ અપમાન લાગતું ન હતું. કારણ કે એતો શરીરથી પર વર્તતા હતા. પાલખી તો પૂર્વની પેઠે જ ઉંચી નીચી થતી હતી, તેથી રહૂગણ રાજા ક્રોધથી ભભુકીને ફરી કહેવા લાગ્યા કે અરે ! તું જીવતો છે કે મરેલો છે ? આ રીતે અનેક અપમાનના વચનોથી ભરતજીનો તિરસ્કાર કર્યો છતાં ભરતજી તો હસતાં હસતાં રહૂગણ રાજાને કહેવા લાગ્યા, હે રાજન્ ! તમોએ જે કહ્યું એ સાચું જ કહેલું છે. અને એ બધું શરીરને લાગુ પડે છે, આત્મા તો બધા ધર્મોથી પર છે. આત્મા નથી મરતો, કે નથી જન્મતો. આત્મા નથી પાતળો, કે નથી જાડો. આત્મા નથી મૂર્ખ, કે નથી ડાહ્યો. આ રીતે અનેક જાતનાં તત્ત્વોપદેશનાં વચનો કહીને જડભરતજી તો મૌન થઈ ગયા. તે સમયે રહૂગણ રાજા તો સર્વે હૃદયની ગ્રંથીઓને છેદી નાખનારું ભરતજીનું વચન સાંભળીને તત્કાળ જ પાલખી ઉપરથી નીચે ઉતરી પડ્યા. અને ભરતજીનાં ચરણ પકડીને પ્રાર્થના કરવા લાગ્યા કે- ''कस्त्वं निगूढश्चरसि द्विजानां बिभर्षि सूत्रं कतमोऽवधूतः'' ॥ इति ॥ હે દેવ ! બ્રાહ્મણોનું ચિહ્ન જે યજ્ઞોપવીત ધારણ કરનારા આપ કોણ ગુપ્ત વેષે વિચરણ કરી રહ્યા છો ? અને દત્તાત્રેયાદિકને મધ્યે આપ કયા અવધૂત છો ? તે સમયે જડભરતજી ફરીવાર તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરેલો છે. રહૂગણ રાજા એ તત્ત્વજ્ઞાનને સાંભળીને અભિમાનથી રહિત થયા છે. અને જડભરતને નમસ્કાર કરેલા છે-

''नमोऽवधूतद्विजबन्धुलिङ्गनिगूढनित्यानुभवाय तुभ्यम्'' ॥ इति ॥ હે અવધૂત ! તુચ્છ બ્રાહ્મણ જેવો વેષ ધારણ કરીને ઢાંકી રાખેલો છે આત્મા પરમાત્માનો અનુભવ જેમણે એવા આપને હું નમસ્કાર કરૂં છું. અહીં રહૂગણ રાજાએ જડભરતને, હે અવધૂત ! આ પ્રમાણે સંબોધેલા છે. માટે જડભરતને અવધૂતલિંગ પરમહંસ કહેલા છે. આ રીતે અલિંગ પરમહંસો હોય કે અવધૂતલિંગ પરમહંસો હોય, બન્નેને ભગવાનની ઉપાસના આવશ્યક છે. અને ઉપાસનાની પેઠે સ્વધર્માદિકનું પાલન કરવું એ પણ આવશ્યક છે. આ પ્રમાણે બે પ્રકારના પરમહંસોને મધ્યે ભાગવત અવધૂતલિંગ પરમહંસ જે ભરતજી તેનાં વૃત્તાન્તને સાધુપુરુષો હોય તેમણે અનુસરવું. અર્થાત્ જડભરતજી જેવી રીતે માન અપમાનથી રહિત થઈને વર્તતા હતા, તેવી જ રીતે સાધુપુરુષો હોય તેમણે પણ માન અપમાનથી રહિત થઈને આ પૃથ્વી ઉપર વર્તવું, આવો ભાવ છે. ॥૧૯૬॥

હવે સાધુ અને બ્રહ્મચારીના મિશ્રધર્મો કહે છે.

**वर्णिभिः साधुभिश्चैतैर्वर्जनीयं प्रयत्नतः । ताम्बुलस्याहिफेनस्य तमालादेश्च भक्षणम् ॥१९७॥**

અને નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તથા સાધુપુરુષો હોય તેમણે તાંબુલ, અફીણ તથા તમાકુ ઈત્યાદિકનાં ભક્ષણનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરી દેવો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- નૈષ્ઠિક બ્રહ્મચારીઓ અને સાધુપુરુષો હોય તેમણે તાંબૂલ એટલે નાગરવેલનું પાન, અફીણ, તમાકુ, આદિક કેફ કરનારી કોઈપણ વસ્તુનું ભક્ષણ કરવું નહિ. ''ताम्बूलाऽभ्यञ्जं चैव कांस्यपात्रे च भोजनम् । यतिश्च ब्रह्मचारी च विधवा च विवर्जयेत्'' ॥ इति ॥ આ શ્લોકની અંદર પ્રતિપાદન કરેલું છે કે, સાધુ બ્રહ્મચારી અને વિધવા સ્ત્રીઓએ પાનબીડાંનું ભક્ષણ કરવું નહિ. તથા આંખે આંજણ આંજવું નહિ. અને કાંસાના પાત્રમાં ભોજન કરવું નહિ. આ રીતે નિષેધ કરેલો છે. અને વળી - मधु मांसं मादकं च लशुनादि तथाऽशुचि । अशोधितं भूरिरसम् इन्द्रियक्षोभकं तथा ॥ भावदुष्टं क्रियादुष्टं विष्णवे चानिवेदितम् । घृतव्रतः पुमान् स्त्री वा भक्षयेन्न कदाचन ॥ इति ॥ આ બ્રહ્મવૈવર્ત પુરાણના શ્લોકમાં પ્રતિપાદન કરેલું છે કે બ્રહ્મચારી અથવા સાધુપુરૂષો હોય તેમણે મદ્ય, માંસ, કેફ કરનારી કોઈપણ વસ્તુ, ડુંગળી, લસણ, સાફ કર્યા વિનાની કોઈપણ વસ્તુ, ઘણા રસથી યુક્ત એવી વસ્તુ, અને ઈન્દ્રિયોને ક્ષોભ પમાડનારી કોઈ વસ્તુ હોય તેનું પણ ભક્ષણ કરવું નહિ, અને વળી વિષ્ણુ ભગવાનને નિવેદન કર્યા વિનાની વસ્તુનું પણ ભક્ષણ કરવું નહિ, આવો ભાવ છે. ॥૧૯૭॥

**संस्कारेषु न भोक्तव्यं गर्भाधानमुखेषु तैः । प्रेतश्राद्धेषु सर्वेषु श्राद्धे च द्वादशाहिके ॥१९८॥**

અને વળી બ્રહ્મચારીઓએ તથા સાધુપુરુષોએ ગર્ભાધાનાદિક સંસ્કારોને વિષે જમવું નહિ. તથા એકાદશાહ પર્યંતનાં જે પ્રેતશ્રાદ્ધો તેમને વિષે જમવું નહિ, તથા દ્વાદશાહ શ્રાદ્ધમાં પણ જમવું નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનું વિવરણ કરતાં સમજાવે છે કે- બ્રહ્મચારીઓએ અને સાધુપુરુષોએ સંસ્કારોને વિષે જમવું નહિ, અર્થાત્ ગર્ભાધાનાદિક સંસ્કારોમાં કોઈએ બ્રહ્મભોજન કરાવેલું હોય, અને તેમાં પોતાને પણ આમંત્રણ આપેલું હોય, છતાં ત્યાં ભોજન કરવું નહિ. તથા પ્રેતને ઉદ્દેશીને કરાયેલાં શ્રાદ્ધોમાં પણ જમવું નહિ. આ બાબતમાં મત્સ્યપુરાણનું વાક્ય પ્રમાણરૂપ છે- ''संस्कारेषु न भुञ्जीत प्रेतश्राद्धेषु च व्रती'' ॥ इति ॥ આ શ્લોકનો એ અર્થ છે કે- વ્રતી હોય તેમણે, અર્થાત્ બ્રહ્મચારીઓએ અને સાધુપુરુષોએ ગર્ભાધાનાદિક સંસ્કારોને વિષે અને કોઈપણ શ્રાદ્ધને વિષે જમવું નહિ. અને જો જમે તો પ્રાયશ્ચિત્તનો અધિકારી થાય છે. ॥૧૯૮॥

**दिवास्वापो न कर्तव्यो रोगाद्यापदमन्तरा । ग्राम्यवार्ता न कार्या च न श्रव्या बुद्धिपूर्वकम् ॥१९९॥**

અને વળી નૈષ્ઠિકબ્રહ્મચારી અને સાધુપુરુષો હોય તેમણે, રોગાદિક આપત્કાળ વિના દિવસે સુવું નહિ. તથા ગ્રામ્ય વાર્તા કરવી નહિ, અને જાણીને સાંભળવી નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- રોગાદિક આપત્કાળ સિવાય દિવસની નિદ્રા કરવી નહિ. મહાભારતમાં ભીષ્મપિતામહે કહેલું છે કે- ''निष्कल्मपं ब्रह्मचर्यमिच्छता चरितुं दिवा । निद्रा सर्वात्मना त्याज्या स्वप्नदोषानवेक्षता'' ॥ इति ॥ નિષ્પાપ બ્રહ્મચર્યનું પાલન કરવાને ઈચ્છતા એવા બ્રહ્મચારીએ દિવસની નિદ્રાનો ત્યાગ કરી દેવો. સનત્કુમારસંહિતાને વિષે પણ પ્રતિપાદન કરેલું છે કે દિવસની નિદ્રા કરવાથી બ્રહ્મચારીના બ્રહ્મચર્યવ્રતનો નાશ થઈ જાય છે. માટે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ હોય તેમણે વિશેષે કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, અને વળી નિર્ણય સિન્ધુને વિષે અત્રિઋષિએ પ્રતિપાદન કરેલું છે કે બ્રહ્મચારીઓને માટે દિવસની નિદ્રા પતનરૂપ છે. અને વળી દક્ષે પણ કહેલું છે કે બ્રહ્મચારીઓને માટે દિવસની નિદ્રા બંધન કરનારી છે. વિશ્વેશ્વરપદ્ધતિને વિષે દિવસની નિદ્રાને પતનરૂપ કહેલી છે. આ રીતે બ્રહ્મચારીઓને સર્વે પ્રકારે દિવસની નિદ્રા ત્યાગ કરવા યોગ્ય છે. દિવસની નિદ્રા ગૃહસ્થોએ પણ ત્યાગ કરી દેવી. મહાભારતની અંદર ગૃહસ્થના ધર્મોમાં વ્યાસે કહેલું છે કે ગૃહસ્થોએ દિવસની નિદ્રા ક્યારેય પણ કરવી નહિ. પૂર્વ રાત્રીને વિષે અને પાછલી રાત્રીને વિષે નિદ્રા કરવી નહિ. સૂર્યોદય સમયે અને સૂર્યાસ્ત સમયે નિદ્રા કરવી નહિ. અને ઋતુકાળ વિના સ્ત્રીનો સંગ કરવો નહિ. આ રીતે દિવસની નિદ્રા ગૃહસ્થોને માટે પણ નિષેધ કરેલી છે. અને વળી મહાભારતમાં કહેલું છે કે- ''अनायुष्यं दिवा स्वप्नं तथाऽभ्युदयशायिता'' ॥ इति ॥ દિવસની નિદ્રા અને સૂર્યોદય સમયે નિદ્રા આયુષ્યને નાશ કરનારી કહેલી છે. માટે બ્રહ્મચારીઓ હોય, સાધુપુરુષો હોય કે ગૃહસ્થો હોય, કોઈએ પણ દિવસની નિદ્રા કરવી નહિ. કારણ કે દિવસની અધિક નિદ્રા કરવાથી કફ થાય છે, અને કફથી ખાંસી થાય છે, અને ખાંસીથી ક્ષયરોગ થાય છે. આ રીતે માધવનિદાનને વિષે પ્રતિપાદન કરેલું છે. માટે કોઈએ દિવસની નિદ્રા કરવી નહિ. અને વળી બુદ્ધિપૂર્વક ભગવાન અને ભગવાનના ભક્ત સિવાયની ગ્રામ્યવાર્તા કરવી નહિ. અને સાંભળવી પણ નહિ. नूनं दैवेन निहता ये चाच्युतकथासुधाम् । हित्वा शृण्वन्त्यसद्गाथाः पुरीषमिव विड्भुजः ॥ આ ભાગવતના વાક્યમાં કપિલ ભગવાને માતા દેવહૂતિ પ્રત્યે કહેલું છે કે, હે માતાજી ! ભગવાન અને ભગવાનના ભક્ત સિવાયની જે ગ્રામ્યવાર્તા છે, એ ગ્રામ્ય વાર્તા વિષ્ટાનું ભક્ષણ કરનાર એવું જે ભુંડ, તેની પણ જે વિષ્ટા તેની સમાન કહેલી છે. માટે ભુંડના વિષ્ટાની સમાન એવી જે ગ્રામ્યવાર્તા તેને જે પુરૂષો સાંભળે છે, તે પુરૂષો ખરેખર નિર્ભાગી છે, વિષ્ણુધર્મમાં કહેલું છે કે- ''श्रवणं ग्राम्यवार्तायाः कीर्तनं चापि बन्धकृत्'' ॥ इति ॥ ગ્રામ્યવાર્તાનું શ્રવણ અને કીર્તન આ બન્ને બંધન કરનારાં છે. માટે બ્રહ્મચારી હોય, સાધુ હોય કે ગૃહસ્થ હોય કોઈએ પણ ગ્રામ્યવાર્તા કરવી નહિ અને સાંભળવી પણ નહિ, આવો અભિપ્રાય છે. ॥૧૯૯॥

**स्वप्यं न तैश्च खट्वायां विना रोगादिमापदम् । निश्छद्म वर्तितव्यं च साधुनामग्रतः सदा ॥२००॥**

અને વળી નૈષ્ઠિકબ્રહ્મચારીઓ તથા સાધુપુરુષો હોય તેમણે, રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સુવું નહિ, અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- રોગાદિક આપત્કાળ પડ્યા વિના સાધુ અને બ્રહ્મચારીઓએ ખાટલા ઉપર શયન કરવું નહિ. આપત્કાળમાં તો દોષ નથી, કારણ કે ધર્મનું પાલન પણ દેહની રક્ષાને અનુસારે છે. શરીર બરાબર હોય તો જ ધર્મનું પાલન યથાર્થ કરી શકાય છે. ''खट्वायां शयनं ब्रह्मचर्याख्यव्रतभङ्गकृत्'' ॥ इति ॥ ખાટલા ઉપર જે શયન છે, તે બ્રહ્મચર્યવ્રતનો ભંગ કરનારું છે. માટે આપત્કાળ સિવાય ખાટલા ઉપર સુવું નહિ. અને વળી સાધુલક્ષણે સંપન્ન કોઈપણ ભગવાનના ભક્ત હોય, તેની આગળ હમેશાં નિષ્કપટ ભાવથી વર્તન કરવું. ''अनुजीविजनैः क्वापि छद्म कार्यं न राजनि । गुरौ शिष्यैर्धवे स्त्रीभिः सर्वैसत्सुः तथेश्वरे'' ॥ इति ॥ સનત્કુમારસંહિતાની અંદર કહેલું છે કે, જે કર્મચારી વર્ગ હોય, તેમણે રાજાની આગળ કપટ કરવું નહિ. શિષ્યોએ ગુરૂની આગળ કપટ કરવું નહિ. સ્ત્રીઓએ પોતાના

પતિની આગળ કપટ કરવું નહિ. અને સાધુ તથા ઈશ્વરની આગળ કોઈએ પણ કપટ કરવું નહિ. આ પ્રમાણે કહેલું છે. માટે સાધુ અને બ્રહ્મચારીઓએ સાધુની આગળ અને ભગવાનની આગળ હમેશાં નિષ્કપટ ભાવથી વર્તવું, આવો ભાવ છે. ॥૨૦૦॥

**गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः । क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥२०१॥**

અને વળી બ્રહ્મચારી અને સાધુ પુરુષો હોય તેમણે, કોઈ કુબુદ્ધિવાળા દુષ્ટ પુરુષો પોતાને ગાળો દે, તથા મારે, તો એ સહન કરવું, પણ તેને સામી ગાળ દેવી નહિ, અને મારવો નહિ, અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભુડું થાય એવો તો સંકલ્પ પણ કરવો નહિ.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- બ્રહ્મચારી અને સાધુપુરુષોએ એકાંતિક ભગવાનના ભક્તોનું માહાત્મ્ય તેને નહિ જાણનારા એવા દુર્જનો પોતાનો વાણીથી તિરસ્કાર કરે, લપાટ લગાવી લે, તો એ સહન કરી લેવું, પણ તેના ઉપર સામો ક્રોધ કરવો નહિ. અને જો ક્રોધ કરે તો સાધુ ધર્મમાં ક્ષતિ, અર્થાત્ ઉણપ આવે છે. ''क्षमाशीला हि साधवः'' ॥ इति ॥ કારણ કે ક્ષમા રાખવી એ જ સાધુનો મુખ્ય ધર્મ કહેલો છે.

કોઈ ગાળો દે, મારે, છતાં બધું સહન કરી લેવું, એતો બહુ જ કઠણ કામ છે. આ વિષયમાં ભાગવત શાસ્ત્ર પ્રમાણરૂપ છે. तथाऽरिभि र्न व्यथते शिलीमुखैः शेतेऽर्दिताङ्गो हृदयेन दूयता । स्वानां यथा वक्रधियां दुरुक्तिभिर्दिवानिशं तृप्यति मर्मताडितः ॥ इति ॥ ભાગવતમાં શંકરે કહેલું છે કે- તિરસ્કારના વચનરૂપી બાણોથી જેનું મર્મ સ્થળ ભેદાઈ ગયું છે, એવો પુરુષ રાત્રી દિવસ જેવી પીડાને પામે છે, તેવી પીડાને તો શત્રુઓના તીક્ષ્ણ બાણોથી મર્મ સ્થળ છેદાઈ ગયું હોય છતાં પણ પામતો નથી. અર્થાત્ તિરસ્કારના વચનરૂપી બાણો સહન કરવાં અતિ કઠીન છે. અને વળી ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે કે- હે ઉદ્ધવ ! મર્મ સ્થળને વીંધીનાખીને અત્યંત અંદર ઉતરી ગયેલાં એવાં લોખંડના બાણો વડે પુરુષ વીંધાઈ ગયો હોય, છતાં તેવી પીડાને પામતો નથી કે જેવી તિરસ્કારના વચનરૂપી બાણોથી પીડાને પામે છે. અર્થાત્ બાણોના ઘા રુઝાઈ શકે છે, પણ તિરસ્કાર રૂપી વચનોના ઘા કદીપણ રૂઝાઈ શકતા નથી. માટે તિરસ્કારનાં વચનો સહન કરવાં અતિ કઠણ છે. અને જે સહન કરી શકે છે, તેને મહાન સાધુપુરુષો કહેલા છે. ભાગવતમાં કથા છે કે, ચિત્રકેતુ રાજાને રાજ્યમાં વૈરાગ્ય થવાથી પોતાની કરોડ સ્ત્રીઓનો ત્યાગ કરીને ચાલી નીકળેલા હતા. પાતાળમાં શેષજી પાસેથી જ્ઞાન મેળવીને કૈલાસમાં શંકરની સભામાં આવીને બેઠા. તે સમયે શંકરે પાર્વતીજીને ખોળામાં બેસાડેલાં હતાં. એ જોઈને ચિત્રકેતુ રાજાના મનમાં સંકલ્પ થયો કે, મેં કરોડ સ્ત્રીઓનો ત્યાગ કરી દીધો, પણ આ શંકર તો એક સ્ત્રીને પણ છોડી શકતા નથી. ખોળામાં બેસાડીને બેઠા છે. શંકર તો ચિત્રકેતુનું માહાત્મ્ય જાણતા હતા, તેથી કાંઈપણ બોલ્યા નહિ, પણ પાર્વતીએ શાપ આપી દીધો કે આવા ઈશ્વરમૂર્તિ શંકર ઉપર દોષની કલ્પના કરે છે, જા અસુર થઈ જા. આ રીતે જ્યારે પાર્વતીએ શાપ આપ્યો ત્યારે ભગવાનના પરમ ભક્ત ચિત્રકેતુ રાજા પણ પાર્વતી દેવીને શાપ આપવા સમર્થ હતા, છતાં પણ શાપને મસ્તક વડે ગ્રહણ કરી લીધો, આજ સાધુલક્ષણ કહેલું છે કે- સમર્થ હોવા છતાં ઝરણા કરી લેવી. અને તેનું ભુંડુ થાય એવો સંકલ્પ પણ કરવો નહિ. असन्मानात्तपोवृध्धिः सन्मानात्तु तपःक्षयः ॥ इति ॥ આ સ્મૃતિ વાક્યમાં પ્રતિપાદન કરેલું છે કે તિરસ્કારને સહન કરવાથી તપની વૃધ્ધિ થાય છે, અને સન્માનથી તપનો નાશ થાય છે. અને વળી મનુસ્મૃતિમાં કહેલું છે કે તિરસ્કારને સહન કરનારો પુરૂષ સુખપૂર્વક સૂવે છે, જાગે છે અને સુખપૂર્વક હરે ફરે છે, પણ તિરસ્કારને કરનારો છે તે નાશ પામી જાય છે. અને વળી જ્ઞાનાંકુશને વિષે તો નિંદાને જ્ઞાનીપુરુષોનું એક આભૂષણ કહેલું છે, मन्निन्दया यदि जनः परितोषमेति नन्वप्रयत्नसुलभोऽयमनुग्रहो मे । श्रेयार्थिनो हि पुरुषाः परितुष्टिहेतोर्दुखार्जितान्यपि धनानि परित्यजन्ति ॥ इति ॥

આ વાક્યમાં પ્રતિપાદન કરેલું છે કે જ્ઞાનીપુરુષો પોતે એવું માને છે, જો કોઈ મનુષ્ય મારી કેવળ નિંદા કરવાથી રાજી થઈ જતો હોય, તો પ્રયત્ન વિનાનો અને સહેલામાં સહેલો એ મારા ઉપર અનુગ્રહ છે. કારણ કે કલ્યાણને ઈચ્છનારા પુરુષો બીજાને રાજી કરવા માટે દુઃખે કરીને સંપાદન કરેલા ધનનો પણ ત્યાગ કરી દે છે. આ તો મને ધન તો આપવું પડતું નથી, અને ધન આપ્યા વિના કેવળ મારી નિંદા કરવાથી જો કોઈ મનુષ્ય મારા ઉપર પ્રસન્ન થઈ જતો હોય તો મારી રૂબરૂમાં અથવા મારી ગેરહાજરીમાં ઈચ્છાનુસાર મારી નિંદા કરો, કારણ કે દુઃખથી ભરેલા આ સંસારમાં પ્રસન્નતા મેળવવી એજ અતિ દુર્લભ છે, આ રીતે જ્ઞાનાંકુશને વિષે નિંદા એ જ્ઞાનીપુરુષોનું આભૂષણ કહેલું છે. માટે બ્રહ્મચારી અને સાધુપુરુષો હોય તેમણે પણ દુર્જનોએ કરેલા ઉપદ્રવને સહન કરી લેવા, અને પોતાના શત્રુનું પણ હમેશાં હિત ચિંતવવું પણ તેનું ભુંડુ થાય એવો મનમાં સંકલ્પ પણ કરવો નહિ. આવો શ્રીહરિનો અભિપ્રાય છે. ॥૨૦૧॥

**दूतकर्म न कर्तव्यं पैशुनं चारकर्म च । देहेऽहन्ता च ममता न कार्या स्वजनादिषु ॥२०२॥**

અને વળી બ્રહ્મચારી અને સાધુપુરુષો હોય તેમણે, કોઈનું દૂતપણું કરવું નહિ, તથા ચાડિયાપણું કરવું નહિ. અર્થાત્ દૂતપણું એટલે સંદેશા લઈ જવાનું કામ કરવું નહિ. બીજા કોઈનો સંદેશો પત્રદ્વારા કે સ્વમુખે અન્યત્ર જે પહોંચાડવો તેને દૂતકર્મ કહેવામાં આવે છે. અને વળી ચાડીયાપણું કરવું નહિ. અર્થાત્ બીજાનું રહસ્ય પણ ગુપ્ત રીતે બીજાને પહોંચાડી દેવું તેને ચાડીયાપણું કહેવાય છે. ભાષામાં જેને ચાડીચુગલી કહે છે. એ કરવું નહિ. અને કોઈના ચારચક્ષુ થવું નહિ. ચારચક્ષુ એટલે ચાર નેત્રો, બે પોતાનાં નેત્રો, અને બે બીજાનાં નેત્રો. રાજાઓ પોતાના દેશમાં કે બીજાના દેશમાં ગુપ્ત માણસો રાખીને ગુપ્ત રહસ્યને જાણતા હોય છે. તેથી બે નેત્રો રાજાનાં, અને બે નેત્રો ગુપ્ત પુરુષનાં, આ રીતે રાજા ગુપ્તપુરુષના માધ્યમથી જોતા હોય છે. તેથી રાજાનાં ચારનેત્રો કહેવાય છે. માટે બ્રહ્મચારીઓ અને સાધુપુરુષોએ રાજાનાં નેત્રો બનવું નહિ. અથવા તો કોઈપણ પુરુષનાં નેત્રો બનવું નહિ. અર્થાત્ ગુપ્ત રીતે રહીને બીજા કોઈનું વૃતાંત જાણવું નહિ, આવો અભિપ્રાય છે.

અને વળી આત્મનિષ્ઠાના અભ્યાસથી દેહને વિષે અહંપણાના અભિમાનનો ત્યાગ કરી દેવો. તથા માતા, પિતા, વસ્ત્ર, પાત્ર, ઈત્યાદિક દેહસંબન્ધી વસ્તુઓમાં "આ બધાં મારાં છે" આવી મમતાનો ત્યાગ કરી દેવો. કારણ કે માતા, પિતા, વસ્ત્ર, પાત્રાદિકનો કેવળ આ દેહની સાથે જ સંબન્ધ છે, પણ આત્માની સાથે સંબન્ધ નથી. આત્માની સાથેનો જે સંબન્ધ છે એ જ સાચો છે. હું ઈશ્વરનો ભક્ત છું, અને આ માતાપિતાદિક છે, એ પણ ઈશ્વરનાં ભક્ત છે. આ રીતે ભક્ત તરીકેનો જે સંબન્ધ, એ આત્માની સાથેનો સંબન્ધ કહેવાય છે. પણ માતાપિતાદિક તરીકેનો જે સંબન્ધ, એ દેહની સાથેનો સંબન્ધ કહેવાય છે. માટે દેહની સાથેના સંબન્ધનો ત્યાગ કરીને આત્મા સાથેનો સંબન્ધ બાંધવો. દેહને વિષે અહંતા અને દેહના સંબન્ધીઓમાં જે મમતા એ માયાનું કાર્ય કહેલું છે. માયા જ અહંતા અને મમતા કરાવનારી છે. ભાગવતને વિષે તો અહંતા અને મમતાને પશુધર્મ કહેલો છે. न वै तेऽजित भक्तानां ममाहमिति माधव । त्वं तवेति च नानाधीः पशूनामिव वैकृता ॥ इति ॥ આ શ્લોકમાં રાજા યુધિષ્ઠિર શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યે કહેલું છે કે, હે માધવ ! તમારા ભક્તોની અંદર અહંતા (હું) અને મમતા (મારૂં) તું અને તારૂં આવા પ્રકારની ભેદબુધ્ધિ હોતી નથી, અને આવી ભેદબુધ્ધિ તો પશુનો ધર્મ કહેલો છે, પણ તમારા ભક્ત મનુષ્યનો ધર્મ નથી. આ રીતે યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યે કહેલું છે. એટલાજ માટે શુકદેવજીએ પણ કહેલું છે કે त्वं तु राजन् ! मरिष्येति पशुबुद्धिमिमां जहि ॥ इति ॥ હે પરીક્ષિત રાજા ! દેહને જ આત્મા માની કરી "હું મરી જઈશ" આવી પશુબુદ્ધિનો તમો ત્યાગ કરી દો. આ રીતે દેહને વિષે જે અહંતા તેને પશુબુદ્ધિ કહેલી છે. માટે જે પુરુષ માયાના કાર્યરૂપ અહંતા અને મમતાથી રહિત થયો, એ જ પુરુષ ભગવાનના ધામને પામી શકે છે. અને માયાના કાર્યરૂપ અહંતા અને મમતાથી ઘેરાયેલા પુરુષથી તો ભગવાનનું ધામ ઘણું દૂર છે. અને ભગવાન પણ ઘણા દૂર છે. देहेऽहंता भवेद्यावान्ममता दैहिकेषु च । पुंसोऽज्ञस्य भवेत्तावन्नोपशाम्यति

संसृतिः ॥इति॥ આ શ્લોકની અંદર વસિષ્ઠઋષિએ કહેલું છે કે, જ્યાં સુધી અજ્ઞાની પુરુષને દેહને વિષે અહંતા અને સંબંધીઓમાં મમતા રહેલી છે, ત્યાં સુધી એ પુરુષની જન્મમરણરૂપી સંસૃતિ દૂર થતી નથી. અને તે વિના ભગવાન કે ભગવાનના ધામની પ્રાપ્તિ પણ થતી નથી. એટલા જ માટે બ્રહ્માએ પણ ભાગવતમાં પ્રતિપાદન કરેલું છે કે, ભક્ત જ્યારે નિષ્કપટ ભાવથી ભગવાનનો આશરો સ્વીકારે, અને ભગવાન જ્યારે ભક્ત ઉપર દયા કરે છે, ત્યારે એ ભક્ત દુસ્તર એવી માયાને તરી જાય છે. અર્થાત્ જન્મમરણરૂપી સંસૃતિથી રહિત થાય છે. અને પછી શિયાળીયાને ભક્ષણ કરવા યોગ્ય એવા આ દેહને વિષે અહંબુદ્ધિ અને દેહના સંબંધીઓમાં મમત્વબુદ્ધિ કરતો નથી. આ રીતે ભાગવતમાં વર્ણવેલું છે. માટે બ્રહ્મચારી અને સાધુપુરુષોએ પોતાના દેહમાં અહંતા કરવી નહિ, અને દેહના સંબન્ધીઓમાં તથા દેહસંબન્ધી કોઈપણ વસ્તુઓમાં મમતા કરવી નહિ, આવો અભિપ્રાય છે. ॥૨૦૨॥

**इति सङ्क्षेपतो धर्माः सर्वेषां लिखिता मया । साम्प्रदायिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः ॥२०३॥**

અમારા આશ્રિત એવા જે બાઈ ભાઈ સર્વે સત્સંગીઓના સામાન્ય અને વિશેષ ધર્મો આ રીતે સંક્ષેપે કરીને અમોએ લખ્યા છે. અને આ ધર્મનો વિસ્તાર તો સાંપ્રદાયિક જે ગ્રન્થો તે થકી જાણવો.

**सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना । पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ॥२०४॥**

અને સર્વે શાસ્ત્રોના સારને અમોએ અમારી બુદ્ધિ વડે ઉદ્ધારીને આ શિક્ષાપત્રી લખી છે, અને આ શિક્ષાપત્રી સર્વે મનુષ્ય માત્રને મનવાંછિત ફળને આપનારી છે. ॥૨૦૪॥

**इमामेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः । यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन ॥२०५॥**

અને આ શિક્ષાપત્રી સર્વે સચ્છાસ્ત્રોના સારરુપ છે, અને મનવાંછિત ફળને આપનારી છે, એજ કારણથી અમારા આશ્રિત સર્વે સત્સંગીઓ હોય, તેમણે સાવધાન થઈને નિત્ય આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું, પણ પોતાના મનની ઈચ્છાને અનુસારે ક્યારેય વર્તવુ નહિ. ॥૨૦૫॥

**वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा । ते धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम् ॥२०६॥**

અને અમારા આશ્રિત જે પુરુષો અને સ્ત્રીઓ આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે, તો એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે. ધર્મસિદ્ધિને ઈચ્છનારા ધર્મસિદ્ધિને પામશે, અર્થસિદ્ધિને ઈચ્છનારા અર્થસિદ્ધિને પામશે, કામસિદ્ધિને ઈચ્છનારા કામસિદ્ધિને પામશે, અને મોક્ષસિદ્ધિને ઈચ્છનારા મોક્ષસિદ્ધિને પામશે. જેને જે ઈચ્છિત હશે, એ તેને પામશે. આવો ભાવ છે. ॥૨૦૬॥

**नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः । बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ॥२०७॥**

અને જે બાઈ ભાઈ આ શિક્ષાપત્રીની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને ઈચ્છાનુસારે વર્તન કરશે, તે તો અમારા સંપ્રદાય થકી બહિષ્કૃત છે, એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રીપુરુષોએ જાણવું અર્થાત્ આ મેં કહેલા ધર્મોમાં વર્તે એજ મારા, બીજા નહિ. એમ જાણવું. ॥૨૦૭॥

**शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः । कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ॥२०८॥**

**वक्त्रभावे तु पूजैव कार्याऽस्याः प्रतिवासरम् । मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥२०९॥**

અને અમારા આશ્રિત સત્સંગીઓ હોય તેમણે, આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો, અને જેને ભણતાં આવડતું ન હોય, તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય, ત્યારે તો નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા

કરવી, અને આ જે અમારી વાણી છે એ અમારૂં જ સ્વરૂપ છે, એમ જાણીને પરમ આદર થકી આ શિક્ષાપત્રી પૂજવી. ॥૨૦૮-૨૦૯॥

युक्ताय सम्पदा दैव्या दातव्येयं तु पत्रिका । आसुर्या सम्पदाढ्याय पुंसे देया न कर्हिचित् ॥२१०॥

અને આ અમારી શિક્ષાપત્રી જે દૈવી સંપત્તિથી યુક્ત પુરુષો હોય, તેને જ આપવી, પણ આસુરી સંપત્તિથી યુક્ત એવા પુરુષને ક્યારેય પણ ન આપવી.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- સમગ્ર ભૂતોની ઉત્પત્તિ પ્રાચીન પુણ્ય અને પાપરૂપ કર્મને આધારે બે પ્રકારની થાય છે. તેમાં એક તો પ્રાચીન પુણ્યકર્મને આધારે ભગવાનની આજ્ઞાનું પાલન કરવા માટે ઉત્પન્ન થાય છે, અને બીજો પ્રાચીન પાપકર્મને આધારે ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ ચાલવા માટે ઉત્પન્ન થાય છે. આ રીતે ઉત્પત્તિ સમયે જ બે વિભાગથી ઉત્પન્ન થાય છે. તેમાં પૂણ્યકર્મને આધારે ભગવાનની આજ્ઞાનું પાલન કરવા જે ઉત્પન્ન થાય છે, એ જીવો અભય, અહિંસાદિક દૈવી સંપત્તિથી યુક્ત હોય છે, અને પાપકર્મને આધારે ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ ચાલવા માટે જે જીવો ઉત્પન્ન થાય છે, એ જીવો દંભ, દર્પ, અભિમાનાદિક આસુરી સંપત્તિથી યુક્ત હોય છે. તેમાં દૈવી સંપત્તિથી યુક્ત હોય એ દૈવી જીવો, અને આસુરી સંપત્તિથી યુક્ત હોય એ આસુરી જીવો. માટે ભગવાનની આજ્ઞાનું પાલન કરવા ઉત્પન્ન થયેલા દૈવી જીવોને આ શિક્ષાપત્રી આપવી, પણ આસુરી જીવોને આપવી નહિ, આવો અભિપ્રાય છે. ॥૨૧૦॥

विक्रमार्कशकस्याब्दे नेत्राष्टवसुभूमिते । वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ॥२११॥

અને આ શિક્ષાપત્રી વિક્રમ સંવત ૧૮૮૨ અઢારસો બ્યાસીના મહાસુદિ પંચમીને દિવસે અમોએ લખી છે, તે પરમ કલ્યાણને કરનારી છે. ॥૨૧૧॥

હવે શિષ્ટ પુરુષોનો એ અભિપ્રાય છે કે, કોઈપણ શાસ્ત્રના પ્રારંભમાં, મધ્યમાં અને અંતમાં જો મંગલાચરણ કરવામાં આવે તો એ શાસ્ત્રો પ્રસિદ્ધિને પામે છે. આ શિષ્ટ પુરુષોના અભિપ્રાયને અનુસરીને શ્રીજીમહારાજે ‘‘वामे यस्य स्थिता’’ આ શ્લોકથી પ્રારંભમાં મંગલાચરણ કરેલું છે. અને ‘‘स श्रीकृष्णः परंब्रह्म’’ આ શ્લોકથી મધ્યમાં મંગલાચરણ કરેલું છે. અને હવે અંતમાં શ્રીજીમહારાજ મંગલાચરણ કરતાં પોતાના ઈષ્ટદેવ તરીકે સ્વીકારેલા શ્રીકૃષ્ણ ભગવાનને સંભારે છે-

निजाश्रितानां सकलार्तिहन्ता । सधर्मभक्तेरवनं विधाता ॥
दाता सुखानां मनसेप्सितानां । तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥२१२॥

इति श्रीसहजानन्दस्वामिलिखिता
शिक्षापत्री समाप्ता

પોતાના આશ્રિત ભક્તજનોની સમગ્ર પીડાને નાશ કરનારા, અને ધર્મ સહિત ભક્તિનું રક્ષણ કરનારા, તથા ભક્તોને મનવાંછિત સુખને આપનારા, એવા શ્રીકૃષ્ણ ભગવાન અમારાં સમગ્ર મંગળને વિસ્તારો.

શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- ભગવાન શ્રીકૃષ્ણ શરણે આવેલા જનોની સમગ્ર પીડાને હરનારા છે. જે જીવો ભગવાનને શરણે થાય છે, અને રક્ષણનો સંપૂર્ણ ભાર જ્યારે ભગવાનને સમર્પિત કરી દે છે, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ રક્ષણના ભારની જવાબદારી સ્વીકારીને ભક્તોની પીડાને હરે છે. અને એ શરણાગત ભક્તને મૃત્યુરૂપી સંસાર સાગરથી રહિત કરીને નિર્ભય પણાને પમાડે છે. આ વિષયમાં ભાગવત શાસ્ત્ર પ્રમાણરૂપ છે. नान्यत् तव पदाम्भोजात् पश्यामि शरणं नृणाम् । बिभ्यतां मृत्युसंसारादीश्वरस्यापवर्गिकात्

॥ इति ॥ આ શ્લોકમાં કુંતાજી ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે, હે કૃષ્ણ ! જે મનુષ્યો મૃત્યુરૂપી સંસારસાગરથી ભય પામેલા હોય, એ મનુષ્યોને તમારા ચરણકમળનું જે શરણ છે એજ નિર્ભયપણાને પમાડનાર છે. કુંતાજી કહે છે કે, હે પ્રભુ ! ભય પામેલા પુરુષને તમારાં ચરણકમળની પ્રાપ્તિ સિવાય બીજું કોઈપણ શરણું હું જોતી નથી. જ્યારે પુરુષ તમારાં ચરણકમળનું જ શરણું સ્વીકારે, ત્યારે જ એ પુરુષ સંસારના ભયથી રહિત થઈને મોક્ષપદને પામે છે. અને વળી मर्त्यो मृत्युव्यालभीतः पलायँल्लोकान् सर्वान्निर्भयं नाध्यगच्छत् । त्वत्पादाब्जं प्राप्य यदृच्छायाऽद्य स्वस्थः शेते मृत्युरस्मादपैति ॥ इति ॥ આ શ્લોકમાં દેવકીજી ચતુર્ભુજ શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કહે છે કે, મનુષ્ય મૃત્યુરૂપી સર્પથી ભય પામીને સર્વ લોકમાં દોડે છે.પણ કોઈ જગ્યાએ નિર્ભય સ્થાનને પામતો નથી. અને પછી જ્યારે દૈવ ઈચ્છાથી તમારા ચરણકમળનું શરણું સ્વીકારે છે. ત્યારે જ એ પુરુષ મૃત્યુરૂપી સર્પના ભયથી રહિત થઈને સુખપૂર્વક શયન કરે છે. પણ જે જીવો ભગવાનને શરણે જ થતા નથી, તેની પીડાને ભગવાન હરતા નથી.

અને વળી પરમાત્મા શ્રીકૃષ્ણ ધર્મ સહિત ભક્તિનું રક્ષણ કરનારા છે. અર્થાત્ ભાગવત ધર્મનું રક્ષણ કરનારા છે. ભગવાનના અવતારો પણ ભાગવત ધર્મના રક્ષણને માટે જ થાય છે.

અને વળી પરમાત્મા શ્રીકૃષ્ણ પોતાના આશ્રિતોને મનવાંછિત સુખને આપનારા છે. માણસ જેવા ભાવથી પરમાત્માને ભજે છે, તેવા જ ફળનો ઉદય થાય છે. આવા જે શ્રીકૃષ્ણ ભગવાન સર્વે કાર્યોમાં અમારું મંગળ વિસ્તારો. सर्वदा सर्वकार्येषु नास्ति तेषाममङ्गलम् । येषां हृदिस्थो भगवान् मङ्गलायतनं हरिः ॥ इति ॥ આ શ્લોકમાં ભીષ્મપિતામહે યુધિષ્ઠિર રાજા પ્રત્યે કહેલું છે કે, હે રાજન્ ! જેઓના હૃદયમાં મંગલમૂર્તિ એવા શ્રીકૃષ્ણ ભગવાન બિરાજમાન થયેલા હોય, એવા પુરુષોનું હમેશાં સર્વકાર્યોમાં અમંગળ થતું નથી. સર્વદા મંગળ જ થાય છે. કારણ કે શ્રીકૃષ્ણભગવાન પોતે જ મંગળમૂર્તિ છે. આ રીતે શ્રીજીમહારાજે અંતમાં શ્રીકૃષ્ણભગવાનને સંભારીને મંગલાચરણ કરેલું છે. અને હવે આ ભાષ્યના અંતમાં શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામીએ પણ પ્રભુની પ્રાર્થના કરીને મંગલાચરણ કરેલું છે- ‘‘इत्यर्थदीपिका टीका शिक्षापत्र्या यथामति । रचिताऽऽर्षप्रमाणाढ्य तया प्रीतोऽस्तु मे हरिः’’ ॥ इति ॥ શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી પ્રભુની પ્રાર્થના કરતાં કહે છે કે, મારી બુદ્ધિને અનુસારે મેં આ શિક્ષાપત્રીની વ્યાખ્યા કરેલી છે, પ્રભુ મારા ઉપર પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ.

॥ इति श्रीमदुद्धवसंप्रदायप्रवर्तक श्री सहजानंदस्वामिलिखिता शिक्षापत्र्याः
शतानंदविरचिताऽर्थदीपिकाख्या टीका समाप्ता ॥